રજૂ તારીખ : ૨૩.૦૨.૨૦૨૨
દાખલ તારીખ : ૨૩.૦૨.૨૦૨૨
ફેંસલ તારીખ : ૦૫.૦૫.૨૦૨૨

| | | | | |
|---|---|---|---|---|
| અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦ | ૨ | ૧૨ |

**સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ,**

**મુ.સુરત**

**સેશન્સ કેસ નં.૧૫૧/૨૦૨૨**

[કામરેજ પોલીસ સ્ટેશન પાર્ટ-'એ' ગુના રજિ. નં.૧૧૨૧૪૦૨૦૨૨૦૩૧૮/૨૦૨૨]

**આંક-૩૨૦**

**ફરિયાદીઃ** **શ્રી સરકાર.**

વિરુદ્ધ

**આરોપીઃ** **ફેનિલ પંકજભાઈ ગોયાણી,**
ઉં.૨૦ વર્ષ, ધંધોઃ મજૂરી,
રહેવાસીઃ ઘર નં.૩૨, સાગર સોસાયટી,
ગુજરાત શોપીંગની સામે, કાપોદ્રા, સુરત
મૂળ રહે.મોટીવાવડી ગામ, તા.ગારીયાધાર,
જિ.ભાવનગર.

ફરિયાદ પક્ષ તરફે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલા
આરોપી તરફે વિ.વકીલશ્રી ઝેડ.ઝેડ.શેખ

**<u>ગુનોઃ</u>** **<u>ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૫૪(ડી)(૧)(i), ૩૭૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો</u>.**

## <u>ચૂકાદો</u>

**<u>નોંધઃ</u> શાહેદોની પ્રાઈવસી જળવાય તે ઉદ્દેશથી આ ચૂકાદામાં જે તે શાહેદોના આખા મોબાઈલ નંબરનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ માત્ર છેલ્લા બે આંકડા દર્શાવવામાં આવેલ છે.**

(૧) આ કામના આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૫૪(ડી)(૧)(i), ૩૭૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે આક્ષેપ છે.

(૨) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી ફેનિલ પંકજભાઈ ગોયાણી આ કામના મરણ જનાર ગ્રીષ્માબેન વેકરીયાને પોતાની સાથે જબરજસ્તી પ્રેમ સંબંધ રાખવાના ઈરાદે અવારનવાર જુદી જુદી રીતે હેરાન કરતા હોવાથી, મરણ જનારના સંબંધીઓ દ્વારા અવારનવાર સમજાવવા છતાં આરોપીએ મરણ જનારનો અવારનવાર પીછો કરી, મરનારની અનિચ્છા હોવા છતાં ફોન એસ.એમ.એસ. કરી તેણીની છેડતી કરેલ, જેથી મરણ જનારના સંબંધીઓએ આરોપીને મરણ જનારને હેરાન–પરેશાન નહીં કરવા સમજાવેલ, તેમ છતાં આરોપી સમજેલ નહીં અને મરણ જનારને હેરાન પરેશાન કરવાનું ચાલું રાખેલ અને મરણ જનારે આરોપીની અવગણના કરેલ અને આરોપીને તાબે નહીં થતા અને આરોપીને પોતે અપમાનિત થયા હોવાનું લાગતા, મરણ જનારને મારી નાંખી બદલો લેવાના

ઈરાદાથી આરોપીએ પૂર્વ આયોજિત યોજનાના ભાગરૂપે બનાવ અગાઉ જુદીજુદી બે જગ્યાએથી છરાઓ ખરીદી, ફુલપ્રૂફ યોજના બનાવી, બનાવના દિવસે મરણ જનારના અભ્યાસના સ્થળે રેકી કરી, મરણ જનાર ત્યાં નહીં મળતાં તેનો પીછો કરી, મરણ જનારના આખા પરિવારને મારી નાંખવાના ઈરાદે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યાના સુમારે લક્ષ્મીધામ સોસાયટી, પાસોદરા પાટીયા, ખોલવડ ગામ, તા. કામરેજ, જિ.સુરત મુકામે જઈ, મરણ જનારનું અને મરણ જનારના આખા પરિવારનું મૃત્યું નીપજાવવાના ઈરાદાથી અથવા તેઓના પેટમાં છરાના ઘા મારવાથી તેઓનું મૃત્યુ નીપજવા સંભવ છે, તેવા જ્ઞાન અને જાણકારી સાથે, ઉશ્કેરાઈ જઈને, કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસશે તેવા ઈરાદાથી અથવા તેવો સંભવ હોવાનું જાણવા છતાં મરણ જનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈને પેટના ભાગે છરો મારી, આંતરડા બહાર કાઢી નાંખી તેમજ ફરિયાદી ધ્રુવને હાથમાં તથા માથાના ભાગમાં છરાથી જીવલેણ ઈજા પહોંચાડેલ. ત્યાર બાદ આ કામના મરણ જનાર ગ્રીષ્માબેન વેકરીયાને મારી નાંખવાના ઈરાદે ગળામાંથી પકડી, ગળા ઉપર છરો રાખી, તે કયાંય જઈ ન શકે તે રીતે તેની ગેરકાયદેસર અટકાયત કરી, જાહેરમાં બેરહેમીથી ઠંડે કલેજે ગળું કાપી નાંખી, તેણી મૃત્યુ ન પામે ત્યાં સુધી તેણીને સારવાર ન મળે તે માટે છરો લઈ મસાલો ચાવતા ચાવતા તેની પાસે જ ઉભા રહી, લોકોને નજીક આવતા રોકી, પશુતાભરી ગુનાહિત માનસિકતાથી તેનું મોત નીપજાવી ખૂન કરેલ અને આ સમયે ભયની લાગણી ફેલાવવાના તથા લોકોને ડરાવવાના હેતુથી આરોપીએ પોતાને છરા વડે ઈજા કરી, અરેરાટી ફેલાવી, લોકોને ઉશ્કેરાટનું કારણ આપી,

મરણ જનારના પરિવારના સભ્યોને મારી નાંખવાની ગુનાહિત ધમકી આપી, ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨, ૩૦૭, ૩૫૪(ડી)(૧)(i), ૩૪૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાનો આક્ષેપ મૂકવામાં આવેલ છે.

(૩) આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગેની ફરિયાદ દાખલ થતાં, તપાસ એજન્સી દ્વારા જરૂરી અને યોગ્ય તપાસ કરી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૫૪(ડી)(૧)(i), ૩૪૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે પુરાવો મળી આવતો હોઈ, આરોપી વિરુદ્ધ ઉપરોક્ત ગુના અંગે કઠોર કોર્ટના વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ ચાર્જશીટ રજૂ કરેલ, જેને ફોજદારી મુકદ્દમા નં.૧૯૧/૨૦૨૨ થી નોંધવામાં આવેલ. આરોપી વિરુદ્ધના ઉપરોક્ત ગુનાની ઈન્સાફી કાર્યવાહી એકમાત્ર સેશન્સ કોર્ટમાં ચાલવાપાત્ર હોઈ, સુરત જિલ્લાના કઠોર તાલુકાના વિ.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ અન્વયે ફરિયાદ પક્ષના આધારભુત પુરાવાની નકલો આરોપીને વિના મુલ્યે પૂરી પાડી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની અન્ય જોગવાઈઓ સંબંધે આરોપીના બચાવ અંગે ખાતરી કરી, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૯ અન્વયે આ કેસ તારીખઃ ૨૩.૦૨.૨૦૨૨ ના રોજના હુકમથી સુરતના સત્ર ન્યાયાલયમાં કમિટ કરવામાં આવેલ, જેને સેશન્સ કેસ નં.૧૫૧/૨૦૨૨ થી રજિસ્ટરે લેવામાં આવેલ.

(૪) આ કામના આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં હોઈ, નિયત

ઠરાવ તારીખે આ અદાલત સમક્ષ હાજર કરવામાં આવતા, આ પ્રકરણમાં લાગુ પડતી ફોજદારી કાર્યરીતિ સંહિતાની જોગવાઈઓનું પાલન થયેલ હોવાની ખાતરી કરી, આરોપી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૫૪(ડી)(૧)(i), ૩૪૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના આક્ષેપિત ગુના અંગે આંક–૮ થી તહોમતનામું ફરમાવેલ છે. આરોપીનું નિવેદન આંક–૯ થી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ તેમના વિરુદ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે અને તેમના વિરુદ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

(૫) આરોપી વિરુદ્ધ આંક –૮ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે નીચે મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છેઃ–

**<u>મૌખિક પુરાવા</u>**

| શાહેદ નં. | શાહેદનું નામ | આંક | વિગત |
|---|---|---|---|
| | **મુખ્ય શાહેદો** | | |
| ૨૯ | ધ્રૂવ નંદલાલભાઈ વેકરીયા | ૧૩૭ | ફરિયાદી–ઈજા પામનાર (મરણ જનાર ગ્રીષ્માબેનનો નાનો ભાઈ) |
| ૩૦ | સુભાષભાઈ પરબતભાઈ વેકરીયા | ૧૪૦ | ઈજા પામનાર (મરણ જનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા) |
| ૬૦ | વિલાસબેન નંદલાલભાઈ વેકરીયા | ૨૨૨ | મરણ જનાર ગ્રીષ્માબેનના માતા (નજરે જોનાર શાહેદ) |

| | | | |
|---|---|---|---|
| **નજરે જોનાર શાહેદો** | | | |
| ૨૪ | તુષારભાઈ મથુરભાઈ બોરડ | ૧૨૧ | મરણ જનાર ગ્રીષ્માબેનના પડોશી |
| ૨૮ | સોનલબેન વિજયભાઈ રાણપરીયા | ૧૩૪ | મરણ જનાર ગ્રીષ્માબેનના પડોશી તથા મરણોત્તર પંચનામા (આંક-૮૨) ના પંચ શાહેદ |
| ૩૧ | રાહુલ મનજીભાઈ ઉકાણી | ૧૪૧ | મરણ જનાર ગ્રીષ્માબેનની સોસાયટીમાં રહેનાર અને બનાવનો વિડીયો પોતાના મોબાઈલમાં રેકર્ડ કરનાર શાહેદ |
| ૩૨ | શર્મિલાબેન ઉર્ફે સમાપ્તિબેન અમીતભાઈ કિશોરભાઈ રૈયાણી | ૧૪૭ | મરણ જનાર ગ્રીષ્માબેનના પડોશી |
| ૩૩ | રેણુકાબેન હરેશભાઈ કિકાણી | ૧૫૦ | મરણ જનાર ગ્રીષ્માબેનના પિતાના મિત્રના પત્ની |
| **સ્વતંત્ર શાહેદો** | | | |
| ૨૫ | સાહીલ રાજેશભાઈ સેજાણી | ૧૨૪ | 'રાધે ટાઈમ્સ' ના માલિક |
| ૨૬ | મોહંમદ અલ્તાફ શકીલ શેખ | ૧૨૭ | ડી માર્ટ સ્ટોરના મેનેજર |
| ૨૭ | જેનીશ ભુપેન્દ્રભાઈ રાવત | ૧૩૧ | આરોપીએ બતાવેલ જગ્યાની વિડીયોગ્રાફી કરનાર વિડીયોગ્રાફર |
| ૩૪ | ધૃતિબેન નિરંજનભાઈ લુખી | ૧૫૪ | મરણ જનાર ગ્રીષ્માબેનની મિત્ર |
| ૩૫ | હરેશભાઈ કાળુભાઈ વેકરીયા | ૧૫૭ | બનાવ બાદ આરોપી દ્વારા બનાવ અંગેની જાણ જેમને મોબાઈલ પર કરવામાં આવેલ, તે શાહેદ |
| ૩૬ | હરેશભાઈ રમેશભાઈ કીકાણી | ૧૬૦ | બનાવ અગાઉ આરોપીને મરણ જનાર ગ્રીષ્માબેનને હેરાન ન કરવા માટે સમજાવનાર શાહેદ |
| ૩૭ | અશોકભાઈ બાવચંદભાઈ કાનાણી | ૧૬૪ | બનાવ અગાઉ આરોપીને મરણ જનાર ગ્રીષ્માબેનને હેરાન ન કરવા માટે સમજાવનાર શાહેદ |
| ૪૫ | અભિષેક ભરતભાઈ કુકડીયા | ૧૭૯ | બનાવ અગાઉ આરોપી સાથે જુદી જુદી જગ્યાએ જનાર આરોપીના મિત્ર |
| ૪૬ | મીત હસમુખભાઈ કુંભાણી | ૧૮૦ | આરોપીના મિત્ર (બનાવ અગાઉ આરોપીને મુ.આ. નં.૨૦ નું ચપ્પુ ખરીદવામાં સહાયક) |

| | | | |
|---|---|---|---|
| ૪૭ | ચિરાગભાઈ હસમુખભાઈ સોજીત્રા | ૧૮૧ | આરોપીને મુ.આ. નં.૨૦ નું ચપ્પુ વેચનાર |
| ૪૮ | ડૉ.મુકેશ રામજીભાઈ ગોયાણી | ૧૮૩ | આરોપી જે કોલેજમાં ભણતા હતા, તે કોલેજના ઈન્ચા. પ્રિન્સીપાલ |
| ૫૧ | મહેશભાઈ જશુભાઈ નકુમ | ૧૯૪ | આરોપીના પોલીસ સ્ટેશનમાં ફોટોગ્રાફ લેનાર ફોટોગ્રાફર |
| ૫૨ | વત્સલ પંકજકુમાર પરમાર | ૨૦૧ | મરણ જનાર ગ્રીષ્માબેન જે કોલેજમાં ભણતા હતા, તે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના ટેકનીકલ આસિસ્ટંટ |
| ૫૩ | ઝીલ ચંદુભાઈ સુરાણી | ૨૦૩ | બનાવ અગાઉ આરોપી સાથે ડી–માર્ટ સ્ટોરમાં ચપ્પુની ખરીદી કરવા જનાર શાહેદ |
| ૫૬ | મૃણાલદાન ઘનશ્યામદાન ઈશરાણી | ૨૧૦ | ગુનાવાળી જગ્યાનો નક્શો તૈયાર કરનાર મામલતદાર કચેરી, કામરેજના સર્કલ ઓફિસર |
| ૫૭ | ધૃવિબેન ઘનશ્યામભાઈ કોઠીયા | ૨૧૫ | ડી–માર્ટ સ્ટોરના કર્મચારી |
| ૫૮ | આકાશભાઈ કનુભાઈ વઘાસીયા | ૨૧૬ | આરોપીના માસીનો દીકરો (બનાવ બાદ આરોપીએ મોબાઈલ પર જેમની સાથે વાત કરી તે વ્યક્તિ) |
| ૬૩ | ડૉ. રાજેશકુમાર ધનસુખલાલ રાણા | ૨૨૯ | મરણ જનાર ગ્રીષ્માબેન જે કોલેજમાં ભણતા હતા, તે જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના ઈન્ચા. પ્રિન્સીપાલ |
| ૬૭ | ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટ | ૨૪૪ | આરોપીની માનેલી બહેન |
| ૬૯ | શૈલેષભાઈ કરસનભાઈ ખોડીફાડ | ૨૪૯ | ૧૦૮ એમ્બ્યુલન્સ કે જેમાં ઈજા પામનારાઓને હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ, તેના નર્સીંગ સ્ટાફ |
| ૭૧ | ઉત્તમભાઈ વિપુલભાઈ દેવાણી | ૨૫૪ | ઘનશ્યામ કેક શોપના માલિકના મિત્ર |

| | | | |
|---|---|---|---|
| **સાયન્ટીફીક ઓફિસર્સ** | | | |
| ૬૪ | ધર્મેન્દ્ર ગોવિંદલાલ શાહ | ૨૩૩ | ડી.એફ.એસ. ગાંધીનગરના સાયન્ટીફીક ઓફિસર |
| ૭૪ | સમીર સુભાષચંદ્ર જોષી | ૨૮૬ | ડી.એફ.એસ., ગાંધીનગરના સાયન્ટીફીક ઓફિસર |
| ૭૫ | વિમલકુમાર કાનજીભાઈ રાવલ | ૨૯૮ | ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરતના સાયન્ટીફીક ઓફિસર |
| **નોડલ ઓફિસર્સ** | | | |
| ૬૫ | મૃદુલ ઉપેન્દ્રભાઈ ભટ્ટ | ૨૩૮ | વોડાફોન આઈડીયા લિમિટેડના અલ્ટરનેટ નોડલ ઓફિસર |
| ૬૬ | ગૌરવ અનિલભાઈ પંડીત | ૨૪૨ | ભારતી એરટેલ લિમિટેડના નોડલ ઓફિસર |
| ૭૩ | શતિન્દ્રનાથસિંહ રામપ્રતાપસિંહ ક્ષત્રીય | ૨૮૩ | રીલાયન્સ-જીઓ ઈન્ફોકોમ લિમિટેડના સ્ટેટ નોડલ ઓફિસર |
| **પંચ શાહેદો** | | | |
| ૫ | સંજયભાઈ ધીરૂભાઈ કાનાણી | ૨૯ | ઈજા પામનાર સુભાષભાઈના કપડાં કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૩૦) ના પંચ શાહેદ |
| ૬ | કલ્પેશભાઈ વિનુભાઈ વાંઝા | ૩૫ | આરોપીના કપડાં તથા મોબાઈલ કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૩૬) ના પંચ શાહેદ |
| ૭ | હિતેષભાઈ દેવશીભાઈ સખીયા | ૪૧ | મરણ જનાર ગ્રીષ્માબેનના કપડાં કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૪૨) ના પંચ શાહેદ |
| ૮ | કરણ નિતીનભાઈ વિરાણી | ૪૭ | મરણ જનાર ગ્રીષ્માબેનનો મોબાઈલ કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૪૮) ના પંચ શાહેદ |
| ૯ | શૈલેષભાઈ દેવરાજભાઈ ખૈની | ૫૨ | ફરિયાદી ધ્રૂવ વેકરીયાના કપડાં કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૫૩) ના પંચ શાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | દિલીપભાઈ મગનભાઈ મહેતા | ૫૬ | આરોપીની ઓળખ તથા શરીર સ્થિતિના પંચનામા (આંક-૫૭) ના પંચ શાહેદ |
| ૧૧ | અનિલભાઈ પરષોત્તમભાઈ ધરસંડીયા | ૫૮ | શાહેદ આકાશભાઈ કનુભાઈ વઘાસીયાનો મોબાઈલ કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૫૯) ના પંચ શાહેદ |
| ૧૨ | રમેશભાઈ મગનભાઈ પટેલ | ૬૧ | ડીમાર્ટના સી.સી.ટી.વી. ફુટેજ કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૬૩) ના પંચ શાહેદ (ડીમાર્ટના સીક્યુરીટી પર્સન) |
| ૧૩ | દિનેશભાઈ વશરામભાઈ ચાવડા | ૬૫ | શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીનો મોબાઈલ કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૬૬) ના પંચ શાહેદ |
| ૧૪ | મેહુલકુમાર ભરતભાઈ શાહ | ૬૯ | જે.ઝેડ. શાહ આર્ટસ અને એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના સીસીટીવી ફુટેજ કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૭૦) ના પંચ શાહેદ |
| ૧૫ | વિશાલભાઈ સુનીલકુમાર વૈધ | ૭૩ | સહજાનંદ લાઈવ કેક શોપ એન્ડ બેકરી, સ્કાયલાર્ક શોપીંગ સેન્ટર, વરાછાના સીસીટીવી ફુટેજ અંગે ડીવીઆર કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૭૪) ના પંચ શાહેદ |
| ૧૬ | મહેન્દ્રભાઈ ભીમજીભાઈ ભારોલીયા | ૭૬ | એફ.એસ.એલ. માંથી પ્રાપ્ત થયેલ ડીમાર્ટના સીસીટીવીના ફુટેજની ડીવીડી કબજે કર્યાના પંચનામા (આંક-૭૭) ના પંચ શાહેદ |
| ૧૭ | ઘનશ્યામભાઈ લાખાભાઈ વેકરીયા | ૭૮ | આરોપી તથા શાહેદ આકાશના વોઈસ સેમ્પલ એફ.એસ.એલ. ગાંધીનગર તરફથી આવેલ, તે અંગે કરવામાં આવેલ પંચનામા (આંક-૭૯) ના પંચ શાહેદ |
| ૧૮ | વિજયભાઈ પરષોત્તમભાઈ રાણપરીયા | ૮૧ | ઈન્કવેસ્ટ પંચનામા (આંક-૮૨) ના પંચ શાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | સુનિલભાઈ મનુભાઈ સુહાગીયા | ૮૩ | આરોપીના સોશીયલ મિડીયાનાં આઈ.ડી. અને પાસવર્ડ મેળવ્યા અંગેના પંચનામા (આંક-૮૪) તથા આરોપીના મોબાઈલ ફોનના સી.ડી.આર. આધારે ગુનાના દિવસનો ગુગલ મેપ રજૂ કર્યા અંગેના પંચનામા (આંક-૮૫) ના પંચ શાહેદ |
| ૨૦ | રાજુભાઈ ભુપતભાઈ સોલંકી | ૮૭ | બનાવ પહેલાં આરોપીની પાસેદરા ખાતે હાજરી અંગેના સીસીટીવી ફુટેજની ડીવીડી કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૮૮) તથા આરોપીના ફોટોગ્રાફ્સ કબજે લીધા અંગેના પંચનામા (આંક-૯૦) ના પંચ શાહેદ |
| ૨૧ | દિવ્યેશ બાબુભાઈ વાળા | ૯૩ | રાધે ટાઈમ્સના માલિક સાહીલભાઈ સેજાણીનો સેમસંગ કંપનીનો મોબાઈલ તથા તેમાં રેકર્ડ કરવામાં આવેલ સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૯૪) ના પંચ શાહેદ |
| ૨૨ | કલ્પેશભાઈ રામાભાઈ વસાવા | ૯૭ | એફ.એસ.એલ. માંથી આવેલ ડીવીડી માં આરોપી તથા શાહેદ આકાશ વચ્ચે થયેલ સંવાદોના રેકોર્ડીંગની સ્ક્રીપ્ટના પંચનામા (આંક-૯૮) ના પંચ શાહેદ |
| ૨૩ | રાહુલભાઈ નંદલાલભાઈ કળથીયા | ૧૦૭ | ગુનાવાળી જગ્યાના સ્થળ સ્થિતિના પંચનામા (આંક-૧૦૮) ના પંચ શાહેદ |
| | **<u>તબીબ શાહેદો</u>** | | |
| ૧ | ડૉ.સંદીપ ગોરધનભાઈ પાનસુરીયા | ૧૧ | મરણ જનારની લાશનું શબ પરીક્ષણ કરનાર તબીબ |
| ૨ | ડૉ.પ્રિતેશ રોહીતભાઈ ગાંધી | ૧૪ | આરોપીની સારવાર કરનાર દિનબંધુ હોસ્પિટલના તબીબ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ડૉ.આરતી સતિષકુમાર પરમાર | ૧૭ | આરોપીની સારવાર કરનાર ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરતના તબીબ |
| ૪ | ડૉ.પરાગ સુબોધભાઈ વાણી | ૨૦ | આરોપીની સારવાર કરનાર ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરતના તબીબ |
| ૪૯ | ડૉ. દક્ષેશ પ્રકાશચંદ્ર પટેલ | ૧૮૫ | ઈજા પામનાર સુભાષભાઈ તથા ફરિયાદી ધ્રુવ વેકરીયાની સારવાર કરનાર સ્મીમેર હોસ્પિટલના તબીબ |
| ૫૦ | ડૉ. પ્રજ્ઞેશ દિલીપભાઈ કાપડીયા | ૧૯૧ | ફરિયાદી ધ્રુવ નંદલાલભાઈ વેકરીયાની સારવાર કરનાર ડાયમંડ હોસ્પિટલ, સુરતના તબીબ |
| | **<u>પોલીસ શાહેદો</u>** | | |
| ૩૮ | જયવદન ચીમનલાલ મહેતા | ૧૬૮ | કામરેજ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. ઈજા પામનાર સુભાષભાઈના કપડાં સ્મીમેર હોસ્પિટલમાંથી પોલીસ સ્ટેશને રજૂ કરનાર પોલીસ શાહેદ |
| ૩૯ | હરદિપસિંહ મહેન્દ્રસિંહ મહિડા | ૧૬૯ | કામરેજ પોલીસ સ્ટેશનના અનઆર્મ્ડ હેડ કોન્સ્ટેબલ આરોપીના કપડાં ન્યુ સિવિલ હોસ્પિટલમાંથી પોલીસ સ્ટેશને રજૂ કરનાર પોલીસ શાહેદ |
| ૪૦ | ઝવેરભાઈ રાઘવભાઈ | ૧૭૦ | કામરેજ પોલીસ સ્ટેશનના અનઆર્મ્ડ કોન્સ્ટેબલ મરણ જનાર ગ્રીષ્માબેનના કપડાં કામરેજ સી.એચ.સી. ખાતેથી પોલીસ સ્ટેશને રજૂ કરનાર પોલીસ શાહેદ |
| ૪૧ | લક્ષ્મણભાઈ દેવાભાઈ | ૧૭૧ | કામરેજ પોલીસ સ્ટેશનના અનઆર્મ્ડ કોન્સ્ટેબલ ફરિયાદી ધ્રુવ વેકરીયાના કપડાં સુરત ડાયમંડ હોસ્પિટલ ખાતેથી પોલીસ સ્ટેશને રજૂ કરનાર પોલીસ શાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૪૨ | આરીફભાઈ દાદુભાઈ | ૧૭૨ | કામરેજ પોલીસ સ્ટેશનના આર્મ્ડ હેડ કોન્સ્ટેબલ મુદ્ધામાલ આર.એફ.એસ.એલ., સુરત ખાતે પરીક્ષણ અર્થે પહોંચાડનાર પોલીસ શાહેદ |
| ૪૩ | રૂડાભાઈ ભુરાભાઈ | ૧૭૬ | કામરેજ પોલીસ સ્ટેશનના એલ.આર. પોલીસ કોન્સ્ટેબલ મુદ્ધામાલ ડીવીડી આર.એફ.એસ.એલ., સુરત ખાતે પરીક્ષણ અર્થે પહોંચાડનાર પોલીસ શાહેદ |
| ૪૪ | વિક્રમભાઈ સંગ્રામભાઈ | ૧૭૮ | સુરત પોલીસ કમિશ્નરના કન્ટ્રોલ રૂમમાંથી કમાન્ડ એન્ડ કંટ્રોલ સી.સી. કેમેરાના ફુટેજની ડીવીડી મેળવનાર પોલીસ શાહેદ |
| ૫૪ | હેમંત ઈશ્વરભાઈ | ૨૦૪ | બનાવવાળી જગ્યાએથી આરોપીને અટક કરનાર કામરેજ પોલીસ સ્ટેશનના અનાર્મ્ડ હેડ કોન્સ્ટેબલ |
| ૫૫ | નરોત્તમભાઈ મોહનભાઈ વરીયા | ૨૦૬ | સુરત કંટ્રોલ રૂમમાંથી સીસીટીવીના ફુટેજની ડીવીડી આપનાર અનાર્મ્ડ હેડ કોન્સ્ટેબલ |
| ૫૯ | જયસુખભાઈ દેવજીભાઈ વાઘેલા | ૨૨૧ | સદર ગુનાની તપાસમાં મદદ કરનાર પોલીસ ઈન્સ્પેક્ટર |
| ૬૧ | અમજદખાન અહેમદખાન ચાવડા | ૨૨૩ | આરોપીની મોટર સાઈકલ તથા કોલેજની માહિતી મેળવનાર પોલીસ સબ-ઈન્સ્પેક્ટર |
| ૬૨ | પ્રવિણભાઈ મોહનભાઈ પરમાર | ૨૨૫ | આરોપીના બેંક ખાતાની માહિતી મેળવનાર પોલીસ સબ-ઈન્સ્પેક્ટર |
| ૬૮ | વાડગીયાભાઈ દશરીયાભાઈ વસાવા | ૨૪૫ | મરણ જનારના કપડાં કબજે કર્યા અંગેના પંચનામા (આંક-૪૨) સમયે હાજર એ.એસ.આઈ. |
| ૭૦ | રવિન્દ્રભાઈ ડાહ્યાભાઈ શ્રીમાળી | ૨૫૨ | લાજપોર મધ્યસ્થ જેલના સિનીયર જેલર |
| ૭૨ | મહેશકુમાર મંગાભાઈ ગીલાતર | ૨૫૫ | તપાસ કરનાર અધિકારી |

**<u>દસ્તાવેજી પુરાવા</u>**

| અનુ. નં. | **વિગત** | આંક |
|---|---|---|
| ૧ | મરનાર ગ્રીષ્માબેનની લાશનું શબ પરીક્ષણ કરવા માટે કામરેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે મેડીકલ ઓફિસર, કામરેજ પી.એચ.સી. ને લખેલ પોલીસ યાદી | ૧૨ |
| ૨ | મરણ જનાર ગ્રીષ્માબેનનો શબ પરીક્ષણ અહેવાલ | ૧૩ |
| ૩ | આરોપીની સારવાર અંગે દિનબંધુ હોસ્પિટલનું એમ.એલ.સી. સર્ટિફિકેટ | ૧૫ |
| ૪ | આરોપીની દિનબંધુ હોસ્પિટલમાં કરવામાં આવેલ સારવારના કેસ પેપર્સની ફાઈલ | ૧૬ |
| ૫ | આરોપીનું ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરતનું એમ.એલ.સી. સર્ટિફિકેટ | ૧૮ |
| ૬ | આરોપીની સ્મીમેર હોસ્પિટલમાં કરવામાં આવેલ સારવારની ફાઈલ | ૨૧ |
| ૭ | આરોપીનું ડિસ્ચાર્જ કાર્ડ | ૨૨ |
| ૮ | ઈજા પામનાર સુભાષભાઈના કપડાં કબજે કર્યા અંગેનું પંચનામું | ૩૦ |
| ૯ | પંચ સ્લીપ | ૩૧ થી ૩૪<br>૩૭ થી ૪૦<br>૪૩ થી ૪૬<br>૪૯, ૫૦,<br>૫૪, ૫૫,<br>૬૦, ૬૪,<br>૬૭, ૭૧,<br>૭૫, ૮૦,<br>૮૯, ૯૧,<br>૯૫, ૧૦૯<br>થી ૧૧૮ |

| | | |
|---|---|---|
| ૧૦ | આરોપીના કપડાં તથા મોબાઈલ કબજે કર્યા અંગેનું પંચનામું | ૩૬ |
| ૧૧ | મરણ જનાર ગ્રીષ્માબેનના કપડાં કબજે કર્યા અંગેનું પંચનામું | ૪૨ |
| ૧૨ | મરણ જનાર ગ્રીષ્માબેનનો મોબાઈલ કબજે કર્યા અંગેનું પંચનામું | ૪૮ |
| ૧૩ | ગુનાવાળી જગ્યાનો નકશો | ૫૧ |
| ૧૪ | ફરિયાદી ધ્રૃવ નંદલાલભાઈ વેકરીયાના કપડાં કબજે કર્યા અંગેનું પંચનામું | ૫૩ |
| ૧૫ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું | ૫૭ |
| ૧૬ | શાહેદ આકાશભાઈ કનુભાઈ વઘાસીયાનો મોબાઈલ કબજે કર્યા અંગેનું પંચનામું | ૫૯ |
| ૧૭ | ડીમાર્ટ સ્ટોરના સીસીટીવી ફુટેજ અંગેની પેનડ્રાઈવ | ૬૨ |
| ૧૮ | ડીમાર્ટ સ્ટોરના સીસીટીવી ફુટેજ કબજે કર્યા અંગેનું પંચનામું | ૬૩ |
| ૧૯ | શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીનો મોબાઈલ કબજે કર્યા અંગેનું પંચનામું | ૬૬ |
| ૨૦ | જે.ઝેડ. શાહ આર્ટસ અને એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના સીસીટીવી ફુટેજ ધરાવતી પેનડ્રાઈવ કબજે કર્યા અંગેનું પંચનામું | ૭૦ |
| ૨૧ | જે.ઝેડ. શાહ આર્ટસ અને એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના સીસીટીવી ફુટેજ ધરાવતી પેનડ્રાઈવ | ૭૨ |
| ૨૨ | સહજાનંદ લાઈવ કેક શોપ એન્ડ બેકરી, સ્કાયલાર્ક શોપીંગ સેન્ટર, વરાછાના સીસીટીવી ફુટેજ અંગે ડીવીઆર કબજે કર્યા અંગેનું પંચનામું | ૭૪ |
| ૨૩ | એફ.એસ.એલ. સુરતમાંથી પ્રાપ્ત થયેલ ડીમાર્ટના સીસીટીવી ફુટેજ અંગેની બે સીલ્ડ અને બે અનસીલ્ડ ડીવીડી કબજે કર્યા અંગેનું પંચનામું | ૭૭ |

| | | |
|---|---|---|
| ૨૪ | આરોપી તથા શાહેદ આકાશના વોઈસ સેમ્પલ એફ.એસ.એલ. ગાંધીનગર તરફથી આવેલ, તે અંગે કરવામાં આવેલ પંચનામું | ૭૯ |
| ૨૫ | મરણોત્તર પંચનામું | ૮૨ |
| ૨૬ | આરોપીના સોશીયલ મિડીયાના આઈ.ડી. અને પાસવર્ડ મેળવ્યા અંગેનું પંચનામું | ૮૪ |
| ૨૭ | આરોપીના મોબાઈલ ફોનના સી.ડી.આર. આધારે ગુનાના દિવસનો ગુગલ મેપ રજૂ કર્યા અંગેનું પંચનામું | ૮૫ |
| ૨૮ | નકશો | ૮૬ |
| ૨૯ | બનાવ પહેલાંની આરોપીની હિલચાલ અંગે સીસીટીવી ફુટેજની ડીવીડી કબજે કર્યા અંગેનું પંચનામું | ૮૮ |
| ૩૦ | આરોપીના ફોટોગ્રાફ્સ કબજે લીધા અંગેનું પંચનામું | ૯૦ |
| ૩૧ | બનાવ પહેલાં આરોપીની પાસેદરા ખાતે હાજરી અંગેના સીસીટીવી ફુટેજની ડીવીડી | ૯૨ |
| ૩૨ | રાધે ટાઈમ્સના માલિક સાહીલભાઈ રાજેશભાઈ સેજાણીનો સેમસંગ કંપનીનો મોબાઈલ તથા તેમાં રેકર્ડ કરવામાં આવેલ સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ કબજે કર્યા અંગેનું પંચનામું | ૯૪ |
| ૩૩ | રાધે ટાઈમ્સના માલિક સાહીલભાઈ સેજાણીનો સેમસંગ કંપનીનો મોબાઈલ તથા તેમાં રેકર્ડ કરવામાં આવેલ સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ | ૯૬ |
| ૩૪ | એફ.એસ.એલ. માંથી આવેલ ચાર સીલ્ડ અને ચાર અનસીલ્ડ ડીવીડી કે જેમાં આરોપી તથા શાહેદ આકાશ વચ્ચે થયેલ સંવાદોના રેકોર્ડીંગની સ્ક્રીપ્ટ છે, તે કબજે લીધા અંગેનું પંચનામું | ૯૮ |

| | | |
|---|---|---|
| ૩૫ | એફ.એસ.એલ. માંથી આવેલ ડીવીડી માં આરોપી તથા શાહેદ આકાશ વચ્ચે થયેલ સંવાદોના રેકોર્ડીંગની માર્ક–K–1 થી અંકીત ડીવીડી | ૯૯ |
| ૩૬ | એફ.એસ.એલ. માંથી પ્રાપ્ત થયેલ આરોપી તથા શાહેદ આકાશ વચ્ચે થયેલ સંવાદોના રેકોર્ડીંગ ધરાવતી ડીવીડી | ૧૦૦, ૧૦૩, ૧૦૬ |
| ૩૭ | શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીના મોબાઈલમાં રેકર્ડ થયેલ વિડીયો કલીપની એફ .એસ.એલ. માંથી પ્રાપ્ત થયેલ ડીવીડી | ૧૦૧, ૧૦૨, ૧૦૪, ૧૦૫ |
| ૩૮ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૦૮ |
| ૩૯ | શાહેદ તુષારભાઈ મથુરભાઈ બોરડનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૧૨૨ |
| ૪૦ | શાહેદ તુષારભાઈ મથુરભાઈ બોરડએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબ નિવેદન આપવા માટે આપેલ સંમતિપત્ર | ૧૨૩ |
| ૪૧ | 'રાધે ટાઈમ્સ' ના માલિક સાહીલ રાજેશભાઈ સેજાણીનો સેમસંગ કંપનીનો M21 મોબાઈલ કબજે લીધા અંગેનો સીઝર મેમો | ૧૨૫ |
| ૪૨ | શાહેદ સાહિલ રાજેશભાઈ સેજાણીએ મોબાઈલ ફોનમાં રેકોર્ડીંગ બાબતે આપેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર | ૧૨૬ |
| ૪૩ | ડી–માર્ટ સ્ટોરના મેનેજર મોહંમદ અલ્તાફ શકીલ શેખે સીસીટીવી કેમેરાના ફુટેજ પેન ડ્રાઈવમાં કોપી કરીને આપેલ, તે બાબતે આપેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર | ૧૨૮ |
| ૪૪ | આરોપીએ ડી–માર્ટ સ્ટોરમાંથી ખરીદ કરેલ છરી, ચોકલેટ્સ અને ફીનાઈલની ગોળીઓનું બીલ | ૧૨૯ |

| | | |
|---|---|---|
| ૪૫ | વિડીયોગ્રાફી અંગેના મેમરી કાર્ડ સંબંધે જેનીશ ભુપેન્દ્રભાઈ રાવલ દ્વારા ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી)(૪)(સી) મુજબ આપવામાં આવેલ પ્રમાણપત્ર | ૧૩૨ |
| ૪૬ | રીકન્સ્ટ્રકશન પંચનામું | ૧૩૩ |
| ૪૭ | શાહેદ સોનલબેન વિજયભાઈ રાણપરીયાનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ -૧૬૪ મુજબનું નિવેદન | ૧૩૫ |
| ૪૮ | શાહેદ સોનલબેન વિજયભાઈ રાણપરીયાએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબ નિવેદન આપવા માટે આપેલ સંમતિપત્ર | ૧૩૬ |
| ૪૯ | ફરિયાદ | ૧૩૮ |
| ૫૦ | પોલીસ ઈન્સ્પેક્ટર, સુરત ગ્રામ્યનાએ આરોપીની કરાવેલ સારવાર તથા તે અંગેના પ્રમાણપત્ર સાથેનો તારીખઃ ૦૯.૦૩.૨૦૨૨ ના રોજનો પત્ર | ૧૪૨ |
| ૫૧ | શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીનો મોબાઈલ કબજે કર્યા અંગેનો સીઝર મેમો | ૧૪૩ |
| ૫૨ | શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન | ૧૪૪ |
| ૫૩ | શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીનો મોબાઈલ તથા તે મોબાઈલમાં રહેલ વિડીયો ક્લીપ્સ | ૧૪૫ |
| ૫૪ | શાહેદ શર્મિલાબેન ઉર્ફે સમાપ્તિબેન અમીતભાઈ કિશોરભાઈ રૈયાણીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન | ૧૪૮ |
| ૫૫ | શાહેદ શર્મિલાબેન ઉર્ફે સમાપ્તિબેન અમીતભાઈ કિશોરભાઈ રૈયાણીનાએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન આપવા માટે આપેલ સંમતિપત્ર | ૧૪૯ |
| ૫૬ | શાહેદ રેણુકાબેન હરેશભાઈ કીકાણીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન | ૧૫૧ |

| | | |
|---|---|---|
| ૫૭ | શાહેદ રેણુકાબેન હરેશભાઈ કીકાણીનાએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આપવા માટે આપેલ સંમતિપત્ર | ૧૫૨ |
| ૫૮ | શાહેદ ધૃતિબેન નિરંજનભાઈ લુખીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૧૬૪ મુજબના નિવેદન | ૧૫૫ |
| ૫૯ | શાહેદ ધૃતિબેન નિરંજનભાઈ લુખીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આપવા માટે આપેલ સંમતિપત્ર | ૧૫૬ |
| ૬૦ | શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૧૫૮ |
| ૬૧ | શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આપવા માટે આપેલ સંમતિપત્ર | ૧૫૯ |
| ૬૨ | શાહેદ હર્ષદભાઈ ઉર્ફે હરેશભાઈ રમેશભાઈ કીકાણીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન | ૧૬૧ |
| ૬૩ | શાહેદ હરેશભાઈ રમેશભાઈ કીકાણીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આપવા માટે આપેલ સંમતિપત્ર | ૧૬૨ |
| ૬૪ | શાહેદ અશોકભાઈ બાવચંદભાઈ કાનાણીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૧૬૪ મુજબનું નિવેદન | ૧૬૫ |
| ૬૫ | શાહેદ અશોકભાઈ બાવચંદભાઈ કાનાણીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૧૬૪ મુજબનું નિવેદન આપવા માટે આપેલ સંમતિપત્ર | ૧૬૬ |
| ૬૬ | એફ.એસ.એલ., સુરત ને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૧૭૩, ૧૭૪, ૧૭૫ |
| ૬૭ | એફ.એસ.એલ., સુરતને મુદ્દામાલ ડીવીડી ના બે કવર મળ્યા અંગેની પહોંચ | ૧૭૭ |

| | | |
|---|---|---|
| ૬૮ | આરોપીની કોલેજના જુદા જુદા દસ્તાવેજો – આરોપીનું એડમીશન ફોર્મ, માહિતી પત્રક, એડમીશન લેટર, સ્ટુડન્ટ એટેન્ડન્સ રજિસ્ટર, હાજરી અંગેનો રજિસ્ટરનો ઉતારો, યુનિવર્સીટીના રીઝલ્ટની સમરી, ફર્સ્ટ તથા સેકન્ડ સેમેસ્ટરનું રીઝલ્ટ. | ૧૮૪ |
| ૬૯ | ઈજા પામનાર સુભાષભાઈની સ્મીમેર હોસ્પિટલમાં કરવામાં આવેલ સારવારના કેસ પેપર્સ તથા એક્સ–રે રીપોર્ટ | ૧૮૬ |
| ૭૦ | ઈજા પામનાર સુભાષભાઈ સંબંધે સ્મીમેર હોસ્પિટલના એમ.એલ.સી. અન્ડર ટ્રીટમેન્ટ સર્ટીફીકેટ્સ તથા ડૉ.સંદીપ ગુપ્તાનું સર્ટીફીકેટ | ૧૮૭ |
| ૭૧ | ઈજા પામનાર ફરિયાદી ધ્રૃવ નંદલાલભાઈ વેકરીયાની સ્મીમેર હોસ્પિટલમાં કરવામાં આવેલ સારવારના પેપર્સ તથા એક્ષ–રે રીપોર્ટ | ૧૮૮ |
| ૭૨ | ઈજા પામનાર ફરિયાદી ધ્રૃવ નંદલાલભાઈ વેકરીયાની ઈજા તથા સારવાર અંગે સ્મીમેર હોસ્પિટલ તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્ર | ૧૮૯ |
| ૭૩ | કામરેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે ઈજા પામનાર ફરિયાદી ધ્રૃવ નંદલાલભાઈ વેકરીયાની સ્થિતિ બાબતે સ્મીમેર હોસ્પિટલને લખેલ પત્ર | ૧૯૦ |
| ૭૪ | ફરિયાદી ધ્રૃવ નંદલાલભાઈ વેકરીયાની સારવાર અંગે એસડીએ–ડાયમંડ હોસ્પિટલ, સુરતનું પ્રમાણપત્ર | ૧૯૨ |
| ૭૫ | ફરિયાદી ધ્રૃવ નંદલાલભાઈ વેકરીયાને આપવામાં આવેલ સારવાર અંગેના એસડીએ–ડાયમંડ હોસ્પિટલ, સુરતના ઈન્ડોર કેસ પેપર્સ | ૧૯૩ |
| ૭૬ | ક્રીષ્ના સ્ટુડીયોનું બીલ | ૧૯૫ |
| ૭૭ | આરોપીના ફોટોગ્રાફ્સ | ૧૯૬ થી ૨૦૦ |

| | | |
|---|---|---|
| ૭૮ | શાહેદ વત્સલ પંકજકુમાર પરમારે કોલેજના સીસીટીવી ફુટેજ સંબંધે આપેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબના પ્રમાણપત્ર | ૨૦૨ |
| ૭૯ | એફ.એસ.એલ., ગાંધીનગરને મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ | ૨૦૫ |
| ૮૦ | સુરત કન્ટ્રોલ રૂમમાંથી સીસીટીવી ના ફુટેજની આંક–૯૨ ની ડીવીડી સંબંધે શાહેદ નરોત્તમભાઈ મોહનભાઈ વરીયા, અ.પો.કો. એ આપેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર | ૨૦૭ |
| ૮૧ | મામલતદાર કચેરી, કામરેજના સર્કલ ઓફિસરે તૈયાર કરેલ ગુનાવાળી જગ્યાનો નકશો | ૨૧૧ |
| ૮૨ | પોલીસ સબ–ઈન્સ્પેક્ટર, કામરેજનાએ મામલતદાર અને એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા લખેલ પત્ર | ૨૧૨ |
| ૮૩ | મામલતદારશ્રી, કામરેજ નાએ પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, કામરેજ પોલીસ સ્ટેશનને મોકલેલ નકશા સંબંધેનો રવાનગી પત્ર | ૨૧૩ |
| ૮૪ | મામલતદારશ્રી, કામરેજ નાએ સર્કલ ઓફિસરને ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા માટે આપેલ સૂચનાનું સાંધણ | ૨૧૪ |
| ૮૫ | શાહેદ આકાશભાઈ કનુભાઈ વઘાસીયાનો મોબાઈલ કબજે લીધા અંગેના સીઝર મેમો | ૨૧૭ |
| ૮૬ | શાહેદ આકાશભાઈ કનુભાઈ વઘાસીયાએ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે તેમના વોઈસ સેમ્પલ આપવા માટે આપેલ સંમતિ પત્ર | ૨૧૮ |
| ૮૭ | શાહેદ આકાશ કનુભાઈ વઘાસીયાનું કન્ટ્રોલ વોઈસ રેકોર્ડીંગ ફોર્મ | ૨૧૯ |
| ૮૮ | આરોપીનું કન્ટ્રોલ વોઈસ રેકોર્ડીંગ ફોર્મ | ૨૨૦ |

| | | |
|---|---|---|
| ૮૯ | બાઈક નં.જીજે–૦૫–પીએન–૭૮૨૮ નો વ્હીકલ પર્ટીક્યુલર્સ રીપોર્ટ | ૨૨૪ |
| ૯૦ | આરોપીના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં ચાલી આવેલ ખાતાનો ઉતારો | ૨૨૬ |
| ૯૧ | મરણ જનાર ગ્રીષ્માબેનની કોલેજના હાજરીપત્રક | ૨૩૦ |
| ૯૨ | પો.ઈ. જે.ડી.વાઘેલાએ મરણ જનાર ગ્રીષ્માબેનના અભ્યાસ તેમજ કોલેજના સી.સી.ટી.વી. ફુટેજ આપવા માટે કોલેજના પ્રિન્સીપાલને લખેલ વિનંતીપત્ર | ૨૩૧ |
| ૯૩ | જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજની વીઝીટર્સ લોગ બુક | ૨૩૨ |
| ૯૪ | એફ.એસ.એલ., ગાંધીનગર દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી કામરેજ પોલીસ સ્ટેશનને મોકલવામાં આવેલ તારીખઃ ૧૯.૦૨.૨૦૨૨ ના રોજનો રવાનગી પત્ર | ૨૩૪ |
| ૯૫ | સેમસંગ કંપનીના એમ–૨૧ મોડેલના મોબાઈલ ફોન (માર્ક–ઓ–૧) તથા ડીવીઆર (માર્ક–પી–૧) સંબંધે એફ.એસ.એલ. ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ પરીક્ષણ અહેવાલ | ૨૩૫ |
| ૯૬ | એફ.એસ.એલ. ના સાયન્ટીફીક ઓફિસર ધર્મેન્દ્ર ગોવિંદલાલ શાહે આપેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર | ૨૩૬ |
| ૯૭ | બનાવ અગાઉ આરોપીની મુવમેન્ટ બાબતે સી.સી.ટી.વી. ના ફુટેજ પરથી એફ.એસ.એલ. ના અધિકારીએ બનાવેલ ડીવીડી | ૨૩૭ |
| ૯૮ | ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નું સર્ટીફીકેટ, આરોપીના મોબાઈલ નં.xxxxx xxx ૩૫ ના સી.ડી.આર., કસ્ટમર એપ્લીકેશન ફોર્મ તથા આરોપીના આધાર કાર્ડની નકલ | ૨૩૯ |

| | | |
|---|---|---|
| ૯૯ | મોબાઈલ નં.XXXXX XXX૨૦, નં.XXXXX XXX૯૮, નં.XXXXX XXX૪૧, નં.XXXXX XXX ૬૨, નં.XXXXX XXX૫૫, નં.XXXXX XXX૭૧ સંબંધે પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર, કસ્ટમર એપ્લીકેશન ફોર્મ્સ તથા સી.ડી.આર. | ૨૪૦ |
| ૧૦૦ | વિનુભાઈ ઝાલાવાડીયાના મો.નં.XXXXX XXX૭૧ અને સંજયભાઈ વૈષ્ણવના મો.નં.XXXXX XXX૫૫ અંગેના સી.ડી.આર. | ૨૪૧ |
| ૧૦૧ | મોબાઈલ નં.XXXXX XXX૦૩, નં.XXXXX XXX૨૩, નં.XXXXX XXX૬૨, નં.XXXXX XXX૬૧, નં.XXXXX XXX૬૯ (શાહેદ રેણુકાબેન), નં.XXXXX XXX૫૨ અને નં.XXXXX XXX૪૬ ના સી.ડી.આર., કસ્ટમર એપ્લીકેશન ફોર્મ્સ, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબના પ્રમાણપત્ર તથા કંપનીના ફોરવર્ડીંગ લેટર | ૨૪૩ |
| ૧૦૨ | ઓળખ પરેડનું પંચનામું | ૨૪૭ |
| ૧૦૩ | શૈલેષભાઈ કરસનભાઈ ખોડીફાડનું હાજરી પત્રક તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સની લોગબુક | ૨૫૦ |
| ૧૦૪ | લાજપોર મધ્યસ્થ જેલના ફોનના રજિસ્ટરના તારીખઃ ૧૧.૦૩.૨૦૨૨ તથા તારીખઃ ૧૬.૦૩.૨૦૨૨ ના ઉતારાની ખરી નકલ | ૨૫૩ |
| ૧૦૫ | ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ, ગાંધીનગરના સાયન્ટીફીક ઓફિસરનો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૨૫૬ |
| ૧૦૬ | કતારગામ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજિસ્ટર નં.૧૧૨૧૦૦૨૧૨૧૦૭૪૦ ની એફ.આઈ.આર. ની નકલ | ૨૫૭ |
| ૧૦૭ | કતારગામ પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજિસ્ટર નં.૧૧૨૧૦૦૨૧૨૧૦૭૪૦ ની ચાર્જશીટની નકલ | ૨૫૮ |

| | | |
|---|---|---|
| ૧૦૮ | કામરેજ પોલીસ સ્ટેશનનો નોકરી બુકનો ઉતારો | ૨૫૯ |
| ૧૦૯ | મરણ જનાર ગ્રીષ્માબેનના ઘરનું લાઈટ બીલ | ૨૬૦ |
| ૧૧૦ | શાહેદ રેણુકાબેન હરેશભાઈ કીકાણી, શર્મીલાબેન અમીતભાઈ રૈયાણી, સોનલબેન વિજયભાઈ રાણપરીયા તથા તુષારભાઈ મથુરભાઈ બોરડના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૬૪ મુજબના નિવેદનો લેવા માટે વિ.મેજિસ્ટ્રેટશ્રીને લખેલ યાદી | ૨૬૧ |
| ૧૧૧ | કામરેજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ આરોપીના બે બ્લડ સેમ્પલ લેવા માટે મેડીકલ ઓફિસરશ્રી, નવી સિવિલ હોસ્પિટલ, સુરત શહેરને તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ ના રોજ લખેલ પત્ર | ૨૬૨ |
| ૧૧૨ | કામરેજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ શાહેદ સુભાષભાઈ પરબતભાઈના બે બ્લડ સેમ્પલ લેવા માટે મેડીકલ ઓફિસરશ્રી, નવી સિવિલ હોસ્પિટલ, સુરત શહેરને તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ ના રોજ લખેલ પત્ર | ૨૬૩ |
| ૧૧૩ | કામરેજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ ફરીયાદી ધ્રૂવ નંદલાલભાઈ વેકરીયાના બે બ્લડ સેમ્પલ લેવા માટે મેડીકલ ઓફિસરશ્રી, નવી સિવિલ હોસ્પિટલ, સુરત શહેરને તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ ના રોજ લખેલ પત્ર | ૨૬૪ |
| ૧૧૪ | કામરેજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ આરોપીના ડી.એન.એ. માટે બ્લડ સેમ્પલ લેવા માટે મેડીકલ ઓફિસરશ્રી, નવી સિવિલ હોસ્પિટલ, સુરત શહેરને તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ ના રોજ લખેલ પત્ર | ૨૬૫ |
| ૧૧૫ | કામરેજ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.એ આરોપીના લોહીના બે નમૂના લેવા માટે મેડીકલ ઓફિસરશ્રી, નવી સિવિલ હોસ્પિટલ, સુરતને તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ લખેલ પત્ર | ૨૬૬ |

| | | |
|---|---|---|
| ૧૧૬ | ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીને આ કામે કબજે લીધેલ મુદ્દામાલ મોકલ્યા અંગેની રવાનગી નોંધ તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૨૬૭ |
| ૧૧૭ | સદર ગુનાના કામે કબજે લીધેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલ્યા અંગેનું રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૨૬૮ |
| ૧૧૮ | સદર ગુનાના કામે કબજે લીધેલ મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલ્યા અંગેનું રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર | ૨૬૯ |
| ૧૧૯ | એફ.એસ.એલ.ને મુદ્દામાલ મળ્યા અંગેની પાવતીઓ | ૨૭૦, ૨૭૧ |
| ૧૨૦ | એફ.એસ.એલ. સુરતનો ફોરવર્ડીંગ લેટર અને ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ | ૨૭૨ |
| ૧૨૧ | એફ.એસ.એલ. સુરતનો ફોરવર્ડીંગ લેટર અને બાયોલોજી પરીક્ષણ અહેવાલ | ૨૭૩ |
| ૧૨૨ | એફ.એસ.એલ. સુરતનો ફોરવર્ડીંગ પત્ર અને સીરોલોજી પૃથક્કરણ અહેવાલ | ૨૭૪ |
| ૧૨૩ | એફ.એસ.એલ. સુરતના નં.RFSL/EE/2022/B/213 થી ડી.એન.એ. એક્ઝામીનેશન રીપોર્ટ | ૨૭૫ |
| ૧૨૪ | કામરેજ પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીનો ઉતારો | ૨૭૬ |
| ૧૨૫ | પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, કામરેજ પોલીસ સ્ટેશનનાએ એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રી, કામરેજને મરનારની લાશ પર ઈન્કવેસ્ટ ભરવા પધારવા તારીખ: ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ લખેલ પત્ર | ૨૭૭ |
| ૧૨૬ | એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પરીક્ષણ માટે સ્થળ ઉપર પધારવા લખેલ યાદી | ૨૭૮ |

| | | |
|---|---|---|
| ૧૨૭ | શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીના મોબાઈલમાં રહેલ VID_20220212_183812.mp4 ની વિડીયો કલીપની એક સીલ્ડ અને એક અનસીલ્ડ ડીવીડી બનાવવા માટે મદદનીશ નિયામકશ્રી એફ.એસ.એલ. સુરતને લખેલ પત્રની સ્થળપ્રત | ૨૭૯ |
| ૧૨૮ | મદદનીશ નિયામકશ્રી, એફ.એસ.એલ. સુરતને આરોપીના મોબાઈલમાંથી મેટા ડેટા અને કલાઉડ ડેટા રીકવર કરવા માટે તારીખઃ ૧૯.૦૨.૨૦૨૨ ના રોજ લખવામાં આવેલ પત્ર | ૨૮૦ |
| ૧૨૯ | સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચનાનો ઓર્ડર | ૨૮૨ |
| ૧૩૦ | આરોપીનું કસ્ટમર એપ્લીકેશન ફોર્મ, મો.નં.xxxxx xxx૬૭ ના સી.ડી.આર. તથા એવીડન્સ એકટની કલમ ૬૫(બી) અંગેનું સર્ટીફીકેટ | ૨૮૪ |
| ૧૩૧ | બોરડ તુષાર મથુરભાઈ, દિનેશભાઈ વલ્લભભાઈ કાકડીયા તથા રૈયાણી અમિતકુમાર કિશોરભાઈના કસ્ટમર એપ્લીકેશન ફોર્મ, મો.નં.xxxxx xxx૨૩, નં.xxxxx xxx૩૭, નં.xxxxx xxx૯૯ ના સી.ડી.આર. તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી) અંગેનું સર્ટીફીકેટ | ૨૮૫ |
| ૧૩૨ | આરોપી તથા શાહેદ આકાશ કનુભાઈ વઘાસીયાના વોઈસ સેમ્પલો લઈ, તે અંગેની સીડી/ડીવીડી તાત્કાલીક ધોરણે તપાસ કરનાર અધિકારીને મોકલવા ડી.એફ.એસ., ગાંધીનગરને કામરેજ પોલીસ સ્ટેશન તરફથી ક્રમાંક કામરેજ/વો.સે./ ૬૯૪/૨૦૨૨ થી તારીખઃ ૧૭.૦૨.૨૦૨૨ ના રોજ લખવામાં આવેલ પત્ર | ૨૮૭ |
| ૧૩૩ | આરોપીએ તેમના વોઈસનું સેમ્પલ આપવા માટે આપેલ સંમતિપત્ર | ૨૮૮ |
| ૧૩૪ | આરોપી તથા આકાશ કે. વઘાસીયાના સ્પેસીમેન વોઈસ સેમ્પલની ડીવીડી | ૨૮૯ |

| | | |
|---|---|---|
| ૧૩૫ | ડી.એફ.એસ. તરફથી પોલીસ ઈન્સ્પેક્ટર કામરેજ પોલીસ સ્ટેશનને તારીખઃ ૧૮.૦૨.૨૦૨૨ ના રોજ લખવામાં આવેલ ફોરવર્ડીંગ લેટર | ૨૯૦ |
| ૧૩૬ | આરોપી તથા શાહેદ આકાશ કનુભાઈ વઘાસીયાના સ્પેસીમેન વોઈસ સેમ્પલ તારીખઃ ૧૮.૦૨.૨૦૨૨ ના રોજ CSL4500 ઉપકરણની મદદથી રેકોર્ડીંગ કરેલ, તેની સી.ડી. એવીડન્સ એક્ટની કલમ ૬૫(બી) ના સર્ટીફીકેટ સાથે સુપ્રત કર્યા અંગેનો એક્ઝામીનેશન રીપોર્ટ | ૨૯૧ |
| ૧૩૭ | ડી.એફ.એસ., ગાંધીનગરના સાયન્ટીફિક ઓફિસરશ્રી એસ.એસ.જોષીએ આરોપી તથા શાહેદ આકાશ કનુભાઈ વઘાસીયાના સ્પેસીમેન વોઈસ સેમ્પલ સંબંધે આપેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર | ૨૯૨ |
| ૧૩૮ | ડી.એફ.એસ., ગાંધીનગરના નિયામકશ્રીએ મુદ્દામાલના અહેવાલ સંબંધે કામરેજ પોલીસ ઈન્સ્પેક્ટને લખેલ ફોરવર્ડીંગ લેટર | ૨૯૩ |
| ૧૩૯ | ડી.એફ.એસ., ગાંધીનગરના ફોટોગ્રાફી વિભાગનો અહેવાલ | ૨૯૪ |
| ૧૪૦ | ડી.એફ.એસ., ગાંધીનગરના સાયન્ટીફીક ઓફિસરે માર્ક–N–1, S–1, Q–1, R–1 સંબંધે આપેલ અભિપ્રાય | ૨૯૫ |
| ૧૪૧ | ડી.એફ.એસ. ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ ડીવીડી માં રહેલ પાંચ વિડીયો ફુટેજની હેઝ વેલ્યુ કાઢી તેના અહેવાલ સાથે કામરેજ પોલીસને મોકલેલ પત્રક | ૨૯૬ |
| ૧૪૨ | અહેવાલ નંબરઃ DFS/EE/2022/PHOTO/26, તારીખઃ ૨૦.૦૨.૨૦૨૨ સંબંધે ડી.એફ.એસ., ગાંધીનગર દ્વારા કામરેજ પોલીસ સ્ટેશનને લખવામાં આવેલ ફોરવર્ડીંગ લેટર | ૨૯૭ |

| | | |
|---|---|---|
| ૧૪૩ | રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરત દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર, કામરેજ પોલીસ સ્ટેશનને લખવામાં આવેલ ફોરવર્ડીંગ લેટર | ૨૯૯ |
| ૧૪૪ | શાહેદ આકાશભાઈ કનુભાઈ વઘાસીયાના વીવો વાય–૫૧ કંપનીના સીમકાર્ડ સાથેના મોબાઈલ તથા શાહેદ રાહુલભાઈના રેડમી નોટ ૯ પ્રો કંપનીના મોબાઈલ તથા તેમાંના બે સીમકાર્ડ સંબંધે રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરતનો પાર્ટ એક્ઝામીનેશન રીપોર્ટ | ૩૦૦ |
| ૧૪૫ | ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરતના સાયન્ટીફીક ઓફિસર વિમલકુમાર કાનજીભાઈ રાવલે આપેલ ભારતીય પુરાવા અધિનિયની કલમ ૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર | ૩૦૧ |
| ૧૪૬ | રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરત દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર, કામરેજ પોલીસ સ્ટેશનને લખવામાં આવેલ ફોરવર્ડીંગ લેટર | ૩૦૨ |
| ૧૪૭ | ડીમાર્ટના સીસીટીવી ફુટેજ ધરાવતી સેનડીસ્ક કંપનીની પેનડ્રાઈવમાં રહેલ ત્રણ વિડીયો ફાઈલ સંબંધે રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરત દ્વારા આપવામાં આવેલ પાર્ટ એક્ઝામીનેશન રીપોર્ટ–૨ | ૩૦૩ |
| ૧૪૮ | ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરતના સાયન્ટીફીક ઓફિસર વિમલકુમાર કાનજીભાઈ રાવલે આપેલ એવીડન્સ એક્ટની કલમ ૬૫(બી)(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ | ૩૦૪ |
| ૧૪૯ | રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરતનો રવાનગી પત્ર | ૩૦૫ |
| ૧૫૦ | આરોપી તથા શાહેદ આકાશ કનુભાઈ વઘાસીયાના અવાજ સંબંધે રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરતનો પરીક્ષણ અહેવાલ | ૩૦૬ |

| | | |
|---|---|---|
| ૧૫૧ | શાહેદ રાહુલભાઈના મોબાઈલની બીજી વિડીયો ક્લીપ સંબંધે એફ.એસ.એલ. દ્વારા તૈયાર કરવામાં આવેલ ડીવીડી | ૩૦૭ |
| ૧૫૨ | રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરતનો રવાનગી પત્ર | ૩૦૮ |
| ૧૫૩ | આરોપીના સેમસંગ કંપનીના ગેલેક્સી એ–૩૧ મોડલના મોબાઈલ તથા તેમાંના બે સીમકાર્ડ (માર્ક–ડી–૩), મરણ જનાર ગ્રીષ્માબેનનો રેડમી નોટ જી પ્રો કંપનીનો મોબાઈલ તથા તેમાંના બે સીમકાર્ડ (માર્ક–એફ–૧), શાહેદ આકાશભાઈ કનુભાઈ વઘાસીયાના વીવો વાય–૫૧ કંપનીના મોબાઈલ તથા તેમાંના સીમકાર્ડ (માર્ક–K–1), શાહેદ રાહુલભાઈના રેડમી નોટ ૯ પ્રો કંપનીના મોબાઈલ તથા તેમાંના બે સીમકાર્ડ (માર્ક–એલ–૧) તેમજ ડીમાર્ટના સીસીટીવી ફુટેજ ધરાવતી સેનડીસ્ક કંપનીની પેનડ્રાઈવ (માર્ક–M–1) સંબંધે રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરત દ્વારા આપવામાં આવેલ ફાઈનલ એક્ઝામીનેશન રીપોર્ટ | ૩૦૯ |
| ૧૫૪ | ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરતના સાયન્ટીફીક ઓફિસરે આપેલ એવીડન્સ એક્ટની કલમ ૬૫(બી)(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ | ૩૧૦ |
| ૧૫૫ | એફ.એસ.એલ. ના ક્રમાંકઃ RFSL/EE/2022/CF/63, Annexure–D3–C (Sheet No. 1 to 9) | ૩૧૧ |
| ૧૫૬ | પેન ડ્રાઈવ અને તેમાંના ડેટા | ૩૧૨ |
| ૧૫૭ | આરોપી અને શાહેદ ક્રીષ્ના વચ્ચે થયેલ મેસેજીસની પ્રિન્ટઆઉટ | ૩૧૪ |

(૬) ફરિયાદ પક્ષે આંક–૩૧૬ થી ક્લોઝીંગ પુરસીસ આપી પુરાવો પૂરો થયાનું જાહેર કરતાં, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. આરોપીએ તેઓના વિશેષ નિવેદનમાં ફરિયાદ પક્ષના કેસનો સદંતર ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, આરોપી પેનડ્રાઈવ, પેનડ્રાઈવમાં રહેલા ફોટોગ્રાફસની પ્રીન્ટ આઉટ તેમજ ઈન્ડિયન એવીડન્સ એક્ટ ૧૮૭૨ અન્વયે કલમ–૬૫(બી) નું સર્ટિફિકેટ રજૂ કરવા માંગે છે. વધુમાં જણાવેલ છે કે, આરોપીનો કેસ પ્રોવોકેશન, કન્ટીન્યુસ પ્રોવોકેશન તેમજ સડન પ્રોવોકેશનનો છે, જે અંગે તેઓ આખરી દલીલના તબક્કે રજૂઆત કરશે.

(૭.૧) પુરાવાના અંતે ફરિયાદ પક્ષ તરફે વિ .પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલાએ આ કેસમાં રજૂ થયેલા સમગ્ર મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પર આ કોર્ટને લઈ જઈ રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ પર તેનો કેસ નિઃશંકપણે સાબિત કરવાનો જે બોજો રહેલ છે, તે આ કામે ફરિયાદ પક્ષ દ્વારા યોગ્ય રીતે અદા કરવામાં આવેલ છે. વિ.પી.પી.શ્રી સુખડવાલાએ હાલના ગુનાની હકીકતોનું સંક્ષિપ્તમાં વર્ણન કર્યા બાદ આ કામના આરોપી સામે આંક–૮ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા પર આ કોર્ટનું ધ્યાન દોરી રજૂઆત કરેલ છે કે, આરોપી સામે પહેલો ચાર્જ એ મુજબનો મૂકવામાં આવેલ છે કે, આ કામના આરોપી મરણ જનાર ગ્રીષ્માબેન વેકરીયાને છેલ્લા ઘણા સમયથી હેરાન કરતા હોઈ, મરનારના સંબંધીઓએ આરોપીને તેમ ન કરવા સમજાવેલ, તેમ છતાં આરોપીએ મરનારની હેરાનગતી ચાલું રાખેલ, પરંતુ

મરનાર ગ્રીષ્માબેને તેની અવગણના કરી આરોપીને તાબે ન થતાં અપમાનીત થયાની લાગણી અનુભવી આરોપીએ બદલો લેવાના ઈરાદાથી મરનારને મારી નાંખવાનું નક્કી કરેલ, એટલું જ નહીં, તે સંબંધે સંપૂર્ણ પૂર્વતૈયારી કરી, ફુલપ્રુફ યોજના બનાવી, બનાવના દિવસે પણ મરનારની કોલેજની રેકી કરી, મરનારને પોતાની સમક્ષ લાવવા પ્રયત્ન કરેલ, જેમાં સફળ ન થતાં આરોપીએ મરનારના આખા પરીવારને મારી નાંખવાના ઈરાદે આ બનાવના દિવસે એટલે કે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે આશરે ૬ઃ૦૦ વાગ્યે મરનાર રહેતા હતા તે સોસાયટી ખાતે બે ચપ્પુ સાથે જઈ, આરોપીને સમજાવવા પ્રયત્ન કરનાર મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા એટલે કે સુભાષભાઈ વેકરીયાને પેટમાં તથા મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ કે જે આ કામના ફરિયાદી છે, તે ધ્રુવ વેકરીયાને મારી નાંખવાના ઈરાદે તેના હાથમાં તથા માથામાં જીવલેણ ઈજા પહોંચાડેલ. આ બંનેને ઈજાગ્રસ્ત હાલતમાં ઘર તરફ આવતા જોઈ મરણ જનાર ગ્રીષ્માબેન, તેમના માતા વિલાસબેન તથા રેણુકાબેન સાથે દોડી આવતા આ કામના આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને ગળામાંથી પકડી, અનેક લોકોની હાજરીમાં બેરહેમીથી ચાકુ વડે તેનું ગળું કાપી નાંખી તેણી મૃત્યુ ન પામે ત્યાં સુધી ત્યાં કોઈને નજીક આવવા દીધેલ નહીં અને તે રીતે આરોપીએ ગ્રીષ્માબેનનું ખૂન કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ મુજબનો ગુનો કરેલ છે. આથી ફરિયાદ પક્ષે સૌપ્રથમ મરનાર ગ્રીષ્માબેનનું મૃત્યુ અકુદરતી હતું અને તે મનુષ્યવધ હતો, તેવું પુરવાર કરવું જરૂરી છે. વિ.પી.પી.શ્રી સુખડવાલાએ આ સંદર્ભે ફરિયાદ પક્ષ તરફે શાહેદ નં.૧ તરીકે તપાસવામાં આવેલ ડૉ.સંદીપ ગોરધનભાઈ પાનસુરીયાની આંક-૧૧ ની જુબાની તથા તેમની જુબાની

દરમ્યાન રજૂ થયેલ આંક–૧૨ ની શબ પરીક્ષણ કરવા માટેની પોલીસ યાદી તથા આંક–૧૩ ના શબ પરીક્ષણ અહેવાલ પર આ કોર્ટનું ધ્યાન દોરી ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ ડૉ.સંદીપ ગોરધનભાઈ પાનસુરીયા કે જેઓ સ્વતંત્ર શાહેદ છે અને પોતાના વિષયના નિષ્ણાંત છે, તેમની જુબાની જોતાં તેમને આશરે ૭૦ થી ૮૦ જેટલા શબ પરીક્ષણ કરવાનો અનુભવ છે. આ તબીબ શાહેદના પુરાવાથી એવું પુરવાર થાય છે કે, આંક–૧૨ થી રજૂ થયેલ પોલીસ યાદી આધારે આ શાહેદ તથા ડૉ.પરેશ ટેલરે પેનલમાં તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૩૦ થી બપોરે ૧૨:૩૭ વાગ્યા દરમ્યાન મરનાર ગ્રીષ્માબેનની લાશનું શબ પરીક્ષણ કરેલ. આ તબીબ શાહેદના પુરાવાથી એવું સ્પષ્ટ થાય છે કે, મરનાર ગ્રીષ્માબેનની લાશની ઓળખ બાવચંદભાઈ કાનજીભાઈ કાનાણીએ કરેલ. વિ.પી.પી.શ્રી સુખડવાલાએ આ શાહેદની જુબાનીના પૅરેગ્રાફ–૪ પર આ કોર્ટનું ધ્યાન દોરી રજૂઆત કરેલ છે કે, મરનારની લાશ પર બ્લુ અને કાળા કલરનું ટોપ તેમજ કાળા કલરનું જીન્સ હતું. વધુમાં આ તબીબ શાહેદે જણાવેલ છે કે, મરનારના શરીર પરનું ટોપ આખું લોહીથી ભીંજાઈ ગયેલ હતું. આ સંદર્ભે તેમણે આ કોર્ટનું ધ્યાન આંક–૩૧ થી તપાસવામાં આવેલ રાહુલ મનજીભાઈ ઉકાણીની આંક–૧૪૧ ની સોગંદ પરની જુબાની પર દોરેલ છે, જેમાં આ શાહેદે અચાનક ટોળામાં બનાવ બનતો જોઈ, પોતાના મોબાઈલમાં સમગ્ર ઘટનાના બે વિડીયો રેકર્ડ કરેલાનું જણાવેલ છે. જે મોબાઈલ ફોનથી આ બંને વિડીયો રેકર્ડ કરવામાં આવેલ, તે મોબાઈલ તથા તેમાંની બે વિડીયો ક્લીપ્સ આ કામે આંક–૧૪૫ થી રજૂ કરવામાં આવેલ છે. આ બંને વિડીયો ક્લીપ્સ જોવામાં આવે તો તેમાં પણ આ મરનાર ગ્રીષ્માબેને, તેનું ખૂન થયું તે

સમયે આ જ કપડાં એટલે કે બ્લુ અને કાળા કલરનું ટોપ તથા કાળા કલરનું જીન્સ પહેરેલ છે તેવું સ્પષ્ટ થાય છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, શબ પરીક્ષણ કરનાર તબીબ શાહેદ નં.૧ ડૉ.સંદીપ ગોરધનભાઈ પાનસુરીયાએ મરનારનું આખું ટોપ લોહીવાળું હતું તેવું જણાવ્યું છે, તે સંદર્ભે આ વિડીયો ક્લીપ્સ જોતાં તેમાં પણ મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપવામાં આવ્યું ત્યારે ખૂબ જ લોહી નીકળતું હોવાનું દેખાય છે. તેમણે વધુમાં આ સંદર્ભે આ કોર્ટનું ધ્યાન મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન નંદલાલભાઈ વેકરીયાની આંક–૨૨૨ ની જુબાની પર દોરી રજૂઆત કરેલ છે કે, આ શાહેદ વિલાસબેને તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપીએ તેમની દીકરીને ગળા પર છરી મારી દીધેલ, આથી તેમની દીકરી નીચે ઢળી પડેલ અને નળમાંથી પાણી નિકળે તે રીતે એકદમ જ લોહી નીકળવા લાગેલ. આ ઉપરાંત શબ પરીક્ષણ કરનાર તબીબ શાહેદના જણાવ્યા મુજબના જ કપડાં મરનાર ગ્રીષ્માબેને બનાવ સમયે પહેરેલા હતા, તેવું અન્ય શાહેદોની સોગંદ પરની જુબાનીથી પણ સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે.

(૭.૨) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ વધુમાં જણાવેલ છે કે, તબીબ શાહેદ ડૉ.સંદીપ ગોરધનભાઈ પાનસુરીયાએ તેમની જુબાનીમાં મરનારને થયેલ ઈજા સંબંધે સ્પષ્ટ પુરાવો આપેલ છે કે , મરનારને ગળા પર ૧૫ સે.મી. x ૨ સે.મી. x ૧ સે.મી. નો એક ઈન્સાઈઝડ કટ વુન્ડ હતો, જે લાલ કલરનો હતો અને ઘાનો ડાબો ભાગ જડબાની મધ્યથી શરૂ થઈ જમણી તરફ કાન સુધી જતો હતો; જે ઘાના કારણે સ્કીન, સબક્યુટેનીયસ ટીશ્યુ તથા સ્નાયુ કપાયેલા હતા તથા

ટ્રેકીયાની મધ્યમાં ૩ સે.મી. x ૧ સે.મી. x ૦.૫ સે.મી. નો કપાયેલો ઘા હતો તથા તમામ સબક્યુટેનીયસ ટીશ્યુ, સ્નાયુ અને ટ્રેકીયા કપાઈ ગયેલા હતા. આ ઉપરાંત મરનારના ડાબા હાથની હથેળીના પાછળના ભાગે એક ઉઝરડો પણ હતો. આ તબીબ શાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ ઈજાનો લાલ કલર જોતા તે ૧૮ થી ૨૪ કલાક પહેલાં થયેલ હોઈ શકે અને આ ઈજાઓ મૃત્યુ પહેલાંની હતી. આ તબીબ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીના પેરેગ્રાફ–૧૬ માં મરનારના મૃત્યુ અંગે અભિપ્રાય આપેલ છે કે, મરનારનું મૃત્યુ ગળા ઉપરની ઈજાનાં કારણે શ્વાસ રૂંધાવાથી થયેલ હતું. આ ઉપરાંત આ તબીબ શાહેદે જણાવેલ છે કે, ઉપરોક્ત ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં માણસનું મૃત્યુ નીપજાવવા માટે પૂરતી હતી, આ ઈજાઓ ધારદાર હથિયાર જેવા કે, ચપ્પુ, તલવાર વગેરેથી થઈ શકે તેવી હતી. આ શાહેદે મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ નું ચપ્પુ જોઈને જણાવેલ છે કે, આ ચપ્પુથી મરનારને થયેલ ઈજા શક્ય છે.

(૭.૩) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ આ સંદર્ભે બચાવ પક્ષે કરેલ ઊલટતપાસ પર આ કોર્ટનું ધ્યાન દોરી ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસની કોઈ પણ હકીકત, મરનાર ગ્રીષ્માબેનનું મૃત્યુ અકુદરતી અને મનુષ્યવધ કહી શકાય તેવું મૃત્યુ ન હોવાનું પુરવાર કરતી નથી. તેમણે વધુમાં રજૂઆત કરેલ છે કે, આ તબીબ શાહેદનો પુરાવો સંપૂર્ણપણે ભરોસાપાત્ર છે, કારણ કે, તે તટસ્થ શાહેદ છે અને તેમને ફરિયાદી કે તેમના કુટુંબ સાથે કોઈ સંબંધ નથી તેમજ આરોપી સાથે કોઈ શત્રુતા પણ નથી.

(૭.૪) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ આ કોર્ટનું ધ્યાન ભારતીય દંડ સંહિતાની કલમ–૨૯૯ તથા કલમ–૩૦૦ પર દોરી રજૂઆત કરેલ છે કે, આ બંને કલમોની જોગવાઈ જોતાં એ સ્વીકૃત બને છે કે, કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ નીપજાવવાના ઈરાદાથી અથવા મૃત્યુ નીપજવાનો સંભવ હોય તેવા ઈરાદાથી અથવા પોતાના કૃત્યથી કોઈનું મૃત્યુ નીપજે તેવો સંભવ છે તેવા જ્ઞાન સાથે કોઈ કૃત્ય કરી, કોઈ વ્યક્તિનું મૃત્યુ નીપજાવે તો તે સાપરાધ મનુષ્યવધનો ગુનો છે અને જો આ કૃત્ય કલમ–૩૦૦ માં દર્શાવેલા પાંચ અપવાદોમાં સમાવિષ્ટ થતું ન હોય તો તે ખૂન છે. તેમણે આ સંદર્ભે વિશેષમાં રજૂઆત કરેલ છે કે, કલમ–૩૦૦ માં દર્શાવેલા પાંચ અપવાદો જોવામાં આવે તો, પ્રથમ અપવાદ ગંભીર અથવા ઓચિંતા ઉશ્કેરાટનો દર્શાવવામાં આવેલ છે, જે બચાવ આ કામે આરોપી તરફે લેવામાં આવેલ છે. તેમણે અત્યંત ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ કામે પુરાવાને સમગ્રપણે મૂલવવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આ બનાવ સંદર્ભે આ કામના ફરિયાદી કે તેના મોટા પપ્પા સુભાષભાઈએ આરોપીને ગંભીર અને ઓચિંતા ઉશ્કેરાટનું કોઈ જ કારણ આપેલ નથી; એ પણ સ્વીકૃત છે કે, ઈજા પામનાર સુભાષભાઈ તથા ફરિયાદી ધ્રુવ આરોપીને સમજાવવા માટે સોસાયટીના પ્રવેશ દ્બાર પાસે ગયા ત્યારે તેઓ આરોપીને મારવા માટે કોઈ સાધન લઈને ગયા હોય તેવું પણ નથી. આ ઉપરાંત સ્વીકૃત રીતે બનાવના દિવસે મરનાર ગ્રીષ્માબેને પણ આરોપીને ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટ થાય તેવું કોઈ વર્તન કે કૃત્ય કરેલ ન હતું, એટલું જ નહીં, આરોપીએ જ્યારે મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપ્યું ત્યારે તેણી પોતાનું રક્ષણ કરી શકે તેવી પણ કોઈ ચીજવસ્તુ મરનાર ગ્રીષ્માબેનના

હાથમાં ન હતી. આ સંજોગોમાં કોઈ પણ રીતે બંને ઈજા પામનારાઓ તથા મરનાર ગ્રીષ્માબેને આરોપીને ગંભીર કે આકસ્મિક ઉશ્કેરાટનું કારણ આપેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ પર આવતી નથી. તેમણે વિશેષમાં જણાવેલ છે કે, કલમ–૩૦૦ નો બીજો અપવાદ સ્વબચાવના અધિકારનો છે, જે આ કામે લાગુ પડી શકે તેમ નથી, કારણ કે, બંને ઈજા પામનારાઓએ તથા મરનાર ગ્રીષ્માબેને આરોપીને ગંભીર કે આકસ્મિક ઉશ્કેરાટ થાય તેવો કોઈ પ્રયત્ન કરેલ નથી કે બનાવના સમયે બંને ઈજા પામનારાઓ કે મરનાર ગ્રીષ્માબેનના હાથમાં નાની લાકડી જેવું પણ કોઈ હથિયાર ન હતું. આ સંજોગોમાં આરોપીને તેનો સ્વબચાવ કરવો પડે, તેવો કોઈ પ્રશ્ન ન હતો. આ ઉપરાંત આરોપીનું કૃત્ય શુભનિષ્ઠાથી થયેલ હોય કે પોતે જાહેર નોકરની હેસિયતથી પોતાની ફરજનું પાલન કરવા માટે કહેવાતું કૃત્ય કરેલ હોય અથવા પૂર્વનિર્ણય વગર ઓચિંતો ઝઘડો કે મારામારી થયેલ હોય કે આરોપી ક્રુરતાથી વર્ત્યા ન હોય અથવા મરનારે પોતાની મરજીથી મૃત્યુ વ્હોરી લીધું હોય તેવો આ કેસ નથી. આમ, ઉપરોક્ત તબીબ શાહેદની જુબાની સાથે શબ પરીક્ષણ અહેવાલ જોતાં મરનારનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ હતો, તેવું પુરવાર થાય છે તેમજ આ કામે રજૂ થયેલ બનાવના નજરે જોનાર શાહેદોની જુબાની તેમજ રજૂ થયેલા અન્ય તમામ પુરાવાઓ જોતાં આ કૃત્ય આરોપીએ કરેલ છે અને તે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૦ માં દર્શાવેલા એક પણ અપવાદમાં પડતું નથી, તેવું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે. આ સંજોગોમાં આ કામના આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની ક્રુરતાપૂર્વક હત્યા કરેલ હોવાનું પુરવાર થાય છે.

(૭.૫) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ વિશેષમાં રજૂઆત કરતા જણાવેલ છે કે, આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ ઉપરાંત કલમ–૩૦૭ ના ગુનાના પણ આક્ષેપ છે, જે અનુસાર આરોપીએ આ કામના ફરિયાદી ધ્રુવ તથા મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈને મારી નાંખવાના ઈરાદે જીવલેણ ઈજા પહોંચાડેલ હોવાનો આરોપ છે. આ ઉપરાંત આરોપીએ આ કૃત્ય કરતી વખતે મરનારના પરીવારના તમામ સભ્યોને જાનથી મારી નાંખવાની ગુનાહિત ધમકી આપ્યાના પણ આરોપ છે. તેમણે વિશેષમાં જણાવેલ છે કે, આ કામના આરોપી બનાવ પહેલાં મરનાર ગ્રીષ્માબેન પોતાની સાથે જબરજસ્તીથી પ્રેમ સંબંધ રાખે તે માટે તેણીને અવારનવાર હેરાન કરતા હતા, તેણીનો અવારનવાર પીછો કરતા હતા, તેણીને અવારનવાર ફોન તેમજ એસ.એમ.એસ. પણ કરતા હતા, આમ કરીને આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની છેડતી કર્યાનો પણ આરોપ મૂકવામાં આવેલ છે. વધુમાં, આરોપીએ જ્યારે મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી મારી નાંખેલ, તે પહેલાં મરનાર ગ્રીષ્માબેનને ગળાથી પકડી, ગળા પર છરી રાખી, તેણીની ગેરકાયદેસર અટકાયત કરેલ અને ત્યાર બાદ જાહેરમાં તેણીનુ ગળું કાપી નાંખેલ તેમજ લોકોમાં ભય ફેલાવી લોકોને ઉશ્કેરાટનું કારણ આપેલ હોવાના પણ આક્ષેપ છે. તેમના જણાવ્યા મુજબ, આ સંબંધે પોલીસે તમામ દ્દષ્ટિકોણથી તપાસ કરી શ્રેષ્ઠ, ભરોસાપાત્ર અને સ્વીકારી શકાય તેવો પુરાવો રજૂ કરેલ છે.

(૭.૬) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ મહત્વની રીતે રજૂઆત કરેલ છે કે, આ બનાવમાં કુલ ૨૫ જેટલા નજરે જોનાર

શાહેદોના નિવેદન લેવામાં આવેલ, જે પૈકી આ કામે કુલ ૮ શાહેદને નજરે જોનાર શાહેદ તરીકે તપાસવામાં આવેલ છે, જેમાં મરનારના કુટુંબની વ્યક્તિઓ, મરનારના પડોશીઓ, બનાવ સમયે બનાવના સ્થળે અનાયાસે જ પહોંચેલ અને પોતાના મોબાઈલમાં બનાવનું વિડીયો રેકોર્ડીંગ કરનાર ચાન્સ વિટનેશ રાહુલ મનજીભાઈ ઉકાણી તથા જેમની હાજરી બનાવના સ્થળે સ્વાભાવિક હતી તેવા અન્ય શાહેદોનો સમાવેશ થાય છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, ક્રિમિનલ ટ્રાયલમાં સાક્ષીઓની સંખ્યા નહીં, પરંતુ સાક્ષીઓના પુરાવાની ગુણવત્તા મહત્વની છે. વધુમાં, આ કામે તપાસવામાં આવેલા તમામ આઠ નજરે જોનાર શાહેદોનો પુરાવો બનાવને સંપૂર્ણ સમર્થન આપે છે અને બનાવની તમામ હકીકતો ભરોસાપાત્ર રીતે પુરવાર કરે છે.

(૭.૭) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ વિશેષમાં રજૂઆત કરેલ છે કે, આ બનાવમાં મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ ધ્રુવ કે જે આ કામના ફરિયાદી છે તે તથા મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈ, એ બંને શાહેદો ઈજા પામનાર પણ છે તેમજ આરોપીએ મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી હત્યા કરી, તે ઘટનાના નજરે જોનાર શાહેદો પણ છે, જેઓનો પુરાવો વિશિષ્ટ દરજ્જો ધરાવતો હોઈ, કોઈ મહત્વની શંકાની ગેરહાજરીમાં તેને અવગણી શકાય નહીં, કારણ કે, ઈજા પામનાર શાહેદોની હાજરી બનાવના સ્થળ પર હોવાનું કુદરતી અને સ્વીકૃત બને છે. વધુમાં કોઈ પણ ઈજા પામનાર વ્યક્તિ પોતાને ઈજા કરનાર આરોપીને જવા દઈ બીજી વ્યક્તિને સંડોવી દે, તેવું સામાન્ય રીતે ન બને. તેમણે વધુમાં જણાવેલ છે કે, બનાવના સ્થળે જેઓની હાજરી

કુદરતી છે, તેવા નજરે જોનાર કેટલાક એવા શાહેદોનો પુરાવો રેકર્ડ પર છે કે જેઓને આરોપી સાથે કોઈ દુશ્મની ન હતી તેમજ તેઓ ફરિયાદીના સગા પણ થતા નથી, આથી તેઓનો પુરાવો પણ અવગણી શકાય નહીં.

(૭.૮) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ આ જ સંદર્ભે રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષે કુલ આઠ નજરે જોનાર શાહેદોને તપાસેલા છે, જેમાં (૧) શાહેદ નં.૨૯ ધ્રૂવ નંદલાલભાઈ વેકરીયા કે જે મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ છે, આ બનાવમાં ઈજા પામનાર છે અને ફરિયાદી પણ છે, (૨) શાહેદ નં.૩૦ સુભાષભાઈ પરબતભાઈ વેકરીયા કે જેઓ મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા છે અને બનાવમાં ઈજા પામનાર છે, (૩) શાહેદ નં.૬૦ વિલાસબેન નંદલાલભાઈ વેકરીયા કે જે મરનાર ગ્રીષ્માબેનના માતા છે, (૪) શાહેદ નં.૨૪ તુષારભાઈ મથુરભાઈ બોરડ, (૫) શાહેદ નં.૨૮ સોનલબેન વિજયભાઈ રાણપરીયા, (૬) શાહેદ નં.૩૧ રાહુલ મનજીભાઈ ઉકાણી, (૭) શાહેદ નં.૩૨ શર્મિલાબેન ઉર્ફે સમાપ્તિબેન અમીતભાઈ કિશોરભાઈ રૈયાણી તથા (૮) શાહેદ નં.૩૩ રેણુકાબેન હરેશભાઈ કીકાણી નાઓની જુબાની પર આ કોર્ટનું ધ્યાન દોરી, વિ.પી.પી.શ્રી સુખડવાલાએ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, ઉપરોક્ત આઠે શાહેદો હત્યાના આ બનાવના નજરે જોનાર શાહેદો છે, જે પૈકી શાહેદ નં.૨૪ તુષારભાઈ, શાહેદ નં.૨૮ સોનલબેન, શાહેદ નં.૩૨ શર્મિલાબેન ઉર્ફે સમાપ્તિબેન તથા શાહેદ નં.૩૩ રેણુકાબેન તથા શાહેદ નં.૩૧ રાહુલ મનજીભાઈ ઉકાણીના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબ કઠોરના વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ નિવેદન પણ નોંધવામાં આવેલ છે. આ તમામ શાહેદોએ આપેલ પુરાવો, તેઓના

તપાસ કરનાર અધિકારીને નોંધેલ નિવેદન તથા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબના નિવેદન સાથે સંપૂર્ણપણે સુસંગત છે. આ તમામ શાહેદોની જુબાનીથી સમાનપણે એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, તેઓની બનાવવાળી જગ્યાએ હાજરી તદ્દન સ્વાભાવિક હતી, કુદરતી હતી અને તેઓએ સમગ્ર બનાવ તેઓની નજર સામે બનતો જોયેલ છે. આ શાહેદોના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૧૬૪ મુજબના નિવેદનની કોઈ પણ હકીકતને બચાવ પક્ષે પડકારેલ નથી. આમ, સદર નિવેદનની હકીકતો અનચેલેન્જડ રહે છે. તેમણે મહત્વની રીતે દલીલ કરતા એવું જણાવેલ છે કે, આ તમામ શાહેદોના મૌખિક પુરાવાને તથા તેઓના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૧૬૪ મુજબના નિવેદનની હકીકતોને રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ અન્ય શાહેદોના મૌખિક પુરાવા તથા તમામ દસ્તાવેજી પુરાવાઓથી સમર્થન પ્રાપ્ત થાય છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ નજરે જોનાર શાહેદો પૈકી શાહેદ નં.૨૪ તરીકે તપાસવામાં આવેલ તુષારભાઈ મથુરભાઈ બોરડ, જેમણે ગુનાવાળી જગ્યાના પંચનામા સમયે ગુનાવાળી જગ્યા પણ બતાવેલ છે તેમની જુબાની તથા શાહેદ નં.૩૩ રેણુકાબેન હરેશભાઈ કીકાણીની જુબાની આરોપી સામેના તમામ આરોપો મહત્વની રીતે પુરવાર કરે છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, મરનારના માતા વિલાસબેનનો પુરાવો પણ આરોપી સામેના તમામ આરોપો સંદર્ભે અત્યંત સબળ પુરાવો છે.

(૭.૯) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલા આ કોર્ટનું ધ્યાન ઈજા પામનારાઓ તથા સમગ્ર બનાવ નજરે પણ જોનારા બે શાહેદો

અનુક્રમે ફરિયાદી ધ્રૂવ નંદલાલભાઈ વેકરીયા કે જેઓ મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ છે તથા શાહેદ સુભાષભાઈ પરબતભાઈ વેકરીયા કે જેઓ મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા છે, તેઓના પુરાવા પર દોરી વારંવાર રજૂઆત કરેલ છે કે, આ બંને શાહેદોનો પુરાવો આરોપી સામેના તમામ આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરે છે અને તેઓના સોગંદ પરના પુરાવાને તબીબી પુરાવાથી તથા અન્ય ઈલેક્ટ્રોનિક એવિડન્સથી પણ સમર્થન મળે છે.

(૭.૧૦) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ અત્યંત મહત્વની રીતે રજૂઆત કરતા આ કોર્ટનું ધ્યાન શાહેદ નં.૩૧ રાહુલ મનજીભાઈ ઉકાણીના પુરાવા તથા તેમણે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા પર દોરી રજૂઆત કરેલ છે કે, આ શાહેદ આ સોસાયટીના રહીશ છે અને તેઓ નોકરી પરથી આવતા હતા ત્યારે તેમણે શેરીના લોકોનું ટોળું જોઈ નજીક જઈ જોતાં અને આરોપીએ મરનાર ગ્રીષ્માબેનના ગળા પર ચાકુ મૂકેલું જોતાં તરત જ તેમણે પોતાના મોબાઈલમાં આ ઘટનાના બે વિડીયો રેકર્ડ કરેલ છે અને સદર શાહેદનો આ મોબાઈલ તથા તેમાં રેકર્ડ થયેલ બે વિડીયો ક્લીપ્સ આ કામે આંક-૧૪૫ થી રજૂ થયેલ છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ બંને વિડીયો ક્લીપ્સ આરોપી સામેના આરોપનો જીવંત અને સ્વયં સ્પષ્ટ પુરાવો છે, જે યોગ્ય રીતે પુરવાર થયેલ હોઈ, બીજો પુરાવો ન હોય તો પણ આ પુરાવાથી આરોપી સામેનો ગુનો નિઃશંકપણે પુરવાર થઈ શકે છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ કામના આરોપી મરનાર ગ્રીષ્માબેનને છેલ્લા એક વર્ષ ઉપરાંતના

સમયથી હેરાન કરતા હતા, ફોન તથા મેસેજીસ કરતા હતા અને મરનાર ગ્રીષ્માબેન તેનાથી ભયભીત હતી, તે હકીકત મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન, ફરિયાદી ધ્રુવ વેકરીયા તથા શાહેદ રેણુકાબેન કીકાણીના પુરાવાથી સ્પષ્ટપણે પુરવાર થાય છે. આ ઉપરાંત આ હકીકતને ફરિયાદ પક્ષ તરફેના શાહેદ નં.૩૪ ધૃતિબેન નિરંજનભાઈ લુખીના આંક–૧૫૪ ના પુરાવાથી પણ સમર્થન મળે છે, એટલું જ નહીં, આરોપીની કહેવાતી બહેન ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટ કે જેમને ફરિયાદ પક્ષે શાહેદ નં.૬૭ તરીકે આંક–૨૪૪ થી તપાસેલ છે, તેના પુરાવાથી પણ સમર્થન મળે છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, મરનાર ગ્રીષ્માબેન આ કામના આરોપીને અવગણતા હતા, તેથી અપમાનિત થયાની લાગણી અનુભવી આરોપીએ તેણીને મારી નાંખવાનું નક્કી કરેલ. તેમણે જણાવેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનના કાકા, ફુવા તથા મામાએ બેથી ત્રણ વાર આરોપીને સમજાવવા પ્રયત્ન કરેલ, આ હકીકત પણ ફરિયાદ પક્ષે પુરવાર કરેલ છે અને તેને તટસ્થ શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાના આંક–૧૫૭ ના પુરાવાથી પણ સમર્થન મળે છે. આ અદાવત રાખી આરોપીએ મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારને મારી નાંખવા માટે ફુલપ્રુફ પ્લાન બનાવી આયોજન કરેલ અને ડીમાર્ટ સ્ટોર પરથી એક ચપ્પુ ખરીદેલ, જે હકીકત ફરિયાદ પક્ષ તરફેના શાહેદ નં.૫૩ ઝીલ ચંદુભાઈ સુરાણીના પુરાવાથી સાબિત થાય છે. આ હકીકતને શાહેદ નં.૨૬ મોહંમદ અલ્તાફ શકીલ શેખ–ડીમાર્ટ સ્ટોરના મેનેજર તથા શાહેદ નં.૫૭ ધૃવિબેન ઘનશ્યામભાઈ કોઠીયા–ડીમાર્ટ સ્ટોરના કર્મચારીના મૌખિક પુરાવાથી પણ સમર્થન મળે છે. આ ઉપરાંત બીજા હથિયાર ચપ્પુ, તલવાર, પિસ્તોલ, AK–૪૭

ગન, એર ગન વગેરે માટે આરોપીએ ઓનલાઈન સર્ચ કરેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, આરોપીએ તારીખઃ ૨૪.૧૨.૨૦૨૧ ના રોજ ફ્લીપકાર્ટની વેબસાઈટ પર એક ચપ્પુનો ઑર્ડર પણ આપેલ અને ત્યાર બાદ તેમના મિત્ર મીત હસમુખભાઈ કુંભાણીની મદદથી ચિરાગભાઈ હસમુખભાઈ સોજીત્રા પાસેથી ₹૫૦૦/- માં બનાવમાં વપરાયેલ બીજુ ચપ્પુ ખરીદેલ, જે પણ શાહેદ નં.૪૬ મીત હસમુખભાઈ કુંભાણીની આંક-૧૮૦ ની સોગંદ પરની જુબાની તથા શાહેદ નં.૪૭ ચિરાગભાઈ હસમુખભાઈ સોજીત્રાની આંક-૧૮૧ ની સોગંદ પરની જુબાની પરથી પ્રતિપાદિત થાય છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને મારી નાંખવાનું પ્લાનીંગ કરેલ, તે સંબંધે તેમણે ઈન્સ્ટાગ્રામ એપ પર તેની કહેવાતી બહેન ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટને જે મેસેજીસ કરેલા, તે આ કામે આંક-૩૧૪ થી રજૂ કરવામાં આવેલ છે. આ ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટ કે જેમને ફરિયાદ પક્ષે શાહેદ નં.૬૭ તરીકે આંક-૨૪૪ થી તપાસેલ છે તેમનો મૌખિક પુરાવો તથા આંક-૩૧૪ નો દસ્તાવેજી પુરાવો પણ આરોપીનો ઈરાદો નિષ્પન્ન કરે છે. વધુમાં આરોપીએ જે રીતે ડીમાર્ટ સ્ટોરમાંથી ચપ્પુ ખરીદેલ અને જે રીતે તેઓ શાહેદ ઝીલ ચંદુભાઈ સુરાણીને જુઠ્ઠું બોલીને સાથે લઈ ગયેલ, તે તમામ હકીકતો પણ આરોપીની ગુનાહિત માનસિકતા છતી કરે છે.

(૭.૧૧) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ વધુમાં રજૂઆત કરેલ છે કે, બનાવના દિવસે પણ આ કામના આરોપી મરનાર ગ્રીષ્માબેનની કોલેજ પર ગયેલા અને તેથી જ મરનાર ગ્રીષ્માબેને શાહેદ

રેણુકાબેનને ફોન કરી જાણ કરેલ અને શાહેદ રેણુકાબેને મરનાર ગ્રીષ્માબેનને તેની બે બહેનપણીઓ સાથે રહેવા અને તેઓ ન આવે ત્યાં સુધી કોલેજ ન છોડવા સૂચના આપેલ, તે ટેલીફોનિક વાતચીત અંગેના સી.ડી.આર. આ કામે આંક–૨૪૩ થી રજૂ થયેલ છે, જે સી.ડી.આર. પણ ફરિયાદ પક્ષના કેસની ઉપરોક્ત હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે, એટલું જ નહીં, આ દિવસે આરોપી, શાહેદ અભિષેક ભરતભાઈ કુકડીયા સાથે મરનાર ગ્રીષ્માબેનની કોલેજની આસપાસ બાઈક લઈને ગયેલ, તે સંબંધે તપાસ કરનાર અધિકારીએ જે.ઝેડ. કોલેજના સીસીટીવી ફુટેજ કબજે લીધેલ છે અને તેમાં આરોપીની ઓળખ બાબતે આરોપીના મિત્ર અભિષેક ભરતભાઈ કુકડીયાને ફરિયાદ પક્ષે શાહેદ નં.૪૫ તરીકે આંક–૧૭૯ થી તપાસેલ છે. આ શાહેદની જુબાની પરથી પણ ઉપરોક્ત હકીકતને સમર્થન મળે છે, એટલું જ નહીં, આ કોલેજની બહાર મરનાર ગ્રીષ્માબેનની બહેનપણીઓ સાથે શાહેદ રેણુકાબેન ઉભા હતા, તે સમયે મરનાર ગ્રીષ્માબેન એક્ટીવા પર બહાર નીકળેલ, તે એક્ટીવાનો નંબર પણ ફરિયાદ પક્ષે શાહેદ નં.૫૨ તરીકે તપાસેલ વત્સલ પંકજકુમાર પરમારની જુબાનીથી પુરવાર થાય છે.

(૭.૧૨) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ તમામ સાક્ષીઓના પુરાવા પર આ કોર્ટને વિગતવાર લઈ જઈ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ તમામ પુરાવા પરથી એ સ્પષ્ટ થાય છે કે, બનાવના દિવસે ઈજા પામનાર ફરિયાદી ધ્રુવ, ઈજા પામનાર સુભાષભાઈ કે મરનાર ગ્રીષ્માબેન દ્વારા આરોપીને ઉશ્કેરણી થાય તેવું કોઈ વર્તન કરવામાં આવેલ નહીં, કોઈ પણ તબક્કે આરોપી સાથે કોઈએ ગાળાગાળી કરેલ

હોય કે હુમલો કરેલ હોય કે પથ્થરમારો કરેલ હોય કે કોઈ હથિયાર લઈને આરોપી તરફ ગયેલ હોય તેવો કોઈ જ પુરાવો નથી. આ સંજોગોમાં આરોપી તરફેનો ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટનો બચાવ વાહિયાત છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ મહત્વની રીતે દલીલ કરેલ છે કે, આરોપી તરફે એવો બચાવ લેવામાં આવેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનના કાકા, મામા તથા કુવા આરોપીને મારવા માટે ગયેલા, તે હકીકત પણ સત્યથી વેગળી છે. આરોપી મરનાર ગ્રીષ્માબેનને હેરાન કરતા હોઈ, તેમને સમજાવવા માટે આ શાહેદો ગયેલા, જે હકીકત આરોપીના મકાન માલિક એવા હરેશભાઈ કાળુભાઈ વેકરીયા, શાહેદ નં.૩૫ ની આંક-૧૫૭ ની જુબાની પરથી પુરવાર થાય છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ મહત્વની રીતે જણાવેલ છે કે, આરોપીને સમજાવવા માટે કુલ બે વાર પ્રયત્ન કરવામાં આવેલ, જે બંને બનાવ હાલના બનાવના પાંચથી છ મહિના પહેલાં બનેલ. આથી તેનો ઉશ્કેરાટ છ મહિના સુધી ચાલેલ અને તે કારણે આરોપીએ ફરિયાદી ધ્રુવ તથા શાહેદ સુભાષભાઈને મારી નાંખવાનો પ્રયત્ન કરેલ અને મરનાર ગ્રીષ્માબેનનું જાહેરમાં ગળું કાપી નાંખેલ, તે બચાવ પણ સ્વીકારી શકાય તેમ નથી. તેમણે વધુમાં રજૂઆત કરેલ છે કે, આ કામના આરોપીને સમજાવવા ગયેલ વ્યક્તિઓ પર આરોપીએ આ પાંચ મહિના દરમ્યાન અને આ બનાવ બન્યો ત્યાર સુધીમાં કોઈ હુમલો કરેલ નથી કે કોઈ તકરાર કે ફરિયાદ કરેલ નથી અને બનાવના દિવસે સીધા જ મરનાર ગ્રીષ્માબેનના ઘરે આવી જે રીતે તેમણે મરનાર ગ્રીષ્માબેનનું ખૂન કરેલ છે તે આરોપીની ગુનાહિત માનસિકતા સૂચવે છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષે એ હકીકત

નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના આરોપી, મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારને મારી નાંખવાની પૂર્વતૈયારી હાલના બનાવના ત્રણથી ચાર મહિના પહેલાથી કરતા હતા અને તે સંદર્ભે આરોપીએ જે કોઈ કાર્યવાહી કરેલ છે, તે પણ રેકર્ડ પર સ્વયં સ્પષ્ટ છે. આ હકીકત પણ સૂચવે છે કે, આરોપીનું કૃત્ય આકસ્મિક કે ગંભીર ઉશ્કેરાટનું પરીણામ ન હતું, પરંતુ પૂર્વઆયોજીત અને યોજનાબદ્ધ રીતે તમામ તૈયારી કરી લીધા બાદ નિશ્ચયપૂર્વક અને વિચારણાપૂર્વક કરેલ કૃત્ય હતું, જે પણ આરોપીના બચાવને ખોટો પુરવાર કરે છે.

(૭.૧૩) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ મારું ધ્યાન આ કામે રજૂ થયેલા આંક–૩૦, ૩૬, ૪૨, ૪૮, ૫૩, ૫૭, ૫૯, ૬૩, ૬૬, ૭૦, ૭૪, ૭૭, ૭૯, ૮૨, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૪, ૯૮, ૧૦૮ ના પંચનામાઓ પર દોરી, તે તમામ પંચનામાઓ જે તે પંચોની જુબાની દ્વારા યોગ્ય રીતે પુરવાર થયેલ હોવાનું જણાવેલ છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ આ કામે રજૂ થયેલ ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળાના દસ્તાવેજી પુરાવા તથા તેના સાયન્ટીફિક ઓફિસરના પુરાવા પર આ કોર્ટનું ધ્યાન દોરી તે પણ આરોપી સામેના આરોપ નિઃશંકપણે પુરવાર કરતા હોવાનું જણાવેલ છે.

(૭.૧૪) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ વધુમાં રજૂઆત કરેલ છે કે, આરોપી સામે કુલ આઠ નજરે જોનાર શાહેદોના અને તે પૈકી બે બનાવમાં ઈજા પામનારાઓનો સબળ પુરાવા ઉપરાંત બનાવની બે વિડીયો ક્લીપ્સ કે જે પ્રાયમરી એવીડન્સ તરીકે મોબાઈલ સહિત રજૂ

થયેલ છે, તે અત્યંત સબળ પુરાવો છે. આ ઉપરાંત એ પણ નોંધપાત્ર છે કે, આ બનાવ બન્યો પછી આ કામના આરોપીએ તરત જ તેના માસીના દીકરા શાહેદ આકાશ વઘાસીયાને બે વાર ફોન કરી જાણ કરેલ કે, તેણે ગ્રીષ્માને મારી નાંખેલ છે અને પોતાના શરીર પર અને પોતાના હાથ પર ચાકુ મારી દીધેલ છે અને લોકો આવી ગયેલ છે, તેમ કહી તેને મદદ માટે આવવા જણાવેલ છે. આ ફોન કોલની હકીકત શાહેદ આકાશ વઘાસીયાના મોબાઈલમાં રેકર્ડ થયેલ છે, જે ફોન આ કામે કબજે લેવામાં આવેલ છે, જેનું ઓડીયો રેકોર્ડીંગ એફ.એસ.એલ. દ્વારા અધિકૃત ઉપકરણો મારફત ડીવીડી માં કોપી કરવામાં આવેલ છે, જે ડીવીડી આ કામે આંક-૯૯ થી રજૂ થયેલ છે, તે પણ આરોપી વિરુદ્ધનો સબળ પુરાવો ગણાય. આ ઓડિયો કલીપ્સને આ કોર્ટમાં શાહેદ આકાશ વઘાસીયાના અસલ મોબાઈલ ફોનમાંથી સાંભળવામાં આવેલ છે અને તેને એફ.એસ.એલ. ના અધિકારીએ રીટ્રાઈવ કરી ડીવીડી માં કોપી કરેલ છે, તે પણ આ કોર્ટમાં સાંભળવામાં આવેલ છે, જેમાં આરોપી અને શાહેદ આકાશ વઘાસીયા વચ્ચેના સંવાદો સ્પષ્ટપણે ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપે છે. એટલું જ નહીં, આ જ પ્રકારનો ફોન આવેલ અને આ જ પ્રકારે વાતચીત થયેલ, તે હકીકતને શાહેદ આકાશ વઘાસીયા કે જે આરોપીના સગા માસીનો દીકરો થાય છે કે જેમને ફરિયાદ પક્ષે શાહેદ નં.૫૮ તરીકે આંક-૨૧૬ થી તપાસેલ છે, તેમણે પણ સંપૂર્ણ સમર્થન આપેલ છે અને પોતાના તેમજ આરોપીના અવાજ પણ ઓળખી બતાવેલ છે. આ સંબંધે સદર શાહેદ તથા આરોપીની સંમતિથી લીધેલ વોઈસ સેમ્પલ સાથે આ મોબાઈલ એફ.એસ.એલ. માં પરીક્ષણ અર્થે મોકલતા વૈજ્ઞાનિક રીતે એવું પુરવાર થયેલ છે કે, ઉપરોક્ત બંને ઓડિયો

ક્લીપ્સના અવાજો આરોપી ફેનિલ ગોયાણી અને શાહેદ આકાશ વઘાસીયાના જ છે, એટલું જ નહીં, આ બંને ઓડિયો ક્લીપ્સ સાતત્યતા ધરાવે છે, જે સૂચવે છે કે, તેમાં કોઈ ફેરફાર કે ચેડાં થયેલ નથી. આ ઓડિયો રેકોર્ડીંગમાં આરોપીએ સ્પષ્ટપણે ગુનો કબૂલ કરી, તેના માસીના દીકરા આકાશને ગ્રીષ્માની હત્યા કર્યાનું જણાવેલ છે, જે એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન કહી શકાય. આ સંબંધે તેમણે મારું ધ્યાન ફરિયાદ પક્ષે શાહેદ નં.૩૫ તરીકે તપાસવામાં આવેલ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાની આંક–૧૫૭ ની જુબાની પર દોરી જણાવેલ છે કે, આ શાહેદે પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ બનાવ બન્યો તે સમયે તેઓ મોબાઈલ પર અન્ય કોઈની સાથે વાત કરતા હતા, તે સમયે આરોપીએ તેમને કૉલ કરેલ, જે મીસ થઈ ગયેલ, જેથી તેમણે આરોપીને સામેથી ફોન કરતા આરોપીએ તેમને જણાવેલ કે, તેમણે મરનારનું ખૂન કરેલ છે, જે પણ એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન છે અને તે હકીકત ફરિયાદ પક્ષે શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાની જુબાનીથી નિઃશંકપણે પુરવાર કરેલ છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ જણાવેલ છે કે, એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશનનો આ પુરાવો તમામ નજરે જોનાર શાહેદો, ઈજા પામનાર શાહેદો , શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીએ તેમના ફોનમાં રેકર્ડ કરેલ વિડીયો ક્લીપ્સ, આરોપી વિરુદ્ધ બનાવની પૂર્વતૈયારી અંગે રજૂ થયેલ તમામ પુરાવા સાથે વંચાણે લેવામાં આવે તો તે સંપૂર્ણપણે ફરિયાદ પક્ષના પુરાવા સાથે સુસંગત બને છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, બનાવ પછી આરોપીએ તરત જ તેમના માસીના દીકરા આકાશને ફોન કરી જે હકીકત જણાવેલ છે, તે સંપૂર્ણપણે સ્વૈચ્છીક રીતે, કોઈના જ દબાણ વિના અને બનાવ પછી

તરત જ જણાવેલ છે, જે હકીકત તેની સત્યતા પુરવાર કરે છે. તેમણે વધુમાં રજૂઆત કરેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષે રજૂ કરેલ સી.ડી.આર. નો પુરાવો જોવામાં આવે તો, બનાવ સમયે આરોપીની બનાવના સ્થળે હાજરી અને તેણે બનાવ બાદ શાહેદ આકાશ વઘાસીયા અને શાહેદ હરેશ વેકરીયાને કરેલ ફોનની હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે. આ ઉપરાંત સી.ડી.આર. ના પુરાવાથી ફરિયાદ પક્ષે એ હકીકત પણ પુરવાર કરેલ છે કે, બનાવના દિવસે આશરે ચારેક વાગ્યે મરનાર ગ્રીષ્માબેને શાહેદ રેણુકાબેનને ફોન કરી આરોપી કોલેજની બહાર ઉભો હોઈ, તેને લેવા આવવા જણાવેલ છે અને આ દરમ્યાન શાહેદ રેણુકાબેન અને મરનાર ગ્રીષ્માબેન વચ્ચે ૧૬:૧૪:૫૦, ૧૬:૧૭:૨૫, ૧૬:૩૦:૧૭, ૧૬:૩૫:૩૮, ૧૬:૩૯:૧૪ કલાકે વાતચીત થયેલ, જે હકીકત આંક–૨૪૩ થી રજૂ થયેલ સી.ડી.આર. થી પુરવાર થાય છે.

(૭.૧૫) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ આરોપીની પૂર્વતૈયારી સંબંધે શાહેદ ઝીલ ચંદુભાઈ સુરાણી, શાહેદ મીત હસમુખભાઈ કુંભાણી તથા શાહેદ ચિરાગભાઈ હસમુખભાઈ સોજીત્રાના પુરાવા પર આ કોર્ટનું ધ્યાન દોરી આરોપીએ કઈ રીતે અને કેટલા સમય પહેલાં આ હત્યાનું પ્લાનીંગ કરી બે ચપ્પુની ખરીદી કરેલ તે દર્શાવી ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ હકીકત આરોપીની ગુનાહિત માનસિકતા દર્શાવે છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આરોપી તરફે વારંવાર એવું દર્શાવવા પ્રયત્ન કરવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષ તરફેનો આરોપીનો એકતરફી પ્રેમનો આક્ષેપ ખોટો છે અને ખરેખર તો આરોપી અને મરનાર ગ્રીષ્માબેન વચ્ચે પ્રેમ સંબંધ હતો, પરંતુ

આરોપીના બચાવની આ હકીકત સત્યથી વેગળી છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, બચાવ પક્ષે આ સંબંધે આરોપી અને મરનાર ગ્રીષ્માબેનના ઈન્સ્ટાગ્રામ પરના કેટલાક ફોટા પર આધાર રાખેલ છે, જે ફોટોગ્રાફ્સ પડાવ્યાનું માની લઈએ તો પણ તે પ્રેમનો પુરાવો નથી. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, જો ખરેખર ગ્રીષ્માબેનને આરોપી સાથે પ્રેમસંબંધ હોત તો બનાવના દિવસે જ્યારે આરોપી મરનાર ગ્રીષ્માબેનની કોલેજ પર તેને મળવા ગયા ત્યારે તેણી ભય પામી કોલેજની બહાર ન નીકળી શાહેદ રેણુકાબેનને ફોન ન કરત, બલ્કે કોઈને ખબર ન પડે તે રીતે આરોપી સાથે જતી રહેલ હોત. આ હકીકત સૂચવે છે કે, તેણી કોઈ પણ સંજોગોમાં આરોપીને મળવા માંગતી ન હતી. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, દલીલ ખાતર કેટલોક સમય પહેલાં તેઓ વચ્ચે મિત્રતાના સંબંધ હોવાનું માનવામાં આવે તો પણ તેઓ બંને વચ્ચે પ્રેમસંબંધ હતો, તેવી હકીકત પુરવાર થતી નથી. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, 'પ્રેમ' શબ્દ કદાચ આરોપી સમજ્યા જ નથી, કેમ કે, વાસ્તવિક પ્રેમ હંમેશા ત્યાગ અને બલિદાનનો પર્યાય છે, કેમ કે, પ્રેમ બલિદાન આપે છે, પણ કોઈની બલિ ચઢાવતો નથી. આ કામના આરોપીનું કૃત્યુ જ દર્શાવે છે કે, તે પ્રેમનું પરીણામ નથી. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, સમાજ યુવાનો પાસેથી ઉચ્ચ ચારિત્ર્ય, સફળ કારકિર્દી તથા સમાજ ઉપયોગી વર્તન ઈચ્છે છે. પરંતુ આવા કૃત્યને કોઈ પણ સંજોગોમાં પ્રેમનું સ્વરૂપ આપી શકાય નહીં.

(૭.૧૬) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ તમામ પુરાવાઓ

પર વારંવાર આ કોર્ટનું ધ્યાન દોરી ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ કૃત્ય પાછળનો આરોપીનો મોટીવ, આશરે ત્રણથી ચાર મહિના પહેલાંથી આરોપીની પૂર્વતૈયારી, આરોપીની ગંદી માનસિકતા કે જે કહેવાતી ધર્મની બહેન શાહેદ ક્રિષ્ના સાથેના ઈન્સ્ટાગ્રામના મેસેજથી છતી થાય છે તે, બનાવ સમયે તેમની હિંસક અને ઘાતકી વર્તણૂંક તથા બનાવ પછીની તેમની વિકૃતિ, ફરિયાદ પક્ષે સબળ અને વિશ્વસનીય પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરેલ છે. આરોપીની બનાવના દિવસે પ્રત્યેક જગ્યાની હાજરી 'રાધે ટાઈમ્સ' નામની દુકાનના સીસીટીવી ફુટેજ, કમાન્ડ એન્ડ કન્ટ્રોલના સીસીટીવી ફુટેજ તેમજ જે.ઝેડ.શાહ કોલેજના સીસીટીવી ફુટેજ પરથી પુરવાર થાય છે. આ ઉપરાંત બનાવના સ્થળેથી મળેલ આરોપીની બાઈક પણ તેમના પિતાની માલિકીની હોવાનો દસ્તાવેજી પુરાવો ફરિયાદ પક્ષે રજૂ કરેલ છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, બનાવની ગંભીરતા ધ્યાને લઈ, પોલીસ વિભાગની ત્વરીત પ્રતિક્રિયા આ કામે રેકર્ડ પર આવેલ છે; કેમ કે, બનાવની જાણ થતાં છ થી સાત મિનિટમાં જ પોલીસ બનાવના સ્થળે પહોંચી ગયેલ, જે હકીકત ફરિયાદ પક્ષે શાહેદ નં.૫૪ તરીકે તપાસવામાં આવેલ હે.કો. હેમંત ઈશ્વરભાઈની જુબાનીથી પણ પુરવાર થાય છે. તેમણે તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરની આંક-૨૫૫ ની સોગંદ પરની જુબાની પર આ કોર્ટનું ધ્યાન દોરી જણાવેલ છે કે, પોલીસ વિભાગ દ્વારા એક ટીમની રચના કરી, તમામ તટસ્થ, સબળ અને ભરોસાપાત્ર પુરાવા એકઠા કરી, કોર્ટ સમક્ષ આ ગુનાનું ચાર્જશીટ કરેલ છે, જે તમામ પુરાવા ફરિયાદ પક્ષના કેસને નિઃશંકપણે પુરવાર કરે છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, બચાવ પક્ષ દ્વારા વારંવાર એવી રજૂઆત કરવામાં

આવેલ છે કે, આ કામના તમામ શાહેદો ટ્યુટર્ડ વિટનેશ છે અને આરોપીને કોઈ પણ રીતે સજા કરવાના ઉદ્દેશથી ખોટો પુરાવો રજૂ કરેલ છે અને ખરેખર આરોપીએ આકસ્મિક અને ગંભીર ઉશ્કેરાટના કારણે આ ગંભીર ગુનો કરેલ છે, જે તદ્દન ખોટો બચાવ છે, તેવું ફરિયાદ પક્ષે રજૂ કરેલા પુરાવા પરથી નિઃશંકપણે પ્રતિપાદિત થાય છે.

(૭.૧૭) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ વધુમાં એવી પણ રજૂઆત કરેલ છે કે, આ કામે મરનારના કપડાં, ઈજા પામનાર સુભાષભાઈના કપડાં, ઈજા પામનાર ધ્રુવના કપડાં, બનાવમાં વપરાયેલ હથિયાર, બનાવના સ્થળેથી મળેલ આરોપીની બેગ, તેમાંની ચીજવસ્તુઓ તેમજ બનાવ સમયે આરોપીએ પહેરેલા કપડાં પંચોની હાજરીમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને કબજે લેવામાં આવેલ છે અને તે તમામ સીલબંધ હાલતમાં એફ.એસ.એલ. નો મોકલવામાં આવેલ છે, તેની સાથે ઈજા પામનારાઓ, મરનાર તથા આરોપીના લોહીના નમૂના પણ એફ.એસ.એલ. ને મોકલવામાં આવેલ છે અને બ્લડ ગૃપ સાથે ડીએનએ પ્રોફાઈલ સંબંધે અભિપ્રાય માંગવામાં આવેલ છે. આ સંબંધે ફરિયાદ પક્ષ દ્વારા એફ.એસ.એલ. નો ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ, બાયોલોજી પરીક્ષણ અહેવાલ તેમજ સીરોલોજી પૃથક્કરણ અહેવાલ રજૂ કરવામાં આવેલ છે, જેનાથી એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, આરોપીએ જે ચપ્પુથી શાહેદ સુભાષભાઈને પેટમાં ઘા કરેલ, તેના પર શાહેદ સુભાષભાઈનું લોહી મળી આવેલ છે; જે ચપ્પુથી મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખેલ, તેની પર મરનાર ગ્રીષ્માબેનનું તથા આરોપીનું લોહી મળી આવેલ છે તેમજ ડી.એન.એ. પ્રોફાઈલ મેચ થયેલ

છે, એટલું જ નહીં, આરોપીની બેગમાંથી મળી આવેલ ચીજવસ્તુઓ કે જેમાં ચાકુનું કવર, બ્લુટુથ, એ.ટી.એમ. કાર્ડ વગેરે પર પણ લોહી મળી આવેલ છે; આરોપીની બેગ પર પણ લોહી મળી આવેલ છે તેમજ આરોપીના કપડાં તેમજ શુઝ પરથી મરનાર ગ્રીષ્માબેનનું તથા આરોપીનું લોહી મળી આવેલ છે, જે પણ આરોપી સામે અત્યંત સબળ પુરાવો છે.

(૭.૧૮) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ મહત્વની રજૂઆત કરતા જણાવેલ છે કે, ચાન્સ વિટનેશ રાહુલ મનજીભાઈ ઉકાણીએ આંક–૧૪૫ થી રજૂ કરેલ તેમના મોબાઈલમાં આ સમગ્ર ઘટનાના બે વિડીયો રેકર્ડ કરેલ છે, જે મોબાઈલને પરીક્ષણ અર્થે એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ, જે સંબંધે એવું પુરવાર થયેલ છે કે, આ બંને વિડીયો ક્લીપ્સ સાતત્યતા ધરાવે છે અને તેમાં કોઈ ચેડાં થયેલ નથી. આમ છતાં, તપાસ કરનાર અધિકારીએ આ કામના આરોપીને અટક કર્યા બાદ ફોટોગ્રાફર મહેશભાઈ જશુભાઈ નકુમ કે જેમને ફરિયાદ પક્ષે શાહેદ નં.૫૧ તરીકે આંક–૧૯૪ થી તપાસેલ છે, તેમની પાસે આરોપીના જુદા જુદા પાંચ ફોટોગ્રાફ્સ પડાવવામાં આવેલ છે અને તેને પણ એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ, જે સંબંધે એફ.એસ.એલ. દ્વારા એવો અભિપ્રાય આપવામાં આવેલ છે કે, શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીએ રેકર્ડ કરેલ બે વિડીયો ક્લીપમાં દેખાતી વ્યક્તિ તથા આ પાંચ ફોટોગ્રાફ્સમાં જણાતી વ્યક્તિ, તે બંને એક જ વ્યક્તિ છે. આમ, શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીના મોબાઈલમાં રેકર્ડ થયેલ વિડીયો ક્લીપ્સમાં આ કામના આરોપી હોવાની હકીકત પુરવાર થયેલ છે. ફોટોગ્રાફર મહેશભાઈ જશુભાઈ નકુમના પુરાવાથી તપાસ

કરનાર અધિકારીએ આરોપીના ફોટોગ્રાફ્સ લીધેલા, તે હકીકત પણ નિઃશંકપણે પુરવાર થાય છે.

(૭.૧૯) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ વધુમાં ભારપૂર્વક એવી રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના પુરાવાથી જ્યારે આરોપી સામેના આરોપ પુરવાર થતા હોય ત્યારે તે અંગે યોગ્ય ખુલાસો કરવાનો બોજો આરોપી પર જાય છે, પરંતુ આ કામે તે અંગે આરોપી તરફે કોઈ યોગ્ય ખુલાસો કરવામાં આવેલ નથી, જે હકીકત પણ આરોપીનું દોષિતપણું સૂચવે છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ કામે ટ્રાયલ પૂરી થયા બાદ આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, ત્યારે પણ ફરિયાદ પક્ષના પ્રત્યેક પુરાવા પર તેમનું ધ્યાન દોરી તે અંગે તેમણે શું કહેવું છે, તેવા સવાલ કરતાં તેમણે મોટા ભાગના સવાલોનો કોઈ જ ખુલાસો કરેલ નથી, બલ્કે આખરી દલીલો સમયે જણાવશું, તેવી જ હકીકત જણાવેલ છે, જે પણ આરોપીની આ ગુનામાં સંડોવણી પુરવાર કરતો એક પુરાવો બને છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ વધુમાં રજૂઆત કરેલ છે કે, આરોપી તરફે તેમની દલીલ સમયે વારંવાર એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીની સતત ઉશ્કેરણી કરવામાં આવેલ, બનાવ બાદ પણ તેમના કુટુંબ પર પાટીદાર સમાજ દ્વારા ખૂબ જ દબાણ કરવામાં આવેલ, જેના કારણે આરોપીની તરફેણમાં કોઈ શાહેદ રજૂ થયેલ નથી તેમજ બનાવ સમયે આરોપી પર લોકોના ટોળાએ પથ્થરમારો કરેલ વગેરે બાબતો આફ્ટર–થોટ સમાન છે. કારણ કે, ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલા શાહેદો પૈકી કોઈ પણ શાહેદને બચાવ પક્ષ તરફે

આવો કોઈ પ્રશ્ન પૂછવામાં આવેલ નથી, જેથી તે માત્ર મૌખિક કથન બને છે.

(૭.૨૦) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ વધુમાં જણાવેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષે આરોપીની કોલેજના પ્રિન્સીપાલ ડૉ.મુકેશ રામજીભાઈ ગોયાણીને શાહેદ નં.૪૮ તરીકે આંક–૧૮૩ થી તપાસેલ છે. તેમણે આ શાહેદે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા પર આ કોર્ટનું ધ્યાન દોરી રજૂઆત કરેલ છે કે, હાલના આરોપી કોલેજના પ્રથમ સત્રમાં તમામ વિષયોમાં નાપાસ થયેલ તથા બીજા સત્રમાં તેમની ૧૦% હાજરી હોવાના કારણે તેમને યુનિવર્સિટી દ્વારા ડીટેઈન કરવામાં આવેલ. ત્યાર બાદ તેઓ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ન હતા, તેવું પુરવાર થાય છે. આમ છતાં તેઓ મરનાર ગ્રીષ્માબેન જે કોલેજમાં ભણતા હતા ત્યાં જઈ તેનો હાથ પકડી લેતા હતા, તેણીની બેગ ખેંચી લેતા હતા, તેને ફોન તથા મેસેજીસ કરી હેરાન કરતા હતા, તેવી હકીકત પણ ફરિયાદ પક્ષ તરફેના શાહેદોની જુબાની પુરવાર થયેલ છે.

(૭.૨૧) વધુમાં આ કામે ફરિયાદ પક્ષે આરોપીના તથા જુદા જુદા શાહેદોના સી.ડી.આર. રજૂ કરવામાં આવેલ છે, જે અંગે ફરિયાદ પક્ષે શાહેદ નં.૬૫ તરીકે મૃદુલ ઉપેન્દ્રભાઈ ભટ્ટને આંક–૨૩૮ થી તપાસેલ છે, જેઓ વોડાફોન આઈડીયા લિમિટેડના અલ્ટરનેટ નોડલ ઓફિસર છે; શાહેદ નં.૬૬ તરીકે ગૌરવ અનિલભાઈ પંડીતને આંક–૨૪૨ થી તપાસેલ છે, જેઓ ભારતી એરટેલ લિમિટેડના નોડલ ઓફિસર છે; શાહેદ નં.૭૩ તરીકે શતિન્દ્રનાથસિંહ રામપ્રતાપસિંહ ક્ષત્રીયને આંક–

૨૮૩ થી તપાસેલ છે, જેઓ રીલાયન્સ–જીઓ ઈન્ફોકોમ લિમિટેડના સ્ટેટ નોડલ ઓફિસર છે. આ તમામ શાહેદોના મૌખિક પુરાવા તથા તેઓએ રજૂ કરેલા દસ્તાવેજી પુરાવા–સી.ડી.આર. પરથી આરોપી તથા જુદા જુદા શાહેદોના લોકેશનની હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે.

(૭.૨૨) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ મારું ધ્યાન આ કામે તપાસવામાં આવેલ પોલીસ શાહેદો તથા એફ.એસ.એલ. ના અધિકારીઓના પુરાવા પર દોરી ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ અધિકારીઓ તથા કર્મચારીઓ સરકારી નોકર છે, જેઓને મરનાર ગ્રીષ્માબેનના પરીવાર સાથે કોઈ ઘરાબો નથી કે આરોપી સાથે કોઈ શત્રુતા પણ નથી. આ સંજોગોમાં તેઓએ રજૂ કરેલા તમામ પુરાવાઓ તેઓની ફરજના ભાગ રૂપે કરેલ કાર્યવાહીનો પુરાવો છે, જેથી તેના પર ગેરવાજબી શંકા કરી શકાય નહીં. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ શાહેદો પણ અન્ય શાહેદોની માફક કોમ્પીટન્ટ વિટનેશ છે તેમજ સબળ અને વાજબી કારણ વિના માત્ર તેઓ સરકારી નોકર હોઈ, તેઓના પુરાવાને અવગણી શકાય નહીં.

(૭.૨૩) સમગ્રપણે ઉપરોક્ત તમામ દલીલો આધારે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષે આ કામના આરોપી સામે આંક–૮ થી ફરમાવવામાં આવેલ તહોમતનામામાં જણાવ્યા મુજબના ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૫૪(ડી)(૧)(i), ૩૪૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરેલા હોઈ, આરોપીને આક્ષેપિત ગુના માટે

તકસીરવાર ઠરાવી યોગ્ય સજા કરવા રજૂઆત કરેલ છે.

(૭.૨૪) વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ તેમની ઉપરોક્ત દલીલના સમર્થનમાં નીચે મુજબના ચૂકાદાઓ રજૂ કરેલા છે, તે વંચાણે લીધાઃ-

૧. હરપાલસિંહ ઉર્ફે છોટા વિ. પંજાબ રાજ્ય
(૨૦૧૭) ક્રિમિનલ લો જર્નલ (સુપ્રિમ કોર્ટ) ૫૫૧

૨. યાકુબ ઈસ્માઈલ પટેલ વિ. ગુજરાત રાજ્ય
૨૦૦૫(૧) જી.એલ.આર. ૩૧૨

૩. અંબાલાલ વિ. ગુજરાત રાજ્ય
૨૦૦૪(૩) જી.એલ.આર. ૨૫૮૮

૪. જ્ઞાનેશ્વર શ્યામલાલ વિ. પશ્ચિમ બંગાળ રાજ્ય
૨૦૧૬ ક્રિમિનલ લો જર્નલ (સુપ્રિમ કોર્ટ) ૨૨૫૮

૫. શિવપ્પા વિ. કર્ણાટક રાજ્ય
૨૦૦૮ લો સ્યુટ (સુપ્રિમ કોર્ટ) ૧૨૦૯

૬. પૃથ્વીરાજ જયંતીભાઈ વાનિલ વિ. દિનેશ ડાહ્યાભાઈ વાળા
૨૦૨૧ એસ.એ.આર. (ક્રિમિનલ) ૮૮૭

૭. કિલાકઠ્ટા પરમબાથ શશી અને બીજ વિ. કેરેલા રાજ્ય
૨૦૧૬ એ.આઈ.આર. (સુપ્રિમ કોર્ટ) ૧૦૬૪

૮. દયાલસિંઘ અને અન્ય વિ. ઉત્તરાંચલ રાજ્ય
૨૦૧૨(૮) એસ.સી.સી. ૨૬૩

૯. લક્ષ્મણસિંહ અને અન્ય વિ. બિહાર રાજ્ય
૨૦૨૧ લો સ્યુટ (સુપ્રિમ કોર્ટ) ૩૭૫

૧૦. પમ્પાના વેરન્ના વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય
(૨૦૧૮)૦ સુપ્રિમ (એપી) ૭૩૧

૧૧. રબિન્દ્ર બારીક વિ. ઓરીસ્સા રાજ્ય
(૨૦૧૮)૦ સુપ્રિમ (ઓરીસ્સા) ૬૨૮

૧૨. રફીક યાકુબભાઈ શેખ વિ. ગુજરાત રાજ્ય
(૨૦૦૮)૩ જીએલએચ ૩૯૦

૧૩. મહારાષ્ટ્ર રાજ્ય વિ. સુખદેવ સીંઘ ઉર્ફે સુખા અને બીજા
(૧૯૯૨)૦ એ.આઈ.આર. (એસ.સી.) ૨૧૦૦

૧૪. ઉત્તરાખંડ રાજ્ય વિ. સચેન્દ્રા સીંઘ રાવત
સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા – ક્રિમિનલ અપીલ નં.૧૪૩/૨૦૨૨
ચૂકાદા તારીખઃ ૦૪.૦૨.૨૦૨૨

(૮.૧) આરોપી તરફે વિ.વકીલશ્રી ઝમીર શેખે તેમની મૌખિક રજૂઆતમાં આ કોર્ટનું ધ્યાન પ્રત્યેક શાહેદોની જુબાની તથા રજૂ થયેલા તમામ મૌખિક દસ્તાવેજી પુરાવાઓ પર દોરી એવી ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલા તમામ સાક્ષીઓ 'ટ્યુટર્ડ વિટનેશ' છે અને તેઓને કોર્ટમાં શું રજૂઆત કરવી, તે પણ શીખડાવવામાં આવેલ છે તેમજ આ કામે કરવામાં આવેલ તમામ પંચનામા પણ ગોઠવી કાઢેલા છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, કેટલાક પંચનામાના પંચ સરકારી અધિકારી છે, જેમની ઊલટતપાસમાં તેમણે સ્વીકારેલ છે કે, તેઓ જો હોસ્ટાઈલ જાહેર થાય તો તેના પર ઈન્કવાયરી થાય, તેવો સરકારનો પરીપત્ર છે અને નાયબ મામલતદાર કક્ષાના એક પંચ શાહેદે એવું કબૂલ કરેલ છે કે, તેને સરકારી પંચ તરીકે પોલીસ જ્યારે બોલાવે ત્યારે પોલીસ પાસે 'યસ સર' કહીને ઉભા રહેવું પડે અને પોલીસની સૂચના મુજબ વર્તવું પડે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ બનાવ બનતા સોસાયટીમાં મિડીયા, પ્રિન્ટ મિડીયા તથા

ઈલેક્ટ્રોનિક મિડીયામાં રોજેરોજનું રીપોર્ટીંગ થતાં સરકાર પર દબાણ આવવાના કારણે સ્પેશીયલ ઈન્વેસ્ટીગેટીંગ ટીમની રચના કરી કોઈ પણ રીતે આરોપીને સજા થાય તે રીતનો પુરાવો ઉભો કરી દીધેલ છે અને બનાવ સંબંધે આરોપીને તેનો દ્દષ્ટિકોણ રજૂ કરવાની તક આપેલ નથી.

(૮.૨) વિ.વકીલશ્રી શેખે મારી સમક્ષ આંક-૩૧૯ થી તેમની લેખિત દલીલ રજૂ કરી તેમાં પ્રત્યેક શાહેદની જુબાની સંબંધે તેમના કથન ધ્યાને લેવા વિનંતી કર્યા બાદ આરોપી તરફે તેમનો બચાવ રજૂ કરતા જણાવેલ છે કે, આ ગુના સંબંધે આરોપીનો બચાવ ગંભીર અને આકસ્મિક ઉશ્કેરણીનો છે. વિ.વકીલશ્રી ઝમીર શેખે વિશેષમાં રજૂઆત કરેલ છે કે, આરોપી આશરે ૨૧ વર્ષનો ખૂબ જ યુવાન વયનો છોકરો છે, કોઈ પણ વ્યક્તિના જીવનમાં ૧૪ થી ૨૨ વર્ષની ઉંમર ખૂબ જ નાજુક તબક્કો હોય છે અને આ તબક્કામાં ક્યાં તો તે વ્યક્તિ સફળ થાય છે અથવા તો તે વ્યક્તિ ભૂલ કરી બેસે છે. તેમણે જુવેનાઈલ જસ્ટીસ એક્ટ સંદર્ભે એવી રજૂઆત કરેલ છે કે, ઘણી વાર એવું બને કે, ૧૭ વર્ષ ૧૧ માસની ઉંમર થયેલ હોય તેવા આરોપીને જુવેનાઈલ જસ્ટીસ એકટનો લાભ મળે, જ્યારે ૧૮ વર્ષ અને ૧ દિવસ થાય એટલે તેને જુવેનાઈલ ન ગણવામાં આવે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, ૧૮ વર્ષ પૂરા થયા બાદ માત્ર ૧ દિવસમાં કોઈ પણ તરુણને ડહાપણની દાઢ ફૂટી ન નીકળે.

(૮.૩) વિ.વકીલશ્રી શેખે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, કેટલાક શાહેદોની જુબાનીમાં એવું સ્પષ્ટ થાય છે કે, આ બનાવ પહેલાં મરનાર

ગ્રીષ્માબેનના સગા કે જેમાં તેના કાકા, મામા, ફુવા વગેરેનો સમાવેશ થાય છે, તેઓ આરોપીને મારવા તેના ઘરે આવેલા. તેમણે એવી પણ રજૂઆત કરેલ છે કે, ગ્રીષ્માબેનના પરીવાર તરફથી આરોપીને હેરાનગતિ હતી, તેવું પણ રેકર્ડ પર આવે છે. આ હકીકતને ધ્યાને લેવામાં આવે તો, સડન પ્રવોકેશન (આકસ્મિક ઉશ્કેરણી) રેકર્ડ પર આવતી ન હોવા છતાં પ્રવોકેશન (ઉશ્કેરણી) તો રેકર્ડ પર આવે જ છે.

(૮.૪) વિ.વકીલશ્રી ઝમીર શેખે વિશેષમાં જણાવેલ છે કે, ખરી હકીકતે હાલના આરોપી તથા મરનાર ગ્રીષ્માબેન વચ્ચે પ્રેમ સંબંધ હતો, તે હકીકત ગ્રીષ્માબેનના પરીવારના સભ્યો જાણતા જ હતા, તેમ છતાં તે હકીકત છૂપાવવાનો પ્રયત્ન કરેલ છે, તેવું બચાવ પક્ષે પ્રત્યેક શાહેદની કરેલ ઊલટતપાસમાંથી કાંઈક અંશે ખૂલવા પામે છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, ખરી હકીકતે હાલનો આરોપી પ્રેમમાં 'દાઝેલો પ્રેમી' છે.

(૮.૫) વિ.વકીલશ્રી શેખે વધુમાં રજૂઆત કરેલ છે કે, આ કામે તપાસ કરનાર અધિકારીએ ખૂબ જ ઉતાવળે તપાસ કરી, બિનજરૂરી ઝડપ રાખી આરોપી સામે ચાર્જશીટ કરી દિધેલ છે, જે કદાચ મિડીયાના પ્રેશરનું પરીણામ હોઈ શકે. આ સંજોગોમાં આ બનાવ સંબંધે સાચું વર્ઝન રેકર્ડ પર આવતું નથી અને ફરિયાદ પક્ષે તપાસેલા તમામ સાક્ષીઓ કાંઈને કાંઈ છૂપાવે છે, તેવું રેકર્ડ પર આવે છે.

(૮.૬) વિ.વકીલશ્રી શેખે વિશેષમાં રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષે તપાસેલ આરોપીના માસીના દીકરા આકાશ વઘાસીયા તથા

આરોપીના પૂર્વ મકાન માલિક હરેશભાઈ વેકરીયાએ તેઓની જુબાનીમાં આરોપીએ તેઓને બનાવ બાદ ફોન કરી મરનારનું ખૂન કર્યાનું જણાવેલ છે અને તેને એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન તરીકે બતાવેલ છે. જો કે આરોપીને હેડ કોન્સ્ટેબલ હેમંત ઈશ્વરભાઈ દ્વારા પકડવામાં આવેલ ત્યારથી જ આરોપીનો મોબાઈલ પોલીસ પાસે હતો, તે જોતાં પોલીસે આરોપીના ફોનમાં કાંઈ પણ કરેલ હોઈ શકે અને ટાઈમ પણ સેટ કરેલ હોઈ શકે. આ સંજોગોમાં કહેવાતા એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશનને તેઓ કબૂલ રાખતા નથી. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, તેમના માસીનો દીકરો આકાશ વઘાસીયા પણ પોલીસના દબાણમાં આવીને જુબાની આપે છે, જ્યારે શાહેદ હરેશભાઈ વેકરીયા જુઠ્ઠું બોલે છે અને તેમને પોલીસે શાહેદ તરીકે ઉભા કરી દીધેલ છે. તેમણે વધુમાં રજૂઆત કરેલ છે કે, તેમના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબના વિશેષ નિવેદનના તબક્કે મરનાર ગ્રીષ્માબેન સાથેના આરોપીના કેટલાક ફોટા ધરાવતી એક પેન ડ્રાઈવ આરોપીના પિતા મારફતે રજૂ કરેલ છે, તો પણ તેમના પિતા પર સમાજના માણસોએ એટલું દબાણ કરેલ કે, તેમને સંદેશ વર્તમાનપત્રમાં જાહેરાત આપી, તેને તેમના પુત્ર એવા હાલના આરોપી સાથે કાંઈ પણ લાગતું–વળગતું નથી, તેવી જાહેરાત આપેલ. આરોપી પક્ષે આવી કોઈ જાહેરાત રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ નથી.

(૮.૭) વિ.વકીલશ્રી શેખે વધુમાં રજૂઆત કરેલ છે કે, આ જ સુરતની પોલીસ ગુજસીટોક (ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એક્ટ) ના ગુનામાં તપાસ ૯૦ દિવસમાં પૂરી કરી શકતા નથી અને તપાસ માટે વધુ સમયની માંગણી કરે છે અને હાલના

આરોપી સામે માત્ર સાત દિવસમાં ચાર્જશીટ દાખલ થાય છે, તે જ બતાવે છે કે, આરોપીને ફસાવી દેવા માટે પોલીસ કેટલી આતુર છે.

(૮.૮) વિ.વકીલશ્રી શેખે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, તેમના વિરુદ્ધ સમાજમાં એકતરફી પ્રેમની જે સ્ટોરી ફેલાયેલ છે તે પણ પ્રોસિક્યૂશનના કારણે જ ફેલાયેલ છે અને આ કારણે જ આરોપીની તરફેણમાં જુબાની આપવા માટે કોઈ તૈયાર નથી. આથી જ આરોપી પક્ષ બચાવના સાક્ષી તરીકે કોઈને તપાસી શકેલ નથી.

(૮.૯) વિ.વકીલશ્રી શેખે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, જો પોલીસે આટલી ઝડપી ચાર્જશીટ કરેલ ન હોત તો આ કામની ટ્રાયલ ઝડપી ન થાત અને જો થોડો સમય જાત તો બધુ સબસાઈટ થાત અને તો વાતાવરણ ઠંડુ પડતા આરોપી તેમની તરફેણમાં સાક્ષી તપાસ શકેલ હોત. બચાવ પક્ષની આ વિશિષ્ટ દલીલ ધ્યાને લેતાં આ કોર્ટ દ્વારા તેમને પ્રશ્ન કરવામાં આવેલ કે, શું તેઓ માને છે કે, કોઈ આવેશ કે ઉન્માદની સ્થિતિ હોય અને થોડો સમય જાય તો વ્યક્તિ કે વાતાવરણ શાંત થઈ જાય, જેના જવાબમાં બચાવ પક્ષે જણાવેલ છે કે, ચોક્કસપણે આવેશ કે ઉન્માદની સ્થિતિ બાદ થોડો સમય જાય તો વ્યક્તિ કે વાતાવરણ શાંત થાય. વિ.વકીલશ્રી શેખે વારંવાર એવી રજૂઆત કરેલ છે કે, મરહૂમ ગ્રીષ્માબેનના કુંટુંબ તથા પડોશીઓ આરોપી તથા મરનાર ગ્રીષ્માબેનના પ્રેમ પ્રકરણ જાણતા હોવા છતાં છૂપાવે છે. તેમણે વધુમાં એવી પણ રજૂઆત કરેલ છે કે, આ ગુનાના તપાસ કરનાર અધિકારી તથા તપાસની સમગ્ર ટીમની તપાસમાં પણ એવું ખૂલવા પામેલ છે કે, આરોપીને માર

મારવામાં આવેલ, તેમ છતાં રાજકીય દબાણને વશ આ હકીકત તેઓએ છૂપાવેલ છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષે ખોટી રીતે આરોપીને 'હેવાન' હોય તે રીતે ચીતરી દીધેલ છે.

(૮.૧૦) તેમણે વિશેષમાં જણાવેલ છે કે, બનાવના દિવસે આરોપી બાઈક લઈને મરનાર ગ્રીષ્માબેનની લક્ષ્મીધામ સોસાયટીની બહાર બેઠા હતા, ત્યારે ફરિયાદી ધ્રુવ તથા શાહેદ સુભાષભાઈએ તેમની પાસે જવાની શું જરૂર હતી? આ સંદર્ભે તેમને આ કોર્ટ દ્ધારા પૂછવામાં આવેલ કે, બનાવના દિવસે આરોપીને મરનાર ગ્રીષ્માબેનની સોસાયટી પર જવાનું શું કારણ હતું? ખાસ કરીને આરોપી તથા શાહેદ ક્રિષ્નાબેન વચ્ચેના ઈન્સ્ટાગ્રામ પર થયેલ મેસેજ જોતાં આરોપીનો કોઈ શુભ હેતુ ન હતો, તેવું જણાય છે, ત્યારે આરોપી મરનાર ગ્રીષ્માબેનની સોસાયટી પર શા માટે ગયેલ? તેના જવાબમાં વિ.વકીલશ્રી શેખે જણાવેલ છે કે, આરોપી તેની મરજીના માલિક છે અને મરનાર ગ્રીષ્માબેનની સોસાયટી પર જવું તે આરોપીની મરજી હતી. વિ.વકીલશ્રી શેખે આ સંદર્ભે વિશેષમાં રજૂઆત કરેલ છે કે, લક્ષ્મીધામ સોસાયટીના પ્રવેશ દ્ધાર પર આરોપીની આકસ્મિક ઉશ્કેરણીની હકીકત શાહેદ સુભાષભાઈએ પણ છૂપાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, આરોપીએ શાહેદ સુભાષભાઈ પર ચપ્પુનો માત્ર એક જ ઘા કરેલ છે, જે બતાવે છે કે, આરોપીનો ઈરાદો શાહેદ સુભાષભાઈને મારી નાંખવાનો ન હતો. તેમણે ભારપૂર્વક જણાવેલ છે કે, આરોપીનો ઈરાદો ફરિયાદી ધ્રુવને પણ મારી નાંખવાનો ન હતો, કેમ કે જો તેમ હોત તો તેમણે જે તે સમયે ફરિયાદી ધ્રુવને પણ મારી નાંખેલ હોત.

(૮.૧૧) આ તબક્કે આરોપી તરફે ખાસ કરીને તેમનું કૃત્ય ગંભીર ઉશ્કેરણીના ભાગ રૂપે હતું, તે જોતાં ગર્ભિત રીતે તેઓ આ બનાવનો ઈન્કાર કરતા નથી, તે ધ્યાને લેતાં આ કોર્ટ દ્વારા વિ.વકીલશ્રી શેખને પૂછવામાં આવેલ કે, રેકર્ડ પર મરનાર ગ્રીષ્માબેને આરોપીને કોઈ ઉશ્કેરણી કર્યાની કોઈ હકીકત ખૂલવા પામતી નથી, ત્યારે મરનાર ગ્રીષ્માબેનને મારી નાંખવાના આરોપીના કૃત્ય અંગે બચાવ પક્ષ શું ખુલાસો કરશે? તેના જવાબમાં બચાવ પક્ષે જણાવેલ છે કે, કેટલાક શાહેદોએ વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ ક્રિ.પ્રો.કોડની કલમ−૧૬૪ મુજબ નિવેદન આપેલ છે, તેમાં કોઈએ આરોપી સામે પથ્થરના ઘા કરેલ, તેવી હકીકત રેકર્ડ પર આવેલ, પરંતુ આ હકીકત શાહેદોની જુબાનીમાં રેકર્ડ પર આવતી નથી, કારણ કે, તે શાહેદો કોર્ટમાં જુઠ્ઠું બોલ્યા છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આરોપી પર લોકોએ પથ્થરમારો કરેલ, જેથી તેમણે ગ્રીષ્માબેનને પાછળથી પકડી લીધેલ અને તેને પોતાની ઢાલ બનાવેલ, પછી આરોપી ઉશ્કેરાઈ ગયેલા હોય કે પ્રવેશ દ્વારથી થયેલ ગુસ્સાનું કારણ હોય કે પછી બીકના કારણે હોય, પરંતુ ગ્રીષ્માબેનના ગળા પર ચપ્પુ મારવું, તે જોગાનુજોગ બનેલ ઘટના છે અને આરોપીનો ઈરાદો તેને મારી નાંખવાનો હોત તો તે સામેથી આવતી હતી ત્યારે જ તેને મારી નાંખત.

(૮.૧૨) વિ.વકીલશ્રી શેખે વધુમાં ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ કામે તપાસ કરનાર અધિકારીએ મરનાર ગ્રીષ્માબેનનો મોબાઈલ કબજે લીધેલ છે અને તેનું પેટર્ન લોક હોઈ, તે ખૂલેલ નથી તેવું જણાવેલ

છે. આ મોબાઈલના કવર પર મરનાર ગ્રીષ્માબેનનું લોહી મળી આવેલ છે, જે સૂચવે છે કે, કાં તો આ મોબાઈલ બનાવના સ્થળ પર હોઈ શકે કાં તો તે ગ્રીષ્માબેનના કપડાંમાં હોઈ શકે, પરંતુ રેકર્ડ પર આ અંગે કાંઈ ખૂલતું નથી, તે હકીકત પણ પોલીસની કામગીરી અંગે ગંભીર શંકાઓ ઉભી કરે છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ કામે તમામ પંચનામા જે તે સમયે સ્થળ પર થયેલ નથી, બલ્કે મુદ્દામાલનું પંચનામું કર્યા વિના જે તે સ્થળ પરથી ખસેડી પંચનામું કરી નાંખવામાં આવેલ છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, ક્રિ.પ્રો.કોડની કલમ–૧૭૪ મુજબ, મરનાર ગ્રીષ્માબેનની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું સ્થળ પર જ થવું જોઈતું હતું, પરંતુ તે પી.એમ. રૂમમાં થયેલ છે અને બનાવના બીજા દિવસે થયેલ છે, જે પણ કાયદેસરની જોગવાઈનો સ્પષ્ટ ભંગ સૂચવે છે. આ હકીકત પણ પોલીસની કામગીરી સામે પ્રશ્નાર્થ ઉભો કરે છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ કામે ફરિયાદ પક્ષે જાણી જોઈને એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને તપાસેલ નથી અને બંને ઈજા પામનારાઓના મરણોન્મુખ નિવેદન રેકર્ડ પર લાવેલ નથી. વિ.વકીલશ્રી શેખે ઉપરોક્ત મૌખિક દલીલ બાદ આંક–૩૧૯ થી તેમની લેખિત દલીલ રજૂ કરેલ છે અને આ લેખિત દલીલના અંતમાં તેમણે પ્રત્યેક શાહેદની ઊલટતપાસ, આરોપીના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૩૧૩ મુજબના નિવેદન તથા તેમની મૌખિક રજૂઆતમાં પણ દર્શાવેલ નથી તેવી નવી જ સ્ટોરી, લેખિત દલીલના પેરેગ્રાફ–૧૪ તથા પેરેગ્રાફ–૧૭ માં રજૂ કરેલ છે. આ બંને પેરેગ્રાફ જોવામાં આવે તો તેમની એવી રજૂઆત છે કે, આરોપી તેમજ આરોપીના પિતાને વારંવાર મરનાર ગ્રીષ્માબેનના પરીવારના સભ્યો તરફથી માર મારવામાં આવેલ અને ત્રાસ આપવામાં

આવેલ અને છેલ્લે તારીખઃ ૧૧.૦૨.૨૦૨૨ ના રોજ પણ આરોપી તથા તેના પિતાને મારપીટ કરી તેની ઉશ્કેરણી કરવામાં આવેલ, આમ છતાં આરોપીના સમર્થનમાં એક પણ સાક્ષી કોર્ટમાં જુબાની આપવા તૈયાર થયેલ નહીં. તેમની લેખિત દલીલના પૅરેગ્રાફ-૧૫ માં એવી પણ રજૂઆત કરવામાં આવેલ છે કે, તેમના વિરુદ્ધ જે ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે, તેમાં ઘણી ખામીઓ છે અને તેમનો કેસ સડન પ્રવોકેશનનો છે. પૅરેગ્રાફ-૧૭ માં તેમણે નવી જ હકીકત રજૂ કરેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ લક્ષ્મીધામ સોસાયટી પાસે તેમની બાઈક પર બેઠા હતા ત્યારે ફરિયાદી ધ્રુવ, શાહેદ સુભાષભાઈ તથા મરનાર ગ્રીષ્માબેનના મામા સહિતાની ચાર-પાંચ વ્યક્તિઓ વાતચીત કરવાના બહાને બહાર આવી તેમની જોડે મારપીટ કરવા લાગેલ અને તે અરસામાં આરોપી પાસે રહેલ ચાકુ વડે સુભાષભાઈ તેમજ ધ્રુવને ઈજા થયેલ. આથી આ તમામ વ્યક્તિઓએ ગભરાઈને આરોપી પર પથ્થરમારો કરતા તેમણે બાઈક છોડી ભાગવાનો પ્રયત્ન કરેલ, પરંતુ તે બહારની તરફ ભાગી શકેલ નહીં અને શેરીની અંદર આવી ગયેલ, જ્યાં લોકોને સુભાષભાઈને ઈજા થયાની જાણ થતાં તેઓએ પથ્થરમારો કરવાનું શરૂ કરતા આરોપીએ મરહૂમ ગ્રીષ્માબેનને પકડી લઈ પથ્થરથી બચાવ માટે તેને ઢાલ બનાવેલ, તે દરમ્યાન પાંચથી સાત મિનિટના સમયગાળામાં આવેશમાં આ ગ્રીષ્માબેનની હત્યા થઈ ગયેલ. ત્યાર બાદ પણ આરોપીએ ભાગવાનો પ્રયત્ન કરેલ, પરંતુ સોસાયટીના પ્રવેશ દ્વાર તરફથી પથ્થરમારો શરૂ થતાં આરોપી ગ્રીષ્માબેનના ઘર તરફ ભાગેલા, પરંતુ ત્યાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો ન હોઈ, તેઓ ત્યાં ફસાઈ ગયેલા. આ સમયે તેઓ ગભરાઈ ગયેલા, તે હકીકત હે.કો. હેમંતભાઈ

ઈશ્વરભાઈની જુબાનીથી પણ પુરવાર થાય છે. આ તબક્કે જ હું એ નોંધવું યોગ્ય માનું છું કે, બચાવ પક્ષની આ થીયરી એક પણ શાહેદની ઊલટતપાસમાં કે મૌખિક દલીલના સમયે રજૂ થયેલ નથી. આમ છતાં ઉપરોક્ત પેરામાં જણાવેલ હકીકતો પરથી આરોપી દ્વારા એવો સ્વીકાર થયાનું જણાય છે કે, ઉપરોક્ત પાંચથી સાત મિનિટના ગાળામાં તેનાથી ગ્રીષ્માબેનની હત્યા થઈ ગયેલ. આ લેખિત દલીલમાં આરોપી તરફે શાહેદોની ઊલટતપાસ દરમ્યાન રેકર્ડ પર આવેલ વિરોધાભાસ પર આ કોર્ટનું ધ્યાન દોરી વધુમાં રજૂઆત કરેલ છે કે, પોલીસ અધિકારીઓએ કોઈ પણ ભોગે આરોપીને ફસાવી દેવા માટે બિનજરૂરી ઉતાવળથી ખોટા સાક્ષી તથા પુરાવા ઉભા કરી, મિડીયાના દબાણથી ખામી ભરેલ અને ખોટું ચાર્જશીટ રજૂ કરેલ છે. આ સંજોગોમાં તપાસ કરનાર અધિકારી અને પોલીસ અધિકારીઓની ભૂમિકા શંકાસ્પદ છે. આ ઉપરાંત એફ.એસ.એલ. ના અધિકારીઓ પણ ગુજરાત સરકારના ગૃહ વિભાગ હેઠળ કામ કરે છે, જેથી તેઓએ આપેલ રીપોર્ટ પણ નિષ્પક્ષ કહી શકાય નહીં, કારણ કે, સામાન્ય રીતે એફ.એસ.એલ. તરફથી મોટા ભાગના કેસોમાં મહિનાઓ સુધી એનાલીસીસ રીપોર્ટ રજૂ થતા નથી, જ્યારે હાલના કેસમાં અત્યંત ટૂંકા ગાળામાં તેઓએ રીપોર્ટ રજૂ કરેલા છે, જેનાથી પણ શંકા ઉત્પન્ન થાય છે. તેમણે સમગ્રપણે રજૂઆત કરેલ છે કે, આરોપી વિરુદ્ધ culpable homicide not amounting to murder નો આરોપ યોગ્ય છે, પરંતુ culpable homicide amounting to murder નો ચાર્જ યોગ્ય નથી. આ હકીકત તથા આરોપીના બચાવની ઉપરોક્ત હકીકતો ધ્યાને લઈ યોગ્ય ન્યાય કરવા વિનંતી કરેલ છે.

એ નોંધપાત્ર છે કે, બચાવ પક્ષે તેમની દલીલના સમર્થનમાં આ કોર્ટ સમક્ષ ઉચ્ચ અદાલતોના કોઈ ચૂકાદા રજૂ કરેલ નથી.

(૯) આ પ્રકરણમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ દલીલો, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંતો ધ્યાનમાં લેતાં, આ કેસના ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ-

૧. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, મરણ જનાર ગ્રીષ્માબેન નંદલાલ વેકરીયાનું મૃત્યુ અકુદરતી રીતે થયેલ હતું?

૨. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપી ફેનિલ પંકજભાઈ ગોયાણી આ કામના મરણ જનાર ગ્રીષ્માબેન વેકરીયાને છેલ્લા ઘણા સમયથી હેરાન કરતા હતા, જેથી મરણ જનારના સંબંધીઓએ આરોપીને મરણ જનારને હેરાન-પરેશાન નહીં કરવા સમજાવેલ, તેમ છતાં આરોપી સમજેલ નહીં અને મરણ જનારને હેરાન પરેશાન કરવાનું ચાલું રાખેલ અને મરણ જનારે આરોપીની અવગણના કરી, આરોપીને તાબે ન થતાં અને આરોપીને પોતે અપમાનિત થયા હોવાનું લાગતા, મરણ જનારને મારી નાંખી બદલો લેવાના ઈરાદાથી આરોપીએ પૂર્વ આયોજિત

યોજનાના ભાગરૂપે બનાવ અગાઉ જુદીજુદી બે જગ્યાએથી છરાઓ ખરીદી ફુલપ્રફ યોજના બનાવી, બનાવના દિવસે મરણ જનારના અભ્યાસના સ્થળે રેકી કરી, મરણ જનાર ત્યાં નહીં મળતાં તેનો પીછો કરી, મરણ જનારના આખા પરિવારને મારી નાંખવાના ઈરાદે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬ઃ૦૦ વાગ્યાના સુમારે લક્ષ્મીધામ સોસાયટી, પાસોદરા પાટિયા, ખોલવડ ગામ, તા.કામરેજ, જિ. સુરત મુકામે જઈ, મરણ જનારનું અને મરણ જનારના આખા પરિવારનું મૃત્યુ નીપજાવવાના ઈરાદાથી અથવા પેટમાં છરાના ઘા મારવાથી તેનું મૃત્યુ નીપજવા સંભવ છે તેવા જ્ઞાન અને જાણકારી સાથે મરણ જનારના મોટા પપ્પા સુભાષભાઈને પેટમાં તથા ફરિયાદીને હાથમાં તથા માથાના ભાગમાં છરાથી જીવલેણ ઈજા પહોંચાડી, આ કામના મરણ જનાર ગ્રીષ્મા વેકરીયાને ગળામાંથી પકડી, જાહેરમાં બેરહમીથી ઠંડે કલેજે ગળું કાપી નાંખી, તેણી મૃત્યુ ન પામે ત્યાં સુધી તેણીને સારવાર ન મળે તે સારું છરો લઈ મસાલો ચાવતા ચાવતા તેના ઉપર ઉભા રહી, લોકોને નજીક આવતા રોકી, પશુતાભરી ગુનાહિત માનસિકતાથી તેનું મોત નીપજાવી ખૂન કરી **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૨** મુજબનો ગુનો કરેલ છે?

૩. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે આરોપીએ ઈરાદાપૂર્વક

અથવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમાં શાહેદ સુભાષભાઈ વેકરીયાને પેટના ભાગે છરો મારી, આંતરડા બહાર કાઢી નાંખી, જીવલેણ ઈજા પહોંચાડી તથા ફરિયાદી – ધ્રુવનાઓને હાથ તથા માથાના ભાગમાં છરાથી જીવલેણ ઈજા પહોંચાડી , તેઓનું ખૂન કરવાની કોશિશ કરી, **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૦૭** મુજબનો ગુનો કરેલ છે?

૪. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, બનાવ અગાઉ આરોપી મરણ જનારને પોતાની સાથે જબરજસ્તી પ્રેમ સંબંધ રાખવાના ઈરાદે મરણ જનારનો અવારનવાર પીછો કરી, મરનારની અનિચ્છા હોવા છતાં ફોન એસ.એમ.એસ. કરી, છેડતી કરી, **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(ડી)(૧)(i)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૫. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે આરોપીએ, મરણ જનારને મારી નાંખવાના ઈરાદે ગળામાંથી પકડી, ગળા ઉપર છરો રાખી, તે કયાંય જઈ ન શકે તે રીતે તેની ગેરકાયદેસર અટકાયત કરી, **ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૪૨** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૬. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે આરોપીએ, ઉશ્કેરાઈ જઈને, કોઈ વ્યકિત જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા કોઈ ગુનો કરી બેસશે તેવા ઈરાદાથી અથવા તેવો સંભવ હોવાનું જાણવા છતાં આરોપીએ ઈરાદાપૂર્વક મરણ જનારનું જાહેરમાં ગળું કાપી તથા ફરિયાદી ધ્રુવ તથા શાહેદ સુભાષભાઈને છરાના ઘા મારી, જીવલેણ હુમલો કરી તથા ભયની લાગણી ફેલાવવાના તથા લોકોને ડરાવવાના હેતુથી આરોપીએ પોતાને છરા વડે ઈજા કરી, અરેરાટી ફેલાવી, લોકોને ઉશ્કેરાટનું કારણ આપી, **ભારતીય દંડ સંહિતાની કલમ– ૫૦૪** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે.

૭. શું ફરિયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, ઉપરોક્ત તારીખે, સમયે અને સ્થળે આરોપીએ મરણ જનારનું જાહેરમાં ગળું કાપી મોત નીપજાવતી વખતે મારક હથિયાર ધારણ કરી, મરણ જનારના પરિવારના સભ્યોને મારી નાંખવાની ગુનાહિત ધમકી આપી **ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૮. શું હુકમ?

(૧૦) ઉપરોકત મુદ્દાના કારણોમાં ચર્ચા કરી છે, તે મુજબ નિર્ણયો નીચે મુજબ છેઃ–

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. હકારમાં.

૪. હકારમાં.

૫. હકારમાં.

૬. હકારમાં.

૭. હકારમાં.

૮. આખરી હુકમ મુજબ.

**<u>કા ર ણો</u>**

(૧૧) ફોજદારી ન્યાય શાસ્ત્રના સ્થાપિત સિદ્ધાંતો તથા પુરાવા અધિનિયમની જોગવાઈ મુજબ, ફરિયાદ પક્ષ પર તેમનો કેસ નિઃશંકપણે સાબિત કરવાનો બોજો રહેલ છે. કાયદાથી એ પણ સ્થાપિત છે કે, ફરિયાદ પક્ષના કેસ અંગે જો મહત્વની શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપી પક્ષને મળે, પરંતુ આવી શંકા તાર્કીક હોવી જોઈએ અને ફરિયાદ પક્ષના કેસનાં મૂળ સુધી જાય તેવી હોવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, નાના–મોટા વિરોધાભાસ, આરોપીને મુક્ત કરવા માટે વાજબી શંકા બની શકે નહીં. આથી અદાલતે તુચ્છ વિરોધાભાસને અવગણીને, રજૂ થયેલા પુરાવાનું મૂલ્યાંકન કરી એ વિચારવાનું રહે છે કે, રજૂ થયેલા પુરાવા આરોપીના દોષિતપણા તરફ દિશાનિર્દેશ કરે છે કે કેમ? આ સ્થાપિત કાનૂની સ્થિતિના પરિઘમાં હાલના કેસમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું જરૂરી બને છે.

**<u>મુદ્દા નં.૧</u> :-**

(૧૨) આ કામે આરોપી સામે ફુલપ્રુફ યોજના બનાવી, મરનાર ગ્રીષ્માબેન વેકરીયા તથા તેના સમગ્ર પરીવારને મારી નાંખવાના ઈરાદે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬ઃ૦૦ વાગ્યાના અરસામાં મરનાર ગ્રીષ્માબેન જે સોસાયટીમાં રહેતા હતા ત્યાં જઈ, મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈને મારી નાંખવાના ઈરાદે પેટમાં ચપ્પુનો ઘા મારી ગંભીર ઈજા કરી તથા મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ ધ્રુવને પણ મારી નાંખવાના ઈરાદે માથામાં તથા હાથમાં ચપ્પુથી જીવલેણ ઈજા પહોંચાડી તેમજ મરનાર ગ્રીષ્માબેનને ગળાના ભાગેથી પકડી અનેક લોકો સામે, જાહેરમાં, મરનારના કુટુંબના સભ્યો તથા સોસાયટીના રહીશોની આજીજી અને વિનંતીને અવગણીને, બેરહેમીથી મરનારનું ગળું કાપી નાંખી, તેણી મૃત્યુ ન પામે ત્યાં સુધી કોઈને નજીક ન આવવા દઈ, તેણીનું ખૂન કરવાનો આક્ષેપ છે.

(૧૩) એ નોંધપાત્ર છે કે, આ બનાવમાં મરનાર ગ્રીષ્માબેન વેકરીયાનું મૃત્યુ અકુદરતી હતું, તે બાબતે કોઈ મહત્વની તકરાર નથી, બલ્કે તે સ્વીકૃત હકીકત છે. હવે મરનાર ગ્રીષ્માબેનનું મૃત્યુ આત્મહત્યા, અકસ્માત અથવા તો મનુષ્યવધના પરીણામે થયેલ છે, તે બાબતે રેકર્ડ પર રજૂ થયેલ પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું આવશ્યક છે. આ તબક્કે એ નોંધપાત્ર છે કે, મરનાર ગ્રીષ્માબેનનું મૃત્યુ આત્મહત્યાથી કે અકસ્માતના કારણે થયેલ ન હતું, તે હકીકત અંગે પણ બંને પક્ષકારો વચ્ચે કોઈ મહત્વની તકરાર નથી. આથી મરનાર ગ્રીષ્માબેનનું મૃત્યુ

મનુષ્યવધના કારણે થયેલ છે કે કેમ, તે સંદર્ભે રેકર્ડ પર રજૂ થયેલા પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું જરૂરી બને છે.

(૧૪) આ સંદર્ભે ફરિયાદ પક્ષે રજૂ કરેલા દસ્તાવેજી પુરાવાઓમાં, પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, કામરેજનાએ એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રી, કામરેજને મરનારની લાશ પર ઈન્કવેસ્ટ ભરવા તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ લખેલ આંક–૨૭૭ નો પત્ર, આંક–૮૨ નું ઈન્કવેસ્ટ પંચનામું, મરનાર ગ્રીષ્માબેનની લાશનું શબ પરીક્ષણ કરવા માટે કામરેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે મેડીકલ ઓફિસર, કામરેજ પી.એચ.સી. ને લખેલ આંક–૧૨ ની પોલીસ યાદી અને આંક–૧૩ નો મરણ જનાર ગ્રીષ્માબેનનો શબ પરીક્ષણ અહેવાલ, એ મુખ્ય દસ્તાવેજી પુરાવા કહી શકાય. આ દસ્તાવેજી પુરાવા સંદર્ભે આંક –૮૨ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ શાહેદોનો મૌખિક પુરાવો, મરનારની લાશનું શબ પરીક્ષણ કરનાર તબીબ શાહેદનો મૌખિક પુરાવો તથા તપાસ કરનાર અધિકારીનો મૌખિક પુરાવો પણ મહત્વનો ગણી શકાય.

(૧૫) ઉપરોક્ત મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પૈકી હું સૌપ્રથમ તપાસ કરનાર અધિકારીએ એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રી, કામરેજને મરનારની લાશ પર ઈન્કવેસ્ટ પંચનામું કરવા લખેલ પત્રનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું, જે આ કામે આંક–૨૭૭ થી રજૂ થયેલ છે. આ દસ્તાવેજ જોતાં એવું જણાય છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતર, પોલીસ ઈન્સ્પેક્ટર, કામરેજ દ્વારા એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રી, કામરેજને આ પત્ર લખવામાં

આવેલ છે, જેમાં બનાવની હકીકતોનું સંક્ષિપ્તમાં વર્ણન કરી, આ બનાવમાં મરનાર ગ્રીષ્માબેન તે નંદલાલભાઈ પરબતભાઈ વેકરીયાની દીકરી, ઉં.વ.૨૧ ની લાશને કામરેજ સી.એચ.સી.ના પી.એમ. રૂમમાં રાખવામાં આવેલ હોઈ, ઈન્કવેસ્ટ પંચનામું ભરવા પધારવા વિનંતી કરેલ છે. આ પત્ર ઉપર મામલતદાર કચેરી, કામરેજનું એક એન્ડોર્સમેન્ટ છે, જેમાં તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, કામરેજને મરનારની લાશ પર ઈન્કવેસ્ટ બાબતે જરૂરી કાર્યવાહી કરવા માટે અધિકાર આપવામાં આવેલ છે, તેવો ઉલ્લેખ છે. એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રી, કામરેજ દ્વારા તપાસ કરનાર અધિકારીને મરનારની લાશ પર ઈન્કવેસ્ટ બાબતે કાર્યવાહી કરવા અધિકાર પત્ર આપવામાં આવતા, પંચોની હાજરીમાં મરનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ, જે આ કામે આંક–૮૨ થી રજૂ થયેલ છે. આંક–૮૨ નું ઈન્કવેસ્ટ પંચનામું જોવામાં આવે તો, આ પંચનામું તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ કલાક ૯:૦૦ થી ૯:૪૫ વાગ્યા દરમ્યાન ત્રણ પંચો અનુક્રમે (૧) અરવિંદભાઈ નાગજીભાઈ ડોબરીયા, (૨) વિજયભાઈ પરષોત્તમભાઈ રાણપરીયા તથા (૩) સોનલબેન વિજયભાઈ રાણપરીયા નાઓની હાજરીમાં થયેલ છે. આ પંચનામું જોતાં મરનારની લાશ બાવચંદભાઈ કાનજીભાઈ કાનાણીએ ઓળખી બતાવેલ હોવાનું જણાય છે તથા મરનારની લાશ પરના કપડામાં પોણી બાંયનું નેવી બ્લુ કલરનું ટોપ, કમરના ભાગે કાળા કલરનું જીન્સ તથા ગુપ્ત ભાગે રાખોડી કલરની ક્રોસ નીકર પહેરેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે. મરનારને થયેલ ઈજા અંગે એવો ઉલ્લેખ છે કે, મરનારના ચહેરા પર ઈજાના દેખિતા નિશાન ન હતા, પરંતુ લોહી લાગીને સુકાઈ ગયેલ હતું;

મરનારના ગળાની ડાબી બાજુના ભાગે કાપી નાંખેલ છે, જે આશરે ચાર ઈંચ જેટલો ઘા હતો; ગળાના ભાગે સોજો આવી ગયેલ હતો; આ ઉપરાંત છાતી તથા પેટના ભાગે ઈજાના કોઈ ચિહ્નો જણાયેલા ન હતા; મરનારના જમણા હાથ પર લોહી લાગી સુકાઈ ગયેલ હતું; ડાબા હાથના ભાગે લોહી લાગી સુકાઈ ગયેલ હતું; જમણા પગના પંજા પર લોહી લાગી સુકાઈ ગયેલ હતું તેમજ ડાબા પગે પણ લોહી લાગી સુકાઈ ગયેલ હતું. આ ઉપરાંત સ્ત્રી પંચ દ્વારા મરનારની લાશની તપાસ કરવામાં આવતા ગુપ્ત ભાગે જોરજુલમના કે ઈજાના નિશાન જોવા મળેલ નહીં અને પીઠ પર કોઈ દેખિતા ઈજાના નિશાન ન હતા, તેવું દર્શાવવામાં આવેલ છે. આ ઈન્કવેસ્ટ પંચનામાની કોલમ નં.૧૨ માં ત્રણે પંચો અને પોલીસ અધિકારીના મતે મૃત્યુનું કારણ આરોપીએ ચપ્પુથી મરનારનું ગળું કાપી નાંખી ખૂન કરેલાનું દર્શાવેલ છે, આમ છતાં પી.એમ. થવા માટે અભિપ્રાય આપેલ છે. ત્યાર બાદ આ ત્રણે પંચોએ તથા પોલીસ અધિકારીએ આ પંચનામામાં સહી કરેલ છે.

(૧૬) ઉપરોક્ત આંક-૮૨ ના ઈન્કવેસ્ટ પંચનામા સંબંધે **તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતર** દ્વારા તેમની **આંક-૨૫૫** ની જુબાનીમાં જણાવવામાં આવેલ છે કે, એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રી દ્વારા તેમને અપાયેલ અધિકારના આધારે તેમણે પંચોની હાજરીમાં તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારે ૯:૦૦ થી ૯:૪૫ વાગ્યા દરમ્યાન ઈન્કવેસ્ટ પંચનામું કરેલ, જેમાં બાવચંદભાઈ કાનાણીએ મરનારની લાશ ઓળખી બતાવેલ. આ હકીકત આંક-૨૭૭ થી રજૂ થયેલ પત્ર અને આંક-૮૨ ના ઈન્કવેસ્ટ પંચનામામાં દર્શાવેલ હકીકતોને સમર્થન આપે

છે. હવે આ સંબંધે આંક–૮૨ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચોનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૮** તરીકે **વિજયભાઈ પરષોત્તમભાઈ રાણપરીયા**ને **આંક–૮૧** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારે આશરે આઠેક વાગ્યે તેઓ, તેમના પત્ની (સોનલબેન – શાહેદ નં.૨૮), બાવચંદભાઈ તથા સોસાયટીના અન્ય છોકરાઓ કામરેજ સિવિલ હોસ્પિટલ ખાતે ગયેલ, ત્યારે પોલીસે પંચ તરીકે રહેવા પૂછતાં તેમણે, તેમના પત્ની સોનલબેન, અરવિંદભાઈ તથા બાવચંદભાઈએ હા પાડેલી. ત્યાર બાદ પોલીસે તેમને લાકડાની બેંચ પર રાખેલ ગ્રીષ્માની લાશ બતાવેલ, જેના ગળાના ભાગે ઉંડો ઘા હતો; ચહેરા પર સુકાઈ ગયેલું લોહી હતું; લાશ પર કાળા કલરનું જીન્સનું પેન્ટ તથા નેવી બ્લુ કલરનું ટોપ હતું. આ સંબંધે પોલીસે તેમની હાજરીમાં વિગતવાર પંચનામું કર્યાનું જણાવી આંક–૮૨ નું ઈન્કવેસ્ટ પંચનામું રજૂ કરેલ છે અને તેમાં તેમની, તેમના પત્ની સોનલબેન તથા અરવિંદભાઈની સહી તેમણે ઓળખી બતાવેલ છે. આ શાહેદની બચાવ પક્ષે કરેલ ઊલટતપાસમાં તેમણે જણાવેલ છે કે, પંચનામાની કાર્યવાહીના સમગ્ર સમયગાળા દરમ્યાન ત્યાં ડૉક્ટર સાહેબ ન હતા તેમજ અન્ય કોઈ આગેવાન પણ ન હતા. આ ઉપરાંત તેમણે જણાવેલ છે કે, આ ઈન્કવેસ્ટ પંચનામાની બધી કાર્યવાહી આશરે પોણો કલાક જેટલો સમય ચાલી હશે.

(૧૭) ફરિયાદ પક્ષે આ આંક–૮૨ ના ઈન્કવેસ્ટ પંચનામાના બીજા પંચ **સોનલબેન વિજયભાઈ રાણપરીયા**ને **શાહેદ નં.૨૮** તરીકે

**આંક–૧૩૪** થી તપાસેલ છે. આ શાહેદ બનાવના નજરે જોનાર શાહેદ પણ છે અને તેમણે હાલના આરોપીએ કઈ રીતે મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખી હત્યા કરેલ તે સંબંધે પણ પુરાવો આપેલ છે, જેની ચર્ચા હું નજરે જોનાર શાહેદોના પુરાવાની ચર્ચા સાથે હાથ ધરીશ, પરંતુ હાલના તબક્કે આ શાહેદે ઈન્કવેસ્ટ પંચનામા સંબંધે આપેલ પુરાવો જોવામાં આવે તો, તેણીએ જણાવેલ છે કે, આ બનાવમાં મરનાર ગ્રીષ્માબેન, તેમના ઘરથી બે પ્લોટ છોડીને આવેલ ઘરમાં રહેતી હતી; બનાવ સમયે ગ્રીષ્માબેનના ઘરમાં ગ્રીષ્માબેન ઉપરાંત તેમના મમ્મી અને ભાઈ ધ્રુવ રહેતા હતા; બનાવ સમયે ગ્રીષ્માબેનના પિતા આફ્રિકા મુકામે હતા. તેણીએ વધુમાં જણાવેલ છે કે, તેણી કામરેજ સિવિલ હોસ્પિટલમાં તેમના પતિ વિજયભાઈ રાણપરીયા સાથે ગયેલ, જ્યાં તેમણે મરનાર ગ્રીષ્માબેનની લાશ જોયેલ; તેણીના ગળાના ભાગે ચાકુના ઘા માર્યાના નિશાન હતા; ગળા તથા માથાના ભાગે લોહી સુકાઈ ગયેલ હતું; તે વખતે ગ્રીષ્માબેનના શરીર પર બ્લુ ટોપ અને બ્લેક જીન્સનું પેન્ટ હતું; તેમણે ગ્રીષ્માબેનના ગુપ્ત ભાગની તપાસ કરેલ, પરંતુ કંઈ અજુગતું જોવા મળેલ નહીં; આ અંગે આંક–૮૨ નું પંચનામું કરવામાં આવેલ, જેમાં અનુક્રમ નં.૩ પર તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ શાહેદે મુદ્દામાલ આર્ટિકલ નં.૫ નું ટોપ, મુદ્દામાલ આર્ટિકલ નં.૬ નું જીન્સ, મુદ્દામાલ આર્ટિકલ નં.૭ ની સ્લેટીયા કલરની નીકર તથા મુદ્દામાલ આર્ટિકલ નં.૮ ની કાળા કલરની બ્રા જોઈને જણાવેલ છે કે, તે તમામ કપડાં મરનાર ગ્રીષ્માબેને પહેરેલા હતા; શાહેદે આ તમામ મુદ્દામાલ ઓળખી બતાવેલ છે. આ શાહેદની ઈન્કવેસ્ટ પંચનામા સંબંધે બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસમાં તેમણે જણાવેલ છે કે, તેઓ

બનાવના બીજા દિવસે સી.એચ.સી. કામરેજ ખાતે સવારે આશરે સાડા–આઠ વાગ્યે ગયેલા, તે વખતે ત્યાં પોલીસના મોટા સાહેબ તથા અન્ય માણસો હાજર હતા; તેઓ ત્યાં આવેલ રૂમમાં અંદર ગયા ત્યારે પોલીસે ગ્રીષ્માબેનની લાશ બતાવેલ. આ શાહેદે ત્યાં પોલીસના કેટલા માણસો હતા, લાઈટ પંખા હતા કે કેમ, તે રૂમ ઑપરેશન થીયેટર જેવો હતો કે કેમ, ત્યાં ઘણી બધી લાઈટો હતી કે કેમ વગેરે બાબતોની તેમને ખબર ન હોવાનું જણાવેલ છે.

(૧૮) ઉપરોક્ત રીતે આંક–૨૭૭ નો તપાસ કરનાર અધિકારીએ એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને ઈન્કવેસ્ટ ભરવા સંબંધે લખેલ પત્ર, તે પર એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રી દ્ધારા કરવામાં આવેલ એન્ડોર્સમેન્ટ, તેના અનુસંધાને પંચોની હાજરીમાં કરવામાં આવેલ આંક–૮૨ નું ઈન્કવેસ્ટ પંચનામું, તે સંબંધે તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ. ગીલાતરનો આંક–૨૫૫ નો મૌખિક પુરાવો, ઈન્કવેસ્ટ પંચનામાના પંચ શાહેદો – વિજયભાઈ પરષોત્તમભાઈ રાણપરીયાનો આંક–૮૧ નો તથા સોનલબેન વિજયભાઈ રાણપરીયાનો આંક–૧૩૪ નો મૌખિક પુરાવો સમગ્રપણે ધ્યાને લેતાં એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ આ કામના તપાસ કરનાર અધિકારીએ એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને સી.એચ.સી. કામરેજ ખાતે રાખવામાં આવેલ મરનાર ગ્રીષ્માબેનની લાશનું ઈન્કવેસ્ટ ભરવા પધારવા વિનંતી કરેલ, જેના પર એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રી, કામરેજ દ્ધારા કરવામાં આવેલ એન્ડોર્સમેન્ટ મુજબ, તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરને મરનારની લાશ પર પંચોની હાજરીમાં પંચનામું

કરવા અધિકાર આપવામાં આવેલ, જે અધિકાર આધારે તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરે ત્રણ પંચોની હાજરીમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૭૪ ની જોગવાઈ મુજબ આંક-૮૨ નું મરનારની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરેલ. આ હકીકતને આ ઈન્કવેસ્ટ પંચનામાના ત્રણે પંચો પૈકી ફરિયાદ પક્ષે તપાસેલ શાહેદ નં.૧૮ વિજયભાઈ પરષોત્તમભાઈ રાણપરીયા તથા શાહેદ નં.૨૮ સોનલબેન વિજયભાઈ રાણપરીયાનાઓએ તેઓના મૌખિક પુરાવાથી સંપૂર્ણ સમર્થન આપેલ છે. આ બંને પંચોના પુરાવાથી ભરોસાપાત્ર રીતે એવું પુરવાર થાય છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ આ પંચોની હાજરીમાં સવારે ૮ઃ૩૦ વાગ્યા પછી સી.એચ.સી. કામરેજ ખાતે મરનાર ગ્રીષ્માબેનની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું ભરવામાં આવેલ; આ બંને પંચોએ મરનાર ગ્રીષ્માબેનની લાશ જોયેલ અને તેના ગળા પર ચાકુ માર્યાના નિશાન હતા, ઉંડો ઘા હતો અને મરનારના શરીર પર નેવી બ્લુ કલરનું ટોપ, કાળા કલરનું જીન્સ પેન્ટ તથા આંતર વસ્ત્રોમાં સ્લેટીયા કલરની નીકર અને કાળા કલરની બ્રા હતી. આ બંને પંચ શાહેદોની બચાવ પક્ષે કરેલ ઊલટતપાસમાં તેઓની હાજરીમાં તપાસ કરનાર અધિકારીએ ઈન્કવેસ્ટ પંચનામું ભરવા કરેલ કાર્યવાહી સંબંધે શંકા ઉભી થાય તેવી કોઈ મહત્વની હકીકત ખૂલવા પામતી નથી. આંક-૮૨ ના ઈન્કવેસ્ટ પંચનામામાં ત્રણે પંચોએ મરનાર ગ્રીષ્માબેનની લાશ પર ગળાના ભાગે ઉંડો ઘા હોવાનું જણાવેલ છે અને મરનારના મૃત્યના કારણ સંબંધે જણાવેલ છે કે, આરોપીએ મરણ જનારનું ચપ્પુથી ગળું કાપી નાંખી ખૂન કરેલ છે, તેમ છતાં મોતનું ચોક્કસ કારણ જાણવા માટે પી.એમ. થવા માટે અભિપ્રાય આપેલ છે.

(૧૯) મરનારની લાશના, પંચોની હાજરીમાં કરવામાં આવેલ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૪ મુજબના ઈન્કવેસ્ટ પંચનામા સંબંધે બચાવ પક્ષના વિ.વકીલશ્રી શેખે એવી મહત્વની તકરાર ઉપસ્થિત કરેલ છે કે, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૭૪ જોવામાં આવે તો તેમાં કોઈ વ્યક્તિનું અકુદરતી મૃત્યુ થયાની વાજબી શંકા ઉત્પન્ન થાય તેવા સંજોગોમાં પોલીસ અધિકારીએ નજીકના એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને તરત જ જાણ કરવી જોઈશે, તેવી સ્પષ્ટ જોગવાઈ છે, તેમજ મૃત્યુ પામનારનો મૃતદેહ જે સ્થળે પડ્યો હોય તે સ્થળે જઈ બે કે તેથી વધુ પ્રતિષ્ઠિત પંચોની હાજરીમાં પંચનામું કરવું જોઈએ, તેવી આદેશાત્મક જોગવાઈ છે, જેનો આ કામે ભંગ કરવામાં આવેલ છે. આ સંદર્ભે વિ.વકીલશ્રી શેખની રજૂઆત છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ હાલનો બનાવ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬ઃ૦૦ વાગ્યા પછી લક્ષ્મીધામ સોસાયટી ખાતે બનેલ અને બનાવ બાદ મરનાર ગ્રીષ્માબેનનો મૃતદેહ આ સોસાયટીમાં ખુલ્લા પ્લોટ પાસે પડેલ હતો , જ્યાં બનાવની છ થી સાત મિનિટમાં પોલીસ ત્યાં પહોંચી ગયેલ, આથી તપાસ કરનાર અધિકારીએ તે જ જગ્યાએથી તરત જ એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને ઈન્કવેસ્ટ પંચનામું કરવા માટે પધારવા યાદી કરવી જોઈએ અને તે જ સ્થળે મરનારની લાશ પર ઈન્કવેસ્ટ પંચનામું થવું જોઈએ, પરંતુ હાલના કેસમાં સ્વીકૃત રીતે તપાસ કરનાર અધિકારીએ એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને ઈન્કવેસ્ટ માટે પધારવા તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ પત્ર લખેલ છે અને મરનારની લાશ સી.એચ.સી. કામરેજના પી.એમ. રૂમમાં રાખેલ હોઈ, ત્યાં ઈન્કવેસ્ટ

પંચનામા માટે આવવા વિનંતી કરેલ છે. એ હકીકત સૂચક છે કે, ઈન્કવેસ્ટ પંચનામા માટેની જાણ એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને તરત જ કરવામાં આવેલ નથી તથા મરનારની લાશને સ્થળ પરથી ખસેડી સી.એચ.સી. ખાતે પોસ્ટમોર્ટમ રૂમમાં મોકલ્યા બાદ ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ છે, જે તપાસ કરનાર અધિકારીની શંકાસ્પદ કામગીરી સૂચવે છે.

(૨૦) વિ.વકીલશ્રી શેખની આ દલીલ સંદર્ભે રેકર્ડ જોવામાં આવે તો રેકર્ડ પરથી એ હકીકત સ્વીકૃત બને છે કે, બનાવ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬ઃ૦૦ વાગ્યાના અરસામાં લક્ષ્મીધામ સોસાયટી ખાતે બનેલ અને મરનાર ગ્રીષ્માબેનની લાશ સોસાયટીના ખુલ્લા પ્લોટ પાસે પડેલ હતી. રેકર્ડ પરથી એવું પણ જણાય છે કે, બનાવવાળી જગ્યાએથી ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરવામાં આવેલ, જેના ઈમરજન્સી મેનેજમેન્ટ ટેક્નીશીયન **શૈલેષભાઈ કરસનભાઈ ખોડીફાડ**ની **આંક-૨૪૯** ની જુબાનીમાં એવો ઉલ્લેખ છે કે, તેઓ બનાવના સ્થળ પર ૧૮ઃ૪૧ વાગ્યે પહોંચેલા અને ત્યાં એક સ્ત્રી લોહીલુહાણ હાલતમાં પડેલ હતી, જેની તપાસ કરતાં તે મૃત્યુ પામેલ હોવાનું જણાયેલ; આ સ્ત્રીના ગળાના ભાગે વધુ પડતા ચાકુના ઘા માર્યા હોવાનું જણાયેલ; આ ઉપરાંત સ્થળ પર બીજા બે દર્દીઓ હતા, જેઓને તાત્કાલિક સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયેલ. આ હકીકત જોતાં એવું જણાય છે કે, મરનાર ગ્રીષ્માબેનની લાશ સાંજે ૬ઃ૪૧ વાગ્યે લોહીલુહાણ હાલતમાં બનાવના સ્થળ પર પડેલ હતી. તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરની આંક-૨૫૫ ની જુબાનીથી એવી

હકીકત રેકર્ડ પર આવે છે કે, બનાવના દિવસે એટલે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ કલાક ૧૮ઃ૪૭ ની આસપાસ તેઓ બનાવના સ્થળે પહોંચેલા અને પરિસ્થિતિથી વાકેફ થયા બાદ મરણ જનાર ગ્રીષ્માબેનની લાશ પડેલ હોઈ તેમજ ત્યાં લોહીના ડાઘા તથા ચાકુ વગેરે પડેલા હોઈ, તાત્કાલિક બંદોબસ્ત ગોઠવી મરનારની લાશને શબ પરીક્ષણ અર્થે કામરેજ સી.એચ.સી. ખાતે મોકલી આપેલ. આમ, મરનાર ગ્રીષ્માબેનની લાશ પર તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સ્થળ પર ઈન્કવેસ્ટ ભરવામાં આવેલ નહીં, બલ્કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સી.એચ.સી., કામરેજના પી.એમ. રૂમમાં ઈન્કવેસ્ટ ભરવામાં આવેલ, તેવું રેકર્ડ પરથી સ્વીકૃત જણાય છે. આ સંબંધે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૭૪ ની જોગવાઈ જોતાં મરનારનું મૃત્યુ અકુદરતી રીતે થયાનો શક હોય ત્યારે નજીકના એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને તરત જાણ કરી, લાશ પડેલ હોય તે સ્થળ પર જ ઈન્કવેસ્ટ પંચનામું કરવું જોઈએ, તેવી જોગવાઈ હોવાનું પણ સ્વીકૃત બને છે. રેકર્ડ પરની ઉપરોક્ત હકીકત સંદર્ભે કાયદાકીય સ્થિતિ જોતાં એવું જણાય છે કે, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૭૪ મુજબની કાર્યવાહીનો હેતુ માત્ર એ જાણવાનો છે કે, મરનારનું મૃત્યુ અકુદરતી હતું કે કેમ, સાથોસાથ તેમ હોય તો મૃત્યુનું કારણ શું હોઈ શકે. કાયદાથી એ સ્થાપિત છે કે, મૃત્યુ અંગે શબ પરીક્ષણ કરનાર તબીબનો અભિપ્રાય યોગ્ય ગણાય, પરંતુ ઈન્કવેસ્ટ પંચનામામાં મૃત્યુનું દેખિતું કારણ દર્શાવવાનું રહે છે. કાયદાથી એ પણ સ્થાપિત છે કે, ઈન્કવેસ્ટ પંચનામું એ મુખ્ય પુરાવો નથી, પરંતુ અન્ય પુરાવાને સમર્થન આપવા માટે તેનો ઉપયોગ કરી શકાય તેમજ ઈન્કવેસ્ટ પંચનામા દ્વારા માત્ર એ જ નક્કી

કરી શકાય કે, વ્યક્તિનું મૃત્યુ અકુદરતી છે કે કેમ; જો મૃત્યુ અકુદરતી હોય તો મૃત્યુનું કારણ શું છે? વ્યક્તિને કોણે, કેવી રીતે અને શા માટે ઈજા કરી, શું ગુનો બન્યો, તે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૭૪ નો વિષય નથી. ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં ગેરવાજબી વિલંબ હોય તો ગુનાની ફરિયાદ દાખલ થયાના સમય અંગે પ્રશ્ન ઉભો થાય.

(૨૧) આ સ્થાપિત કાનૂની સ્થિતિ અંગે રેકર્ડ જોવામાં આવે તો, એ નોંધપાત્ર છે કે, બનાવ ફેબ્રુઆરી મહિનામાં એટલે કે શીયાળાની ઋતુ દરમ્યાન બનેલ છે અને તપાસ કરનાર અધિકારી મરનારની લાશ પડેલ હતી ત્યાં ૧૮:૪૭ કલાકે એટલે કે સાંજના પોણા સાત વાગ્યા પછી પહોંચેલા, ત્યારે દેખિતી રીતે જ ત્યાં અંધારું થયેલ હોય. આ સંબંધે તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરની આંક-૨૫૫ ની જુબાની જોવામાં આવે તો, તેમની ઊલટતપાસમાં બચાવ પક્ષના વિ.વકીલશ્રી શેખે આ મુદ્દા સંબંધે તેમનો ખુલાસો પૂછતાં તેમણે જણાવેલ છે કે, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૭૪ મુજબનું પંચનામું સ્થળ પર એટલા માટે કરવામાં આવેલ નહીં કે, બોડીને તાત્કાલિક ખસેડવી જરૂરી હતી, કારણ કે, સ્ત્રીની લાશ હોઈ, તેને તાત્કાલિક હોસ્પિટલે મોકલવી જરૂરી જણાયેલ. સૌપ્રથમ તો તપાસ કરનાર અધિકારીનો આ ખુલાસો વાજબી અને તાર્કીક હોવાનું આ અદાલતનું માનવું છે. કારણ કે, ઈન્કવેસ્ટ પંચનામા સમયે મરણ જનાર જ્યારે સ્ત્રી હોય ત્યારે મરણ જનારના ગુપ્ત ભાગે કોઈ જોરજુલમના નિશાન છે કે કેમ, તેની તપાસ કરવી જરૂરી બને છે અને શીયાળાના સમયમાં જ્યારે અંધારું હોય ત્યારે કૃત્રિમ પ્રકાશની હાજરીમાં આ

કાર્યવાહી કરવામાં આવે તો કાંઈક અંશે અજુગતું જણાય. બીજું જે સ્વરૂપે આ ગુનો બનેલ છે, ત્યારે બનાવવાળી સોસાયટીમાં ભય અને આતંકનું વાતાવરણ ઉભું થયેલ. આ સંજોગોમાં મરનારની લાશને ત્યાં જ રાખવામાં આવે તો કાયદો અને વ્યવસ્થાના અન્ય પ્રશ્નો પણ ઉભા થાય, જેથી તેવી શક્યતાને નિવારવા માટે મરનારની લાશને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ અને બીજા દિવસે સવારે આ લાશ પર ઈન્કવેસ્ટ પંચનામું ભરવામાં આવેલ, તેનાથી બચાવ પક્ષને કોઈ મહત્વનો પૂર્વગ્રહ થતો હોવાનું જણાતું નથી, કેમ કે આવો પૂર્વગ્રહ ત્યારે જ થાય કે જ્યારે લાશ ઓળખાય તેવી ન હોય અને તે કોની લાશ છે તે નક્કી થતું ન હોય. અહીં આવો કોઈ પ્રશ્ન ઉભો થતો નથી , કેમ કે, મરનારની લાશની ઓળખ બાવચંદભાઈએ કરી છે અને તેવી નોંધ આંક-૮૨ ના પંચનામામાં છે, એટલું જ નહીં, આંક-૧૩ ના શબ પરીક્ષણ અહેવાલ પરથી પણ જણાય છે. વળી આ સમગ્ર બનાવના જ એક નજરે જોનાર શાહેદ આ ઈન્કવેસ્ટ પંચનામાના સ્ત્રી પંચ છે, જેઓએ પણ આ લાશ મરનાર ગ્રીષ્માબેનની હતી તે, તેમજ તે લાશ પરના કપડાં સુદ્ધા ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત આ શાહેદની હાજરીમાં જ બનાવ બનેલ હોઈ, મરનારની લાશના ગળા પર ચપ્પુનો કપાયેલો ઘા હોવાનું પણ તેમણે દર્શાવેલ છે, જે પરથી આ લાશ મરનાર ગ્રીષ્માબેનની હોવા અંગે કોઈ જ શંકા ઉપસ્થિત થતી નથી. તે જોતાં બનાવના સ્થળ પરના સંજોગો જોતાં તેમજ સ્ત્રીની લાશ હોઈ તથા અંધારૂ થવા લાગેલ હોઈ, લાશને હોસ્પિટલમાં મોકલી બીજા દિવસે તેનું ઈન્કવેસ્ટ પંચનામું કરવાથી બચાવ પક્ષને કોઈ જ પૂર્વગ્રહ થતો નથી. આ સંજોગોમાં આ તકરાર મહત્વની બનતી નથી.

(૨૨) અત્રે એ પણ નોંધપાત્ર છે કે, આ બનાવમાં આરોપી સામે એવો આક્ષેપ છે કે, તે બનાવવાળી સોસાયટીની બહાર આવતા, મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈ તથા નાનો ભાઈ ધ્રુવ તેમને સમજાવવા જતાં આરોપીએ સુભાષભાઈના પેટમાં ચપ્પુનો ઘા કરેલ અને ફરિયાદી ધ્રુવને પણ ચપ્પુ વડે ઈજા કરતા તેઓ બંને ઘર તરફ દોડતા હતા ત્યારે તેઓને ઈજાગ્રસ્ત હાલતમાં જોઈ મરનાર ગ્રીષ્માબેન, તેમના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેન સામે આવેલા, આ સમયે આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને ગળાના ભાગેથી પકડી લઈ ખુલ્લા પ્લોટ પાસે લઈ ગયેલ અને જાહેરમાં અનેક લોકો વચ્ચે ચપ્પુ વડે તેણીનું ગળું કાપી હત્યા કરેલ છે. એ હકીકત પણ સ્વીકૃત છે કે, આ બનાવ સંબંધે કોઈએ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતાં **શાહેદ નં.૪૧ શૈલેષભાઈ કરસનભાઈ ખોડીફાડ** બનાવના સ્થળ પર આવી ગયેલ, ત્યારે ત્યાં મરનારની લાશ ઉપરાંત બે ઈજાગ્રસ્તો સુભાષભાઈ તથા ધ્રુવ પણ સ્થળ પર હોઈ, તે બંને ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ જઈ, પ્રાથમિક સારવાર ચાલું કરી, તેઓને સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયેલ. આ કામે આંક–૧૩૮ ની ફરિયાદ જોઈએ તો, આ ફરિયાદ શ્રી એમ.એમ.ગીલાતર, પી.આઈ. કામરેજ દ્વારા તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સ્મીમેર હોસ્પિટલ ખાતે ૨૩:૩૦ કલાકે એટલે કે, રાત્રે ૧૧:૩૦ વાગ્યે લેવામાં આવેલ છે. આમ, ઈજાગ્રસ્ત ફરિયાદીની ફરિયાદ તાત્કાલિક હોસ્પિટલમાં લેવામાં આવેલ છે અને તેમાં કોઈ જ વિલંબ થયેલ નથી, તે જોતાં પણ ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં થયેલ વિલંબ, ફરિયાદ નોંધાયાના સમય અંગે પણ, બચાવ પક્ષને કોઈ પૂર્વગ્રહ ઉપસ્થિત કરતો નથી.

(૨૩) એ નોંધવું પણ અસ્થાને નથી કે, કઈ રીતે ગુનો બનેલ, તે અંગે નજરે જોનાર શાહેદોનો પુરાવો તથા અનાયાસે બનાવવાળા સ્થળ પર આવી ગયેલ ચાન્સ વિટનેશ રાહુલ મનજીભાઈ ઉકાણી કે જેઓએ તેમના મોબાઈલમાં બનાવના બે વિડીયો રેકર્ડ કરેલ, જે મોબાઈલ તથા તેમાંની બે વિડીયો ક્લીપ્સ પણ આ કામે આંક-૧૪૫ થી રજૂ થયેલ છે, જે જોતાં પણ મરનાર ગ્રીષ્માબેનનું મૃત્યુ અકુદરતી હતું, તેવું પુરવાર થાય છે. આ સંજોગોમાં મરનારના મૃત્યુ બાદ લાશને હોસ્પિટલે ખસેડ્યા પછી ઈન્કવેસ્ટ પંચનામું કરવાથી બચાવ પક્ષને કોઈ પૂર્વગ્રહ થતો નથી તેવું સ્પષ્ટ જણાય છે. નોંધપાત્ર રીતે આંક-૮૨ ના ઈન્કવેસ્ટ પંચનામામાં મરનારને એકમાત્ર ગળા પર થયેલ મુખ્ય ઈજા દર્શાવવામાં આવેલ છે અને તે જ મૃત્યુનું કારણ હોવાનો પ્રાથમિક અભિપ્રાય આપવામાં આવેલ છે, જેને તબીબ શાહેદે શબ પરીક્ષણ કર્યા બાદ પણ સમર્થન આપેલ છે. તે જોતાં પણ, સી.એચ.સી. કામરેજ ખાતે તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારે ૯:૦૦ થી ૯:૪૫ વાગ્યા દરમ્યાન ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલ, તે કારણે બચાવ પક્ષને કોઈ પૂર્વગ્રહ થતો નથી.

(૨૪) આ કામે મરનાર ગ્રીષ્માબેનની લાશના શબ પરીક્ષણ સંબંધે ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવો જોવામાં આવે તો **શાહેદ નં.૭૨** તરીકે તપાસવામાં આવેલ **તપાસ કરનાર અધિકારી મહેશકુમાર મંગાભાઈ ગીલાતરે** તેમની **આંક-૨૫૫** ની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમણે મરનાર ગ્રીષ્માબેનની લાશ પર તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ કલાક ૯:૦૦ થી ૯:૪૫ વાગ્યા દરમ્યાન ઈન્કવેસ્ટ પંચનામું કરેલ અને

ત્યાર બાદ મરણોત્તર ફોર્મ સાથે પેનલ ડૉક્ટરથી લાશનું શબ પરીક્ષણ કરવા માટે તેમજ મરનારની લાશમાંથી લોહીના નમૂના લેવાની વિનંતી સાથે એક યાદી કરેલ. ફરિયાદ પક્ષે આ યાદી આંક–૧૨ થી રજૂ કરેલ છે. આ યાદી જોતાં એવું જણાય છે કે, તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરે આ બનાવની સંક્ષિપ્તમાં હકીકત જણાવી, મરનાર ગ્રીષ્માબેનની લાશ સી.એચ.સી. ના પી.એમ. રૂમમાં રાખવામાં આવેલ હોઈ, પેનલ ડૉક્ટરશ્રી સાથે તેનું શબ પરીક્ષણ કરી, શબ પરીક્ષણ અહેવાલ આપવા તેમજ મરનારના લોહીના નમૂના લેવા માટે મેડીકલ ઓફિસરશ્રી, કામરેજ પી.એચ.સી., વાવ, તા.કામરેજને વિનંતી કરેલ છે. આંક–૧૨ ના આ પત્રમાં, આ પત્ર આ જ દિવસે એટલે કે તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ મેડીકલ ઓફિસરશ્રી, કામરેજ પી.એચ.સી., વાવ તા.કામરેજને મળી ગયા અંગેનો શેરો પણ જણાય છે.

(૨૫.૧) ફરિયાદ પક્ષે મરનારની લાશનું શબ પરીક્ષણ કરનાર **ડૉ.સંદીપ ગોરધનભાઈ પાનસુરીયા**ને **શાહેદ નં.૧** તરીકે **આંક–૧૧** થી તપાસેલ છે. આ શાહેદનો પુરાવો મરનાર ગ્રીષ્માબેનના મૃત્યુના કારણ અંગે અત્યંત મહત્વનો પુરાવો છે, આથી તેમના પુરાવાની સવિસ્તર નોંધ કરવી ઉચિત જણાય છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને ૨૦૧૯ થી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, વાવ, તા. કામરેજ ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે; તેમની ફરજમાં સરકારના રાષ્ટ્રીય કાર્યક્રમોનું અમલીકરણ, રોજનાં દર્દીઓને તપાસવા તેમજ જરૂર જણાયે દાખલ કરવા, મહીલા દર્દીના કિસ્સામાં પ્રસૃતિ કરાવવા તથા તેમના કાર્ય વિસ્તારમાં આવેલ કોઈ પણ

એમ.એલ.સી. પેશન્ટની જરૂરી કાર્યવાહી તથા શબ પરીક્ષણ કરવાનો સમાવેશ થાય છે; તેમણે આજ સુધીમાં આશરે ૭૦ થી ૮૦ શબ પરીક્ષણ કરેલા હશે.

(૨૫.૨) આ તબીબ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ રવિવાર હોઈ, તેઓ ઘરે હતા; ત્યારે સવારના ૯ઃ૩૦ વાગ્યે તેમની પર પોલીસ કોન્સ્ટેબલનો ફોન આવેલો અને તેમને શબ પરીક્ષણ કરવાનું છે તેવી જાણ કરેલી; આથી તેઓ ૧૦ઃ૩૦ વાગ્યે સી.એચ.સી., કામરેજ ખાતે પહોંચેલ; જ્યાં પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એમ.ગીલાતર, મરણ જનાર ગ્રીષ્માબેન નંદલાલભાઈ વેકરીયાની લાશ શબ પરીક્ષણ માટે તેમની સમક્ષ લાવેલા; પોલીસ ઈન્સ્પેક્ટરે તેમને શબ પરીક્ષણ માટે એક યાદી આપેલી, જે યાદી તેમણે આંક–૧૨ થી રજૂ કરેલ છે. આંક–૧૨ ની આ યાદીની હકીકતોનો મેં અગાઉ વિગતવાર ઉલ્લેખ કરેલ હોઈ, તેનું અત્રે પુનરાવર્તન કરવું જરૂરી નથી. આ શાહેદે ત્યાર બાદ જણાવેલ છે કે, મરનારની લાશ તેમની હોસ્પિટલમાં તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે આશરે ૬ઃ૦૦ કલાકે આવી ગયેલ; તેમણે તથા તેમની સાથેના ડૉ.પરેશ ટેલરે પેનલમાં આ લાશનું શબ પરીક્ષણ તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારે ૧૦ઃ૩૦ વાગ્યે શરૂ કરેલ અને બપોરે ૧૨ઃ૩૭ વાગ્યે પૂર્ણ કરેલ; આ શબની ઓળખ બાવચંદભાઈ કાનજીભાઈ કાનાણી, ઉં.૬૬ વર્ષ નાએ કરેલ; આ શબ ૨૧ વર્ષની સ્ત્રીનું હતું; જેના શરીર ઉપર બ્લુ અને કાળા કલરનું ટોપ, કાળા કલરનું કુલ જીન્સ, કાળા કલરની ઈનર બ્રા અને ગ્રે કલરનું અંડરવેર હતું; શબના ડાબા હાથની રીંગ ફીંગર ઉપર એક વિંટી હતી અને નાકમાં એક નથડી

હતી; શબના શરીર પરનું ટોપ આખું લોહીથી ભીંજાઈ ગયેલ હતું; લોહી સિવાય બીજા કોઈ ડાઘ જોવા મળેલ ન હતા; શબ ઉપર કોઈ ટેટુ માર્ક ન હતા; કોઈ ડીફોરમીટી ન હતી તથા કોઈ જૂના રૂઝાયેલા ઘા પણ ન હતા; આ શબ ઓળખાયેલું હતું; આ શબ પાતળા બાંધાનું હતું અને ઠંડુ હતું; રાઈગર મોર્ટીસ આખા શરીર પર હતું; આ શબ કોઈ જગ્યાએથી કાળું પડેલ ન હતું; પોસ્ટમોર્ટમ લીવીડીટી સમગ્ર શરીરનાં ડીપેન્ડન્ટ ભાગ પર જોવા મળેલી; શબના દેખાવમાં બંને આંખો અર્ધખુલ્લી હતી; મોઢું અર્ધખુલ્લું હતું; દાંત દેખાતા હતા અને જીભ મોંઢાની અંદર હતી તથા આ શબના ગુપ્ત ભાગે કોઈ ઈજા જોવા મળેલી નહીં . તેમણે વિશેષમાં જણાવેલ છે કે, આ શબનું બાહ્ય પરીક્ષણ કરતાં નીચે મુજબની ઈજાઓ જોવા મળેલઃ-

**ઈજા નં.૧** ૧૫ સે.મી. x ૨ સે.મી. નાં માપનો અને ૧ સે.મી. ઉંડો લાલ કલરનો એક ઈન્સાઈઝડ કટ વુન્ડ ગળાની જમણી બાજુ જણાયેલ; ઘાનો ડાબો ભાગ જડબાની મધ્યથી શરૂ થઈ મેસ્ટોઈડના મધ્ય ભાગ સુધી જમણી તરફ કાન સુધી જતો હતો; આ ઈજાનું ડીપ એક્ઝામીનેશન કરતા સ્કીન, સબક્યુટેનીયસ ટીશ્યુ તથા સ્નાયુ પર ઈન્સાઈઝડ કટ હતો તથા ટ્રેકીયાની મધ્યમાં ૩ સે.મી. x ૧ સે.મી. x ૦.૫ સે.મી. નો કપાયેલો ઘા હતો તથા તમામ સબક્યુટેનીયસ ટીશ્યુ, સ્નાયુ અને ટ્રેકીયા કપાયેલા હતા;

**ઈજા નં.૨** એક ૧.૫ સે.મી. માપનો લાલ કલરનો ઉઝરડો ડાબા હાથની હથેળીના પાછળના ભાગે હતો;

(૨૫.૩) આ તબીબ શાહેદે વધુમાં જણાવેલ છે કે, મરનારને કોઈ અસ્થીભંગ જોવા મળેલ નહીં; આ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી; આ ઈજાનો લાલ કલર જોતા તે ૧૮ થી ૨૪ કલાક પહેલાં થયેલ હોઈ શકે; શબની આંતરીક તપાસ કરતા માથામાં ત્વચા નીચે કોઈ ઈજા જોવા મળેલી નહીં; ખોપરીમાં કોઈ અસ્થીભંગ જોવા મળેલ નહીં; બ્રેઈન કંજસ્ટેડ હતું તથા સંકોચાઈ ગયેલું હતું; શબની છાતીની તપાસ કરતા કોઈ પાંસળીનો અસ્થીભંગ જોવા મળેલો નહીં; ફેંફસાનો પદડો કંજસ્ટેડ હતો; શ્વાસનળીની તપાસ કરતા ટ્રેકીયા ઉપર સ્કીન, સબક્યુટેનીયસ ટીશ્યુ અને મશલ્સ પર ૩ સે.મી. x ૧ સે.મી. x ૦.૫ સે.મી. ના માપનો એક ઈન્સાઈઝડ કટ વુન્ડ હતો, જે ટ્રેકીયાના મધ્ય ભાગે હતો.

(૨૫.૪) તેમણે વિશેષમાં જણાવેલ છે કે, બંને ફેંફસાઓ કન્જસ્ટેડ હતા અને તેને કાપો મૂકતા લાલ કલરનું પ્રવાહી લોહી બહાર આવતું હતું; હૃદયનું આવરણ કન્જસ્ટેડ હતું; હૃદયના ડાબા વેન્ટ્રીકલમાં લોહીના ગઠ્ઠા હતા; તમામ મુખ્ય રક્તવાહીનીઓ સંકોચાયેલી હતી; પેટની અંદર ત્વચાનું આવરણ સામાન્ય હતું, પેટનું પોલાણ ખાલી હતું અને તેમાં કોઈ લોહીનો ભરાવો ન હતો; મોઢું ખુલ્લું હતું; જીભ મોઢાના પોલાણની અંદર હતી અને ફીક્કી પડી ગયેલ હતી; હોજરીમાં અર્ધ પચેલ ખોરાક જોવા મળેલો; નાના આંતરડામાં કોઈ દુર્ગંધ આવતી ન હતી; મોટું આંતરડું સહેજ પહોળું થયેલ હતું અને તેમાં ગેસ અને મળની હાજરી જોવા મળેલી;

યકૃત કન્જસ્ટેડ અને ફીક્કું હતું; અન્નાશય, બરોળ તથા મૂત્રપીંડો કન્જસ્ટેડ હતા; બ્લેડરમાં પેશાબની હાજરી જણાયેલ; જનન્નેદ્રીયોમાં બાહ્ય કે આંતરીક કોઈ ઈજા જણાયેલ નહીં; શબના કરોડના ભાગે કોઈ ઈજા ન હતી. તેમણે વધુમાં જણાવેલ છે કે, આ લાશના શબ પરીક્ષણ દરમ્યાન કાચની પારદર્શક શીશીમાં લોહી તથા ઈ.ડી.ટી.એ. બલ્બના નમૂનાઓ લઈ સીલબંધ હાલતમાં પોલીસને સુપ્રત કરેલા; આ લાશ પરથી લીધેલ લોહીનો નમૂનો કેમીકલ એનાલીસીસ, બ્લ્ડ ગૃપીંગ, ક્રોસ મેચીંગ, મીસ મેચીંગ તથા ડી.એન.એ. ટેસ્ટીંગ માટે લેવામાં આવેલ; તેમના અભિપ્રાય મુજબ, મરનારનું મૃત્યુ ગળા પરની ઈજાના કારણે શ્વાસ રૂંધાવાથી થયેલ હતું. આ શાહેદે વધુમાં જણાવ્યા મુજબ, તેમણે અને તેમના સાથી ડૉકટરે મરનાર ગ્રીષ્માબેનની લાશનું શબ પરીક્ષણ કર્યા બાદ શબ પરીક્ષણ અહેવાલ તૈયાર કરેલો, જે શબ પરીક્ષણ અહેવાલમાં તેમના હસ્તાક્ષર, બંને તબીબોની સહી, હોદ્દાનો સિક્કો તેમજ પી.એચ.સી. વાવ, તા.કામરેજનું સીલ ઓળખી બતાવી આંક–૧૩ થી રજૂ કરેલ છે.

(૨૫.૫) સદર શાહેદે મરનારને થયેલ ઈજાઓ સંબંધે જણાવેલ છે કે, આ ઈજાઓ કુદરતના સામાન્ય ક્રમમાં કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ નીપજાવવા માટે પૂરતી હતી; આ ઈજાઓ ધારદાર હથિયારો જેવા કે ચપ્પુ, તલવાર વગેરેથી થઈ શકે તેવી હતી. સદર શાહેદે મુદ્દામાલ આર્ટીકલ નં.૧૬ નું ચપ્પુ જોઈને જણાવેલ છે કે, આ હથિયારથી મરનારને થયેલ ઈજા શક્ય છે.

(૨૫.૬) આ શાહેદની બચાવ પક્ષે કરેલ ઊલટતપાસમાં તેમણે સ્વીકારેલ છે કે, પોલીસ દ્વારા તેમને શબ પરીક્ષણ માટે યાદી આપવામાં આવેલ, તેની સાથે ઈન્કવેસ્ટ પંચનામું પણ મળેલ. આ શાહેદે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, શરીરને મળતા ઓક્સીજનનો ૨૦ ટકા ભાગ મગજમાં વપરાય છે; શ્વાસ બંધ થયા પછી ૩ થી ૭ મિનિટમાં મગજ મૃત્યુ પામે; મગજ મૃત્યુ પામે ત્યાર બાદ પણ હૃદય આશરે અડધો કલાક સુધી ધબકે; શ્વાસ બંધ થઈ ગયા પછી હૃદયના ધબકારા ચાલુ રહે તો ફેંફસામાં, હૃદયમાં તથા શ્વસનતંત્રના બીજા અવયવોમાં ફ્લુઈડ રીટેન્શન થાય; ફેંફસામાં ફ્લુઈડ રીટેન્શન થાય ત્યારે તેનું વજન ૫૦૦ ગ્રામ સુધી વધી જાય તથા તેમના શબ પરીક્ષણ અહેવાલમાં તેમણે ફેંફસાનું વજન દર્શાવેલ નથી. આ શાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ૨ થી ૫ ટકા શબ પરીક્ષણમાં મૃત્યુનું કારણ જાણી શકાતું નથી, તેવા કિસ્સામાં શબ પરીક્ષણ કરનાર તબીબની અપૂરતી તાલીમ જવાબદાર હોય છે. તેમણે વધુમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, શબ પરીક્ષણ અહેવાલના પાના નં.૫ ની કોલમ નં.૨૦(જ) માં હૃદયનું વજન દર્શાવેલ નથી, જેનું કારણ પૂછતાં તેમણે જણાવેલ છે કે, આ કિસ્સામાં મૃત્યુનું કારણ સ્પષ્ટ થયેલ હોઈ, તેમણે હૃદયનું વજન દર્શાવેલ નથી. તેમણે વધુમાં જણાવેલ છે કે, ટ્રેકીયા એટલે કે શ્વાસનળી બંને ફેંફસાઓ સાથે જોડાયેલી હોય છે. તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, તે અલગ–અલગ ફેંફસા સાથે અલગ–અલગ રીતે જોડાયેલ હોય તેવું નથી, પરંતુ તે એક જ અંગ છે કે જે બંને ફેંફસા સાથે જોડાયેલ હોય છે. આ શાહેદે એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, મરનારના શબ પર કાદવ કે રેતીના કોઈ કણ જણાયેલા નહીં; શબ પર આંગળીઓના નખો વડે ઈજા થયેલ હોય તેવી

કોઈ ઈજા જણાયેલ ન હતી. આ તબીબ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમણે શબ ઉપર મૃત્યુ પહેલાંની અને મૃત્યુ પછીની ઈજાઓ અલગ પાડવા કોઈ પ્રયત્ન કરેલ નહીં, કારણ કે શબ પરની ઈજાઓ મૃત્યુ પહેલાની જ હતી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, કોઈ શબ પોસ્ટમોર્ટમ રૂમમાં ૧૫ કલાક સુધી પડી રહે તો તેની ઈજાઓનાં માપ મોટા થાય. આ શાહેદે વધુમાં સ્વીકારેલ છે કે, તેમણે દર્શાવ્યા મુજબની ઈજાઓ અન્ય રીતે પણ થઈ શકે, જેમાં ધારદાર પદાર્થથી મશીનરીથી પણ થઈ શકે. તેમણે બચાવ પક્ષના સૂચક પ્રશ્નના જવાબમાં જણાવેલ છે કે, એવું જરૂરી નથી કે, એક વાર ચાકુ ફેરવવાથી તેમણે શબ પરીક્ષણ અહેવાલમાં દર્શાવેલ ઈજા ન થઈ શકે અને તેના માટે એકથી વધુ વાર ચાકુ ફેરવવું જરૂરી બને. આ શાહેદે તેમની જુબાનીના અંતમાં જણાવેલ છે કે, તેમણે શબ પરીક્ષણ અહેવાલમાં ગળા પરનો ઘા ડાબેથી જમણી તરફ જાય છે તેવું દર્શાવેલ છે, તે ઘાની દિશા દર્શાવેલ છે અને તે દિશામાં જ ઘા કરવામાં આવ્યો હશે, તેવું દર્શાવેલ નથી.

(૨૬) ઉપરોક્ત તબીબ શાહેદની જુબાની, આંક–૧૨ ની પોલીસ યાદી તથા આંક–૧૩ નો શબ પરીક્ષણ અહેવાલ જોતાં એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ. ગીલાતરે આંક–૧૨ થી મેડિકલ ઓફિસરશ્રીને મરનારની લાશનું શબ પરીક્ષણ કરી લોહીના નમૂના લેવા તેમજ શબ પરીક્ષણ અહેવાલ આપવા અને મૃત્યુના કારણ અંગે અભિપ્રાય આપવા લખેલ પત્ર આધારે તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ રવિવારે ઉપરોક્ત તબીબ શાહેદ તથા ડૉ.પરેશ ટેલર દ્વારા પેનલમાં મરનાર ગ્રીષ્માબેનની લાશનું શબ પરીક્ષણ કરવામાં

આવેલ. આ તબીબ શાહેદની જુબાનીમાં એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, મરનારની લાશ તેમની હોસ્પિટલમાં તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના આશરે ૬:૦૦ વાગ્યા પછી આવી ગયેલ અને આ લાશનું શબ પરીક્ષણ તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યાથી બપોરે ૧૨:૩૭ વાગ્યા દરમ્યાન કરવામાં આવેલ. આ શાહેદની જુબાનીથી એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, આ શબની ઓળખ બાવચંદભાઈ કાનજીભાઈ કાનાણીએ આપેલ; શબ પરના કપડામાં બ્લુ કલરનું ટોપ, કાળા કલરનું જીન્સ પેન્ટ તથા આંતર વસ્ત્રોમાં સ્લેટીયા કલરની નીકર અને કાળા કલરની બ્રા હતી, જે પૈકી ટોપ આખું લોહીથી ભીંજાઈ ગયેલ હતું. આ શાહેદની જુબાની સાથે આંક–૧૩ નો શબ પરીક્ષણ અહેવાલ વંચાણે લેતાં એવું સ્પષ્ટ થાય છે કે, મરનારની લાશ પર ૧૫ સે.મી. x ૨ સે.મી. નાં માપનો અને ૧ સે.મી. ઉંડો લાલ કલરનો એક ઈન્સાઈઝડ કટ વુન્ડ ગળાની જમણી બાજુ જણાયેલ; જે ઘાનો ડાબો ભાગ જડબાની મધ્યથી શરૂ થઈ મેસ્ટોઈડના મધ્ય ભાગ સુધી જમણી તરફ કાન સુધી જતો હતો; સબક્યુટેનીયસ ટીશ્યુ તથા સ્નાયુ પર ઈન્સાઈઝડ કટ હતો તથા ટ્રેકીયાની મધ્યમાં ૩ સે.મી. x ૧ સે.મી. x ૦.૫ સે.મી. નો કપાયેલો ઘા હતો તથા તમામ સબક્યુટેનીયસ ટીશ્યુ, સ્નાયુ અને ટ્રેકીયા કપાયેલા હતા. આ ઈજા મરનારના મૃત્યુ માટે મુખ્ય કારણભુત ઈજા હતી. આ ઉપરાંત મરનારના લાશ પરની બીજી ઈજામાં ૧.૫ સે.મી. માપનો લાલ કલરનો ઉઝરડો ડાબા હાથની હથેળીના પાછળના ભાગે હતો. આ તબીબ શાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, ઉપરોક્ત બંને ઈજાઓ મૃત્યુ પહેલાંની હતી, જેનો લાલ કલર જોતાં તે ૧૮ થી ૨૪ કલાક પહેલાંની હતી, આ ઈજાઓ ચપ્પુ કે તલવાર જેવા તિક્ષ્ણ

હથિયારથી થઈ શકે તેવી હતી તેમજ તેમને મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ વાળું ચપ્પુ બતાવતા તેના વડે મરનારને થયેલ ઈજા શક્ય હતી, તેવો સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે. આ શાહેદની સોગંદ પરની જુબાની, આંક-૧૩ થી રજૂ થયેલ શબ પરીક્ષણ અહેવાલ સાથે સંપૂર્ણપણે સુસંગત છે. આ શાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઊલટતપાસ જોતાં તેમણે એકમાત્ર મહત્વની એ હકીકત સ્વીકારેલ છે કે, આ પ્રકારની ઈજા ધારદાર પદાર્થથી કે મશીનરીથી પણ થઈ શકે. જો કે આ કામે રજૂ થયેલ સમગ્ર પુરાવામાં કે અન્ય કોઈ શાહેદની જુબાનીમાં આ પ્રકારની સંભવિતતા રેકર્ડ પર આવતી નથી. આ સંજોગોમાં એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, મરનારનું મૃત્યુ તેના ગળાના ભાગે સંપૂર્ણ ટ્રેકીયા કપાઈ જાય તે રીતે ગળું કાપી નાંખવાથી થયેલ ઈજાના કારણે, શ્વાસ રૂંધાઈ જવાના કારણે થયેલું. આ સંબંધે એ હકીકત નોંધપાત્ર છે કે, આંક-૮૨ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ શાહેદ સોનલબેન વિજયભાઈ રાણપરીચા કે જેઓ આ કામના નજરે જોનાર શાહેદ પણ છે, તેમનો બનાવ સંબંધે પુરાવો અત્યંત સ્પષ્ટ છે અને મરનારના ગળા પર ચાકુથી થયેલ ઘા તેણીએ તેમની જુબાનીમાં ઓળખી બતાવેલ છે, જેનો ઉલ્લેખ આંક-૮૨ ના ઈન્કવેસ્ટ પંચનામામાં પણ થયેલ છે. ફરિયાદ પક્ષે રજૂ કરેલા ઉપરોક્ત તમામ દસ્તાવેજી પુરાવા તથા શાહેદ નં.૭૨ તરીકે તપાસવામાં આવેલ તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતર, ઈન્કવેસ્ટ પંચનામાના બંને પંચ શાહેદો – શાહેદ નં.૧૮ વિજયભાઈ પરષોત્તમભાઈ રાણપરીયા, શાહેદ નં.૨૮ સોનલબેન વિજયભાઈ રાણપરીયા તથા શાહેદ નં.૧ શબ પરીક્ષણ કરનાર તબીબી અધિકારી ડૉ. સંદીપ ગોરધનભાઈ પાનસુરીયા નાઓના સોગંદ પરના પુરાવાની સાથોસાથ

બચાવ પક્ષની ઊલટતપાસ પણ ગણનામાં લેતાં એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, મરનારનું મૃત્યુ કુદરતી ન હતું, બલ્કે, સંપૂર્ણ ટ્રેકીયા કપાઈ જાય તે રીતે ધારદાર હથિયારથી તેનું ગળું કાપી નાંખવાના કારણે, શ્વાસ રૂંધાઈ જવાના કારણે થયેલું, આ સંજોગોમાં મરનારનું મૃત્યુ તેની હત્યાના કારણે એટલે કે મનુષ્યવધના કારણે થયેલ હોવાનું ફરિયાદ પક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે.

(૨૭) બચાવ પક્ષે વિ.વકીલશ્રી શેખે મરનાર ગ્રીષ્માબેનનું શબ સી.એચ.સી. કામરેજ ખાતે પહોંચાડ્યાના સમય અંગે રેકર્ડ પર આવેલ એક વિરોધાભાસ પર આ કોર્ટનું ધ્યાન દોરેલ છે. તેમણે આ સંદર્ભે આ કોર્ટનું ધ્યાન **શાહેદ નં.૬૯** તરીકે તપાસવામાં આવેલ **શૈલેષભાઈ કરસનભાઈ ખોડીફાડ**ની **આંક-૨૪૯** ની સોગંદ પરની જુબાની પર દોરી જણાવેલ છે કે, આ શાહેદે તેમની સરતપાસના પૅરેગ્રાફ-૩ માં એવું જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ ૧૦૮ એમ્બ્યુલન્સમાં ફરજ પર હતા, ત્યારે ૧૮ઃ૩૪ કલાકે એટલે કે સાંજે ૬ઃ૩૦ વાગ્યા પછી પાસોદરા પાટીયા પાસે ચાકુ મારી દેવાથી સ્ટેબ વુન્ડ થયેલ છે, તેવો મેસેજ મળતા તેઓ તેમના પાઈલોટ આનંદકુમાર ભારથી સાથે બનાવના સ્થળ પર ૧૮ઃ૪૧ વાગ્યે પહોંચેલા, ત્યારે ત્યાં એક સ્ત્રી લોહીલુહાણ હાલતમાં બેહોશ પડેલી, તેનાં પલ્સ અને વાઈટલ ચેક કરતા તે મૃત્યુ પામેલ હોવાનું જણાયેલ. આમ, આ શાહેદની જુબાની જોતાં તેમને સાંજે ૬ઃ૩૦ વાગ્યા પછી મેસેજ મળેલ છે અને તેઓ સાંજે ૬ઃ૪૧ વાગ્યે બનાવના સ્થળે પહોંચેલ છે, ત્યારે મરનાર ગ્રીષ્માબેનની લાશ બનાવના સ્થળ પર પડેલ હતી, તેવું રેકર્ડ પર આવે છે, જ્યારે ફરિયાદ

પક્ષે શાહેદ નં.૧ તરીકે તપાસવામાં આવેલ ડૉ.સંદીપ ગોરધનભાઈ પાનસુરીયાએ તેમની જુબાની દરમ્યાન આંક–૧૩ થી રજૂ કરેલ શબ પરીક્ષણ અહેવાલ જોતાં તેમાં તેમણે દર્શાવેલ છે કે, કામરેજ સી.એચ.સી. ખાતે મરનાર ગ્રીષ્માબેન નંદલાલભાઈ વેકરીયાનું શબ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬ઃ૦૦ કલાકે આવી ગયેલ. વિ.વકીલશ્રી શેખના મતે આ એક મહત્વનો વિરોધાભાસ છે, જે કઈ વ્યક્તિનું શબ પરીક્ષણ થયેલ, તે અંગે શંકા ઉભી કરે છે. આ સંદર્ભે ફરિયાદ પક્ષે શાહેદ નં.૬૯ તરીકે તપાસવામાં આવેલ શૈલેષભાઈ કરસનભાઈ ખોડીફાડ કે જેઓ ૧૦૮ એમ્બ્યુલન્સના ઈમરજન્સી મેનેજમેન્ટ ટેક્નીશીયન છે, તેમની આંક–૨૪૯ ની જુબાની જોતાં, તેમણે એવું જણાવેલ છે કે, તેમને તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬ઃ૩૪ વાગ્યે મેસેજ મળતાં તેઓ બનાવવાળા સ્થળે સાંજે ૬ઃ૪૧ વાગ્યે પહોંચેલ, ત્યારે લોહીલુહાણ હાલતમાં મળેલ સ્ત્રીને તેમણે તપાસતા તે મૃત્યુ પામેલ હોવાનું જણાયેલ તથા આ સ્ત્રીને ગળાનાં ભાગે વધુ પડતા ચાકુનાં ઘા માર્યા હોય તેવું લાગેલ. આ શાહેદે વધુમાં એવું પણ જણાવેલ છે કે, સ્થળ પર બીજા બે દર્દીઓ હતા, જે પૈકી એક સુભાષભાઈ વેકરીયા કે જેમને પેટના ભાગે ચાકુ માર્યાની ઈજા હતી; તે ભાનમાં હતા, તેને ઈજાના ભાગે આંતરડુ બહાર આવી ગયેલ હતું; ત્યાં બીજા પણ એક દર્દી હતા, જેનું નામ ધ્રૂવ નંદલાલ વેકરીયા હતું, જેના માથાના ભાગે તથા જમણા હાથમાં વાગેલું હતું; તેઓએ આ બંને દર્દીઓને એમ્બ્યુલન્સમાં લઈ જઈ, ઈ.આર.સી.પી. થી તેઓની તાત્કાલિક સારવાર શરૂ કરેલ અને બાદમાં દર્દીઓને સ્મીમેર મેડીકલ હોસ્પિટલમાં લઈ ગયેલા. આ સંદર્ભે તેમણે આંક–૨૫૦ થી તેમનું હાજરી

પત્રક તથા લોગ બુક રજૂ કરેલ છે.

(૨૮) આમ, સાંજે ૬:૪૧ વાગ્યે મરનાર ગ્રીષ્માબેનની લાશ સ્થળ પર પડેલ હતી, તેવું આ શાહેદની જુબાની જોતાં રેકર્ડ પર આવે છે. આ સંબંધે ફરિયાદ પક્ષે શાહેદ નં.૭૨ તરીકે તપાસવામાં આવેલ તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરની આંક–૨૫૫ ની જુબાની જોવામાં આવે તો તેમણે પણ એવું જણાવેલ છે કે, તેઓ સાંજે ૬:૪૭ વાગ્યાની આસપાસ બનાવના સ્થળે પહોંચેલ અને મરનાર ગ્રીષ્માબેનની લાશ બનાવના સ્થળ પર પડેલ હોઈ, તેને સી.એચ.સી. કામરેજ ખાતે શબ પરીક્ષણ માટે મોકલી આપેલ. આ સંબંધે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧** તરીકે તપાસવામાં આવેલ **ડૉ.સંદીપ ગોરધનભાઈ પાનસુરીયા**ની **આંક–૧૧** ની સોગંદ પરની જુબાની તથા આંક–૧૩ થી રજૂ થયેલ શબ પરીક્ષણ અહેવાલ જોતાં તેમણે જણાવેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનનું શબ તેમની હોસ્પિટલમાં તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યે આવી ગયેલ. આમ, મરનાર ગ્રીષ્માબેનનું શબ સી.એચ.સી. કામરેજ ખાતે સાંજે ૬:૦૦ વાગ્યે આવી ગયેલ, તેવી તબીબ શાહેદ તરફે જણાવવામાં આવેલ હકીકત કાંઈક અંશે ભૂલભરેલી જણાય છે. બચાવ પક્ષે આ મહત્વનો વિરોધાભાસ હોવાની દલીલ કરી, કોની લાશનું શબ પરીક્ષણ કરવામાં આવ્યું, તે અંગે શંકા ઉપસ્થિત કરેલ છે. જો કે આ અંગે રેકર્ડ જોવામાં આવે તો, ઉપરોક્ત તબીબ શાહેદે શબ હોસ્પિટલમાં મળ્યા અંગેના સમયમાં જણાવેલ ભૂલ, તે એવો મહત્વનો વિરોધાભાસ જણાતો નથી કે જે ફરિયાદ પક્ષના કેસના મૂળ સુધી જતો હોય કે ફરિયાદ પક્ષના કેસ અંગે ગંભીર શંકા ઉભી કરતો હોય. હું પુનરાવર્તનનો દોષ વ્હોરીને એ

નોંધવું જરૂરી માનું છું કે, આ તબીબ શાહેદ ડૉ.સંદીપ ગોરધનભાઈ પાનસુરીયાની આંક–૧૧ ની સોગંદ પરની જુબાની સાથે આંક–૧૩ નો શબ પરીક્ષણ અહેવાલ જોવામાં આવે તો તેમાં સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે, મરનારની લાશની ઓળખ બાવચંદભાઈ કાનજીભાઈ કાનાણીએ કરેલ અને શબ ઓળખાયેલ હતું. આ હકીકત સ્પષ્ટ કરે છે કે, આ શબ કોઈ અજાણી વ્યક્તિનું ન હતું, બલ્કે તેની ઓળખ થયેલ હતી. એ પણ રેકર્ડ પર છે કે, અનાયાસે સ્થળ પર આવી ગયેલ શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીએ તેમના મોબાઈલમાં આ બનાવ બનતો હોવાના બે વિડીયો રેકોર્ડ કરેલ છે, જે અસલ મોબાઈલ તથા તેમાંની બે અસલ વિડીયો ક્લીપ્સ આ કોર્ટના રેકર્ડ પર આંક–૧૪૫ થી રજૂ થયેલ છે. આ બંને વિડીયો ક્લીપ્સ કઈ રીતે આ બનાવ બનેલ છે તે સંબંધે સ્વયં સ્પષ્ટ છે. હાલના તબક્કે માત્ર એટલું જ નોંધવું જરૂરી છે કે, તે વિડીયો ક્લીપ્સ જોતાં મરનાર ગ્રીષ્માબેનનું ગળું ચાકુથી કાપી નાંખવાના કારણે તેણી મૃત્યુ પામેલ હાલતમાં બનાવના સ્થળે પડેલ. તબીબ શાહેદની જુબાની તથા શબ પરીક્ષણ અહેવાલ પરથી એ હકીકત રેકર્ડ પર આવે છે કે, શબ પર બ્લુ કલરનું ટોપ અને કાળા કલરનું જીન્સ હતું તથા આંતરવસ્ત્રોમાં સ્લેટીયા કલરની નીકર તથા કાળા કલરની બ્રા હતી. આ હકીકતને આ બનાવના જ એક નજરે જોનાર શાહેદ અને ઈન્કવેસ્ટ પંચનામાના સ્ત્રી પંચ એવા સોનલબેન વિજયભાઈ રાણપરીયાની આંક–૧૩૪ ની જુબાનીથી સંપૂર્ણ સમર્થન મળે છે. તેણીએ તથા તેના પતિ વિજયભાઈ પરષોત્તમભાઈ રાણપરીયાએ મરનાર ગ્રીષ્માબેનની લાશ ઓળખી બતાવી એવો સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, ઈન્કવેસ્ટ સમયે મરનારના ગળા પર મોટો ઘા દેખાતો હતો અને તે ભાગ સુજી ગયેલ હતો તેમજ પંચ

શાહેદ સોનલબેને મરનાર ગ્રીષ્માબેનના ઉપર મુજબના કપડાં પણ ઓળખી બતાવેલ છે. આમ, સી.એચ.સી. કામરેજ ખાતે શબ પરીક્ષણ માટે મોકલવામાં આવેલ શબ આ બનાવમાં મરણ જનાર ગ્રીષ્માબેન નંદલાલભાઈ વેકરીયાનું જ હતું અને ઈન્કવેસ્ટ પંચનામાના પંચોને મરનાર ગ્રીષ્માબેનનું મૃત્યુ, તેના ગળા પર થયેલ ચાકુના ઘાના કારણે થયેલાનું જણાયેલ, તે હકીકત નિર્વિવાદ બને છે. આંક-૧૩ ના શબ પરીક્ષણ અહેવાલની અન્ય વિગતોનો ઉલ્લેખ મેં અગાઉ કરેલ છે, તે મુજબ તબીબ શાહેદે પણ સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે કે, મરનારનું મૃત્યુ તેના ગળા પર થયેલ ઈજાના કારણે અને ખાસ કરીને ટ્રેકીયા કપાઈ જવાના કારણે શ્વાસ રૂંધાવાથી થયેલ, જે ઈજા ચાકુ કે તલવાર જેવા તિક્ષ્ણ હથિયારથી થઈ શકે તેવી હતી અને મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ ના ચપ્પુથી આવી ઈજા શક્ય હોવાનું જણાવેલ છે. આ તબીબ શાહેદે એવું પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ ઈજાનો લાલ કલર જોતાં તે ૧૮ થી ૨૪ કલાક પહેલાં થયેલ હોઈ શકે. આ તમામ હકીકતોને સમગ્રપણે એટલે કે એકસાથે રાખી વંચાણે લેવામાં આવે તો, આ બનાવમાં મરણ જનાર ગ્રીષ્માબેનની લાશનું જ સી.એચ.સી. કામરેજ ખાતે ફરિયાદ પક્ષ તરફેના શાહેદ નં.૧ ડૉ.સંદીપ ગોરધનભાઈ પાનસુરીયાએ તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ શબ પરીક્ષણ કરેલ, તેવું નિઃશંકપણે પુરવાર થાય છે. આથી આ તબીબ શાહેદે તેમની હોસ્પિટલમાં શબ પહોંચ્યાનો સમય ભૂલભરેલો દર્શાવેલ છે, તે એક વિરોધાભાસ ચોક્કસ કહી શકાય, પરંતુ તે ફરિયાદ પક્ષના કેસ અંગે ઘાતક બને અથવા તો ફરિયાદ પક્ષના સમગ્ર કેસ અંગે શંકા ઉભી કરે, તેવું જણાતું નથી.

(૨૯) બચાવ પક્ષે વિ.વકીલશ્રી શેખે તેમની મૌખિક તથા આંક-૩૧૯ ની લેખિત દલીલમાં એવી પણ રજૂઆત કરેલ છે કે, શાહેદ નં.૧ તરીકે તપાસવામાં આવેલ ડૉ.સંદિપ પાનસુરીયા તેમની આંક-૧૧ ની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારે ૧૦ઃ૩૦ કલાકે કામરેજ સી.એચ.સી. ખાતે ફરજ પર પહોંચ્યા ત્યારે પી.આઈ. શ્રી એમ.એમ.ગીલાતર મરણ જનાર ગ્રીષ્માબેન નંદલાલભાઈ વેકરીયાનું શબ, શબ પરીક્ષણ માટે તેમની સમક્ષ લાવેલા. આ સંદર્ભે ફરિયાદ પક્ષે શાહેદ નં.૨૩ તરીકે તપાસવામાં આવેલ ગુનાવાળી જગ્યાના પંચ રાહુલભાઈ નંદલાલભાઈ કળથીયાની આંક-૧૦૭ ની જુબાની જોવામાં આવે તો તેમાં તેમણે જણાવેલ છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારના સાડા દસ વાગ્યાના અરસામાં તેમને પંચ તરીકે બોલાવેલા અને તેઓ ત્યાં ગયા ત્યારે પોલીસ અધિકારીશ્રી ગીલાતર સાહેબ ત્યાં હાજર હતા. આ હકીકતો જોતાં પી.આઈ. શ્રી એમ.એમ. ગીલાતર એક જ સમયે કુલ બે જગ્યા પર અને તે પણ બે જુદા જુદા ગામોમાં કઈ રીતે હાજર હોઈ શકે? બચાવ પક્ષની રજૂઆત મુજબ આ હકીકત ગંભીર શંકા ઉભી કરે છે. બચાવ પક્ષની આ રજૂઆત માત્ર શાહેદોની મૌખિક જુબાની આધારે હકીકતોને ટ્વીસ્ટ કરીને કરવામાં આવેલ હોય તેવું જણાય છે. આંક-૮૨ નું ઈન્કવેસ્ટ પંચનામું જોવામાં આવે તો તે તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારે ૯ઃ૦૦ થી ૯ઃ૪૫ સુધી થયાનું જણાય છે અને ડૉકટરે શબ પરીક્ષણ સવારે ૧૦ઃ૩૦ વાગ્યે શરૂ કર્યાનું જણાય છે. આ ઉપરાંત આંક-૧૦૮ નું ગુનાવાળી જગ્યાનું પંચનામું જોવામાં આવે તો તે ૧૦ઃ૪૫ થી ૧૨ઃ૪૦ સુધી થયાનું જણાય છે. આંક-૧૩૮ ની ફરિયાદમાં બનાવ બન્યો છે તે પાસોદરા પાટીયા

પાસે ખોલવડ ગામની હદમાં આવેલ લક્ષ્મીધામ સોસાયટીમાં બનેલ છે, જે કામરેજથી તદ્દન નજીકના અંતરે છે અને ત્યાંથી કામરેજ પોલીસ સ્ટેશન તથા સી.એચ.સી. પણ તદ્દન નજીકના અંતરે છે. આથી જ બનાવની જાણ થતાં જ પાંચ થી છ મિનિટમાં જ પોલીસ બનાવના સ્થળે પહોંચી ગયેલ હતી. આ સંજોગોમાં સવારે ૯ઃ૪૫ વાગ્યે ઈન્કવેસ્ટ પંચનામું પૂરુ થયા પછી પી.આઈ. શ્રી ગીલાતરે બનાવવાળી જગ્યાએ પહોંચ્યા પછી ૧૦ઃ૪૫ કલાકે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ તેવું જણાય છે. આંક–૧૧ ના ડૉ.સંદિપ પાનસુરીયાએ ૧૦:૩૦ કલાકે હોસ્પિટલે પહોંચ્યા ત્યારે પી.આઈ. શ્રી ગીલાતર મરનારનું શબ, શબ પરીક્ષણ માટે લાવેલ તેવું જણાવેલ છે. પરંતુ તેમણે શબ પરીક્ષણ કર્યું ત્યારે પણ પી.આઈ. ગીલાતર ત્યાં હાજર જ હતા તેવું જણાવેલ નથી. આ સંજોગોમાં બચાવ પક્ષે વધુ પડતો ટેકનીકલ અભિગમ રાખી આ દલીલ રજૂ કર્યાનું જણાય છે. હું ફરીથી નોંધું છું કે, આવા ટેકનીકલ અભિગમ આધારે વ્યક્ત કરાયેલ સમયનો તફાવત પણ ફરિયાદ પક્ષના સમગ્ર કેસ અંગે શંકા ઉભી કરે તેવો કે તાર્કીક સુદ્ધા જણાતો નથી. આ કોર્ટે શરૂઆતમાં જ નોંધેલ છે તે મુજબ, ફરિયાદ પક્ષના કેસ અંગે મહત્વની શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપી પક્ષને મળે, પરંતુ આવી શંકા તાર્કીક હોવી જોઈએ અને તે ફરિયાદ પક્ષના કેસના મૂળ સુધી જાય તેવી હોવી જોઈએ. બીજા શબ્દોમાં નાના–મોટા વિરોધાભાસ કોઈ પણ ભોગે આરોપીને મુક્ત કરવા માટે વાજબી શંકાનું સ્થાન લઈ શકે નહીં.

(૩૦) ઉપરોક્ત સમગ્ર ચર્ચા આધારે એ પુરવાર થાય છે કે , મરનાર ગ્રીષ્માબેનનું મૃત્યુ કુદરતી ન હતું, પરંતુ સંપૂર્ણ ટ્રેકીયા કપાઈ

જાય તે રીતે તિક્ષ્ણ હથિયાર વડે ગળું કાપી નાંખવાના કારણે શ્વાસ રૂંધાવાથી થયેલ છે, જે મરનાર ગ્રીષ્માબેનનું મૃત્યુ, તેની હત્યાના કારણે એટલે કે મનુષ્યવધના કારણે થયેલ હોવાનું સાબિત કરે છે. પરીણામે ઉપરોક્ત તમામ પુરાવાઓનું મૂલ્યાંકન અને વિશ્લેષણ કરતા આ કોર્ટ **મુદ્દા નં.૧** નો જવાબ '**હકાર**' માં આપે છે.

**<u>મુદ્દા નં.૨ અને ૩</u>**

(૩૧) આ કામે આરોપી સામે ફરમાવવામાં આવેલ આંક-૮ નું તહોમતનામું જોવામાં આવે તો તેમાં સૌપ્રથમ ચાર્જ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ મુજબનો એ રીતનો મૂકવામાં આવેલ છે કે, આરોપી ઘણા સમયથી મરનાર ગ્રીષ્માબેનને હેરાન કરતા હોઈ, મરનારના કુટુંબના સભ્યોએ આરોપીને તેમ ન કરવા સમજાવેલ, તેમ છતાં આરોપી સમજેલ નહીં અને મરનાર ગ્રીષ્માબેનને હેરાન કરવાનું ચાલું રાખેલ, આથી મરનાર ગ્રીષ્માબેને આરોપીની અવગણના કરતા આરોપીને પોતે અપમાનિત થયાનું લાગતા તેણે મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારને મારી નાંખવાના ઉદ્દેશથી એક ફુલપ્રુફ યોજના બનાવેલ અને તેના ભાગ રૂપે જ આ બનાવના દિવસે મરનારની કોલેજ પર રેકી કરેલ અને તેનો પીછો પણ કરેલ; ત્યાર બાદ બનાવના દિવસે સાંજે ૬:૦૦ વાગ્યે આરોપી, મરનાર રહેતા હતા તે લક્ષ્મીધામ સોસાયટી ખાતે બાઈક લઈને ગયેલ, જેની જાણ મરનાર ગ્રીષ્માબેને તેના પરીવારના સભ્યોને કરતા મરનારનો નાનો ભાઈ ધ્રુવ, તેના મોટા પપ્પા સુભાષભાઈ કે જેઓ તેમના ઘરની પાછળની જ શેરીમાં રહેતા હતા તેને બોલાવવા ગયેલ; ત્યાર બાદ મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈ તથા

નાના ભાઈ ધ્રુવ આરોપીને સમજાવવા માટે સોસાયટીના પ્રવેશ દ્વાર પાસે જતાં, આરોપીએ સીધો જ એક ચપ્પુનો ઘા સુભાષભાઈના પેટના ભાગે કરેલ અને મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ ધ્રુવને હાથમાં તથા માથામાં ચપ્પુથી જીવલેણ ઈજા પહોંચાડતા, તેઓને લોહીલુહાણ હાલતમાં ઘર તરફ આવતા જોઈને સામેથી દોડીને આવેલ મરનાર ગ્રીષ્માબેનને આરોપીએ ગળાના ભાગેથી પકડી, જાહેરમાં બેરહેમીથી તેનું ગળું કાપી નાંખેલ અને તેની હત્યા કરેલ. આ તહોમતનામાની વિગતો જોતાં એ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ સૌપ્રથમ મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈ તથા નાના ભાઈ ધ્રુવ પર જીવલેણ હુમલો કરેલ અને બાદમાં મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરેલ, જેથી આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબના ગુનાનું તહોમત મૂકવામાં આવેલ છે. આ બનાવના અનુસંધાને જ આરોપી સામે બીજું તહોમત ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ મુજબનું એ રીતનું મૂકવામાં આવેલ છે કે, આરોપીએ શાહેદ સુભાષભાઈ તથા ફરિયાદ ધ્રુવને મારી નાંખવાના ઈરાદે શાહેદ સુભાષભાઈના પેટના ભાગે ચપ્પુ મારી આંતરડા બહાર કાઢી નાંખી જીવલેણ ઈજા પહોંચાડેલ તથા ફરિયાદી ધ્રુવને પણ પેટ પર ચપ્પુનો ઘા મારવા જતા આ ધ્રુવે તે ચાકુ પકડી લેતાં તેનો હાથ કપાઈ ગયેલ અને તેને માથામાં પણ ચપ્પુથી ઘા કરી મારી નાંખવાની કોશીશ કરેલ. આ બંને તહોમતની હકીકત પરસ્પર સંકળાયેલ છે, જેથી પુરાવાની ચર્ચાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી તથા ચૂકાદામાં સાતત્યતા જળવાઈ રહે તે હેતુથી આ બંને મુદ્દાઓની ચર્ચા હું એકસાથે ધરવી ઉચિત માનું છું.

(૩૨) જો કે એકબીજા સાથે સંકળાયેલ આ બંને ઘટના પૈકી

મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈ તથા નાના ભાઈ ધ્રુવ વેકરીયા પર આરોપીએ ચપ્પુથી જીવલેણ હુમલો કરેલ, તે બનાવ પ્રથમ બનેલ અને ત્યાર બાદ બંને ઈજા પામનારાઓ સોસાયટીમાં તેમના ઘર તરફ જતા હતા, ત્યારે ઈજાગ્રસ્ત હાલતમાં ઈજા પામનારાઓને જોઈ મરનાર ગ્રીષ્માબેન, તેના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેન દોડીને આવતા આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને ગળાના ભાગેથી પકડી એક સાઈડ લઈ જઈ તેની હત્યા કર્યાના આક્ષેપ છે. તે જોતાં હું તે જ ક્રમમાં એટલે કે સૌપ્રથમ આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ મુજબના ગુનાના આરોપ સંબંધે ફરિયાદ પક્ષે રજૂ કરેલા પુરાવાનું મૂલ્યાંકન કરવું ઉચિત માનું છું.

(૩૩) આ કામે મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ ધ્રુવ નંદલાલભાઈ વેકરીયા, ઉં.૧૭ વર્ષ, ધંધોઃ અભ્યાસ, રહેવાસીઃ ૬૪, લક્ષ્મીધામ સોસાયટી, પાસોદરા પાટીયા, ખોલવડ ગામ, તા.કામરેજ, જિ.સુરત દ્વારા અપાયેલ ફરિયાદ આંક–૧૩૮ થી રજૂ થયેલ છે. આ અસલ ફરિયાદ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ કામરેજ પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી એમ.એમ.ગીલાતર દ્વારા કલાક ૨૩:૩૦ વાગ્યે લેવામાં આવેલ હોવાનું રેકર્ડ પરથી જણાય છે. સૌપ્રથમ આ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલ ફરિયાદી ધ્રુવ નંદલાલભાઈ વેકરીયાએ તેમની આંક–૧૩૮ ની ફરિયાદમાં જણાવેલ છે કે, તેઓ લક્ષ્મીધામ સોસાયટી ખાતે તેમના માતા–પિતા સાથે રહે છે અને તેઓ જે.બી.ડાયમંડ સ્કૂલમાં ધો.૧૨ માં અભ્યાસ કરે છે; તેમને એક બહેન ગ્રીષ્મા છે, જેની ઉંમર આશરે ૨૧ વર્ષ છે અને તે

અમરોલી કોલેજમાં અભ્યાસ કરે છે; તેમના પપ્પા હીરા ઘસવાનું કામ કરે છે તથા તેમના માતા વિલાસબેન ઘરકામ કરે છે; તેમના પિતા છેલ્લા આઠેક મહિનાથી સાઉથ આફ્રિકા ખાતે ગયેલ છે. બનાવ સંદર્ભે વિગત આપતા આ ફરિયાદી ધ્રુવે જણાવેલ છે કે, બનાવના દિવસે તેમની બહેન, તેમના માતા અને તેમની મોટી મમ્મીને વાત કરતી હતી કે, ફેનિલ પંકજભાઈ ગોયાણી (હાલના આરોપી) રહે.સાગર સોસાયટી, કાપોદ્રા નો છેલ્લા એક વર્ષથી તેને હેરાન કરે છે અને પાછળ પાછળ આવે છે; તેને મામાએ તથા પપ્પાના મિત્ર હરેશભાઈ કિકાણીએ અગાઉ પણ સમજાવેલ હતો, તેમ છતાં પણ તે હેરાન કરે છે, આજે પણ તે ગેઈટ પાસે આપી ઉભેલ છે, તેવી વાત કરતા આ ફરિયાદી ધ્રુવે તે વાત સાંભળેલ; આથી તેમણે તેમના મોટા પપ્પા સુભાષભાઈને વાત કરતા સાંજના આશરે છએક વાગ્યે તેઓ અને તેમના મોટા પપ્પા સુભાષભાઈ નાઓ સોસાયટીની બહાર આવી આરોપીને સમજાવવા ગયેલ અને કહેલ કે, 'તું કેમ ગ્રીષ્માને હેરાન કરે છે?' તેમ કહેતાં આરોપી ઉશ્કેરાઈને તકરાર કરવા લાગેલ અને તેણે તેમના મોટા પપ્પાને પેટના ભાગે ચપ્પુ મારી દીધેલ, જેથી તેઓ છોડાવવા જતાં તેમણે તે ચપ્પુ પકડી લીધેલ, જેથી તેમને જમણા હાથના ભાગે ચપ્પુ વાગી ગયેલ અને તે પછી તેણે તેમના માથાના ભાગે ચપ્પુ મારી દીધેલ; એટલામાં તેમની બહેન ગ્રીષ્મા તથા તેમના માતા દોડતા આવતા આરોપીએ તેમની બહેનને ગળામાંથી પકડી લઈને ગળા પર ચપ્પુ મૂકી દીધેલ, જેથી તેમની બહેને તથા તેઓએ ઘણી બૂમો પાડેલ, પણ આરોપીએ તેની બહેનને છોડેલ નહીં તેમજ બધા ગભરાઈ ગયેલ હોઈ કોઈ વચ્ચે પડેલ નહીં અને આરોપીએ તેમની બહેનનું ગળું ચપ્પુ વડે કાપી નાંખેલ અને પોતાના ખીસ્સામાંથી કોઈ ઝેરી

દવા જેવું બહાર કાઢી પી ગયેલ; ત્યાર પછી બધા માણસો દોડી આવતા તે તેમના ઘરની આગળ આવેલ ખુલ્લા પ્લોટ તરફ ભાગેલ, જેથી ત્યાં આગળ ઘણા માણસો તેને પકડવા દોડતા તથા પોલીસ પણ આવી જતાં તે જોઈ આરોપી પોતાના હાથે ચપ્પુ મારવા લાગેલ અને પોલીસે તેને પકડી લીધેલ; ત્યાર બાદ તેમની બહેનને જોતાં તે મૃત્યુ પામેલ હતી અને તેમને માથાના ભાગે તથા જમણા હાથે ઈજા થયેલ હોઈ અને તેમના મોટા પપ્પા સુભાષભાઈને પેટના ભાગે ઈજા થયેલ હોઈ, કોઈકે ૧૦૮ ને ફોન કરતા તેમના મોટી મમ્મી શોભનાબેને તેઓને ૧૦૮ માં બેસાડી સુરત સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરેલ છે.

(૩૪) આ ફરિયાદીએ તેમની ફરિયાદમાં વિશેષમાં જણાવેલ છે કે, આ ફેનિલ પંકજભાઈ ગોયાણી (હાલના આરોપી) તેમની બહેન ગ્રીષ્માને છેલ્લા એક વર્ષથી હેરાન કરતો હોઈ અને આજરોજ પણ તે તેમની સોસાયટીના ગેટ પર આવતા તેને તેઓ તથા તેમના મોટા પપ્પા કહેવા જતાં તેણે તેમની પર તથા તેમના મોટા પપ્પા સુભાષભાઈ પર જીવલેણ હુમલો કરી ઈજા પહોંચાડેલ હોઈ અને તેમની બહેનને ગળાના ભાગે ચપ્પુ મારી ગળુ કાપી નાંખી તેની હત્યા કરેલ છે. આ સંદર્ભે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ તથા ૩૦૭ મુજબનો આરોપ મૂકવામાં આવેલ છે.

(૩૫) હું સૌપ્રથમ ફરિયાદી ધ્રુવ તથા તેના મોટા પપ્પા સુભાષભાઈને મારી નાંખવાના ઈરાદે આરોપીએ ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી, તેઓને ગંભીર ઈજા પહોંચાડવાના આક્ષેપ અંગે ફરિયાદ પક્ષે

રેકર્ડ પર રજૂ કરેલ પુરાવાની ચર્ચા હાથ ધરીશ . આ સંબંધે સૌથી મહત્વના જો કોઈ શાહેદ હોય તો તે આ બંને ઈજા પામનારાઓ પોતે છે. આથી ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ ના આરોપ સંબંધે તેઓ બંને ઈજા પામનારાઓનો પુરાવો, નજરે જોનાર શાહેદોનો પુરાવો, તબીબી પુરાવો, પોલીસ શાહેદોનો પુરાવો તથા એફ.એસ.એલ. નો પુરાવો વગેરે મહત્વના ગણાય.

(૩૬) આ જ ક્રમમાં ફરિયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે તો, ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨૯** તરીકે **ફરિયાદી ધ્રુવ નંદલાલભાઈ વેકરીયા**ને **આંક–૧૩૭** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ બનાવમાં મરનાર ગ્રીષ્માબેન તેમની બહેન થતી હતી, જે ૨૧ વર્ષની હતી અને જે. ઝેડ. શાહ કોલેજ, અમરોલી ખાતે ભણતી હતી; તેઓ જે.બી. ડાયમંડ સ્કૂલમાં ધોરણ–૧૨ માં અભ્યાસ કરે છે; બનાવ વખતે તેમના ઘરમાં તેઓ, તેમના મમ્મી અને તેમની બહેન ગ્રીષ્મા રહેતા હતા; તેમના પપ્પા તે વખતે આફ્રીકા હતા. બનાવ સંદર્ભે તેમણે જણાવેલ છે કે, હાલનો બનાવ તારીખઃ ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૨ ના રોજ સાંજના આશરે છ થી સાડા છ વાગ્યે બનેલો; તેઓ તે વખતે તેમના ઘરે હતા; તે વખતે તેમના ઘરે રેણુકા આન્ટી કે જે તેમના પપ્પાના મિત્રના પત્ની છે તેઓ આવેલા; તે વખતે તેમની બહેન અને મમ્મી પણ ત્યાં જ હતા; તે વખતે તેમના મમ્મી અને ગ્રીષ્માબેન વાત કરતા હતા કે એક છોકરો ફેનિલ તેને એક વર્ષથી હેરાન કરે છે અને તે શેરીમાં આવીને ગેટ પાસે ઉભો છે; આથી તેમણે તેમની પાછળની શેરીમાં રહેતા તેમના મોટા પપ્પા સુભાષભાઈ વેકરીયાને બોલાવેલ અને તેઓ

તથા તેમના મોટા પપ્પા સુભાષભાઈ ફેનિલને સમજાવવા ગયેલા; તે વખતે ફેનિલ બાઈક ઉપર બેઠો હતો; તેને તેમના મોટા પપ્પાએ પૂછેલું કે, 'તું જ છે, જે ગ્રીષ્માને હેરાન કરે છે?' આથી આરોપીએ કંઈ જ વાતચીત કર્યા વગર તેમના મોટા પપ્પા સુભાષભાઈને પેટ પર છરી મારી દીધેલ; તેથી તેઓ અને તેમના મોટા પપ્પા ગભરાઈને તેમની શેરી તરફ પાછળ ભાગવા લાગેલા; આથી ફેનિલ તેમની પાછળ આવેલો અને તેણે તેમને માથામાં ડાબી તરફ કાનની ઉપરના ભાગે છરી મારી દીધેલી અને પેટ ઉપર મારવા ગયો, ત્યારે તેમણે હાથ વડે છરી પકડી લેતાં તેમને જમણા હાથમાં ઈજા થયેલી. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમના મોટા પપ્પાને ફેનિલે છરી મારેલી ત્યારે તેમના પેટના ભાગમાંથી અંદરના અવયવો બહાર આવવા લાગેલા.

(૩૭.૧) હવે આ જ સંદર્ભે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૦** તરીકે તપાસવામાં આવેલ **ઈજા પામનાર સુભાષભાઈ પરબતભાઈ વેકરીયા**ની **આંક–૧૪૦** ની સોગંદ પરની જુબાની જોવામાં આવે તો, આ શાહેદને વ્હીલચેરમાં કોર્ટ રૂબરૂ લાવવામાં આવેલ અને તેઓ ઉભા રહી શકે તેવી સ્થિતિમાં ન હોઈ, તેમને વ્હીલચેરમાં જ બેસાડી તેમની જુબાની નોંધવામાં આવેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ ૬૯, લક્ષ્મીધામ સોસાયટી, પાસોદરા પાટીયા, ખોલવડ મુકામે રહે છે. તેમના ઘરની આગળની શેરીમાં તેમના નાના ભાઈ નંદલાલભાઈ વેકરીયાનો પરીવાર રહે છે. આ બનાવમાં મરનાર ગ્રીષ્માબેન તે નંદલાલભાઈ વેકરીયાની દીકરી છે.

(૩૭.૨) બનાવ સંદર્ભે તેમણે પુરાવો આપેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે આશરે સાડા પાંચ વાગ્યે તેઓ સેવણી ગામ ખાતે આવેલ તેમની ગૌશાળાએથી ઘરે આવેલ, ત્યારે સાંજે આશરે છ વાગ્યાની આસપાસ તેમના નાના ભાઈ નંદલાલભાઈ વેકરીયાનો દીકરો ધ્રૂવ તેમના ઘરે તેમને બોલાવવા આવેલો; તેણે તેમને કહેલ કે, 'બાપુજી, એક છોકરો દીદીને હેરાન કરે છે', તેણે એવું પણ જણાવેલ કે, 'તે છોકરો સોસાયટીના પ્રવેશ દ્બાર પાસે છે', જેથી તેઓ અને ધ્રૂવ બંને જણા સોસાયટીના પ્રવેશ દ્બાર પાસે ગયેલા; ત્યારે તે છોકરો પ્રવેશ દ્બાર પાસે બાઈક પર બેઠો હતો; પછી તેમણે તેને પૂછેલું કે, "ગ્રીષ્માને હેરાન કરે છે તે તું જ છો?" તે છોકરો જવાબમાં કંઈ બોલેલ નહીં અને સીધો જ તેમને પેટના ડાબા પડખાના ભાગે ચાકુ મારી દીધેલ; જેથી તેમના આંતરડા બહાર આવી ગયેલા; આથી તેઓ સોસાયટી તરફ ચાલવા લાગેલ; તે દરમ્યાન તે છોકરાએ ધ્રૃવને માથામાં ચાકુ મારી દીધેલ; પછી તે છોકરો ધ્રૃવને પેટમાં ચાકુ મારવા ગયો ત્યારે ધ્રૃવે તે ચાકુ પકડી લીધેલ; તેથી ધ્રૃવને જમણા હાથે ઈજા થયેલી.

(૩૮) આ બંને શાહેદોએ તેઓના પુરાવામાં જણાવેલ ઉપરોક્ત હકીકતો પરથી એવું રેકર્ડ પર આવે છે કે, બનાવના દિવસે સાંજે આશરે ૬ઃ૦૦ વાગ્યે મરનાર ગ્રીષ્માબેનના ઘરે મરનાર ગ્રીષ્માબેન, તેમના માતા વિલાસબેન, નાનો ભાઈ ધ્રુવ તથા તેમના પપ્પાના મિત્રના પત્ની રેણુકાબેન હાજર હતા, ત્યારે ફરિયાદી ધ્રુવની હાજરીમાં મરનાર ગ્રીષ્માબેને તેમના માતા વિલાસબેનને કહેલ કે, તેમને એક વર્ષથી ફેનિલ નામનો છોકરો હેરાન કરે છે, જે સોસાયટીના પ્રવેશ દ્બાર પાસે ઉભો છે;

આથી મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ એવા ફરિયાદી ધ્રુવે તેમના ઘરની પાછળની શેરીમાં રહેતા તેમના મોટા પપ્પા સુભાષભાઈને બોલાવી લાવેલ અને તેઓ બંને સોસાયટીના પ્રવેશ દ્વાર પાસે બેસેલ આરોપીને સમજાવવા જાય છે, ત્યારે આરોપીએ તેની પાસેનું ચપ્પુ શાહેદ સુભાષભાઈને પેટમાં મારી દેતાં તેમના આંતરિક અવયવો બહાર આવવા લાગેલા અને તેઓ તથા ધ્રુવ બચવા માટે તેમના ઘર તરફ ભાગવા લાગેલ, ત્યારે આરોપીએ ફરિયાદી ધ્રુવને પણ માથામાં ચપ્પુ મારી દીધેલ અને ત્યાર બાદ તેને પેટમાં ચપ્પુ મારવા જતાં ધ્રુવે તે ચપ્પુ પકડી લેતાં તેના હાથ પર ઈજા થયેલ. આ બંને શાહેદોએ તેઓની પર ચપ્પુ વડે હુમલો કરનાર તરીકે હાલના આરોપીને કોર્ટ રૂબરૂ સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત ઈજા પામનાર સુભાષભાઈએ બનાવ સમયે તેમણે પહેરેલ કાળા કલરનું પેન્ટ, ચેક્સવાળું શર્ટ તથા નીકર ઓળખી બતાવેલ છે. વધુમાં પોલીસે આ કામે કબજે લીધેલ મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ અને ૨૦ ના બે ચપ્પુ પૈકી મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ વાળું ચપ્પુ ઓળખી બતાવી, તે કાળા કલરનું ખાંચાવાળું આરોપીએ તેમને મારેલ તે જ ચપ્પુ હોવાનું જણાવેલ છે. આ ઉપરાંત મુદ્દામાલ આર્ટિકલ નં.૪ તરીકે કબજે લેવામાં આવેલ ઓઢણી જોઈને તેમણે જણાવેલ છે કે, બનાવ વખતે એક ભાઈએ રેણુકાબેનની ઓઢણી તેમને આપેલી, જે ઓઢણી તેમના આંતરડા બહાર આવી ગયેલા અને લોહી નીકળતું હતું, તેથી તે ભાગ પર તેમણે દબાવી રાખેલી તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૩૯) હવે આ હકીકતને બનાવના સ્થળે હાજર એવા અન્ય શાહેદોના પુરાવા સાથે ચકાસવામાં આવે તો, ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨૪**

તરીકે તપાસવામાં **તુષારભાઈ મથુરભાઈ બોરડ**ના **આંક–૧૨૧** થી રજૂ થયેલા પુરાવાનો ઉલ્લેખ કરવો યોગ્ય માનું છું. આ શાહેદ તુષારભાઈએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે આશરે ૬ઃ૦૦ વાગ્યે તેઓ લક્ષ્મીધામ સોસાયટી ખાતે આવેલ તેમના ઘર નં.૫૫ માં બેઠા હતા, ત્યારે શેરીમાં બૂમાબૂમ થતા તેઓ બહાર જોવા ગયેલા, ત્યારે શેરીના આગળના ભાગમાં એક ટોળું ઉભું હતું; તેઓ તે ટોળા પાસે ગયા ત્યારે તેમના ઘરની પાછળની લાઈનમાં રહેતા સુભાષભાઈ ટોળામાંથી પેટ ઉપર હાથ રાખીને તેમની પાસે આવેલ અને તેમને કહેલું કે, 'મને દવાખાને લઈ જાવ, નહીં તો હું મરી જઈશ'; તેમને પેટ પર ઘા હતો, જેમાંથી લોહી નીકળતું હતું; પરંતુ તે શેનો ઘા હતો, તે તેમને તે વખતે ખબર પડેલી નહીં; તેમણે સુભાષભાઈને પકડીને બાજુમાં આવેલ મકાનના ઓટલા પર બેસાડી દીધેલા; તે વખતે ત્યાં રેણુકાબેન  કીકાણી હાજર હતા, જેઓ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા હતા; તેના ખભા ઉપર એક ચુંદડી હતી, જે તેમણે તેમની પરવાનગીથી લઈ સુભાષભાઈના પેટના ભાગે દબાવી રાખેલી. આ શાહેદે જણાવેલ ઉપરોક્ત હકીકત જોવામાં આવે તો તે ઈજા પામનાર સુભાષભાઈએ તેમના પુરાવામાં જણાવેલ હકીકતોને સમર્થનકારક છે. સુભાષભાઈએ પણ તેમના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપીએ તેમના પેટમાં ચાકુ મારી દેતાં તેમના આંતરડા બહાર આવવા લાગેલ, તે વખતે તેઓ એક ઓટલા પર બેસી ગયેલા હતા અને એક ભાઈએ તેમને રેણુકાબેનની ઓઢણી આપેલ, જે તેમણે તેમના આંતરડા બહાર આવી ગયેલા અને લોહી નીકળતું હતું, તે ભાગ પર દબાવી દીધેલ.

(૪૦) આ તબક્કે એ હકીકત નોંધપાત્ર છે કે, ઉપરોક્ત શાહેદ તુષારભાઈ મથુરભાઈ બોરડ આ કેસના નજરે જોનાર શાહેદ છે, જેમણે તપાસ કરનાર અધિકારી અને એફ.એસ.એલ. ના અધિકારીઓની હાજરીમાં ગુનાવાળી જગ્યા બતાવેલ અને તે અનુસંધાને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ. આ હકીકત સંદર્ભે ફરિયાદ પક્ષે આંક-૧૦૮ થી રજૂ કરવામાં આવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા તે પંચનામાના પંચ શાહેદ રાહુલભાઈ નંદલાલભાઈ કળથીયાના પુરાવાનો ઉલ્લેખ આ તબક્કે જરૂરી જણાય છે. ફરિયાદ પક્ષે શાહેદ નં.૨૩ તરીકે તપાસવામાં આવેલ પંચ શાહેદ રાહુલભાઈ નંદલાલભાઈ કળથીયાએ તેમની આંક-૧૦૭ ની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારે સાડા દસ વાગ્યાના અરસામાં પાસોદરા ખાતે આવેલ લક્ષ્મીધામ સોસાયટી મુકામે પંચનામાના કામે બોલાવવામાં આવેલ; તેમણે પંચ તરીકે રહેવા તેમની સંમતી આપેલ; આ જગ્યા પર એક તુષારભાઈ બોરડ નામની વ્યક્તિએ પોલીસની હાજરીમાં તથા એફ.એસ.એલ.ના સાહેબની હાજરીમાં ગુનાવાળી જગ્યા બતાવેલી. તેમણે વધુમાં જણાવેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનને મારવાનો બનાવ બનેલ, તેની સામેની સાઈડે થોડા ક્રોસમાં એક મકાન આવેલ હતું, જેના પર સફેદ કલરની ટાઈલ્સ લગાડેલી હતી, ત્યાં લોહીના ડાઘાં અને છાંટા પડેલા હતા; શાહેદ તુષારભાઈએ જણાવેલ કે, 'અહીંયા સુભાષભાઈ બેઠા હતા, તેથી અહીંયા લોહી પડેલ છે'; આથી એફ.એસ.એલ.ના અધિકારીએ લોહીનો નમૂનો લીધેલો. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ શેરીમાં અંદરની આગળ તરફ જતા રોડ પર લોહીના ડાઘા

પડેલા હતા; ત્યાંથી આગળ થોડું આર.સી. સી. જેવું હતું, ત્યાં પણ લોહી પડેલ હતું; તુષારભાઈએ જણાવેલ કે, આ જગ્યાએ ધ્રુવ ઉભો હતો, તેથી ત્યાં પડેલ લોહીના ડાઘામાંથી પણ એફ.એસ.એલ.ના અધિકારીએ સેમ્પલ લીધેલ; આ ઉપરાંત ૬૧ નંબરના ઘર પાસે તેમજ ૬૪ નંબરના ઘર પાસે પણ લોહીના ડાઘા હતા, ત્યાં આગળ એક ચાકુ પડેલ હતું; આ ચાકુ અલગ અલગ ખાંચાવાળું હતું; તેમાં ૬–૭ કાપા હતા; આ ચાકુ આશરે ૧૧ ઇંચ જેટલું લાંબુ હતું. આ પુરાવો સ્પષ્ટપણે નજરે જોનાર શાહેદ તુષારભાઈ બોરડે આ કોર્ટ સમક્ષ જણાવેલ હકીકતોને સમર્થન આપે છે.

(૪૧) એ નોંધપાત્ર છે કે, આંક–૧૨૧ થી તપાસવામાં આવેલ શાહેદ તુષારભાઈ મથુરભાઈ બોરડનું કઠોરના વિ.જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસશ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૧૬૪ મુજબ નિવેદન નોંધેલ, જે નિવેદન આ કામે આંક–૧૨૨ થી તથા તે અંગેનું સંમતિપત્ર આંક–૧૨૩ થી રજૂ થયેલ છે. આ શાહેદ તુષારભાઈએ તેમની જુબાનીમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, કઠોર કોર્ટમાં જજ સાહેબે તેમનું નિવેદન લીધેલ, ત્યારે પ્રત્યેક પાના પર તેમની સહી લીધેલ અને તેમને તેનું નિવેદન બતાવતા તેમણે તે નિવેદન કોર્ટ રૂબરૂ વાંચીને તે કઠોરના વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આપેલ તે જ નિવેદન હોવાનું જણાવેલ છે. આંક–૧૨૨ નું આ નિવેદન જોતાં તેમાં પણ તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આ કોર્ટમાં સોગંદ પર જણાવ્યા મુજબની જ હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે, જે મેં અગાઉ ઉલ્લેખ કરેલ છે તે તમામ પુરાવા સાથે સંપૂર્ણપણે સુસંગત છે.

(૪૨) ફરિયાદી ધ્રુવ તથા તેમના મોટા પપ્પા સુભાષભાઈ પર આરોપીએ કરેલ હુમલા સંદર્ભે રેકર્ડ પર આવેલ ઉપરોક્ત પુરાવા અનુસંધાને અન્ય શાહેદોનો પુરાવો જોવામાં આવે તો ફરિયાદ પક્ષે શાહેદ **નં.૨૮** તરીકે **નજરે જોનાર શાહેદ સોનલબેન વિજયભાઈ રાણપરીયા**ને **આંક–૧૩૪** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના આશરે છ થી સાડા છ વાગ્યા દરમ્યાન બહાર રમતા તેમના દીકરા ઓમને શોધવા માટે તેઓ તેમના ઘરની બહાર નીકળેલ ત્યારે તેમણે બૂમાબૂમ સાંભળેલ. આ શાહેદે ગ્રીષ્માબેનની હત્યા સંબંધે પુરાવો આપ્યા બાદ જણાવેલ છે કે, તેમણે ગ્રીષ્માબેન ઉપરાંત સુભાષભાઈને પેટના ભાગે ઈજા થયાનું જોયેલું અને ધ્રુવને માથામાં તથા હાથ પર ઈજા થયાનું જોયેલું.

(૪૩) આ હકીકત સંદર્ભે જ ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૩** તરીકે તપાસવામાં આવેલ **રેણુકાબેન હરેશભાઈ કીકાણી**નો **આંક–૧૫૦** નો પુરાવો અત્યંત મહત્વનો બને છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ નાના વરાછા ખાતે ભગવતીકૃપા સોસાયટીમાં રહે છે; તેમના પતિ અને મરણ જનાર ગ્રીષ્માબેનના પિતા બંને મિત્રો છે. તેમણે બનાવ સંદર્ભે જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ તેમના ઘરે હતા, ત્યારે બપોર પછી આશરે સવા ચાર વાગ્યાની આસપાસ તેમના પર ગ્રીષ્માનો ફોન આવેલો; તેણે તેમને જણાવેલ કે, 'આન્ટી પેલો છોકરો જે મને હેરાન કરે છે, તે ફેનિલ કોલેજના ગેટ બહાર ઉભો છે, તેથી તમે મને આવીને લઈ જાવ'; જેથી

આ શાહેદે તેને કહેલું કે, 'હું આવુ છું"; આ શાહેદે તેને પૂછેલું કે, 'તારી સાથે કોઈ છે?' તો તેણે કહેલું કે, 'મારી સાથે મારી બે બહેનપણીઓ છે'; આથી તેમણે ગ્રીષ્માને કહેલું કે, 'હું કોલેજ તને લેવા ન આવું ત્યાં સુધી તારી તે બંને બહેનપણીઓને તારી સાથે જ રાખજે અને તમે કોલેજના ગેટની અંદર રહેજો'; પછી તેઓ તેમનું જ્યુપીટર મોપેડ લઈને ગ્રીષ્માની કોલેજ જવા નીકળેલ; પછી તેમણે કોલેજના ગેટ પાસે જઈને ગ્રીષ્માને ફોન કરેલો અને જણાવેલ કે, 'હું કોલેજના ગેટ પાસે આવી ગઈ છું, તું ગેટ પાસે આવ'; આથી પહેલાં ગ્રીષ્માની બે બહેનપણીઓ તેમના મોપેડ લઈને ગેટ પાસે આવેલી અને તેઓએ તેમને પૂછેલું કે, 'તમે ગ્રીષ્માનાં આન્ટી છો?' જેથી તેમણે હા પાડેલી; પછી તે લોકો તેમના ઘરે જતા રહેલા અને ગ્રીષ્મા ગેટ પાસે આવેલી; ગ્રીષ્માએ ગેટની અંદર ઉભા રહીને તેમને પૂછેલું કે, 'આન્ટી જુઓ તો પેલો ફેનિલ ગેટની બહાર ઉભો છે?' તેથી તેમણે જોયેલું તો તેમને ફેનિલ ક્યાંય દેખાયેલો નહીં; આથી તેઓ અને ગ્રીષ્મા બંને ગ્રીષ્માના ઘરે લક્ષ્મીધામ સોસાયટીમાં ગયેલા. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, તેઓ આશરે સવા પાંચની આસપાસ ગ્રીષ્માના ઘરે પહોંચેલા; પછી ગ્રીષ્મા ફ્રેશ થયેલ અને તેઓ બધાએ ચા-નાસ્તો કરેલો; પછી તેઓ અને ગ્રીષ્માના મમ્મી ઓટલા ઉપર બેઠેલા અને થોડીવારમાં ગ્રીષ્માનો ભાઈ ધ્રુવ પણ આવી ગયેલો; પછી ગ્રીષ્મા અંદર ડ્રોઈંગ કરતી હતી, તેને પણ તેના મમ્મીએ બહાર બેસવા બોલાવેલી; ગ્રીષ્મા તેઓ જે ઓટલા ઉપર બેઠેલા, તેની બાજુમાં પાર્ક કરેલ તેના એક્ટીવા મોપેડ ઉપર બેઠેલી; એટલામાં ફેનિલ શેરી સુધી વચ્ચે આવી જતા ગ્રીષ્માએ તેમને કહેલું કે, 'આન્ટી ફેનિલ આપણા ઘર સુધી પહોંચેલ છે'; તેથી તેમણે જોયેલું તો તે જતો રહેલો; આથી તેમણે

ગ્રીષ્માને પૂછેલું કે, 'તે ફેનિલ જ હતો?' તેથી ગ્રીષ્માએ કહેલું કે, 'હા, તે ફેનિલ જ હતો'; આથી ગ્રીષ્માનો ભાઈ ધ્રૃવ સોસાયટીમાં પાછળ રહેતા તેના મોટા પપ્પા સુભાષભાઈને બોલાવવા ગયેલ; પછી સુભાષભાઈ અને ધ્રૃવ ફેનિલ જે તરફ હતો તે તરફ એટલે કે સોસાયટીના પ્રવેશ દ્વાર તરફ ગયેલા; થોડીવારમાં સોસાયટીના પ્રવેશ દ્વાર તરફથી ધ્રૃવ અને સુભાષભાઈ લોહીલુહાણ હાલતમાં તેમની શેરીના નાકે આવેલા. આથી તેઓ, ગ્રીષ્મા અને ગ્રીષ્માના મમ્મી વિલાસબેન દોડીને ધ્રૃવ અને સુભાષભાઈ પાસે ગયેલા. આ શાહેદે ત્યાર બાદ મરનાર ગ્રીષ્માબેનની હત્યાના બનાવનો ઉલ્લેખ કરેલ છે, જેની ચર્ચા હું મરનાર ગ્રીષ્માબેનના બનાવની ચર્ચા સાથે કરીશ. ઈજા પામનાર સુભાષભાઈ તથા ધ્રુવ પર થયેલ હુમલા અંગે આ શાહેદે વિશેષમાં એવું જણાવેલ છે કે, તેમણે કઠોર કોર્ટમાં જઈ જજ સાહેબ રૂબરૂ તેમનું નિવેદન પણ આપેલ. આ શાહેદને તેમનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન બતાવતા, તેમણે તે નિવેદન કોર્ટ રૂબરૂ વાંચીને જણાવેલ છે કે, આ નિવેદન તેમણે કઠોર કોર્ટના વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ આપેલ તે જ છે અને તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. તેમનું આ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન આંક-૧૫૧ થી તથા તે અંગેનું સંમતિપત્ર આંક-૧૫૨ થી રજૂ કરવામાં આવેલ છે. આ નિવેદન વંચાણે લેતાં તેમાં પણ આ શાહેદે ઉપર જણાવ્યા મુજબની જ તમામ હકીકતો તેમના નિવેદનમાં જણાવેલ હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે.

(૪૪) ફરિયાદ પક્ષે આ સંદર્ભે જ બનાવના નજરે જોનાર શાહેદ અને જેમની બનાવના સ્થળે હાજરી અત્યંત સ્વાભાવિક છે, તે ફરિયાદી

ધ્રુવ તથા મરનાર ગ્રીષ્માબેનના માતા **વિલાસબેન નંદલાલભાઈ વેકરીયા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૬૦** તરીકે **આંક-૨૨૨** થી તપાસેલ છે. આ શાહેદે ફરિયાદી ધ્રુવ તથા સુભાષભાઈ પર આરોપીએ કરેલ હુમલા સંબંધે એવો પુરાવો આપેલ છે કે, બનાવના દિવસે તેમની દીકરી સાંજના ૫:૧૦ વાગ્યે કોલેજથી આવેલી; જેની સાથે તેના આન્ટી રેણુકાબેન પણ હતા; ચા પીને તેઓ અને રેણુકાબેન ઘરના ઓટલા પર બેઠેલા, ત્યારે ગ્રીષ્મા ઘરની અંદર હતી; પછી તેમણે તેને બહાર બોલાવતા ગ્રીષ્મા અને ધ્રૃવ પણ તેઓની સાથે બેસવા આવેલા; તે વખતે ગ્રીષ્માએ સામેથી આવતા છોકરા ફેનિલને જોયેલો; આથી ગ્રીષ્માએ કહેલું કે, 'આન્ટી આપણી પાછળ પેલો અહીં સુધી આવી ગયેલ છે'; આથી તેમનો દીકરો ધ્રૃવ તેમના જેઠ સુભાષભાઈને બોલાવવા ગયેલ; પછી ધ્રૃવ અને તેમના જેઠ સુભાષભાઈ સોસાયટીના નાકા પાસે ગયેલા; તેઓ ફેનિલ પાસે ગયેલા; તેઓ ઓટલે બેઠેલા તેથી ત્યાં શું થયું તે તેમને ખબર નથી, પરંતુ સુભાષભાઈ વાંકા-વાંકા, પેટ ઉપર હાથ રાખીને તેમની તરફ આવેલા; સુભાષભાઈને પેટની ડાબી તરફના ભાગે વાગી ગયેલ હતું, ત્યાંથી લોહી નીકળતું હતું; આથી ગ્રીષ્માએ 'મોટા પપ્પાને શું થયું?' તેમ કહેતા, આ શાહેદ, મરનાર ગ્રીષ્મા તથા રેણુકાબેન બધા જ સુભાષભાઈ તરફ દોડેલા; તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે આરોપીએ ધ્રૃવને પકડેલો હતો.

(૪૫) આમ ઈજા પામનાર ધ્રુવ તથા સુભાષભાઈ વેકરીયાએ તેમની પર જીવલેણ હુમલો કરી, જે ચપ્પુ વડે તેઓ પર ગંભીર ઈજા કરેલ, તે ચપ્પુ ઓળખી બતાવી તે સંબંધે જે કાંઈ પુરાવો રજૂ કરેલ છે, તે તમામ પુરાવો જોવામાં આવે તો, ઈજા પામનાર ફરિયાદી ધ્રુવ તથા

સુભાષભાઈ બંનેનો પુરાવો પરસ્પર સુસંગત છે. એટલું જ નહીં, તે પુરાવાને આ કામે થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામા તથા તે પંચનામાના પંચ શાહેદની જુબાનીથી તેમજ મેં ઉપર ઉલ્લેખ કરેલ છે તે તમામ નજરે જોનાર શાહેદોના પુરાવાથી સમર્થન મળે છે. હવે ઉપરોક્ત બંને ઈજા પામનારાઓને થયેલ ઈજા અંગે તેઓએ આપેલ પુરાવાને તબીબી પુરાવાથી સમર્થન મળે છે કે કેમ, તે જોવું જરૂરી બને છે.

(૪૬.૧) ઉપરોક્ત બંને ઈજા પામનારાઓ એટલે કે ફરિયાદી ધ્રુવ અને તેમના મોટા પપ્પા સુભાષભાઈની સ્મીમેર હોસ્પિટલમાં સારવાર કરનાર તબીબ **ડૉ.દક્ષેશ પ્રકાશચંદ્ર પટેલ**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪૯** તરીકે **આંક-૧૮૫** થી તપાસેલ છે. આ તબીબ શાહેદે તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ પહેલાં સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે ફરજ બજાવતા હતા અને છેલ્લા અઢી વર્ષથી સ્મીમેર હોસ્પિટલમાં જનરલ સર્જરી વિભાગમાં ફરજ બજાવે છે; તેમની ફરજમાં તેમની સમક્ષ લવાતા દર્દીને પ્રાથમિક રીતે તપાસી તેની શારીરિક તકલીફોનું નિદાન કરી તેની યોગ્ય સારવાર કરવાનું આવે છે; તેમણે આજદિન સુધીમાં ૧૦૦૦ થી પણ વધારે દર્દીને સેવા પૂરી પાડેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા, તે દરમ્યાન દર્દી સુભાષભાઈ પરબતભાઈ વેકરીયાને સાંજે ૭:૧૬ વાગ્યે ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમની હોસ્પિટલના કેઝ્યુઆલીટી ડિપાર્ટમેન્ટમાં લાવવામાં આવેલા; દર્દીએ એવી હીસ્ટ્રી આપેલી કે, એક વ્યક્તિએ ચપ્પુ વડે તેની ઉપર હુમલો કરી ઈજા કરેલ છે; આ દર્દીને કેઝ્યુઆલીટી વિભાગના સી.એમ.ઓ. ડૉ.ઉષ્માબેને

તપાસેલ અને ત્યાર બાદ વધુ સારવાર માટે તેમની તરફ રીફર કરેલા; તેમણે આ દર્દીને તપાસતા તેના પેટના ભાગે એક ભોંકાયેલો ઘા હતો, જેમાંથી લોહી નીકળતું હતું; આ ઘા પેટના પોલાણ સુધી ઉંડો હતો અને પેટની આંતરિક ચરબી ઘા માંથી બહાર આવેલી હતી; દર્દીને પ્રાથમિક તપાસ અને સોનોગ્રાફી કરી તાત્કાલીક સર્જરી માટે લેવામાં આવેલા; આ દર્દીનું તે જ દિવસે એટલે કે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ ઑપરેશન કરી, તેના જઠરમાં આ ભોંકાયેલો ઘા બંને તરફ આરપાર નીકળેલ હોઈ, તે બંને તરફના છિદ્રો બંધ કરી રીપેર કરવામાં આવેલા; દર્દીના પેટના પોલાણમાં લોહી જમા હતું, તેને પણ તેમણે બહાર કાઢેલ, આંતરિક રક્તસ્ત્રાવ બંધ કરેલો; આ દર્દીને તેમની હોસ્પિટલમાં તારીખઃ ૦૧.૦૩.૨૦૨૨ સુધી અંદરના દર્દી તરીકે રાખવામાં આવેલ; ત્યાર પછી આ દર્દીને સારૂ થતા ટાંકા તોડી તારીખઃ ૦૧.૦૩.૨૦૨૨ ના રોજ રજા આપવામાં આવેલ. આ શાહેદે વધુમાં સદર દર્દીની સારવારના તમામ ઈન્ડોર પેપર્સ કુલ ૧૩૫ પાના આ કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે, જેને સંયુક્ત રીતે આંક-૧૮૬ આપવામાં આવેલ છે. આ શાહેદે વધુમાં તેમની હોસ્પિટલના એમ.એલ.સી. અન્ડર ટ્રીટમેન્ટ સર્ટીફીકેટ્સ આંક-૧૮૭ થી રજૂ કરી સ્પષ્ટપણે જણાવેલ છે કે, દર્દીને થયેલ આ ઈજા ગંભીર સ્વરૂપની હતી; આ ઈજાથી મૃત્યુ થવાની સંભાવના પણ હતી; આ ઈજા તિક્ષ્ણ હથિયાર જેવા કે, ચાકુ, તલવાર વગેરેથી થઈ શકે તેવી હતી. તેમણે મુદ્દામાલ આર્ટીકલ નં.૨૦ નું ચપ્પું જોઈને સ્પષ્ટપણે અભિપ્રાય આપેલ છે કે, આ ચપ્પા વડે આ દર્દીને થયેલ ઈજા શક્ય છે.

(૪૬.૨) આ શાહેદે વધુમાં પુરાવો આપેલ છે કે, આ જ દિવસે

એટલે કે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના કલાક ૭ઃ૩૦ વાગ્યે એક દર્દી નામે ધ્રુવ વેકરીયાને પણ તેમની હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવેલ; આ દર્દી સાથે તેમના સંબંધી શોભાબેન હાજર હતા અને શોભાબેને તથા આ દર્દીએ જાતે એવી  હીસ્ટ્રી આપેલી કે, તેને તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના ૬ઃ૩૦ વાગ્યે લક્ષ્મીનગર સોસાયટી, પાસોદરા ખાતે એક વ્યક્તિ ફેનિલે ચપ્પુ વડે હુમલો કરી ઈજા કરેલ છે. આ દર્દીને તપાસતા તેના માથામાં ડાબી બાજુ પેરાઈટલ રીજીયનમાં ૪ સે.મી. x ૧ સે.મી. નો કપાયેલો છુંદાયેલો ઘા હતો તથા ૬ સે.મી. x ૪ સે.મી. ના માપનો એક કપાયેલો છુંદાયેલો ઘા જમણા હાથના અંગુઠા પાસે જોવા મળેલો; આ દર્દીને પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેને અંદરનાં દર્દી તરીકે દાખલ કરવામાં આવેલ, પરંતુ આ દર્દી મોડી રાત્રે એટલે કે તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ વહેલી સવારના ૧ઃ૪૦ વાગ્યે તબીબી અભિપ્રાયની વિરુદ્ધ હોસ્પિટલ છોડી ગયેલ; આ દર્દીને માથાના ભાગે અને હાથના ભાગે થયેલ ઈજા પર ટાંકા લેવામાં આવેલા. તેમણે આ દર્દીની સારવારના કાગળો આંક-૧૮૮ થી રજૂ કરેલ છે. તેમના અભિપ્રાય મુજબ, આ દર્દીને હાથના ભાગે થયેલ ઈજા તિક્ષ્ણ હથિયારથી થઈ શકે તેવી હતી અને માથાના ભાગે થયેલ ઈજા પડી જવાથી થઈ શકે તેવી હતી. આ દર્દીને હાથમાં થયેલ ઈજા સંબંધે જણાવેલ છે કે, કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિને ચાકુ મારવા જાય અને તે બીજી વ્યક્તિ બચવા માટે તે ચાકુ પકડી લે તો આ પ્રકારની ઈજા સંભવ છે. આ ઉપરાંત તેમણે સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, કોઈ વ્યક્તિ બીજી વ્યક્તિને પેટના ભાગે સીધુ ચાકુ ભોંકી દે તો દર્દી સુભાષભાઈને થયેલ છે તેવી ઈજા થઈ શકે. આ શાહેદે મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ નું ચપ્પુ જોઈને

જણાવેલ છે કે, દર્દી ધ્રુવને થયેલ ઈજા આ પ્રકારના હથિયારથી થઈ શકે. સદર શાહેદે કામરેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરે ફરિયાદી ધ્રુવની સ્થિતિ જાણવા બાબતે એટલે કે તે ભાનમાં છે કે કેમ, તે જાણવા લખેલ પત્ર આંક-૧૯૦ થી રજૂ કરેલ છે. આ પત્ર જોતાં એવું જણાય છે કે, તેમાં સ્મીમે હોસ્પિટલ તરફથી આ દર્દી ભાનમાં છે અને સ્થળ સ્થિતિથી સભાન હોવાનું એન્ડોર્સમેન્ટ થયેલ છે.

(૪૬.૩) આ કામે ઈજા પામનાર સુભાષભાઈ સંબંધે સ્મીમેર હોસ્પિટલના એમ.એલ.સી. અન્ડર ટ્રીટમેન્ટ સર્ટીફીકેટ્સ તથા ડૉ.સંદીપ ગુપ્તાનું સર્ટીફીકેટ આંક-૧૮૭ થી રજૂ કરવામાં આવેલ છે. આ સર્ટીફીકેટ્સ વંચાણે લેતાં, ઉપરોકત તબીબ શાહેદ ડૉ. દક્ષેશ પ્રકાશચંદ્ર પટેલે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ હકીકતોને સંપૂર્ણપણે સમર્થનકારક છે. આ ઉપરાંત આંક-૧૮૬ થી રજૂ થયેલ ઈજા પામનાર સુભાષભાઈની સ્મીમેર હોસ્પિટલમાં કરવામાં આવેલ સારવારના કેસ પેપર્સ તથા એક્સ-રે રીપોર્ટ જોતાં પણ એવું સ્પષ્ટપણે જણાય છે કે, આ દર્દીને થયેલ ઈજા ખૂબ જ ગંભીર પ્રકારની હતી અને તેની સારવાર ઘણો લાંબો સમય ચાલેલ; જે દરમ્યાન તેનું ઑપરેશન પણ કરવામાં આવેલ. આ સારવારના પેપર્સ ધ્યાને લેતાં, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ રાત્રે ૮ઃ૩૦ વાગ્યે આ દર્દીના સગાંઓની આ દર્દીને થયેલ કેટલીક ઈજાના ઑપરેશન અંગે સંમતિ લેવામાં આવેલ છે. જે વંચાણે લેતાં આ દર્દીની ઈજાની ગંભીરતાનો કાંઈક અંશે ખ્યાલ આવી શકે છે. આ પેપર્સ જોતાં દર્દીના સગાંવ્હાલાઓને સૌપ્રથમ એવી જાણ કરવામાં આવેલ છે કે, તેમના દર્દીને પેટમાં ચાકુ વાગેલ છે, તેને ઑપરેશન થીયેટરમાં લઈ,

બેહોશીની દવાની અસર હેઠળ પેટ પર ચીરો મૂકીને આંતરડાની તપાસ કરવાની, ઈજાવાળા ભાગે સાંધવાની અને જરૂર પડે તો બગાડ થયેલ ભાગને કાપી આજુબાજુના ભાગે જોડવાની અને જરૂર પડે તો આંતરડાના એક ભાગને પેટ પર લઈને સંડાસનો નવો રસ્તો બનાવવાની જરૂર છે, જે વિગત સમજાવ્યા બાદ દર્દીના સગાંએ ઑપરેશન માટે સંમતિ આપેલ હોવાનું જણાય છે. આ ઉપરાંત દર્દીના સગાંને તેમની ભાષામાં એવી જાણ કરવામાં આવેલ છે કે, દર્દીને પેટમાં ચાકુ વાગેલ છે, જેથી તેમની સ્થિતિ ગંભીર છે તથા આગળની પરિસ્થિતિ વધારે ખરાબ થઈ શકે તેમ છે, જેથી દર્દીના સગાંએ આગળની સારવાર અને ઑપરેશન માટે સંમતિ આપેલ છે. વધુમાં એવું સ્પષ્ટપણે જણાવવામાં આવેલ છે કે, સારવાર દરમ્યાન દર્દીને કાંઈ પણ અનિચ્છનીય થાય તો જવાબદારી ડૉક્ટર સ્ટાફ કે હોસ્પિટલની નહીં રહે. આ ઉપરાંત દર્દીના સગાંને તેમની ભાષામાં એવી જાણ કરવામાં આવેલ છે કે, દર્દીને પેટમાં ચાકુ વાગેલ છે, તેથી ઑપરેશન થીયેટરમાં લઈ બેહોશીની દવાની અસર હેઠળ આંતરડાની તપાસ કરવાની અને જરૂર પડે તો લીવર અને ઈજાવાળો ભાગ કાઢવાની અને લીવર પર ચીરો પડે તો ટાંકા લેવાનું ઑપરેશન કરવાની અને પેટમાં ભરાયેલ લોહીને બહાર કાઢવાનું ઑપરેશન કરવાની જરૂર પડી શકે છે. આ ઉપરાંત એવી પણ સમજ આપવામાં આવેલ છે કે, દર્દીના બરોળ (સ્પ્લીન) માં ઈજા થયાની સંભાવના જણાતી હોઈ, બરોળ કાઢવાનું ઑપરેશન કરવાની જરૂર જણાયેલ છે તેમજ ઑપરેશન બાદ દર્દીના ફેફસાની આજુબાજુ ટ્યુબ નાંખવાની જરૂર જણાયેલ છે. ત્યાર બાદ આ દર્દીનું ઑપરેશન કરવામાં આવેલ છે અને સારવારના પેપર્સ જોતાં આ દર્દી એટલે કે ઈજા પામનાર સુભાષભાઈએ લાંબા સમય સુધી અંદરના

દર્દી તરીકે સારવાર લીધેલ છે, તેવું સ્પષ્ટ થાય છે. ઉપરોક્ત પુરાવો સ્વયં સ્પષ્ટ છે, જે જોતાં આરોપીએ આ દર્દીને ચાકુ મારી કરેલ ઈજા સ્પષ્ટપણે જીવલેણ ઈજા હતી, ગંભીર પ્રકારની હતી અને કુદરતના સામાન્ય ક્રમમાં તેનું મૃત્યુ નીપજાવે તેવી હતી, તે બાબતે કોઈ શંકા રહેતી નથી.

(૪૭) હું એ નોંધું છું કે, આ શાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમણે આરોપીને 'ગ્રીષ્માને હેરાન કરનાર છોકરો તું જ છે', તેવું પૂછતાં આરોપીએ કાંઈ જ બોલ્યા વિના સીધા જ ખાંચાવાળા ચપ્પુ વડે પેટમાં ઘા કરતા તેના આંતરિક અવયવો બહાર આવી ગયેલ. આ શાહેદે કોર્ટ રૂબરૂ તેમને ચપ્પુ મારનાર છોકરા તરીકે હાલના આરોપીને સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે. મેં અગાઉ નોંધ્યું છે તેમ, આ શાહેદ બનાવના નજરે જોનાર અને ઈજા પામનાર શાહેદ છે. આ શાહેદના પુરાવાને બનાવના નજરે જોનાર અન્ય શાહેદ તુષારભાઈ મથુરભાઈ બોરડના પુરાવાથી પણ સમર્થન મળે છે. શાહેદ તુષારભાઈ બોરડે આ ઈજા પામનાર શાહેદ સુભાષભાઈને જે ઓટલા પર બેસાડેલ, તે ઓટલા પાસેથી લોહી મળતા તેના નમૂના લેવામાં આવેલ છે તેમજ સ્થળ પર હાજર અન્ય શાહેદ રેણુકાબેનની ઓઢણી આ ઈજા પામનાર સુભાષભાઈના પેટના ભાગે દબાવી દીધેલ છે, જે તેમને બતાવતા તેમણે ઓળખી બતાવેલ છે. મેં અગાઉ નોંધ્યું છે તેમ, તમામ નજરે જોનાર શાહેદોની જુબાનીથી તથા શાહેદ તુષારભાઈ બોરડના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબના નિવેદનમાં તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ જણાવેલ હકીકતોથી આ પુરાવાને સંપૂર્ણ સમર્થન મળે છે.

(૪૮) હવે ઈજા પામનાર ફરિયાદી ધ્રુવની ઈજા સંબંધે તબીબી પુરાવો જોવામાં આવે તો તેમની સ્મીમેર હોસ્પિટલમાં કરવામાં આવેલ સારવારના પેપર્સની ફાઈલ તથા એક્ષ-રે રીપોર્ટ આ કામે આંક-૧૮૮ થી રજૂ કરવામાં આવેલ છે, જે સમગ્રપણે વંચાણે લેતાં તબીબ શાહેદ ડૉ. દક્ષેશ પ્રકાશચંદ્ર પટેલ દ્વારા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવવામાં આવેલ હકીકતોને સંપૂર્ણ સમર્થન મળે છે. આ સારવારના પેપર્સ જોતાં તેમાં પણ આ દર્દીના સંબંધીને તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ રાત્રે ૧૧:૪૫ વાગ્યે એવી સમજણ આપવામાં આવેલ કે, આ દર્દીને જમણા હાથમાં અને માથામાં ચપ્પુના ઘા વાગતા ઈજા થયેલ છે, જેથી ચામડી બહેરી કરીને ટાંકા લેવાની જરૂર છે, જેથી તે ભાગ કાળો પડી જવાની શક્યતા છે, જે હકીકત સમજીને સારવાર માટે સંમતિ આપવામાં આવેલ છે. આ કામે આંક-૧૮૯ થી ઈજા પામનાર ફરિયાદી ધ્રૃવ નંદલાલભાઈ વેકરીયાની ઈજા તથા સારવાર અંગે સ્મીમેર હોસ્પિટલ તરફથી આપવામાં આવેલ પ્રમાણપત્ર રજૂ કરવામાં આવેલ છે, જે ફરિયાદી ધ્રુવની સારવાર કરનાર ડૉ. દક્ષેશ પ્રકાશચંદ્ર પટેલે તેમની આંક-૧૮૫ ની જુબાનીમાં જણાવેલ હકીકતો સાથે સંપૂર્ણપણે સુસંગત છે.

(૪૯) મેં ઉપર ઉલ્લેખ કરેલ છે, તે તબીબી પુરાવાઓ જોતાં એવું જણાય છે કે, આ ઈજા પામનાર ધ્રુવને હાથમાં તથા માથામાં ચાકુના ઘા વાગ્યા હોવાથી અન્ય હોસ્પિટલમાં સારવાર લેવા માંગતા હોઈ, આ સ્મીમેર હોસ્પિટલમાંથી મોડી રાત્રે એટલે કે તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ સવારે ૧:૩૦ વાગ્યે પોતાની મરજીથી રજા લીધેલ અને બાદમાં એસડીએ-ડાયમંડ હોસ્પિટલ, સુરત ખાતે દાખલ થયેલ છે. આ

એસડીએ–ડાયમંડ હોસ્પિટલ, સુરત ખાતે, ઈજા પામનાર ફરિયાદી ધ્રુવની સારવાર કરનાર તબીબ **ડૉ.પ્રજ્ઞેશ દિલીપભાઈ કાપડીયા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫૦** તરીકે **આંક–૧૯૧** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ત્રણ વર્ષથી તબીબી વ્યવસાય સાથે સંકળાયેલ છે; તેમણે અત્યાર સુધીમાં ૧૦૦૦ થી ૧૫૦૦ જેટલા દર્દીઓની સારવાર કરી હશે; તેઓ છેલ્લા ૬ મહીનાથી એસડીએ–ડાયમંડ હોસ્પિટલ ખાતે જનરલ સર્જન તરીકે ફરજ બજાવે છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ વહેલી સવારના આશરે ત્રણ થી સાડા ત્રણ વાગ્યે એક દર્દી નામે ધ્રૃવ નંદલાલભાઈ વેકરીયાને તેમની હોસ્પિટલમાં સારવાર માટે લવાયેલા; આ દર્દીએ પ્રાથમિક સારવાર સ્મીમેર હોસ્પિટલમાં લીધેલી; દર્દીનાં સગાં નરેશભાઈ હીરપરા અને દર્દીએ જાતે એવી હીસ્ટ્રી આપેલી કે, પાસોદરા પાટીયા પાસે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ છ વાગે ચાકુ વડે જમણી બાજુ હાથના ભાગે અને ડાબી તરફ માથાના ભાગે કોઈ અજાણી વ્યક્તિએ ઈજા કરેલ છે; આ દર્દી દાખલ થયા ત્યારે તેને ચક્કર આવવાની તથા માથાનો દુઃખાવો થતો હોવાની ફરિયાદ હતી; સ્મીમેર હોસ્પિટલમાં આ દર્દીને માથાના ભાગે ડાબી તરફ ચાર ટાંકા લીધેલા હતા અને જમણા હાથ પર ૧૨ ટાંકા લેવાયેલા હતા; આ દર્દીને એક દિવસ અંદરના દર્દી તરીકે હોસ્પિટલમાં સારવાર આપવામાં આવેલ. આ શાહેદે ફરિયાદી ધ્રુવની સારવાર અંગે એસડીએ–ડાયમંડ હોસ્પિટલ, સુરતનું પ્રમાણપત્ર આંક–૧૯૨ થી તથા તેમની સારવાર અંગેના એસડીએ–ડાયમંડ હોસ્પિટલ, સુરતના ઈન્ડોર કેસ પેપર્સ આંક–૧૯૩ થી રજૂ કરેલા છે. ઉપરોક્ત આંક–૧૯૨ નું તબીબી પ્રમાણપત્ર જોવામાં આવે તો

તેમાં આ ઈજા પામનાર ધ્રુવને ૪ શુચર માથામાં થયેલ ઈજા અંગે તથા ૧૨ શુચર જમણા હાથમાં થયેલ ઈજા અંગે લેવામાં આવેલ હોવાનું દર્શાવેલ છે. આ શાહેદે આંક–૧૯૩ થી રજૂ કરેલ ઈન્ડોર કેસ પેપર્સ જોવામાં આવે તો તેમાં આ શાહેદના જમણા હાથની હથેળીમાં થયેલ ઈજાના બે ફોટોગ્રાફ્સ છે, જેમાં તેમને થયેલ ઈજા અને લેવામાં આવેલ શુચર સ્પષ્ટ દેખાય છે. આ ઉપરાંત ઈન્ડોર પેપર્સ જોતાં એ સ્પષ્ટ થાય છે કે, આ દર્દી ધ્રુવ વેકરીયાને થયેલ ઈજા કોઈએ ચપ્પુનો ઘા કરેલ હોય અને ત્યારે તે ચપ્પુ પકડી લેતાં થયેલ હોય તેવી ઈજા હોવાનું સ્પષ્ટપણે જણાય છે.

(૫૦) હવે આ સંદર્ભે, આ કામે થયેલ તપાસની કાર્યવાહીની વિગતો જોવામાં આવે તો એવું રેકર્ડ પર આવે છે કે, ફરિયાદ પક્ષ તરફેના શાહેદ નં.૨૪ તુષારભાઈ મથુરભાઈ બોરડના જણાવ્યા મુજબ, સુભાષભાઈને ઈજા થતાં તેણે તેમને એક ઓટલા પર બેસાડી દીધેલ અને શાહેદ રેણુકાબેનની ઓઢણી લઈ ઈજા પામનાર સુભાષભાઈના ઘા પર દાબી દીધેલ, જે ઓઢણી પર પણ લોહી પડેલ. આ શાહેદે જ બનાવના બીજા દિવસે સવારે એફ.એસ.એલ. ના અધિકારીઓ અને પોલીસને ગુનાવાળી જગ્યા બતાવેલ છે, જેનું પંચનામું આંક–૧૦૮ થી રજૂ થયેલ છે, જે જોતાં તેમાં પણ એવો ઉલ્લેખ છે કે, સોસાયટીના પ્રવેશ દ્વારના પૂર્વના છેડાએ પ્રવેશ દ્વારના મધ્યથી આશરે ૧૦ ફુટ પૂર્વે તૂટેલી દિવાલ પર 'લક્ષ્મીધામ સોસાયટી' નામનું પેઈન્ટીંગ કરવામાં આવેલ છે, તે જગ્યાએ સુભાષભાઈને પ્રથમ પેટના ભાગે ઈજા થયેલ અને ત્યાર બાદ તેઓએ ગ્રીષ્માબેનની હત્યાની બનાવવાળી જગ્યાએથી ક્રોસમાં આવેલ

મકાન નં.૩૮ નો ઓટલો શાહેદ તુષારભાઈએ બતાવી તેના પર ઈજા પામનાર સુભાષભાઈને બેઠા હતા, તેવું દર્શાવેલ છે; ત્યાંથી આગળ પાંચ ફૂટ દૂર પી.સી.સી. પર ત્રીસ ફુટની લંબાઈ સુધી છૂટાછવાયા લોહીના ડાઘા જણાયેલ. આ ઉપરાંત જે ચાકુથી આરોપી સુભાષભાઈ અને ધ્રુવને ઈજા કરેલ, તે સાત ખાંચાવાળું કાળા કલરનું પ્લાસ્ટીકના હાથાવાળું લોહીવાળું ચપ્પુ ગ્રીષ્માબેનના ઘર પાસે હોવાનો પંચનામામાં ઉલ્લેખ છે. આ તમામ હકીકતને ફરિયાદ પક્ષે શાહેદ નં.૨૩ થી તપાસેલ પંચ શાહેદ રાહુલભાઈ નંદલાલભાઈ કળથીયાની આંક–૧૦૭ ની જુબાનીથી સમર્થન મળે છે.

(૫૧) એ નોંધપાત્ર છે કે, તપાસ દરમ્યાન ઈજા પામનાર સુભાષભાઈના કપડાં આંક–૩૦ ના પંચનામા અન્વયે કબજે લેવામાં આવેલ, જે પંચનામાના પંચ **સંજયભાઈ ધીરૂભાઈ કાનાણી**ને **શાહેદ નં.૫** તરીકે **આંક–૨૯** થી તપાસવામાં આવેલ છે. તેમના જણાવ્યા મુજબ, પોલીસે તેમને કામરેજ પોલીસ સ્ટેશનમાં તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ રાત્રિના કલાક ૧:૦૦ થી ૨:૦૦ વાગ્યા વચ્ચે પોલીસે સુભાષભાઈના કપડાં કબજે કરવાનું પંચનામું કરવા માટે બોલાવેલ અને તે માટે તેમણે સંમતિ આપેલ; તે વખતે જયવદન નામના પોલીસ દ્વારા સ્મીમેર હોસ્પિટલમાંથી સુભાષભાઈના કપડાં રજૂ કરવામાં આવેલ, જેમાં એક કોફી કલરનું પેન્ટ, એક કોફી કલરનું શર્ટ તથા એક કોફી કલરનો ક્રોસ નીકર હતો, જે પૈકી પેન્ટ તથા શર્ટ પર લોહીના ડાઘા હતા; આ ઉપરાંત એક સફેદ કલરની ચુંદડી હતી જે ટપકાંવાળી હતી, તેના ઉપર પણ લોહીના ડાઘા હતા.

(૫૨) વિ.વકીલશ્રી ઝમીર શેખે આ સંબંધે એવી તકરાર લીધેલ છે કે, તપાસ કરનાર અધિકારીની આ કાર્યવાહી શંકાસ્પદ છે, કારણ કે, પોલીસે સ્મીમેર હોસ્પિટલમાં પંચનામું કર્યા વિના આ કપડાં ત્યાંથી ખસેડી જયવદન નામના પોલીસવાળા મારફત આ કપડાં પોલીસ સ્ટેશનમાં રજૂ કરવામાં આવેલ છે, બાદમાં આ પંચનામું પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ છે, જે કાયદાથી વિરુદ્ધ છે. બચાવ પક્ષ તરફેની આ રજૂઆત સંદર્ભે વિચારવામાં આવે તો, અદાલતે સૌપ્રથમ એ જોવું જોઈએ કે, પોલીસે હોસ્પિટલમાં પંચનામું ન કરતા પોલીસ સ્ટેશનમાં કરેલ પંચનામાની આ કાર્યવાહીથી બચાવ પક્ષને કોઈ પૂર્વગ્રહ થાય તેવા કોઈ સંજોગો ઉભા થયા છે કે કેમ. આવું ત્યારે જ થાય કે જ્યારે આ કપડાં બદલાઈ જવાની શંકા હોય અથવા તો પછીથી તે જગ્યાએ ગોઠવી દેવામાં આવેલ હોવાની શંકા હોય. મારી સમક્ષ રજૂ થયેલ પુરાવાથી આવું કાંઈ જ જણાતું નથી, કારણ કે, એ સ્પષ્ટ છે કે, બનાવ બન્યા બાદ બંને ઈજા પામનારાઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં સ્મીમેર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવેલ, જે પૈકી ઈજા પામનાર સુભાષભાઈની સ્થિતિ અત્યંત ગંભીર હતી; હોસ્પિટલમાંથી તબીબે શાહેદ સુભાષભાઈના કપડાં પોલીસને સુપ્રત કરતા તે કબજે લેવાનું પંચનામું તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ રાત્રે ૧:૦૦ થી ૨:૦૦ વાગ્યા દરમ્યાન થયેલ છે. આ પંચનામામાં દર્શાવેલા તમામ કપડાં ઈજા પામનાર સુભાષભાઈએ તેમની સોગંદ પરની જુબાની દરમ્યાન આ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. વધુમાં, આ ઈજા પામનાર સુભાષભાઈના કપડાં સ્મીમેર હોસ્પિટલમાંથી પોલીસ સ્ટેશનમાં રજૂ કરનાર

એ.એસ.આઈ. **જયવદન ચીમનલાલ મહેતા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૮** તરીકે **આંક–૧૮૬** થી તપાસેલ છે, જેમની સોગંદ પરની જુબાની પરથી પણ ઉપરોક્ત હકીકતને સમર્થન મળે છે. આ સંજોગોમાં ઈજા પામનાર સુભાષભાઈએ બનાવ સમયે પહેરેલા કપડાં જ આંક–૩૦ ના પંચનામા મુજબ કબજે લેવામાં આવેલ તે હકીકત અંગે કોઈ શંકા રહેતી નથી. મેં અગાઉ જણાવ્યું છે તે મુજબ, ફરિયાદ પક્ષના કેસના પ્રત્યેક તબક્કે એવી શંકા ઉભી થાય કે જે ફરિયાદ પક્ષના સમગ્ર કેસના મૂળ સુધી જતી હોય અને ફરિયાદ પક્ષના કેસ અંગે ગંભીર શંકા ઉભી કરતી હોય તો જ તે મહત્વની બને. બીજા શબ્દોમાં પુરાવામાં ધ્યાને આવતી નાની–મોટી કે તુચ્છ શંકા ફરિયાદ પક્ષના સમગ્ર કેસ માટે ઘાતક બને તેવું કહી શકાય નહીં.

(૫૩) હવે આ સંબંધે એફ.એસ.એલ. નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આરોપીએ ઈજા પામનાર સુભાષભાઈને જે ખાંચાવાળા ચપ્પુથી પેટમાં ઘા કરેલ, તે ચપ્પુ ગુનાવાળી જગ્યાના આંક–૧૦૮ મુજબના પંચનામા મુજબ મરણ જનાર ગ્રીષ્માબેનના ઘર પાસેથી મળે છે. આ સંબંધે આંક–૨૭૩ થી રજૂ થયેલ એફ.એસ.એલ.નો બાયોલોજી પરીક્ષણ અહેવાલ, આંક–૨૭૪ થી રજૂ થયેલ સીરોલોજી પૃથક્કરણ અહેવાલ અને આંક–૨૭૫ થી રજૂ થયેલ ડી.એન.એ. એક્ઝામીનેશન રીપોર્ટ જોતાં એવું જણાય છે કે, ઉપરોક્ત કાળા કલરનું ખાંચાવાળું ચપ્પુ કે જે મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ થી કબજે લેવામાં આવેલ છે, તેને નમૂના 'એ–૮' તરીકે એફ.એસ.એલ. માં મોકલવામાં આવેલ, જેના પર 'O' જૂથનું લોહી મળી આવેલ છે. આ રીપોર્ટ મુજબ, નમૂના 'H/1/1' અને

'H/1/2' થી ઈજા પામનાર ધ્રુવના લોહીના નમૂના તેમજ નમૂના 'I/1/1' અને 'I/1/2' થી ઈજા પામનાર સુભાષભાઈના લોહીના નમૂના એફ.એસ.એલ. ને મોકલવામાં આવેલ, જેનું પરીક્ષણ થયા બાદ, તે બંને ઈજા પામનારાઓ એટલે કે ધ્રુવ અને સુભાષભાઈનું લોહીનું જૂથ 'O' જણાયેલ છે. આંક-૨૭૪ ના સીરોલોજીકલ પૃથક્કરણ અહેવાલ મુજબ, મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ (નમૂના 'એ-૮') ના ચપ્પુ પર 'O' જૂથનું લોહી મળી આવેલ છે. જ્યારે આંક-૨૭૫ થી રજૂ થયેલ ડી.એન.એ. એક્ઝામીનેશન રીપોર્ટ એવું સૂચવે છે કે, આ મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ ના ચપ્પુ પરથી મળેલ 'O' જૂથના લોહી અને ઈજા પામનાર સુભાષભાઈના લોહીના નમૂનાનું પરીક્ષણ કરતાં, આ ચપ્પુ પર મળી આવેલ લોહી ઈજા પામનાર સુભાષભાઈનું છે. આ જ પ્રમાણે એફ.એસ.એલ. ના ઉપરોક્ત પરીક્ષણ અહેવાલ મુજબ, ઈજા પામનાર સુભાષભાઈના કબજે લેવામાં આવેલા કપડાં નમૂના 'B/1' થી 'B/4' એટલે કે, પેન્ટ, શર્ટ, નીકર તથા ઓઢણી પર પણ સુભાષભાઈનું જ લોહી મળી આવેલ છે.

(૫૪) આ તબક્કે હું એ નોંધવું જરૂરી માનું છું કે, ઈજા પામનાર ધ્રુવ વેકરીયાના કપડાં તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ કલાક ૨૨:૩૦ થી ૨૩:૦૦ દરમ્યાન આંક-૫૩ ના પંચનામા અન્વયે કબજે લેવામાં આવેલ છે. આ પંચનામાના પંચ **શૈલેષભાઈ દેવરાજભાઈ ખૈની**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૯** તરીકે **આંક-૫૨** થી તપાસેલ છે. તેમણે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, લક્ષ્મણભાઈ નામના પોલીસવાળા ડાયમંડ હોસ્પિટલેથી ઈજા પામનાર કપડાં લઈને આવેલ, જે કપડાં કબજે

લીધા અંગેનું પંચનામું તેમણે આંક–૫૩ થી રજૂ કરેલ છે. આ જ હકીકતને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪૧** તરીકે તપાસવામાં આવેલ **પોલીસ કોન્સ્ટેબલ લક્ષ્મણભાઈ દેવાભાઈ**ની **આંક–૧૭૧** ની જુબાનીથી પણ સંપૂર્ણ સમર્થન મળે છે. મેં અગાઉ નોંધ્યું છે તેમ, બચાવ પક્ષની એવી તકરાર છે કે, આ પંચનામું હોસ્પિટલમાં થવું જોઈતું હતું, તેના બદલે આ પંચનામું પોલીસ સ્ટેશનમાં કરવામાં આવેલ છે. એવું જણાય છે કે, મુદ્દામાલ આર્ટિકલ નં.૨૪ અને ૨૫ તરીકે કબજે લેવામાં આવેલ ઈજા પામનાર ધ્રુવ વેકરીયાનું પેન્ટ તથા શર્ટ કે જેની પર છૂટાછવાયા લોહીના ડાઘા હતા, તેને એફ.એસ.એલ. માં નમૂના 'E–1' અને 'E–2' તરીકે મોકલવામાં આવેલ; જેની પર આંક–૨૭૪ ના સીરોલોજીકલ પૃથક્કરણ અહેવાલ મુજબ 'O' જૂથનું લોહી મળી આવેલ અને તેની ડી.એન.એ. પ્રોફાઈલ ચેક કરતા, આંક–૨૭૫ ના ડી.એન.એ. એકઝામીનેશન રીપોર્ટ મુજબ આ બંને કપડાં પરનું લોહી ઈજા પામનાર ધ્રુવ નંદલાલભાઈ વેકરીયાનું છે. આથી ઉપરોક્ત પંચ શાહેદો, પોલીસ શાહેદો તથા એફ.એસ.એલ. ના પરીક્ષણ અહેવાલો ધ્યાને લેતાં, ઈજા પામનાર ધ્રુવ તથા સુભાષભાઈના કપડાં બદલાઈ ગયેલ હોવા અંગે કોઈ શંકા રહેતી નથી, બલ્કે તે ફરિયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન આપે છે.

(૫૫) હવે ઉપરોક્ત બંને ઈજા પામનારાઓની ઈજા અંગે તમામ શાહેદોની બચાવ પક્ષે કરેલ ઊલટતપાસમાં શાહેદોએ જણાવેલ હકીકતો અંગે મહત્વની શંકા ઉભી થાય તેવી કોઈ બાબત ખૂલવા પામે છે કે કેમ, તે પણ ધ્યાને લેવું મહત્વનું બને છે. આ કામે ઈજા પામનાર ફરિયાદી ધ્રુવ નંદલાલભાઈ વેકરીયા કે જેમને ફરિયાદ પક્ષે શાહેદ નં.૨૯ તરીકે આંક–

૧૩૭ થી તપાસેલ છે, જેની બચાવ પક્ષના વિ.વકીલશ્રી ઝમીર શેખે આ મુદ્દા સંબંધે કરેલ ઊલટતપાસ જોવામાં આવે તો, આ શાહેદે એવો સ્વીકાર કરેલ છે કે, તેમના હાથમાં થયેલ ઈજા તેમની અને આરોપી વચ્ચે ઝપાઝપી થતાં થયેલ; તેમના હાથ પર ઈજા થવાથી તેઓ ઘર તરફ ભાગેલ અને તે વખતે આરોપી પણ તેમના ઘર તરફ ભાગેલો અને તેની સ્પીડ વધારે હોઈ, તે તેમની આગળ નીકળી ગયેલ. આ શાહેદે બચાવ પક્ષના એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, તેઓ રડવા લાગેલ; પરંતુ તેમણે સ્પષ્ટતા કરેલ કે, તેમની બહેનનો બનાવ બન્યા પછી તેઓ રડવા લાગેલ. વધુમાં તેમણે એ હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે કે, આરોપી અને તેમના મોટા પપ્પા સુભાષભાઈ એકબીજાની સામે આવ્યા ત્યારે ઉગ્ર થઈ ગયેલા. આ સિવાય આ શાહેદની ઊલટતપાસમાં તેમણે જણાવેલ હકીકતોથી, તેમને કઈ રીતે ઈજા થઈ તે અંગે તથા તેમને થયેલ ઈજા સંદર્ભે કોઈ મહત્વની શંકા ઉભી થતી હોવાનું ખૂલવા પામતું નથી. વિ.વકીલશ્રી ઝમીર શેખે એવો બચાવ લેવા પ્રયત્ન કરેલ છે કે, આરોપીએ જો આ શાહેદને મારી જ નાંખવો હોત તો તેને સામાન્ય ઈજા ન કરત, બલ્કે મારી જ નાંખત, પરંતુ તેમણે તેમ કરેલ નથી અને આ શાહેદ તેમના ઘર તરફ જતા હતા ત્યારે આરોપી આ શાહેદ કરતા વધારે સ્પીડમાં આગળ નીકળી ગયેલ, જે સૂચવે છે કે, આરોપીનો ઈરાદો આ શાહેદને મારવાનો ન હતો. અત્યંત ચતુરાઈપૂર્વક થયેલ આ રજૂઆત કે બચાવ માની શકાય તેવો નથી, બલ્કે આ રજૂઆત ગેરમાર્ગે દોરનારી જણાય છે; કેમ કે, બંને ઈજા પામનાર શાહેદો પર આરોપીએ હુમલો કરેલ અને તેઓને ઈજા થયા પછી તેઓ તરત જ ઘર તરફ જતા હતા ત્યારે ગંભીર ઈજા પામનાર સુભાષભાઈના પેટમાંથી લોહી નીકળતું હોઈ, તેમને વાંકા

વાંકા ચાલતા આવતા જોઈ, મરનાર ગ્રીષ્માબેન, તેમના માતા વિલાસબેન અને શાહેદ રેણુકાબેન દોડીને સામેથી આવતા હતા ત્યારે આરોપીએ ધ્રુવને છોડી મરનાર ગ્રીષ્માબેનને ગળાના ભાગેથી પકડી દૂર લઈ ગયેલ, તેવો રેકર્ડ પર સ્પષ્ટ પુરાવો આવેલ છે, જે એવું સૂચવે છે કે, આરોપીની પ્રાથમિકતા ધ્રુવને છોડી દેવાની ન હતી, બલ્કે ગ્રીષ્માબેનને પકડી લેવાની હતી, તેથી જ તેણે ધ્રુવને છોડી દઈ, વધારે ઝડપથી આગળ જઈ ગ્રીષ્માબેનને પકડી લીધેલ. આ હકીકત નજરે જોનાર શાહેદોની જુબાનીથી ભરોસાપાત્ર રીતે પુરવાર થયેલ છે. આ સંજોગોમાં વિ.વકીલશ્રી ઝમીર શેખની એ દલીલ કે, આરોપીનો ઈરાદો ફરિયાદી ધ્રુવને મારી નાંખવાનો ન હતો, તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૫૬) કાયદાથી એ સ્થાપિત છે કે, નજરે જોનાર શાહેદને જ્યારે બનાવમાં ઈજા થાય ત્યારે બનાવના સ્થળે તેમની હાજરી બાબતે કોઈ શંકા રહેતી નથી. આવા સંજોગોમાં ઈજા પામનાર શાહેદનો પુરાવો એ ફોજદારી પ્રક્રિયામાં વિશિષ્ટ દરજ્જો ધરાવે છે તેનું કારણ એ છે કે, ઈજા પામનારની હાજરી સ્થળ પર હોવાનું સ્વાભાવિકપણે પુરવાર થાય છે અને સામાન્ય સંજોગોમાં ઈજા પામનાર, તેને ઈજા કરનાર વ્યક્તિને છોડીને અન્ય કોઈ વ્યક્તિને સંડોવી દે તેવું બને નહીં. આ સંબંધે હું નામદાર સર્વોચ્ચ અદાલતનો **<u>ભજન સિંઘ ઉર્ફે હરભજન સિંઘ અને બીજા વિ. હરિયાણા રાજ્ય – ૨૦૧૧(૭) એસસીસી ૪૨૧</u>** ના ચૂકાદાનો ઉલ્લેખ કરવો જરૂરી જણાય છે. સદર ચૂકાદાના પેરેગ્રાફ–૩૬ માં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

> “36. The evidence of the stamped witness must be given due weightage as his presence on the place

of occurrence cannot be doubted. His statement is generally considered to be very reliable and it is unlikely that he has spared the actual assailant in order to falsely implicate someone else. The testimony of an injured witness has its own relevancy and efficacy as he has sustained injuries at the time and place of occurrence and this lends support to his testimony that he was present at the time of occurrence. Thus, the testimony of an injured witness is accorded a special status in law. Such a witness comes with a built-in guarantee of his presence at the scene of the crime and is unlikely to spare his actual assailant(s) in order to falsely implicate someone. "Convincing evidence is required to discredit an injured witness". Thus, the evidence of an injured witness should be relied upon unless there are grounds for the rejection of his evidence on the basis of major contradictions and discrepancies therein. (Vide: Abdul Sayeed v. State of Madhya Pradesh, (2010) 10 SCC 259; Kailas & Ors. v. State of Maharashtra, (2011) 1 SCC 793; Durbal v. State of Uttar Pradesh, (2011) 2 SCC 676; and State of U.P. v. Naresh & Ors., (2011) 4 SCC 324."

આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષની **ફોજદારી અપીલ નં.૧૬૪૭/૨૦૦૮ – કાભઈભાઈ ઉર્ફે કાલીયો પુનાભાઈ પરમાર વિ. ગુજરાત રાજ્ય**ના તારીખઃ ૦૪.૦૨.૨૦૧૪ ના રોજના ચૂકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,

(a) The presence of an injured eye-witness at the time and place of the occurrence cannot be doubted unless there are material contradictions in his deposition.

(b) Unless, it is otherwise established by the evidence, it must be believed that an injured witness would not allow the real culprits to escape and falsely implicate the accused.

(c) The evidence of injured witness has greater evidentiary value and unless compelling reasons exist, their statements are not to be discarded lightly.

(d) The evidence of injured witness cannot be doubted on account of some embellishment in natural conduct or minor contradictions.

(e) If there be any exaggeration or immaterial embellishments in the evidence of an injured witness, then such contradiction, exaggeration or embellishment should be discarded from the evidence of injured, but not the whole evidence.

(f) The broad substratum of the prosecution version must be taken into consideration and discrepancies which normally creep due to loss of memory with passage of time should be discarded.

(૫૭) ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતાં એ હકીકત

નિ:શંકપણે પુરવાર થાય છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યાની આસપાસ આ કામના આરોપી, મરનાર ગ્રીષ્માબેન રહેતા હતા તે લક્ષ્મીધામ સોસાયટી ખાતે આવતા, મરનાર ગ્રીષ્માબેન તેને જોઈ જતાં તેણીએ તેના માતા વિલાસબેન, શાહેદ રેણુકાબેન તથા નાના ભાઈ ધ્રુવને જાણ કરતાં, ધ્રુવ તેમના ઘરની પાછળની શેરીમાં રહેતા તેમના પિતાના મોટા ભાઈ એટલે કે મોટા પપ્પા સુભાષભાઈને બોલાવવા ગયેલ; સુભાષભાઈ અને ધ્રુવ આરોપીને સમજાવવા ગયા ત્યારે સુભાષભાઈએ આરોપીને 'તું જ છે, જે ગ્રીષ્માને હેરાન કરે છે?' માત્ર તેટલું કહેતાં આરોપીએ કંઈ જ વાતચીત કર્યા વગર તેમની પાસેના મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ વાળું સાતથી આઠ ખાંચાવાળું કાળા કલરના હાથાવાળું ચપ્પુ સુભાષભાઈને પેટમાં મારી દીધેલ; આથી તેઓ ઘર તરફ જવા લાગેલ, તે જ વખતે આરોપીએ ફરિયાદી ધ્રુવને પણ માથામાં ઈજા કરેલ અને પેટમાં ઘા કરવા જતાં ફરિયાદી ધ્રુવે તે ચપ્પુ પકડી લેતાં તેના જમણા હાથમાં ઈજા થયેલ છે. આ તબક્કે એ નોંધપાત્ર છે કે, બચાવ પક્ષના વિ.વકીલશ્રી શેખે આ કોર્ટનું ધ્યાન ફરિયાદ પક્ષના શાહેદ નં.૭૯ ડૉ. દક્ષેશ પ્રકાશચંદ્ર પટેલની આંક-૧૮૫ ની સોગંદ પરની જુબાની પર દોરી એવી રજૂઆત કરેલ છે કે, આ શાહેદે એવું જણાવેલ છે કે, દર્દી (ફરિયાદી ધ્રુવ) ને થયેલ ઈજા પડી જવાથી થઈ શકે તેવી હતી. પરંતુ ઈજા પામનાર બંને શાહેદોએ જણાવેલ હકીકત જોતાં તેમજ ફરિયાદી ધ્રુવના હાથ તથા માથામાં બંને જગ્યા કપાયેલ અને છુંદાયેલ ઈજા હતી, તેવી રેકર્ડ પર આવેલ હકીકત જોતાં તેમજ ખાસ કરીને ઈજા પામનાર શાહેદોએ જણાવેલ ઉપરોક્ત હકીકતો, અન્ય નજરે જોનાર શાહેદોના મૌખિક પુરાવા તથા એફ.એસ.એલ. ના પુરાવાથી પુરવાર થાય છે ત્યારે

ઈજા પામનાર શાહેદે આપેલ પુરાવો વધારે ભરોસાપાત્ર બને છે. કાયદાથી એ સ્થાપિત છે કે, ocular evidence તથા medical evidence વચ્ચે નાના મોટા વિરોધાભાસ હોય ત્યારે જો ઈજા પામનાર શાહેદનો પુરાવો ભરોસાપાત્ર જણાતો હોય તો ઈજા પામનાર શાહેદના પુરાવાની હકીકત અદાલતે માનવી જોઈએ.

(૫૮) એ પણ નોંધપાત્ર છે કે, આ બંને શાહેદોને ઈજા થતાં તેઓ ગભરાઈને સોસાયટીની અંદરની તરફ, મરનાર ગ્રીષ્માબેનના ઘર તરફ ભાગવા લાગેલ, ત્યારે મરનાર ગ્રીષ્માબેન, તેના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેનને સામેથી આવતા જોઈ આરોપીએ ધ્રુવને પડતો મૂકી ગ્રીષ્માબેનને પકડી લીધેલ, તેવું પણ ભરોસાપાત્ર રીતે રેકર્ડ પર આવે છે. આ દરમ્યાન બૂમાબૂમ થતાં શાહેદ નં.૨૪ તુષારભાઈ મથુરભાઈ બોરડ બહાર આવતા તેમણે સુભાષભાઈના પેટમાં ગંભીર ઈજા થયેલ હાલતમાં જોતાં, શાહેદ રેણુકાબેનની ઓઢણી લઈ ઈજા પામનાર સુભાષભાઈના પેટ પર દબાવવા માટે આપેલ અને ઈજા પામનાર સુભાષભાઈને ઓટલા પર બેસાડેલ. આ ઉપરાંત આરોપીએ આ બંને ઈજા પામનારાઓને મારવા માટે ઉપયોગમાં લીધેલ ચપ્પુ, બંને ઈજા પામનાર શાહેદોના કપડાં તથા ઈજા પામનાર સુભાષભાઈના પેટ પર દબાવી રાખેલ શાહેદ રેણુકાબેનની ઓઢણી, આ તમામ પર ઈજા પામનારાઓના જૂથનું જ લોહી મળી આવેલ છે, જે હકીકત એફ.એસ.એલ. ના પરીક્ષણ અહેવાલ તથા ડી.એન.એ. એક્ઝામીનેશન રીપોર્ટ પરથી નિઃશંકપણે પુરવાર થાય છે, જે પણ ઉપરોક્ત પુરાવાને સંપૂર્ણપણે સમર્થન આપે છે. આ સંદર્ભે બચાવ પક્ષની ઉપરોક્ત તમામ

શાહેદોની ઊલટતપાસને કાળજીપૂર્વક વિચારણામાં લેતાં પણ, ઉપરોક્ત પુરાવો ન માનવા પ્રેરાય તેવી કોઈ જ ગંભીર હકીકત રેકર્ડ પર આવતી નથી. આ સંજોગોમાં બંને ઈજા પામનાર શાહેદોએ જણાવેલ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે.

(૫૯) બચાવ પક્ષે એવી પણ રજૂઆત કરવામાં આવેલ છે કે, ઈજા પામનાર ફરિયાદી ધ્રુવ વેકરીયાને થયેલ ઈજા જીવલેણ ન હતી. આ સંદર્ભે વિચારવામાં આવે તો, રજૂ થયેલા પુરાવાને ધ્યાને લેતાં મેં અગાઉ કહ્યું તેમ, શાહેદ સુભાષભાઈને થયેલ ઈજા અત્યંત ગંભીર હતી અને કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નીપજાવે તેવી હતી. ઈજા પામનાર ફરિયાદી ધ્રુવે એવો સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, આરોપીએ તેના માથામાં ચપ્પુથી ઈજા કરેલ અને પેટમાં ચપ્પુનો ઘા કરવા ગયા ત્યારે તેમણે ચપ્પુ પકડી લીધેલ, જેથી તેમના જમણા હાથની હથેળીમાં ઈજા થયેલ. આ ઈજા પામનાર ફરિયાદી ધ્રુવને માથામાં તથા હાથમાં થયેલ ઈજા અંગે મેં અગાઉ ચર્ચા કરેલ હોઈ, તેનું અત્રે પુનરાવર્તન કરવું જરૂરી જણાતું નથી. જો કે એ હકીકત ચોક્કસપણે નોંધવી ઉચિત માનું છું કે, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ ના ગુના સંદર્ભે વિચાર કરવામાં આવે ત્યારે ઈજા પામનારને ઈજા કરતા સમયે આરોપીનો ઈરાદો શું હતો, તે ધ્યાને લેવું મહત્વનું બને છે અને ઈજા પામનારને ખરેખર વધતી કે ઓછી ઈજા થયેલ છે, તે હકીકત મહત્વની બને નહીં. આરોપીના ઈરાદા અંગે ચોક્કસ અને પ્રત્યક્ષ પુરાવો ન હોઈ શકે તે સ્વાભાવિક છે, પરંતુ આરોપીના ઈરાદા અંગે સ્વાભાવિકપણે જ જે તે સમયના સંજોગો પરથી અનુમાન થઈ શકે. આ તબક્કે હું નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયનો **<u>ધુડાભાઈ સુરાભાઈ</u>**

**<u>શીયાલીયા વિ. ગુજરાત રાજ્ય – ક્રિમિનલ એપ્લીકેશન (ક્વોશીંગ) નં.૧૦૯૮/૨૦૧૫ ના તારીખઃ ૧૭.૦૩.૨૦૧૫</u>** ના રોજના ચૂકાદાનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું, જેમાં નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે નીચે મુજબ ઠરાવેલ છેઃ–

> "23. For liability under section 307, the prosecution has to prove the following facts:
>
> "(1) That the accused did an act, and (2) that the act was done with such intention or knowledge and under such circumstances that if he by that act caused death he would be guilty of murder. If hurt is caused by such act, the offender becomes liable to imprisonment for life, otherwise the maximum term of imprisonment prescribed is 10 years. Thus the section itself does not take into consideration the effect of the act of the accused except as a measure of sentence to be imposed upon him."
>
> 24. Thus, from the above, the most important ingredient to constitute the offence of an attempt to commit murder punishable under section 307 of the Indian Penal Code is the intention and knowledge. To attract the provisions of this section, it is necessary for the prosecution to establish that the intention of the accused was one of the three kinds mentioned in section 300 of the Indian Penal Code. A person commits an offence under section 307, IPC when he has the intention to commit murder, and in pursuance of that intention, does an act towards its

commission irrespective of the fact whether that act is the penultimate act or not. Section 307 requires that the act must be done with such intention or knowledge or in such circumstances that if death be caused by that act, the offence of murder will emerge.

25. At least one thing is very clear that causing such injury as would endanger life is not an essential condition for the applicability of section 307 of the Indian Penal Code. Even if the injuries inflicted are simple in nature, that by itself cannot be a ground for acquittal, if the offence otherwise falls under section 307 of the Indian Penal Code.

26. The word "intent" is derived from the word archery or aim. The "act" attempted to must be with "intention" of killing a man.

27. Intention, which is a state of mind, can never be precisely proved by direct evidence as a fact; it can only be deduced or inferred from other facts which are proved. The intention may be proved by res gestae, by acts or events previous or subsequent to the incident or occurrence, on admission. Intention of a person can't be proved by direct evidence but is to be deduced from the facts and circumstances of a case. There are various relevant circumstances from which the intention can be gathered. Some relevant considerations are the following:-

1. The nature of the weapon used.
2. The place where the injuries were inflicted.
3. The nature of the injuries caused.
4. The opportunity available which the accused gets...."

નામદાર ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે ઉપરોક્ત ચૂકાદામાં ઠરાવેલ હકીકતો જોતાં એ સ્પષ્ટ થાય છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૭ ના તત્વો આકર્ષવા માટે એ પુરવાર થવું જરૂરી છે કે, આરોપીએ કોઈ કૃત્ય કરેલ છે અને આવું કૃત્ય એવા ઈરાદા અથવા જ્ઞાન સાથે અને એવા સંજોગોમાં કરવામાં આવેલ કે, તે કૃત્યના કારણે જો ઈજા પામનારનું મૃત્યુ થયું હોત તો આરોપી ખૂનના ગુના માટે દોષિત ઠરત. આમ, આ કલમની જોગવાઈ આકર્ષાવા માટે ફરિયાદ પક્ષે આરોપીનો ઈરાદો ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૦ માં દર્શાવેલ ત્રણ પ્રકાર પૈકીનો હતો, તેવું પુરવાર કરવું જરૂરી બને છે. 'ઈરાદો' શબ્દ જે તે સમયની માણસની મનોસ્થિતિનું સૂચક છે અને તે સંબંધે કોઈ પ્રત્યક્ષ પુરાવો એટલે કે સીધો પુરાવો હોઈ શકે નહીં, પરંતુ તે અંગે રેકર્ડ પર પુરવાર થયેલ હકીકતો પરથી યોગ્ય અનુમાન થઈ શકે, જેમાં મુખ્યત્વે આરોપીએ ગુના સમયે ઉપયોગમાં લીધેલ હથિયાર, આરોપીએ ઈજા પામનારના શરીરના ક્યા ભાગ પર ઈજા કરેલ છે, આરોપીએ કરેલ તે ઈજાનું સ્વરૂપ, આરોપીને જે તે સમયે ઉપલબ્ધ તક વગેરેનો સમાવેશ થાય છે.

(૬૦) આ સંદર્ભે જોવામાં આવે તો, આરોપી લક્ષ્મીધામ સોસાયટીની બહાર ગ્રીષ્માબેનનો પીછો કરીને ગયેલા, ત્યારે ખાંચાવાળુ

ચપ્પુ લઈને ગયેલ અને આરોપીને સમજાવવા ગયેલ સુભાષભાઈ તથા ધ્રુવ કે જેઓ બંને ખાલી હાથે આરોપી પાસે ગયેલ, તેઓની સાથે કોઈ પણ વાતચીત કર્યા વિના આરોપીએ સુભાષભાઈના શરીરના અત્યંત નાજુક ભાગ એવા પેટના ભાગે ચપ્પુનો ઘા મારેલ છે, જેનાથી તેમના જઠરની બંને તરફ પંક્ચર થઈ જાય છે અને તેમના આંતરડા બહાર આવી જાય છે. ત્યાર બાદ આરોપીએ ફરિયાદી ધ્રુવના માથાના ભાગે ચપ્પુથી ઈજા કરેલ છે, જે પણ શરીરનો વાઈટલ પાર્ટ ગણી શકાય અને ત્યાર બાદ આરોપીએ ફરિયાદી ધ્રુવને તેના શરીરના નાજુક ભાગ પેટ પર ઈજા કરવાનો પ્રયત્ન કરેલ, પરંતુ ફરિયાદી ધ્રુવે હાથથી ચપ્પુ પકડી લેતાં તેના હાથના ભાગે ઈજા થયેલ છે. આરોપીનું આ કૃત્ય સ્પષ્ટપણે બંને ઈજા પામનારાઓનું ખૂન કરવાનો ઈરાદો સૂચવે છે.

(૬૧) મારી ઉપરોક્ત ચર્ચા પરથી એ સ્પષ્ટ થાય છે કે, બનાવ વખતે આરોપીએ ફરિયાદી ધ્રુવ તથા શાહેદ સુભાષભાઈને મારી નાંખવાના ઈરાદાથી જ તેઓ ઉપર અત્યંત ધારદાર અને સાત ખાંચાવાળા પ્રોફેશ્નલ ઉપયોગમાં લેવતા ચપ્પુ વડે હુમલો કરેલ છે. એ નોંધપાત્ર છે કે, બચાવ પક્ષના વિ.વકીલશ્રી શેખે તેમની આખરી દલીલના તબક્કે એવી એક રજૂઆત કરેલ છે કે, આરોપીનું આ કૃત્ય ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટના કારણે થયેલ હતું. તેઓએ તેમની મૌખિક દલીલમાં એવી રજૂઆત કરેલ છે કે, લક્ષ્મીધામ સોસાયટીના પ્રવેશ દ્વાર પાસે શાહેદ સુભાષભાઈ તથા ફરિયાદી ધ્રુવે આરોપીને ગંભીર ઉશ્કેરણી થાય તેવી તકરાર કરેલ. આ સંબંધે મેં અગાઉ ઉલ્લેખ કરેલ છે તે મુજબ, ફરિયાદી ધ્રુવ વેકરીયાએ તેમની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં

આ હકીકતનો સ્પષ્ટપણે ઈન્કાર કરેલ છે. તે જ રીતે શાહેદ સુભાષભાઈએ પણ તેમની ઊલટતપાસમાં આ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૬૨) આ કામે આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, તેમાં ઉપરોક્ત બંને ઈજા પામનાર શાહેદોએ આપેલ પુરાવા અંગે આરોપીને કાંઈ ખુલાસો કરવો છે, તેમ પૂછતાં તેમણે કોઈ સ્પષ્ટ ખુલાસો કરેલ નથી, બલ્કે આખરી દલીલના તબક્કે રજૂઆત કરીશું તેમ જણાવેલ છે.

(૬૩) બચાવ પક્ષે તેમની મૌખિક દલીલ પૂર્ણ થયા પછી આંક-૩૧૯થી લેખિત દલીલ રજૂ કરેલ છે, જેના પેરેગ્રાફ-૧૭ માં તદ્દન નવી જ સ્ટોરી રજૂ કરતા વિ.વકીલશ્રી શેખે જણાવેલ છે કે, બનાવ સમયે આરોપી લક્ષ્મીધામ સોસાયટીની બહાર પોતાની બાઈક પર બેઠા હતા, ત્યારે ઈજા પામનાર સુભાષભાઈ વેકરીયા, ધ્રુવ વેકરીયા તથા મરહૂમ ગ્રીષ્માબેનના મામા સહિત ચારથી પાંચ વ્યક્તિઓ વાતચીત કરવાના બહાને ત્યાં આવી તેમની સાથે મારપીટ કરવા લાગેલ. આ સંદર્ભે હું એ હકીકત નોંધવી જરૂરી માનું છું કે, વિ.વકીલશ્રી શેખે એક પણ શાહેદની ઊલટતપાસ દરમ્યાન આવો કોઈ પ્રશ્ન ક્યારેય પૂછેલ નથી, એટલું જ નહીં, તેમની મૌખિક દલીલ સમયે પણ આવી કોઈ જ હકીકત રજૂ કરેલ નથી. આ સંજોગોમાં એ નોંધવું યોગ્ય ગણાય કે, આરોપી તરફે દલીલમાં જે બચાવ કે તેમનો કેસ રજૂ કરવામાં આવે, તે તેમણે જે તે શાહેદની જુબાની દરમ્યાન મૂકવો પડે અને તે મૂક્યા પછી જ તેઓ તે બાબતે

દલીલ કરી શકે. વિ.વકીલશ્રી શેખે જણાવેલ ઉપરોક્ત હકીકત સમગ્ર કેસ પૂરો થયા પછી આવેલ 'આફ્ટર થોટ' સમાન જણાય છે. આ સંબંધે એક પણ શાહેદને કોઈ પ્રશ્ન કરવામાં આવેલ નથી, વિશેષ નિવેદન સમયે પણ કોઈ ખુલાસો કરવામાં આવેલ નથી તેમજ મૌખિક દલીલ સમયે પણ આવી કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં લેખિત દલીલ સમયે તદ્દન નવી જ સ્ટોરી કે નવી જ કથા રજૂ કરવાનો પ્રયત્ન, કોઈ પણ ભોગે આરોપીની નિર્દોષતા દર્શાવવાના એક વૃથા પ્રયત્નથી વિશેષ કાંઈ જ જણાતું નથી.

(૬૪) એ પણ નોંધપાત્ર છે કે, આરોપી મરનાર ગ્રીષ્માબેનનો પીછો કરતા લક્ષ્મીધામ સોસાયટીમાં આવેલ હોવાનો સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર છે. આ સંદર્ભે આરોપીને મરનારની સોસાયટીમાં જવાનું શું કારણ હતું, તેવા આ કોર્ટના પ્રશ્નના જવાબમાં બચાવ પક્ષે એવી રજૂઆત કરેલ છે કે, તે આરોપીની મરજી હતી. એ નોંધપાત્ર છે કે, લક્ષ્મીધામ સોસાયટીના પ્રવેશ દ્વાર પર આરોપી પર ચાર–પાંચ વ્યક્તિઓએ હુમલો કરેલ, તેવું દર્શાવતો આછો પાતળો પુરાવો પણ બચાવ પક્ષે પોતાના બચાવમાં રજૂ કરેલ નથી કે આ હકીકતને સમર્થન આપવા બચાવ પક્ષે કોઈ શાહેદને તપાસવામાં પણ આવેલ નથી. આથી વિપરીત રીતે આ કામે એવો ઘણો પુરાવો રેકર્ડ પર આવેલ છે જે એવું દર્શાવે છે કે, બનાવના દિવસે અને સમયે આરોપીને આકસ્મિક અને ગંભીર ઉશ્કેરણી થાય તેવા કોઈ સંજોગો ઉભા થયેલા નહીં. એ સ્વીકૃત છે કે, ફરિયાદી ધ્રુવ અને શાહેદ સુભાષભાઈ જ્યારે આરોપીને મળવા જાય છે ત્યારે તેઓની સાથે બીજું કોઈ ન હતું, તેઓના હાથમાં લાકડી જેવું નાનું હથિયાર પણ

ન હતું અને તેઓ તથા આરોપી વચ્ચે કોઈ મારામારી પણ થયેલ ન હતી. આ ઉપરાંત ફરિયાદી ધ્રુવ, શાહેદ સુભાષભાઈ, મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેનના પુરાવા પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, આરોપી મરનાર ગ્રીષ્માબેનની સોસાયટી ખાતે આવતા ફરિયાદી ધ્રુવ તેમના મોટા પપ્પા શાહેદ સુભાષભાઈને બોલાવી લાવેલ અને તેઓ બંને સોસાયટીના પ્રવેશ દ્ધાર પાસે ગયેલા અને તરત જ તેઓ લોહીલુહાણ હાલતમાં સોસાયટી તરફ પાછા ફરેલ. આ હકીકત બંને શાહેદોની એ રજૂઆતને સંપૂર્ણ સમર્થન આપે છે કે, શાહેદ સુભાષભાઈએ આરોપીને માત્ર એવું જ પૂછેલું કે, 'તું જ છે, જે ગ્રીષ્માને હેરાન કરે છે?' આમ કહેતાં આરોપીએ કંઈ પણ બોલ્યા વગર બંને ઈજા પામનાર શાહેદો પર હુમલો કરી દીધેલો અને હુમલો થતાં તેઓ સોસાયટી તરફ જવા લાગેલા. આમ, આરોપીનું ઉપરોક્ત કૃત્ય બંને ઈજા પામનારાઓએ કરેલ ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટનું પરીણામ હતું, તેવી બચાવ પક્ષની દલીલ કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકાય તેમ નથી. આરોપીએ આ સમગ્ર ગુનો કરવા માટે પૂર્વતૈયારી તથા ફુલપ્રુફ પ્લાનીંગ કરેલ, તે સંબંધે રેકર્ડ પર એવો ઘણો પુરાવો આવેલ છે કે જે પણ ગંભીર અને આકસ્મિક ઉશ્કેરણીના આરોપીના બચાવને નિર્મૂળ કરે છે, જેની ચર્ચા હું આરોપી સામેના ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ મુજબના આક્ષેપ અંગે પુરાવાના મૂલ્યાંકન સમયે કરીશ.

(૬૫) મારી ઉપરોક્ત સમગ્ર ચર્ચા આધારે એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, આ કામના આરોપીએ બંને ઈજા પામનારાઓ એટલે કે, ફરિયાદી ધ્રુવ વેકરીયા અને શાહેદ સુભાષભાઈ વેકરીયાને મારી

નાંખવાના ઈરાદાથી અને એવા જ્ઞાન સાથે તેઓ પર ચપ્પુથી ઘા કરી ઈજા કરેલ છે કે જો તે ઈજાના કારણે ઈજા પામનારાઓનું મૃત્યું થયું હોત તો તે ખૂનના ગુના માટે દોષિત ઠરત. આથી ફરિયાદ પક્ષ આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ મુજબનો ગુનો સબળ, વિશ્વસનીય, આધારભુત અને સાતત્યસભર પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે.

(૬૬) આ કામે ઉપરોક્ત મુદ્દા નં.૧ ની ચર્ચા મુજબ એ સાબિત થયેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનનું મૃત્યુ અકુદરતી હતું અને તે માનવહત્યા હતી. આ ઉપરાંત મારી ઉપરોક્ત ચર્ચા પરથી એ હકીકત પણ પુરવાર થયેલ છે કે, આ કામના આરોપી તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬ઃ૦૦ વાગ્યાના અરસામાં લક્ષ્મીધામ સોસાયટી ખાતે જઈ મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈને મારી નાંખવાના ઈરાદે સાત ખાંચા ધરાવતા પ્રોફેશ્નલ ચપ્પુ વડે પેટમાં ઘા કરી જીવલેણ ઈજા પહોંચાડેલ અને મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ ધ્રુવને પણ મારી નાંખવાના ઈરાદે ચપ્પુ વડે તેના માથા પર હુમલો કરેલ અને પેટમાં ઈજા કરવા જતાં ફરિયાદી ધ્રુવે આરોપીના હાથમાનું ચપ્પુ પકડી લેતાં ફરિયાદીના જમણા હાથની હથેળી કપાઈ ગયેલ. આ સંજોગોમાં આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ મુજબનો ગુનો પુરવાર થયેલ છે.

(૬૭) આંક–૮ થી ફરમાવવામાં આવેલ તહોમતનામું જોતાં આરોપી સામે એવું તહોમત મૂકવામાં આવેલ છે કે, આરોપી છેલ્લા ઘણા સમયથી મરનાર ગ્રીષ્માબેનને હેરાન કરતા હોઈ, મરનાર ગ્રીષ્માબેનના

સંબંધીઓએ આરોપીને તેમ ન કરવા અનેકવાર સમજાવવા છતાં આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને હેરાન કરવાનું ચાલું રાખેલ; આથી મરનાર ગ્રીષ્માબેનને આરોપીની અવગણના કરતા અને આરોપીને તાબે ન થતાં આરોપીએ અપમાનિત થયાની લાગણી અનુભવી મરનાર ગ્રીષ્માબેનને મારી નાંખવાનો ફુલપ્રુફ પ્લાન બનાવી, પૂર્વતૈયારી કરી, બનાવના દિવસે મરનાર ગ્રીષ્માબેનની રેકી કરી, મરનાર ગ્રીષ્માબેન તેની કોલેજ પર ન મળતા તેનો પીછો કરી, તેના આખા પરીવારને મારી નાંખવાના ઈરાદે, બનાવના દિવસે સાંજે ૬:૦૦ વાગ્યાના અરસામાં લક્ષ્મીધામ સોસાયટી ખાતે જઈ પહેલાં સુભાષભાઈ અને ધ્રુવ પર જીવલેણ હુમલો કરતાં, તેઓને લોહીલુહાણ હાલતમાં ઘર તરફ આવતા જોઈને, સામેથી દોડીને આવેલ મરનાર ગ્રીષ્માબેનને આરોપીએ ગળામાંથી પકડી અનેક લોકોની હાજરીમાં, તમામ લોકોની આજીજી અને વિનંતીને અવગણીને, બેરહેમીથી, જાહેરમાં મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખી, તેણી મૃત્યુ ન પામે ત્યાં સુધી તેણીને સારવાર ન મળે તે માટે છરી લઈ, મસાલો ચાવતા ચાવતા તેની બાજુમાં જ ઉભો રહેલ. આમ, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનનું ખૂન કરી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ મુજબનો ગુનો કરેલ હોવાનો આક્ષેપ મૂકવામાં આવેલ છે. આ સંબંધે ફરિયાદ પક્ષે આ કોર્ટ સમક્ષ આરોપી સામેના આક્ષેપ પુરવાર થાય તેવા અનેક પુરાવા રજૂ કરેલા છે, જેની હું તબક્કાવાર ચર્ચા હાથ ધરીશ.

(૬૮.૧) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨૯** તરીકે **ફરિયાદી ધ્રૃવ નંદલાલભાઈ વેકરીયા**ને **આંક-૧૩૭** થી તપાસેલ છે. આ શાહેદ

બનાવમાં ઈજા પામનાર અને મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ છે અને આ ગુનાની ફરિયાદ આપનાર ફરિયાદી છે, જેથી આ શાહેદની સોગંદ પરની જુબાની તથા તેમણે રજૂ કરેલ અસલ ફરિયાદ ધ્યાને લેવી જરૂરી બને છે. મરનાર ગ્રીષ્માબેનની હત્યા સંબંધે પોતાની આંક-૧૩૮ ની ફરિયાદમાં ફરિયાદીએ જણાવેલ છે કે, આરોપીએ તેના મોટા પપ્પાને અને તેમને ચપ્પુ મારી દીધેલ, એટલામાં તેની બહેન ગ્રીષ્મા તથા તેના મમ્મી ગ્રીષ્મા દોડતા આવતા આરોપીએ તેમની બહેન ગ્રીષ્માને ગળામાંથી પકડી લઈને ગળા પર ચપ્પુ મૂકી દીધેલ, જેથી તેમની બહેને અને તેઓએ ઘણી બૂમો પાડેલ, પણ આરોપીએ તેમની બહેનને છોડેલ નહીં અને બધા ગભરાઈ ગયેલ હોઈ, કોઈ વચ્ચે પડેલ નહીં અને આરોપીએ તેની બહેનનું ચપ્પુ વડે ગળું કાપી નાંખેલ. ફરિયાદમાં જણાવેલ આ હકીકત સંબંધે આ શાહેદની સોગંદ પરની જુબાની જોવામાં આવે તો, આ શાહેદે તેમની આંક-૧૩૭ ની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપીએ તેના મોટા પપ્પાને કાંઈ જ વાતચીત કર્યા વગર પેટમાં ચપ્પુ મારી દીધેલ, તેથી તેઓ અને તેમના મોટા પપ્પા ગભરાઈને તેમની શેરી તરફ પાછળ ભાગવા લાગેલા; આથી આરોપી તેમની પાછળ આવેલો અને તેણે ફરિયાદી-શાહેદને માથામાં ડાબી તરફ કાનની ઉપરના ભાગે છરી મારી દીધેલી અને પેટ પર મારવા ગયો ત્યારે તેમણે હાથ વડે છરી પકડી લેતા તેમને જમણા હાથમાં ઈજા થયેલી. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેઓ શેરીમાંથી તેમના ઘર તરફ દોડતા જતા હતા, ત્યારે સામેથી એટલે કે તેમના ઘર તરફથી તેમના મમ્મી, રેણુકા આન્ટી અને બહેન ગ્રીષ્મા તેમની તરફ આવેલા; આથી આરોપીએ તેમની બહેન ગ્રીષ્માને ગળાના ભાગે ચાકુ મૂકીને, પકડીને ખુલ્લા પ્લોટ

તરફ લઈ આવી ઉભો રહી ગયેલ; આથી તેમણે ગ્રીષ્માને છોડી દેવા આરોપીને ઘણી આજીજીઓ કરેલી, પરંતુ આરોપીએ ગ્રીષ્માને છોડેલ નહીં; પછી તેણે ગ્રીષ્માને ગળાના ભાગે ચાકુ મારી દીધેલ; આથી ગ્રીષ્મા નીચે પડી ગયેલ અને તરફડીયા મારવા લાગેલ; પછી આરોપી બધાને ચાકુ બતાવી કોઈને પાસે નહીં આવવા કહેતો હતો; તે વખતે આરોપી ગ્રીષ્માની પાસે જ ઉભો હતો; પછી તેણે ખિસ્સામાંથી મસાલા જેવું કંઈક કાઢીને ખાધેલું અને ચાવતા ચાવતા બોલતો હતો કે, "આજે ગ્રીષ્માના આખા પરીવારને મારી નાંખીશ"; તે ગ્રીષ્માનું જ્યાં સુધી તરફડીયા મારવાનું બંધ ન થયું ત્યાં સુધી તેની પાસે જ ઉભો હતો; પછી ગ્રીષ્માનું તરફડવાનું બંધ થયું એટલે આરોપી તેમના બધાની પાછળ દોડેલો; આથી તેમના મમ્મી વગેરે સાઈડમાં જતા રહેતા આરોપી તેમની પાછળ દોડેલ, તેથી તેઓ પાછળની તરફ આવેલ ખુલ્લા પ્લોટ તરફ જતો રહેલ; તે દરમ્યાન ત્યાં એમ્બ્યુલન્સ આવી ગયેલ; તેમાં તેઓ, તેમના મોટા પપ્પા તથા મોટા મમ્મી શોભાબેન હોસ્પિટલે ગયેલા; એમ્બ્યુલન્સના ડૉકટરે સ્થળ ઉપર ગ્રીષ્માબેનને તપાસેલ, પરંતુ તેને તેમની સાથે એમ્બ્યુલન્સમાં લઈ ગયેલા નહીં. તેમણે વધુમાં સ્પષ્ટતા કરેલ છે કે, પોલીસે તેમનું તારીખઃ ૧૭.૦૨.૨૦૨૨ ના રોજ વિશેષ નિવેદન લીધેલ, જેમાં તેમણે સ્પષ્ટતા કરેલ છે કે, તેમની ફરિયાદમાં બનાવ સંબંધે લખાવેલ કે, ગ્રીષ્માને મારી નાંખ્યા પછી ફેનિલે ઝેરી પદાર્થ જેવું કંઈ ખાઈ લીધેલું, પરંતુ તે ઝેરી દવા ન હતી, પરંતુ મસાલા જેવું ખાધેલું. આ શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે.

(૬૮.૨) આ શાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઊલટતપાસમાં એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, ગ્રીષ્માબેનની એક બહેનપણી જે

તેમના ઘરે આવતી જતી હતી, તેનું નામ ધ્રુતિ છે તેમજ ગ્રીષ્માબેન પાસે એક્ટીવા મોપેડ હતું. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓ આ બનાવ પહેલાંથી આરોપી ફેનિલને ઓળખતા ન હતા. આ શાહેદે બચાવ પક્ષની પ્રશ્નોત્તરી દરમ્યાન સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમના ઘરમાં મરનાર ગ્રીષ્માબેન અને આરોપીના સંબંધ બાબતે કોઈ ઝઘડો થયેલ નહીં; તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનને આરોપી સાથે પ્રેમ સંબંધ હતો તે તેઓ જાણતા હતા, પરંતુ સમાજમાં આબરૂ ન જાય તેથી આરોપી તેમની બહેનને એક વર્ષથી હેરાન કરતો હતો તેવું તેમણે ખોટી રીતે લખાવેલ છે. તેમણે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમના પપ્પાના મિત્ર, મામા તથા ચાર થી પાંચ માણસો આરોપીને સમજાવવા માટે નહીં પરંતુ મારવા માટે ગયેલા, તેવું પણ તેઓ જાણતા હોવા છતાં ખોટું બોલે છે. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ડેરી ડોન સર્કલ પર આરોપીને મારવામાં આવેલ, તે હકીકત પણ તેઓ જાણતા હોવા છતાં કોર્ટમાં ખોટું બોલે છે. આ શાહેદની ઊલટતપાસમાં એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે કે, આરોપી તેમની બહેનને પકડીને ઉભો હતો ત્યાંથી આ શાહેદ ઉભા હતા તે વચ્ચે આશરે આઠથી દસ ફુટનું અંતર હશે તેમજ તે સમયે તેમના મમ્મી થોડે દૂર પાછળ ઉભા હતા. આ શાહેદે બચાવ પક્ષના એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, બનાવ વખતે શેરીની સ્ત્રીઓ આરોપીને પથ્થર અને ઈંટો મારતી હતી; ઊલ્ટાનું તેમણે જણાવેલ છે કે, બનાવ બની ગયા પછી પણ કોઈએ આરોપીને કોઈ ઈંટ કે પથ્થર મારેલ નહીં. આ શાહેદે તેમની ઊલટતપાસમાં વધુમાં જણાવેલ છે કે, ગ્રીષ્માબેનને મારી નાંખ્યા પછી આરોપી તેમની પાછળ દોડેલો, છેલ્લે સુધી તે તેમની પાછળ જ દોડેલ.

(૬૮.૩) આ શાહેદે જણાવેલ ઉપરોક્ત હકીકતો જોવામાં આવે તો, તેમાં તેમણે ફરિયાદમાં જણાવેલ હકીકતોને સંપૂર્ણ સમર્થન આપેલ છે. આ શાહેદ બનાવમાં ઈજા પામનાર છે અને બનાવમાં બંને ઈજા પામનારાઓએ જણાવેલ હકીકત હું આગળ જણાવી ગયેલ છું. સંક્ષિપ્તમાં કહીએ તો આ શાહેદે તેમની ફરિયાદમાં જણાવેલ હકીકત તેમની સોગંદ પરની જુબાનીથી પુરવાર થાય છે. તેમની ઊલટતપાસમાં બચાવ પક્ષે અનેકવાર પૂછેલ સૂચક પ્રશ્નોનો ઈન્કાર કરતા જણાવેલ છે કે, આરોપી અને મરનાર ગ્રીષ્માબેન વચ્ચે પ્રેમસંબંધ ન હતા.

(૬૯.૧) આ કામે બનાવમાં **ઈજા પામનાર સુભાષભાઈ પરબતભાઈ વેકરીયા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૦** તરીકે **આંક–૧૪૦** થી તપાસેલ છે. મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરતા પહેલાં આરોપીએ આ શાહેદ પર જીવલેણ હુમલો કરેલ, જેની ચર્ચા હું અગાઉ કરી ગયેલ છું. આ શાહેદે મરનાર ગ્રીષ્માબેનની હત્યા સંબંધે તેમની જુબાનીમાં એવો પુરાવો આપેલ છે કે, આરોપી ફેનિલે તેના ડાબા પડખાના ભાગે ચપ્પુ મારી દેતાં તેમના આંતરડા બહાર આવી ગયેલા, જેથી તેઓ સોસાયટી તરફ ચાલવા લાગેલ; તે દરમ્યાન આરોપીએ ધ્રુવને માથામાં ચપ્પુ મારી દીધેલ; પછી આરોપી ધ્રુવને પેટમાં ચપ્પુ મારવા ગયો ત્યારે ધ્રુવે તે ચાકુ પકડી લીધેલ, તેથી ધ્રુવને જમણા હાથે ઈજા થયેલી; આ દરમ્યાન સામેથી ગ્રીષ્માએ જોયેલું કે, બાપુજીને એટલે કે આ શાહેદને ચાકુ મારી દીધેલ છે અને ભાઈને પણ ચપ્પુ મારેલ છે, તેથી ગ્રીષ્મા દોડીને આવતા આરોપીએ ધ્રુવને પડતો મૂકી ગ્રીષ્માને ચપ્પુ રાખી પકડી લીધેલ; તેઓ

તે વખતે સામે ઓટલા ઉપર બેસી ગયેલ હતા; પછી આરોપીએ ગ્રીષ્માને ગળા પર ચાકુ મારી દીધેલ; આથી ગ્રીષ્મા નીચે પડી ગયેલ; પછી તેઓ બેભાન જેવા થઈ ગયેલ, તેથી પછી શું થયેલ તે તેમને ખબર નથી. તેમને આશરે અઢારેક દિવસ હોસ્પિટલમાં રહેવું પડેલ અને હોસ્પિટલમાંથી રજા આપી ઘરે આવ્યા પછી અને ગ્રીષ્માની બધી વિધિ પતી ગયા પછી તેમના ભાઈ નંદલાલભાઈએ કહેલું કે, ગ્રીષ્મા મૃત્યુ પામી છે. આ શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે . આ શાહેદને મુદ્દામાલ આર્ટિકલ નં.૪ વાળી ઓઢણી બતાવતા તેમણે જણાવેલ છે કે, એક ભાઈએ તેમને રેણુકાબેનની ઓઢણી આપેલ તે તે જ છે કે જે તેમણે તેમના આંતરડા બહાર આવી ગયેલા અને લોહી નીકળતું હતું, તેથી તે ભાગ ઉપર તેમણે દબાવી રાખેલ.

(૬૯.૨) આ શાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઊલટતપાસમાં તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સમાજમાં આબરુ જવાની બીકે એક વર્ષથી ચાલતા પ્રકરણને તેઓ કોર્ટથી છૂપાવે છે. આ બનાવ પહેલાંથી જ તેઓ આ કામના આરોપીને ઓળખતા હોવાનો તેમણે ઈન્કાર કરેલ છે. તેમણે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેઓ ગ્રીષ્માબેનના મામા તથા હરેશભાઈ કિકાણી સાથે વારંવાર આરોપીને મારવા જતા હતા. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી ચપ્પુ લઈને મરનાર ગ્રીષ્માબેન પાસે ઉભા હતા ત્યારે આરોપી એવું બોલતા હતા કે, 'મારે વાત કરવી છે'. તેમણે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, આરોપી વાત કરવા, સમાધાન કરવા અને ગ્રીષ્માના મમ્મીને મળવા આવેલ, આ હકીકત તેઓ જાણે છે. આ ઉપરાંત તેમણે એ હકીકતનો

ઈન્કાર કરેલ છે કે, લક્ષ્મીધામ સોસાયટીના પ્રવેશ દ્વાર પર જ તેમણે આરોપીને ઉશ્કેરી દીધેલ.

(૬૯.૩) મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા અને આ બનાવમાં ઈજા પામનાર સદર શાહેદ સુભાષભાઈ વેકરીયાએ જણાવેલ ઉપરોક્ત હકીકત જોતાં, તે ફરિયાદીએ ફરિયાદમાં તથા તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ હકીકતો સાથે સંપૂર્ણ સુસંગત છે. આરોપીએ ફરિયાદી તથા આ શાહેદ પર જીવલેણ હુમલો કર્યા બાદ મરનાર ગ્રીષ્માબેનને મારવાનો બનાવ તરત જ બનેલ છે, તે જોતાં ફરિયાદી અને આ શાહેદ બંને ઈજા પામનારાઓ છે અને તેઓની સ્થળ પર હાજરી પુરવાર થાય છે, એટલું જ નહીં, આ બંનેની નજર સામે જ ગ્રીષ્માબેનની હત્યાનો બનાવ બનેલ હતો, તેવું પણ પુરવાર થાય છે.

(૭૦.૧) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૬૦** તરીકે ફરિયાદી ધ્રુવ તથા **મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન નંદલાલભાઈ વેકરીયા**ને **આંક-૨૨૨** થી તપાસેલ છે. આ શાહેદ પણ બનાવના નજરે જોનાર શાહેદ છે. તેમની જુબાની અત્યંત સ્વાભાવિક જણાય છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ લક્ષ્મીધામ સોસાયટી ખાતે તેમના પરીવાર સાથે રહે છે; બનાવ વખતે તેમના પતિ હીરાના કામે આફ્રિકા મુકામે હતા, કારણ કે તેમની દીકરીના લગ્ન કરવા માટે પૈસાની જરૂર હતી; તેમને સંતાનમાં એક દીકરી ગ્રીષ્મા અને એક દીકરો ધ્રૂવ છે; તેમની દીકરી ગ્રીષ્મા પાસે મોબાઈલ ફોન હતો, પણ તેનો નંબર તેમને યાદ નથી. બનાવ સંબંધે તેમણે એવો પુરાવો આપેલ છે કે, તારીખઃ

૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેમની દીકરી સાંજના ૫:૧૦ વાગ્યે કોલેજેથી આવેલ; તેની સાથે તેના આન્ટી રેણુકાબેન પણ હતા; પછી ચા પીને તેઓ અને રેણુકાબેન ઘરના ઓટલા પર બેઠેલા, ત્યારે ગ્રીષ્મા ઘરની અંદર હતી; પછી તેમણે તેને બહાર બોલાવતા ગ્રીષ્મા અને ધ્રૃવ પણ તેઓની સાથે બેસવા આવેલ; તે વખતે ગ્રીષ્માએ સામેથી આવતા છોકરા ફેનિલને જોયેલો; આથી ગ્રીષ્માએ કહેલું કે, 'આન્ટી આપણી પાછળ પેલો અહીં સુધી આવી ગયેલ છે'. આથી તેમનો દીકરો ધ્રૃવ તેમના જેઠ સુભાષભાઈને બોલાવવા ગયેલ; પછી ધ્રૃવ અને તેમના જેઠ સુભાષભાઈ સોસાયટીના નાકા પર ફેનિલ પાસે ગયેલ; તે સમયે તેઓ ઓટલા પર બેઠા હોવાથી ત્યાં શું થયું તે તેમને ખબર નથી, પરંતુ સુભાષભાઈ વાંકા-વાંકા, પેટ ઉપર હાથ રાખીને તેમની તરફ આવેલા; સુભાષભાઈને પેટની ડાબી તરફના ભાગે વાગી ગયેલ હતું; ત્યાંથી લોહી નીકળતું હતું; આથી ગ્રીષ્માએ 'મોટા પપ્પાને શું થયુ?' તેમ કહેતા તેઓ, ગ્રીષ્મા તથા રેણુકાબેન બધા જ સુભાષભાઈ તરફ દોડેલા; તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે ફેનિલે ધ્રૃવને પકડેલો, તેને છોડીને તેમની દીકરી ગ્રીષ્માને પકડી લીધેલ; ફેનિલે તેમની દીકરી ગ્રીષ્માને પકડીને ગળા ઉપર ચપ્પુ રાખી દીધેલ; પછી તેમણે તેને ઘણી આજીજી કરેલી કે, 'તું એને મુકી દે', પરંતુ તેણે તેમની દીકરીને મૂકેલી નહીં અને એવું કહેલુ કે, 'હું બધાયને મારી નાંખીશ', પછી ધ્રૃવ એક ડગલું આગળ વધતા તેણે તેમની દીકરીના ગળા પર છરી મારી દીધેલી; આથી તેમની દીકરી નીચે ઢળી પડેલી; તેમની દીકરીને નળમાંથી પાણી નીકળે તે રીતે એકદમ જ લોહી નીકળવા લાગેલ; તેમની દીકરી નીચે પડીને તરફડીયા મારવા લાગેલ, ત્યારે ફેનિલ તેમની દીકરી પાસે જ ઉભો હતો; તેણે ખિસ્સામાંથી કાંઈક કાઢીને

ખાધેલું અને પાણી પીને કાગળ ગ્રીષ્મા પર નાંખેલ; પછી ગ્રીષ્મા હલતી બંધ થઈ ગયા બાદ ફેનિલ છરી લઈને તેમની પાછળ દોડેલો; તે કહેતો હતો કે, 'હું તમને બધાને મારી નાંખીશ'. પછી એક બહેને તેમને એક બાજુ લઈને ઓટલા ઉપર બેસાડી દીધેલ. તેમણે ધ્રૃવને કહેલું કે, 'જેના ઘરનો દરવાજો ખુલ્લો હોય તેમાં ઘુસી જા, નહીં તો આ પતાવી દેશે.' આ શાહેદે અત્યંત મહત્વની રીતે તેમની જુબાનીમાં એવું પણ જણાવેલ છે કે, તેમને દિવાળી પહેલાં ગ્રીષ્માએ એવું કહેલું કે, ફેનિલ નામનો એક છોકરો તેને હેરાન કરે છે; તે તેમની દીકરીને ફોન પર મેસેજ કરતો હતો; પછી તેમણે તેમની દીકરીને સલાહ આપેલ કે, 'તું એને રીપ્લાય ન કરતી' અને તેમણે આ બાબતની જાણ તેમના ભાઈ અશોકભાઈ બાવચંદભાઈ તથા હરેશભાઈ કીકાણીને કરેલ. આ શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, બનાવ વખતે આરોપી કેવા કપડાં પહેરીને આવેલ તે તેમને ચોક્કસ યાદ નથી, પરંતુ કોફી કલર જેવું શર્ટ હતું અને પીઠ પર એક બેગ લગાવેલી હતી, જેના આગળના ભાગે કાળા પટ્ટા હતા. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, બનાવ સમયે કોઈકે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા એમ્બ્યુલન્સ આવી ગયેલ, તેમાં તેમના જેઠાણી, સુભાષભાઈ અને ધ્રૃવ દવાખાને ગયેલા; તેમની દીકરી ગ્રીષ્માનું સ્થળ પર જ મૃત્યુ થયેલ. તેમણે સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ બનાવ તેમણે નજરે જોયેલ છે.

(૭૦.૨) આ શાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં પણ તેમણે આપેલ જવાબ સ્વાભાવિક જણાય છે, એટલું જ નહીં, તેઓ સત્ય હકીકત જણાવતા હોય તેવું જણાય છે. કારણ કે,

તેમણે વિ.વકીલશ્રી શેખ દ્વારા કરવામાં આવેલ ઊલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના દીકરા ધ્રુવ તેમજ તેમના જેઠ સુભાષભાઈને ઈજા થયેલ તે બનાવ તેમણે નજરે જોયેલ નથી. તેમણે ઊલટતપાસ દરમ્યાન જણાવેલ છે કે, આરોપીનું નામ તેમણે દિવાળી પહેલાં ગ્રીષ્માએ તેમને જ્યારે વાત કરેલી ત્યારે સૌ પહેલા સાંભળેલું. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બન્યો ત્યારે ત્યાં લોકો ભેગા થઈ ગયેલા; તે વખતે બહુ જ અવાજો આવતા હતા. આ સંબંધે શાહેદે જણાવેલ છે કે, લોકો "મૂકી દે, મૂકી દે" તેમ કહેતા હતા. તેમણે બચાવ પક્ષના એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, ગ્રીષ્માને છોડાવવા લોકોએ પ્રયત્ન કરેલ. આ શાહેદે આ સંબંધે ખુલાસો કરતા જણાવેલ છે કે, જેવું કોઈ આગળ પગલું ભરતું હતું, ફેનિલ ગ્રીષ્માનાં ગળા પર ચાકુ ઘસતો હતો. તેમણે વધુમાં સ્વીકારેલ છે કે, રેણુકાબેન તેમના ઘરે અવારનવાર આવતા; હરેશભાઈ કીકાણી તેમના પતિના વર્ષો જૂના મિત્ર છે. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ ફેનિલ અને ગ્રીષ્માના સંબંધ વિશે જાણતા હતા, તેમ છતાં સમાજમાં આબરૂ ન જાય તેથી તે વિશે ઘણી હકીકતો છૂપાવેલ છે. તેમણે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, તેમના ભાઈ અશોક કાનાણી, તેમના પતિના મિત્ર હરેશ કીકાણી, તેમના જેઠ સુભાષભાઈ વેકરીયા તથા તેમના એક મિત્ર ફેનિલના ઘરે તેમને મારવા ગયેલા. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ગ્રીષ્માબેનનો એક મોબાઈલ ફોન બગડી ગયેલો, જે રીપેર થયો ત્યારે તે તેમના ભાઈ અશોકભાઈ કાનાણીના હાથમાં આવી ગયેલ, તેમાં ગ્રીષ્મા અને ફેનિલનાં ફોટોગ્રાફ્સ જોઈ, અશોકભાઈએ ઘરમાં ખૂબ મોટો ઝઘડો કરેલો. આ શાહેદે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફેનિલ ગોયાણી

છોકરીઓની છેડતી કરતો હોવાની કોઈ અરજી તેમના તરફથી પોલીસમાં થયેલ નથી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવના સમયગાળામાં તેમના ભાઈ અશોકભાઈ તથા હરેશભાઈ કીકાણી આરોપીને ત્રાસ આપતા હતા, તે બાબતે આરોપી વાત કરતો હતો.

(૭૦.૩) આ શાહેદની સમગ્ર જુબાની જોતાં તેઓ બનાવનું પોતે જાણે છે તેટલું જ સાચું ચિત્ર રજૂ કરે છે, તેવું જણાય છે. તેઓ ઓટલા પર બેઠા હતા, ત્યારે શેરી પૂરી થયા બાદ નાકા પર સુભાષભાઈ અને ધ્રુવ પર જે હુમલો થયેલ તે તેમણે જોયેલ નહીં તેવું સ્પષ્ટ જણાવેલ છે . બનાવવાળી જગ્યાની સ્થળ સ્થિતિ જોતાં આ શાહેદ જે ઓટલા પર બેઠા હતા ત્યાંથી સોસાયટીનું પ્રવેશ દ્વાર જોઈ શકાય તેમ ન હતું. જેથી આ શાહેદ 'ટ્યુટર્ડ વિટનેશ' હોવાની બચાવ પક્ષની રજૂઆત આ સંદર્ભે સાચી જણાતી નથી. જો તેઓ ટ્યુટર્ડ વિટનેશ હોત તો તેમણે બધું જ જોયેલું, તે પ્રકારે જુબાની આપત. આ શાહેદની જુબાની ઈજા પામનાર ફરિયાદી ધ્રુવ તથા ઈજા પામનાર શાહેદ સુભાષભાઈની જુબાની સાથે સંપૂર્ણપણે સુસંગત છે. આ શાહેદ બનાવ સમયે તેઓ અને શાહેદ રેણુકાબેન તેમના ઘરના ઓટલા પર બેઠા હતા અને તેમનો દીકરો ધ્રુવ અને દીકરી ગ્રીષ્મા પણ તેમની સાથે બહાર આવેલ તેવું જણાવતા હોઈ, શાહેદ રેણુકાબેનનો પુરાવો પણ આ કામે અત્યંત મહત્વનો જણાય છે.

(૭૧.૧) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૩** તરીકે **રેણુકાબેન હરેશભાઈ કીકાણી**ને **આંક–૧૫૦** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમના પતિ હરેશભાઈ કીકાણી અને મરનાર

ગ્રીષ્માબેનના પિતા બંને મિત્રો છે; ગ્રીષ્માબેન પાસે એક એક્ટીવા મોપેડ હતું. બનાવ સંબંધે તેમણે જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ તેમના ઘરે હતા, ત્યારે બપોર પછી આશરે સવા ચાર વાગ્યાની આસપાસ ગ્રીષ્માનો તેમની પર ફોન આવેલો; તેણે તેમને જણાવેલ કે, 'આન્ટી પેલો છોકરો જે મને હેરાન કરે છે તે ફેનિલ કોલેજના ગેટ બહાર ઉભો છે, તેથી તમે મને આવીને લઈ જાવ'; જેથી તેમણે તેને કહેલ કે, 'હું આવું છુ'; તેમણે તેને પૂછેલું કે, 'તારી સાથે કોઈ છે?' તો તેણે કહેલું કે, 'મારી સાથે મારી બે બહેનપણીઓ છે'; આથી તેમણે ગ્રીષ્માને કહેલું કે, 'હું કોલેજ તને લેવા ન આવું ત્યાં સુધી તારી તે બંને બહેનપણીઓને તારી સાથે જ રાખજે અને તમે કોલેજના ગેટની અંદર રહેજો'; પછી તેઓ તેમનું જ્યુપીટર મોપેડ લઈને ગ્રીષ્માની કોલેજ જવા નીકળેલ; પછી તેમણે કોલેજના ગેટ પાસે જઈને ગ્રીષ્માને ફોન કરેલ અને જણાવેલ કે, 'હું કોલેજનાં ગેટ પાસે આવી ગઈ છું, તું ગેટ પાસે આવ'; આથી પહેલાં ગ્રીષ્માની બે બહેનપણીઓ તેમનું મોપેડ લઈને ગેટ પાસે આવેલ અને તેઓએ તેમને પૂછેલુ કે, 'તમે ગ્રીષ્માનાં આન્ટી છો?' જેથી તેમણે 'હા' પાડેલી; પછી તે લોકો તેમના ઘરે જતા રહેલા અને ગ્રીષ્મા ગેટ પાસે આવેલી; ગ્રીષ્માએ ગેટની અંદર ઉભા રહીને તેમને પૂછેલું કે, 'આન્ટી જુઓ તો પેલો ફેનિલ ગેટની બહાર ઉભો છે?', જેથી તેમણે જોયેલું તો તેમને ફેનિલ ક્યાંય દેખાયેલો નહીં; આથી તેઓ અને ગ્રીષ્મા બંને ગ્રીષ્માના ઘરે લક્ષ્મીધામ સોસાયટીમાં ગયેલા; તેઓ આશરે સવા પાંચની આસપાસ ગ્રીષ્માના ઘરે પહોંચેલા; પછી ગ્રીષ્મા ફ્રેશ થયેલ અને તેઓ બધાએ ચા-નાસ્તો કરેલ; પછી તેઓ અને ગ્રીષ્માના મમ્મી ઓટલા ઉપર બેઠેલા અને થોડી વારમાં ગ્રીષ્માનો ભાઈ ધ્રૂવ પણ આવી ગયેલો;

પછી ગ્રીષ્મા અંદર ડ્રોઈંગ કરતી હતી, તેને પણ તેના મમ્મીએ બહાર બેસવા બોલાવેલ; ગ્રીષ્મા તેઓ જે ઓટલા ઉપર બેઠેલા, તેની બાજુમાં પાર્ક કરેલ તેના એક્ટીવા મોપેડ પર બેઠેલી; એટલામાં ફેનિલ શેરી સુધી વચ્ચે આવી જતા ગ્રીષ્માએ તેમને કહેલું કે, 'આન્ટી ફેનિલ આપણા ઘર સુધી પહોંચેલ છે'; તેથી તેમણે જોયેલું તો તે જતો રહેલો; આથી તેમણે ગ્રીષ્માને પૂછેલું કે, 'તે ફેનિલ જ હતો?' તેથી ગ્રીષ્માએ કહેલું કે, 'હા, તે ફેનિલ  જ હતો.' આથી ગ્રીષ્માનો ભાઈ ધ્રૃવ સોસાયટીમાં પાછળ રહેતા તેમના મોટા પપ્પા સુભાષભાઈને બોલાવવા ગયેલ; પછી સુભાષભાઈ અને ધ્રૃવ ફેનિલ જે તરફ હતો તે તરફ એટલે કે સોસાયટીનાં પ્રવેશ દ્વાર તરફ ગયેલા; થોડી વારમાં સોસાયટીના પ્રવેશ દ્વાર તરફથી ધ્રૃવ અને સુભાષભાઈ લોહીલુહાણ હાલતમાં તેમની શેરીના નાકે આવેલા; આથી તેઓ, ગ્રીષ્મા અને ગ્રીષ્માના મમ્મી વિલાસબેન દોડીને ધ્રૃવ અને સુભાષભાઈ પાસે ગયેલા; આથી ફેનીલે ધ્રૃવને ધક્કો મારી પછાડી દીધેલો અને બાજુમાંથી ગ્રીષ્માને ખેંચીને સાઈડમાં લઈ ગયેલો અને ગળે ચાકુ રાખી દીધેલ; પછી તેમણે તથા ગ્રીષ્માના મમ્મીએ ગ્રીષ્માને છોડાવવા ખૂબ જ આજીજી કરેલી અને કહેલુ કે, 'તું જે કહીશ તે કરીશું, તું એને છોડી દે'; તો પણ આરોપી ફેનિલ ગ્રીષ્માને છોડતો જ ન હતો; તે એવું કહેતો હતો કે, 'હું તેને મારી જ નાંખીશ'; તેઓ નજીક જવા પ્રયત્ન કરતા તે ગ્રીષ્માના ગળા પર છરી દબાવતો હતો, તે કારણે ગ્રીષ્માના ગળા પરથી લોહી નીકળવા લાગેલ. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, પછી તેમણે ૧૦૮ અને ૧૦૦ નંબરને ફોન કરેલો અને બીજા એક ભાઈએ પોલીસને ફોન કરેલો; પછી ફરીથી તેઓ ગ્રીષ્માના મમ્મી ઉભા હતા ત્યાં ગયેલ અને ગ્રીષ્માને છોડી દેવા કહેલ; પરંતુ આરોપીએ એવું કહેલું કે, 'હું

ગ્રીષ્માને અને તેના આખા પરીવારને મારી જ નાંખીશ'; પછી આરોપીએ ગ્રીષ્માના ગળા ઉપર જોરથી છરી ઘસેલી અને આરોપી ગ્રીષ્માના ગળા પર જોઈ જોઈને છરી ઘસતો હતો; આથી ગ્રીષ્મા નીચે પડી ગયેલ; ગ્રીષ્મા નીચે પડી તરફડતી હતી, છતાં પણ આરોપી કોઈને ગ્રીષ્માની નજીક જવા દેતો ન હતો; પછી તેણે ખિસ્સામાંથી મસાલા જેવું કાંઈક કાઢી કાગળમાંથી તે ખાઈને કાગળ ગ્રીષ્મા ઉપર ફેંકેલ; પછી જ્યારે ગ્રીષ્મા તરફડતી બંધ થયેલ ત્યારે આરોપી છરી લઈને બધાની સામે મારવા માટે આવેલો; પછી તે દોડીને ગ્રીષ્માના ઘર તરફ ગયેલો; એટલામાં ૧૦૮ એમ્બ્યુલન્સ આવી ગયેલ; તેમણે સુભાષભાઈ અને ધ્રૃવ સાથે ગ્રીષ્માને પણ હોસ્પિટલ લઈ જવા કહેલ, પરંતુ ૧૦૮ એમ્બ્યુલન્સ વાળાએ ગ્રીષ્માને મૃત જાહેર કરેલ. સદર શાહેદે વધુમાં જણાવેલ છે કે, પોલીસ આવી ત્યાં સુધી આરોપી ગ્રીષ્માનાં ઘર પાસે ઉભો હતો; થોડી વારમાં પોલીસ આવેલી અને આરોપી ફેનિલને પકડીને લઈ ગયેલી. આ શાહેદે બનાવ વિશે ઉપરોક્ત હકીકતો જણાવ્યા બાદ આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, આરોપી ગ્રીષ્માને મારી તેના ઘર તરફ જતો હતો ત્યારે પોતાના હાથે પણ છરી ઘસતો હતો. તેમણે વધુમાં જણાવેલ છે કે, ગ્રીષ્માને મારતી વખતે આરોપીના હાથમાં જે ચપ્પુ હતું તે કાળા કલરના હાથાવાળું હતું, તેનું પાનુ વ્હાઈટ કલરનું ચમકતું હતું. આ શાહેદે કોર્ટ રૂબરૂ મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ નું ચપ્પુ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે અને તેના વડે જ આરોપીએ ગ્રીષ્માની હત્યા કરેલ તેમ જણાવેલ છે.

(૭૧.૨) આ શાહેદે બનાવના કારણ વિશે મહત્વની વિગત આપેલ

છે કે, ડિસેમ્બર મહીનામાં એટલે કે દિવાળી પછી ગ્રીષ્માએ તેમને એવું જણાવેલ કે, 'આન્ટી ફેનિલ નામનો એક છોકરો મને હેરાન કરે છે'; આથી તેમણે તેને કહેલું કે, 'તેની જોડે વાત ન કરતી અને તને કોલ–મેસેજ કરતો હોય તો તેને બ્લોક કરી દે'. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, આ બનાવ સંદર્ભે તેમનું કઠોર કોર્ટમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબ એક નિવેદન લેવામાં આવેલ. આ નિવેદન તેમને કોર્ટમાં બતાવી વાંચવા આપતા તેમણે સ્વીકારેલ છે કે, આ નિવેદન તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આપેલ તે જ છે. આ કામે સદર શાહેદનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આંક–૧૫૧ થી તથા તે નિવેદન આપવા માટે તેમણે આપેલ સંમતિપત્ર આંક–૧૫૨ થી રજૂ કરવામાં આવેલ છે.

(૭૧.૩) આ શાહેદની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસ જોવામાં આવે તો તેમાં તેમણે, તેમના કે તેમના પતિના પોલીસ વિભાગના માણસો કે મોટા રાજકારણીઓ સાથે સારા સંબંધો હોવાનો ઈન્કાર કરેલ છે. તેમણે જણાવેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનના પિતા તેમના પતિના મિત્ર હોઈ, તેઓ તેમને તેમના લગ્ન પછીથી ઓળખે છે. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ ગ્રીષ્માને તે નાની હતી ત્યારથી ઓળખે છે અને તેમને ગ્રીષ્માબેનના ઘર સાથે પારીવારીક સંબંધ હોઈ, તેમને એકબીજાના ઘરે જવા–આવવાનું થતું; બંને પરીવારો વચ્ચે ખૂબ સારા સંબંધ છે. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ગ્રીષ્માબેનના મામાએ ગ્રીષ્માબેનને ઠપકો આપેલ. તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમણે કઠોર કોર્ટના મેજિસ્ટ્રેટ સાહેબ સમક્ષ આપેલ

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં એવું લખાવેલ છે કે, 'ત્યાર બાદ (આરોપીએ) પોતાના હાથ પર છરી મારેલી અને તેને લોહી નીકળેલું અને તે વખતે લોકોની પાછળ છરી લઈને મારવા દોડેલો, જેથી પબ્લીક તેને પથરા મારતા હતા'. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ આરોપી અને ગ્રીષ્માબેન વચ્ચેના પ્રેમસંબંધની હકીકત જાણતા હોવા છતાં કોર્ટથી છૂપાવે છે. આ શાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મરહૂમ ગ્રીષ્માબેન અને આરોપી ફેનિલ ગોયાણીના એકબીજા સાથેના ઘણા બધા ફોટોગ્રાફ્સ તેમણે પણ જોયા છે અને ગ્રીષ્માબેનના પરીવારે પણ જોયા છે. તેમણે અંતમાં બચાવ પક્ષે કરેલ એ સૂચક પ્રશ્નનો ઈન્કાર કરેલ છે કે, ગ્રીષ્માબેન અને આરોપી ફેનિલ વચ્ચે પ્રેમસંબંધ હોવા છતાં તેઓ તેને ખોટી રીતે એકતરફી પ્રેમમાં ખપાવવા માંગે છે.

(૭૧.૪) આ શાહેદ તથા મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન, બંનેની જુબાની પરથી એક હકીકત સમાનપણે રેકર્ડ પર આવે છે કે, દિવાળી પહેલાં મરનાર ગ્રીષ્માબેને શાહેદોને એવું જણાવેલ કે, ફેનિલ નામનો એક છોકરો તેને હેરાન કરે છે. આથી ગ્રીષ્માબેનના માતા શાહેદ વિલાસબેન તથા શાહેદ રેણુકાબેનને એક જ સરખી સલાહ આપેલ કે, તે છોકરાને રીસ્પોન્સ ન આપવો, તેની સાથે વાત ન કરવી અને ફોન કે મેસેજ કરતો હોય તો તેને બ્લોક કરી દેવો.

(૭૧.૫) શાહેદ રેણુકાબેનની સોગંદ પરની જુબાનીમાં આંક–૧૫૧ થી રજૂ થયેલ તેમનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું

નિવેદન જોવામાં આવે તો તેમાં પણ તેમણે તેના સોગંદ પરના પુરાવામાં જણાવ્યા મુજબની જ હકીકત જણાવેલ છે. તે જોતાં એવું જણાય છે કે, આ શાહેદની સોગંદ પરની જુબાની તેમના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબના નિવેદન સાથે સંપૂર્ણપણે સુસંગત છે. આ તબક્કે એ નોંધવું યોગ્ય ગણાશે કે, આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ હકીકત તથા બનાવના કરેલ વર્ણનને બંને ઈજા પામનારાઓ ધ્રુવ અને સુભાષભાઈની જુબાની તેમજ મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેનની જુબાનીથી સંપૂર્ણ સમર્થન મળે છે.

(૭૧.૬) એ નોંધપાત્ર છે કે, બનાવના દિવસે બપોર પછી આશરે ૪:૧૫ વાગ્યે મરનાર ગ્રીષ્માબેને શાહેદ રેણુકાબેનને ફોન કરી, તેને જે છોકરો હેરાન કરે છે તે કોલેજના ગેટની બહાર ઉભો છે, તેથી આવીને તેને લઈ જાવ, તેવું કહ્યાની હકીકત દર્શાવેલ છે અને ત્યાર બાદ શાહેદ રેણુકાબેને મરનાર ગ્રીષ્માબેનની કોલેજે જઈ, મરનાર ગ્રીષ્માબેનને ફોન કરી પોતે કોલેજે પહોંચી ગયેલ છે તેવી જાણ કરેલ, આથી પહેલાં મરનાર ગ્રીષ્માબેનની બે બહેનપણીઓ બહાર આવેલ અને પછી મરનાર ગ્રીષ્માબેન બહાર આવતા તેઓ તેને લઈને ગ્રીષ્માબેનના ઘરે આવ્યાની હકીકત જણાવેલ છે. આ હકીકતની સત્યતા દર્શાવવા ફરિયાદ પક્ષે કેટલોક પુરાવો રજૂ કરેલ છે, જેની ચર્ચા આ તબક્કે કરવી યોગ્ય ગણાશે. ફરિયાદ પક્ષે **શાહેદ નં.૬૬** તરીકે **ભારતી એરટેલ લિમિટેડના નોડલ ઓફિસરશ્રી ગૌરવ અનિલભાઈ પંડીત**ને **આંક–૨૪૨** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા બે વર્ષથી ભારતી એરટેલ લિમિટેડમાં નોડલ ઓફિસર તરીકે ફરજ બજાવે

છે; પોલીસે તેમની કંપની પાસેથી કેટલાક મોબાઈલ નંબરોની માહિતી માંગેલ, જેથી તેમણે પોલીસને ફોરવર્ડીંગ લેટર સાથે સદર મોબાઈલ નંબરોની તારીખઃ ૨૦.૦૨.૨૦૨૧ થી તારીખઃ ૨૨.૦૨.૨૦૨૨ સુધીના સી.ડી.આર., કસ્ટમર એપ્લીકેશન ફોર્મ તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર પૂરું પાડેલ; આ ઉપરાંત પોલીસે તેમની પાસેથી અન્ય કેટલાક મોબાઈલ નંબરોની પણ વિગત માંગેલ, જે પણ તેમની જુબાનીમાં દર્શાવ્યા મુજબ તેમણે પૂરી પાડેલ. આ શાહેદની જુબાની જોતાં એવું રેકર્ડ પર આવે છે કે, મરનાર ગ્રીષ્માબેનના મોબાઈલમાંનું સીમકાર્ડ તેમના માતા વિલાસબેનના નામે આ શાહેદની કંપનીમાં મોબાઈલ નં.XXXXX XXX ૨૮ થી રજિસ્ટર્ડ થયેલ છે તેમજ શાહેદ રેણુકાબેન કીકાણીનો મોબાઈલ નં.XXXXX XXX ૬૯ પણ આ કંપનીમાં રજિસ્ટર્ડ થયેલ છે. આ શાહેદે આશરે એક વર્ષના સી.ડી.આર. આ કામે આંક–૨૪૩ થી રજૂ કરેલ છે. આ સી.ડી.આર. ના પાના નં.૬૫૯ કાળજીપૂર્વક જોવામાં આવે તો એવું જણાઈ આવે છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ ૧૬:૧૪:૫૦ કલાકે મરનાર ગ્રીષ્માબેનના મોબાઈલ નં.XXXXX XXX ૨૮ પરથી ઉપરોક્ત શાહેદ રેણુકાબેનના મોબાઈલ નં.XXXXX XXX ૬૯ ઉપર ૩૨ સેકન્ડ સુધી વાત કરેલ. ત્યાર બાદ શાહેદ રેણુકાબેનના મોબાઈલ નં.XXXXX XXX ૬૯ પરથી મરનાર ગ્રીષ્માબેનના મોબાઈલ નં.XXXXX XXX ૨૮ ના મોબાઈલ પર ૧૬:૧૭:૨૫ કલાકે ૩૯ સેકન્ડ વાત થયાનું જણાય છે. આ જ સંબંધે આ સી.ડી.આર. ના પાના નં.૮૪૨ જોવામાં આવે તો મરનાર ગ્રીષ્માબેન અને શાહેદ રેણુકાબેન વચ્ચે ઉપરોક્ત સમયે વાતચીત થયાનું પુરવાર થાય છે, એટલું જ નહીં, શાહેદ રેણુકાબેને

મરનાર ગ્રીષ્માબેનને ૧૬:૩૦:૧૭ કલાકે ફોન કર્યાનું, મરનાર ગ્રીષ્માબેને શાહેદ રેણુકાબેનને ૧૬:૩૫:૩૭ કલાકે ફોન કર્યાનું તથા ફરી શાહેદ રેણુકાબેને મરનાર ગ્રીષ્માબેનને ૧૬:૩૯:૧૪ કલાકે ફોન કર્યાનું સ્પષ્ટપણે જણાઈ આવે છે. જે હકીકત શાહેદ રેણુકાબેને તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ હકીકતોને સંપૂર્ણપણે સમર્થન આપે છે. વધુમાં, આ સી.ડી.આર. ના પાના નં.૮૪૧ જોવામાં આવે તો એવું જણાય છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ એટલે કે બનાવના દિવસે ૧૮:૩૩:૪૨ કલાકે રેણુકાબેનના ફોન પરથી ૧૦૮ એમ્બ્યુલન્સને તથા ૧૮:૩૬:૨૭ અને ૧૮:૩૬:૫૨ કલાકે ૧૦૦ નંબર પર એટલે કે પોલીસ કન્ટ્રોલ રૂમમાં ફોન થયેલ છે, જે હકીકત પણ શાહેદ રેણુકાબેને પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ હકીકતોને સમર્થન આપે છે. આમ, કોલેજ પરથી મરનાર ગ્રીષ્માબેને આ શાહેદ રેણુકાબેનને ફોન કરી, આરોપી કોલેજની બહાર ઉભો હોઈ, તેણીને આવીને લઈ જવા જણાવેલાની હકીકત અને ત્યાર બાદ આ શાહેદ રેણુકાબેને તેને ફોન કરી પોતે કોલેજે પર આવી ગયેલ છે, તેવી જાણ કર્યાની હકીકત અને તે દરમ્યાન શાહેદ રેણુકાબેન અને મરનાર ગ્રીષ્માબેન વચ્ચે મોબાઈલ પર વાતચીત થયેલાની હકીકત પણ શાહેદે જણાવેલ સમય સાથે અત્યંત સુસંગત હોઈ, સમર્થનકારક બને છે. આ ઉપરાંત આરોપીએ ઈજા પામનાર સુભાષભાઈ તથા ધ્રુવ પર હુમલો કર્યા પછી શાહેદ રેણુકાબેને ૧૦૮ અને ૧૦૦ નંબર પર ફોન કર્યાની હકીકત પણ નિઃશંકપણે પુરવાર થાય છે અને તેનો સમય પણ આ બનાવનો જ સમય છે, તેવું આ સી.ડી.આર. પરથી નિઃશંકપણે પુરવાર થાય છે.

(૭૧.૭) આ શાહેદ રેણુકાબેને તેમની સરતપાસમાં એવું જણાવેલ છે કે, બનાવના દિવસે સાંજે ૪:૧૫ વાગ્યે મરનાર ગ્રીષ્માબેને તેમને ફોન કરી જણાવેલ કે, 'પેલો છોકરો જે મને હેરાન કરે છે, તે કોલેજના ગેટ પર ઉભો છે, તેથી મને આવીને લઈ જાવ' અને તે સમયે મરનાર ગ્રીષ્માબેન સાથે તેની બે બહેનપણીઓ પણ હોવાનું જણાવેલ છે. શાહેદ રેણુકાબેન અને મરનાર ગ્રીષ્માબેન વચ્ચે થયેલ ઉપરોક્ત વાતચીત સી.ડી.આર. ના પુરાવાથી પુરવાર થાય છે, એટલું જ નહીં, આ પુરાવાને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૪** તરીકે તપાસવામાં આવેલ **ધૃતિબેન નિરંજનભાઈ લુખી**ના **આંક–૧૫૪** ના પુરાવાથી પણ સમર્થન મળે છે. શાહેદ ધૃતિબેને તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ જે.ઝેડ.શાહ કોલેજ અમરોલી ખાતે ટી.વાય.બી.કોમ. માં અભ્યાસ કરે છે; તેઓ અને મરનાર ગ્રીષ્માબેન સ્કુલ સમયથી સાથે ભણતા હોઈ અને કોલેજમાં પણ તેઓ સાથે ભણતા હોઈ, તેઓ મરનાર ગ્રીષ્માબેનને ઓળખે છે. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, બનાવના દિવસે એટલે કે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ તેમની કોલેજે ગયેલ અને ગ્રીષ્માબેન પણ કોલેજે આવેલ હતી; આ દિવસે બપોરે ત્રણ વાગ્યે તેમને ઘરે જવાનું હોઈ, તેઓ તેમની બહેનપણી ઈશા અને ધારા સાથે ઉભી હતી; ત્યારે ત્યાં ફેનિલ આવેલો અને તેમને પૂછેલું કે, 'ગ્રીષ્મા ક્યાં છે?' તેણે તેમને કહેલ કે, 'મારે ગ્રીષ્માને મળવું છે, તું તેની સાથે મને મળાવ'; આથી તેમણે ના કહેલી અને કહેલું કે, 'તે ક્લાસમાં છે એટલે નહીં મળી શકે'; પછી તેણી ઘરે જતી હતી ત્યારે ફેનિલે તેમને કહેલ કે, 'હું ગ્રીષ્માનાં ઘરે જાઉ છું અને મોટો ઝઘડો કરીશ'; આ વખતે ફેનિલ બાઈક લઈને આવેલો અને તેણે કોફી કલરનું ચેક્સવાળું શર્ટ તથા ડેનિમ જીન્સ પેન્ટ પહેરેલ હતું; ત્યાર

પછી સાંજના સાત વાગ્યે તેમની પર તેમની બહેનપણી માનસીનો ફોન આવેલ અને તેમને જણાવેલુ કે, ફેનિલે ગ્રીષ્મા પર હુમલો કરી તેનું ગળું કાપી નાંખેલ છે. આ સિવાય બીજુ કાંઈ કહેલ નહીં. આ શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ બનાવ સંદર્ભે તેમણે કઠોર કોર્ટમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન આપ્યાનું જણાવી તે નિવેદન આંક-૧૫૫ થી તથા આ નિવેદન આપવા માટે તેમણે આપેલ સંમતિપત્ર આંક-૧૫૬ થી રજૂ કરેલ છે. આ શાહેદની બચાવ પક્ષ તરફે ઊલટતપાસ કરવામાં આવેલ છે, જેમાં તેણી પોતે અર્ધસત્ય કહેતા હોવાનો ઈન્કાર કરેલ છે, પરંતુ તેમણે એવું સ્વીકારેલ છે કે, આરોપીએ તેને 'હું ગ્રીષ્માના ઘરે જાવ છું અને મોટો ઝઘડો કરીશ' તેવું કહ્યા બાદ પાછો આવી 'માત્ર વાતચીત કરીશ', તેવું કહેલું. બચાવ પક્ષની ઊલટતપાસમાં આ શાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેઓ આરોપી ફેનિલને ડિસેમ્બરના અંત ભાગથી ઓળખે છે, કારણ કે, ગ્રીષ્માએ તેમને જણાવેલ કે, આ છોકરો તેને હેરાન કરે છે. તેણીએ ઊલટતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ગ્રીષ્મા અને આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હતો તે વાત ખોટી છે. જો કે તેમણે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ ના નિવેદનમાં એવું લખાવ્યાનો સ્વીકાર કરેલ છે કે, આરોપીએ તેને કહેલ કે, ગ્રીષ્માના કુવા તથા બીજા ચાર-પાંચ માણસો તેમના ઘરે વાતચીત કરવા માટે આવેલા હતા. આ શાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેની બહેનપણીની સમાજમાં આબરૂ જળવાય તે માટે તેઓ ખોટું બોલે છે.

(૭૧.૮) શાહેદ ધ્રુતિબેનની ઉપરોક્ત જુબાની પરથી બનાવના

નજરે જોનાર શાહેદ રેણુકાબેને જણાવેલ ઘણી બધી હકીકતોને સમર્થન મળે છે. એટલું જ નહીં, એ હકીકત પણ પુરવાર થાય છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ શાહેદ ધ્રુતિબેન અને મરનાર ગ્રીષ્માબેન બંને જે.ઝેડ.કોલજમાં હાજર હતા ત્યારે બપોરે ત્રણેક વાગ્યા પછીના સમયે આરોપી ત્યાં આવેલ; તેણે શાહેદ ધ્રુતિબેનનો સંપર્ક કરી ગ્રીષ્માને મળાવવા માંગણી કરેલ. એટલું જ નહીં, આ શાહેદે ના પાડ્યા પછી આરોપીએ એવું કહેલ કે, 'હું ગ્રીષ્માના ઘરે જાવ છું અને મોટો ઝઘડો કરીશ'. આ શાહેદે આરોપીએ બનાવના દિવસે પહેરેલા કપડાં પણ ઓળખી બતાવેલ છે અને આરોપીને પણ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ શાહેદની જુબાનીથી શાહેદ રેણુકાબેન અને શાહેદ વિલાસબેને તેઓની અનુક્રમે આંક–૧૫૦ તથા આંક–૨૨૨ ની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ એ હકીકતને સમર્થન મળે છે કે, ડિસેમ્બરના અંત ભાગથી ગ્રીષ્માએ જણાવેલ કે, ફેનિલ નામનો છોકરો તેમને હેરાન કરે છે. આમ, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ બપોરના સમયે આરોપી ફેનિલ આ કોલેજ પર હાજર હતો અને ગ્રીષ્માને શોધતો હતો, તેની જાણ શાહેદ ધૃતિબેને ગ્રીષ્માબેનને કરી હશે, કદાચ તે કારણે જ મરનાર ગ્રીષ્માબેને શાહેદ રેણુકાબેનને ફોન કરી કહેલું કે, 'ફેનિલ કોલેજની બહાર ઉભો છે, તમે આવીને મને લઈ જાવ'. આ શાહેદ ધ્રુતિબેનની જુબાનીને શાહેદ રેણુકાબેનના પુરાવા સાથે વંચાણે લેવામાં આવે તો શાહેદ રેણુકાબેને મરનાર ગ્રીષ્માબેનની હત્યા થયા પહેલાંની જે કોઈ હકીકત જણાવેલ છે, તે હકીકત નિઃશંકપણે પુરવાર થતી હોવાનું જણાય છે. એ નોંધવું અસ્થાને નથી કે, શાહેદ ધૃતિબેન  નિરંજનભાઈ લુખીએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ તમામ હકીકતો તેમના આંક–૧૫૫ ના

ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબના નિવેદન સાથે સંપૂર્ણપણે સમર્થનકારક છે. જો કે, આ શાહેદનું કલમ–૧૬૪ મુજબનું નિવેદન જોતાં તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રીને એવી મહત્વની હકીકત પણ જણાવેલાનું જણાય છે કે, આરોપીએ તેને ફોર્સ કરીને કહેલું કે, 'જ્યાં સુધી ગ્રીષ્મા ન આવે ત્યાં સુધી તારે જવાનું નથી', પરંતુ આ શાહેદ ધ્રુતિબેને તેની વાત ન માનતા ફેનિલે કહેલું કે, 'હું ગ્રીષ્માના ઘરે જઈને મોટું કરીશ' અને થોડી વારમાં પાછા આવીને ફેનિલે કહેલ કે, 'ગ્રીષ્મા સાથે માત્ર વાતચીત કરીશ' તેવું કહીને તે જતો રહેલ.

(૭૧.૯) આ સંબંધે આરોપીના જ મિત્ર અભિષેક ભરતભાઈ કુકડીયાનો પુરાવો પણ મહત્વનો બને છે. ફરિયાદ પક્ષે આ **અભિષેક ભરતભાઈ કુકડીયા**ને **શાહેદ નં.૭૫** તરીકે **આંક–૧૭૯** થી તપાસેલ છે. આ શાહેદની સમગ્ર જુબાનીનો ઉલ્લેખ આરોપીએ ગુના માટે કરેલ પૂર્વતૈયારી અને બનાવના દિવસની આરોપીની મુવમેન્ટના પુરાવાની ચર્ચા સમયે કરીશ, પરંતુ શાહેદ રેણુકાબેન તથા શાહેદ ધ્રુતિબેનના જણાવ્યા મુજબ આરોપી ફેનિલ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ બપોરે ૩ઃ૦૦ વાગ્યા પછી જે.ઝેડ.કોલેજ પર હતો તેમજ તેણે શાહેદ ધ્રુતિને મળી ગ્રીષ્માને શોધવા અને મળવા પ્રયત્ન કરેલ, તે સંબંધે આ શાહેદનો પુરાવો હાલના તબક્કે નોંધવો જરૂરી જણાય છે. આ સંબંધે શાહેદ અભિષેક ભરતભાઈ કુકડીયાએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આરોપી ફેનિલ તેમનો મિત્ર હતો; તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ તેમના ઘરે સુતા હતા, ત્યારે બપોરે આ ફેનિલે તેમને ફોન પર કહેલ કે, તે વરાછા તરફ જતો હોય તો તેને લેતો જાય; જેથી તેમણે

લગભગ સાડા ત્રણ વાગ્યે ફેનિલને કાપોદ્રા સ્કાયલાર્ક બિલ્ડિંગ પાસેથી તેમની સાથે લીધેલ; તે વખતે તેમને તેમની ઘડીયાળ રીપેર કરાવવાની હોઈ, તેઓ વી.આઈ.પી. સર્કલ પાસે રાધે ટાઈમ્સની દુકાનમાં ગયેલા; પછી શોપની બહાર નીકળતા ફેનિલે કહ્યું કે, તેમને થોડું કામ છે, તેથી તેમણે આરોપી ફેનિલને બાઈક ચલાવી લેવાનું કહેલું; ત્યાંથી ફેનિલ તેમને જે.ઝેડ. કોલેજ પર લઈ ગયેલો; ત્યાં એક છોકરી ઉભેલી હતી, તે તરફ ફેનિલ બાઈક લઈ ગયેલ. પછી આ શાહેદ નીચે ઉભા હતા ત્યારે ફેનિલ સ્ટેન્ડ ચઢાવીને બાઈક ઉપર બેઠેલો; આ ફેનિલ કોઈ છોકરી સાથે વાત કરતો હતો; પછી ત્યાંથી તેઓ આગળ જતા ચાર રસ્તા પાસે આવ્યા પછી આરોપી ફેનિલે ફરીથી તેમને કહેલુ કે, તેમને થોડું કામ છે તેમ કહી બાઈક પાછી વાળેલી અને જે છોકરી સાથે ફેનિલે વાત કરેલી, તે છોકરી ચાલતી–ચાલતી ચાર રસ્તા પાસે આવેલી, તેની પાસે જઈને બાઈક ઉભી રાખેલી અને કહેલું કે, 'તેને કહેજે કે, કૉલ કરે અથવા મેસેજ કરે'. આ શાહેદે જણાવેલ ઉપરોક્ત હકીકત એ બાબત સ્પષ્ટપણે પુરવાર કરે છે કે, તેઓ અને આરોપી ફેનિલ બંને મિત્રો છે અને તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ બપોરે ૩:૩૦ થી ૪:૦૦ વાગ્યા દરમ્યાન આરોપીના કહેવાથી તેઓ બંને જે.ઝેડ.કોલેજ પર પહોંચેલા અને આરોપી ફેનિલે એક છોકરી સાથે વાત કરેલ અને તેને કહેલું કે, 'તેને કહેજે કે, કૉલ કરે અથવા મેસેજ કરે'. આ હકીકત શાહેદ ધ્રુતિબેન તથા શાહેદ રેણુકાબેને જણાવેલ એ હકીકતને સમર્થન આપે છે કે, બનાવના દિવસે બપોરે ૩:૩૦ વાગ્યાના અરસામાં આરોપી ફેનિલ મરનાર ગ્રીષ્માબેનની કોલેજ એટલે કે જે.ઝેડ.કોલેજની બહાર હતો. મેં અગાઉ નોંધ્યું છે તેમ, કદાચ આ જ કારણે મરનાર ગ્રીષ્માબેને શાહેદ રેણુકાબેનને ફોન કરી તેને લઈ જવા

જણાવેલ. પુનરાવર્તનનો દોષ વ્હોરીને લખું છું કે, મરનાર ગ્રીષ્માબેન અને શાહેદ રેણુકાબેન વચ્ચે થયેલ ફોન કોલની હકીકત આ કામે રજૂ થયેલ સી.ડી.આર. થી નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૭૨.૧) આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરી તે સમયે બનાવના સ્થળે હાજર એવા અન્ય શાહેદોનો પુરાવો જોવામાં આવે તો ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨૪** તરીકે **તુષારભાઈ મથુરભાઈ બોરડ**ને **આંક–૧૨૧** થી તપાસવામાં આવેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં બનાવ અંગે એવો પુરાવો આપેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬ઃ૦૦ વાગ્યે તેઓ તેમની ઓફિસેથી તેમના ઘરે લક્ષ્મીધામ સોસાયટી ખાતે આવેલ; તે વખતે તેમના ઘરે તેમના બાપુજીનો છોકરો રોહિતભાઈ પોપટભાઈ બોરડ આવેલો, તેથી તેઓ તેમની સાથે બેઠા હતા; તેઓ વાતો કરતા હતા, ત્યારે થોડીવારમાં શેરીમાં બૂમાબૂમ થયેલી; જેથી તેઓએ બહાર આવીને જોયેલું તો, શેરીના આગળનાં ભાગમાં એક ટોળું ઉભું હતું; તેઓ તે ટોળા પાસે ગયા ત્યારે તેમના ઘરની પાછળની લાઈનમાં રહેતા સુભાષભાઈ ટોળામાંથી પેટ પર હાથ રાખીને તેમની પાસે આવેલા અને તેમને કહેલું કે, 'મને દવાખાને લઈ જાવો, નહીં તો હું મરી જઈશ'; તેમને પેટ પર ઘા હતો, જેમાંથી લોહી નીકળતું હતું, જેથી તેમણે સુભાષભાઈને પકડીને બાજુમાં આવેલ મકાનના ઓટલા ઉપર બેસાડી દીધેલા; તે વખતે ત્યાં રેણુકાબેન કીકાણી હાજર હતા, જેઓ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા હતા, તેમના ખભા ઉપર એક ચુંદડી હતી, જે તેમણે તેમની પરવાનગીથી લઈ સુભાષભાઈના પેટના ભાગે દબાવી રાખેલી; પછી જે સાઈડે ટોળું હતું,

ત્યાં તેમણે જોયું તો એક છોકરો ગ્રીષ્માના ગળા ઉપર ચાકુ મુકીને ઉભો હતો; તે છોકરો પાતળા બાંધાનો હતો; તેણે ચેક્સવાળું શર્ટ અને જીન્સનું પેન્ટ પહેરેલું હતું; તે વખતે શેરીનાં માણસો, ગ્રીષ્માનો ભાઈ ધ્રૂવ તથા ધ્રૂવના મમ્મી ગ્રીષ્માને છોડી દેવા કહેતા હતા; પછી ધ્રૂવે તે છોકરા તરફ જવા માટે એક પગલું ભર્યું તો તે છોકરાએ ગ્રીષ્માના ગળા ઉપર ચાકુ ઘસી નાંખેલ; તેણે જોરથી ચાકુ ઘસતા લોહી નીકળવા લાગેલ; પછી ગ્રીષ્મા નીચે પડી ગયેલ અને પછી તે છોકરાએ તેના ખિસ્સામાંથી કંઈ કાઢેલ, તેમાંથી કંઈક ખાઈને કાગળ ત્યાં ફેંકી દીધેલ; ત્યાર પછી આ ગ્રીષ્મા જ્યાં સુધી હલતી બંધ ન થઈ અને મૃત્યુ ન પામી ત્યાં સુધી તે વ્યક્તિ ત્યાં જ ગ્રીષ્માની પાસે ઉભો રહેલો અને બોલતો હતો કે, 'હું આખા ઘરને જાનથી મારી નાંખીશ'; ત્યાર બાદ ગ્રીષ્મા હલતી બંધ થયા પછી સ્ત્રીઓનું જે ટોળું ઉભું હતું, તે તરફ આ છોકરો ચાકુ લઈને ભાગેલો અને દોડીને ગ્રીષ્માના ઘર પાસે જતો રહેલો; જેથી તેમણે સોસાયટીના ગેટ પાસે જઈ ૧૦૦ નંબર પર ફોન કરેલો, પરંતુ લાઈન બીઝી હોવાના કારણે કામરેજના ધારાસભ્ય વી.ડી.ઝાલાવાડીયાના પુત્ર શરદ ઝાલાવાડીયાને ફોન કરેલ અને બનાવની જાણ કરેલ; તેમણે તેમને કામરેજના પી.આઈ. ગીલાતર સાથે કોન્ફરન્સમાં લીધેલ; જેથી ગીલાતર સાહેબે તેમને પૂછતા તેમણે બનાવની હકીકત જણાવેલી અને શરદભાઈને તેમણે તેમનું લોકેશન ફોનથી મોકલેલું. ત્યાર પછી થોડી જ વારમાં પોલીસ ત્યાં આવી ગયેલ. પછી પોલીસે આ છોકરો પાછળના ભાગે ભાગી ગયેલો ત્યાંથી તેને પકડી લીધેલ; ત્યાર બાદ ૧૦૮ આવેલ; જેમાંથી ડૉકટરે ગ્રીષ્માને મૃત જાહેર કરેલ અને ગ્રીષ્માની બોડીને ત્યાં જ મૂકીને ૧૦૮ એમ્બ્યુલન્સવાળા સુભાષભાઈ અને ધ્રૂવને સારવાર માટે

હોસ્પિટલે લઈ ગયેલ; તેમણે ધ્રૂવના હાથ ઉપર, માથામાં ઘા થયેલો જોયેલો. આ શાહેદે તેમના પુરાવા દરમ્યાન ગ્રીષ્માને ચપ્પુ મારેલ તે છોકરો કોર્ટમાં હાજર આ કામના આરોપી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, ગ્રીષ્માના ગળે ચપ્પુ મારી દીધા પછી અને ગ્રીષ્મા નીચે પડી ગયા પછી પોતાના હાથ પર તે ચાકુ તેમણે ધીમે ધીમે ઘસેલું. તેમણે એ હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ બનાવ તેમણે નજરે જોયેલ છે. આ શાહેદે બીજા દિવસે બે પંચો રૂબરૂ એફ.એસ.એલ. ના અધિકારીઓ તથા પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલ. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, આ બનાવ સંબંધે તેમણે કઠોર કોર્ટમાં વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન પણ આપેલ. આ નિવેદન તેમને કોર્ટ રૂબરૂ વાંચવા આપતા તે નિવેદન તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ આપેલ તે જ હોવાનું જણાવી તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. સદર શાહેદ તુષારભાઈ મથુરભાઈ બોરડનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આ કામે આંક–૧૨૨ થી તથા તે અંગે તેમણે આપેલ સંમતિપત્ર આંક–૧૨૩ થી રજૂ કરવામાં આવેલ છે. આ શાહેદે મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ વાળું ચપ્પુ આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને ગળા પર રાખેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત તેમણે મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ નું ખાંચાવાળું ચપ્પુ પોલીસે તેમની હાજરીમાં કબજે લીધેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં તેમણે મુદ્દામાલ આર્ટિકલ નં.૨૩ ની કાળા કલરની બેગ જે પોલીસે ગ્રીષ્માના ઘરની સામે ખાલી પ્લોટ પાસેથી કબજે લીધેલી તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૭૨.૨) બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં આ શાહેદે જણાવેલ છે કે, ગ્રીષ્માબેનનું ઘર તેમના ઘરથી છઠ્ઠું કે સાતમું છે, જે તેમના ઘરની લાઈનમાં છેલ્લે આવે છે. તેમણે સ્વીકારેલ છે કે, ગ્રીષ્માબેનના પરીવાર સાથે તેમના કુટુંબને પારીવારિક સંબંધ છે અને એકબીજાના પરીવારના સભ્યોને સારી રીતે ઓળખે છે. તેમની ઊલટતપાસમાં એવી હકીકત પણ ખૂલેલ છે કે, તેઓ આ બનાવ પહેલાં આરોપીને ઓળખતા ન હતા તેમજ આરોપી મરનાર ગ્રીષ્માબેનના ગળા પર ચપ્પુ રાખીને ઉભો હતો, તે જગ્યા તેમની ઘરની આગળ ચાર ઘર છોડીને આવેલ છે. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેઓ, આરોપી ગ્રીષ્માના ગળા ઉપર ચાકુ મૂકીને જે જગ્યાએ ઉભા હતા ત્યાં ૩ થી ૪ મિનિટ ઉભા રહેલ, તે વખતે ત્યાં મોટું ટોળું ખૂબ શોરબકોર કરતું હતું. શાહેદે જણાવેલ છે કે, તેમણે ટોળામાંથી સાંભળેલું કે, 'છોડી દે તેને, શું કરવા મારવા માંગે છે?' તે વખતે ફેનિલ એવું બોલેલો કે, 'હું આને મારી નાંખીશ અને આના કુટુંબને પણ મારી નાંખીશ'. આ શાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ટોળાના ઘણા બધા અવાજો વચ્ચે આરોપીનો અવાજ સાંભળી શકાતો ન હતો. શાહેદે આ સંબંધે સ્પષ્ટતા કરેલ છે કે, ફેનિલ એવું બોલેલ કે, 'હું આને મારી નાંખીશ અને એના કુટુંબને પણ મારી નાંખીશ', તે તેમણે સાંભળેલ, કારણ કે, ફેનિલ તેવું જોરથી બોલેલ. આ શાહેદે ઊલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવની હકીકત સોશીયલ મિડીયામાં ખૂબ વાઈરલ થઈ ગયેલ, તેથી પોલીસે કાળજી રાખી બનાવવાળી જગ્યાએ તથા સોસાયટીના નાકે પણ મોટી સંખ્યામાં પોલીસનો સ્ટાફ મૂકી દીધેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, ગ્રીષ્માબેનને

મારવાનો બનાવ બન્યો, તે જગ્યાએથી તેઓ આશરે ૮ થી ૧૦ ફૂટ દૂર હતા. તેમણે એવું પણ જણાવેલ છે કે, તેમની સોસાયટીમાં જી.ઈ.બી.ના પોલ પર લેમ્પ લગાવેલ છે અને શેરીમાં છેલ્લે જેમનું મકાન છે, તેમણે બહાર એન્ગલ કાઢી લેમ્પ લગાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, આ બનાવ બની ગયા પછી તેમને એવું જણાયેલ નહીં કે, આ બનાવમાં કોઈ પ્રેમ પ્રકરણ કારણરૂપ હશે. તેમણે એ હકીકત તેમને ખબર ન હોવાનું જણાવેલ છે કે, રાત્રે પાટીદાર આંદોલન વખતનાં નેતાઓ તથા બીજા રાજકીય નેતાઓ તેમની સોસાયટીમાં આવેલ. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બીજા દિવસે સવારે તેઓ તેમના નિત્યક્રમ મુજબ કામે જવા નીકળી ગયેલ. પરંતુ તેમણે સ્પષ્ટતા કરેલ છે કે, તેઓ સવારે બહાર નીકળ્યા ત્યારે પોલીસ તથા ફોરેન્સીક લેબોરેટરીના અધિકારીઓ હાજર હોઈ, તેમની હાજરીમાં પંચનામાની કાર્યવાહી કરવામાં આવેલ. આ શાહેદે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ગ્રીષ્માબેનના અંગત જીવન અને તેમના દ્વારા ઉપયોગમાં લેવાતા સોશીયલ મિડીયાની હકીકતની તેમને માહિતી હોવા છતાં તેઓ કોર્ટથી તે હકીકત છૂપાવે છે.

(૭૨.૩) આ શાહેદની જુબાની અત્યંત મહત્વની છે, જે ફરિયાદી ધ્રુવ, શાહેદ સુભાષભાઈ, શાહેદ રેણુકાબેન તથા શાહેદ રેણુકાબેને બનાવ સંબંધે જણાવેલ હકીકતોને સ્પષ્ટપણે સમર્થન આપે છે. આ શાહેદની જુબાનીથી શાહેદ રેણુકાબેનની ઓઢણી ઈજા પામનાર સુભાષભાઈના પેટના ભાગે દબાવી રાખ્યાનું પુરવાર થાય છે. આ ઉપરાંત, હાલના આરોપીએ બનાવના દિવસે ચેક્સવાળું શર્ટ અને જીન્સ પહેરેલ હતું અને તેણે ગ્રીષ્માબેનના ગળા પર ચપ્પુ મૂકી ગ્રીષ્માબેન તથા

તેના પરીવારને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને ગ્રીષ્માબેનનો ભાઈ ધ્રુવ તે છોકરા તરફ જવા એક પગલું ભરે છે, ત્યારે તે છોકરાએ ગ્રીષ્માબેનના ગળા પર ચાકુ ઘસી નાંખેલ અને તે નીચે પડી ગયેલ, તે હકીકત પણ સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે. આ ઉપરાંત ગ્રીષ્માબેન નીચે પડી ગયા પછી આરોપીએ તેમના ખિસ્સામાંથી કાંઈક કાઢીને ખાધેલ અને તેનો કાગળ નીચે ફેંકી દીધાનું પણ સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે. આ શાહેદે એવી મહત્વની હકીકત જણાવેલ છે કે, તેમણે તરત જ સોસાયટીના ગેટ પાસે જઈ ૧૦૦ નંબર પર ફોન કરેલ, પરંતુ લાઈન બીઝી હોવાના કારણે કામરેજના ધારાસભ્ય વી.ડી.ઝાલાવાડીયાના પુત્ર શરદ ઝાલાવાડીયાને ફોન કરેલ અને બનાવની જાણ કરેલ. આ સંબંધે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૬૫** તરીકે તપાસેલ **મૃદુલ ઉપેન્દ્રભાઈ ભટ્ટ**ની **આંક–૨૩૮** ની સોગંદ પરની જુબાની જોવી જરૂરી બને છે, જેઓ વોડાફોન આઈડીયા લિમિટેડના નોડલ ઓફિસર છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, પોલીસે તેમની પાસે કેટલાક મોબાઈલ નંબરોની કોલ ડીટેઈલ તથા કસ્ટમર એપ્લીકેશન ફોર્મ વગેરે માહિતી માંગતા તેમણે તારીખઃ ૨૧.૧૨.૨૦૨૧ થી તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ સુધીની માહિતી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) ના પ્રમાણપત્ર સાથે પોલીસને પૂરી પાડેલ. તેમણે જણાવેલ વિગતો જોતાં મોબાઈલ નં.xxxxx xxx૭૧ ઝાલાવાડીયા વિનુભાઈ ડાહ્યાભાઈના નામે રજિસ્ટર્ડ થયેલ છે. આ જ સંદર્ભે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૩** તરીકે તપાસવામાં આવેલ **શતિન્દ્રનાથસિંહ રામપ્રતાપસિંહ ક્ષત્રીય**ની **આંક–૨૮૩** સોગંદ પરની જુબાની જોવામાં આવે તો તેઓ રીલાયન્સ–જીઓ

ઈન્ફોકોમ લિમિટેડના સ્ટેટ નોડલ ઓફિસર છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે કેટલાક મોબાઈલ નંબરો વિશે માંગેલ કોલ ડીટેઈલ તથા કસ્ટમર એપ્લીકેશન ફોર્મ અંગેની માહિતી તેમણે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) ના પ્રમાણપત્ર સાથે પોલીસને પૂરી પાડેલ. તેમના જણાવ્યા મુજબ મોબાઈલ નં.xxxxx xxx૨૩ તેમની કંપનીમાં બોરડ તુષાર મથુરભાઈના નામે રજિસ્ટર્ડ થયેલ છે. આ શાહેદે આંક–૨૮૫ થી સી.ડી.આર. રજૂ કરેલ છે, જેના પાના નં.૨૪૫ જોવામાં આવે તો, શાહેદ તુષારભાઈ બોરડના મોબાઈલ નં.xxxxx xxx૨૩ પરથી વી.ડી.ઝાલાવડીયાના પુત્ર શરદ ઝાલાવડીયા ઉપયોગમાં લેતા હતા તે મોબાઈલ નં.xxxxx xxx૭૧ પર બનાવના દિવસે ૧૮:૪૦:૨૩ થી ૧૮:૪૭:૩૦ દરમ્યાન ચાર વખત વાતચીત થયાનું જણાય છે. જે હકીકત ઉપરોક્ત શાહેદે જણાવેલ હકીકત સત્ય છે, તેવું પુરવાર કરે છે. આ શાહેદ તુષારભાઈ બોરડે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ આ તમામ હકીકતો, તેમના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબના આંક–૧૨૨ થી રજૂ કરવામાં આવેલ નિવેદનમાં પણ યથાવત રીતે જણાય છે. આ તબક્કે એ નોંધવું જરૂરી માનું છું કે, આ શાહેદની બચાવ પક્ષે કરેલ ઊલટતપાસ પરથી તેમણે જણાવેલ ઉપરોક્ત હકીકત અંગે શંકા ઉભી થાય તેવું કાંઈ જ ખૂલવા પામતું નથી. અત્રે એ નોંધવું જરૂરી છે કે, આ શાહેદની જુબાની, મેં અગાઉ ઉલ્લેખ કરેલ છે તે તમામ નજરે જોનાર શાહેદોની જુબાની સાથે પરસ્પર સુસંગત છે.

(૭૩.૧) ફરિયાદ પક્ષે તપાસેલ અન્ય નજરે જોનાર શાહેદનો પુરાવો

જોવામાં આવે તો ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨૮** તરીકે **સોનલબેન વિજયભાઈ રાણપરીયા**ને **આંક–૧૩૪** થી તપાસવામાં આવેલ છે. આ શાહેદ બનાવના નજરે જોનાર શાહેદ છે, આ ઉપરાંત મરનારની લાશના મરણોત્તર પંચનામાના પંચ શાહેદ પણ છે, જે મરણોત્તર પંચનામા સંબંધેના પુરાવાની ચર્ચા ઉપરોક્ત મુદ્દા નં.૧ માં કરવામાં આવેલ હોઈ, તેનું અત્રે પુનરાવર્તન કરવામાં આવતું નથી. આથી તેમણે નજરે જોયેલ બનાવની હકીકત વિશે તેમનો પુરાવો જોવો જરૂરી બને છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ લક્ષ્મીધામ સોસાયટીમાં ૬૧ નંબરના મકાનમાં રહે છે; તેમના ઘરથી બે પ્લોટ છોડીને મરનાર ગ્રીષ્માબેનનું ઘર આવેલ છે; બનાવ સમયે ગ્રીષ્માબેનના ઘરમાં ગ્રીષ્માબેન ઉપરાંત તેમના મમ્મી તથા તેમનો ભાઈ ધ્રૃવ રહેતો હતો; બનાવ સમયે ગ્રીષ્માબેનના પિતા આફ્રિકા મુકામે હતા. બનાવ સંદર્ભે તેમણે જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે આશરે છ થી સાડા છ દરમ્યાન તેમનો દીકરો ઓમ બહાર રમતો હોઈ, તેઓ તેને શોધવા માટે શેરીમાં બહાર નીકળેલ, ત્યારે તેમણે બૂમાબૂમ સાંભળેલ; તેમણે જોયું તો તેમની શેરીના આગળના ભાગ પર એક છોકરો મરનાર ગ્રીષ્માના ગળા પર ચાકુ રાખીને ઉભો હતો; આ છોકરાની ઉંમર કેટલી હશે, તે તેમને ખબર નથી, પરંતુ તે પાતળા બાંધાનો હતો; પછી ત્યાં ઉભેલ માણસોએ તે છોકરાને અપીલ કરેલી કે, 'તું ગ્રીષ્માને છોડી દે'; તે વખતે ત્યાં ગ્રીષ્માના મમ્મી વિલાસબેન, શોભાબેન, ધ્રૃવ તથા સુભાષભાઈ પણ હતા; બધાએ અપીલ કરવા છતાં આ છોકરાએ ગ્રીષ્માને છોડેલી નહીં; બધાએ વધારે અપીલ કરતા આ છોકરાએ ગ્રીષ્માને ગળા પર બે–ત્રણ વાર ચપ્પુ ઘસી નાંખેલ; પછી ધ્રૃવ નજીક

જવા ગયો ત્યારે આ છોકરાએ ચાકુ વડે જોરથી ગ્રીષ્માનું ગળું કાપી નાંખેલ; આથી ગ્રીષ્મા ઢળી પડેલી અને તરફડવા લાગેલી; પછી ગ્રીષ્મા વધારે તરફડતી હતી, ત્યારે આ છોકરાએ તેના ખિસ્સામાંથી કંઈક કાઢી ખાધેલું; ત્યાર પછી ગ્રીષ્માનું તરફડવાનું બંધ ન થયું ત્યાં સુધી તે ગ્રીષ્માને અડીને જ ઉભો રહેલો અને ચાકુ બતાવી કોઈને નજીક આવવા દીધેલ નહીં; ગ્રીષ્માનું તરફડવાનું બંધ થયા પછી તે બધાની પાછળ ચાકુ લઈને દોડતો હતો; તે વખતે આ છોકરો રાડો પાડતો હતો કે, 'આજે તો મારી જ નાંખીશ, ગ્રીષ્માના ઘરના બધા સભ્યોને મારી નાંખીશ'; પછી તેમણે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરતા સામેથી જવાબ મળેલો કે, રેણુકાબેનનો ફોન આવી ગયો છે, તેઓ ત્યાં જ આવે છે; આ છોકરો બધાની પાછળ દોડતો હોઈ, તેઓ તેમના ઘર પાસે આવી ગયેલ; પછી આ છોકરો તેમના ઘરની સામે ઉભો રહેલ. તેમણે વિશેષમાં જણાવેલ છે કે, તેમણે ગ્રીષ્મા ઉપરાંત સુભાષભાઈને પેટના ભાગે તથા ધ્રૃવને માથામાં તથા હાથ પર ઈજા થયાનું જોયેલું; પછી તેઓ તેમના ઘરમાં જતા રહેલ; પછી ગ્રીષ્માનું બોડી ત્યાં જ પડી રહેલ; તેમણે આ બનાવ નજરે જોયેલ છે. આ શાહેદે કોર્ટમાં ઉભેલા માણસોમાંથી પાછળના ભાગે બેઠેલ આરોપી કે જેમણે ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખેલ તે છોકરા તરીકે સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમણે કઠોર કોર્ટમાં વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ પણ તેમણે જે કાંઈ જોયેલું તે મુજબનું નિવેદન આપેલ. આ શાહેદને તેમનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન વાંચવા આપતા તે નિવેદન તેમણે કઠોરના કોર્ટના વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આપેલ તે જ હોવાનું જણાવી પ્રત્યેક પાના પર તેમની સહી ઓળખી બતાવેલ છે. આ શાહેદ

સોનલબેન વિજયભાઈ રાણપરીયાનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આ કામે આંક–૧૩૫ થી તથા તે અંગે તેમણે આપેલ સંમતિપત્ર આંક–૧૩૬ થી રજૂ કરવામાં આવેલ છે. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, શેરીના માણસો પાસેથી તેમણે ગ્રીષ્માબેનને ચપ્પુ મારનાર છોકરાનું નામ ફેનિલ હોવાનું જાણેલું. આ શાહેદે ત્યાર બાદ મરનાર ગ્રીષ્માબેને બનાવ સમયે પહેરેલા કપડાં ઓળખી બતાવેલ છે.

(૭૩.૨) આ શાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઊલટતપાસમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમનું તથા ગ્રીષ્માબેનનું મકાન એક જ લાઈનમાં આવેલ છે અને તેમના મકાનથી બે ખાલી પ્લોટ છોડીને ગ્રીષ્માબેનનું મકાન આવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેઓ આ સોસાયટીમાં આશરે દોઢેક વર્ષથી રહે છે; ગ્રીષ્માબેનના ઘરના સભ્યો સાથે તેમને પરીચય છે અને તેઓ પડોશી હોઈ, એકબીજાને ત્યાં આવવા–જવાનું થાય છે. તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, તેઓ નજીકમાં રહેતા હોઈ, તેમના ઘરમાં પ્રોબ્લેમ હોય તો પડોશમાં ખબર પડે અને ગ્રીષ્માબેનના ઘરમાં કોઈ પ્રોબ્લેમ હોય કે કોઈ સારો પ્રસંગ હોય તો તેમને ખબર પડે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમણે ગ્રીષ્માબેનને ચાકુ મુકીને એક છોકરાને ઉભેલો જોયેલો, ત્યારે ત્યાં આસપાસ તેમની શેરીના માણસો પણ ભેગા થઈ ગયેલ હતા. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ ટોળાની પાછળ ઉભા રહેલા, બલ્કે તેમણે સ્પષ્ટ જણાવેલ છે કે, બનાવ બનતો હતો ત્યારે તેઓ વિલાસબેનની બાજુમાં ઉભા રહેલા. તેમણે સ્વીકારેલ છે કે, ગ્રીષ્માબેન સાથે તેમને બહેનપણી જેવા સંબંધ

હતા, પરંતુ તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, યુવાન છોકરા–છોકરીઓ જે પ્રકારનાં તરંગોમાં રાચતા હોય તેવું ગ્રીષ્માબેનનું જીવન હતું તેમજ ગ્રીષ્માબેનને ફેશનનો શોખ હતો. તેમણે એ હકીકત સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમને ક્યારેય એવું લાગેલું નહીં કે, ગ્રીષ્માબેનને કોલેજના પ્રથમ કે બીજા વર્ષમાં કોઈનાથી આકર્ષણ હોય. તેમણે એવા કથનનો પણ ઈન્કાર કરેલ છે કે, વિલાસબેન અને તેમના બંને બાળકો વચ્ચે ઝઘડા થતા હતા અને વિલાસબેન ગ્રીષ્માબેનને અને ધ્રૃવને ઠપકો આપતા હતા. તેમણે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, ગ્રીષ્માબેન તથા આરોપી ફેનિલ વચ્ચે પ્રેમ સંબંધની તેમની સોસાયટીની બહેનો વચ્ચે ચર્ચા થયેલી, પરંતુ તેમણે તે હકીકત કોર્ટથી છૂપાવેલ છે.

(૭૩.૩) આ શાહેદ સોનલબેન રાણપરીયાની ઉપરોક્ત જુબાની જોતાં તેમણે બનાવ સંબંધે જણાવેલ હકીકત, ફરિયાદી ધ્રુવ, ઈજા પામનાર સુભાષભાઈ, શાહેદ વિલાસબેન, શાહેદ તુષારભાઈ તથા શાહેદ રેણુકાબેનના પુરાવાને સંપૂર્ણ સમર્થનકારક છે. તેમની જુબાનીથી પણ એ હકીકત પુરવાર થાય છે કે, આ શાહેદની નજર સામે આરોપીએ મરનાર ગ્રીષ્માબેનના ગળા પર ચપ્પુ રાખેલ અને લોકોએ આરોપીને મરનાર ગ્રીષ્માબેનને છોડી દેવા અપીલ કરેલ અને જેમ લોકો વધારે અપીલ કરતા હતા, તેમ તેમણે બે–ત્રણ વાર મરનાર ગ્રીષ્માબેનના ગળા પર ચાકુ ઘસેલ અને ત્યાર પછી ફરિયાદી ધ્રુવ તેની નજીક જવા ગયો ત્યારે આરોપીએ ચાકુ વડે મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખેલ. આ શાહેદની જુબાનીથી એ હકીકત પણ સમર્થનકારક રીતે પુરવાર થાય છે કે, મરનાર ગ્રીષ્માબેનનું તરફડીયા મારવાનું બંધ ન થયું અને તે મૃત્યુ ન

પામી ત્યાં સુધી આરોપીએ ચાકુ બતાવીને કોઈને તેની નજીક આવવા દીધેલ નહીં અને આરોપી બૂમ પાડતો હતો કે, આજે તો મારી જ નાંખીશ, ગ્રીષ્માના ઘરના બધા સભ્યોને મારી નાંખીશ'. આ શાહેદની જુબાનીથી અન્ય શાહેદોના પુરાવાની માફક જ એવું રેકર્ડ પર આવે છે કે, મરનાર ગ્રીષ્માબેન તરફડતી હતી ત્યારે આ છોકરાએ તેના ખિસ્સામાંથી કાંઈક કાઢીને ખાધેલું. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ તમામ હકીકતો તેમણે તેમના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબ નોંધવામાં આવેલ આંક-૧૩૫ ના નિવેદનમાં પણ સમાન પ્રકારે જણાવેલ છે, તે જોતાં તેમના પુરાવાને આ કલમ-૧૬૪ ના નિવેદનથી પણ સંપૂર્ણ સમર્થન મળે છે. આ તબક્કે એ નોંધવું જરૂરી છે કે, આ શાહેદે ગ્રીષ્માબેનનું ગળું કાપનાર છોકરા તરીકે આ કામના આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે, આથી આ કોર્ટ દ્વારા આરોપીને તેનું નામ જણાવવા કહેતાં, તેમણે તેમનું નામ ગોયાણી ફેનિલ પંકજકુમાર હોવાનું જણાવેલ છે. આ શાહેદની ઊલટતપાસમાં તમામ નજરે શાહેદોએ તેમજ આ શાહેદે જણાવેલ હકીકતો અસત્ય પુરવાર થાય અથવા તો તે બાબતે મહત્વની શંકા ઉભી થાય તેવું કાંઈ જ ખૂલવા પામતું નથી. વિ.વકીલશ્રી શેખ દ્વારા પૂછવામાં આવેલ હોવા છતાં એવી હકીકત રેકર્ડ પર આવતી નથી કે, તેમને આરોપી ફેનિલ અને મરનાર ગ્રીષ્માબેન વચ્ચેના પ્રેમ સંબંધે અંગે માહિતી હતી.

(૭૪.૧) ફરિયાદ પક્ષે અન્ય એક **નજરે જોનાર શાહેદ શર્મિલાબેન ઉર્ફે સમાપ્તિબેન અમીતભાઈ કિશોરભાઈ રૈયાણી**ને **શાહેદ નં.૩૨** તરીકે **આંક-૧૪૭** થી તપાસેલ છે. આ શાહેદ પણ લક્ષ્મીધામ સોસાયટીમાં

મકાન નં.૩૩ માં રહે છે. તેમણે મુખ્યત્વે જણાવેલ છે કે, તેમની શેરીમાં ગ્રીષ્માનું ઘર છેલ્લે આવેલ છે; તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે છ થી સાડા છ ના અરસામાં તેઓ તેમના ઘરે હતા ત્યારે શેરીમાંથી અવાજ આવતા અને બૂમાબૂમ થતા તેઓ ઘરની બહાર નીકળેલ, ત્યારે ત્યાં આગળ માણસો ભેગા થઈ ગયેલા હોઈ, તેઓ ત્યાં ગયેલ; તેમણે જોયું તો તેમની સોસાયટીની છોકરી ગ્રીષ્માના ગળા ઉપર ચાકુ મૂકીને એક છોકરો ઉભો હતો; જે તે વખતે તેમને તેનું નામ ખબર ન હતું, પરંતુ પાછળથી તેનું નામ ફેનિલ હોવાનું તેમણે જાણેલું; તે છોકરો ગ્રીષ્માના ગળા પર ચાકુ મૂકીને ઉભો હતો; તેથી તેઓ બધાએ તેને કહેલું કે, 'તું આ છોકરીને છોડી દે અને માર નહીં'; તેઓએ તેને છોડી દેવા આજીજી કરી આગળ જવા પ્રયત્ન કરેલો, ત્યારે તે ગ્રીષ્માના ગળા ઉપર ચાકુ દબાવતો હતો; પછી ગ્રીષ્માના ભાઈએ આગળ જઈ ગ્રીષ્માને બચાવવા કોશિશ કરી તો તે છોકરાએ ગ્રીષ્માનું ગળુ કાપી નાંખેલ; તેણે ગ્રીષ્માનું ગળુ કાપી નાંખી ગ્રીષ્માને છોડી દેતા તે નીચે પડી ગયેલ; ગ્રીષ્મા નીચે પડી તરફડવા લાગેલ ત્યારે તે છોકરો ચાકુ લઈ બધાને બતાવી 'આગળ ન આવશો, નહીં તો જાનથી મારી નાંખીશ', તેવી ધમકી આપતો હતો; પછી ગ્રીષ્મા મરી ગયેલ ત્યાં સુધી તે ગ્રીષ્માની બાજુમાં ઉભો રહેલ; ગ્રીષ્મા મરી ગયા બાદ તેણે ખિસ્સામાંથી કાગળમાંથી કંઈક કાઢીને ખાધેલું અને પછી કાગળ નીચે ફેંકી દીધેલ; તેણે જે ખાધેલું તે મસાલા જેવું કાંઈક હતું, પણ શું હતું તે તેમને ચોક્કસ ખબર નથી; તે દરમ્યાન તેમનો છોકરો સનત આવી ગયેલો અને તેણે આ બધું જોયા પછી ગભરાઈને ઘરે જવા કહેતા તેઓ તેને લઈને ઘરે જતા રહેલ; ત્યાર બાદ શું બનેલ, તે તેમને ખબર નથી. આ શાહેદે પણ ગ્રીષ્માબેનના ગળા પર

ચપ્પુ મૂકી ઉભો હતો અને ગ્રીષ્માબેનને મારી નાંખેલ તે છોકરો આજરોજ કોર્ટમાં હાજર છે તેમ જણાવી, આ કામના આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ શાહેદે પણ કઠોર કોર્ટના વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આપ્યાનું જણાવેલ છે. આ નિવેદન તેમને કોર્ટ રૂબરૂ બતાવતા તે વાંચીને તે તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ લખાવેલ તે જ હોવાનું જણાવી તેમાં તેમની સહી ઓળખી બતાવે છે. સદર શાહેદ શર્મિલાબેન ઉર્ફે સમાપ્તિબેન અમીતભાઈ કિશોરભાઈ રૈયાણીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આ કામે આંક–૧૪૮ તથા તે અંગે તેમણે આપેલ સંમતિપત્ર આંક–૧૪૯ થી રજૂ કરવામાં આવેલ છે.

(૭૪.૨) બચાવ પક્ષે આ શાહેદની કરવામાં આવેલ ઊલટતપાસમાં તેમણે જણાવેલ છે કે, આરોપી ગ્રીષ્માના ગળા ઉપર ચાકુ મૂકીને ઉભો હતો, ત્યારે તેઓ ગ્રીષ્માબેનના ઘર તરફની દિશામાં ઉભેલ; આરોપી ગ્રીષ્માના ગળા પર ચાકુ મૂકીને ઉભો હતો, ત્યારે ગ્રીષ્માબેનનો ભાઈ નજીક જવા પ્રયત્ન કરતો હતો, તો તે ગ્રીષ્માબેનના ગળા પર ચાકુ દબાવતો હતો અને મારી નાંખીશ, તેવું દર્શાવતો હતો, જેથી ગ્રીષ્માબેનનો ભાઈ ધ્રુવ આગળ જતા ખચકાતો હતો. આ શાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, આ બનાવની વિડીયો કલીપ વાયરલ થયેલી અને તેમના મોબાઈલમાં પણ આવેલ; પરંતુ શાહેદે જણાવેલ છે કે, તેમને જે તે સમયે ખૂબ જ ડર લાગેલો હોઈ, તેમણે વિડીયો જોયેલો નહીં. સદર શાહેદે વધુમાં જણાવેલ છે કે, આરોપીએ જે ખાધેલું તે મસાલા જેવા પ્લાસ્ટીકના કાગળમાંથી કાઢીને ખાધેલું, તેથી મસાલો

ખાધો હશે, તેમ તેમણે માનેલું. સદર શાહેદે ઊલટતપાસ દરમ્યાન એવો ખુલાસો કરેલ છે કે, બનાવ બાદ તેઓ તેમના ઘરમાં જતા રહેલ અને બારી–બારણાં બંધ કરી દીધેલ, કારણ કે તેમને ખૂબ ડર પેસી ગયેલ. તેમણે સ્વીકારેલ છે કે, બનાવ વખતે ખૂબ ઘોંઘાટ થતો હતો અને તે વખતનું વાતાવરણ ખૂબ ગંભીર હતું. તેમણે વધુમાં જણાવેલ છે કે, ગ્રીષ્માબેનના મમ્મી અને ભાઈ 'છોડી દે, છોડી દે' તેવું બોલતા હતા; સામેથી ગ્રીષ્માના ગળા પર ચાકુ મૂકીને ઉભેલો છોકરો કહેતો હતો કે, 'કોઈ આગળ આવશો તો હું આને જાનથી મારી નાંખીશ'. તેમને એ હકીકત ખબર નથી કે, તે છોકરો એવું બોલેલ કે, 'મારે ત્યાં હુમલો કરવા કેમ આવો છો?'

(૭૪.૩) આ શાહેદે બનાવ સંદર્ભે જણાવેલ હકીકતો સ્પષ્ટપણે અન્ય તમામ નજરે જોનાર શાહેદોએ જણાવેલ હકીકતને સમર્થન આપે છે. આમ, તમામ નજરે જોનાર શાહેદોના પુરાવાથી એ હકીકત સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે કે, આરોપીએ ઘણા બધા માણસોની હાજરીમાં મરનાર ગ્રીષ્માબેનને ગળાના ભાગેથી પકડી, તમામ લોકોની આજીજી અને ગ્રીષ્માબેનને છોડી દેવાની વિનંતી છતાં મરનાર ગ્રીષ્માબેનના ગળા પર ચાકુ દબાવી ઘસતો હતો અને ગ્રીષ્માબેનનો ભાઈ ધ્રુવ ગ્રીષ્માબેનને બચાવવા માટે એક પગલું આગળ આવતા આરોપીએ તરત જ ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખેલ. આ તમામ શાહેદોએ સમાનપણે જણાવેલ છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખ્યા પછી મરનાર ગ્રીષ્માબેન પડી ગયેલ અને તરફડવા લાગેલ, ત્યારે પણ આરોપીએ ચાકુ બતાવી ગ્રીષ્માબેન મરી ન જાય ત્યાં સુધી કોઈને તેની

નજીક આવવા દીધેલ નહીં. ત્યાર બાદ તેમણે તેના ખિસ્સામાંથી પ્લાસ્ટીકના પડીકામાંથી મસાલા જેવું કાંઈક ખાધેલું અને ત્યાર પછી ગ્રીષ્માબેનના ઘરના તમામ સભ્યોને મારી નાંખવાની ધમકી આપી ગ્રીષ્માબેનના ઘર તરફ દોડી ગયેલ. ઉપરોક્ત શાહેદ શર્મિલાબેન ઉર્ફે સમાપ્તિબેન અમીતભાઈ કિશોરભાઈ રૈયાણીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન જોવામાં આવે તો તે પણ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ હકીકતોને સંપૂર્ણપણે સમર્થનકારક છે.

(૭૫.૧) આ કામે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૧** તરીકે **રાહુલ મનજીભાઈ ઉકાણી**ને **આંક–૧૪૧** થી તપાસેલ છે. આ શાહેદ પણ લક્ષ્મીધામ સોસાયટીમાં મકાન નં.૩૫ માં રહે છે. આ શાહેદ બનાવ સમયના એક ચાન્સ વિટનેશ છે, જેઓએ આ બનાવ બનતો હતો ત્યારે તેઓ કામ પરથી તેમના ઘરે આવેલ ત્યારે સોસાયટી પાસે લોકોનું ટોળું જોયેલ અને નજીક જઈને તેમણે આરોપીને મરનાર ગ્રીષ્માબેનના ગળા પર ચપ્પુ મૂકીને ઉભેલો જોતાં, પોતાની પાસેના મોબાઈલમાં આ ઘટનાનું શુટીંગ કરવાનું ચાલું કરેલ. આ શાહેદે તેમના મોબાઈલમાં કુલ બે વિડીયો કલીપ્સ રેકર્ડ કરેલ, જે બંને અસલ વિડીયો કલીપ્સ આ શાહેદના મોબાઈલમાં હોઈ, તેમનો સદર મોબાઈલ ફોન ઉપરોક્ત બંને વિડીયો કલીપ્સ સાથે આ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે, જેને આંક–૧૪૫ આપવામાં આવેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે, તેઓ બનાવના પાંચેક મહિનાથી લક્ષ્મીધામ સોસાયટી ખાતે રહેવા આવેલ છે. આ શાહેદની ઊલટતપાસમાં રેકર્ડ પર આવેલ છે

કે, તેઓ આ સોસાયટીમાં મરનાર ગ્રીષ્માબેન જે શેરીમાં રહેતા હતા તે જ શેરીમાં ભાડે રહેવા આવેલ છે. આ શાહેદે તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના છ થી સાડા છ વાગ્યાની આસપાસ તેમના ઘરે આવ્યા ત્યારે સોસાયટી પાસે લોકોના ટોળા હતા; તેમણે ત્યાં જઈને જોયું તો એક છોકરો એક છોકરીના ગળે ચપ્પુ મૂકીને ઉભો હતો; તે છોકરો શરીરે પાતળા બાંધાનો હતો; તે વખતે ત્યાં હાજર લોકો આ છોકરીને છોડાવવા બૂમો મારતા હતા, પરંતુ આ છોકરો તે છોકરીને બચાવવા માટે કોઈને પણ નજીક જવા દેતો ન હતો; તે વખતે તેમણે તેમની પાસેના 'Red Mi Note 9 Pro' મોબાઈલમાં તે છોકરાનું વિડીયો રેકોર્ડીંગ કરવાનું ચાલું કરેલ. આ શાહેદની જુબાનીની ફક્ત ઉપરોક્ત વિગતો જોવામાં આવે તો પણ તે નજરે જોનાર તમામ શાહેદોએ જણાવેલ એ હકીકતને સમર્થન આપે છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે છ થી સાડા છ વાગ્યે એક પાતળા બાંધાનો છોકરો એક છોકરીના ગળાના ભાગે ચપ્પુ મૂકીને ઉભો હતો અને તે વખતે ત્યાં હાજર લોકો આ છોકરીને છોડાવવા માટે બૂમો પાડતા હતા, પરંતુ તે કોઈને પણ નજીક આવવા દેતો ન હતો. આ શાહેદે તેમની જુબાનીમાં વિશેષમાં જણાવેલ છે કે, તેમણે તેમના મોબાઈલમાં બે વાર રેકોર્ડીંગ કરેલ; જેમાં પહેલા રેકોર્ડીંગમાં તે છોકરો એક છોકરીનાં ગળે ચાકુ મૂકીને ઉભો હતો અને કોઈને નજીક જવા દેતો ન હતો, તેવું રેકોર્ડીંગ થયેલ છે; દરમ્યાન છોકરીનો ભાઈ છોકરી તરફ નજીક જવા ગયો ત્યારે તે છોકરાએ તે છોકરીના ગળા ઉપર  ચાકુ ઘસી નાંખેલ; આથી છોકરીને લોહી નીકળવા લાગેલું અને ત્યાર બાદ તે નીચે પડી ગયેલી; તે વખતે પણ તે છોકરો તે છોકરી પાસે જ ઉભો રહેલો; તે વખતે પણ તે છોકરો

કોઈને નજીક આવવા દેતો ન હતો; પછી તેણે ખિસ્સામાંથી કાંઈક કાઢીને ખાધેલું; આ બધી ઘટનાનો વિડીયો તેમના મોબાઈલમાં રેકર્ડ થયેલ છે. આ શાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ વિડીયો તેમણે જાતે જ તેમના મોબાઈલથી રેકર્ડ કરેલ છે. આ શાહેદે તેમની જુબાનીમાં વધુમાં જણાવેલ છે કે, તે છોકરાએ છોકરીના ગળા ઉપર ચાકુ ઘસી નાંખેલુ, તેથી લોહી નીકળતી હાલતમાં છોકરી પડી ગયેલ અને તે છોકરાએ ખિસ્સામાંથી કાંઈક કાઢીને ખાધેલું; પછી આ છોકરી હલતી બંધ થઈ ગયા પછી તે છોકરો બધાની સામે થયેલો અને પછી દોડીને તે છોકરીના ઘર તરફ જતો રહેલો; તે દરમ્યાન ત્યાં પોલીસ આવી ગયેલ અને ભેગા થઈ ગયેલ લોકોને શેરીની અંદર જતા અટકાવી દીધેલા; પછી તે છોકરો છોકરીના ઘર પાસે ઉભો હતો, પરંતુ તેઓ ત્યાં ગયેલ નહીં. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, તેઓ ભોગ બનનાર છોકરીને પહેલા ઓળખતા ન હતા, પરંતુ તેમણે પછી જાણેલું કે, તેનું નામ ગ્રીષ્મા છે અને તે સોસાયટીમાં છેલ્લે રહે છે. આ શાહેદે ભોગ બનનાર છોકરીને ગળા ઉપર જે છોકરાએ ચાકુ ઘસી નાંખેલ, તે આજરોજ કોર્ટમાં હાજર હોવાનું જણાવી આ કામના આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ શાહેદે આરોપીને ઓળખી બતાવતા આ કોર્ટ દ્વારા આરોપીને ઉભા થઈને પોતાનું નામ જણાવવા કહેતાં તેણે પોતાનું નામ ગોયાણી ફેનિલ પંકજકુમાર હોવાનું જણાવેલ છે. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, બનાવ સંબંધે પોલીસે તેમનું નિવેદન લીધેલું; આ બનાવ તેમણે નજરે જોયેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, પોલીસે તેમનું નિવેદન લીધા બાદ તેમનો મોબાઈલ કબજે લીધેલો અને તે કબજે લીધા બદલ તેમને સીઝર મેમો આપેલો, જે સીઝર મેમો તેમણે આંક-૧૪૩ થી રજૂ કરી તેમાં તેમની સહી ઓળખી

બતાવેલ છે. આ શાહેદનો મોબાઈલ કબજે લેવામાં આવ્યા અંગેનું પંચનામું આંક-૬૬ થી રજૂ કરવામાં આવેલ છે, જેમાં આ શાહેદનો બ્લુ કલરનો Red Mi Note 9 Pro ડ્યુઅલ સીમ વાળો મોબાઈલ ફોન પાસવર્ડ નાંખી ચેક કરતા તેમાં ફાઈલ મેનેજરમાં જઈ, ફોન સ્ટોરેજ ખોલી, ઈન્ટરનલ ફોન સ્ટોરેજમાં બે વિડીયો કલીપ્સ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજની ૧૮:૩૬ તથા ૧૮:૩૮ વાગ્યાની મળી આવતા આ બંને મૂળ વિડીયો કલીપ્સ સાથે આ મોબાઈલ ફોન કબજે લીધાનો ઉલ્લેખ છે. આ પંચનામાના બે પંચો પૈકી **દિનેશભાઈ વશરામભાઈ ચાવડા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૩** તરીકે **આંક-૬૫** થી તપાસવામાં આવેલ છે, જેઓ ડેપ્યુટી મામલતદાર તરીકે કામરેજ ખાતે ફરજ બજાવે છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૭:૧૫ કલાકે તેઓ તથા કેયુરભાઈ પટેલ કામરેજ પોલીસ સ્ટેશને ગયેલા, જ્યાં રાહુલ મનજીભાઈ ઉકાણી નામનો એક યુવાન છોકરો હતો, જેણે તેઓની હાજરીમાં એવું જણાવેલ કે, ઘટના સમયના બે વિડીયો તેમણે તેમના મોબાઈલથી રેકર્ડ કરેલ છે; ત્યાર બાદ આ મોબાઈલમાં પંચનામામાં દર્શાવ્યા મુજબ પાસવર્ડ નાંખી, પંચનામામાં દર્શાવ્યા મુજબના ટ્રેકમાં જઈ, બંને વિડીયો કલીપ્સ ખોલી તેમણે આ શાહેદને બતાવેલ. આ બે વિડીયો કલીપ્સ પૈકી પ્રથમ વિડીયો કલીપ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજની ૧૮:૩૬ વાગ્યાની ૨૩ સેકન્ડની હતી અને ત્યાર પછી બે મિનીટ પછીની એટલે કે કલાક ૧૮:૩૮ વાગ્યાની ૧૫ સેકન્ડની બીજી વિડીયો કલીપ હતી. આ શાહેદે એવું જણાવેલ છે કે, પ્રથમ વિડીયો કલીપમાં આરોપીના હાથમાં ચપ્પુ હતું અને તે મરણ જનાર છોકરીના ગળુ કાપતો દેખાતો હતો, જ્યારે

બીજી વિડીયો કલીપમાં આરોપીએ મરનારનું ગળુ કાપી ખૂન કર્યા બાદ મરનાર જમીન ઉપર નીચે પડેલ હતી અને આરોપી તેની બાજુમાં ઉભો હતો; ત્યાર બાદ પોલીસે આ મોબાઈલ સીમકાર્ડ સહિત કબજે લઈ પ્લાસ્ટીકના બોક્સમાં મૂકી પંચો તથા પોલીસ અધિકારીની સહીવાળી કાપલી મૂકી, સીલ કરી કબજે લીધેલ. આ હકીકત શાહેદ રાહુલ ઉકાણીએ વિડીયો કલીપ્સ અંગે જણાવેલ પુરાવાને તથા તેનો મોબાઈલ કબજે લીધેલ, તેવી જણાવેલ હકીકતને પુરવાર કરે છે.

(૭૫.૨) શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીએ તેમના પુરાવામાં વિશેષમાં જણાવેલ છે કે, આ સંબંધે તેમણે કઠોર કોર્ટમાં વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ નિવેદન આપેલ. આ શાહેદને તેમનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન કોર્ટ રૂબરૂ બતાવતા તે વાંચીને તેમણે જણાવેલ છે કે, આ નિવેદન તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ આપેલ તે જ છે અને તે નિવેદનમાં તેમણે પોતાની સહી ઓળખી બતાવેલ છે. સદર શાહેદનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન આ કામે આંક-૧૪૪ થી રજૂ કરવામાં આવેલ છે. આ શાહેદે એવું પણ જણાવેલ છે કે, તેમને પોલીસે કબજે લીધેલ તેમનો મોબાઈલ તથા તેમણે કરેલ રેકોર્ડીંગ બતાવવામાં આવે તો તેઓ તે ઓળખી શકે; બાદમાં મુદ્દામાલ આર્ટિકલ નં.૨૮ ના એક સીલબંધ પ્લાસ્ટીકના ડબ્બાને આ કોર્ટની પરવાનગીથી ખોલી, તેમાં રહેલ મોબાઈલ કાઢીને આ શાહેદને બતાવતા તે મોબાઈલ તેમનો પોતાનો જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ કોર્ટની પરવાનગીથી આ મોબાઈલ ચાલું કરી, મોબાઈલની ગેલેરીમાં જઈ, તેમાંથી ઘટનાના બંને વિડીયો આ કોર્ટ રૂબરૂ

જોઈને તેમણે જણાવેલ છે કે, તે વિડીયો તેમણે તેમના મોબાઈલ વડે ઉતારેલ તે જ અસલ વિડીયો છે, જે તેઓ ઓળખી બતાવે છે. મેં અગાઉ નોંધ્યું છે તેમ, આ શાહેદ રાહુલ ઉકાણીનો ઉપરોક્ત અસલ મોબાઈલ, તેમાં રહેલ ઉપરોક્ત બંને વિડીયો કલીપ્સ સાથે આ કામે આંક–૧૪૫ થી પુરાવામાં દાખલ કરવામાં આવેલ છે.

(૭૫.૩) આ શાહેદની બચાવ પક્ષે થયેલ ઊલટતપાસમાં તેમને એવું પૂછવામાં આવેલ છે કે, તેમણે તેમના તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ ના પોલીસ સમક્ષના નિવેદનમાં તેમણે તેમનો મોબાઈલ ફોન 'Mi Note 9 Pro' છે, તેવું દર્શાવેલ છે, જ્યારે કોર્ટમાં રજૂ થયેલ મોબાઈલ ઉપર 'Redmi' લખેલ છે, જેના જવાબમાં શાહેદે જણાવેલ છે કે, 'Redmi' તે 'Mi' ની સબ કંપની છે, મેઈન કંપની 'Mi' છે, તેથી તેમણે તેમના નિવેદનમાં તે પ્રમાણે લખાવેલ. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આ બંને કંપની અલગ–અલગ છે. આ શાહેદે બચાવ પક્ષની ઊલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ સોસાયટી પાસે પહોંચ્યા ત્યારે લોકો ભેગા થઈ ગયેલા હતા; તેમણે વિડીયો કલીપ્સ રેકર્ડ કરી ત્યારે આરોપી તે છોકરીના ગળે ચાકુ મૂકીને ઉભો હતો તેનાથી તેઓ આશરે ૧૫ ફૂટ દૂર હતા; તેઓ ગ્રીષ્માબેનના ઘર તરફ પરંતુ ક્રોસમાં આરોપી સામે ૧૫ ફૂટ દૂર ઉભા હતા. આ શાહેદે એવું પણ સ્વીકારેલ છે કે, તે વખતે ટોળામાંથી અવાજો આવતા હતા; તેઓ ઉભા હતા તે જ તરફ ગ્રીષ્માબેનનો ભાઈ ધ્રૃવ અને તેના મમ્મી ઉભા હતા. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી ગ્રીષ્માબેન મૃત્યુ પામ્યા પછી ગ્રીષ્માબેનના ઘર તરફ ગયો ત્યારે તેમની નજર સામે તેમની પાસેથી જ નીકળી ગયેલો;

શાહેદે જણાવેલ છે કે, તેઓ તે વખતે ત્યાં આવેલ તેમના ઘર પાસે ઉભા હતા. તેમણે વધુમાં જણાવેલ છે કે, બનાવ બન્યો ત્રારે તેઓ ત્યાં હાજર હતા તે સમય આશરે ૧૫ થી ૨૦ મિનિટ જેટલો હશે; તેમણે આરોપીને સૌ પ્રથમવાર ગ્રીષ્માબેનના ગળે ચાકુ મૂકીને ઉભેલો જોયેલો ત્યારથી, તેણે ગ્રીષ્માના ગળે ચાકુથી ઈજા કરી નીચે પાડી દઈ તે મૃત્યુ પામી ત્યાં સુધી ઉભા રહ્યા બાદ તે ગ્રીષ્માબેનના ઘર તરફ ભાગ્યો, તે સમગ્ર સમયગાળો આશરે પંદરેક મિનિટ જેટલો હશે. તેમણે સ્વીકારેલ છે કે, તેમણે તેમના મોબાઈલ ખરીદીનું બીલ પોલીસને આપેલ નથી. તેમણે ઊલટતપાસ દરમ્યાન મહત્વની રીતે જણાવેલ છે કે, આ ઘટના વખતે આરોપીને કોઈ પથ્થર મારતું હોય તેવું તેમણે જોયેલ નહીં. તેમણે સ્વીકારેલ છે કે, તેમણે બનાવનો વિડીયો વાયરલ કરેલો. પછી સ્પષ્ટતા કરતા જણાવેલ છે કે, તેમણે એક–બે જણાને વિડીયો મોકલેલો અને બીજા દિવસે તેઓ તેમના કામ ઉપર જવા સવારે સવા સાત વાગે નીકળી ગયેલ. તેમણે બચાવ પક્ષના એ આક્ષેપનો ઈન્કાર કરેલ છે કે, તેઓ આ ઘટના વિશે કશું જાણતા નથી અને તેમણે કોઈના દાબદબાણમાં સરતપાસની હકીકતો જણાવેલ છે.

(૭૫.૪) આ શાહેદનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો હું સૌપ્રથમ એ નોંધું છું કે, આ શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ પ્રત્યેક હકીકત, નજરે જોનાર તમામ શાહેદોએ તેઓના પુરાવામાં જણાવેલ હકીકતોને અત્યંત સમર્થનકારક છે. બચાવ પક્ષે વિ.વકીલશ્રી શેખે એવી રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષના પ્રત્યેક શાહેદ ટ્યુટર્ડ વિટનેશ છે. આ શાહેદની જુબાનીમાં યોગ્ય

રીતે પુરવાર થયેલ ઘટનાની બે વિડીયો ક્લીપ્સ વિ.વકીલશ્રી શેખની સદર દલીલને અસત્ય ઠેરવે છે. હું એ નોંધું છું કે, આ શાહેદ બનાવના ચાન્સ વિટનેશ છે, તેઓ તેમના કામ પરથી તેમના ઘરે લક્ષ્મીધામ સોસાયટીમાં આવતા હતા ત્યારે તેમણે લોકોનું ટોળું અને આરોપીને મરનાર ગ્રીષ્માબેનના ગળા પર ચાકુ મૂકીને જોયેલ, ત્યારે તેમણે તેમના મોબાઈલમાં વિડીયો રેકોર્ડીંગ કરવાનું ચાલું કરી દીધેલ. આ શાહેદના પુરાવામાં એવું સ્પષ્ટપણે રેકર્ડ પર આવે છે કે, તેઓ લક્ષ્મીધામ સોસાયટીમાં માત્ર પાંચ મહિના પહેલાં ભાડે રહેવા આવેલ છે અને બનાવ પહેલાં તેઓ મરનાર ગ્રીષ્માબેનને ઓળખતા ન હતા અને આરોપીને પણ ઓળખતા ન હતા. એ સ્પષ્ટ છે કે, આ શાહેદને ગ્રીષ્માબેન કે તેના પરીવાર તેમજ આરોપી કે તેના પરીવાર સાથે કોઈ જ સંબંધ નથી કે કોઈ શત્રુતા પણ નથી. આ શાહેદે કુતુહલવશ કે ઉત્તેજનાવશ કે કોઈ પણ કારણથી આ બંને વિડીયો ક્લીપ્સ રેકર્ડ કરેલ હોઈ શકે, પરંતુ તેમના પુરાવામાં આરોપી મરનાર ગ્રીષ્માબેનનું ચપ્પુ વડે ગળુ કાપી હત્યા કરે છે તેની યોગ્ય રીતે પુરવાર થયેલ બંને વિડીયો ક્લીપ્સ કદાચ યોગ્ય ઈન્સાફની ઈશ્વરની ઈચ્છા સૂચવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આંક–૧૪૫ થી રજૂ થયેલ મોબાઈલ અને તેમાંની બે વિડીયો ક્લીપ્સ આ સમગ્ર બનાવને યોગ્ય રીતે સાબિત કરતો સૌથી મહત્વનો પુરાવો છે, જે આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની અનેક લોકોની હાજરીમાં કઈ રીતે હત્યા કરી તે સ્પષ્ટ દર્શાવે છે, એટલું જ નહીં, મરનાર ગ્રીષ્માબેન કોઈ પણ સંજોગોમાં જીવતી ન જ રહેવી જોઈએ, તેની પૂરી ખાતરી થાય ત્યાં સુધી ચાકુની અણીએ કોઈને નજીક પણ ન આવવા દીધેલ, જે આરોપીનો મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરવાનો દ્રઢ નિશ્ચય પુરવાર કરે છે અને

તેમની સખ્ત ગુનાહિત માનસિકતા છતી કરે છે.

(૭૫.૫) આ બંને વિડીયો ક્લીપ્સ આ કોર્ટ દ્વારા ધ્યાનથી જોવામાં આવેલ છે. તે જોતાં નજરે જોનાર શાહેદોએ કઈ રીતે બનાવ બન્યો તેનો જે કાંઈ પુરાવો આપેલ છે, તે સંપૂર્ણ સત્ય હોવાનું પુરવાર થાય છે. સમગ્ર હત્યાના બનાવની આ બંને વિડીયો ક્લીપ્સથી શાહેદોને શીખડાવીને આ કોર્ટમાં લાવ્યાની કે પોલીસે ખોટી તપાસ કર્યાની બચાવ પક્ષની દલીલનો સંપૂર્ણ છેદ ઉડી જાય છે. યોગ્ય રીતે પુરવાર થયેલ આ ઈલેક્ટ્રોનિક ડોક્યુમેન્ટ સ્વયં સ્પષ્ટ છે, જે પ્રીવી કાઉન્સીલથી લઈને નામદાર સુપ્રિમ કોર્ટે વારંવાર ઠરાવેલ એ સિદ્ધાંતની યાદ અપાવે છે કે, 'A man can lie, but a document will never lie'.

(૭૫.૬) આ તબક્કે શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીએ તેમના મોબાઈલમાં રેકર્ડ કરેલ ઉપરોક્ત બંને વિડીયો ક્લીપ્સનું સંપૂર્ણ નિરૂપણ કરવું જરૂરી જણાય છે. આ બંને વિડીયો ક્લીપ્સ પૈકી **<u>પ્રથમ વિડીયો ક્લીપ</u>** જોતાં તે ૨૩ સેકન્ડની ક્લીપ છે, જેને કાળજીપૂર્વક જોતાં એવું જણાય છે કે,

> આરોપીએ કથ્થાઈ કલરનું ચેક્સવાળું શર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પહેરેલ છે; તેના પેન્ટના કમરના આગળના ભાગે જમણી તરફ એક કાળા કલરના હાથાવાળું મ્યાન સહિતનું ચપ્પુ ખોસેલ હોવાનું સ્પષ્ટ દેખાય છે; મરનાર ગ્રીષ્માબેને નેવી બ્લુ કલરનું પોણી બાંયનું ટોપ તથા કાળા કલરનું જીન્સ પહેરેલ છે; આરોપીએ મરનાર ગ્રીષ્માબેનનું ડાબા

હાથથી ગળું દબાવી જમણા હાથમાં બીજું એક મોટું ચપ્પુ પકડેલ છે; આરોપીના ડાબા હાથ પર કાળા કલરની બેગ પણ લટકાવેલ છે; તેની સામે થોડે જ દૂર કાળા કલરના પેન્ટ તથા શર્ટમાં એક છોકરો (ફરિયાદી ધ્રુવ વેકરીયા) ઉભો છે, જેનો જમણો હાથ લોહીવાળો છે; ત્યાર બાદ આરોપી મરનાર ગ્રીષ્માબેનના ગળાના ભાગે ચપ્પુ મૂકી એક–બે કાપા મૂકે છે, જે દરમ્યાન લોકો તેને મૂકી દેવા બૂમો પાડે છે; ત્યાર બાદ આરોપી તેના ડાબા હાથ નીચે દબાવી રાખેલ મરનાર ગ્રીષ્માબેનના ગળાના આગળના ભાગનું બરાબર નિરીક્ષણ કરી, ગળાની બરાબર મધ્યમાં આવેલ હાડકા (એડમ્સ એપલ) ની નીચે, શ્વાસનળી પર આવે તે રીતે ચપ્પુ ગોઠવે છે અને મરનાર ગ્રીષ્માબેનને બચાવવા માટે એક પગલું આગળ ભરતા ધ્રુવ વેકરીયાને પાછળ રહેવા સૂચના આપે છે; ત્યાર બાદ ગ્રીષ્માબેનને મૂકી દેવા આજીજી કરતા અને બૂમો પાડતા લોકો સામે જોઈ આરોપીએ "આના કુવા આયવા'તા, મામો આયવો'તો" તેવું કહી, પાછળ કોઈ આવતું નથી તેની ખાતરી કરી, ગ્રીષ્માબેનના ગળા પર જોરથી ચપ્પુ ઘસી નાખે છે અને તે સમયે કોઈ તેને 'રહેવા દે, તું રહેવા દે' તેવું કહેતા હોવાનું સંભળાય છે; તે સમયે આરોપી ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખે છે.

<u>**બીજી વિડીયો ક્લીપ**</u> જોતાં તે ૧૫ સેકન્ડની ક્લીપ છે, જેને કાળજીપૂર્વક જોતાં એવું જણાય છે કે,

આરોપીએ કથ્થાઈ કલરનું ચેક્સવાળું શર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પહેરેલ છે અને તે જમણા હાથમાં લોહીવાળું ચપ્પુ લઈને ઉભો છે, આ સમયે તેના પેન્ટના કમરના આગળના ભાગે જમણી તરફ એક કાળા કલરના હાથાવાળું મ્યાન સહિતનું ચપ્પુ ખોસેલ હોવાનું સ્પષ્ટ દેખાય છે; આરોપીએ સફેદ અથવા રાખોડી કલરના બુટ પહેરેલ છે, જેની સામે ક્રોસમાં જમણા હાથે લોહીવાળી ઈજા સાથે ફરિયાદી ધ્રુવ ઉભો છે; આ સમયે આરોપીના પગ પાસે ગળું કપાઈ ગયેલ હાલતમાં પડેલ ગ્રીષ્માબેનનો ડાબો હાથ આરોપીના બુટ પર પડે છે અને લોકો અત્યંત વિલાપ કરે છે; તે સમયે પણ કપાયેલ ગળા સાથે ગ્રીષ્માબેન શ્વાસ લઈ રહેલ હોવાનું સ્પષ્ટ દેખાય છે; ત્યાર બાદ તેનું માથું આરોપીના બુટ તરફ સહેજ ઢળતા ગળાના મધ્ય ભાગેથી કાનની નીચે જાય તે રીતે મોટો ખુલ્લો ઘા દેખાય છે, જેમાંથી ફોર્સ સાથે લોહીના ફુવારા ઉડતા સ્પષ્ટ જણાય છે; આ સમયે સામે ઉભેલ ગ્રીષ્માબેનનો ભાઈ ધ્રુવ વિલાપ સાથે નીચે ઢળી પડે છે; તે સમયે આરોપી જમણા હાથમાં ચાકુ લઈને ગ્રીષ્માબેનના શરીર પાસે ઉભો રહે છે અને લોકો સામે જુવે છે; ત્યાર બાદ નીચે લોહીલુહાણ હાલતમાં પડેલ ગ્રીષ્માબેનના શરીર તરફ ચાકુ રાખી ડાબા હાથ વડે પોતાના પેન્ટના ડાબી તરફના આગળના ખિસ્સામાંથી પ્લાસ્ટીકના કાગળ વાળી પડીકી કાઢી ચાકુવાળા જમણા

હાથે તેને ખોલી તેમાંથી કાંઈક ખાય છે અને ત્યાર બાદ તે પ્લાસ્ટીકનો કાગળ લોહીલુહાણ ગ્રીષ્માબેન પાસે પડે છે; આ સમયે પણ લોકોનું કરૂણાભર્યું રુદન, આક્રંદ તથા વિલાપ સંભળાય છે. આ સમગ્ર સમય દરમ્યાન આરોપી ગ્રીષ્માબેનના શરીર તરફ ચપ્પુ રાખી લોકો સામે જોઈને એવી રીતે ઉભો રહેલ છે કે જેથી તેની નજીક જવાની કોઈ હિંમત કરી શકતું નથી.

(૭૫.૭) ઉપરોક્ત બંને વિડીયો ક્લીપ્સ અત્યંત સ્પષ્ટ રીતે રેકર્ડ થયેલ છે, જે સામાન્ય માણસ જોઈ ન શકે તેવી ભયાવહ જણાય છે. આ વિડીયો ક્લીપ્સમાં આરોપી મરનાર ગ્રીષ્માબેનને પકડે છે, તેનું ગળું કાપે છે, લોહીના ફુવારા ઉડતા ગ્રીષ્માબેનના શરીર પાસે ચપ્પુ સાથે ઉભા રહી ખિસ્સામાંથી પ્લાસ્ટીકના કાગળમાંથી કાઢીને કાંઈક ખાય છે, તે સમગ્ર સમય દરમ્યાન સામે ઉભેલા લોકોમાં અત્યંત ભય અને આતંકનું વાતાવરણ ઉભું થયેલ હોવાનું સ્પષ્ટ જણાય છે. હું સ્પષ્ટપણે એ નોંધવું જરૂરી માનું છું કે, કોઈ પણ સામાન્ય માણસ માટે આ વિડીયો ક્લીપ્સના દ્રશ્યો હચમચાવી દેનારા છે અને આ કોર્ટ માટે પણ આ વિડીયો ક્લીપ્સને ધ્યાનપૂર્વક જોવી તે સરળ ન હતું. આમ છતાં પુરાવાનું યોગ્ય મૂલ્યાંકન થાય તે માટે આ કોર્ટે વારંવાર આ વિડીયો ક્લીપ્સને જોઈને તેનું શક્ય તેટલું નિરૂપણ કરવાનો પ્રયાસ કરેલ છે. આમ છતાં એટલું કહી શકાય કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરી તેની આ બંને વિડીયો ક્લીપ્સ સ્વયં સ્પષ્ટ પુરાવો છે, જેનું યથાવત નિરૂપણ કદાચ શક્ય નથી, પરંતુ આ વિડીયો ક્લીપ્સ જોવાથી આરોપીનો મરનાર

ગ્રીષ્માબેનને મારી નાંખવાનો દૃઢ નિશ્ચય તથા મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખવાના સમયે તેની સ્વસ્થતા પણ માની ન શકાય તેવી જણાય છે. આ તબક્કે હું એ નોંધવું જરૂરી માનું છું કે, આ બંને વિડીયો કલીપ્સના તમામ દ્રશ્યોમાં એક સેકન્ડ પણ આરોપીને તેની સામે ઉભેલ કોઈ પણ વ્યક્તિ તરફ કે ગ્રીષ્માબેન તરફ સહેજ પણ દયા આવી હોય તેવું જણાતું નથી. આ હું એટલા માટે નોંધું છું કે, વિ.વકીલશ્રી શેખની એવી દલીલ છે કે, આરોપી મરનાર ગ્રીષ્માબેન સાથે પ્રેમ સંબંધ ધરાવતા હતા.

(૭૫.૮) અત્રે એ પણ નોંધવું ઉચિત છે કે, આ કામે ફરિયાદ પક્ષે મરનાર ગ્રીષ્માબેનની લાશનું મરણોત્તર પંચનામું આંક–૮૨ થી રજૂ કરેલ છે, જેમાં મરનાર ગ્રીષ્માબેનની લાશ પર ઉપરોક્ત બંને વિડીયો કલીપ્સમાં જોવા મળે છે, તે મુજબનું નેવી બ્લુ કલરનું પોણી બાંયનું ટોપ તથા કાળા કલરનું જીન્સ હોવાનું પુરવાર થાય છે. ફરિયાદ પક્ષે મરનાર ગ્રીષ્માબેનની લાશ પરથી મળેલ કપડાં કબજે કર્યા અંગેનું પંચનામું આંક–૪૨ થી રજૂ કરી, તે પંચનામાના **પંચ શાહેદ હિતેષભાઈ દેવશીભાઈ સખીયા**ને **શાહેદ નં.૭** તરીકે **આંક–૪૧** થી તપાસેલ છે. આ પંચ શાહેદની જુબાની તથા આંક–૪૨ નું પંચનામું પરસ્પર વંચાણે લેતાં એવું જણાય છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ કલાક ૧૪ઃ૨૦ થી ૧૫ઃ૦૦ વાગ્યા દરમ્યાન આ પંચ તથા બીજા પંચ સુનિલભાઈ પરષોત્તમભાઈની હાજરીમાં મરનાર ગ્રીષ્માબેનના કપડાં કબજે લેવામાં આવેલ, જેમાં એક નેવી બ્લુ કલરનું, એક કાળા કલરનું જીન્સ તથા આંતર વસ્ત્રોમાં એક કાળા કલરની બ્રા હતા, જે ત્રણે પર ભુખરા જેવા

લોહીના ડાઘા હતા અને એક સ્લેટીયા કલરની નીકર હતી, જેની પર કોઈ ડાઘા ન હતા. મરનાર ગ્રીષ્માબેનના કપડાં કામરેજ સી.એચ.સી. ખાતેથી પોલીસ સ્ટેશને રજૂ કરનાર પોલીસ કોન્સ્ટેબલ **ઝવેરભાઈ રાઘવભાઈ**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૦** તરીકે **આંક-૧૭૦** થી તપાસેલ છે, જેમણે પણ મરનાર ગ્રીષ્માબેનના ઉપર મુજબના કપડાં પી.એસ.ઓ. રૂબરૂ રજૂ કરતા આંક-૭૨ ના પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલ તેવી હકીકતને સમર્થન આપેલ છે. આ પંચનામું કરનાર કામરેજ પોલીસ સ્ટેશનના તત્કાલિન પી.એસ.ઓ. **વાડગીયાભાઈ દશરીયાભાઈ વસાવા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૬૮** તરીકે **આંક-૨૭૫** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં તેમની હાજરીમાં આંક-૭૨ ના પંચનામાની વિગતે મરનાર ગ્રીષ્માબેનના કપડાં કબજે લીધેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે. આ જ સંદર્ભે આંક-૩૬ થી આરોપીના કપડાં તથા બુટ કબજે લીધાનું પંચનામું જોતાં તેમાં પણ આરોપીના કપડામાં કથ્થાઈ કલરનું ચેક્સવાળું શર્ટ તથા બ્લુ કલરનું જીન્સ અને રાખોડી કલરના બુટ હોવાનો ઉલ્લેખ છે, જે કપડાં તથા બુટ ઉપરોક્ત બંને વિડીયો ક્લીપ્સમાં આરોપીએ પહેરેલ હોવાનુ સ્પષ્ટપણે દેખાય છે. આ આંક-૩૬ ના પંચનામાની હકીકતને **શાહેદ નં.૬** તરીકે તપાસવામાં આવેલ **પંચ શાહેદ કલ્પેશભાઈ વિનુભાઈ વાંઝા**ની **આંક-૩૫** ની જુબાનીથી પણ સમર્થન મળે છે. આ જ પ્રમાણે ફરિયાદ પક્ષે ઈજા પામનાર ધ્રુવ વેકરીયાના કપડાં કબજે કર્યાનું પંચનામું આંક-૫૩ થી રજૂ કરેલ છે, જેમાં ઈજા પામનાર ધ્રુવ વેકરીયાના કપડામાં કાળા કલરનું લાંબી બાંયનું શર્ટ તથા કાળા કલરનું પેન્ટ હોવાનો ઉલ્લેખ છે, જે પણ ઉપરોક્ત બંને વિડીયો ક્લીપ્સ જોતાં મરનાર ગ્રીષ્માબેનના ભાઈ

ધ્રુવ કે જે બનાવ સમયે આરોપી અને મરનાર ગ્રીષ્માબેનની સામે ઉભા હતા, તેમણે પહેરેલ હોવાનું સ્પષ્ટ દેખાય છે. એ નોંધપાત્ર છે કે, આંક–૫૩ ના પંચનામાના **પંચ શૈલેષભાઈ દેવરાજભાઈ ખૈની**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૯** તરીકે **આંક–૫૨** થી તપાસેલ છે, જેની જુબાનીથી પણ ઉપરોક્ત હકીકતને સ્પષ્ટપણે સમર્થ પ્રાપ્ત થાય છે. આમ, બંને વિડીયો કલીપ્સમાં દશ્યમાન ઉપરોક્ત હકીકતો સંબંધે કોઈ શંકા રહેતી નથી.

(૭૫.૯) ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૨ માં પ્રાથમિક પુરાવાની વ્યાખ્યા આપવામાં આવેલ છે, જે મુજબ 'પ્રાથમિક પુરાવો એટલે ન્યાયાલયના નિરીક્ષણ માટે રજૂ થયેલ હોય તે દસ્તાવેજ'. આ ઉપરાંત ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૪ માં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, 'દસ્તાવેજો પ્રાથમિક પુરાવાથી સાબિત કરવા પડશે'. એ હકીકત સ્વીકૃત છે કે, ઉપરોક્ત બંને વિડીયો કલીપ્સ પણ ઈલેકટ્રોનિક ડોક્યુમેન્ટ છે અને તે જે ડિવાઈસ એટલે કે મોબાઈલ વડે રેકર્ડ કરવામાં આવેલ છે, તે મોબાઈલમાં જ તેના મૂળ સ્વરૂપે એટલે કે તે વિડીયો કલીપ્સ અસલ મોબાઈલ સહિત આ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે. એટલું જ નહીં, આ વિડીયો કલીપ્સ પોતાના મોબાઈલમાં રેકર્ડ કરનાર શાહેદ નં.૩૧ રાહુલ મનજીભાઈ ઉકાણીની સોગંદ પરની જુબાનીમાં તેમણે પોતાના મોબાઈલમાં રેકર્ડ કરેલ આ બંને વિડીયો કલીપ્સ સંપૂર્ણ સમર્થનકારક રીતે પુરવાર કરેલ છે. તેમણે તેમનો કબજે લેવામાં આવેલ મોબાઈલ કે જે કોર્ટમાં સીલબંધ હાલતમાં હતો તેને ખોલીને તેમને કોર્ટ રૂબરૂ બતાવતા તે તેમણે ઓળખી બતાવેલ છે. આ મોબાઈલ ચાલું કરી, તેની ગેલેરીમાંથી ઉપરોક્ત બંને વિડીયો કલીપ્સ

તેમને પ્લે કરી બતાવતા તે તેમણે પોતે જ પોતાના ઉપરોક્ત મોબાઈલમાં રેકર્ડ કરેલ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ સંજોગોમાં આ પ્રાથમિક પુરાવો કહી શકાય તેમ છે, જેની ગ્રાહ્યતા સંબંધે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪) મુજબનું પ્રમાણપત્ર અનિવાર્ય બનતું નથી. આ સંદર્ભે હું નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **અર્જુન પંડીતરાવ ખોટકર વિ. કૈલાશ ખુશનરાવ ગોરન્ત્યાલ અને બીજા – સિવિલ અપીલ નં.૨૦૮૨૫–૨૦૮૨૬/૨૦૧૭ ના તારીખઃ ૧૪.૦૭.૨૦૨૦ ના ચૂકાદા**નો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. નામદાર સર્વોચ્ચ અદાલતે આ ચૂકાદા દ્વારા તેમની સમક્ષ મોકલવામાં આવેલ રેફરન્સનો ઉત્તર આપતા પેરેગ્રાફ–૭૨ માં જણાવેલ છે કે,

> (a) Anvar P.V. (supra), as clarified by us hereinabove, is the law declared by this Court on Section 65B of the Evidence Act. The judgment in Tomaso Bruno (supra), being per incuriam, does not lay down the law correctly. Also, the judgment in SLP (Crl.) No. 9431 of 2011 reported as Shafhi Mohammad (supra) and the judgment dated 03.04.2018 reported as (2018) 5 SCC 311, do not lay down the law correctly and are therefore overruled.
>
> (b) The clarification referred to above is that the required certificate under Section 65B(4) is unnecessary if the original document itself is produced. This can be done by the owner of a laptop computer, computer tablet or even a mobile phone, by stepping into the witness box and proving that the concerned device, on which the original

information is first stored, is owned and/or operated by him. In cases where the computer happens to be a part of a computer system or computer network and it becomes impossible to physically bring such system or network to the Court, then the only means of providing information contained in such electronic record can be in accordance with Section 65B(1), together with the requisite certificate under Section 65B(4). The last sentence in Anvar P.V. (supra) which reads as if an electronic record as such is used as primary evidence under Section 62 of the Evidence Act is thus clarified; it is to be read without the words under Section 62 of the Evidence Act. With this clarification, the law stated in paragraph 24 of Anvar P.V. (supra) does not need to be revisited.

(c) The general directions issued in paragraph 62 (supra) shall hereafter be followed by courts that deal with electronic evidence, to ensure their preservation, and production of certificate at the appropriate stage. These directions shall apply in all proceedings, till rules and directions under Section 67C of the Information Technology Act and data retention conditions are formulated for compliance by telecom and internet service providers.

(d) Appropriate rules and directions should be framed in exercise of the Information Technology Act, by exercising powers such as in Section 67C, and also framing suitable rules for the retention of

> data involved in trial of offences, their segregation, rules of chain of custody, stamping and record maintenance, for the entire duration of trials and appeals, and also in regard to preservation of the meta data to avoid corruption. Likewise, appropriate rules for preservation, retrieval and production of electronic record, should be framed as indicated earlier, after considering the report of the Committee constituted by the Chief Justices Conference in April, 2016.

(૭૫.૧૦) ઉપરોક્ત ચર્ચા પરથી એ સ્પષ્ટ થાય છે કે, આ બનાવમાં મરનાર ગ્રીષ્માબેનની હત્યાનો સમગ્ર બનાવ આંક-૧૪૧ થી તપાસવામાં આવેલ શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીએ પોતાના મોબાઈલ ફોનમાં બે વિડીયો ક્લીપ્સથી રેકર્ડ કરી લીધેલ, જે અસલ મોબાઈલ તેમાં રહેલ વિડીયો ક્લીપ્સ સાથે મૂળ સ્વરૂપમાં રજૂ કરવામાં આવેલ છે અને શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીએ આ કોર્ટ સમક્ષ વિટનેશ બોક્સમાં હાજર થઈને સોગંદ પર જુબાની આપતા સમયે તેમનો પોતાનો મોબાઈલ તથા તેમાં તેમણે રેકર્ડ કરેલ બંને વિડીયો ક્લીપ્સ જોઈને ઓળખી બતાવેલ છે. આ બંને વિડીયો ક્લીપ્સ સાથેનો અસલ મોબાઈલ આ કોર્ટ સમક્ષ આંક-૧૪૫ થી રજૂ કરવામાં આવેલ છે. આ હકીકતને નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોક્ત **અર્જુન પંડીતરાવ ખોટકર વિ. કૈલાશ ખુશનરાવ ગોરન્ત્યાલ અને બીજા**ના ચૂકાદામાંના સિદ્ધાંત સાથે વંચાણે લેતાં, હત્યાનો આ બનાવ ઉપરોક્ત બંને વિડીયો ક્લીપ્સ કે જે ઈલેક્ટ્રોનિક ડોક્યુમેન્ટ છે, તે તેના મૂળ સ્વરૂપે આ કોર્ટ

સમક્ષ રજૂ કરી યોગ્ય રીતે સાબિત કરવામાં આવેલ છે. આ તબક્કે એ નોંધવું અસ્થાને નથી કે, આ બંને વિડીયો ક્લીપ્સમાં દેખાતા દ્દશ્યો મુજબનો જ બનાવ બન્યાની હકીકત તમામ નજરે જોનાર શાહેદોએ સમાનપણે આ કોર્ટ સમક્ષ તેઓની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે, જે પરસ્પર એકબીજાને સંપૂર્ણ સમર્થન આપે છે. પુનરાવર્તનનો દોષ વ્હોરીને હું નોંધું છું કે, અત્યંત ભરોસાપાત્ર રીતે પુરવાર થયેલ ઉપરોક્ત પુરાવો આરોપી તરફે લેવામાં આવેલ એ બચાવને ખોટો ઠરાવે છે કે, ફરિયાદ પક્ષે તપાસેલા તમામ સાક્ષીઓ ટ્યુટર્ડ વિટનેશ છે.

(૭૬) આ કામના આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની જાહેરમાં અનેક લોકો સામે, લોકોની આજીજી અને વિનંતીને અવગણીને, ઘાતકી રીતે, ક્રુરતાપૂર્વક હત્યા કરેલ છે અને આરોપીએ તે હકીકત સ્થળ પરથી જ ફોન કરી તેના સગા માસીના દીકરા શાહેદ આકાશભાઈ કનુભાઈ વઘાસીયાને તથા શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાને જણાવેલ, જે એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન કહી શકાય, તે પ્રકારનો પુરાવો પણ રેકર્ડ પર આવેલ છે. આ પુરાવો પણ નજરે જોનાર શાહેદોના પુરાવા તથા આંક–૧૪૫ થી રજૂ થયેલ બનાવની બંને વિડીયો ક્લીપ્સની હકીકતોને સંપૂર્ણ સુસંગત હોઈ, તેનો ઉલ્લેખ હું આ તબક્કે કરવો જરૂરી માનું છું.

(૭૭.૧) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫૮** તરીકે **આકાશભાઈ કનુભાઈ વઘાસીયા**ને **આંક–૨૧૬** થી તપાસવામાં આવેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સુરત મુકામે વરાછા, યોગી ચોક ખાતે સહજાનંદ બિઝનેશ હબમાં 'પ્રિન્ટીંગ ચાચા' નામની

દુકાન ભાડેથી ચલાવે છે અને ત્યાં તેઓ બોર્ડ અને બેનર બનાવે છે; તેમની પાસે Vivo કંપનીનો Y51 મોડેલનો મોબાઈલ છે; તેમનો મોબાઈલ નં.xxxxx xxx૮૧ છે. આ શાહેદે વિશેષમાં એવો પુરાવો આપેલ છે કે, આ કામના આરોપી તેમના સગા માસીનો દીકરો થાય છે. આ શાહેદે આ કોર્ટમાં હાજર આ કામના આરોપીને તેમના સગા માસીના દીકરા તરીકે ઓળખી બતાવી વધુમાં જણાવેલ છે કે, તેમના માસીનો દીકરો ફેનિલ આખો દિવસ મોબાઈલ ફોનમાં વ્યસ્ત રહેતો, ગેમ રમ્યા કરતો અને તે ફાઈટીંગવાળી વેબ સીરીઝ જોતો. બનાવ સંદર્ભે તેમણે એવો પુરાવો આપેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ વરાછા ખાતે આવેલ કેપીટલ ફાર્મ પર હતા ત્યારે સાંજના આશરે ૬ઃ૪૦ આસપાસ તેમના માસીના દીકરા ફેનિલનો તેમના મોબાઈલ પર ફોન આવેલો અને કહેલ કે, 'મેં ઓલીને મારી નાંખેલ છે અને મારા હાથમાં ચાકુ મારી દીધેલ છે'; આથી તેમણે ફેનિલના પરીવારને આવો ફોન આવેલ હોવા બાબતની જાણ કરેલી. શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમના મોબાઈલ ફોનમાં આવતા દરેક ફોન રેકર્ડ થાય છે; ફેનિલે તેમને આ દિવસે ઉપરાઉપરી બે વાર ફોન કરેલ અને આ રીતની જ વાત કરેલી; તેમને પછીથી જાણવા મળેલ કે, ફેનિલે એક છોકરીને મારી નાંખેલ છે. આ શાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમણે તેમનો આ ફોન અસલ રેકોર્ડીંગ સાથે પોલીસને સુપ્રત કરેલ, જે સંબંધે પોલીસે તેમને આપેલ સીઝર મેમો તેમણે આંક–૨૧૭ થી રજૂ કરી, તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ શાહેદનો મોબાઈલ ફોન કબજે લીધા અંગે ફરિયાદ પક્ષે આંક–૫૯ નું પંચનામું રજૂ કરેલ છે. આ પંચનામું જોતાં તે તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ ના રોજ ૧૭ઃ૧૫ થી ૧૭ઃ૪૫ વાગ્યા દરમ્યાન બે પંચો

અનિલભાઈ પરષોત્તમભાઈ ધરસંડીયા તથા ચેતનભાઈ અરજણભાઈ કુવાડીયાની હાજરીમાં થયેલ છે, જેમાં શાહેદ આકાશ વઘાસીયાનો કાળા કલરનો Vivo Y51 મોબાઈલ ફોન પોલીસ સ્ટેશનમાં હાજર આકાશ વઘાસીયાએ પાસવર્ડ નાંખી ખોલતા તથા ફાઈલ મેનેજરમાં જઈ, ફોન સ્ટોરેજ ખોલી, કોલ નામનું ફોલ્ડર ખોલી ચેક કરતા તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના ટાઈમે આરોપી સાથે થયેલ વાતચીતના બે રેકોર્ડીંગ મળી આવ્યાનો ઉલ્લેખ છે, જેમાં પ્રથમ Fenil_2_2022-02-12 18-47-50.m4a તથા બીજું રેકોર્ડીંગ Fenil_2_2022-02-12 18-51-54.m4a થી સેવ થયાનો ઉલ્લેખ છે, જે બંને પંચો રૂબરૂ સાંભળવામાં આવ્યા હોવાનો ઉલ્લેખ છે. આ પંચનામાના પંચ **અનિલભાઈ પરષોત્તમભાઈ ધરસંડીયા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૧** તરીકે **આંક-૫૮** થી તપાસેલ છે, જેમણે પંચનામાની ઉપરોક્ત હકીકતને તેમના સોગંદ પરના પુરાવાથી પુરવાર કરેલ છે અને ઉપર ઉલ્લેખ કરેલ છે તે બંને રેકોર્ડીંગ ખુલ્લી કોર્ટમાં સંભળાવવામાં આવતા તેઓએ તે ઓળખી બતાવેલ છે. વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીએ આ કોર્ટનું ધ્યાન દોરેલ છે કે, આ મોબાઈલ ફોન એફ.એસ.એલ. માં મોકલ્યા બાદ તેની ડીવીડી બનાવી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) ના પ્રમાણપત્ર સાથે રજૂ કરવામાં આવેલ છે.

(૭૭.૨) આ શાહેદે વિશેષમાં એવું પણ જણાવેલ છે કે, ત્યાર બાદ તેમને એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે વોઈસ સેમ્પલ આપવા માટે લઈ જવામાં આવેલ; જ્યાં તેમણે તેમના વોઈસ સેમ્પલ આપવા માટે સંમતિ આપેલ, જે સંમતિપત્ર તેમણે આંક-૨૧૮ થી રજૂ કરી તેમાં તેમની સહી

ઓળખી બતાવેલ છે. વધુમાં તેમણે એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે કન્ટ્રોલ વોઈસ રેકોર્ડીંગ ફોર્મમાં લખેલા વાક્યો બોલીને તેમના વોઈસ સેમ્પલ આપેલ. સદર શાહેદે આંક–૨૧૯ થી તેમનું કન્ટ્રોલ વોઈસ રેકોર્ડીંગ ફોર્મ રજૂ કરી તેમાં તેમનો ફોટોગ્રાફ તથા તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. સદર શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, તેમને તેમનો મોબાઈલ તથાા તેમાં તેમણે કરેલ રેકોર્ડીંગ સંભળાવવામાં આવે તો તેમાં તેઓ તેમનો અને ફેનિલનો અવાજ અને તે મુજબનો જ ફોન આવેલો, તે તેઓ ઓળખી શકે. શાહેદે જણાવેલ આ હકીકતના અનુસંધાને મુદ્દામાલ આર્ટિકલ નં.૨૭ નો સીલબંધ મોબાઈલ આ કોર્ટની પરવાનગીથી ખોલી તેમને બતાવતા તેમણે આ મોબાઈલ પોતાનો હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ મોબાઈલ ફોન ચાલું કરી, તેનું ફાઈલ મેનેજર ફોલ્ડર ઓપન કરી, તેમાં ફોન સ્ટોરેજ, ત્યાર બાદ રેકોર્ડ અને તેમાં કોલ નામનું ફોલ્ડર ઓપન કરતાં તેમાં તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના ૧૮.૪૭.૫૦.M4A નામથી એક રેકોર્ડીંગ સેવ છે, જેને કોર્ટની પરવાનગીથી ચાલું કરી તેમને સંભળાવવામાં આવતા, તેમાં દરેક વાક્યો કોણ બોલે છે, તે આ શાહેદે સ્પષ્ટ જણાવેલ છે, જે આ શાહેદે નીચે મુજબ જણાવેલ છેઃ–

"હા, બોલ ભાઈ." (તે શાહેદનો અવાજ છે.)

"મેં ઓલીને મારી નાંખી છે, મેં હાથમાં સાકુ મારી દીધી છે."
(આ અવાજ ફેનિલનો છે.)

"પણ ક્યાં સો તું?" (તે શાહેદનો અવાજ છે.)

"પાસોદરા પાટીયા, એનાં ઘરે... બધાં આવી ગયા છે અહીં."
(આ અવાજ ફેનિલનો છે.)

"બહુ કરી ચાર" (તે શાહેદનો અવાજ છે.)

"ઓલીને મારી નાંખી"        (આ અવાજ ફેનિલનો છે.)

(૭૭.૩) આ શાહેદે આ સંબંધે જણાવેલ છે કે, ઉપર મુજબનો જ ફોન તેમના મોબાઈલ પર આવેલો અને તે જ આ રેકોર્ડીંગ છે. તેમણે જણાવેલ છે કે, તેમના ફોનમાં એ રીતનું સેટીંગ છે કે, કોઈ પણ ફોન આવે તો તે ઓટો રેકર્ડ થાય.

(૭૭.૪) આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ બીજું રેકોર્ડીંગ "ફેનિલ-૨" તા.૧૨.૦૨.૨૦૨૨ કલાક ૧૮.૫૧.૫૪.m4a નામથી સેવ થયેલ છે, તેમાં સેવ થયેલ વાતચીતના શું વાક્યો છે અને તે કોણ બોલે છે, તે સંબંધે શાહેદે સ્પષ્ટ પુરાવો આપી નીચે મુજબની હકીકત જણાવેલ છેઃ-

"બોલ"        (તે શાહેદનો અવાજ છે.)
"મેં મારી નાંખી છે."        (આ અવાજ ફેનિલનો છે.)
"કોને?"        (તે શાહેદનો અવાજ છે.)
"ઓલીને મારી નાંખી છે....તું આય" (આ અવાજ ફેનિલનો છે.)
"તું ક્યાં છો?"        (તે શાહેદનો અવાજ છે.)
"પાસોદરા પાટીયા, એનાં ઘરે"        (આ અવાજ ફેનિલનો છે.)
"તું ન્યા હું કરો સો"        (તે શાહેદનો અવાજ છે.)
"મેં એને મારી નાંખી છે....શેરીવાળા બધા આવ્યા"
(આ અવાજ ફેનિલનો છે.)
"અને તું તને? તને વાઈગુ છે?"        (તે શાહેદનો અવાજ છે.)
"હા, મને મારી દીધુ છે, સાકુ હાથમાં"
(આ અવાજ ફેનિલનો છે.)

"હાલો હું આવુ" (તે શાહેદનો અવાજ છે.)
"આય" (આ અવાજ ફેનિલનો છે.)

(૭૭.૫) ઉપરોક્ત રેકોર્ડીંગ જોતાં આ શાહેદે જણાવેલ છે કે, તેમને ખુલ્લી કોર્ટમાં તેમના જ ફોન પરથી, તેમના ફોનમાં રેકર્ડ થયેલ ઉપરોક્ત બંને ફોન રેકોર્ડીંગ સંભળાવવામાં આવતા તે તેમણે ઉપર જણાવ્યા મુજબ આરોપી ફેનિલે તેમને કરેલ બંને ફોનનું રેકોર્ડીંગ હોવાનું જણાવેલ છે, જે તેઓ ઓળખી બતાવે છે. સદર શાહેદે આંક–૨૨૦ થી આરોપીનું કન્ટ્રોલ વોઈસ રેકોર્ડીંગ ફોર્મ રજૂ કરી તેમાં આરોપીની સહી ઓળખી બતાવેલ છે.

(૭૭.૬) બચાવ પક્ષે આ શાહેદની કરવામાં આવેલ ઊલટતપાસ જોવામાં આવે તો એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, તેઓ વરીયાવ ગામે રહે છે; તેમના ઘર અને ફેનિલના ઘર વચ્ચે આશરે ૧૫ કિ.મી. નું અંતર છે; તેમના ઉપરાંત પણ કુટુંબમાં ફેનિલના બીજા પિતરાઈ ભાઈઓ છે. આ શાહેદે બચાવ પક્ષના એ સૂચનનો ઈન્કાર કરેલ છે કે, ફેનિલ તેમનો પિતરાઈ ભાઈ હોઈ, તેઓએ તેમને મળવાનું બહુ થતું હતું. તેમણે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, ફેનિલ ક્યાં જાય, શું કરે, તેની શું દિનચર્યા હોય, તેની તેમને માહિતી હોય. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફેનિલ આખો દિવસ મોબાઈલમાં વ્યસ્ત રહેતો હોવાનું અને હિંસક વેબસીરીઝ જોતો હોવાનું તેઓ કોર્ટમાં ખોટું જણાવે છે. આ સંબંધે શાહેદે ખુલાસો કરતા જણાવેલ છે કે, ફેનિલના મમ્મીએ તેમના મમ્મીને અને તેમને વાત કરેલી કે, 'તે આખો દિવસ આ જ પ્રવૃત્તિ કરતો હોય છે, તમે તેને સમજાવો', તેથી તેમને આ માહિતી છે. આ સિવાય તેમની

ઊલટતપાસમાં શાહેદે સરતપાસમાં જણાવેલ ઉપરોક્ત હકીકત અસત્ય જણાય તેવી લેશમાત્ર હકીકત ખૂલવા પામતી નથી. આ તબક્કે પુનઃ એ હકીકત નોંધપાત્ર છે કે, આ શાહેદનો અસલ મોબાઈલ આ કામે તપાસ કરનાર અધિકારીએ દ્વારા કબજે લેવામાં આવેલ, જે આંક–૨૧૭ ના સીઝર મેમાથી પુરવાર થાય છે. આ શાહેદે મુદ્દામાલ આર્ટિકલ નં.૨૭ નો મોબાઈલ તેમનો હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ મોબાઈલ કોર્ટ સમક્ષ ચાલું કરી, તેની જુબાનીમાં દર્શાવેલ ટ્રેક મુજબ તેમની અને આરોપી ફેનિલ વચ્ચે થયેલ વાતચીતના સંવાદોની હકીકત પુરવાર કરેલ છે. ઉપરોક્ત બંને વોઈસ કૉલ્સ પણ ઈલેક્ટ્રોનિક ડોક્યુમેન્ટ છે અને શાહેદના જણાવ્યા મુજબ તેમના કબજે લેવામાં આવેલ ઉપરોક્ત મોબાઈલમાં દરેક કોલ ઓટો રેકર્ડ થાય છે, જેથી તેમના આ મોબાઈલમાં રેકર્ડ થયેલ ઉપરોક્ત બંને વોઈસ કૉલનું રેકોર્ડીંગ પ્રાથમિક દસ્તાવેજ હોઈ, મેં અગાઉ ઉલ્લેખ કરેલ છે તે નામદાર સર્વોચ્ચ અદાલતના **અર્જુન પંડીતરાવ ખોટકર વિ. કૈલાશ ખુશનરાવ ગોરન્ત્યાલ અને બીજા**ના ચૂકાદામાંના સિદ્ધાંત મુજબ આ દસ્તાવેજ ગ્રાહ્ય રાખવા માટે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪) મુજબનું પ્રમાણપત્ર અનિવાર્ય નથી. આ સંજોગોમાં આ બંને ઓડિયો ક્લીપ્સ યોગ્ય રીતે પુરવાર થયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. આ ઉપરાંત આ દસ્તાવેજ ભારતીય દંડ સંહિતાની કલમ–૬૨ અને ૬૪ મુજબ યોગ્ય રીતે પુરવાર થયેલ છે. ઉપરોક્ત બંને ઓડિયો ક્લીપ્સ યોગ્ય રીતે પુરવાર થયેલ હોઈ, આ કોર્ટ તેને સ્પષ્ટપણે ધ્યાને લઈ શકે તેમ છે. ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતાં એ સ્પષ્ટ થાય છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬:૪૭ વાગ્યે આ કામના આરોપીએ તેમના સગા માસીના દીકરા શાહેદ આકાશ

વઘાસીયાને ફોન કરી સ્પષ્ટ જણાવેલ છે કે, 'મેં ઓલીને મારી નાંખી છે, મેં હાથમાં ચાકુ મારી દીધેલ છે'. આ સંદર્ભે શાહેદે તેમને 'તું ક્યાં છે' તેવું પૂછતાં આરોપીએ 'પાસોદરા પાટીયા, એના ઘરે' એમ જણાવી, 'બધા આવી ગયા છે' તેમ જણાવેલ છે. ત્યાર બાદ આરોપીએ ફરીથી 'ઓલીને મારી નાંખી છે' તેવું જણાવેલ છે. આ જ પ્રમાણે આરોપીએ ફરીથી સાંજે ૬ઃ૫૧ વાગ્યે આ શાહેદને ફોન કરી જણાવેલ છે કે, 'ઓલીને મારી નાંખી છે, તું આવી જા', જેથી આ શાહેદે 'તું ક્યાં છો?' તેવું પૂછતાં આરોપીએ 'પાસોદરા પાટીયા, એના ઘરે' તેમ જણાવેલ, જેથી આ શાહેદે 'તું ત્યાં શું કરે છે' તેમ પૂછતાં આરોપીએ ફરીથી જણાવેલ કે, 'મેં એને મારી નાંખી છે....શેરીવાળા બધા આવ્યા', જેથી આ શાહેદે આરોપીને તેને વાગ્યું છે કે કેમ, તેવું પૂછતાં આરોપીએ જણાવેલ કે, 'હા, મને મારી દીધુ છે, સાકુ હાથમાં'. ઉપરોક્ત વાતચીત એવું સ્પષ્ટ પુરવાર કરે છે કે, મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા પછી આરોપીએ આ શાહેદને ફોન કરેલ છે, જે સંપૂર્ણપણે સ્વૈચ્છીક અને સાહજીક રીતે કરેલ છે તેમજ આરોપીને આવો ફોન કરવા માટે કોઈ પણ વ્યક્તિનું કોઈ પણ પ્રકારનું દબાણ ન હતું કે તેવું સૂચન પણ કરવામાં આવેલ ન હતું.

(૭૮.૧) આ જ સંબંધે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૫** તરીકે **હરેશભાઈ કાળુભાઈ વેકરીયા**ને **આંક-૧૫૭** થી તપાસવામાં આવેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે આશરે છ થી સાડા છ ની આસપાસ તેમની પર આફ્રિકાથી તુષારભાઈ M2M નો વોટ્સઅપ કૉલ આવેલો; તેમણે કહેલું કે, 'પેલો ફેનિલ છોકરીના ઘરે ગયેલ છે અને ચાકુથી તેને મારવાની કોશિશ કરે છે,

તમારી પાસે ફોન નંબર હોય તો તેનો કોન્ટેક કરો'; આથી તેમણે કહેલું કે, 'મારી પાસે તેનો નંબર નથી, પરંતુ હું મારી પત્ની પાસેથી તેના મમ્મીનો નંબર મેળવી તેનો સંપર્ક કરું છું'; પછી તેમનો બીજો એક ફોન ચાલતો હતો તે દરમ્યાન એક મીસ્ડકોલ થયેલ; આથી તેમનો ફોન પૂરો થયા બાદ તે મીસ્ડકોલ થયેલ નંબર ઉપર તેમણે સામેથી ફોન કરતા તેમને એવું જણાવ્યું કે, 'કાકા હું ફેનિલ બોલું છું, પેલી છોકરીને મેં ચપ્પુ મારી દીધેલ છે અને મેં દવા પી લીધેલ છે અને મારા હાથની નસ કાપી દીધેલ છે;' પછી તેમણે તેને અપશબ્દો કહી 'આવું કરવાની શું જરૂર છે', તેમ કહી ફોન મૂકી દીધેલો. તેમણે વધુમાં જણાવેલ છે કે, જે નંબર પરથી મીસ્ડકોલ થયેલ તે તેમને મોઢે યાદ નથી, પણ તેમણે તેનો સ્ક્રીન શોટ લીધેલ છે, જે તેમના મોબાઈલમાં છે. તેમણે આ કોર્ટની પરવાનગીથી સ્ક્રીનશોટ જોઈને જણાવેલ છે કે, તે મીસ્ડકોલ xxxxx xxx ૬૭ નંબર પરથી આવેલ હતો.

(૭૮.૨) શાહેદે જણાવેલ ઉપરોક્ત હકીકતો સંબંધે આ કોર્ટ દ્વારા તેમનો મોબાઈલ ચેક કરી નંબર જોતાં તેમાં સાંજે ૬:૪૬ વાગ્યે મીસ્ડકોલ હોવાનું જણાય છે તેમજ આ શાહેદે આરોપીને આ નંબર પર સાંજે ૬:૪૭ વાગ્યે ફોન કરેલાનું પણ જણાય છે. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, ઉપરોક્ત હકીકતો સંબંધે તેમણે કઠોર કોર્ટનાં વિ.મેજિસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું એક નિવેદન આપેલ, જે તેમને કોર્ટ સમક્ષ બતાવતા , આ નિવેદન તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ લખાવેલ તે જ હોવાનું જણાવી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાનું ફોજદારી

કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આ કામે આંક–૧૫૮ થી તથા તે માટે તેમણે આપેલ સંમતિપત્ર આંક–૧૫૯ થી રજૂ કરવામાં આવેલ છે.

(૭૮.૩) આમ, આ શાહેદની જુબાની જોતાં એ હકીકત પુરવાર થાય છે કે, આ શાહેદ પર તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે છ થી સાડા છ વાગ્યાના અરસામાં તુષારભાઈ M2M નામની વ્યક્તિનો વોટ્સએપ કોલ આવેલ અને તેમાં તેમને કહેલ કે, આરોપી છોકરીના ઘરે ગયેલ છે અને ચાકુથી તેને મારવાની કોશિશ કરે છે. ત્યાર બાદ આરોપીના મોબાઈલ પર થી આ શાહેદના મોબાઈલ પર સાંજે ૬:૪૬ વાગ્યે એક મીસ્ડ કોલ થાય છે, જેથી આ શાહેદે સાંજે ૬:૪૭ વાગ્યે આરોપીને ફોન કરતા આરોપીએ તેમને જણાવેલ કે, 'કાકા હું ફેનિલ બોલુ છુ, પેલી છોકરીને મેં ચપ્પુ મારી દીધેલ છે અને મેં દવા પી લીધેલ છે અને મારા હાથની નસ કાપી દીધેલ છે.' આ હકીકત પણ દર્શાવે છે કે, બનાવ બન્યા પછી આરોપીએ આ શાહેદને ફોન પર ઉપરોક્ત હકીકત સ્વૈચ્છીક અને સાહજીક રીતે જણાવેલ છે અને આ શાહેદને ફોન કરી આવું જણાવવા માટે આરોપી પર કોઈ પણ વ્યક્તિનું કોઈ પણ પ્રકારનું દબાણ ન હતું કે તેવું સૂચન પણ કરવામાં આવેલ ન હતું.

(૭૯) આરોપીએ તેમના માસીના દીકરા શાહેદ આકાશ વઘાસીયા તથા શાહેદ હરેશભાઈ વેકરીયાને કરેલ ઉપરોક્ત કૉલની હકીકત સ્પષ્ટપણે મરનાર ગ્રીષ્માબેનની હત્યા સંબંધે તેમણે કરેલ એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન સમાન જણાય છે, જે કૉલ તેમણે બનાવ

પછી તરત જ ઉપરોક્ત બંને શાહેદોને સહજપણે, સ્વાભાવિક રીતે અને કોઈ પણ વ્યક્તિના કોઈ પણ પ્રકારના દબાણ કે સૂચન વગર કરેલ હોવાનું પુરવાર થાય છે. એ નોંધપાત્ર છે કે, બચાવ પક્ષના વિ.વકીલશ્રી દ્વારા ઉપરોક્ત બંને શાહેદો સમક્ષ આરોપીએ કરેલ એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન અંગે એક પણ પ્રશ્ન પૂછવામાં આવેલ નથી; બીજા શબ્દોમાં કહીએ તો આ એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન સ્વૈચ્છીક ન હતું, તેવી કોઈ જ તકરાર તેમણે લીધેલ નથી.

(૮૦) આ સંદર્ભે રેકર્ડ પર આવેલ અન્ય સમર્થનકારક પુરાવો જોવામાં આવે તો ફરિયાદ પક્ષે શાહેદ નં.૭૩ તરીકે તપાસેલ રીલાયન્સ-જીઓ ઈન્ફોકોમ લિમિટેડના સ્ટેટ નોડલ ઓફિસર શતિન્દ્રનાથસિંહ રામપ્રતાપસિંહ ક્ષત્રીયએ તેમની આંક-૨૮૩ ની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, મોબાઈલ નં.xxxxx xxx ૬૭ તેમની કંપનીમાં આ કામના આરોપીના નામે રજિસ્ટર્ડ થયેલ છે. શાહેદ નં.૫૮ આકાશભાઈ કનુભાઈ વઘાસીયાએ તેમની આંક-૨૧૬ ની સોગંદ પરની જુબાનીમાં તેમનો મોબાઈલ નં.xxxxx xxx ૮૧ હોવાનું દર્શાવેલ છે. આ જ રીતે શાહેદ નં.૩૫ તરીકે તપાસવામાં આવેલ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન આપવા માટે આપેલ સંમતિપત્ર જે આંક-૧૫૯ થી રજૂ થયેલ છે તેમાં તેનો મોબાઈલ નં.xxxxx xxx ૫૦ હોવાનું દર્શાવેલ છે. આ બંને શાહેદોએ સમાનપણે જણાવેલ છે કે, આરોપીએ તેમને ફોન કરી તેણે મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યાની જાણ કરેલ. આ સંબંધે આરોપીનો મોબાઈલ નં.xxxxx xxx ૬૭ કે જે રીલાયન્સ-

જીઓ કંપનીમાં રજિસ્ટર્ડ થયેલ છે તેના સી .ડી.આર., કસ્ટમર એપ્લીકેશન ફોર્મ તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર આંક-૨૮૪ થી રજૂ થયેલ છે. આ સી.ડી.આર. ના પાના નં.૬૩ અને ૬૪ જોવામાં આવે તો એ સ્પષ્ટ જણાઈ આવે છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ બનાવ બાદ આરોપીના મોબાઈલ નં.xxxxx xxx ૬૭ પરથી સૌપ્રથમ કોલ ૧૮:૧૭:૩૩ વાગ્યે, બીજો કોલ ૧૮:૪૫:૪૪ વાગ્યે અને ત્રીજો કોલ ૧૮:૪૯:૪૮ વાગ્યે શાહેદ આકાશભાઈ કનુભાઈ વઘાસીયાના મોબાઈલ નં.xxxxx xxx ૮૧ પર કરવામાં આવેલ છે. આ જ રીતે આરોપીએ તેમના મોબાઈલ નં.xxxxx xxx ૬૭ પરથી શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાના મોબાઈલ નં.xxxxx xxx ૫૦ પર મીસ્ડ કોલ થયેલ અને ત્યાર બાદ શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાએ તેમના ઉપરોક્ત મોબાઈલ પરથી આરોપીને ૧૮:૪૭:૪૬ વાગ્યે ફોન કર્યાનું પુરવાર થાય છે. આમ ઉપરોક્ત બંને શાહેદોના મોબાઈલ પર આરોપીએ એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન સ્વરૂપે જણાવેલ હકીકતને ઉપરોક્ત સી.ડી.આર. જોતાં પણ સમર્થન મળે છે.

(૮૧) એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન અંગે કાનૂની સ્થિતિ જોવામાં આવે તો એ નોંધપાત્ર છે કે, રેકર્ડ પર અન્ય સમર્થનકારક સ્પષ્ટ પુરાવો હોય ત્યારે ગુના સંબંધે આરોપી દ્વારા કોઈની પણ સમક્ષ કરવામાં આવેલ એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન જો સ્વૈચ્છીક હોય અને તે કોઈના કોઈ પણ જાતના દબાણ કે સૂચન વગર કરવામાં આવેલ હોય અને તે ભરોસાપાત્ર હોવાનું અદાલતને જણાય તો અદાલત સ્પષ્ટપણે તેના પર

આધાર રાખી શકે છે. આ સંબંધે હું નામદાર સર્વોચ્ચ અદાલતના **પ્યારા સીંઘ વિ. પંજાબ રાજ્ય – (૧૯૭૮)૧ એસ.સી.આર. ૬૬૧** પરના ચૂકાદાનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

> "The law does not require that evidence of an extra-judicial confession should in all cases be corroborated. It thus appears that extra-judicial confession appears to have been treated as a weak piece of evidence but there is no rule of law nor rule of prudence that it cannot be acted upon unless corroborated. If the evidence about extra-judicial confession comes from the mouth of witness/witnesses who appear to be unbiased, not even remotely inimical to the accused, and in respect of whom nothing is brought out which may tend to indicate that he may have a motive for attributing an untruthful statement to the accused; the words spoken to by the witness are clear, unambiguous and unmistakably convey that the accused is the perpetrator of the crime and nothing is omitted by the witness which may militate against it, then after subjecting the evidence of the witness to a rigorous test on the touchstone of credibility, if it passes the test, the extra-judicial confession can be accepted and can be the basis of a conviction. In such a situation to go in search of corroboration itself tends to cast a shadow of doubt over the evidence. If the evidence of extra-judicial confession is reliable, trustworthy and beyond

reproach the same can be relied upon and a conviction can be founded thereon."

(૮૨) મારી ઉપરોક્ત ચર્ચા પરથી એ સ્પષ્ટ થાય છે કે, બચાવ પક્ષે આ સંબંધે કોઈ તકરાર લીધેલ નથી અને આ એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન ઉપરોક્ત બંને શાહેદોની જુબાનીથી યોગ્ય રીતે પુરવાર થયેલ છે. આમ છતાં ફરિયાદ પક્ષે ઉપરોક્ત શાહેદ આકાશ વઘાસીયા અને આરોપી વચ્ચે બનાવ બાદ ફોન પર વાતચીત થયેલ, તે હકીકત પુરવાર કરવા માટે આ શાહેદ તથા આરોપીના વોઈસ સેમ્પલ તેઓની સંમતિથી એફ.એસ.એલ. ના અધિકારી સમક્ષ રેકર્ડ કરવામાં આવેલ અને બાદમાં તેને વોઈસ સ્પેક્ટ્રોગ્રાફીના માધ્યમથી ચકાસવામાં આવેલ. આ સંબંધે એફ.એસ.એલ. ના **સાયન્ટીફીક ઓફિસરશ્રી સમીર સુભાષચંદ્ર જોષી** કે જેમને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૪** તરીકે **આંક-૨૮૬** થી તપાસેલ છે, તેમની સોગંદ પરની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેમણે આરોપી ફેનિલ ગોયાણીએ વોઈસ સેમ્પલ લેવા માટે આપેલ સંમતિપત્ર આંક-૨૮૮ થી રજૂ કરી, આરોપી ફેનિલ ગોયાણી તથા શાહેદ આકાશ વઘાસીયાને અલગ-અલગ આપેલ સ્ક્રીપ્ટમાં લખેલ વાક્યો ત્રણ-ત્રણ વાર બોલાવી એફ.એસ.એલ. ના ઉપકરણમાં રેકર્ડ કરેલ, જે અંગેની સી.ડી. તેમણે આંક-૨૮૯ થી રજૂ કરેલ છે, જે સાથે તેમણે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી)(૪) મુજબનું પ્રમાણપત્ર આપેલ, જે આ કામે આંક-૨૯૨ થી રજૂ કરવામાં આવેલ છે. એફ.એસ.એલ., સુરત દ્વારા શાહેદ આકાશ વઘાસીયાના મોબાઈલ ફોનમાંથી ઉપરોક્ત બંને વોઈસ કૉલનું રેકોર્ડીંગ એક ડીવીડી માં રીટ્રાઈવ કરવામાં આવેલ, જે આ કામે આંક-૯૯ થી રજૂ થયેલ છે, જેનો માર્ક K-

1 તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે. શાહેદ આકાશ વઘાસીયાના ઉપરોક્ત મોબાઈલ ફોનમાં રેકર્ડ થયેલ ઉપરોક્ત બંને ઓડિયો ક્લીપ્સ કે જેને ઉપરોક્ત ડીવીડી માં રીટ્રાઈવ કરવામાં આવેલ તેને આરોપી અને શાહેદ આકાશ વઘાસીયાના વોઈસ સેમ્પલ સાથે સરખાવવામાં આવેલ, જે આધારે એફ.એસ.એલ. દ્વારા અભિપ્રાય આપવામાં આવેલ કે, આ કોલ રેકોર્ડીંગમાં બોલનાર બંને વ્યક્તિઓનો અવાજ ભાષાકીય અને શાબ્દીક લાક્ષણિકતા આધારે ચકાસતા તેના અવાજો આરોપી ફેનિલ ગોયાણી અને શાહેદ આકાશ વઘાસીયાના હોવાનું પુરવાર થયેલ છે. આમ શાહેદે આકાશભાઈ કનુભાઈ વઘાસીયાએ તેમની આંક–૨૧૬ ની સોગંદ પરની જુબાનીમાં ભરોસાપાત્ર રીતે પુરવાર કરેલ આરોપીના એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન સંબંધેના વોઈસ કૉલની હકીકત એફ.એસ.એલ. ના સાયન્ટીફીક ઓફિસરના પુરાવા આધારે પણ પુરવાર થાય છે. આથી બનાવ બન્યા બાદ આરોપીએ શાહેદ આકાશ વઘાસીયાને ઉપર ઉલ્લેખ કરેલ છે તે મુજબ બે કૉલ આરોપીએ કરેલ હોવાની હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે. આ સાથે જ શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાની આંક–૧૫૭ ની જુબાનીમાં આરોપીએ તેને બનાવ બાદ ગ્રીષ્માની હત્યા કર્યા અંગે કોલ કરી જણાવેલ હકીકત એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન સમાન હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે. કારણ કે, બચાવ પક્ષે પણ તે સંબંધે કોઈ તકરાર લીધેલ નથી. વળી તે સાહજીક, કોઈના કોઈ પણ પ્રકારના દબાણ કે સૂચન વગર થયેલ હોવાનું જણાય છે. એ નોંધવું અત્રે અસ્થાને નહીં ગણાય કે, આરોપીનું આ એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન તેમણે મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા સંબંધે દાર્શનિક શાહેદો તથા યોગ્ય રીતે પુરવાર થયેલ હત્યાના બનાવની વિડીયો ક્લીપ્સના પુરાવા

સાથે પરસ્પર સંપૂર્ણ સુસંગત છે અને એકસમાન હકીકત પુરવાર કરે છે. આ સંજોગોમાં મેં ઉપર ઉલ્લેખ કરેલ છે, તે નામદાર સર્વોચ્ચ અદાલતના **પ્યારા સીંઘ વિ. પંજાબ રાજ્ય – (૧૯૭૮)૧ એસ.સી.આર. ૬૬૧** ના ચૂકાદા આધારે આરોપીએ તેમના સગા માસીના દીકરા શાહેદ આકાશ વઘાસીયા તથા શાહેદ હરેશ વેકરીયાને બનાવ પછી તરત જ ફોન કરી જણાવેલ એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન સમાન હકીકત નિઃશંકપણે પુરવાર થતી હોઈ, તેના પર આધાર રાખી શકાય તેમ છે.

(૮૩) એ નોંધપાત્ર છે કે, નજરે જોનાર શાહેદોના જણાવ્યા મુજબ અને ફરિયાદીની ફરિયાદમાં જણાવેલ હકીકત મુજબ ફરિયાદ પક્ષનો એવો પણ કેસ છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા બાદ તે દોડીને શેરીના ડેડ એન્ડ તરફ એટલે કે મરનાર ગ્રીષ્માબેનના ઘર પાસે ગયેલ, જે દરમ્યાન પોલીસ તથા એકઠા થયેલા લોકો તેને પકડવા આવતા હોઈ, આરોપી પોતાના હાથ પર ચપ્પુ મારવા લાગેલ. આ સંબંધે રેકર્ડ પર આવેલ પુરાવો નોંધવો જરૂરી બને છે. સૌપ્રથમ તો હું એ નોંધું છું કે, ફરિયાદીની આંક–૧૩૮ ની ફરિયાદમાં એવો ઉલ્લેખ છે કે, આરોપીને પકડવા આવતા લોકો તથા પોલીસને જોઈ જતાં આરોપી પોતાના હાથે ચાકુ મારવા લાગેલ. આ સંદર્ભે નજરે જોનાર શાહેદોના પુરાવામાં ખૂલેલ હકીકત જોવામાં આવે તો, ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨૪** તરીકે તપાસવામાં આવેલ **તુષારભાઈ મથુરભાઈ બોરડ**ની **આંક–૧૨૧** ની સોગંદ પરની જુબાની પરથી એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપ્યા પછી અને ગ્રીષ્માબેન હલતી બંધ થયા પછી તે સ્ત્રીઓનું ટોળું હતું તે તરફ ચાકુ લઈને ભાગેલ અને દોડીને ગ્રીષ્માબેનના

ઘર તરફ જતો રહેલ. આ સંબંધે આ શાહેદની જુબાનીમાં આંક–૧૨૨ થી રજૂ થયેલ તેમનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૧૬૪ મુજબનું નિવેદન જોવામાં આવે તો આ નિવેદન તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ લખાવ્યા મુજબનું હોવાનું કબૂલ રાખેલ છે. આ નિવેદનમાં ઉલ્લેખ છે કે, 'તે છોકરો ચપ્પુ લઈને લોકોનું ટોળું હતું તે બાજુ દોડતો હતો અને ગ્રીષ્માના ઘર પાસે જતો રહેલ અને ત્યાં છોકરાએ પોતાના હાથ પર ચપ્પુ એકાદ બે વાર ઘસેલ અને ત્યાર બાદ હાથ પર ચપ્પુ મારી દીધેલ'. આ જ હકીકત અન્ય નજરે જોનાર શાહેદ નં.૨૮ સોનલબેન વિજયભાઈ રાણપરીયાના આંક–૧૩૫ થી રજૂ થયેલ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાય છે. તેમણે આ નિવેદનમાં જણાવેલ છે કે, 'આ છોકરો બધાને ડરાવવા માટે પોતાના હાથમાં ચપ્પુ મારતો હતો અને તે દરમ્યાન પોલીસ આવી ગયેલ'. આ જ હકીકત ફરિયાદ પક્ષે શાહેદ નં.૩૩ તરીકે તપાસેલ રેણુકાબેન હરેશભાઈ કીકાણીએ તેમના આંક–૧૫૧ થી રજૂ થયેલ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં પણ જણાવેલ છે. જેમાં તેમણે જણાવેલ છે કે, 'ગ્રીષ્માની હત્યા કર્યા બાદ ફેનિલે તેના પેન્ટના ખિસ્સામાંથી મસાલો ખાઈને કાગળ ગ્રીષ્મા પર ફેંકેલ અને ઉભો ઉભો મસાલો ખાતો હતો અને ત્યાર બાદ પોતાના હાથ પર છરી મારેલી અને તેને લોહી નીકળેલું'. આ સંબંધે બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ કરેલ ઊલટતપાસમાં પણ તેમનું ધ્યાન આ હકીકત પર દોરતાં તેમણે સ્વીકારેલ છે કે, તેમણે કઠોર કોર્ટના વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આપેલ નિવેદનમાં એવું લખાવેલ છે કે, 'ત્યાર બાદ પોતાના હાથ પર છરી મારેલી અને તેને લોહી નીકળેલું'.

(૮૪) આમ, ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા બાદ લોકો અને પોલીસ તેને પકડવા આવતા આરોપીએ પોતાના હાથ પર ચાકુ વડે કાપા મૂકી ઈજા કરતા લોહી નીકળેલ. રેકર્ડ પરથી એવું પણ જણાય છે કે, આ ઈજા સંબંધે આરોપીને હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ અને તેમની તબીબી સારવાર કરાવવામાં આવેલ. આથી આ સંબંધે રેકર્ડ પર આવેલ તબીબી પુરાવાનું મૂલ્યાંકન કરવું જરૂરી બને છે.

(૮૫) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨** તરીકે **ડૉ.પ્રિતેશ રોહીતભાઈ ગાંધી**ને **આંક-૧૪** થી તપાસવામાં આવેલ છે. આ શાહેદ દિનબંધુ હોસ્પિટલ ખાતે સર્જન તરીકે ફરજ બજાવે છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૭ઃ૩૦ કલાકે એક દર્દી નામે ફેનિલ પંકજભાઈ ગોયાણીને પોલીસની પી.સી.આર. વાન નં. ૧૬૮ માં તેમની સમક્ષ લાવવામાં આવેલ; આ દર્દીને હિસ્ટ્રી પૂછતા તેણે જણાવેલ કે, તેણે લક્ષ્મીધામ સોસાયટી, પાસોદરા પાટીયા પાસે સાંજના આશરે સાડા છ પછી પોતાની જાતે તિક્ષ્ણ વસ્તુથી ડાબા હાથ પર ઈજાઓ કરેલ છે તથા કોઈ અજાણ્યા ઝેરી પદાર્થનું જાતે જ સેવન કરેલ છે; આ દર્દીને તપાસતા તે ભાનમાં ન હોય તેવો દેખાવ કરતો હતો, પરંતુ તે ૧૦ મિનિટ પછી સંપૂર્ણ ભાનમાં હતો; આ દર્દીનાં મોઢામાંથી ફીણ નીકળતું હતું; દર્દીનો શ્વાસ ઝડપી ચાલતો હતો; આ દર્દીને ડાબા હાથના કાંડાના અગ્ર ભાગે ઘણા બધા મલ્ટીપલ કપાયેલા ઘા હતા; દર્દીના હાથની નસો કપાયેલ છે કે કેમ, તે અંગે એન્જીયોગ્રાફી કરાવવામાં આવેલ, જે જોતાં લોહીની મુખ્ય વાહિની

કપાયેલી ન હતી, પરંતુ સ્નાયુઓ કપાયેલા હતા; આ દર્દીને તેમણે પ્રાથમિક સારવાર આપેલી; દરમ્યાન રાત્રિના આશરે બાર વાગ્યે દર્દીના સગાંવ્હાલાઓએ તેઓ આ હોસ્પિટલમાં સારવાર કરાવવા માંગતા નથી, તેવું જણાવી તબીબી સલાહની વિરૂધ્ધમાં હોસ્પિટલમાંથી રજા લઈ લીધેલ. આ તબીબ શાહેદે આરોપીને આપેલ સારવારનું દિનબંધુ હોસ્પિટલનું એમ.એલ.સી. સર્ટિફિકેટ આંક–૧૫ થી તથા સારવારના કેસ પેપર્સની ફાઈલ આંક–૧૬ થી રજૂ કરેલ છે. આંક–૧૫ થી રજૂ થયેલ સર્ટિફિકેટ જોવામાં આવે તો, ઉપરોક્ત તબીબ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ તમામ હકીકતો આ સર્ટિફિકેટથી પુરવાર થાય છે. આંક–૧૬ થી રજૂ કરવામાં આવેલ આરોપીની સારવાર ઈન્ડોર કેસ પેપર્સની ફાઈલ જોતાં તે પણ આ શાહેદે જણાવેલ તમામ હકીકતોને સંપૂર્ણપણે સમર્થનરૂપ છે. આ મેડીકલ પેપર્સમાં દર્દીના અપર લીમ્બની એન્જીયોગ્રાફી કરાવ્યાનો પણ ઉલ્લેખ જણાય છે તેમજ દર્દીને વિશેષ સારવાર માટે તબીબી સલાહની વિરુદ્ધમાં લઈ ગયાની હકીકત જણાવેલ છે. આ શાહેદે તેમની જુબાનીમાં એવો અભિપ્રાય આપેલ છે કે, દર્દીને થયેલ ઈજા તિક્ષ્ણ હથિયાર જેવા ચાકુ કે છરીથી થઈ શકે તેવી હતી અને તે કોઈ વ્યક્તિ પોતાની જાતે જ ઈજા કરે તે પ્રકારની એટલે કે સેલ્ફ ઈન્ફ્લીક્ટેડ હતી. બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં આ શાહેદે જણાવેલ છે કે, તેમણે દર્દીને તપાસ્યા ત્યારે દર્દી તેની પાસે ચાલીને જ આવેલ; તેમણે દર્દીને તપાસ્યા ત્યારે તેઓ માનસિક રીતે અસ્વસ્થ હોય તેવું તેમને જણાયેલ નહીં. જો કે તેમણે જણાવેલ છે કે, દર્દી પોતાની જાત ઉપર નિયંત્રણ રાખવા માનસિક રીતે સક્ષમ હતા કે કેમ, તે તેઓ કહી શકે નહીં.

(૮૬) ફરિયાદ પક્ષે ત્યાર બાદ **શાહેદ નં.૩** તરીકે **ડૉ.આરતી સતિષકુમાર પરમાર**ને **આંક–૧૭** થી તપાસેલ છે. આ શાહેદ ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે મેડીકલ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેમણે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ વહેલી સવારના કલાક ૧૨ઃ૦૬ વાગ્યે તેઓ તેમની ફરજ પર ઈમરજન્સી વિભાગમાં હતા ત્યારે એક દર્દી નામે ફેનિલ પંકજભાઈ ગોયાણીને તેમની સમક્ષ સારવાર માટે લાવવામાં આવેલ; આ દર્દીની સાથે તેના કુવા મલકેશભાઈ આવેલા; દર્દીના કુવા મલકેશભાઈએ હિસ્ટ્રી આપેલ કે, દર્દીએ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના કલાક ૭ઃ૦૦ વાગ્યે પાસોદરા ખાતે જાતે જ હાથ ઉપર ચાકુ વડે ઈજા કરેલ છે અને કોઈ અજાણી દવા લીધેલ છે; આ દર્દીને તેમની પાસે લાવવામાં આવ્યા ત્યારે સુસ્ત અવસ્થામાં હતા; આ દર્દીનું શરીરનું તાપમાન, નાડીના ધબકારા સામાન્ય હતા; બ્લડ પ્રેશર ૧૦૦/૬૦ હતું. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, આ દર્દીને તપાસતા તેમના ડાબા હાથના કાંડાના આગળના ભાગે ૩.૨ સે.મી. x ૪.૨ સે.મી. x ૪.૩ સે.મી. ના માપનો ઈન્સાઈઝડ વુન્ડ હતો; તેમણે દર્દીને તપાસીને સર્જરી અને મેડીસીન વિભાગમાં રીફર કરેલ; તેમની હોસ્પિટલના રેકર્ડ મુજબ આ દર્દીને તારીખઃ ૧૫.૦૨.૨૦૨૨ ના રોજ રજા આપવામાં આવેલી; જે સંબંધે એમ.એલ.સી. કેસ નં.૩૬૦૧ નોંધવામાં આવેલ અને તેમણે પોતાના હસ્તાક્ષરમાં આંક–૧૮ નું સર્ટિફિકેટ આપેલ. આંક–૧૮ થી રજૂ થયેલ ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરતનું હાલના આરોપી સંબંધે આપવામાં આવેલ એમ.એલ.સી. સર્ટિફિકેટ જોવામાં આવે તો તે ઉપરોક્ત તબીબ

શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ ઉપરોક્ત હકીકતોને સ્પષ્ટપણે સમર્થનકારક છે. એ નોંધપાત્ર છે કે, આ સર્ટિફિકેટમાં પણ આ દર્દીએ પોતાની જાતે જ પોતાને ઈજા કરેલ હોય તેવી હિસ્ટ્રી આપેલાનું રેકર્ડ પર આવે છે.

(૮૭) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪** તરીકે **ડૉ.પરાગ સુબોધભાઈ વાણી**ને **આંક–૨૦** થી તપાસવામાં આવેલ છે, જેઓ ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરત ખાતે પ્લાસ્ટીક સર્જન છે. આ તબીબ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ એમ.એસ., એમ.સી.એચ. (પ્લાસ્ટીક સર્જન) તરીકે લાયકાત ધરાવે છે; તેઓ છેલ્લા ૧૬ વર્ષથી તબીબી ક્ષેત્રનો અનુભવ ધરાવે છે; તેમણે આજ સુધીમાં અંદાજે ૧૦૦૦ જેટલી સર્જરીઓ કરી હશે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ દર્દી નામે ફેનિલ પંકજભાઈ ગોયાણીને જનરલ સર્જરી વિભાગમાં દાખલ કરવામાં આવેલ; તેમની પર આ દિવસે સવારના ૧૦:૦૦ વાગ્યે ફોન આવતા તેમણે દર્દીને ૧૧:૦૦ વાગ્યે જનરલ સર્જરી વિભાગમાં જઈને તપાસેલ; આ દર્દીને ડાબા હાથમાં કાંડાના અગ્ર ભાગે ચાર ઈન્સાઈઝડ વુન્ડ હતા; તેમણે આ દર્દીને તપાસ્યા ત્યારે તે સ્થળ–સ્થિતિ અને વ્યક્તિઓ બાબતે સંપૂર્ણપણે સભાન ન હતા; તે તેમના સૂચનો અનુસરતો ન હતો; તેઓ તેને ઑપરેશન થીયેટરમાં લઈ ગયેલા અને સાંજના ૬:૩૦ વાગ્યે ઑપરેશન શરૂ કરી તેની કપાયેલી નસો રીપેર કરેલી અને પછી તેને વોર્ડમાં મોકલી આપેલ; ત્યાર પછી વોર્ડમાં તેની હાલત સ્થિર હતી. આ શાહેદે આંક–૨૧ થી આરોપીની સ્મીમેર હોસ્પિટલમાં કરવામાં આવેલ સારવારની

ફાઈલ તથા આંક–૨૨ થી આરોપીનું ડિસ્ચાર્જ કાર્ડ રજૂ કરેલ છે. આ શાહેદે આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સ્વીકારેલ છે કે, દર્દીને તેમની પાસે ઑપરેશન માટે લાવ્યા ત્યારે તેની ઈજા ઉપર કોઈ ટાંકા લેવાયેલ ન હતા; આ દર્દીને ઉંડી ઈજાઓ હતી અને તેથી વિશેષજ્ઞ તરીકે દર્દીને તેમની પાસે ઑપરેશન માટે મોકલવામાં આવેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, આ દર્દીને ટાંકા શા માટે લેવામાં ન આવેલ, તે અંગેની કોઈ નોંધ તેમણે તેમના પેપર્સમાં કરેલ નથી. પરંતુ શાહેદે સ્પષ્ટતા કરેલ છે કે, લોહી બંધ થઈ ગયેલ હોય ત્યારે ટાંકા લેવા અનિવાર્ય નથી. દર્દીની ઈજા સંબંધે તેમણે જણાવેલ છે કે, આવી ઈજાઓ ઘણા બધા સંજોગોમાં થઈ શકે, પરંતુ તેમણે સ્પષ્ટતા કરેલ છે કે, આ ઈજા તિક્ષણ પદાર્થ વડે થઈ શકે. આ શાહેદે રજૂ કરેલ આંક–૨૧ ની ઈન્ડોર પેપર્સની ફાઈલ જોવામાં આવે તો તેમાં પણ આ દર્દીએ તેના ડાબા હાથ પર કાંડાના આગળના ભાગે પોતાની જાતે જ (સેલ્ફ ઈમ્પ્લીકટેડ) કપાયેલી ઈજા કરેલ હોવાનો ઉલ્લેખ છે. આ પેપર્સમાં તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ ના રોજ કામરેજ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટરે આ આરોપીના ડી.એન.એ. બ્લડ સેમ્પલ લેવા વિનંતી કર્યાનો અસલ પત્ર જણાય છે. આ દર્દીની ઈજા અંગે એન્જીયોગ્રાફીનો રીપોર્ટ પણ આ પેપર્સમાં સામેલ છે, જેમાં તેની તમામ આર્ટરી સામાન્ય હોવાનું અને તેમાં યોગ્ય રીતે લોહીનો પ્રવાહ વહેતો હોવાનું જણાવેલ છે તેમજ હાથ પર સોફ્ટ ટીસ્યુ પર સ્વેલીંગ અને કપાયેલી ઈજા હોવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ જ હકીકત દર્દીને તપાસીને આ શાહેદે આપેલ આંક–૨૨ ના ડિસ્ચાર્જ કાર્ડમાં પણ દર્શાવવામાં આવેલ છે.

(૮૮) હવે આ સમગ્ર પુરાવાને નજરે જોનાર શાહેદોના સોગંદ પરના પુરાવા તથા તેઓએ કઠોર કોર્ટના વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આપેલ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં જણાવેલ હકીકતો સાથે વંચાણે લેવામાં આવે તો સમગ્રપણે એવી હકીકત પુરવાર થાય છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી હત્યા કર્યા બાદ તેને પકડવા પોલીસ તથા અન્ય લોકો આવતા જણાતા, આરોપીએ ચપ્પુ વડે પોતાની જાતે પોતાના હાથ પર કાપા મૂકી સેલ્ફ ઈમ્પ્લીક્ટેડ ઈન્જરી કરેલ, જેની પ્રથમ સારવાર દિનબંધુ હોસ્પિટલ, ખોલવડ ખાતે અને વધુ સારવાર ન્યુ સિવિલ હોસ્પિટલ, સુરતમાં કરવામાં આવેલ, જેની સારવાર દરમ્યાન તેના સ્નાયુના સોફ્ટ ટીસ્યુ પર કપાયેલ ઈજા હોવાનું અને સોજો હોવાનું જણાયેલ, પરંતુ મુખ્ય આર્ટરી તથા તમામ રક્તવાહિનીમાં સામાન્ય રીતે રક્ત પ્રવાહિત થતું હોવાનું માલુમ પડેલ. આ સંબંધે આરોપીનું ઑપરેશન કરી તેના જ્ઞાનતંતુ રીપેર કરી તેની સારવાર આપવામાં આવેલ. આ હકીકત ખોટી છે, તેવી બચાવ પક્ષે કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી. જો કે વિ.વકીલશ્રી શેખે આ ઈજા ગંભીર હતી, તેથી જ આરોપીને પ્લાસ્ટીક સર્જન પાસે રીફર કરવામાં આવેલ અને તે સમયે પણ તે સંપૂર્ણ ભાનમાં ન હતા, તેવી રજૂઆત કરેલ છે. જો કે આ તબીબી પુરાવાને સમગ્રપણે વંચાણે લેવામાં આવે તો એ હકીકત સંપૂર્ણ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા પછી પોતાની જાતે પોતાના ડાબા હાથના કાંડાના આગળના ભાગે ચપ્પુ વડે કાપા મૂકી તેના સોફ્ટ ટીસ્યુમાં ઈજા કરેલ, જે ઈજાથી તેમની કોઈ મુખ્ય રક્તવાહિની કપાયેલી ન હતી, પરંતુ સોફ્ટ ટીસ્યુ કપાતા સોજો આવી ગયેલો અને કપાયેલી ઈજા થયેલ, જેની સારવાર કરવામાં આવેલ.

આરોપીની સારવારના તમામ કાગળો જોતાં તેમને થયેલ ઉપરોક્ત ઈજાથી કોઈ પણ મુખ્ય રક્તવાહિની કપાયેલ ન હોઈ, ગંભીર ન હતી અને આ ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં દર્દીનું મૃત્યુ નીપજાવે તેવી કોઈ શક્યતા ન હતી.

(૮૯) આરોપી તરફે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૧૩ મુજબ લેવામાં આવેલ તેમના વિશેષ નિવેદનમાં એવો ઉલ્લેખ કરવામાં આવેલ છે કે, બચાવ પછી આરોપીએ પોતે પણ હાથ પર ચપ્પુ વડે કાપા મૂકી ખિસ્સામાંથી 'આલપ્રેક્ષ' ગોળી કાઢી ગળી લીધેલ. ખૂબ જ ધ્યાનથી મરનાર ગ્રીષ્માબેનની હત્યા અંગે આંક-૧૪૫ થી રજૂ થયેલ વિડીયો કલીપ્સ કે જેને એફ.એસ.એલ. ના અધિકારીએ આંક-૧૦૫ તથા આંક-૩૦૭ ની ડીવીડી માં કોપી કરી અધિકૃત ફોરેન્સીક સોફ્ટવેર તથા હાર્ડવેરની મદદથી આ વિડીયો કલીપ્સ સાતત્યતા ધરાવતી હોવાનો અભિપ્રાય આપેલ છે. આંક-૧૪૫ થી રજૂ થયેલ મૂળ વિડીયો કલીપ્સ સાથે તમામ નજરે જોનાર શાહેદોનો પુરાવો ધ્યાન લેવામાં આવે તો એ પુરવાર થાય છે કે, મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા પછી મરનાર ગ્રીષ્માબેનનું શરીર આરોપીના પગ પાસે પડેલ હતું, ત્યારે આરોપીએ મરનાર ગ્રીષ્માબેનના શરીર તરફ ચપ્પુ રાખી, પોતાના પેન્ટના ખિસ્સામાંથી સામાન્ય રીતે લોકો પાન-મસાલો ખાવા માટે જે પ્લાસ્ટીકના કાગળનો ઉપયોગ કરતા હોય છે, તેવા કાગળમાંથી કાંઈક કાઢીને ખાધેલ. ફરિયાદ પક્ષે તપાસેલ શાહેદોએ એવો પુરાવો આપેલ છે કે, આરોપીએ ખિસ્સામાંથી મસાલો કાઢીને ખાધેલો, જ્યારે બચાવ પક્ષે આરોપીએ 'આલપ્રેક્ષ' નામની ગોળી ખાધી હોવાનો દાવો કરેલ છે. ખૂબ

જ કાળજીપૂર્વક ઉપરોક્ત બંને વિડીયો ક્લીપ્સ જોતાં આરોપીએ પ્લાસ્ટીકના કાગળમાંથી મસાલો ખાધો હોય તેવું સ્પષ્ટ જણાતું નથી. કેમ કે, વિડીયો ક્લીપ્સમાં સ્પષ્ટ દેખાતો તે પ્લાસ્ટીકનો કાગળ કોઈ પણ પ્રકારના ડાઘા વગરનો હોવાનું જણાય છે તેમજ તે ચોળાયેલ પણ ન હોવાનું જણાય છે. જો કે આરોપીએ તે સમયે 'આલપ્રેક્ષ' ગોળી ખાધેલી, તેવો તેમનો ખુલાસો પણ સંભવિત જણાતો નથી, કેમ કે, આલપ્રેક્ષ ગોળીનું પેકીંગ અલગ હોય, ઉપરાંત તેનું વેચાણ તબીબના પ્રિસ્ક્રીપ્શન વગર ન થઈ શકે અને આરોપીએ આ ગોળી ખરીદ્યા અંગેનો કોઈ પુરાવો આ કોર્ટ સમક્ષ રજૂ કરેલ નથી . આ ઉપરાંત મેં આરોપીની સારવાર અંગેના તબીબ શાહેદોના ઉપરોક્ત પુરાવાની ચર્ચા કરી છે, તેમાં કોઈ જગ્યાએ આરોપી ઘેનની દવાની અસર નીચે હોવાનો ઉલ્લેખ નથી. આ સંજોગોમાં મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા પછી આરોપીએ તેના પગ પાસે પડેલ અંતિમ શ્વાસ ભરતા ગ્રીષ્માબેનના શરીર તરફ ચપ્પુ ધરી ખિસ્સામાંથી પ્લાસ્ટીકના કાગળમાંથી કાંઈક ખાધેલ તેવું જો કે સ્પષ્ટ પુરવાર થાય છે, પરંતુ આરોપીએ શું ખાધેલ તે અંગે કોઈ નિશ્ચિત તારણ પર આવી શકાય તેમ નથી.

(૯૦) મારી ઉપરોક્ત ચર્ચા પરથી એ સ્પષ્ટ થાય છે કે, તમામ નજરે જોનાર શાહેદોનો પુરાવો જોતાં આ કામના આરોપીએ જાહેરમાં, લોકોની સામે, તેઓની કાકલુદી, આજીજી અને વિનંતીને અવગણીને ચપ્પુ વડે મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી હત્યા કર્યાનું પુરવાર થાય છે. આ જ હકીકત યોગ્ય રીતે સાબિત થયેલ ઈલેક્ટ્રોનિક એવિડન્સથી પણ પુરવાર થાય છે કે જેમાં આરોપી જાહેરમાં મરનાર ગ્રીષ્માબેનનું ચપ્પુ વડે

ગળું કાપી હત્યા કરે છે તે બનાવની બે વિડીયો કલીપ્સનો સમાવેશ થાય છે અને તેનાથી આ હત્યાના બનાવને સંપૂર્ણ સમર્થન મળે છે. વધુમાં આ વિડીયો કલીપ્સનો સંપૂર્ણ પુરાવો બચાવ પક્ષની એ તકરારને અસત્ય ઠેરવે છે કે, નજરે જોનાર તમામ શાહેદો ટ્યુટર્ડ વિટનેશ છે. આ જ બાબતે આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા બાદ તરત જ કોઈના દબાણ કે સૂચન વિના સ્વૈચ્છીક, સ્વાભાવિક અને સહજ રીતે તેમના માસીના દીકરા આકાશ વઘાસીયા તથા હરેશભાઈ વેકરીયાને ફોન કરી જણાવેલ એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશનની હકીકત પણ પુરવાર થાય છે. આમ, એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, આરોપીએ આ કામના ફરિયાદી ધ્રુવ તથા શાહેદ સુભાષભાઈને મારી નાંખવાના ઈરાદે તેઓની પર જીવલેણ હુમલો કરતા, તેઓ લોહીલુહાણ હાલતમાં ઘર તરફ ભાગવા લાગેલ ત્યારે સામેથી મરનાર ગ્રીષ્માબેન, તેના માતા વિલાસબેન તથા રેણુકાબેન દોડતા આવતા આરોપીએ ફરિયાદી ધ્રુવને છોડી દઈ, મરનાર ગ્રીષ્માબેનને ગળાના ભાગેથી પકડી ખુલ્લા પ્લોટ પાસે લઈ જઈ જાહેરમાં તેનું ગળું કાપી નાંખી નિર્મમ હત્યા કરેલ છે.

(૯૧) મેં અગાઉ નોંધ્યું છે તેમ, આ ગુના સંબંધે આરોપીનો બચાવ ગંભીર અને આકસ્મિક ઉશ્કેરણીનો છે. આરોપી તરફે વિ.વકીલશ્રી શેખે મારી સમક્ષ સમગ્રપણે એવી રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ દ્વારા ખોટી રીતે એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, આરોપી એકતરફી પ્રેમમાં મરનાર ગ્રીષ્માબેનને ઘણા સમયથી હેરાન–પરેશાન કરતો હતો અને મરનાર ગ્રીષ્માબેનના સગાંસંબંધીઓએ પણ આરોપીને વારંવાર સમજાવવા છતાં આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને

હેરાન પરેશાન કરવાનું ચાલું રાખેલ. જે સામે બચાવ પક્ષના વિ.વકીલશ્રી શેખની એવી રજૂઆત છે કે, મરનાર ગ્રીષ્માબેનના સગાં આરોપીને સમજાવવા માટે નહીં, પરંતુ મારવા માટે ગયેલા. વિ.વકીલશ્રી શેખે એવી પણ રજૂઆત કરેલ છે કે, ખરેખર આરોપી અને મરનાર ગ્રીષ્માબેન વચ્ચે પ્રેમ સંબંધ હતો તે હકીકત, સમાજના ડરથી ફરિયાદ પક્ષ છૂપાવે છે. તેમની એવી રજૂઆત છે કે, આ પ્રેમ સંબંધના વિરોધના કારણે, મરનાર ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ બાવચંદભાઈ કાનાણી, મરનાર ગ્રીષ્માબેનના પિતાના મિત્ર હરેશભાઈ કિકાણી, મરનાર ગ્રીષ્માબેનના કુવા તથા મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈ વારંવાર આરોપીને સમજાવવા માટે નહીં, પરંતુ મારવા માટે તેમના ઘરે ગયેલા અને આરોપી તથા તેના પિતા પર હુમલો કરેલ, જે કારણે આરોપીને ગંભીર ઉશ્કેરણી થયેલ અને તેથી આરોપી દ્વારા હત્યાનો આ બનાવ બનેલ છે. આથી જ વિ.વકીલશ્રી શેખે દલીલ કરેલ છે કે, આરોપીનું મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરવાનું કૃત્યુ ખૂન ન ગણાય, બલ્કે ખૂન ન ગણાય તેવો સાપરાધ મનુષ્યવધ ગણી શકાય. વિ.વકીલશ્રી શેખની આ રજૂઆત સંદર્ભે ખરેખર તેઓ જણાવે છે તે મુજબ, હત્યાના આ બનાવના તરત પહેલાં આરોપીને આકસ્મિક કે ગંભીર ઉશ્કેરણી થાય તેવો કોઈ બનાવ બનેલ કે કેમ અને હાલના ગુનાની તરત પહેલાં આરોપીને આવી કોઈ ઉશ્કેરણી થવાના કારણે તેમણે પોતાની જાત પર નિયંત્રણ ગૂમાવી આ ગુનો કરેલ છે કે કેમ, તે સંબંધે રેકર્ડ પર આવેલ પુરાવો કાળજીપૂર્વક ચકાસવો જરૂરી બને છે.

(૯૨.૧) આ સંબંધે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૭** તરીકે **મરનાર**

**ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ બાવચંદભાઈ કાનાણી**ને **આંક–૧૬૪** થી તપાસવામાં આવેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, મરણ જનાર ગ્રીષ્માબેન તેમની ભાણેજ થતી હતી અને બનાવ સમયે તેણી કોલેજમાં ભણતી હતી. તેમણે વિશેષમાં જણાવેલ છે કે, ગ્રીષ્માએ તેમને એક વર્ષ પહેલાં જાન્યુઆરી–૨૦૨૧ માં જાણ કરેલી કે, તેને ફેનિલ નામનો એક છોકરો હેરાન કરે છે, ફોન કરે છે, મેસેજ કરે છે, તેનો રસ્તો રોકે છે અને તેની બેગ અને તેનો હાથ પકડી લે છે; આથી તેમણે તેમના મિત્ર હરેશભાઈ કિકાણીને આ અંગે વાત કરેલી; પછી તેઓ ગ્રીષ્માની કોલેજે જઈને તે છોકરાને મળવાનું નક્કી કરેલું; પછી તેમણે ગ્રીષ્માની કોલેજે જઈને અને કોલેજ છૂટી ત્યારે ગ્રીષ્માને મળેલા, પછી તેઓએ ગ્રીષ્મા સાથે વાતચીત કરી તે છોકરાનો મેસેજ ગ્રીષ્માના ફોન પર આવેલ હોઈ, ગ્રીષ્માના ફોન ઉપરથી તે છોકરાને ફોન કરેલો; પછી તે છોકરો આવેલો અને તેઓએ તે છોકરાને સમજાવેલો કે, તેઓ આવું શા માટે કરે છે; પણ તે ઉભો જ રહેલો અને કંઈ બોલેલ નહીં; પછી તેમણે તેના પપ્પાનો નંબર માંગેલો પણ તેણે આપેલો નહીં; પછી તેઓએ તેને ઠપકો આપેલો, આથી તેણે હવે પછી આવું નહીં કરવા જણાવેલું; પછી તેઓ ઘરે જતા રહેલા. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ આશરે દોઢેક મહીના પછી ફરીથી ગ્રીષ્માએ ફેનિલ તેને હેરાન કરતો હોવાનું જણાવેલ; પછી તેમણે ફરીથી હરેશભાઈ કિકાણીને જાણ કરતા તેમણે તેમના સગાંવ્હાલાઓ મારફતે તપાસ કરાવેલી; પછી હીરાબાગ સર્કલ પર આ ફેનિલ તેના એક ભાઈને તથા બીજી એક વ્યક્તિને લઈને આવેલો; પછી તેઓએ તેને ફરીથી સમજાવતા તે ઉગ્ર થઈ ગયેલો અને તેઓને કહેલું કે, 'જુવો હવે હું તમને જોઈ લઉં છું'; પછી ફેનિલ સાથે

આવેલ તેના એક ભાઈએ જવાબદારી લીધેલી કે, હવે પછી ફેનિલ આવું નહીં કરે; પછી તેઓ ત્યાંથી છૂટા પડી ગયેલા; ત્યાર પછી છ થી સાત મહીના સુધી કાંઈ થયેલ નહીં; પછી ફરીથી ગ્રીષ્માએ ફેનિલ તેને મેસેજ કરતો હોવાનું જણાવેલ; પછી આ અંગે તેઓએ ગ્રીષ્માના કુવા રાકેશભાઈ ભાદાણીને જાણ કરેલી. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ હરેશભાઈ કિકાણીનો તેમની પર ફોન આવેલો અને તેમને જણાવેલ કે, ફેનિલ ચાકુ લઈને ગ્રીષ્માના ઘરે આવેલ છે, તો તેઓ જલ્દી જાય. પછી તેઓ ત્યાં પહોંચ્યાં તે પહેલા સમગ્ર બનાવ બની ગયેલો; આ બનાવમાં ગ્રીષ્મા મૃત્યુ પામેલ અને તેના મોટા પપ્પા સુભાષભાઈને અને ભાઈ ધ્રૂવને ઈજા પહોંચેલી. આ શાહેદે આરોપી ફેનિલને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમણે કઠોર કોર્ટમાં વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આપેલ, જે નિવેદન તેમને કોર્ટ રૂબરૂ બતાવતા તે વાંચીને તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે અને તે નિવેદન તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આપેલ તે જ હોવાનું જણાવેલ છે. સદર શાહેદ અશોકભાઈ બાવચંદભાઈ કાનાણીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આ કામે આંક–૧૬૫ થી તથા આ નિવેદન આપવા માટે તેમણે આપેલ સંમતિપત્ર આંક–૧૬૬ થી રજૂ કરવામાં આવેલ છે. આ શાહેદનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન જોતાં તેમાં પણ આ શાહેદે સોગંદ પર જણાવેલ ઉપરોક્ત હકીકતોનું નિરૂપણ કર્યાનું જણાય છે. જો કે તેમાં એવી સ્પષ્ટતા થાય છે કે, આરોપી ફેનિલ મોટીવાવડી, જિ.અમરેલીના વતની હોઈ, તેના ભાઈઓમાંથી જે.કે.ગોયાણી દ્વારા આરોપી ફેનિલને મળવા

જણાવતા, આરોપી ફેનિલ, તેના મોટા બાપાના છોકરા ભાવેશ ગોયાણી તથા બીજા બે ઈસમો સાથે હીરાબાગ સર્કલે આવેલ. આમ સમગ્રપણે એવું જણાય છે કે, આ શાહેદ અશોકભાઈ બાવચંદભાઈ કાનાણી તથા શાહેદ હરેશભાઈ કિકાણી આરોપીને સમજાવવા માટે એક વાર મરનાર ગ્રીષ્માબેનની કોલેજ પર અને બીજી વાર હીરાબાગ સર્કલ પાસે ગયેલ, જે પૈકી હીરાબાગ સર્કલ પર આરોપી ફેનિલ, તેના મોટા બાપાના છોકરા ભાવેશ ગોયાણી તથા બીજા બે ઈસમો સાથે આવેલ.

(૯૨.૨) બચાવ પક્ષે આ શાહેદની ઊલટતપાસમાં એવું પૂછવામાં આવેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનના એક મોબાઈલ ફોનની ડિસપ્લે તૂટી જતાં આ શાહેદ મારફત રીપેર કરવામાં આવેલ અને રીપેર થયા બાદ તેઓએ તેમાં આરોપી ફેનિલ અને ગ્રીષ્માના ફોટોગ્રાફ્સ જોતાં સમગ્ર કુટુંબને તેના પ્રેમ સંબંધની જાણ થયેલ, જેનો આ શાહેદે ઈન્કાર કરેલ છે. આ શાહેદે એવું જણાવેલ છે કે, તેમની પાસે ગ્રીષ્માબેનનો ફોન માત્ર રીપેર કરવા માટે આવેલો અને તે ફોન રીપેર ન થતા તે તેમણે ગ્રીષ્માને પાછો આપી દીધેલો. બચાવ પક્ષે વિશેષ ઊલટતપાસમાં એવો આક્ષેપ કરેલ છે કે, આ શાહેદ, હરેશભાઈ વેકરીયા જોડે ફેનિલના ઘરે ગયેલ, જેનો આ શાહેદે ઈન્કાર કરેલ છે. તેમણે એ હકીકતનો પણ ઈન્કાર કરેલ છે કે, ખરી હકીકતે આ પ્રેમ પ્રકરણ હતું, પરંતુ કુટુંબની આબરૂ ન જાય તેથી તે એકતરફી પ્રેમ હતો, તેવું ખોટું ચિત્ર તેમણે કોર્ટમાં જણાવેલ છે.

(૯૨.૩) આ શાહેદની ઊપરોક્ત જુબાની જોવામાં આવે તો એવું રેકર્ડ પર આવે છે કે, જાન્યુઆરી–૨૦૨૧ માં મરનાર ગ્રીષ્માબેને આ શાહેદને જાણ કરેલ કે, આરોપી તેને હેરાન કરે છે, ફોન કરે છે, મેસેજ કરે

છે, તેનો રસ્તો રોકે છે અને તેની બેગ અને તેનો હાથ પકડી લે છે. આથી આ શાહેદે તેમના મિત્ર હરેશભાઈ કિકાણી સાથે કુલ બે વાર આરોપીને મળી ગ્રીષ્માબેનને હેરાન ન કરવા સમજાવેલ, જે પૈકી પહેલી વાર ગ્રીષ્માબેનની કોલેજ પર અને બીજી વાર હીરાબાગ સર્કલ પર મળે છે. બંને વખત આરોપી હવે પછી આવું નહીં કરે તેવી ખાતરી આપે છે. હીરાબાગ સર્કલ પર આરોપી ફેનિલ સાથે તેના ભાઈ ભાવેશ ગોયાણી અને બીજી બે વ્યક્તિઓ પણ હાજર હોવાનું રેકર્ડ પર આવે છે. આ બંને વખત આરોપી સાથે કોઈ ઝઘડો કે મારપીટ થયાની કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી. આ ઉપરાંત, આ શાહેદ હરેશભાઈ કિકાણી સાથે આરોપી ફેનિલના ઘરે ગયેલા અને ત્યાં આરોપી સાથે મારપીટ કરેલ, તેવા સૂચક પ્રશ્નનો પણ આ શાહેદે ઈન્કાર કરેલ છે. આ સિવાય બચાવ પક્ષની ઊલટતપાસમાં આ શાહેદે જણાવેલ હકીકતો અંગે કોઈ ગંભીર શંકા ઉભી થાય તેવું ખૂલવા પામતું નથી. આ તબક્કે હું એ નોંધવું જરૂરી માનું છું કે, આ શાહેદે તેમની જુબાનીમાં જણાવેલ સમયગાળો જોવામાં આવે તો તેમણે એવું જણાવેલ છે કે, જાન્યુઆરી–૨૦૨૧ માં ગ્રીષ્માબેને આરોપી તેને હેરાન કરતા હોવાની વાત કરેલ, તેથી તેઓ મરનાર ગ્રીષ્માબેનની કોલેજ પર આરોપીને મળવા ગયેલા અને તેના દોઢેક માસ પછી તેઓ આરોપી તથા તેની સાથે આવેલ ત્રણ વ્યક્તિઓને હીરાબાગ સર્કલ પર મળેલા, જે અંદાજીત માર્ચ–૨૦૨૧ નો સમયગાળો હોઈ શકે. ત્યાર પછી છ–સાત મહિના બાદ ગ્રીષ્માબેને આરોપી તેને ફરીથી હેરાન કરતા હોવાનું જણાવેલ. તે જોતાં આ સમયગાળો સપ્ટેમ્બર–ઓક્ટોબર, ૨૦૨૧ નો હોઈ શકે, જે દિવાળીના તહેવારની આસપાસનો સમયગાળો હોઈ શકે.

(૯૩.૧) આ જ હકીકત સંદર્ભે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૬** તરીકે **મરનાર ગ્રીષ્માબેનના પિતાના મિત્ર હરેશભાઈ રમેશભાઈ કિકાણી**ને **આંક–૧૬૦** થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં સમાન હકીકત જણાવતો એવો પુરાવો આપેલ છે કે, જાન્યુઆરી–૨૦૨૧ માં ગ્રીષ્માબેને તેના મામા અશોકભાઈને કહેલું કે, ફેનિલ નામનો એક છોકરો તેને કોલેજમાં હેરાન કરે છે; આથી અશોકભાઈએ આ બાબતની તેમને જાણ કરતા તેઓ તથા અશોકભાઈ ગ્રીષ્માબેનની કોલેજ પર ફેનિલને સમજાવવા ગયેલા; ગ્રીષ્માબેને એવું જણાવેલ કે, આ ફેનિલ તેના રસ્તા વચ્ચે ઉભો રહી જતો, એક–બે વાર તેનો હાથ પકડી લીધેલો અને તેની બેગ પણ પકડી લીધેલ. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, પછી તેઓએ ગ્રીષ્માને કોલેજના ગેટ પર બોલાવી તેનાં મોબાઈલમાંથી ફોન કરી ફેનિલને ગેટ પાસે બોલાવેલ; આથી આ ફેનિલ અડધા કલાકમાં ત્યાં આવેલો; તેઓએ તેને કહેલું કે, તે શા માટે ગ્રીષ્માને ફોન તથા મેસેજ કરી હેરાન કરે છે; તેઓએ તેને તે બાબતનો ઠપકો પણ આપેલો; આથી ફેનિલે જણાવેલ કે, હવે પછી તેઓ ફોન–મેસેજ નહીં કરે અને ગ્રીષ્માને હેરાન નહીં કરે; આથી તેઓ ઘરે આવતા રહેલા; ત્યાર બાદ એક–સવા મહિના બાદ ફરી અશોકભાઈએ તેમને ફોન કરી, ફેનિલે ગ્રીષ્માને ફરીથી મેસેજ અને ફોન કરવાનું શરૂ કરેલ હોવાનું જણાવતા, તેમણે મોટી વાવડી ગામે એક ભાઈ મારફતે આ ફેનિલને હીરાબાગ સર્કલ પાસે ચિત્રગુપ્ત સોસાયટીના નાકે બોલાવેલ; ત્યારે આ ફેનિલ, તેનો પિતરાઈ ભાઈ ભાવેશ ગોયાણી તથા બીજો એક ઈસમ એમ કુલ ત્રણ જણા આવેલા; પછી તેઓએ ફરીથી તેમની સાથે ચર્ચા કરી તેને

સમજાવેલ; પરંતુ આ ફેનિલ તેમની પર ગુસ્સે થઈ ગયેલો અને કહેલું કે, 'જો હવે હું શું કરૂ છું'; પછી ભાવેશ ગોયાણીએ તેમને કહેલું કે, હવે ફેનિલ ફરીથી આવું નહીં કરે અને તમારે ઠપકો આપવો પડે તેવું નહીં બને તથા ફેનિલ ગ્રીષ્માને હેરાન નહીં કરે, તેમ કહી આ ભાવેશ ગોયાણીએ જવાબદારી લીધેલી. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ છ–સાત મહિના પછી ગ્રીષ્માના મામાએ આરોપી ગ્રીષ્માને ફરીથી હેરાન કરતા હોવાની જાણ કરતા ગ્રીષ્માના કુવા રાકેશભાઈ ભાદાણીને આ સંબંધે વાત કરેલ. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૧.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ તેમના વતનમાં ગયેલ અને તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેમના પત્ની રેણુકાનો તેમની પર ફોન આવેલો અને તેણે કહેલું કે, ગ્રીષ્માનો તેની પર ફોન આવેલો અને તેણે જણાવેલ કે, 'મને કોલેજ ઉપર લેવા આવો, કારણ કે પેલો ફેનિલ તે વખતે કોલેજના ગેટ પર આવેલ છે'; પછી તેમના પત્ની ગ્રીષ્માની જે.ઝેડ.શાહ કોલેજ પર તેને લેવા ગયેલા; પછી અડધા કલાક પછી તેમણે ફોન કરીને પૂછેલ તો તેમને જણાવેલ કે, બધા ઘરે આવી ગયા છે; પછી તેમના પત્ની રેણુકાનો અડધો કલાક પછી ફરી ફોન આવેલો કે, પેલો ફેનિલ લક્ષ્મીધામ સોસાયટીના શેરીનાં નાકે આવીને ઉભેલ છે; આથી તેમણે તરત જ ફોન કટ કરી, ગ્રીષ્માના કુવા રાકેશભાઈ ભાદાણીને ફોન પર જાણ કરેલી અને લક્ષ્મીધામ સોસાયટી જવાનું કહેલ; તેમણે આ જ રીતે અશોકભાઈ કાનાણીને પણ સમાચાર આપેલા; થોડી વાર પછી તેમના પર તેના પત્નીનો ફોન આવેલ કે, પેલા ફેનિલે ગ્રીષ્માનું મર્ડર કરેલ છે, તેના મોટા પપ્પા સુભાષભાઈને પેટમાં ચાકુ મારી દીધેલ છે, જેથી તેઓ તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ રાત્રે એક વાગ્યે સુરત પહોંચેલ. આ

શાહેદે વધુમાં જણાવેલ છે કે, આરોપી ગ્રીષ્માને આટલું બધું હેરાન કરતો હોવા છતાં તેમણે પોલીસમાં ફરીયાદ કરેલ નહીં, કારણ કે ગ્રીષ્માએ જ તેમને કહેલુ કે, તેના પપ્પા આફ્રિકા જવાના છે અને તેઓ ટેન્શનવાળા સ્વભાવના હોઈ, તેમને ખબર પડશે તો આફ્રિકા પણ નહીં જાય. તેમને એવું પણ લાગેલ કે, છોકરાઓની બાબત છે, સમજાવી દેવાથી પતી જશે. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, તેઓ જાણતા હતા તે તમામ વિગતો તેમણે કઠોર મુકામે વિ.મેજિસ્ટ્રેટશ્રીને પણ જણાવેલ, જે અંગે તેમનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ. આ નિવેદન તેમને કોર્ટ રૂબરૂ બતાવતા તે વાંચીને તે નિવેદન તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ આપેલ તે જ હોવાનું જણાવી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આ શાહેદ હરેશભાઈ રમેશભાઈ કિકાણીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આ કામે આંક–૧૬૧ થી તથા તે નિવેદન આપવા માટે તેમણે આપેલ સંમતિપત્ર આંક–૧૬૨ થી રજૂ કરવામાં આવેલ છે. સદર શાહેદનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન જોવામાં આવે તો તેમાં પણ તેમણે સોગંદ પર જણાવ્યા મુજબની જ હકીકતો જણાવેલ છે. આ શાહેદે કોર્ટ સમક્ષ આરોપીને ઓળખી બતાવેલ છે.

(૯૩.૨) આ શાહેદે બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં એવું સ્વીકારેલ છે કે, તેઓ હીરાબાગ સર્કલ પાસે ફેનિલ ગોયાણીને મળવા ગયા, તે બનાવ સને ૨૦૨૧ નો છે; તે વખતે ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ કાનાણી પણ સાથે હતા. તેમણે એ હકીકતને સમર્થન આપેલ છે કે, તેમણે ફેનિલના મોબાઈલમાંથી

ગ્રીષ્માબેનના ફોટાઓ પણ ડીલીટ કરાવેલા. જો કે તેમણે ઈન્કાર કરેલ છે કે, ફેનિલનાં મોબાઈલમાંથી તેમણે ડીલીટ કરાવેલા ફોટા ફેનિલ અને ગ્રીષ્મા બંને વાંધાજનક સ્થિતિમાં હોય તેવા હતા. તેમણે સ્પષ્ટતા કરેલ છે કે, ફેનિલના મોબાઈલમાં ફેનિલ અને ગ્રીષ્માના બન્ને સાથે હોય તેવા ફોટા ન હતા. તેમણે સ્વીકારેલ છે કે, ગ્રીષ્માબેનના પિતા ઘણાં વર્ષોથી તેમના મિત્ર છે. વધુમાં તેમણે સ્વીકારેલ છે કે, જાન્યુઆરી–૨૦૨૧ થી ચાલતા ઘટનાક્રમ અંગે સુભાષભાઈને કોઈ જાણ ન હતી. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓ ઘણી વાર આરોપીને મારવા ગયેલા.

(૯૩.૩) આ શાહેદની ઉપરોક્ત જુબાની જોતાં તે મુખ્યત્વે શાહેદ અશોકભાઈ બાવચંદભાઈ કાનાણીની જુબાનીને સમર્થનકારક જણાય છે. બચાવ પક્ષે આ શાહેદની ઊલટતપાસમાં તેઓ આરોપીને મારવા ગયેલા, તેવા આક્ષેપ કરેલ છે, તેનો આ શાહેદે ઈન્કાર કરેલ છે. એ નોંધપાત્ર છે કે, આ શાહેદ આરોપીના ઘરે ગયેલા અને તેમણે આરોપી અને તેના પિતા પર હુમલો કરેલ, તે મતલબનો કોઈ પ્રશ્ન બચાવ પક્ષે આ શાહેદને પૂછેલ નથી.

(૯૪.૧) આ સંબંધે જ ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૫** તરીકે **હરેશભાઈ કાળુભાઈ વેકરીયા**ને **આંક–૧૫૭** થી તપાસવામાં આવેલ છે. આ શાહેદનો પુરાવો અત્યંત મહત્વનો પુરાવો છે, કેમ કે, તેમની જુબાની જોતાં એવું જણાય છે કે, તેમને આરોપીના માતા–પિતા સાથે સારા સંબંધ હતા. આ શાહેદને જ આરોપીએ બનાવ બાદ તેણે ગ્રીષ્માબેનને મારી નાંખેલ છે, તે મતલબની એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન સ્વરૂપની

જાણ કરેલ છે તે જોતાં આ શાહેદ આરોપીના પરીવારના નજીકના સંબંધી હોવાનું અનુમાન થઈ શકે તેમ છે. હું એ પણ નોંધવું જરૂરી માનું છું કે, આ શાહેદનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો તે વિશ્વસનીય હોવાનું જણાય છે, કારણ કે, તેઓ જે જાણતા હતા, તે તમામ હકીકતો તેમણે કશું જ છૂપાવ્યા વિના સાહજીક રીતે તેમની જુબાનીમાં જણાવેલ છે. આ શાહેદનો સોગંદ પરનો પુરાવો જોવામાં આવે તો તેમણે જણાવેલ છે કે, તેઓ સને ૨૦૦૨ થી તેમના પરીવાર સાથે રચના સોસાયટીમાં રહે છે અને રચના સોસાયટીના પ્રમુખ તરીકે સેવા આપે છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેઓ પંકજભાઈ ગોયાણીને ઓળખે છે, તેઓ સને–૨૦૦૮ માં તેમના પરીવાર સાથે તેમના મકાનમાં ભાડેથી રહેતા હતા; પંકજભાઈ ગોયાણીના પરીવારમાં તેમના પત્ની નયનાબેન તથા બે બાળકો અનુક્રમે ફેનિલ અને ધ્રૃવિલ છે; પંકજભાઈ હીરા ઘસવાનું કામ કરતા હતા; તેઓ બે થી ત્રણ વર્ષ તેમના મકાનમાં ભાડે રહેલા, પછી તેમને તેમનું મકાન રીનોવેશન કરાવવાનું હોઈ, તેમણે તે ખાલી કરાવેલ; આથી તેઓ તેમની રચના સોસાયટીમાં જ પાછળની તરફ રહેવા ગયેલા. આ શાહેદે આરોપીને પંકજભાઈના પુત્ર તરીકે કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, થોડા સમય પછી પંકજભાઈ તેમની પાસે આવેલા અને કહેલું કે, પરેશભાઈ બેલડીયાના મકાન નં.બી–૯ માં ભોંયતળીયામાં બનાવેલ રૂમ–રસોડું તેમને ભાડે અપાવો; આથી તેમણે પરેશભાઈ બેલડીયા સાથે વાત કરી આ પંકજભાઈને રૂમ–રસોડું ભાડે અપાવેલ; ત્યાર બાદ ગયા વર્ષના મે મહીનામાં કોરોનાના હિસાબે તેઓ તેમના ફાર્મ પર રહેવા ગયેલ, ત્યારે તેમના પત્ની પર નયનાબેનનો ફોન આવેલો કે, તેમના છોકરા ફેનિલને

પોલીસ લઈ ગયેલ છે; નયનાબેને તેમને કહેલું કે, તેમને ખબર નથી પણ એવું કહ્યું છે કે, કતારગામ પોલીસ સ્ટેશને લઈ જઈએ છીએ; આથી તેઓ આ ફેનિલના પપ્પાને સાથે લઈ કતારગામ પોલીસ સ્ટેશન ગયેલ; ત્યાં તેમને પોલીસ અધિકારીએ જણાવેલુ કે, આ બે–ત્રણ છોકરાઓ ઈનોવા કાર ચોરીને લઈ ગયેલ હોઈ, અહીંયાથી જામીન મળવા શક્ય નથી; પછી તેઓએ જે કાંઈ કાયદેસર થતું હોય તે કરવાનું કહી પાછા આવતા રહેલા; ત્યાર પછી આ ફેનિલ થોડા દિવસમાં છૂટી ગયેલ. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, ઉપરોક્ત ઘટનાના ચાર–પાંચ મહીના પછી તેમની પર તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલરનો ફોન આવેલો અને જણાવેલુ કે, તેમની સોસાયટીમાં રહેતો ફેનિલ નામનો છોકરો એક છોકરીને હેરાન કરે છે, જે બી/૯ માં રહે છે, જેથી તેમણે કહેલું કે, તમો ત્યાં પહોંચો અને તમારે જે ઠપકો આપવો હોય તે આપો, તેઓ ૧૫ મિનિટમાં ત્યાં પહોંચે છે; તેઓ ૧૫–૨૦ મિનિટમાં પહોંચતા સોસાયટીના ગેટ ઉપર જ ગૌરાંગભાઈ બલર તેમને મળેલ અને કહેલું કે, આ ફેનિલે તેમને મારેલ છે; પછી તેમણે ફેનિલના ઘરે જઈ તેને ઠપકો આપેલ કે, 'તું આવું કામ કરે છે?' પછી ફેનિલે તેમને કહેલું કે, 'કાકા હવે પછી મારી ભૂલ નહીં થાય, મારા ઘરે મને મારવા આવે તે સારું ન કહેવાય, તેથી હું ફરીથી આવું નહીં કરું'; જેથી તેમણે પણ ફેનિલને એક–બે લાફા મારી કહેલું કે, 'આવા ધંધા ન કરાય, તારા માતા–પિતા નાના માણસો છે'; પછી તેના મમ્મી રડવા લાગેલા અને કહેલ કે, 'ભાઈ તમે આને સમજાવો, આના કરતા તો મરી જઈએ કે શું કરીએ'; આથી તેમણે સમાધાન કરાવેલું અને જણાવેલું કે છોકરા અને છોકરી તરફથી કોઈ મેસેજ આવે તો એકબીજાના પરીવારે તેમને જાણ કરવાની; પછી આ ફેનિલનો પરીવાર સાગર

સોસાયટીમાં રહેવા ગયેલ. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજનાં આશરે છ થી સાડા છ ની આસપાસ તેમની પર આફ્રિકાથી તુષારભાઈ M2M નો વોટ્સઅપ કૉલ આવેલો અને તેમણે કહેલ કે, 'પેલો ફેનિલ છોકરીના ઘરે ગયેલ છે અને ચાકુથી તેને મારવાની કોશિશ કરે છે, તમારી પાસે ફોન નંબર હોય તો તેનો કોન્ટેક કરો'. આથી આ શાહેદે કહેલું કે, તેમની પાસે તેનો નંબર નથી, પરંતુ તેઓ તેમના પત્ની પાસેથી તેના મમ્મીનો નંબર મેળવી તેનો સંપર્ક કરે છે; પછી તેમનો બીજો એક ફોન ચાલતો હતો, તે દરમ્યાન એક મીસ્ડકોલ થયેલ, આથી તેમનો ફોન પૂરો થયા બાદ તે મીસ્ડકોલ થયેલ નંબર પર તેમણે સામેથી ફોન કરતા આરોપીએ તેમને એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન સમાન હકીકતો જણાવેલ કે, 'કાકા હું ફેનિલ બોલું છું, પેલી છોકરીને મેં ચપ્પુ મારી દીધેલ છે અને મેં દવા પી લીધેલ છે અને મારા હાથની નસ કાપી દીધેલ છે'.

(૯૪.૨) આ શાહેદની જુબાનીને પણ કાળજીપૂર્વક ધ્યાને લેવામાં આવે તો તેમણે જણાવેલ છે કે, મે-૨૦૨૧ ના અરસામાં આ કામના આરોપી કતારગામ પોલીસ સ્ટેશનમાં ઈનોવા કારની ચોરીના ગુનામાં પકડાયેલ, જેના ચાર-પાંચ મહિના પછી તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલરે આરોપી ફેનિલ ગ્રીષ્માબેનને હેરાન કરતા હોવાનું જણાવેલ. મે-૨૦૨૧ થી ચાર-પાંચ મહિનાનો સમય ગણતા તે અંદાજે ઓક્ટોબર-૨૦૨૧ એટલે કે દિવાળીનો સમયગાળો હોઈ શકે. આ શાહેદની જુબાનીમાં એ હકીકત નોંધપાત્ર છે કે, ફેનિલના ઘરે જે માણસો ફેનિલને સમજાવવા ગયેલા, તેમાં તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ

બલર એમ બે જ વ્યક્તિઓ હતા, તેઓની સાથે ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ કાનાણી કે ગ્રીષ્માબેનના પિતાના મિત્ર હરેશભાઈ કિકાણી હોવાનું આ શાહેદે જણાવેલ નથી. આમ, ઓક્ટોબર–૨૦૨૧ ના દિવાળીના અરસામાં આરોપી ફેનિલને મળવા તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલર, એમ બે જ વ્યક્તિઓ ગયેલા અને તે સમયે તેઓ વચ્ચે જે કાંઈ ચર્ચા થઈ, પરંતુ આરોપી ફેનિલે ગૌરાંગભાઈ બલરને એક લાફો મારી દીધેલ, તેવું રેકર્ડ પર આવે છે. પુનરાવર્તનનો દોષ વ્હોરીને હું લખું છું કે, આ એક પણ સમયે ગ્રીષ્માબેનના કુવા રાકેશભાઈ ભાદાણી હાજર હતા, તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી તેમજ આરોપીના ઘરે તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલર ગયા ત્યારે તેઓની સાથે અશોકભાઈ કાનાણી તથા હરેશભાઈ કિકાણી પણ ત્યાં ગયેલા, તેવી કોઈ હકીકત ખૂલવા પામતી નથી. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, કઠોર કોર્ટના વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ તેમણે નિવેદન આપેલ, જે તેમનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન તેમને કોર્ટ રૂબરૂ બતાવતા તે વાંચીને તેમણે જણાવેલ છે કે, તે નિવેદન તેમણે વિ.મેજિસ્ટ્રેટશ્રી રૂબરૂ આપેલ તે જ છે અને તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આ શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન આ કામે આંક–૧૫૮ થી તથા તે માટે તેમણે આપેલ સંમતિપત્ર આંક–૧૫૯ થી રજૂ કરવામાં આવેલ છે. આ નિવેદન વંચાણે લેવામાં આવે તો તે આ શાહેદે સોગંદ પર આપેલ જુબાનીને સંપૂર્ણ સમર્થનકારક જણાય છે. આ શાહેદ સોસાયટીના પ્રમુખ હોઈ અને ગૌરાંગભાઈ બલર તથા તુષારભાઈ M2M તેમને ઓળખતા હોઈ, તેઓએ આરોપીની ફરિયાદ કર્યાનું જણાવેલ છે. વધુમાં આ શાહેદે

તેમના કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, ફેનિલે ગૌરાંગભાઈ પર હાથ ઉપાડેલો, જેથી તેઓ ફેનિલના ઘરે ગયેલા અને તેના માતા–પિતા સાથે વાત કરતા તેમને એવું લાગેલ કે, ભૂલ ફેનિલની છે, આથી તેમણે ફેનિલને ઠપકો આપેલ અને ફેનિલે સમાધાન કરવાનું કહેતા તેમણે વચ્ચે રહી હવે પછી છોકરો કે છોકરી એકબીજાને મેસેજ કરે તો તેમને જાણ કરવાની, તેવું કહી છૂટા પડેલા.

(૯૪.૩) આ શાહેદની ઊલટતપાસ જોવામાં આવે તો એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, આ શાહેદ ક્યારેય મરનાર ગ્રીષ્માબેનના ઘરે ગયેલા નથી, તેના માતાનું નામ તેમને ખબર નથી; તેઓ ક્યારેય તેમને કે ગ્રીષ્માબેનને મળેલ નથી. બચાવ પક્ષે તેમને પૂછવામાં આવેલ છે કે, છોકરીને મળ્યા વગર ફેનિલને કેમ માર્યું? તો તેના જવાબમાં શાહેદે જણાવેલ છે કે, સમાધાન કરવા માટે જે તુષારભાઈ M2M અને ગૌરાંગભાઈ બલર તેમની પાસે આવેલા, તેઓ તેમની સાથે મોબાઈલ લઈને આવેલા અને તેમાં આ છોકરાએ કરેલા મેસેજ તેમને વંચાવેલા અને આ છોકરા ફેનિલે એવું કબૂલ કરેલ કે, તેણે આ મેસેજ કરેલ છે, જેથી તેમણે તેને બે લાફા મારેલા.

(૯૪.૪) આ શાહેદે જણાવેલ ઉપરોક્ત હકીકતો જોતાં ગ્રીષ્માબેનના કુવા કે મામા હરેશભાઈ કિકાણીએ આરોપીના ઘરે જઈ, ઝઘડો કરી, માર મારેલ હોય તેવી કોઈ હકીકત પુરવાર થતી નથી, બલ્કે આરોપીના પૂર્વ મકાન માલિક અને સોસાયટીના પ્રમુખ એવા આ શાહેદને તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલરે આરોપી ફેનિલ ગ્રીષ્માબેનને હેરાન કરતા

હોવાની હકીકત જણાવતા તેઓ ૧૫–૨૦ મિનિટમાં તેમની સોસાયટીમાં પહોંચ્યા ત્યારે આરોપી ફેનિલે ગૌરાંગભાઈ બલરને મારેલ હોવાનું તેમણે જાણેલ. વધુમાં તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલર તેઓની સાથે લઈને આવેલ મોબાઈલમાં આરોપીએ કરેલ મેસેજ વંચાવતા, આરોપીએ તે કરેલ હોવાનું કબૂલ રાખેલ અને આરોપીએ ફરીથી આવું નહીં કરે તેવું જણાવતા તેમણે સમાધાન કરાવેલ. આ શાહેદની જુબાનીમાં એવું પણ રેકર્ડ પર આવે છે કે, આ કામના આરોપી કતારગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ઈનોવા કારની ચોરીના ગુનામાં પકડાયેલ અને ઓક્ટોબર–૨૦૨૧ એટલે કે દિવાળીના અરસામાં પણ આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને ફોન કરી, મેસેજ કરી, હેરાન કરવાનું ચાલું રાખેલ. આ તબક્કે હું એ નોંધવું જરૂરી માનું છું કે, ફરિયાદ પક્ષે શાહેદ નં.૭૨ તરીકે તપાસવામાં આવેલ તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરની આંક–૨૫૫ ની સોગંદ પરની જુબાની દરમ્યાન આંક–૨૫૭ થી કતારગામ પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૨૧૨૧૦૭૪૦, તારીખઃ ૨૦.૦૪.૨૦૨૧ ની એક એફ.આઈ.આર. રજૂ કરેલ છે, જેમાં ફરિયાદી દિવ્યેશભાઈ દિનેશભાઈ ઢોલા, રહેવાસીઃ કતારગામની ઈનોવા કાર નં.જીજે–૫–જેપી–૭૭૭૧ ચોરાયેલાની ફરિયાદ દાખલ થયેલ છે અને તે ગુનાનું ચાર્જશીટ આંક–૨૫૮ થી રજૂ થયેલ છે, જેમાં આરોપી નં.૩ તરીકે ફેનિલ પંકજભાઈ ગોયાણી એટલે કે આ કામના આરોપીનું નામ જણાવેલ છે, જે આ શાહેદે જણાવેલ ઉપરોક્ત હકીકતને સમર્થનરૂપ છે.

(૯૫) સદર ત્રણે શાહેદોએ જણાવેલ ઉપરોક્ત હકીકતો જોવામાં

આવે તો, શાહેદ નં.૩૭ અશોકભાઈ બાવચંદભાઈ કાનાણી તથા શાહેદ નં.૩૬ હરેશભાઈ રમેશભાઈ કીકાણી જાન્યુઆરી-૨૦૨૧ ના અરસામાં ગ્રીષ્માબેનની કોલેજ પર ગયેલા, તે બનાવ ગ્રીષ્માબેનની હત્યાના બનાવના એક વર્ષ એક મહિના પહેલાં બનેલ. ત્યાર બાદ ફરીથી આરોપીને હીરાબાગ સર્કલ પર સમજાવવા બોલાવેલ, ત્યારે આરોપી તેની સાથે ત્રણ માણસોને લઈને આવેલ, તે બનાવ માર્ચ-૨૦૨૧ માં બનેલ, જે પણ ગ્રીષ્માબેનની હત્યાના બનાવના આશરે ૧૧ માસ પહેલાં બનેલ હોવાનું કહી શકાય. ત્યાર બાદ તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલર આરોપીના ઘરે ગયેલા અને સોસાયટીના પ્રમુખ શાહેદ નં.૩૫ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાએ ફેનિલનો વાંક જોઈ તેને ઠપકો આપેલ અને તેમણે ફેનિલના વડીલ તરીકે ફેનિલને એક-બે લાફા મારેલ અને પછી આરોપી ફેનિલે 'કાકા મારી ભૂલ થઈ ગઈ, હવે પછી આવું નહીં કરું' તેમ જણાવેલ તે બનાવ ઓક્ટોબર-૨૦૨૧ માં એટલે કે ગ્રીષ્માબેનની હત્યાના આશરે સાડા ત્રણ માસ પહેલાં બનેલ. આ તમામ હકીકતો જોતાં આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરી, તે દિવસે, તેના આગલા દિવસે, તેના આગલા અઠવાડીયે, તેના આગલા મહિને, બે મહિના પહેલાં કે ત્રણ મહિના પહેલાં પણ આરોપીને કોઈ પણ પ્રકારની ઉશ્કેરણી થાય તેવો કોઈ બનાવ બન્યાનું જણાતું નથી કે પુરવાર થતું નથી. આ સંજોગોમાં આરોપીને ગંભીર અને આકસ્મિક ઉશ્કેરણી થતાં તેમણે હત્યાનો પ્રયાસ અને હત્યા કર્યાની બચાવ પક્ષની રજૂઆત કોઈ પણ સંજોગોમાં ગળે ઉતરે તેમ નથી અને સ્વાભાવિકપણે ગ્રાહ્ય રાખી શકાય તેમ પણ નથી. આ તબક્કે એ પણ નોંધપાત્ર છે કે, ગ્રીષ્માબેનના સગાંઓ પૈકી કોઈ પણ વ્યક્તિ આરોપીને ઘરે આવી આરોપી સાથે ઝઘડો કે મારપીટ કરેલ

હોવા અંગે આરોપી કે તેના માતા–પિતાએ કોઈ પણ જગ્યાએ ફરિયાદ કરેલ હોય, તેવું પણ રેકર્ડ પર નથી તથા આરોપીના પિતરાઈ ભાઈ ભાવેશભાઈ ગોયાણી તથા અન્ય બે વ્યક્તિઓ કે જે હીરાબાગ સર્કલ પર આરોપી સાથે હતા, તેવા કોઈ વ્યક્તિએ પણ કોર્ટમાં આવી આરોપી સાથે મારપીટ થયાનો પુરાવો આપેલ નથી. નોંધપાત્ર રીતે આ કોર્ટે વારંવાર તક આપવા છતાં આરોપીએ આવી કોઈ વ્યક્તિને તેના કથન–બચાવને સમર્થન આપવા શાહેદ તરીકે તપાસેલ નથી. એ નોંધપાત્ર છે કે, આરોપીના માતા, પિતા કે ભાઈ સુદ્ધાએ પણ આ કોર્ટ સમક્ષ હાજર થઈ આવી કોઈ રજૂઆત કરેલ નથી કે તેઓને આરોપી તરફે બચાવના શાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. આ સંજોગોમાં આરોપીનો ઉપરોક્ત ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટનો બચાવ તેની ગુના અંગેની જવાબદારીમાંથી છટકવા માટે કરવામાં આવેલ કેવળ મૌખિક રજૂઆત બની રહે છે. આ તબક્કે હું એ નોંધવું જરૂરી માનું છું કે, ફરિયાદ પક્ષે તપાસેલ એક પણ શાહેદની ઊલટતપાસમાં આરોપી તરફે જે હકીકતે પ્રશ્નો પૂછવામાં આવેલ નથી તેમજ પોતાની મૌખિક દલીલમાં વિ.વકીલશ્રી શેખે જે રજૂઆત કરેલ નથી, તેવી તદ્દન નવી જ સ્ટોરી તેમની આંક–૩૧૯ ની લેખિત દલીલના પેરેગ્રાફ–૧૪ માં દર્શાવવામાં આવેલ છે કે, બનાવના આગલા દિવસે પણ મરનારના પરીવાર દ્વારા આરોપી તથા તેના પરીવાર સાથે મારપીટ કરી, આરોપીને ઉશ્કેરણી કરેલ હોવાથી આરોપીએ મરનારની હત્યા કરેલ. આ હકીકત સંબંધે એક પણ શાહેદને બચાવ પક્ષે કોઈ પ્રશ્ન પૂછેલ નથી. આરોપીએ તેમના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબના વિશેષ નિવેદનમાં પણ આવી કોઈ હકીકત જણાવેલ નથી. વિ.વકીલશ્રી શેખે તેમની મૌખિક દલીલ

સમયે પણ આવી કોઈ રજૂઆત કરેલ નથી. આમ, આરોપી તરફેની આંક-૩૧૯ ની લેખિત દલીલના પેરેગ્રાફ-૧૪ માં જણાવેલ ઉપરોક્ત હકીકતો આરોપીને કોઈ પણ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ ના વ્યાપમાંથી બહાર કાઢવાનો એક વૃથા પ્રયત્ન સમાન જણાય છે.

(૯૬) આ તબક્કે હું એ નોંધવું અત્યંત આવશ્યક માનું છું કે, **ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૦ નો પ્રથમ અપવાદ** જોતાં તે નીચે મુજબ છે:-

> "ગંભીર તથા ઓચિંતા ઉશ્કેરાટના કારણે પોતાની જાત પરનો કાબૂ ગૂમાવી બેઠો હોય તેવો ગુનેગાર તેવી અવસ્થામાં ઉશ્કેરાટનું કારણ આપનારનું મૃત્યુ નીપજાવે અથવા ભૂલ કે અકસ્માતથી અન્ય કોઈ વ્યક્તિનું મૃત્યુ નીપજાવે તો તે સાપરાધ મનુષ્યવધ ખૂન નથી."

મારી અત્યંત વિગતવાર ચર્ચા પરથી એ હકીકત સ્પષ્ટ થયેલ છે કે, બનાવના દિવસે નહીં, પરંતુ બનાવ અગાઉના સાડા ત્રણ મહિના સુધી મરનાર ગ્રીષ્માબેન કે તેના પરીવારના સભ્યોએ આરોપીને ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટનું કારણ આપેલ નથી તથા બનાવના દિવસે પણ આરોપીને ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટનું કારણ ઉભું થયેલ નથી. મેં શરૂઆતમાં જ નોંધેલ છે તે મુજબ, બનાવના દિવસે અને સમયે આરોપી લક્ષ્મીધામ સોસાયટીમાં બાઈક પર બેઠા હતા, ત્યારે ઈજા પામનાર શાહેદ ધ્રુવ તથા સુભાષભાઈ આરોપીને મળવા ગયેલા, તે સમયે આરોપીને 'ગ્રીષ્માને હેરાન કરે છે, તે તું જ છે' માત્ર તેવું પૂછતાં આરોપીએ ઈજા પામનાર શાહેદ સુભાષભાઈના પેટમાં ચપ્પુ વડે ઘા કરી તેના આંતરડા બહાર કાઢી નાંખેલ હોવાનું પુરવાર થયેલ છે. આ સમયે આરોપી તેમજ ઈજા પામનાર ધ્રુવ અને સુભાષભાઈ સિવાય બીજું કોઈ ન

હતું. આ ઈજા પામનાર ધ્રુવ કે સુભાષભાઈના હાથમાં નાની લાકડી જેવું હથિયાર પણ ન હતું, તેઓએ આરોપીને અપશબ્દ પણ કહેલ નહીં કે ઝઘડો કે મારપીટ પણ કરેલ નહીં. એ હકીકત પણ નિઃશંકપણે પુરવાર થયેલ છે કે, આરોપીએ ઉપરોક્ત બંને વ્યક્તિઓ પર જીવલેણ હુમલો કરતા તેઓ સોસાયટી તરફ ભાગવા લાગેલ, ત્યારે મોટા પપ્પા સુભાષભાઈને લોહીલુહાણ હાલતમાં જોઈ મરનાર ગ્રીષ્માબેન, તેના માતા શાહેદ વિલાસબેન તથા શાહેદ રેણુકાબેન તેના ઘર તરફથી દોડીને આવતા હતા ત્યારે આરોપીએ ધ્રુવને છોડી ગ્રીષ્માબેનને ગળાના ભાગેથી પકડી ખુલ્લા પ્લોટ તરફ લઈ જઈ, અનેક લોકોની હાજરીમાં ચપ્પુ વડે તેનું ગળું કાપી નાંખેલ છે. મેં અગાઉ નોંધ્યું છે તેમ, તે સમયે ગ્રીષ્માબેને આરોપી સાથે કોઈ વાતચીત કરેલ નથી કે કોઈ અપશબ્દ બોલેલ નથી કે તેનું અપમાન કરેલ નથી કે આરોપી પર હાથ પણ ઉપાડેલ નથી, ત્યારે ઈજા પામનાર ધ્રુવ, સુભાષભાઈ કે ગ્રીષ્માબેન સુદ્ધાએ આરોપીને ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટનું કારણ આપેલ નથી, તેમ છતાં આરોપીએ ઈજા પામનાર ધ્રુવ અને સુભાષભાઈ પર જીવલેણ હુમલો કરી હત્યાની કોશિશ કરેલ છે અને ગ્રીષ્માબેનની હત્યા કરેલ છે; આરોપીએ આ કૃત્ય કોઈ પણ પ્રકારના ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટ વિના કરેલ, જેથી આરોપીનું આ કૃત્ય ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૦ ના પ્રથમ અપવાદમાં પડતું નથી, તેમ આ અદાલતનું માનવું છું.

(૯૭) વિ.વકીલશ્રી શેખની રજૂઆત જોતાં એવું જણાય છે કે, તેમણે એવો બચાવ ઉભો કરવા પ્રયત્ન કરેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનના મામા હરેશભાઈ કિકાણી, તુષારભાઈ M2M, ગૌરાંગભાઈ બલર વગેરે

આરોપીના ઘરે તેને મારવા માટે ગયેલા અને આરોપી તથા તેના પિતાને માર મારેલ, તે કારણે આરોપીને ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટ ઉભો થયેલ. મેં અગાઉ નોંધ્યું છે તેમ, આરોપીને સમજાવવા કે ઠપકો આપવાની આ ઘટનાઓ ગ્રીષ્માબેનની હત્યાના એક વર્ષથી લઈને સાડા ત્રણ મહિના અગાઉની છે, જેને ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટ ગણી શકાય તેમ નથી. બીજી રીતે વિચારીએ તો, કલમ−૩૦૦ નો પ્રથમ અપવાદ એવું સૂચવે છે કે, ગંભીર તથા ઓચિંતા ઉશ્કેરાટના કારણે પોતાની જાત પરનો કાબૂ ગૂમાવી બેઠો હોય તેવો ગુનેગાર તેવી અવસ્થામાં ઉશ્કેરાટનું કારણ આપનારનું મૃત્યુ નીપજાવે તો તે સાપરાધ મનુષ્યવધ ખૂન નથી. અહીં બચાવ પક્ષને પણ સ્વીકૃત છે તે રીતે, આરોપીએ આવી કોઈ ઉશ્કેરાટની સ્થિતિ અનુભવી, તેમને કહેવાતા ઉશ્કેરાટનું કારણ આપનાર શાહેદ અશોકભાઈ બાવચંદભાઈ કાનાણી, શાહેદ હરેશભાઈ રમેશભાઈ કીકાણી, ગૌરાંગભાઈ બલર અથવા તો તુષારભાઈ M2M પર કોઈ હુમલો કરેલ નથી. આમ, આરોપીએ ઉશ્કેરાટનું કહેવાતું કારણ આપનાર એક પણ વ્યક્તિ પર જીવલેણ હુમલો કે હત્યાનો પ્રયત્ન કરેલ નથી. તેના બદલે સાવ નિર્દોષ અને જેઓએ આરોપીને કોઈ પણ પ્રકારે ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટનું કારણ આપેલ નથી, તેવી બે વ્યક્તિઓની હત્યા કરવાનો પ્રયત્ન કરેલ છે અને જેના હાથમાં કોઈ હથિયાર નથી, જે આરોપીનો સામનો કરી શકે તેવી કોઈ સ્થિતિમાં નથી, જેમણે કોઈ અપશબ્દો બોલેલ નથી, જેમણે આરોપી સાથે કોઈ ગેરવર્તન કરેલ નથી અને પોતે જેને પ્રેમ કરતા હોવાનો આરોપીનો દાવો છે, તેવી વ્યક્તિ એટલે કે ગ્રીષ્માબેનનું અનેક લોકોની વિનંતી અને આજીજી છતાં, જાહેરમાં, સ્વસ્થપણે, તેના ગળાની નીચેના

ભાગે ચપ્પુ આવે તે રીતે ચપ્પુ રાખી, ગળું કાપી નાંખી તેની હત્યા કરેલ છે, તે આરોપીનું કૃત્ય તમામ દ્દષ્ટિકોણથી વિચારવા છતાં ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૦ ના પ્રથમ અપવાદમાં પડતું હોવાની રજૂઆત કે બચાવ આ અદાલત સ્વીકારી શકતી નથી.

(૯૮) બચાવ પક્ષે વિ.વકીલશ્રી શેખે એવી પણ રજૂઆત કરેલ છે કે, આંક-૧૪૫ વાળી વિડીયો ક્લીપ્સ જોવામાં આવે તો તેમાં આરોપી એવું બોલતો જણાય છે કે, "આના કુવા આયવા'તા.... આનો મામો આયવો'તો", જે એવું સૂચવે છે કે, ગ્રીષ્માબેનના કુવા તથા મામા આરોપીને મારવા આવ્યા હતા અને તેથી આરોપીને ઉશ્કેરણી થયેલ. અહીં એ નોંધપાત્ર છે કે, બચાવ પક્ષે કોઈ પણ તબક્કે એવી સ્પષ્ટતા કરેલ નથી કે, આરોપીને ત્યાં મરનાર ગ્રીષ્માબેનના કુવા તથા મામા ક્યારે આવેલા; આથી વિપરીત રીતે એવું જણાય છે કે, બચાવ પક્ષે ઈરાદાપૂર્વક આવી કોઈ જ સ્પષ્ટતા કરેલ નથી. આ સંબંધે ફરિયાદ પક્ષે મરનાર ગ્રીષ્માબેનના મામા શાહેદ હરેશભાઈ કિકાણી તથા ખુદ આરોપીના જ મકાન માલિક અને સોસાયટીના પ્રમુખ એવા શાહેદ હરેશભાઈ વેકરીયાનો પુરાવો જોવામાં આવે તો, મેં અગાઉ ઉલ્લેખ કરેલ છે તે મુજબ, મરનાર ગ્રીષ્માબેનના મામા તથા હરેશભાઈ કિકાણી આરોપીને જાન્યુઆરી-૨૦૨૧ માં ગ્રીષ્માબેનની કોલેજ પર તથા માર્ચ-૨૦૨૧ માં હીરાબાગ સર્કલ પર મળેલા અને તે સમયે આરોપી સાથે તેના પિતરાઈ ભાઈ સહિત ત્રણ માણસો હતા. આ બંને વખતે આરોપી સાથે કોઈ જ મારામારી થયેલ નથી. ત્યાર બાદ ઓક્ટોબર-૨૦૨૧ ના અરસામાં ગૌરાંગભાઈ બલર તથા તુષારભાઈ M2M આરોપીના ઘરે તેને સમજાવવા

માટે ગયેલાનું અને તે સમયે આરોપીએ ગૌરાંગભાઈ બલરને એક લાફો મારી દીધેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે અને આરોપીના મકાન માલિક અને તેમના કુટુંબના નજીકના સંબંધી એવા હરેશભાઈ વેકરીયાએ આરોપીએ કરેલ મેસેજીસ વાંચીને આરોપીનો દોષ હોઈ, તેને ઠપકો આપેલ તેવું પણ રેકર્ડ પર આવે છે. આંક–૧૪૫ ની વિડીયો ક્લીપ્સમાં પણ આરોપી કોઈ જગ્યાએ એવું કહેતા નથી, મરનાર ગ્રીષ્માબેનના ફુવા તથા મામા તેને મારવા માટે આવ્યા હતા તેમજ તેઓ ક્યારે આવ્યા હતા તેવું પણ જણાવતા નથી. આ ઉપરાંત, બચાવ પક્ષે મરનાર ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ બાવચંદભાઈ કાનાણી તથા શાહેદ હરેશભાઈ કિકાણી જાન્યુઆરી–૨૦૨૧ તથા માર્ચ–૨૦૨૧ માં આરોપીને મળ્યા પછી ક્યારેય મળેલ નથી, તે હકીકત ઈરાદાપૂર્વક છૂપાવેલ છે. આ તબક્કે હું ફરીથી એ નોંધવું જરૂરી માનું છું કે, આરોપીના મામા તથા કાકા આરોપીને છેલ્લે માર્ચ–૨૦૨૧ ના અરસામાં મળેલા. ત્યાર બાદ ગૌરાંગભાઈ બલર તથા તુષારભાઈ M2M આરોપીને ઓક્ટોબર–૨૦૨૧ માં મળે. ત્યાર બાદ આશરે સાડા ત્રણ કે ચાર મહિના પછી આ બનાવ બનેલ છે, જે કોઈ પણ સંજોગોમાં ગંભીર અને આકસ્મિક ઉશ્કેરણી કહી શકાય નહીં. વધુમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૦ નો પ્રથમ અપવાદ જોતાં, ઉશ્કેરાયલ વ્યકિત ગંભીર તથા ઓચિંતા ઉશ્કેરાટના કારણે પોતાની જાત નિયંત્રણ ગૂમાવી બેસે અને તે કારણે ઉશ્કેરણી કરનાર વ્યક્તિનું ખૂન કરે તો આ કૃત્યને કલમ–૩૦૦ ના પ્રથમ અપવાદ માટે વિચારણમાં લઈ શકાય, પરંતુ આરોપીએ તેમ કરેલ નથી. આથી વિપરીત રીતે, જેઓ આરોપીને ક્યારેય મળેલ નથી, જેઓએ આરોપીને ક્યારેય ઉશ્કેરાટનું કારણ આપેલ નથી, તેવા

ગ્રીષ્માબેનના નાના ભાઈ ધ્રુવ તથા મોટા પપ્પા સુભાષભાઈ પર જીવલેણ હુમલો કરેલ છે અને આરોપી સાથે જેમણે વાતચીત પણ કરેલ નથી, તેવા ગ્રીષ્માબેનનું ગળું કાપી હત્યા કરેલ છે, તે જોતાં આરોપીનું આ કૃત્ય કોઈ પણ સંજોગોમાં ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટનું પરીણામ હોવાનું કહી શકાય તેમ નથી. આ સંજોગોમાં આરોપીનું આ કૃત્ય ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૦ ના પ્રથમ અપવાદમાં પડતું ન હોઈ, તેના સાપરાધ મનુષ્યવધ ન કહેવાની વિ.વકીલશ્રી શેખની દલીલ આ કોર્ટ ગ્રાહ્ય રાખતી નથી.

(૯૯) રેકર્ડ પર એવો કેટલોક પુરાવો આવેલ છે, જે એવું સૂચવે છે કે, આરોપી મરનાર ગ્રીષ્માબેન અને તેના પરીવારની હત્યા કરવાનું ઘણા લાંબા સમયથી પ્લાનીંગ કરતા હતા. આ પૂર્વ તૈયારી સંબંધે ઘણો જ સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ છે, તે જોવામાં આવે તો પણ એ હકીકત સ્પષ્ટ થાય છે કે, બંને ઈજા પામનાર શાહેદોની હત્યા કરવાનો પ્રયત્ન તથા મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરવાનું કૃત્ય તે ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટનું પરીણામ ન હતું, બલ્કે તે તમામ પૂર્વતૈયારી કર્યા બાદનું યોજનાબદ્ધ કૃત્ય હતું. આંક–૧૪૫ થી રજૂ કરવામાં આવેલ બંને વિડીયો કલીપ્સ અનુસાર ગ્રીષ્માબેનની હત્યા સમયે અને હત્યા બાદ પણ આરોપીનું મજબૂત અને સ્વસ્થતાપૂર્વકનું વર્તન તેનો સ્પષ્ટ પુરાવો છે. આ સંબંધે આરોપીએ મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારની હત્યા કરવા માટે કઈ રીતે અને શું શું પ્લાનીંગ કરેલ અને પ્લાનીંગ કરતા સમયે આરોપીએ પોતાના ઈરાદા વિશે અન્ય કોઈ વ્યક્તિને અણસાર સુદ્ધા ન આવે તેની કાળજી રાખેલ, જેની ચર્ચા હું રજૂ થયેલા પુરાવા આધારે આ તબક્કે કરવી ઉચિત માનું છું.

(૧૦૦) આ સંદર્ભે સૌપ્રથમ ફરિયાદ પક્ષે શાહેદ નં.૭૨ થી તપાસેલ આ ગુનાના તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરની આંક–૨૫૫ ની જુબાની જોવામાં આવે તો આ શાહેદે આ બનાવની તેઓએ કરેલ તપાસની સંપૂર્ણ વિગતોનો પુરાવો રજૂ કરેલ છે. તેમની જુબાનીના પૅરેગ્રાફ–૧૭ માં તેમણે જણાવેલ છે કે, આરોપીએ બનાવ સમયે પહેરેલા કપડાં અનાર્મ હેડ કોન્સ્ટેબલ હરદિપસિંહ મહેન્દ્રસિંહે રજૂ કરતા તેઓએ બે પંચોના માણસોને બોલાવી પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે લીધેલ, જેમાં આરોપીનું એક કથ્થાઈ કલરનું ચેક્સવાળું લાંબી બાંયનું શર્ટ, બ્લુ જીન્સ તથા એક સેમસંગ કંપનીનો કાળા કલરનો મોબાઈલ જેમાં એરટેલ અને જીયો કંપનીનાં સીમકાર્ડ હતા તથા એક જોડી રાખોડી કલરનાં બુટ, જે તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ કલાક ૧૪:૦૦ થી ૧૪:૪૦ દરમ્યાન પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ. આ પંચનામું આંક–૩૬ થી આ કામે રજૂ થયેલ છે, જેમાં આરોપીના કપડાં તેમજ તેનો સેમસંગ કંપનીનો ગેલેક્ષી એ–૩૧ મોડેલનો કાળા કલરનો મોબાઈલ, જેના બે આઈએમઈઆઈ નંબરોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, તે કબજે લીધેલ હોવાનું જણાવવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે આ **આંક–૩૬** ના પંચનામાના **પંચ કલ્પેશભાઈ વિનુભાઈ વાંઝા**ને **શાહેદ નં.૬** તરીકે **આંક–૩૫** થી તપાસેલ છે. આ શાહેદે તેમની રૂબરૂમાં આ પંચનામું થયાની હકીકત પુરવાર કરેલ છે. તેમણે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, હરદિપસિંહ નામના પોલીસ કોન્સ્ટેબલ મુદ્દામાલ દિનબંધુ હોસ્પિટલમાંથી કામરેજ પોલીસ સ્ટેશને લાવેલ, જેમાં આરોપી ફેનિલના કપડાં તથા મોબાઈલ

ફોન હતા, જે કપડામાં એક ભુરા કલરનું ચેક્સવાળું લાંબી બાંચનું શર્ટ હતું, જેની પર લોહીના ડાઘા હતા તથા એક બ્લુ કલરનું જીન્સનું પેન્ટ હતું, જેની પર પણ લોહીના ડાઘા હતા; આ ઉપરાંત એક કાળા કલરનો સેમસંગ કંપનીનો મોબાઈલ હતો, જેમાં બે સીમકાર્ડ હતા, જૈ પૈકી એક જીયો કંપનીનું અને બીજું એરટેલ કંપનીનું હતું; આ ઉપરાંત લોહીના ડાઘાવાળા એક જોડી રાખોડી કલરના બુટ હતા. આ શાહેદને આ તમામ મુદ્દામાલ કોર્ટ રૂબરૂ બતાવતા તે તેમણે ઓળખી બતાવેલ છે. આમ, તપાસ કરનાર અધિકારીએ જણાવેલ ઉપરોક્ત હકીકત તથા તેમણે કરેલ આંક–૩૬ ના પંચનામાની વિગતો આ પંચ શાહેદની જુબાનીથી પુરવાર થાય છે. આ પંચ શાહેદની જુબાની ન માનવા પ્રેરાય તેવી કોઈ હકીકત બચાવ પક્ષે થયેલ ઊલટતપાસમાં ખૂલવા પામતી નથી. આ જ હકીકત સંદર્ભે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૯** થી તપાસવામાં આવેલ **હે.કો. હરદિપસિંહ મહેન્દ્રસિંહ મહિડા**ની **આંક–૧૬૯** ની સોગંદ પરની જુબાની જોવામાં આવે તો, તેમણે પણ તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ ખોલવડ દિનબંધુ હોસ્પિટલમાં દાખલ આરોપી ફેનિલની ચીજવસ્તુઓ જેમાં તેના લોહીવાળા કપડાં, મોબાઈલ તથા બુટ હતા, તે તપાસ કરનાર અધિકારીશ્રી ગીલાતર સમક્ષ રજૂ કરતા તેમણે બે પંચોને બોલાવી પંચનામાની વિગતે આ મુદ્દામાલ કબજે લીધેલ, તેવું સ્પષ્ટપણે જણાવેલ છે. આ શાહેદે પણ આ મુદ્દામાલ કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આમ, તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતર દ્વારા તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ આરોપીના લોહીવાળા કપડાં તથા મોબાઈલ કબજે લેવામાં આવેલ હોવાનું શંકારહિત પુરવાર થાય છે.

(૧૦૧) આ ઉપરાંત તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરે તેમની આંક–૨૫૫ ની સોગંદ પરની જુબાનીના પેરેગ્રાફ–૬૦ માં જણાવેલ છે કે, તારીખઃ ૧૫.૦૨.૨૦૨૨ ના રોજ આ કામના આરોપીનો કોવિડનો ટેસ્ટ થઈને આવતા, તારીખઃ ૧૫.૦૨.૨૦૨૨ ના કલાક ૨૩:૪૦ થી તારીખઃ ૧૬.૦૨.૨૦૨૨ ના કલાક ૦૦:૦૫ સુધી આરોપીનું શરીર સ્થિતિનું પંચનામું કરી આરોપીને અટક કરવામાં આવેલ, જે પંચનામું આ કામે **આંક–૫૭** થી રજૂ કરવામાં આવેલ છે. આ પંચનામાના **પંચ દિલીપભાઈ મગનભાઈ મહેતા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૦** તરીકે **આંક–૫૬** થી તપાસેલ છે. આ શાહેદની જુબાનીમાં એવું રેકર્ડ પર આવેલ છે કે , તારીખઃ ૧૫.૦૨.૨૦૨૨ ના રોજ રાત્રિના ૧૧:૦૦ થી ૧૨:૦૦ વાગ્યાના અરસામાં કામરેજ પોલીસ સ્ટેશનમાં તેમને પંચ તરીકે બોલાવેલ; તેમની સાથે બીજા પંચ તરીકે સંદિપભાઈ સુરેશભાઈ માછી હતા; તેઓએ પંચ તરીકે રહેવા સંમતિ આપેલ; ત્યાં પોલીસના અધિકારી ગીલાતર સાહેબ હતા; ત્યાં એક આરોપી હતો, જેનું નામ ફેનિલકુમાર પંકજભાઈ ગોયાણી હતું; તેના ડાબા હાથે ડૉકટર બાંધે તેવો સફેદ કલરનો પાટો બાંધેલો હતો. આ શાહેદની હાજરીમાં સદર આરોપીને અટક કરી આંક–૫૭ નું પંચનામું કરવામાં આવેલ. તેમણે કોર્ટમાં હાજર આરોપીને પોલીસ સ્ટેશનમાં જે તે દિવસે જોયેલ તે જ છોકરા તરીકે ઓળખી બતાવેલ છે. તેમની ઊલટતપાસમાં એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, પોલીસે તેમને જણાવેલ કે, ગ્રીષ્મા ખૂન કેસમાં આ આરોપીને પકડેલ છે. આ સિવાય અન્ય કોઈ મહત્વની હકીકત સદર પંચ શાહેદની ઊલટતપાસમાંથી ખૂલવા પામતી નથી. આમ, આ કામના તપાસ કરનાર અધિકારીશ્રી

એમ.એમ. ગીલાતરે આરોપીને આંક–૫૭ ના પંચનામા આધારે અટક કરેલ, તેવું નિઃશંકપણે પુરવાર થાય છે.

(૧૦૨) તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરે તેમની આંક–૨૫૫ ની જુબાનીના પેરેગ્રાફ–૮૩ માં જણાવેલ છે કે, તેમણે આ કામના આરોપીને અટક કર્યા બાદ અને તેની પૂછપરછ કર્યા બાદ આરોપીના ગુગલ એકાઉન્ટ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામના આઈ.ડી. તથા પાસવર્ડ મેળવી, આઈ.ડી. તેમજ પાસવર્ડ મેળવવા બદલ બે પંચોની હાજરીમાં આંક–૮૪ નું પંચનામું કરવામાં આવેલ. આ આંક–૮૪ નું પંચનામું જોવામાં આવે તો તે તારીખઃ ૧૮.૦૨.૨૦૨૨ ના રોજ કલાક ૧૮:૩૦ થી કલાક ૧૮:૫૦ દરમ્યાન બે પંચો સુનિલભાઈ પરષોત્તમભાઈ વણપરીયા તથા સુનિલભાઈ મનુભાઈ સુહાગીયાની હાજરીમાં કરવામાં આવેલ. આ આંક–૮૪ ના પંચનામાના પંચ **સુનિલભાઈ મનુભાઈ સુહાગીયા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૯** તરીકે **આંક–૮૩** થી તપાસેલ છે. સદર પંચ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તથા બીજા પંચ સુનિંલભાઈ વણપરીયાની હાજરીમાં પોલીસે કામરેજ પોલીસ સ્ટેશનમાં હાજર એક આરોપી ફેનિલ ગોયાણી પાસેથી સોશીયલ મિડીયાના આઈ.ડી. અને પાસવર્ડ મેળવેલ, જે અંગેનું પંચનામું તેમણે આંક–૮૪ થી રજૂ કરેલ છે. આ સંદર્ભે બચાવ પક્ષે કરેલ ઊલટતપાસમાં આ પંચનામાની કાર્યવાહી અંગે શંકા ઉભી થાય તેવી કોઈ હકીકત ખૂલવા પામતી નથી.

(૧૦૩.૧) તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરે તેમની

આંક–૨૫૫ ની સોગંદ પરની જુબાનીના પેરેગ્રાફ–૧૨૨ માં જણાવેલ છે કે, તારીખઃ ૧૯.૦૨.૨૦૨૨ ના રોજ તેમણે મદદનીશ નિયામકશ્રી, એફ.એસ.એલ. સુરતને પત્ર લખી આ કામના આરોપી ફેનિલ પંકજભાઈ ગોયાણીના મોબાઈલમાંથી મેટા ડેટા અને ક્લાઉડ ડેટા રીકવર કરવા માટે વિનંતી કરેલ, જે પત્ર તેમણે આંક–૨૮૦ થી રજૂ કરેલ છે. આ આંક–૨૮૦ નો પત્ર વંચાણે લેવામાં આવે તો તેમાં નીચે મુજબ બે વિનંતી કરવામાં આવેલ છે.

૧. મોબાઈલમાં રજિસ્ટર થયેલ જી–મેઈલ આઈ.ડી. નો પાસવર્ડ સહિતના પંચો રૂબરૂ મેળવી ગુગલ એકાઉન્ટ ડેશબોર્ડનું નિરીક્ષણ કરી, ટાઈમલાઈન બ્રાઉઝીંગ હિસ્ટ્રી, ગુગલ ફોટોઝ, શોપીંગ, લોકેશન હિસ્ટ્રી, મેપ, માય એક્ટીવીટી, પરચેઝ એન્ડ રીઝર્વેશન, સેવ્ડ લીંક્સ, જીમેઈલની વિગતો માટે ગુગલ ડેશ બોર્ડનો સંપૂર્ણ બેક અપ/ટેઈક આઉટ ડેટા મેળવી ગુનાના કામે ફળદાયક હકીકત મળેથી તેની પંચો રૂબરૂ પ્રીન્ટ કાઢી સહી લેવી અને સંપૂર્ણ ડાઉનલોડ થયેલ બેકઅપ ડેટાની સોફ્ટકોપી પંચો રૂબરૂ પેનડ્રાઈવમાં લઈ, સીલ કરી, તપાસના કામે સામેલ રાખવું.

૨. આ કામના આરોપીનો મોબાઈલ ફોન એફ.એસ.એલ. માં છે, જેમાં છેલ્લા એક વર્ષમાં કઈ કઈ વેબસાઈટ અને શોપીંગ સાઈટમાં હથિયાર/સાધન ખરીદવા કીવર્ડનો ઉપયોગ થયો છે, તેની બ્રાઉઝીંગ હિસ્ટ્રીનો ડેટા મેળવી તપાસના કામે સામેલ રાખવો.

(૧૦૩.૨) આ સાથે જ તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરે આંક–૨૬૭ થી એફ.એસ.એલ. ને મુદ્દામાલ મોકલ્યા અંગેની રવાનગી નોંધ રજૂ કરેલ છે, જે જોતાં તેમાં તપાસ કરનાર અધિકારી તરીકે શ્રી એમ.એમ.ગીલાતર તથા રજૂ કરનાર અધિકારી તરીકે ડીવાય.એસ.પી. ડી.કે.વનારની સહી જણાય છે. આ રવાનગી નોંધના

ક્રમ નં.૨૨ માં આરોપીનો કાળા કલરનો સેમસંગ કંપનીનો ગેલેક્ષી એ–૩૧ મોડેલનો મોબાઈલ, જેનો પાસવર્ડ xxxx છે, તે એફ.એસ.એલ. ને માર્ક 'D–3' થી મોકલ્યાનો ઉલ્લેખ છે. આ હકીકત જોતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલ આરોપીના લોહીવાળા કપડાં, બુટ તેમજ તેનો મોબાઈલ હે.કો. હરદિપસિંહ મહેન્દ્રસિંહ મહિડાએ તપાસ કરનાર અધિકારીશ્રી ગીલાતર સમક્ષ રજૂ કરતા તે બે પંચોની હાજરીમાં તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ આંક–૩૬ ના પંચનામા અન્વયે કબજે લેવામાં આવેલ, બાદમાં આરોપીને તારીખઃ ૧૫.૦૨.૨૦૨૨ ના રોજ આંક–૫૭ ના પંચનામા અન્વયે બે પંચોની હાજરીમાં અટક કરવામાં આવેલ; ત્યાર બાદ તારીખઃ ૧૮.૦૨.૨૦૨૨ ના રોજ આંક–૮૪ ના પંચનામા અન્વયે બે પંચોની હાજરીમાં આરોપી પાસેથી તેના સોશીયલ મિડીયાનાં આઈ.ડી. અને પાસવર્ડ મેળવેલ હોવાનું પુરવાર થાય છે. આ દરમ્યાન કબજે લેવામાં આવેલ આરોપીનો ઉપરોક્ત મોબાઈલ આંક–૨૬૭ ની રવાનગી નોંધ સાથે એફ.એસ.એલ. ને મોકલી, આંક–૨૮૦ ના પત્ર મુજબ આ મોબાઈલનું સંપૂર્ણ બેકઅપ તથા ટેઈક આઉટ ડેટા મેળવી છેલ્લા એક વર્ષમાં આરોપી દ્વારા હથિયાર કે કોઈ સાધન ખરીદવા સર્ચ કરવામાં આવેલ છે કે કેમ, તે અંગે બ્રાઉઝ હિસ્ટ્રીનો ડેટા મેળવી આપવા વિનંતી કરવામાં આવેલ તેવું ચથાર્થ રીતે પુરવાર થાય છે. ઉપર મુજબ આરોપીનો મોબાઈલ એફ.એસ.એલ. ને મળતા એફ.એસ.એલ. દ્વારા આંક–૨૮૦ ના પત્ર મુજબ આરોપીના મોબાઈલમાંથી ડેટા રીટ્રાઈવ કરવામાં આવેલ. આ અંગે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૫** તરીકે સાયન્ટીફીક ઓફિસર **વિમલકુમાર કાનજીભાઈ રાવલ**ને **આંક–૨૯૮** થી તપાસવામાં આવેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીના પૅરેગ્રાફ–૨૬ માં

જણાવેલ છે કે, આંક–૨૬૭ ની કામરેજ પોલીસ સ્ટેશનની રવાનગી આધારે માર્ક 'D–3' વાળું એક પાર્સલ તેમને પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલ, જેમાં એક સેલફોન હતો; આ સેલફોનમાં બે સીમકાર્ડ અને એક મેમરીકાર્ડ હતા; આ સેલફોન સેમસંગ કંપનીનો હતો, જે મોબાઈલમાં રહેલા બંને સીમકાર્ડ પૈકી પ્રથમ જીયો કંપનીનું અને બીજું સીમકાર્ડ વોડાફોન આઈડીયા કંપનીનું હતું. આ શાહેદે સદર મોબાઈલના આઈએમઈઆઈ નંબર તથા આઈસીસીઆઈડી નંબરની સંપૂર્ણ વિગતો જણાવ્યા બાદ વિશેષમાં જણાવેલ છે કે, તેમણે ઉપરોક્ત મોબાઈલ, બંને સીમ કાર્ડ તથા મેમરી કાર્ડને કોમ્પ્યુટર ફોરેન્સીક અંગેનાં કાર્ડીનલ રૂલ્સને અનુસરીને ફોરેન્સીકલી એનાલાઈઝ કરેલા અને અધિકૃત કોમ્પ્યુટર ફોરેન્સીક સોફ્ટવેર તથા અધિકૃત હાર્ડવેરનાં ઉપયોગથી તેમાં રહેલ પોલીસ પ્રશ્નોત્તરી મુજબનો તમામ ડેટા રીટ્રાઈવ કરેલો, જેમાં કોન્ટેક્સ, કોલ લોગ્સ, એસ.એમ.એસ. મેસેજીસ, ઓડીયો રેકોર્ડીંગ્સ, વિડીયોઝ, ઈમેજીસ, લોકેશન્સ, ડોક્યુમેન્ટ્સ, ઈન્સ્ટોલ્ડ એપ્સ, વોટ્સઅપ ચેટ્સ, ફેસબુક મેસેન્જર ચેટ્સ, સ્નેપચેટ ચેટ્સ, વોટ્સઅપ બિઝનશ ચેટ્સના તમામ સ્ક્રીનશોટ્સ, ઈન્સ્ટાગ્રામ ચેટ્સના તમામ સ્ક્રીનશોટ્સ અને ક્રોમ બ્રાઉઝરની વેબ હીસ્ટ્રીના સ્ક્રીનશોટ્સ વગેરે ડેટા એક સ્ટરાઈલ પેનડ્રાઈવમાં એનેક્ષર– D3 થી પોલીસને સુપ્રત કરેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, આ મોબાઈલમાંથી ગુગલ સર્વિસીસનો, ગુગલ ટેકઆઉટનો તમામ ડેટા ડાઉનલોડ કરી ઉપરોક્ત સ્ટરાઈલ પેનડ્રાઈવમાં કોપી કરી એનેક્ષર–D3–A થી પોલીસને સુપ્રત કરેલ. આ ઉપરાંત ઉપરોક્ત ગુગલ એકાઉન્ટના બેઝીક અને સબસ્ક્રાઈબર ઈન્ફોર્મેશનનો સ્ક્રીનશોટ્સ તેમના અહેવાલ સાથે મોકલેલ તથા

આરોપીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાંથી તમામ ડેટા ડાઉનલોડ કરી, તપાસ કરનાર અધિકારીએ પુરી પાડેલ ઉપરોક્ત સ્ટરાઈલ પેન ડ્રાઈવમાં કોપી કરી એનેક્ષર–D3–B તરીકે પોલીસને સુપ્રત કરેલ. આ ઉપરાંત આરોપીના સેલફોનમાંથી ગુગલ એકાઉન્ટ આઈ.ડી.માંથી લીધેલ ગુગલ ટેકઆઉટમાંથી આઈ.ડી. ધારકની હથિયાર સંબંધે કરાયેલ ગુગલ સર્ચ હીસ્ટ્રી, યુ ટ્યુબ સર્ચ હીસ્ટ્રી અને યુ ટ્યુબ વૉચ હીસ્ટ્રી, ફ્લીપકાર્ટ એપ પર આ આઈ.ડી. ધારકે સર્વાઈવલ નાઈફનો કેન્સલ કરેલ ઓર્ડર, વેપન્સ અંગે આ આઈ.ડી. ધારકે ગુગલક્રોમ પર કરેલ સર્ચ અંગે વેબ હીસ્ટ્રી તથા એમેઝોન અને બીજી સાઈટ્સની વેબ હીસ્ટ્રી મેળવેલ તથા આ આઈ.ડી. ધારકની પ્રોફાઈલ મુજબ હથિયારના વેપારીઓ સાથે તેણે કરેલ વોટ્સઅપ બીઝનેશ ચેટ મેળવી તેનાં સ્ક્રીનશોટ્સ એનેક્ષર–D3–C (શીટ નં.૨ થી ૯) તેમના અહેવાલ સાથે સામેલ કરેલ. આ ઉપરાંત આ મોબાઈલના મેમરી કાર્ડમાંથી વિડીયો ફાઈલ અને ઈમેજીસનો તમામ ડેટા રીટ્રાઈવ કરી તપાસ કરનાર અધિકારીએ પૂરી પાડેલ સ્ટરાઈલ પેનડ્રાઈવમાં કોપી કરી તેમના અહેવાલ સાથે એનેક્ષર–D3–M થી સામેલ કરેલ. આ ઉપરાંત બંને સીમકાર્ડના તમામ ડેટા પણ રીટ્રાઈવ કરી, તપાસ કરનાર અધિકારીને તેમના અહેવાલ સાથે સુપ્રત કરેલા. આમ, આ શાહેદની જુબાની જોતાં તપાસ કરનાર અધિકારીએ કબજે લીધેલ આરોપીના મોબાઈલમાંથી ઉપર દર્શાવેલ તમામ ડેટા અધિકૃત ફોરેન્સીક સોફ્ટવેર તથા હાર્ડવેરની મદદથી રીટ્રાઈવ કરી, સ્ટરાઈલ પેનડ્રાઈવમાં કોપી કરી તપાસ કરનાર અધિકારીને સુપ્રત કર્યાનું જણાય છે. આ શાહેદે આંક–૩૦૯ થી આરોપીના મોબાઈલ સંબંધે ફાઈનલ એક્ઝામીનેશન રીપોર્ટ રજૂ કરેલ છે તથા તેમણે પુરાવા અધિનિયમની

કલમ–૬૫(બી)(૪) મુજબ આપેલ પ્રમાણપત્ર આંક–૩૧૦ થી રજૂ કરેલ છે. આરોપીના ઉપરોક્ત મોબાઈલ ફોન સંબંધે બેઝીક ઈન્ફોર્મેશન, ગુગલ સબસ્ક્રાઈબર ઈન્ફોર્મેશન વગેરે એનેક્ષર–D3–C અન્વયે આંક–૩૧૧ થી રજૂ કરવામાં આવેલ છે.

(૧૦૩.૩) આ આંક–૩૧૧ થી રજૂ થયેલ એનેક્ષર–D3–C ના શીટ નં.૨ જોતાં તે આરોપીની તારીખઃ ૦૩.૧૨.૨૦૨૧ થી તારીખઃ ૨૭.૦૧.૨૦૨૨ સુધીની ગુગલ એકાઉન્ટ 'Fenilgoyani333' ની ગુગલ સર્ચ હિસ્ટરી જણાય છે, જે ટેબ્યુલર ફોર્મમાં નીચે દર્શવવામાં આવેલ છેઃ–

| ક્રમ | તારીખ | સમય | વિગત |
|---|---|---|---|
| ૧ | ૦૩.૧૨.૨૦૨૧ | ૧૩:૨૨:૨૭ | પોઈઝન |
| ૨ | ૨૩.૧૨.૨૦૨૧ | ૨૨:૩૬:૫૫ | નાઈફ વીથ કવર ફોર સેલ્ફ ડિફેન્સ |
| ૩ | ૨૪.૧૨.૨૦૨૧ | ૧૨:૫૭:૦૧ | નાઈફ |
| ૪ | ૨૪.૧૨.૨૦૨૧ | ૧૨:૫૭:૨૭ | કિચન નાઈફ |
| ૫ | ૨૪.૧૨.૨૦૨૧ | ૧૨:૫૭:૨૯ | નાઈફ વીથ કવર ફોર સેલ્ફ ડિફેન્સ |
| ૬ | ૦૪.૦૧.૨૦૨૨ | ૦૯:૧૮:૪૨ | એર ગન પ્રાઈઝ ઈન સુરત |
| ૭ | ૦૪.૦૧.૨૦૨૨ | ૦૯:૧૯:૦૫ | એર ગન પ્રાઈઝ ઈન સુરત |
| ૮ | ૦૪.૦૧.૨૦૨૨ | ૦૯:૧૯:૧૧ | એર ગન પ્રાઈઝ |
| ૯ | ૦૪.૦૧.૨૦૨૨ | ૦૯:૨૦:૫૨ | એર ગન મેટલ |
| ૧૦ | ૦૪.૦૧.૨૦૨૨ | ૦૯:૨૧:૨૩ | એર ગન મેટલ બુલેટ્સ |
| ૧૧ | ૦૪.૦૧.૨૦૨૨ | ૦૯:૨૧:૨૭ | મેટલ એર ગન કોસ્ટ |
| ૧૨ | ૦૪.૦૧.૨૦૨૨ | ૦૯:૨૧:૩૪ | મેટલ એર ગન સીઓટુ |
| ૧૩ | ૨૭.૦૧.૨૦૨૨ | ૧૬:૦૧:૪૮ | ગન |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | ૨૭.૦૧.૨૦૨૨ | ૧૬:૦૨:૦૭ | ગન ઓરીજીન ઈન ઈન્ડિયા પ્રાઈઝ |
| ૧૫ | ૨૭.૦૧.૨૦૨૨ | ૧૬:૦૨:૨૧ | ગન ઓરીજીન ઈન ઈન્ડિયા પ્રાઈઝ |
| ૧૬ | ૨૭.૦૧.૨૦૨૨ | ૧૬:૦૨:૪૩ | હિન્દુસ્તાન ટાઈમ્સ – ફાયર આર્મ્સ લીડીંગ ટુ બ્લેક મની ટ્રાન્ઝેકશન્સ – શુટર્સ ડીલર્સ |

(૧૦૩.૪) શીટ નં.૩ જોતાં તે આરોપીના ગુગલ એકાઉન્ટ 'Fenilgoyani333' ના ગુગલ ટેકઆઉટમાં મળેલ હથિયારો સંબંધેની સર્ચ હિસ્ટરી જણાય છે, જે ટેબ્યુલર ફોર્મમાં નીચે દર્શવવામાં આવેલ છે:–

| ક્રમ | તારીખ | સમય | વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૩.૧૨.૨૦૨૧ | ૨૦:૫૩:૨૯ | ગન |
| ૨ | ૩૦.૧૨.૨૦૨૧ | ૦૯:૪૬:૫૯ | મર્ડર સ્ટેટસ |
| ૩ | ૨૪.૦૧.૨૦૨૨ | ૨૦:૨૬:૫૭ | ગન ઓરીગામી |
| ૪ | ૨૪.૦૧.૨૦૨૨ | ૨૦:૨૮:૦૧ | ગન ઓરીજીનલ |
| ૫ | ૨૪.૦૧.૨૦૨૨ | ૨૦:૩૦:૨૦ | ગન ઓરીજીનલ સ્ટેટસ |
| ૬ | ૨૭.૦૧.૨૦૨૨ | ૧૬:૦૧:૧૬ | ગન |

(૧૦૩.૫) શીટ નં.૪ જોતાં તે આરોપીના ગુગલ એકાઉન્ટ 'Fenilgoyani333' ના ગુગલ ટેકઆઉટમાં મળેલ હથિયારો સંબંધેની યુટ્યુબ સર્ચ હિસ્ટરી જણાય છે, જે ટેબ્યુલર ફોર્મમાં નીચે દર્શવવામાં આવેલ છે:–

| ક્રમ | તારીખ | સમય | વિગત |
|---|---|---|---|
| ૧ | ૨૮.૧૨.૨૦૨૧ | ૦૯:૫૨:૦૨ | ઈન્ડિયન સ્વોર્ડ માર્કેટ પુષ્કર ન્યુ – ફિલ્મી તલવારે, બંદુક, છુરા, |

| | | | |
|---|---|---|---|
| | | | છુરી, ઈન્ડીયન વેપન્સ માર્કેટ રાજસ્થાન ટર્બો ન્યુઝ |
| ૨ | ૩૦.૧૨.૨૦૨૧ | ૦૯:૩૭:૪૪ | એરસોફ્ટ–એમ૯૨ સીલ્વર ડબલ્યુઈ જીબીબી ૬ એમએમ |
| ૩ | ૩૦.૧૨.૨૦૨૧ | ૦૯:૩૯:૪૩ | પીસ્તોલ ટીટી ડબલ્યુઝેડ.૩૩ |
| ૪ | ૦૪.૦૧.૨૦૨૨ | ૦૯:૧૭:૩૨ | હાઉ ટુ લોડ અ ૯એમએમ પેક બ્લેન્ક ગન – એરસોફ્ટ ગન ઈન્ડિયા – બ્લેન્ક ગન ઈન્ડિયા એરસોફ્ટ ગન ઈન્ડિયા |
| ૫ | ૨૪.૦૧.૨૦૨૨ | ૨૦:૨૫:૫૬ | માત્ર ૬૦૦ સે ગન્સ કી શુરૂઆત – માઉન્ટ આબુ બંદુકે રાઈફલ પીસ્તોલ ઓલ ઓવર વર્લ્ડ કી ચીપેસ્ટ એર વેપન ટર્બો ન્યુઝ |
| ૬ | ૨૪.૦૧.૨૦૨૨ | ૨૦:૨૬:૩૯ | સ્ટાર પીસ્તોલ ૯ એમએમ |
| ૭ | ૨૪.૦૧.૨૦૨૨ | ૨૦:૨૮:૧૪ | ભારતમેં સબસે સસ્તી એરગન કે લીચે લાયસન્સ કી જરૂરત નહીં, કેવલ ૧૦૦૦ રૂપયે સે શુરૂ |
| ૮ | ૨૪.૦૧.૨૦૨૨ | ૨૦:૨૯:૦૨ | પીસ્તોલ ટીટી ડબલ્યુઝેડ.૩૩ |
| ૯ | ૨૪.૦૧.૨૦૨૨ | ૨૦:૨૯:૪૪ | ૯એમએમ પીસ્તોલ ગન, ૯એમએમ પીસ્તોલ અનબોક્સીંગ, ટોપ ૩ દુનિયા કી સબસે બડી બંદુક |
| ૧૦ | ૦૩.૦૨.૨૦૨૨ | ૨૩:૧૯:૧૨ | **AK–૪૭ કૈસે કામ કરતા હૈ.** |

(૧૦૩.૬) શીટ નં.૫ જોતાં તે આરોપીના ગુગલ એકાઉન્ટ 'Fenilgoyani333' ના ગુગલ ટેકઆઉટમાં મળેલ હથિયારો સંબંધેની યુટ્યુબ સર્ચ હિસ્ટરી જણાય છે, જે ટેબ્યુલર ફોર્મમાં નીચે દર્શવવામાં આવેલ છેઃ–

| ક્રમ | તારીખ | સમય | વિગત |
|---|---|---|---|
| ૧ | ૧૯.૧૧.૨૦૨૧ | ૧૭:૧૯:૩૬ | ૯એમએમ પીસ્તોલ ગન, |

| | | | |
|---|---|---|---|
| | | | ૯એમએમ પીસ્તોલ અનબોક્સીંગ, ટોપ ૩ દુનિયા કી સબસે બડી બંદુક |
| ૨ | ૨૧.૧૨.૨૦૨૧ | ૨૦:૧૦:૧૫ | એરગન માર્કેટ ઈન ઈન્ડિયા, ૯એમએમ પીસ્તોલ, ગન ટેસ્ટીંગ |
| ૩ | ૨૩.૧૨.૨૦૨૧ | ૨૦:૫૩:૩૨ | માત્ર રૂ .૫૦૦ સે ગન્સ કી શુરૂઆત – માઉન્ટ આબુ બંદુકે રાઈફલ પીસ્તોલ દુનિયા કી ચીપેસ્ટ એર વેપન્સ ઈન ઈન્ડિયા |
| ૪ | ૨૩.૧૨.૨૦૨૧ | ૨૦:૫૪:૪૬ | સીઝેડ ૭૫ સીઓ–૨ બ્લોબેક બીબી પીસ્તોલ બાય એરસોફ્ટ ગન ઈન્ડિયા |
| ૫ | ૨૩.૧૨.૨૦૨૧ | ૨૦:૫૭:૫૫ | ૯એમએમ પીસ્તોલ ગન, ૯એમએમ પીસ્તોલ અનબોક્સીંગ, ટોપ ૩ દુનિયા કી સબસે બડી બંદુક |
| ૬ | ૨૮.૧૨.૨૦૨૧ | ૦૯:૦૪:૪૧ | ન્યુ ગન વિડીયો (દેશી કટ્ટા) |
| ૭ | ૨૮.૧૨.૨૦૨૧ | ૦૯:૦૬:૫૬ | ભારત મેં સબસે સસ્તી એરગન કે લીયે લાયસન્સ કી જરૂરત નહીં, કેવલ ૧૦૦૦ રૂપિયે સેસ શુરૂ |
| ૮ | ૨૮.૧૨.૨૦૨૧ | ૦૯:૦૯:૪૯ | ૯એમએમ બેરેટ્ટા લાઈટર રીવ્યુ, પીસ્તોલ લાઈટર, સબસે સસ્તી બંદુક, લાઈટર રીવ્યુ |
| ૯ | ૨૮.૧૨.૨૦૨૧ | ૦૯:૧૧:૧૫ | હાથ કી કારીગરી–ગન્સ બ્લોગ |
| ૧૦ | ૨૮.૧૨.૨૦૨૧ | ૦૯:૧૪:૩૪ | **હાઉ એન AK–૪૭ વર્કસ** |
| ૧૧ | ૨૮.૧૨.૨૦૨૧ | ૦૯:૪૪:૫૬ | હાઉ ગન્સ આર મેઈડ ઈન પાકિસ્તાન્સ ડારા આદમ ખેલ્સ સેન્ચ્યુરીઝ ઓલ્ડ દરા બઝાર |

(૧૦૩.૭) ઉપરોક્ત તમામ વિગતો જોતાં આરોપીએ છરી, ચપ્પુ

ઉપરાંત પીસ્તોલ, એર ગન, તલવાર, ૯ mm પીસ્તોલ, AK–૪૭ સુધીના હથિયારો અંગે અભ્યાસ કર્યાનું પુરવાર થાય છે. શીટ નં.૫ જોતાં તારીખઃ ૧૯.૧૧.૨૦૨૧ થી આરોપીએ હથિયારનો સર્ચ અને અભ્યાસ ચાલું કર્યાનું જણાય છે, જે સંબંધે શીટ નં.૨ માં દર્શાવ્યા મુજબ તારીખઃ ૨૭.૦૧.૨૦૨૨ સુધી વેબસાઈટ પર સર્ચ કરેલ હોવાનું જણાય છે, જેની તારીખ અને સમય અત્યંત મહત્વના છે. મરનાર ગ્રીષ્માબેનની હત્યાનો બનાવ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ બનેલ છે અને આ સર્ચ અને અભ્યાસ એવું સૂચવે છે કે, આરોપીએ નવેમ્બર–૨૦૨૧ થી આ હથિયારોની સર્ચ અને અભ્યાસ શરૂ કરી દીધેલ.

(૧૦૩.૮) એફ.એસ.એલ. ના અધિકારીએ રજૂ કરેલ ઉપરોક્ત એનેક્ષરનું શીટ નં.૬ જોવામાં આવે તો તેમાં આરોપીએ ફ્લીપકાર્ટ વેબસાઈટ પર તારીખઃ ૨૪.૧૨.૨૦૨૧, શુક્રવારના રોજ ન્યુ મેહતા એન્ટરપ્રાઈઝને એમ૭૭૮ નાઈફ, સર્વાઈવલ નાઈફનો ઓર્ડર આપ્યાનું જણાય છે, જે કાપાવાળું રેમ્બો નાઈફ તરીકે ઓળખાતું સર્વાઈવલ નાઈફ હોવાનું આ સ્ક્રીન શોટ પરથી જણાય છે. વધુમાં તેમણે એક સર્વાઈવલ નાઈફનો ઓર્ડર તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨ ના રોજ કેન્સલ કરાવેલાનું પણ જણાય છે.

(૧૦૩.૯) એફ.એસ.એલ. ના અધિકારીએ રજૂ કરેલ ઉપરોક્ત એનેક્ષરનું શીટ નં.૭ જોવામાં આવે તો તે એમેઝોનની તથા અન્ય વેબસાઈટ પર હથિયાર સંબંધે કરેલ સર્ચની વેબ હિસ્ટ્રી છે, જેમાં પણ આરોપીએ મોટા ભાગે આર્મી નાઈફ, નાઈફ વીથ કવર, શેફ્સ કિચન નાઈફ વગેરે અંગે સર્ચ કરેલાનું જણાય છે.

(૧૦૩.૧૦) એફ.એસ.એલ. ના અધિકારીએ રજૂ કરેલ ઉપરોક્ત એનેક્ષરનું શીટ નં.૮ જોવામાં આવે તો તે એમેઝોનની તથા અન્ય વેબસાઈટ પર હથિયાર સંબંધે કરેલ સર્ચની વેબ હિસ્ટ્રી છે, જેમાં પણ આરોપીએ આ જ પ્રકારે આર્મી નાઈફ, નાઈફ વીથ કવર, ૯એમએમ ગન પીસ્તોલ, ઈન્ડિયન ગન, ઈમ્પોર્ટેડ એર ગન, સીઓ-૨ રીવોલ્વર ઈન ઈન્ડિયા, ઈમ્પોર્ટેડ એર પીસ્તોલ વગેરે અંગે સર્ચ કરેલાનું જણાય છે.

(૧૦૩.૧૧) એફ.એસ.એલ. ના અધિકારીએ રજૂ કરેલ ઉપરોક્ત એનેક્ષરનું શીટ નં.૯ જોવામાં આવે તો આરોપીએ ૯ mm પીસ્તોલ સીક્સર ૩૦ બોર ૩૨ બોર બ્રેડ દેસી કટ્ટા પીસ્તોલ AK-૪૭ ઓલ ગન્સ એવેલેબલ હોમ ડીલીવરી એવેલેબલ ઓલ ઈન્ડિયા ૨૪ અવર્સ ડીલીવરી સંબંધે 'Ab' નામના બીઝનેશ એકાઉન્ટમાં મોબાઈલ નં.xxxxx xxx૭૫ પર ૨૮.૦૭.૨૦૨૧ ના રોજ તથા ૨૪.૦૧.૨૦૨૨ ના રોજ બીઝનેશ ચેટ કર્યાનું જણાય છે.

(૧૦૩.૧૨) એફ.એસ.એલ. દ્વારા રજૂ કરવામાં આવેલ ઉપરોક્ત શીટ્સ જોતાં મેં અગાઉ નોંધ્યું છે તે મુજબ અને શીટ નં.૯ અનુસાર આરોપીએ હથીયારોની સર્ચ અને અભ્યાસ તારીખઃ ૨૮.૦૭.૨૦૨૧ થી શરૂ કરી દીધેલ હોવાનું જણાય છે તેમજ તારીખઃ ૧૯.૧૧.૨૦૨૧ થી પિસ્તોલ વગેરેની સર્ચ કરેલ છે, જે તારીખઃ ૨૭.૦૧.૨૦૨૨ સુધી ચાલેલ છે. આ દરમ્યાન જ આરોપીએ તારીખઃ ૨૪.૧૨.૨૦૨૧ ના રોજ મેં અગાઉ ઉલ્લેખ કરેલ છે, તે કાળા કલરના કાપાવાળા ચપ્પુનો ઓર્ડર આપ્યાનું જણાય છે. આરોપીએ ઉપરોક્ત ચપ્પુનો ફ્લીપકાર્ટ પર આપેલ ઓર્ડર

તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨, બુધવારના રોજ કેન્સલ કરાવેલાનું પણ જણાય છે. આ ઓર્ડર કેન્સલેશનની તારીખ પણ અત્યંત મહત્વની છે, જેનો ઉલ્લેખ હું હવે પછી કરીશ.

(૧૦૪) એ નોંધપાત્ર છે કે, ફરિયાદ પક્ષના કેસ મુજબ ઉપરોક્ત ફ્લીપકાર્ટ પર ચપ્પુનો ઓર્ડર કેન્સલ કરાવ્યા બાદ આરોપીએ કુલ બે ચપ્પુ ખરીદેલ છે, જે પૈકી એક કાપાવાળા ચપ્પુનો ઉપયોગ ઈજા પામનાર ફરિયાદી ધ્રુવ તથા સુભાષભાઈ પર જીવલેણ હુમલો કરવા માટે થયેલો, જ્યારે બીજા લાંબા ચપ્પુનો ઉપયોગ બનાવના સ્થળે મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી હત્યા કરવા માટે થયેલ. આથી આ મુદ્દા સંદર્ભે રેકર્ડ પર આવેલ પુરાવો તપાસવો જરૂરી બને છે.

(૧૦૫) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૬** તરીકે **મીત હસમુખભાઈ કુંભાણી**ને **આંક-૧૮૦** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના આરોપી ફેનિલ તેમના મિત્ર છે. સદર શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે . આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, તેઓ કાપોદ્રા ખાતે આવેલ સ્કાયલાર્ક શોપીંગ સેન્ટરમાં ૧૦૪ નંબરમાં આવેલ સંદીપભાઈ માણીયાના કોફી શોપ પર રૂપિયા દસ હજારના પગારથી નોકરી કરતા હતા, ત્યાં તેમને આરોપીને મળવાનું થતું. તેમણે વિશેષમાં જણાવેલ છે કે, હાલના બનાવના આશરે દોઢેક મહિના પહેલાં આ ફેનિલે ફ્લીપકાર્ટ ઉપરથી એક ચાકુ મંગાવેલ અને તેમને કહેલું કે, તે સલામતી માટે મંગાવે છે; પછી આ ચાકુનું પાર્સલ આવેલ ન હતું, તે દરમ્યાન આ શાહેદે તેમના મિત્ર ચિરાગ સોજીત્રા પાસે

તેણે વિડીયો બનાવવા માટે એક ચાકુ ખરીદેલ હોવાની તેમને ખબર હોઈ, તેમણે ચિરાગને કહેલું કે, તેની પાસે ચાકુ છે તે તેને કામનું ન હોય તો ફેનિલને આપી દે; પછી ચિરાગ અને ફેનિલે એકબીજા સાથે કોન્ટેકટ કરેલો અને ચિરાગે તે ચાકુ આ ફેનિલને પાંચસો રૂપિયામાં વેચાણ આપેલ; જે ચાકુ કાળા કલરનું ખાંચાવાળું હતું. આ શાહેદે જણાવેલ છે કે, તેમને તે ચાકુ બતાવવામાં આવે તો તે ઓળખી શકે. આથી આ શાહેદને સુભાષભાઈ તથા ધ્રુવને જે ચપ્પુથી મારવામાં આવેલ મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ વાળું ચપ્પુ બતાવતા તે તેમણે ઓળખી બતાવેલ છે. આમ, આરોપીએ ફ્લીપકાર્ટ પરથી ચપ્પુનો ઓર્ડર કેન્સલ કરાવ્યા બાદ આ શાહેદ મીત હસમુખભાઈ કુંભાણીના મિત્ર ચિરાગ સોજીત્રા પાસેથી ખરીદેલ તે જ હોવાનું પુરવાર થાય છે.

(૧૦૬) હવે આ જ સંબંધે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪૭** તરીકે તપાસવામાં આવેલ **ચિરાગભાઈ હસમુખભાઈ સોજીત્રા**ની **આંક-૧૮૧** ની સોગંદ પરની જુબાની જોવામાં આવે તો તેમણે જણાવેલ છે કે, તેમના મિત્ર મીત હસમુખભાઈ કુંભાણી કે જે સ્કાયલાર્ક બિલ્ડિંગ ખાતે આવેલ કોફી શોપમાં નોકરી કરે છે તેને ત્યાં અવરજવર કરતા હોઈ અને આ ફેનિલ પણ ત્યાં આવતો હોઈ, તેઓ આરોપી ફેનિલને ઓળખે છે. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, આશરે બે વર્ષ પહેલા તેમણે યુ ટ્યુબ પર તેમના નામથી એક ચેનલ બનાવેલ, જેની ઉપર તેઓ તેમના ગૃપના મિત્ર સાથે કોમેડી વિડીયો બનાવી અપલોડ કરતા હતા. આ શાહેદે વધુમાં એવું પણ જણાવેલ છે કે, તેઓ દોઢેક વર્ષ પહેલાં સુરતથી ધારી જતા હતા ત્યારે તેમણે વિડીયો બનાવવા માટે રસ્તામાં એક હોટેલ પરથી

એક ચાકુની ખરીદી કરેલ; ત્યાર બાદ તેમની ચેનલ બંધ થઈ જતા તેમણે સ્કાયલાર્ક શોપીંગ સેન્ટરમાં આવેલ મીત નોકરી કરતો હતો તે કોફી શોપના સીલીંગમાં આ ચાકુ મુકી રાખેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, આજથી આશરે દોઢ થી બે મહીના પહેલાં તેમના મિત્ર મીતએ તેમને ફોન પર કહેલું કે, તેના મિત્ર ફેનિલે ફ્લીપકાર્ટ પરથી એક ચાકુ મંગાવેલ છે, પણ હજી સુધી પાર્સલ આવેલ નથી, તો તેમની પાસે જે ચાકુ છે, તે તેમને પાંચસો રૂપિયામાં આપવું છે? જેથી તેમણે 'હા' પાડેલી; પછી તેમણે મીતને કહેલું કે, 'તું તેની પાસેથી પાંચસો રૂપિયા લઈ લે અને ચાકુ મેં સીલીંગમાં મુકેલ છે તે તેને આપી દે'; પછી આ મીતે તેમને પાંચસો રૂપિયા આપી દીધેલા. શાહેદે જણાવેલ છે કે, આ ચાકુ કાળા કલરનું અને  કોલંબીયા કંપનીનું હતુ, તેની સાથે ચાકુની અણીનાં ભાગેથી ફાટેલું કવર હતું. આ શાહેદને મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ વાળું ચપ્પુ બતાવતા તે તેમણે ફેનિલને વેચેલ તે જ હોવાનું, તેની પર ખાંચા છે અને કોલંબીયા લખેલું છે, તેમ જણાવી કોર્ટ રૂબરૂ આ ચપ્પુ ઓળખી બતાવેલ છે.

(૧૦૭) ઉપરોક્ત બંને શાહેદોનો પુરાવો એવું સૂચવે છે કે, આરોપીએ ફ્લીપકાર્ટ પર તારીખઃ ૨૪.૧૨.૨૦૨૧ ના રોજ જે ચપ્પુનો ઓર્ડર આપેલ, તે તેમણે તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨ ના રોજ કેન્સલ કરાવેલ; ત્યાર બાદ આરોપીએ આ શાહેદ મીત હસમુખભાઈ કુંભાણી મારફત શાહેદ ચિરાગભાઈ સોજીત્રા પાસેથી કાળા કલરનું ખાંચાવાળું ચપ્પુ પાંચસો રૂપિયામાં ખરીદેલ, જે મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ વાળુ ચપ્પુ જ હોવાનું ઉપરોક્ત બંને શાહેદોએ જણાવી કોર્ટ રૂબરૂ સ્પષ્ટપણે

ઓળખી બતાવેલ છે અને આરોપીને પણ ઓળખી બતાવેલ છે. હું એ નોંધવું જરૂરી માનું છું કે, આ જ ચાકુ વડે આરોપીએ ઈજા પામનાર સુભાષભાઈના પેટના ભાગે ઘા કરી દેતાં તેના આંતરડા બહાર આવી ગયેલ, તેવું સદર શાહેદ સુભાષભાઈએ કોર્ટ રૂબરૂ સ્પષ્ટપણે જણાવેલ છે.

(૧૦૮.૧) આરોપીએ મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારને મારી નાંખવાનો દ્દઢ નિશ્ચય કરી, પ્લાનીંગ સાથેની પૂર્વતૈયારી કરેલ, તે સંબંધે રેકર્ડ પર આવેલ અન્ય પુરાવો જોવામાં આવે તો, ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫૩** તરીકે **ઝીલ ચંદુભાઈ સુરાણી**ને **આંક-૨૦૩** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સુરત મુકામે રહે છે અને વેસુ ખાતે ભગવાન મહાવીર કોલેજમાં બી.સી.એ. ના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરે છે. આ શાહેદની ઊલટતપાસમાં ખૂલે છે તે રીતે તેઓ 'ઘનશ્યામ લાઈવ કેક' નામની દુકાન પર કામ કરે છે અને આ કામના આરોપી ફેનિલ ક્યારેક ચોકલેટ કે કેક લેવા માટે આવતો હોઈ, તેઓ તેને ઓળખે છે. આ શાહેદે કોર્ટ રૂબરૂ આરોપીને ઓળખી બતાવ્યા બાદ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ તેઓ ઘનશ્યામ કેકની દુકાનમાં બેઠા હતા ત્યારે આ ફેનિલે ત્યાં આવીને તેમને કહેલ કે, 'ચાલ, ગલીમાં જઈને બે મિનિટમાં આવીએ'; પછી આ ફેનિલના એક્સેસ મોપેડ પર તેઓ બંને કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે પહોંચ્યા ત્યારે તેણે કહેલું કે, ડીમાર્ટમાં જવું છે; આથી આ શાહેદે તેને પૂછેલું કે, 'ડીમાર્ટ શું કામ માટે જવું છે?' તો તેણે કહેલું કે, 'ફીનાઈલની ગોળી અને ચોકલેટ લેવા જવું છે'; જેથી શાહેદે તેને કહેલું કે, 'ફીનાઈલની

ગોળી શું કરવા લેવી છે?' તો તેણે જણાવેલ કે, 'ટોયલેટમાં એર આવે છે, તેથી લેવી છે'; જેથી આ શાહેદે તેને કહેલું કે, 'કરીયાણાની દુકાનેથી લઈ લઈએ'; તો તેણે કહેલું કે, 'કરીયાણાની દુકાને એક પર એક ફ્રી ન આવે તેમજ ડીમાર્ટમાં ચોકલેટ પણ સસ્તી મળે છે'; પછી તેઓ બંને ડી–માર્ટ સ્ટોરમાં ગયેલા.

(૧૦૮.૨) આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યાર બાદ તેમણે ડીમાર્ટ સ્ટોરના નીચેના માળેથી ફીનાઈલની ગોળી લીધેલી; પછી આરોપી તેમને બીજા કે ત્રીજા માળે ચપ્પાના કાઉન્ટર પર લઈ ગયેલ; પછી તેણે ચાકુઓ જોઈને તેમને તેની કિંમત વાંચવા માટે કહેલું; પછી તેમણે આરોપીને પૂછેલું કે, 'તારે ચાકુનું શું કરવુ છે?' તો આરોપીએ કહેલું કે, 'મારે મારા મિત્રને આપવાનું છે'; ત્યાં નાના–મોટા બધા ચપ્પુ હતા, જે પૈકી આરોપી ફેનિલે મોટું ચાકુ લીધેલું; જેથી આ શાહેદે આરોપીને કહેલું કે, 'આ ચાકુ લઈને તું પકડાતો નહીં, નહીં તો મારા પપ્પાને ખબર પડશે તો મને ઘર બહાર કાઢી મૂકશે'; આથી આરોપીએ કહેલું કે, 'તું બીશ નહીં'; પછી નાના ચાકુ અને મોટા ચાકુની પ્રાઈઝ વાંચી આરોપીએ કહેલું કે, 'થોડા પૈસા વધારે દઈને મોટુ ચાકુ જ લેવાય'; પછી આરોપીએ તે મોટુ ચાકુ ખરીદેલ; પછી તેઓ નીચે ગયેલા, જ્યાં બીલીંગ કાઉન્ટર પાસે જતા હતા ત્યારે આરોપીએ કહેલું કે, 'હું કીટકેટ ચોકલેટ લેતો આવું'; પછી તે બે કીટકેટ લેતો આવેલો; ત્યાર બાદ તેઓ બીલીંગ કાઉન્ટર પર ગયેલા અને ત્યાં ફેનિલે પૈસા ચૂકવેલા અને બીલ લીધેલું; પછી તેઓએ ડીમાર્ટમાંથી બહાર નીકળી મોપેડ ઉપર બેસી કીટકેટ ચોકલેટ ખાધેલી; ત્યાંથી તેઓએ ખરીદેલ ચાકુ એક્સેસ મોપેડની

ડીકીમાં મુકી ઘનશ્યામ કેક શોપ ઉપર ગયેલા, જ્યાં તેણે ચોકલેટના કાઉન્ટર પર ફીનાઈલની ગોળી અને ચાકુ મૂકેલું; પછી તે ઉપર ગયેલ; પછી પાંચ મિનિટ પછી પાછો આવેલો; પછી આરોપીએ તેમને ફરીથી કહેલું કે, 'હાલ તો, બે મિનિટમાં આવીએ'; જેથી શાહેદે ઈન્કાર કરેલ અને જણાવેલ કે, તેમના મિત્રો આવે છે તેની સાથે તેમને હોટલમાં જવાનું છે. ડીમાર્ટમાંથી ખરીદેલ ચપ્પુ અંગે આ શાહેદે જણાવેલ છે કે, જો આ ચપ્પુ તેમને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. આ શાહેદને મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ નું ચપ્પુ કોર્ટ રૂબરૂ બતાવતા તે તેમણે ડીમાર્ટમાંથી ખરીદેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ તબક્કે હું એ નોંધવું જરૂરી માનું છું કે, આ શાહેદ આરોપી ફેનિલ સાથે ડીમાર્ટ પર ગયેલ અને આરોપીએ ત્યાંથી મોટું ચપ્પુ તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ ખરીદેલ છે, તેવું સ્પષ્ટ જણાવે છે. આ તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ એટલા માટે મહત્વની છે કે, તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨ ના રોજ આરોપીએ ફ્લીપકાર્ટ પર આપેલ ચાકુનો ઓર્ડર કેન્સલ કરેલ છે. આમ, શાહેદ મીત હસમુખભાઈ કુંભાણી, શાહેદ ચિરાગભાઈ હસમુખભાઈ સોજીત્રા તથા શાહેદ ઝીલ ચંદુભાઈ સુરાણીના પુરાવાને સમગ્રપણે વંચાણે લેતાં એ સ્પષ્ટ થાય છે કે, આરોપી ફેનિલે ફ્લીપકાર્ટ પર ચપ્પુ ખરીદવાનો ઓર્ડર તારીખઃ ૨૪.૧૨.૨૦૨૧ ના રોજ આપેલ, જે તેમણે તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨ ના રોજ કેન્સલ કરાવી, તેના બીજા જ દિવસે એટલે કે તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ ડીમાર્ટ સ્ટોરમાંથી કાળા કલરનું મોટું ચપ્પુ ખરીદેલ અને આ જ અરસામાં તેમણે શાહેદ ચિરાગભાઈ સોજીત્રા પાસેથી ખાંચાવાળું કાળા કલરનું કોલંબીયા કંપનીનું ચપ્પુ પાંચસો રૂપિયામાં ખરીદેલ. આ બંને ચપ્પુને આ કોર્ટના

મુદ્દામાલમાંથી કાઢી ઉપરોક્ત બંને શાહેદોને બતાવતા તેઓએ તેમની જુબાની દરમ્યાન સ્પષ્ટપણે આ બંને ચપ્પુ ઓળખી બતાવેલ છે. આમ એ હકીકત પુરવાર થાય છે કે, આરોપીએ શાહેદ ઝીલ ચંદુભાઈ સુરાણી સાથે ડીમાર્ટ સ્ટોર પરથી મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ વાળું ચપ્પુ ખરીદેલ છે. આંક–૧૪૫ ની વિડીયો ક્લીપ્સ જોતાં, આ જ ચપ્પુનો ઉપયોગ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરવા માટે થયેલ હોવાનું પુરવાર થાય છે. આ જ સંબંધે આંક–૧૦૮ નું ગુનાવાળી જગ્યાનું પંચનામું જોવામાં આવે તો તેમાં આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને જે જગ્યાએ ચાકુ મારી મોત નીપજાવેલ, ત્યાંથી એક કાળા કલરનું પ્લાસ્ટીકના હાથાવાળું સ્ટીલનું ચપ્પુ લોહીના સુકાઈ ગયેલ ડાઘા વાળું કબજે લેવામાં આવેલ હોવાનું જણાય છે. આ હકીકતને **શાહેદ નં.૨૩** તરીકે તપાસવામાં આવેલ **પંચ શાહેદ રાહુલભાઈ નંદલાલભાઈ કળથીયા**ની **આંક–૧૦૭** ની જુબાનીથી સંપૂર્ણ સમર્થન મળે છે, એટલું જ નહીં, આ પંચ શાહેદે પણ અદાલત રૂબરૂ મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ થી રજૂ થયેલ ચપ્પુ સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત બનાવના નજરે જોનાર શાહેદો પૈકી શાહેદ તુષારભાઈ બોરડ તથા શાહેદ રેણુકાબેન કિકાણીએ પણ મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ વાળું આ ચપ્પુ ઓળખી બતાવેલ છે.

(૧૦૯) આ હકીકતને સમગ્રપણે જોતાં એ સ્પષ્ટ થાય છે કે, તારીખઃ ૨૪.૧૨.૨૦૨૧ ના રોજ ફ્લીપકાર્ટ પર ચપ્પુનો ઓર્ડર આપી તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨ ના રોજ તે ઓર્ડર કેન્સલ કરાવ્યા બાદ બીજા દિવસે એટલે કે તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ આરોપીએ શાહેદ ઝીલ ચંદુભાઈ સુરાણી સાથે ડીમાર્ટ સ્ટોર પર જઈ, મરનાર ગ્રીષ્માબેનનું ગળું

કાપી હત્યા કરવા માટે ઉપયોગમાં લીધેલ તે ચપ્પુ ખરીદેલ. હું એ હકીકત પણ રેકર્ડ પર મૂકવી જરૂરી માનું છું કે, આરોપીએ ચપ્પુની ખરીદી કરતી વખતે તેની સાથે આવનાર તેમના મિત્ર ઝીલ ચંદુભાઈ સુરાણીને પણ તેઓ શા માટે આ ચપ્પુ ખરીદે છે, તેનો અણસાર સુદ્ધા આવવા દીધેલ નથી, બલ્કે તે સંબંધે આ શાહેદે આરોપીને સાહજીકપણે પૂછતાં આરોપીએ તેને ગુમરાહ કરતા જણાવેલ છે કે, ડીમાર્ટમાં ફીનાઈલની ગોળી અને ચોકલેટ લેવા જવું છે, ટોયલેટમાં એર આવે છે એટલે ફીનાઈલની ગોળી લેવી છે, કરીયાણાની દુકાને એક ઉપર એક ફ્રી ન આવે તેમજ ડી–માર્ટમાં ચોકલેટ પણ સસ્તી મળે છે તથા ચપ્પુ તેમને તેમના મિત્રને આપવાનું છે. આમ, આરોપી તેમના મિત્ર સમક્ષ જુઠ્ઠું બોલી તેઓ આ ચપ્પુ શા માટે ખરીદવા માંગે છે, તે જણાવતા નથી. આમ આરોપીની ઉપરોક્ત વર્તણૂંક એક પ્રોફેશ્નલ ગુનેગારને શોભે તે રીતની વર્તણૂંકનો પરીચય આપે છે.

(૧૧૦) આરોપીએ ડીમાર્ટ સ્ટોર પરથી ઉપરોક્ત ચપ્પુ ખરીદેલ, તે સંબંધે તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરે કેટલોક વિશેષ પુરાવો એકત્ર કરેલ છે. તપાસ કરનાર અધિકારીશ્રી ગીલાતરે તેમની આંક–૨૫૫ ની જુબાનીના પૅરેગ્રાફ–૪૩ માં જણાવેલ છે કે, તેમણે પી.આઈ. શ્રી જે.ડી.વાઘેલાને ડીમાર્ટ સ્ટોરના સીસીટીવી ફુટેજ કબજે લેવાનું સૂચન કરતાં શ્રી વાઘેલાએ બે પંચો રૂબરૂ ડીમાર્ટ સ્ટોરના તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજના સીસીટીવી ફુટેજ કબજે લીધેલ, જેમાં આરોપી એક ચાકુ, ફીનાઈલની ગોળીના બે પેકેટ તથા બે કીટકેટ ચોકલેટ ખરીદે છે અને ત્યાર બાદ કાઉન્ટર નં.૮ પર શાહેદ ધ્રુવિબેન

કોઠીયાને પૈસા ચૂકવી ખરીદીનું બીલ લે છે તેવું જણાય છે. આ સીસીટીવી ફુટેજનું વિગતવાર પંચનામું કરી, તપાસના કામે રજૂ કરવામાં આવેલ છે અને તે સમયે પી.આઈ. શ્રી જે.ડી.વાઘેલાએ ડીમાર્ટ સ્ટોરના મેનેજર મોહંમદ અલ્તાફ શકીલ શેખનું નિવેદન લીધેલ, જે તપાસના કામે સામેલ રાખેલ. આ હકીકતને ફરિયાદ પક્ષે શાહેદ નં.૫૯ તરીકે તપાસવામાં આવેલ પી.આઈ.શ્રી જયસુખભાઈ દેવજીભાઈ વાઘેલાની આંક–૨૨૧ ની જુબાનીથી સંપૂર્ણ સમર્થન મળે છે.

(૧૧૧) આ સંબંધે ફરિયાદ પક્ષે ડીમાર્ટ સ્ટોરમાં સીક્યુરીટી ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતા અને આ કામના **પંચ શાહેદ રમેશભાઈ મગનભાઈ પટેલ**ને **શાહેદ નં.૧૨** તરીકે **આંક–૬૧** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૪.૦૧.૨૦૨૨ નાં રોજ બપોરના આશરે એક વાગ્યાની આસપાસ પોલીસ તેમના ડીમાર્ટ યુનિટમાં બીજા માળે મેનેજર અલ્તાફભાઈની ચેમ્બરમાં આવેલ અને પોલીસે તેમના મેનેજર સાહેબ પાસે તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ એક વ્યક્તિએ ચાકુ ખરીદેલ તેના સીસીટીવી ફુટેજ માંગેલા; પછી આ મેનેજર અલ્તાફભાઈની ચેમ્બરમાં સીસીટીવી ફુટેજ કોમ્પ્યૂટરમાં ચાલું કરતા તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ છ થી સવા છ વાગ્યે બે પાતળા બાંધાનાં છોકરાઓ એન્ટ્રી ગેટમાંથી આવતા દેખાયેલા; તેઓ બીજા માળે ગયેલા; તેઓએ તેમના સ્ટોરના વાસણના વિભાગમાંથી ચપ્પુ ખરીદેલ, જે અંગે તેમના સ્ટાફના એક બહેને બીલ બનાવેલ. આ તમામ ફુટેજ કોમ્પ્યૂટરમાંથી એક પેન ડ્રાઈવમાં કોપી કરી અલ્તાફભાઈએ પોલીસને આપેલ અને તે સાથે એક પ્રમાણપત્ર પણ

આપેલ, જે બાબતે વિગતવાર પંચનામું કરી પોલીસે પેન ડ્રાઈવ કબજે કરી સીલ કરેલ. આ શાહેદે મુદ્દામાલ આર્ટિકલ નં.૨૯ ની પેન ડ્રાઈવ ઓળખી બતાવી, તે તેમની હાજરીમાં પોલીસને સુપ્રત કરેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ  મુદ્દામાલ આર્ટિકલ નં.૨૯ ની પેન ડ્રાઈવ શાહેદને આ કોર્ટના આઈ.ટી. અધિકારી દ્વારા લેપટોપમાં પ્લે કરી બતાવતા તેઓ જણાવે છે કે, તેમાં પ્રથમ રેકોર્ડીંગમાં, કલાક ૧૮:૧૮:૧૩ વાગ્યે બે વ્યક્તિઓ એક ચાકુ તથા ત્રણ અન્ય પેકેટ ખરીદી તેના બીલની પ્રોસેસ કરતા જણાય છે અને કોઈ એક બહેન પાસે પૈસા ચૂકવી રસીદ લઈને જતા જણાય છે. આ કોર્ટે તેમના બીલના સમયની નોંધ કરેલ છે, જે ૧૮:૧૮:૧૩ વાગ્યાનો છે અને તે બે છોકરાઓ પૈકી એક આ કામના આરોપી હોવાનું જણાય છે. ત્યાર બાદ આ પંચ શાહેદે આ પેન ડ્રાઈવનું બીજું રેકોર્ડીંગ જોઈને જણાવેલ છે કે, કલાક ૧૮:૦૯ વાગ્યે ઉપરોક્ત બે પાતળા બાંધાની વ્યક્તિઓ વાસણ વિભાગમાં કોઈ ચીજવસ્તુઓ લેતા નજરે પડે છે; આ ઉપરાંત કલાક ૧૮:૦૬:૫૨ થી જોતા ઉપરોક્ત બંને પાતળા બાંધાની વ્યક્તિઓ મેઈન એન્ટ્રન્સથી આ સ્ટોરમાં દાખલ થતા હોવાનું જણાવી, સદર બંને છોકરાઓ પૈકી એક આ કામના આરોપી હોવાનું જણાવેલ છે. સદર શાહેદે આ તમામ ફુટેજ ઓળખી બતાવી ઉપરોક્ત પેન ડ્રાઈવ આંક–૬૨ થી રજૂ કરેલ છે અને આ સંબંધે તેમની હાજરીમાં થયેલ પંચનામું તેમણે આંક–૬૩ થી રજૂ કરી તેમાં તેમની સહી ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત મુદ્દામાલ આર્ટિકલ નં.૨૯ માંથી નીકળેલ પંચ સ્લીપમાં પણ તેમની સહી હોવાનું જણાવી આંક–૬૪ થી રજૂ કરેલ છે. આ શાહેદે પણ પેન ડ્રાઈવમાં દેખાતા બે છોકરાઓ પૈકી એક કોર્ટમાં હાજર છે તે જ આરોપી હોવાનું જણાવી

ઓળખી બતાવેલ છે. આ શાહેદની બચાવ પક્ષે કરેલ ઊલટતપાસમાં એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, તેમની ફરજ પાર્કીંગ ઉપરાંત મેઈન ગેટ ઉપર તથા કપડાં ચેન્જ કરે તે વિભાગમાં હોય છે; તેમના સ્ટોરમાં રોજના લગભગ ત્રણ થી ચાર હજાર માણસો આવે છે તથા રોજબરોજ આવતા તમામ માણસોના ચહેરા યાદ ન રહે. તેમણે વધુમાં જણાવેલ છે કે, કોમ્પ્યૂટરનું કામકાજ ચાલતું હતું ત્યારે ત્યાં તેમનું કામ ન હોઈ, તેઓ ત્યાં ન હતા.

(૧૧૨) ઉપરોક્ત પુરાવા પરથી એવું જણાય છે કે, તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ આરોપી તેમના મિત્ર શાહેદ ઝીલ સુરાણી સાથે ડીમાર્ટ સ્ટોર પર ચાકુ લેવા ગયેલ, તેના સીસીટીવી ફુટેજ ઉપરોક્ત પંચ શાહેદ રૂબરૂ કબજે લેવામાં આવેલ, જેમાં આ કામના આરોપી તથા તેનો મિત્ર ઝીલ ડીમાર્ટ સ્ટોરમાં દાખલ થતા , વાસણ વિભાગમાંથી ચપ્પુ ખરીદતા તથા ચાકુ, ફીનાઈલની ગોળીના બે પેકેટ તથા બે કીટકેટ ચોકલેટ અંગે કાઉન્ટર પર એક બહેનને પૈસા ચૂકવતા હોવાનું જણાય છે, જે મતલબના સીસીટીવી ફુટેજ મેનેજર મોહંમદ અલ્તાફ શકીલ શેખે પોલીસને પેનડ્રાઈવમાં સુપ્રત કરેલ. બચાવ પક્ષના વિ.વકીલશ્રી શેખે આ શાહેદની ઊલટતપાસ પર આ કોર્ટનું ધ્યાન દોરી રજૂઆત કરેલ છે કે, ડીમાર્ટ સ્ટોર પર રોજના ત્રણથી ચાર હજાર માણસો આવતા હોય ત્યારે ઉપરોક્ત પંચ શાહેદને આરોપીનો ચહેરો યાદ રહે, તે માની શકાય તેમ નથી તેમજ શાહેદે કબૂલ કરેલ છે કે, કોમ્પ્યૂટરમાંથી ડેટા લેવામાં આવ્યા ત્યારે તેઓ હાજર ન હતા, જેની આ સીસીટીવી ફુટેજની હકીકત માની શકાય નહીં. વિ.વકીલશ્રી શેખની આ રજૂઆત સંદર્ભે ખાતરી કરવા માટે

આરોપીના મિત્ર ઝીલ સુરાણીની આંક–૨૦૩ ની જુબાનીનો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. આ શાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ તેઓ આરોપી સાથે ડીમાર્ટ સ્ટોર પર ગયેલા, ત્યાં તેમણે વાસણ વિભાગમાંથી ચપ્પુ ખરીદેલ, આરોપીએ ફીનાઈલની ગોળીના બે પેકેટ તથા કીટકેટ ચોકલેટ ખરીદેલ અને કોઈ એક બેનને પૈસા ચૂકવી બીલ પણ લીધેલ. આ શાહેદની જુબાનીના પૅરેગ્રાફ–૭ જોતાં એવું જણાય છે કે, ડીમાર્ટ સ્ટોરમાંથી સીસીટીવી ફુટેજ કબજે લીધા અંગેની આંક–૬૨ ની પેન ડ્રાઈવ અત્રેની કોર્ટના આઈ.ટી. વિભાગના અધિકારી દ્વારા લેપટોપમાં શાહેદ ઝીલ ચંદુભાઈ સુરાણીને પણ બતાવવામાં આવેલ છે. તેમની જુબાનીમાં ઉલ્લેખ છે કે, આંક–૬૨ ની પેન ડ્રાઈવમાં ત્રણ ફાઈલો છે, જે પૈકી પ્રથમ રેકોર્ડીંગ જોતાં કલાક ૧૮ઃ૧૮ઃ૦૧ વાગ્યે બીલીંગ કાઉન્ટર પાસે પહેલો છોકરો ઉભેલ છે તે તેઓ પોતે છે અને તેમના પછી બીલ ચૂકવે છે તે આરોપી છે; આ કાઉન્ટર ઉપર ચાકુ, કીટકેટ તેમજ ફીનાઈલની ગોળીઓનું પેકેટ પણ હોવાનું ઓળખી બતાવેલ છે; ઉપરાંત આરોપીએ તેમને 'હું પૈસા આપી દંઉ' તેમ કહેતા આ ચાકુ, કીટકેટની ચોકલેટ અને ગોળીઓનું પેકેટ આ શાહેદે પોતે હાથમાં પકડેલ છે, તેવું ૧૮ઃ૧૮ઃ૧૨ કલાકના ફુટેજ જોઈને ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત આ શાહેદે આ પેન ડ્રાઈવનું બીજું રેકોર્ડીંગ જોઈને જણાવેલ છે કે, ડીમાર્ટ સ્ટોરની મેઈન એન્ટ્રીમાંથી કલાક ૧૮ઃ૦૬ઃ૫૩ વાગ્યે આરોપી દાખલ થાય છે અને ૧૮ઃ૦૬ઃ૫૭ વાગ્યે તેઓ પોતે એટલે કે શાહેદ ઝીલ સુરાણી દાખલ થતા હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત આ શાહેદે પેન ડ્રાઈવમાં રહેલ ત્રીજું રેકોર્ડીંગ જોઈને જણાવેલ છે કે, કલાક ૧૮ઃ૦૮ઃ૨૮ વાગ્યે ડીમાર્ટમાંથી

બીજા કે ત્રીજા માળે જે બે છોકરાઓ દેખાય છે, તેમાં તેઓ આગળ અને પાછળ આરોપી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. સદર શાહેદે સીસીટીવી ફુટેજ જોઈને જણાવેલ ઉપરોક્ત હકીકત વિ.વકીલશ્રી શેખની એ શંકાને નિર્મૂળ કરે છે કે, આ સીસીટીવી ફુટેજ ભરોસાપાત્ર નથી.

(૧૧૩.૧) આમ છતાં આ સંબંધે ફરિયાદ પક્ષે રજૂ કરેલ વિશેષ પુરાવો જોવામાં આવે તો, ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨૬** તરીકે **ડીમાર્ટ સ્ટોરના મેનેજર મોહંમદ અલ્તાફ શકીલ શેખ**ને **આંક-૧૨૭** થી તપાસેલ છે. આ શાહેદે પંચ શાહેદ રૂબરૂ પી.એસ.આઈ. શ્રી વાઘેલાને ડીમાર્ટ સ્ટોરના તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજના સીસીટીવી ફુટેજ પેનડ્રાઈવમાં સુપ્રત કરેલ અને ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર પણ ઈસ્યુ કરેલ. આ શાહેદની સોગંદ પરની જુબાની જોવામાં આવે તો તેમણે જણાવેલ છે કે, તેઓ સરથાણા ખાતે આવેલ ડીમાર્ટ સ્ટોરમાં મેનેજર તરીકે નોકરી કરે છે; તેમના ડીમાર્ટ સ્ટોરમાં અંદાજે ૧૫૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે; જેમાં થતું રેકોર્ડીંગ ડીવીઆર માં સ્ટોર થાય છે, જે પૈકી બહાર લગાવેલ કેમેરાનું રેકોર્ડીંગ ૯૦ દિવસ સુધી સ્ટોર રહે છે તેમજ અંદર લગાવેલ કેમેરાનું રેકોર્ડીંગ ૫૦ દિવસ સુધી સ્ટોર રહે છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમના સ્ટોરમાં કરીયાણાની ચીજવસ્તુઓ, ગારમેન્ટ્સ, ખાવા-પીવાની વસ્તુઓ, તેલના ડબ્બા, પ્લાસ્ટીકની વસ્તુઓ, ક્રોકરી, બેડશીટ્સ, કુટવેર તથા કીચન એપ્લાયન્સીસ, જેમાં સ્ટીલનાં વાસણો, ચમચાઓ, ફોર્ક, છરીઓ વગેરે મળે છે. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ ના રોજ પોલીસ અધિકારી શ્રી જે.ડી.વાઘેલાએ તેમને હાલના ખૂન કેસ

અંગે માહિતી આપી જણાવેલ કે, આ બનાવમાં વપરાયેલ છરી તેમને ત્યાંથી ખરીદવામાં આવેલ હોવાનું ખૂલવા પામેલ છે, જેથી તેમને ત્યાંના કુટેજ જોવા જરૂરી છે; ત્યાર પછી તેમણે તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ થી આગળના સીસીટીવી કેમેરાના કુટેજ ચેક કરતા તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ સાંજનાં આશરે સવા છ થી સાડા છ ની આસપાસ બે વ્યક્તિઓ તેમના સ્ટોરમાંથી છરી, ચોક્લેટ્સ અને ફીનાઈલની ગોળીઓ ખરીદતા જોવા મળેલા; ત્યાર પછી વાઘેલા સાહેબે આ કુટેજની માંગણી કરતાં તેમણે તેમના ડીવીઆર માંથી આ કુટેજ સેપરેટ કરી, વાઘેલા સાહેબને પેન ડ્રાઈવમાં કોપી કરીને સુપ્રત કરેલા તેમજ તેમણે પેન ડ્રાઈવમાં કુટેજની સાથે આ છરી, ચોકલેટ્સ અને ફીનાઈલની ગોળીઓના બીલની નકલ પણ વાઘેલા સાહેબને સુપ્રત કરેલ. સદર શાહેદે આંક-૬૨ ની પેન ડ્રાઈવ જોઈને તે શ્રી વાઘેલા સાહેબને સીસીટીવી કુટેજ કોપી કરીને જે પેન ડ્રાઈવમાં આપેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. સદર શાહેદે સીસીટીવી કેમેરાના કુટેજ પેન ડ્રાઈવમાં કોપી કરીને આપેલ, તે બાબતે આપેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર આંક-૧૨૮ થી તથા આરોપીએ ડીમાર્ટ સ્ટોરમાંથી ખરીદ કરેલ છરી, ચોક્લેટ્સ અને ફીનાઈલની ગોળીઓનું બીલ આંક-૧૨૯ થી રજૂ કરેલ છે. આ શાહેદે જે તે દિવસે છરી, ચોક્લેટ્સ તથા ફીનાઈલની ગોળીની ખરીદી કરતા જે છોકરાને સીસીટીવી કેમેરાના કુટેજમાં જોયેલ, તે કોર્ટમાં હાજર હોવાનું જણાવી આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આ શાહેદને આંક-૬૨ ની પેન ડ્રાઈવ કોર્ટમાં રન કરીને બતાવતા જણાવેલ છે કે, તેમાં કુલ ત્રણ ફાઈલો છે, જેમાં પ્રથમ ફાઈલ ઓપન કરતા કેમેરા નં. ૮ માં થયેલ રેકોર્ડીંગમાં તેમનો સ્ટોર

જણાય છે તથા તેમાં બીલ બનાવે છે તે બેન તેમના સ્ટોરના કર્મચારી ધ્રુવીબેન હોવાનું જણાવી, તેમની હાજરીમાં બે છોકરાઓ છરી, બે ફીનાઈલની ગોળીઓ અને ચોકલેટ્સનાં પેકેટ ખરીદતા દેખાય છે, તેઓ બીલ અને ચેન્જના પૈસા જે છોકરાને આપે છે, તે છોકરો કોર્ટમાં હાજર છે તે આરોપી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ શાહેદને ત્યાર બાદ ઉપરોક્ત પેન ડ્રાઈવમાંથી તમામ સીસીટીવી ફુટેજ બતાવતા તે તમામ ઓળખી બતાવી પ્રત્યેક ફુટેજમાં દેખાતો પાતળા બાંધાનો છોકરો આરોપી જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૧૧૩.૨) આ શાહેદે આરોપી તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં જણાવેલ છે કે, તેમના ડીમાર્ટ સ્ટોરના સીસીટીવી કેમેરાના એક્સેસ તેઓ ત્રણ મેનેજરો કરે છે, જે ત્રણે પાસે તેના પાસવર્ડ છે. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ત્રણ મેનેજરોમાંથી કોઈએ આ પાસવર્ડ કોઈને આપી દીધો હોય તેવી શક્યતા નકારી શકાય નહીં. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમણે કલમ-૬૫(બી) મુજબનું સર્ટિફિકેટ શ્રી વાઘેલા સાહેબને આપેલ, તે વખતે તેમના સિક્યુરીટીનાં બે માણસો અરવિંદભાઈ અને રમેશભાઈ પટેલ પણ હાજર હતા. આ શાહેદનો પુરાવો સંપૂર્ણ ભરોસાપાત્ર જણાય છે, જે પંચ શાહેદ રમેશભાઈ મગનભાઈ પટેલે તેમની જુબાનીમાં જણાવેલ હકીકતોને સંપૂર્ણ સમર્થનકારક છે, એટલું જ નહીં, આ બંને શાહેદોએ જણાવેલ હકીકતો આરોપીના મિત્ર ઝીલ સુરાણીની જુબાનીથી પણ સ્પષ્ટપણે પુરવાર થાય છે અને તે સંબંધે કોઈ શંકા રહેતી ન હોઈ, ફરિયાદ પક્ષે આ હકીકત નિઃશંકપણે પુરવાર કરેલ હોવાનું જણાય છે.

(૧૧૪.૧) ઉપરોક્ત હકીકત સંબંધે જ ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫૭** તરીકે તપાસેલ **ધ્રુવિબેન ઘનશ્યામભાઈ કોઠીયા**ની **આંક–૨૧૫** ની સોગંદ પરની જુબાનીનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. આ શાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ સુરત ખાતે આવેલ ડીમાર્ટ સ્ટોરમાં છેલ્લા અઢી વર્ષથી કેશ કાઉન્ટર પર કેશીયર તરીકે ફરજ બજાવે છે. તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ તેઓ તેમની ફરજ પર હાજર હતા, ત્યારે સાંજના આશરે ૬ઃ૦૦ થી ૭ઃ૦૦ ના ગાળામાં તેમણે એક ચાકુ તથા ચોકલેટનું બીલ બનાવેલ; આ ચીજવસ્તુઓ એક છોકરાએ ખરીદેલ હતી. આ સંબંધે તેઓ મામલતદાર કચેરી, કામરેજ ખાતે આ છોકરાની ઓળખ પરેડ માટે પણ ગયેલ અને તેમણે આ ચપ્પુ ખરીદનાર છોકરાને ઓળખી બતાવેલો. આ ઓળખ પરેડનું પંચનામું આ કામે આંક–૨૪૭ થી રજૂ થયેલ છે, જેને બચાવ પક્ષે કબૂલ રાખેલ છે. આ શાહેદે ડીમાર્ટ સ્ટોર પર તેમની પાસે ચાકુ અને ચોકલેટની ખરીદી કરનાર છોકરો કોર્ટમાં હાજર હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમના ડીમાર્ટ સ્ટોરમાં સીસીટીવી કેમેરા લાગેલા છે. આ શાહેદને પણ આ કોર્ટના આઈ.ટી. ડિપાર્ટમેન્ટના અધિકારીએ લેપટોપમાં આંક–૬૨ ની પેન ડ્રાઈવના સીસીટીવીના ફુટેજ પ્લે કરીને બતાવતા તેમણે આ પેન ડ્રાઈવનું પ્રથમ રેકોર્ડીંગ જોઈને જણાવેલ છે કે, કેશ કાઉન્ટર પર ૧૮ઃ૧૬ઃ૧૫ વાગ્યે બોટલમાંથી પાણી પીતી યુવતી તેઓ પોતે છે; આ કેશ કાઉન્ટર પર લોકો પાસેથી નાણાં સ્વીકારી બીલ આપે છે તે યુવતી પણ તેઓ પોતે જ છે; ત્યાર બાદ ૧૮ઃ૧૭ઃ૫૮ વાગ્યે તેમની સામે બે છોકરાઓએ એક બાસ્કેટમાં રજૂ કરેલ ચીજવસ્તુઓમાં એક ચાકુ,

ફીનાઈલની ગોળીઓનું પેકેટ અને ચોકલેટ સાથે ઉભા હોવાનું જણાવી, ઉપરોક્ત બે છોકરાઓ પૈકી એક છોકરાએ બીજા છોકરાને ચાકુ તથા ચીજવસ્તુઓ સોંપેલ છે અને કેશ કાઉન્ટર પર તેમની સામે ઉભેલ છે તે જ છોકરો કોર્ટમાં હાજર હોવાનું જણાવી તેણે તેમને પૈસા ચૂકવેલ છે અને તેમણે તેને ચેઈન્જ તથા બીલ આપેલ છે, તેવું આ ફુટેજ જોઈને જણાવેલ છે. તેમણે આંક-૧૨૯ નું બીલ જોઈને જણાવેલ છે કે, તે તેમના સ્ટોરનું જ બીલ છે, જેમાં ઉપરોક્ત ચીજવસ્તુઓ ખરીદાયેલ હોવાની નોંધ છે.

(૧૧૪.૨) બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં તેમણે સ્વીકારેલ છે કે, તેમના આ બીલ પર કોઈ નિશાની દેખાતી નથી. આ ઉપરાંત તેમણે કબૂલ રાખેલ છે કે, ડીમાર્ટ સ્ટોરમાં રોજના હજારો ગ્રાહકો આવતા-જતા હોય છે અને તેમને બધાના ચહેરા યાદ ન રહે. સમગ્રપણે આ શાહેદની જુબાની જોતાં એવું જણાય છે કે, તેઓએ ડીમાર્ટ સ્ટોરના મેનેજર મોહંમદ અલ્તાફ શકીલ શેખે તેમના પુરાવામાં જણાવેલ હકીકત તથા આંક-૬૨ ની પેન ડ્રાઈવના સીસીટીવી ફુટેજની હકીકતોને સંપૂર્ણપણે સમર્થન આપેલ છે. તેમના પુરાવાથી એવું પુરવાર થાય છે કે, તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ આ કામના આરોપી તથા તેમનો મિત્ર ઝીલ સુરાણી ડીમાર્ટ સ્ટોરમાં ચાકુ, ફીનાઈલની ગોળી તથા ચોકલેટ ખરીદ કરવા ગયેલા અને તેની કિંમત આ શાહેદને ચૂકવતા આ શાહેદે આરોપીને બીલ આપેલ. હું એ પણ નોંધવું જરૂરી માનું છું કે, આંક-૬૨ ના સીસીટીવી ફુટેજ આ અદાલતે કાળજીપૂર્વક તપાસતા તેમાં સ્પષ્ટપણે હાલના આરોપી તથા શાહેદ ઝીલ સુરાણી ચાકુ, ફીનાઈલની ગોળી તથા કીટકેટ ચોકેલટ ખરીદતા હોવાનું સ્પષ્ટ દેખાય છે.

(૧૧૫) ડીમાર્ટ સ્ટોરના સીસીટીવી ફુટેજમાં દેખાતા બે છોકરાઓ પૈકી એક હાલના આરોપી જ હતા કે કેમ, તે અંગે તપાસ કરનાર અધિકારીએ કેટલોક અન્ય પુરાવો પણ એકઠો કરી આ કોર્ટના રેકર્ડ પર રજૂ કરેલ છે, જેની પણ સંક્ષિપ્ત નોંધ આ તબક્કે કરવી જરૂરી બને છે. આ કામે આંક–૭૨ થી તપાસવામાં આવેલ તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરે તેમની જુબાનીના પેરેગ્રાફ–૭૩ માં જણાવેલ છે કે, આ ગુનાના કામે આરોપીના ફેઈસ રેકોગ્નાઈઝેશન કરવાનું હોઈ, ફોટોગ્રાફર મહેશ જશુભાઈ નકુમ પાસે આરોપીના પાંચ અલગ–અલગ એંગલથી ફોટા પડાવવામાં આવેલ અને આ ફોટોગ્રાફરે આરોપીના ફોટા રજૂ કરતા આંક–૯૦ ના પંચનામા મુજબ કબજે લેવામાં આવેલ. આ સંબંધે આંક–૯૦ નું પંચનામું જોવામાં આવે તો, આ પંચનામું તારીખઃ ૧૭.૦૨.૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૦૦ થી ૧૦:૩૦ દરમ્યાન કરવામાં આવેલ છે, જેમાં ફોટોગ્રાફર મહેશ જશુભાઈ નકુમે ૪ x ૬ ઈંચના પાંચ અલગ–અલગ ફોટોગ્રાફ્સ રજૂ કરેલ અને તે ફોટોગ્રાફ્સ પોલીસ સ્ટેશનમાં હાજર આરોપી સાથે સરખાવતા તે આરોપી ફેનિલ ગોયાણીના હોવાનું જણાવેલ છે. આ પંચનામું બે પંચો સંદિપભાઈ સુરેશભાઈ માછી તથા રાજુભાઈ ભુપતભાઈ સોલંકીની હાજરીમાં કરવામાં આવેલ છે. આ બે પંચો પૈકી **પંચ રાજુભાઈ ભુપતભાઈ સોલંકી**ને **શાહેદ નં.૨૦** તરીકે **આંક–૮૭** થી તપાસેલ છે. આ પંચ શાહેદે આંક–૯૦ ના પંચનામા સંબંધે ઉપરોક્ત તમામ હકીકતોને સમર્થન આપેલ છે. આ સંબંધે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫૧** તરીકે તપાસવામાં આવેલ **ફોટોગ્રાફર મહેશભાઈ જશુભાઈ નકુમ**ની **આંક–૧૯૪** ની સોગંદ પરની જુબાની ધ્યાને લેવામાં આવે તો

તેમણે જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૧૦ વર્ષથી ૭૫, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચાર રસ્તા, કામરેજ ખાતે 'ક્રીષ્ના સ્ટુડીયો' ના નામથી ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફીનું કામ કરે છે. તારીખઃ ૧૬.૦૨.૨૦૨૨ ના રોજ પોલીસે તેમને પોલીસ સ્ટેશનમાં હાજર એક આરોપીના ફોટોગ્રાફ લેવા માટે બોલાવેલ, જેથી તેમણે તેમના કેમેરાથી આરોપી ફેનિલનાં અલગ-અલગ સાઈડના પાંચ ફોટોગ્રાફ્સ પાડી, તેની પ્રિન્ટ કાઢી પોલીસને આપેલા હતા. આ શાહેદે ઉપરોક્ત તમામ ફોટોગ્રાફ્સ ઓળખી બતાવી, આંક-૧૯૫ થી તેમણે આપેલ ફોટોગ્રાફ્સનું બીલ તથા આંક-૧૯૬ થી ૨૦૦ અન્વયે આરોપીના ઉપરોક્ત પાંચ ફોટોગ્રાફ્સ રજૂ કરેલ છે. આ શાહેદની બચાવ પક્ષે કરેલ ઊલટતપાસમાં માત્ર એટલી હકીકત રેકર્ડ પર આવે છે કે, તેમની પાસે ફોટોગ્રાફી કરવા માટે કોઈ અલગ લાયસન્સ નથી; તેમની પાસે ગુમાસ્તા ધારાનું કોઈ લાયસન્સ નથી; તેઓ કોઈ જી.એસ.ટી. ભરતા નથી; આંક-૧૯૫ નું પાકુ બીલ નથી તેથી તેમણે જી.એસ.ટી. ભરેલ નથી. તેમણે જે કેમેરાથી ફોટોગ્રાફી કરી તે ઈલેક્ટ્રોનીક કેમેરો છે તથા આ કેમેરાને કોમ્પ્યૂટર સાથે કનેક્ટ કરીને એડીટ કરી તેની પ્રિન્ટ કાઢવી પડતી હોવાનું સ્વીકારેલ છે. આ સંબંધે આંક-૨૬૮ થી રજૂ થયેલ એફ.એસ.એલ. ને નમૂના મોકલ્યા અંગેનો રવાનગી પત્ર જોવામાં આવે તો તેમાં ક્રમ નં.૪ માં ઉપરોક્ત પાંચ ફોટોગ્રાફ્સ સહિતના એક સીલબંધ કવરને માર્ક 'S-1' આપી એફ.એસ.એલ. પાસે અભિપ્રાય માંગવામાં આવેલ કે, શાહેદ રાહુલ ઉકાણીએ કેપ્ચર કરેલ વિડીયો ક્લીપ્સમાં દેખાતો ઈસમ તેમજ આ 'S-1' ના ફોટોગ્રાફ્સમાં દેખાતો ઈસમ એક જ છે કે કેમ. આ ઉપરાંત 'S-1' થી લેવાયેલ પાંચ સ્પેસીમેન ફોટોગ્રાફ્સમાં દેખાતી વ્યક્તિ તે ડીમાર્ટ સ્ટોરના સીસીટીવી ફુટેજમાં

દેખાતી વ્યકિત જ છે કે કેમ, તે અંગે ડીમાર્ટના સીસીટીવીના ફુટેજની પેન ડ્રાઈવ એફ.એસ.એલ. ને મોકલી તે વિશે અભિપ્રાય માંગવામાં આવેલ છે. આ સંબંધે હું ફરીથી સાયન્ટીફીક ઓફિસર વિમલકુમાર કાનજીભાઈ રાવલની આંક–૨૯૮ ની સોગંદ પરની જુબાનીનો ઉલ્લેખ કરીશ. આ શાહેદે તેમની જુબાનીના પૅરેગ્રાફ–૧૫ માં જણાવેલ છે કે, તારીખઃ ૧૭.૦૨.૨૦૨૨ ના રોજની આંક–૨૬૭ વાળી રવાનગી નોંધના ક્રમાંક–૩૦ માં દર્શાવેલ એક પેનડ્રાઈવ તેમને પરીક્ષણ અર્થે મોકલી તેમનો અભિપ્રાય માંગવામાં આવેલ. તેમણે આ પેન ડ્રાઈવનું કોમ્પ્યૂટર ફૉરેન્સીક્સના કાર્ડીનલ રૂલ્સને અનુસરીને તથા અધિકૃત સોફ્ટવેર તથા હાર્ડવેરની મદદથી પરીક્ષણ કરી તેમાં રહેલ ડેટા પોલીસ પ્રશ્નોત્તરી મુજબ બે સીલ્ડ અને બે અનસીલ્ડ ડીવીડી માં કોપી કરેલ; તેમણે ઉપરોક્ત ડેટાનું પરીક્ષણ કરતા તેમાં કુલ–૩ વિડીયો ફાઈલ્સ જણાયેલી, જેની તેમણે તેમના વિભાગના સ્ટોરમાંથી સ્ટરાઈલ ડીવીડી મેળવી તેની ઉપર કોપી કરેલ અને તેને એનેક્ષર 'M–1' થી તેમના રીપોર્ટ સાથે સામેલ રાખેલ. આ ત્રણે વિડીયો ક્લીપ્સ જોતા તેમાં સાતત્યતા જણાયેલ. આ હકીકત જોતાં એ સ્પષ્ટ થાય છે કે, ડીમાર્ટ સ્ટોરના મેનેજર શાહેદ નં.૨૬ મોહંમદ અલ્તાફ શકીલ શેખે પંચોની હાજરીમાં પી.આઈ. શ્રી જે.ડી.વાઘેલાને આપેલ આંક–૬૨ વાળી પેન ડ્રાઈવના સીસીટીવી ફુટેજ યોગ્ય કસ્ટડીમાંથી યોગ્ય પ્રક્રિયા અનુસરીને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબના પ્રમાણપત્ર સાથે લેવામાં આવેલ અને એફ.એસ.એલ. ના રીપોર્ટ મુજબ તેમાં સાતત્યતા જણાયેલ છે. એટલે કે તેમાં કોઈ ચેડાં થયેલ હોવાનું જણાતું નથી. અત્રે એ નોંધપાત્ર છે કે, એફ.એસ.એલ. માંથી આ પેન ડ્રાઈવના ડેટા જે

ડીવીડીમાં અધિકૃત ઉપકરણોની મદદથી રીટ્રાઈવ કરી કોપી કરવામાં આવેલ, તે ડીવીડી આંક–૭૭ ના પંચનામાથી પોલીસે કબજે લીધેલ. આ આંક–૭૭ ના પંચનામામાં બે સીલ્ડ અને બે અનસીલ્ડ ડીવીડી પંચોની હાજરીમાં પોલીસ કોન્સ્ટેબલ દિનેશભાઈ રાસેંગેભાઈએ બે પંચોની હાજરીમાં રજૂ કરેલ હોવાનો ઉલ્લેખ છે. આ પંચનામાના **પંચ મહેન્દ્રભાઈ ભીમજીભાઈ ભારોલીયા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૬** તરીકે **આંક–૭૬** થી તપાસેલ છે. આ પંચ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં ઉપરોક્ત પંચનામાની હકીકતોને સંપૂર્ણ સમર્થન આપેલ છે.

(૧૧૬) હવે આ જ હકીકત સંદર્ભે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૧** તરીકે **ઉત્તમભાઈ વિપુલભાઈ દેવાણી**ને **આંક–૨૫૪** થી તપાસેલ છે. આ શાહેદે તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ છેલ્લા ૨ વર્ષથી શૈલેષભાઈ ચોડવડીયાને ઓળખે છે; તેઓ ઝડફીયા સર્કલ પાસે સ્કાયલાર્ક શોપીંગ સેન્ટરમાં શ્રી ઘનશ્યામ કેક શોપના નામથી દુકાન ચલાવે છે; તેઓ અવારનવાર આ દુકાન પર બેસવા જાય છે; ત્યાં તેમના ઉપરાંત ઝીલ, શાહીલ અને ક્યારેક ક્યારેક ફેનિલ ચોકલેટ લેવા માટે આવતા હતા. આ શાહેદે મહત્વની રીતે એવું જણાવેલ છે કે, તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ તેમના મિત્ર શાહીલ કોઠીયાનો જન્મદિવસ હતો, ત્યારે તેઓ ઘનશ્યામ કેક શોપ પર બેઠા હતા, ત્યારે ત્યાં ફેનિલ આવેલ અને ઝીલને બે મિનિટમાં આવીએ છીએ, તેમ કહી ગલીમાં લઈ ગયેલ; ત્યાર બાદ તેઓ અડધો કલાક પછી આવેલ, ત્યારે ફેનિલ ફીનાઈલની ગોળી અને ચપ્પુ લઈને આવેલ અને તેણે આ ફીનાઈલની ગોળી અને ચપ્પુ કેકના કાઉન્ટર ઉપર મૂકેલ; તેથી તેમણે ફેનિલને પૂછેલું કે, આ ચપ્પુ કોનું છે,

તો તેણે કહેલું કે, તે તેમના મિત્રને આપવાનું છે; પછી ફેનિલે આ ચપ્પુ અને ગોળી મોપેડની ડીકીમાં મૂકી દીધેલ અને તે ઉપર જતો રહેલ; બાદમાં પાંચેક મિનિટ પછી પાછો આવી આરોપીએ ફરીથી ઝીલને કહેલું કે, 'ચાલ બે મિનિટમાં આવીએ છીએ', પરંતુ ઝીલે ઈન્કાર કરતા જણાવેલ કે, તેમને બર્થડે પાર્ટીમાં જવાનું છે. શાહેદે આ ચપ્પુ ક્યાંથી લાવેલ, તેવું પૂછતાં આરોપીએ તે ડીમાર્ટમાં લેવા ગયેલ હોવાનું જણાવેલ. આ શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે. આમ, આ શાહેદની જુબાનીથી પણ તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ આરોપી ઘનશ્યામ લાઈવ કેક શોપ પરથી તેમના મિત્ર ઝીલ સુરાણીને ડીમાર્ટ સ્ટોર પર લઈ ગયેલ અને આ ડીમાર્ટ સ્ટોર પરથી આરોપી ચપ્પુ લઈને આવેલ અને તે સંબંધે શાહેદે આરોપીને પૂછતાં આરોપીએ તે ચપ્પુ તેમના મિત્રને આપવાનું છે, તેમ જણાવેલાની હકીકત પુરવાર થાય છે.

(૧૧૭.૧) આરોપીએ કોઈ પણ જાતના ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટ વિના મરનાર ગ્રીષ્માબેનની હત્યાનું પ્લાનીંગ કરવા પૂર્વતૈયારી કરેલ, તે સંબંધે સૌથી મહત્વનો પુરાવો આરોપી ફેનિલે તેની માનેલી બહેન ક્રિષ્નાબેન સાથે ઈન્ટાગ્રામ પર કરેલ ચેટીંગનો છે. એ નોંધપાત્ર છે કે, ફરિયાદ પક્ષે આ **ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટ**ને **શાહેદ નં.૬૭** તરીકે **આંક–૨૪૪** થી તપાસેલ છે. આરોપીએ તેમની કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેન સાથે ઈન્સ્ટાગ્રામ પર કરેલ ચેટીંગ, એફ.એસ.એલ. ના અધિકારીઓ દ્વારા આરોપીના મોબાઈલમાંથી મેટાડેટા રીટ્રાઈવ કરતા તેમાંથી મળી આવેલ છે, જે ઈન્સ્ટાગ્રામનું ચેટીંગ આ કામે આંક–૩૧૪

થી રજૂ થયેલ છે. આ ચેટીંગ સાથે શાહેદ ક્રિષ્નાબેનની આંક–૨૪૪ ની સોગંદ પરની જુબાની ધ્યાને લેવામાં આવે તો આરોપી ડિસેમ્બર–૨૦૨૧ ના અરસામાં પણ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરવાનો ઈરાદો ધરાવતા હતા, તેવું રેકર્ડ પર આવે છે. આ ઉપરાંત આંક–૩૧૪ થી રજૂ થયેલ આરોપીએ શાહેદ ક્રિષ્નાબેન સાથે ઈન્સ્ટાગ્રામ પર કરેલ ચેટીંગ યથાવત રીતે વંચાણે લેવામાં આવે તો ક્રિષ્નાબેન તે ખરેખર આરોપીની માનેલી બહેન હતી કે કેમ, તે સંબંધે વાજબી શંકા ઉભી થાય છે, એટલું જ નહીં, કાંઈક અંશે એવું જણાય છે કે, આરોપી મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરવાના હતા, તેવી આ શાહેદને પહેલેથી જ જાણ હતી, જેમણે આરોપીને રોકવાનો પ્રયત્ન કરેલ નહીં, બલ્કે કેટલાક સૂચનો પણ કરેલા છે. હું સૌપ્રથમ શાહેદ ક્રિષ્નાબેનની આ કોર્ટ સમક્ષ જુબાની નોંધવામાં આવેલ, તે સંબંધે કેટલાક સંજોગોનો અત્રે ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. તારીખઃ ૧૬.૦૩.૨૦૨૨ ના રોજ વિ.પી.પી.શ્રી સુખડવાલાએ આ કોર્ટને એક અરજી આપી જાહેર કરેલ કે, આ દિવસે સવારે ૯ઃ૩૫ વાગ્યે આ કામના આરોપીએ જેલ ખાતે રાખવામાં આવેલ ફોન પરથી આ શાહેદ ક્રિષ્નાબેનના મોબાઈલ પર ફોન કરેલ અને તે માટે આરોપીએ જેલ ઑથોરીટીને તેમની બહેનને ફોન કરવો છે, તેમ જણાવી રજિસ્ટરમાં નોંધ કરાવેલ છે, જે ક્રિષ્નાબેન ફરિયાદ પક્ષના મહત્વના શાહેદ છે કે જેમની જુબાની ફરિયાદ પક્ષે રજૂ કરવાની બાકી છે. આ સંજોગોમાં આરોપીએ ફરિયાદ પક્ષના મહત્વના શાહેદને ફોન કરેલ, તે ગંભીર બાબત હોઈ, આરોપીએ ફરિયાદ પક્ષના શાહેદને 'વિન ઓવર' કરવાનો પ્રયત્ન કરેલ છે. ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ હકીકતોની ગંભીરતા ધ્યાને લેતાં, આ કોર્ટ દ્વારા મધ્યસ્થ જેલ, લાજપોરના અધિકૃત અધિકારીને કેદીઓના

ફોન કરવાના રજિસ્ટર સાથે કોર્ટમાં ઉપસ્થિત રહેવા સમન્સ કરવામાં આવેલ. બાદમાં આ શાહેદ ક્રિષ્નાબેનની આંક–૨૪૪ ની જુબાની નોંધવામાં આવેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ આર.વી.પટેલ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે ટી.વાય.બી.કોમ. માં અભ્યાસ કરે છે; તેઓ બે બહેન અને એક ભાઈ છે; તેમના ભાઈનું નામ રીતેષ છે; તે ડાયમંડ કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરે છે. ત્યાર બાદ તેઓએ તેમનો મોબાઈલ નં.XXXXX XXX ૩૯ હોવાનું જણાવેલ છે. તેમણે મહત્વની રીતે એવું જણાવેલ છે કે, આજરોજ તારીખઃ ૧૬.૦૩.૨૦૨૨ ના રોજ સવારના ૯ઃ૩૦ વાગ્યે તેમની પર ફેનિલ પંકજભાઈ ગોયાણીનો ફોન આવેલો અને તેણે તેમને કહેલું કે, 'ક્રિષ્ના, આજે તારે બે વાગ્યે કોર્ટમાં આવવાનું છે અને હું કહું તેમ મારી તરફેણમાં જુબાની આપવાની છે'; આથી આ શાહેદ ગભરાઈ ગયેલ, તેથી તેમણે તેમના ભાઈને ફોન આપેલો; પછી આરોપીએ તેમના ભાઈને પણ એવું જ કહેલું; પછી તેમણે તેમના ભાઈને ફોન મૂકી દેવાનું કહેતા તેણે ફોન કાપી નાંખેલ; પછી તેમણે કામરેજના ડીવાય.એસ.પી. શ્રી બી.કે.વનારને ફોન કરી આ હકીકતની જાણ કરેલી. આ શાહેદે કોર્ટમાં હાજર આરોપીને ઓળખી બતાવેલ છે. આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, તેમનું જ્યારે કોલેજમાં એડમીશન થતું ન હતું, ત્યારે આરોપીએ તેમને મદદ કરેલ, જેથી તેઓ તેને ઓળખે છે; આરોપીએ તેમને કહેલું કે, તેને કોઈ સગી બહેન ન હોઈ, તે તેમને બહેન માનશે. અત્યંત મહત્વની રીતે આ શાહેદે જણાવેલ છે કે, તારીખઃ ૩૧.૧૨.૨૦૨૧ ના જન્મ દિવસે આ ફેનિલ તથા તેમની એક ફ્રેન્ડે તેમને એક સરપ્રાઈઝ પાર્ટી સેવન સ્ટાર કાફે, મોટા વરાછા ખાતે આપેલ; આ વખતે પાર્ટી પૂરી થયા પછી મોડું

થતું હતું, ત્યારે ફેનિલે તેમને કહેલું કે, તે કાંઈક કરવાનો છે; આરોપીએ કહેલું કે, તે ગ્રીષ્મા નામની એક છોકરીને પસંદ કરે છે, તેના મામા, કાકા તથા ફુવા તેમના ઘરે આવેલા અને તેમને મારતા હતા, તો તે ગ્રીષ્માને મારવાનો છે અને તેની સાથે કાંઈક કરવાનો છે; જેથી શાહેદે આરોપીને સમજાવેલ કે, 'તે છોકરી તને લાઈક કરતી નથી, ભાવ આપતી નથી, તો તેને મરાય થોડી? તેને છોડી દે'. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, ત્યાર પછી તેમને અને આરોપી ફેનિલને ઈન્સ્ટાગ્રામ પર મેસેજથી વાતો થતી હતી; તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ જે દિવસે ગ્રીષ્માનું ખૂન થયેલું, તે દિવસે ફેનિલે તેમને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરીને કહેલ કે, 'હું ગ્રીષ્માની કોલેજે જાઉં છું, એને મારવા'. જેથી શાહેદે આરોપીને સમજાવેલ કે, 'તું એને છોડી દે, તેને મરાય થોડી?' તેમને તે વખતે એવું હતું કે, આરોપી મજાક કરતો હશે; બાદમાં તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ તેમની પર તેની એક ફ્રેન્ડનો ફોન આવેલો અને તેણે તેમને ન્યુઝ જોવાનું કહેતાં, આ શાહેદને જાણ થયેલ કે, આરોપીએ ગ્રીષ્માનું મર્ડર કરેલ છે. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમણે વિડીયોમાં જોયેલું કે, આરોપીએ ચાકુથી ગ્રીષ્માનું ગળું કાપેલું; તેમણે સમાચારમાં એવું જાણેલુ કે, ગ્રીષ્માના મોટા પપ્પા તથા તેના ભાઈને પણ આ બનાવમાં ઈજા થયેલી.

(૧૧૭.૨) આ શાહેદે આરોપી પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં જણાવેલ છે કે, આ બનાવ બન્યો ત્યારથી આજ સુધીની તેમની અને ફેનિલની ઈન્સ્ટાગ્રામ ચેટ હાલ તેમની પાસે નથી. શાહેદે ખુલાસો કરેલ છે કે, આ બનાવ બન્યો ત્યારે તેમને ગીલ્ટી ફીલ થયેલ

અને ફ્યુચરમાં કાંઈ પ્રોબ્લેમ થશે તેમ લાગતા, તે ચેટ તેમણે ડીલીટ કરી નાંખેલ. વધુમાં તેમણે સ્વીકારેલ છે કે, તેમના, ફેનિલના અને ગ્રીષ્માના સાથે ફોટો છે. આ સંબંધે તેમણે સ્પષ્ટતા કરેલ છે કે, તેઓ એકવાર મળ્યા હતા. તેમણે એ હકીકત સ્વીકારેલ છે કે, ફેનિલ અને ગ્રીષ્મા એક કોલેજમાં ભણતા ન હતા. આ શાહેદે ઊલટતપાસમાં સ્વીકારેલ છે કે, તે ફેનિલને રાખડી બાંધતી હતી તથા ફેનિલે તેમને ગ્રીષ્માના મામા, કાકા તથા ફુવા તેને મારવા ગયેલ, તે બનાવની વિગતો જણાવેલી. આ શાહેદે આ સંબંધે ખુલાસો કરેલ છે કે, ઉંડાણપૂર્વક જણાવેલ નથી. તેણીએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ફેનિલ એક મોટા કેસમાં ફસાયેલો છે, તેથી તેઓ તેનાથી પીછો છોડાવવા માંગે છે. બચાવ પક્ષની ઊલટતપાસમાં તેણીએ અત્યંત મહત્વની રીતે જણાવેલ છે કે, ફેનિલ અને ગ્રીષ્મા વચ્ચે શરૂઆતમાં પ્રેમસંબંધ હતો કે કેમ, તે તેમને ખબર નથી. વધુમાં જણાવેલ છે કે, ફેનિલે એકવાર કહેલું કે, તેને ગ્રીષ્મા ગમે છે અને તે ગ્રીષ્માને લાઈક કરે છે, પણ ગ્રીષ્મા તેને લાઈક કરતી નથી. તેમણે સ્પષ્ટપણે જણાવેલ છે કે, ફેનિલ અને ગ્રીષ્માના એકબીજા સાથેના ફોટા ફેનિલે તેમને ઈન્સ્ટાગ્રામ પર મોકલેલ હોય તેવું તેમને યાદ નથી.

(૧૧૮) ઉપરોક્ત શાહેદ ક્રિષ્નાબેનની જુબાની નોંધ્યાના બીજા દિવસે એટલે કે તારીખઃ ૧૭.૦૩.૨૦૨૨ ના રોજ મધ્યસ્થ જેલ, લાજપોરના સીનીયર **જેલરશ્રી રવિન્દ્રભાઈ ડાહ્યાભાઈ શ્રીમાળી** જેલના ટેલિફોન રજિસ્ટર સાથે હાજર હોઈ, તેમને **શાહેદ નં.૭૦** તરીકે **આંક–૨૫૨** થી તપાસવામાં આવેલ છે. આ શાહેદે બનાવ સંદર્ભે જણાવેલ છે કે, કેદીઓ તેમના નજીકના સગાંવ્હાલાઓ સાથે વાત કરી શકે તે માટે

તેમની જેલમાં એસ.ટી.ડી.-પી.સી.ઓ. આવેલ છે; આ માટે કેદીએ પાંચ રૂપિયાની એક કુપન લેવાની હોય છે; કેદીઓ ફોન કરે તે અંગે જેલમાં એક રજિસ્ટર નિભાવવામાં આવે છે; જેમાં કેદીનો નંબર, કેદીનું નામ, સમય, જેને ફોન કરવા માંગતા હોય તેનું નામ તથા તે સંબંધીનો નંબર વગેરે વિગતો લખવામાં આવે છે અને કેદીની સહી પણ લેવામાં આવે છે. આ શાહેદે આરોપી ફેનિલ પંકજભાઈ ગોયાણી વિશે જણાવેલ છે કે, આ આરોપી કાચા કામના કેદી તરીકે છે, જેનો કેદી નં.૩૦૧૦ છે. તેમણે તેમની સાથે લાવેલ જેલનું અસલ રજિસ્ટર જોઈને જણાવેલ છે કે, આ કેદીએ તારીખઃ ૧૧.૦૩.૨૦૨૨ ના શુક્રવારના દિવસે સવારના કલાક ૯ઃ૪૦ વાગ્યે રૂપિયા પાંચ ભરી તેના પિતા પંકજભાઈને મોબાઈલ નં.XXXXX XXX ૧૮ પર ફોન કર્યાની નોંધ છે અને ત્યાં કેદીની સહી પણ લેવામાં આવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, આ કેદીએ છેલ્લો કોલ તારીખઃ ૧૬.૦૩.૨૦૨૨ ના રોજ સવારના કલાક ૯ઃ૩૫ વાગ્યે તેમના બહેન ક્રિષ્નાબેનને કરેલ હોવાની નોંધ છે, જે ક્રિષ્નાબેનનો નં.XXXXX XXX ૩૯ દર્શાવેલ છે અને કેદીએ રૂપિયા પાંચ ભર્યા અંગેની નોંધ છે. આ શાહેદે આંક-૨૫૩ થી લાજપોર મધ્યસ્થ જેલના ફોનના રજિસ્ટરના તારીખઃ ૧૧.૦૩.૨૦૨૨ તથા તારીખઃ ૧૬.૦૩.૨૦૨૨ ના ઉતારાની ખરી નકલ રજૂ કરેલ છે. આ શાહેદની બચાવ પક્ષે કરવામાં આવેલ ઊલટતપાસ કાંઈક અંશે ફોર્મલ જણાય છે.

(૧૧૯) આરોપી અને તેની કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેન વચ્ચે ઈન્સ્ટાગ્રામ પર થયેલ ચેટીંગ શાહેદ ક્રિષ્નાબેને તેમની જુબાનીમાં જણાવ્યા મુજબ ડિલીટ કરી નાંખેલ છે, પરંતુ આરોપીનો કબજે લેવામાં

આવેલ મોબાઈલ એફ.એસ.એલ.ને મોકલતા, એફ.એસ.એલ.ના અધિકારીએ આરોપીના આ મોબાઈલમાંથી મેટાડેટા રીટ્રાઈવ કરેલ, જેમાં આરોપીએ તેની કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેન સાથે ઈન્સ્ટાગ્રામ પર કરેલ ચેટીંગનો પણ સમાવેશ થાય છે, જે આ કામે આંક–૩૧૪ થી રજૂ થયેલ છે. આ સંબંધે હું ફરિયાદ પક્ષ તરફે શાહેદ નં.૭૫ તરીકે તપાસવામાં આવેલ સાયન્ટીફીક ઓફિસર વિમલકુમાર કાનજીભાઈ રાવલના આંક–૨૯૮ ના પુરાવાનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. આ શાહેદે તેમની જુબાનીના પેરેગ્રાફ–૨૬ માં જણાવેલ છે કે, આંક–૨૬૭ ની કામરેજ પોલીસ સ્ટેશનની રવાનગી આધારે આ રવાનગીના ક્રમ નં.૨૨ થી દર્શાવેલ એક D3 નિશાનીવાળું પાર્સલ પરીક્ષણ અર્થે તેમને મળેલ; જેમાં એક સેલફોન હતો. આંક–૨૬૭ ની રવાનગી નોંધ જોતાં આ સેલફોન (મોબાઈલ) આરોપી ફેનિલ પંકજભાઈ ગોયાણીનો કાળા કલરનો સેમસંગ કંપનીનો હોવાનું જણાય છે. આ સંબંધે આંક–૨૮૦ થી રજૂ કરવામાં આવેલ પત્ર જોવામાં આવે તો ઉપરોક્ત મોબાઈલમાંથી તમામ ડેટાનું સંપૂર્ણ બેકઅપ, ટેકઆઉટ ડેટા મેળવી સોફ્ટ કોપી આપવા વિનંતી કરવામાં આવેલ છે, જેના અનુસંધાને આ શાહેદે તેમની જુબાનીના પેરેગ્રાફ–૩૨ માં દર્શાવ્યા મુજબ, તેમણે કોમ્પ્યુટર ફોરેન્સીક અંગેના કાર્ડીનલ રૂલ્સને અનુસરીને ફોરેન્સીકલી એનાલાઈઝ કરેલા અને અધિકૃત કોમ્પ્યુટર ફોરેન્સીક સોફ્ટવેર તથા અધિકૃત હાર્ડવેરના ઉપયોગથી આ મોબાઈલમાંથી પોલીસ પ્રશ્નોત્તરી મુજબનો તમામ ડેટા રીટ્રાઈવ કરેલો, જેમાં કોન્ટેક્સ, કોલ લોગ્સ, એસ.એમ.એસ. મેસેજીસ, ઓડીયો રેકોર્ડીંગ્સ, વિડીયોઝ, ઈમેજીસ, લોકેશન્સ, ડોક્યુમેન્ટ્સ, ઈન્સ્ટોલ્ડ એપ્સ, વોટ્સઅપ ચેટ્સ, ફેસબુક મેસેન્જર ચેટ્સ, સ્નેપચેટ

ચેટ્સ, વોટ્સઅપ બિઝનશ ચેટ્સના તમામ સ્ક્રીનશોટ્સ, ઈન્સ્ટાગ્રામ ચેટ્સના તમામ સ્ક્રીનશોટ્સ અને ક્રોમ બ્રાઉઝરની વેબ હીસ્ટ્રીના સ્ક્રીનશોટ્સ રીટ્રાઈવ કરવામાં આવેલ, જે તેમણે એક સ્ટરાઈલ પેનડ્રાઈવમાં કોપી કરી, તેમના અહેવાલ સાથે એનેક્ષર–D3 થી સામેલ કરેલ. મેં અગાઉ ઉલ્લેખ કરેલ છે તે મુજબ, આ પૈકી ઈન્સ્ટાગ્રામની ચેટ આંક–૩૧૪ થી રજૂ કરવામાં આવેલ છે. આ અદાલતે આંક–૩૧૪ થી રજૂ થયેલ ચેટ મેસેજીસ ખૂબ જ કાળજીપૂર્વક ધ્યાને લીધેલ છે. આ મેસેજીસ તારીખઃ ૦૨.૦૨.૨૦૨૨ થી બનાવના દિવસ એટલે કે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ સુધીના જણાય છે. આ ઉપરાંત તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજના બે સ્ક્રીનશોટ્સ પણ રજૂ થયેલા છે. આંક–૩૧૪ ની આ ઈન્સ્ટાગ્રામ ચેટ સાથે રજૂ થયેલ બે સ્ક્રીનશોટ્સ જોતાં એવું જણાય છે કે, આરોપીની તેમની માનેલી બહેન ક્રિષ્નાબેન સાથેની ચેટ બનાવના દિવસે સાંજે ૫ઃ૩૧ વાગ્યા પછી પણ આશરે પાંચ થી સાત મિનિટ જેટલી ચાલું રહેલ. જો કે આંક–૩૧૪ થી રજૂ થયેલ ઈન્સ્ટાગ્રામ ચેટમાં તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ની ચેટ જોતાં આ ચેટીંગના સમયનો સમય ૩ઃ૫૮ am થી લઈને ૪ઃ૩૨ am સુધીનો જણાય છે. આ હકીકતે પ્રથમ દર્શનીય ગૂંચવણ જણાતી હોય તેવું લાગે, પરંતુ ખરી હકીકતે તેવું નથી. શાહેદ ક્રિષ્નાબેનના પુરાવા સાથે એફ.એસ.એલ. ના અધિકારીશ્રી વી.કે.રાવલનો પુરાવો જોતાં એવું જણાય છે કે, શાહેદ ક્રિષ્નાબેને બનાવ બનતા પોતાના મોબાઈલમાંથી તમામ ઈન્સ્ટાગ્રામ ચેટ ડીલીટ કરી નાંખેલ. એ પણ સ્વીકૃત છે કે, આરોપીના મોબાઈલમાંથી મેટાડેટા મેળવી આપવા એફ.એસ.એલ. અધિકારીને વિનંતી કરવામાં આવેલ. આ મુદ્દામાલનું કરવા એફ.એસ.એલ. ને અપાયેલ સત્તાનું પ્રમાણપત્ર જોતાં

એફ.એસ.એલ. ને આ ફોન ઈન્ટરનેટ સાથે કનેક્ટ કરવા સત્તા અપાયાનું જણાતું નથી. જો કે, એફ.એસ.એલ. દ્વારા તપાસ કરનાર અધિકારી મારફતે મળેલ આરોપીના આઈ.ડી. તથા પાસવર્ડ આધારે કોમ્પ્યૂટર મારફતે ઈન્સ્ટાગ્રામ એપમાંથી બધો ડેટા ડાઉનલોડ કરેલ હોઈ, તેમાં ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમના બદલે ઈન્સ્ટાગ્રામના સર્વરનો ટાઈમ દેખાતો જોવાનું જણાય છે. ઈન્સ્ટાગ્રામ યુ.એસ.ની એપ હોઈ, તે પેસીફીક ડે–લાઈટ ટાઈમ (પી.ડી.ટી.) ને અનુસરે છે. આથી સમયના તફાવતના ધ્યાને લેતાં, ઈન્સ્ટાગ્રામ એપના સર્વરના ટાઈમમાં ૧૩:૩૦ કલાક ઉમેરતા ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ આવે, તે હકીકત જોતાં આ ઈન્સ્ટાગ્રામ ચેટના સમયગાળા અંગે કોઈ મહત્વની શંકા ઉભી થતી નથી. એ પણ નોંધપાત્ર છે કે, ઈન્સ્ટાગ્રામ એપ પરની ચેટ, વોટ્સએપ મારફત મોબાઈલમાં સેવ થતી નથી, તેથી એફ.એસ.એલ. દ્વારા આઈ.ડી., પાસવર્ડના ઉપયોગથી આ ચેટનો બેક–અપ લેતાં તેમાં યુ.એસ. ના સર્વરનો ટાઈમ આવે તે સ્વાભાવિક જણાય છે. આ તમામ મેસેજ ઉતરતા ક્રમમાં હોવાથી પાના નં.૫૧ થી ૧, એ પ્રમાણે વંચાણે લેવામાં આવેલ છે. આ ઈન્સ્ટાગ્રામ ચેટ વંચાણે લઈ તો, આરોપી ઉગ્ર મીજાજના હોવાનું જણાય છે. તારીખઃ ૧૦.૦૨.૨૦૨૨ ના રોજની ચેટ જોવામાં આવે તો, શાહેદ ક્રિષ્નાબેન આરોપીને પૂછે છે કે, તે શું કરે છે? જેના જબાવમાં આરોપી જણાવે છે કે, પોલીસ સ્ટેશને હતો, જેથી શાહેદ ક્રિષ્નાબેને 'કેમ' તેવું પૂછતાં આરોપી તેના જવાબમાં જણાવે છે કે, "એકને માર્યો.... તો કેસ કર્યો.... માથું ફોડી નાંખ્યું ..... ઓલાનું". ત્યાર બાદ જણાવે છે કે, 'મારા કપડાં એક જોડી ઓછા થયા ..... લોહીવાળા થયા તો ફેંકવા પડ્યા'. આ જ રીતે તારીખઃ ૧૧.૦૨.૨૦૨૨ ની ચેટ જોવામાં આવે તો

તેમાં આરોપીએ આ કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેનને કહેલ કે, 'હમણાં એક ભરવાડે મને મારવાનું કીધું હતું', ત્યાર બાદ આરોપી જણાવે છે કે, 'હું જ મારીશ.... બીજું નહીં'. વધુમાં આરોપી જણાવે છે કે, 'મારે કાંઈકનું કાંઈક વચ્ચે આવી જાય છે... તો હું શું કરું..... મારા લીધે ઘરનો પ્રસંગ બગડે એટલે....'. આ ઉપરાંત આંક–૩૧૪ ના પાના નં.૧૫ પર તારીખઃ ૧૧.૦૨.૨૦૨૨ ના રોજ આ શાહેદ ક્રિષ્નાબેન, આરોપીને કાંઈક કરવા સૂચન કરે છે, જેથી આરોપી જવાબ આપે છે કે, 'કરવું છે.... પણ કંઈક ને કંઈક આવી જાય છે'. આ જ રીતે પાના નં.૧૨ જોવામાં આવે તો, તારીખઃ ૧૧.૦૨.૨૦૨૨ ના રોજ આરોપી સ્પષ્ટપણે જણાવે છે કે, 'એ તો ગમે તેમ કરી મારી નાંખીશ', જેના જવાબમાં શાહેદ ક્રિષ્નાબેન 'ગુડ' એવું લખે છે. આ સમગ્ર ચેટમાં આરોપી કહેવાતી બહેન ક્રિષ્નાબેન સાથે અનેક વાર ગંદી ગાળો લખે છે તેવું પણ જણાય છે, જેનો સ્વાભાવિકપણે જ ચૂકાદામાં ઉલ્લેખ કરી શકાય તેમ નથી. પરંતુ પાના નં.૯ પરની ચેટ જોતાં તારીખઃ ૧૧.૦૨.૨૦૨૨ (તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ પ્રમાણે) ના રોજ આરોપી એવું જણાવે છે કે, 'આજે ઉપાડી લઉં.... સીધો ઘરે આવી જાઉં.....' ત્યાર પછી ગંદી ગાળો લખી, આરોપી જણાવે છે કે, 'હમણાં બેચ ચાકુ લવ ને.... ઘરે પોંચી જાવ....', જેના જવાબમાં આ કહેવાતી બહેન ક્રિષ્નાબેન 'ઓકે' લખીને 'ધ્યાન રાખજે' તેવું કહેલ, જેની સામે આરોપી પૂછે છે કે, 'કોનું', જેના જવાબમાં શાહેદ ક્રિષ્નાબેને અપશબ્દો લખેલ છે તેવું જણાય છે. બાદમાં આરોપી લખે છે કે, 'જો બધા એસએસ ના પ્રુફ... બધુ લેપટોપમાં છે... ડીલીટ કરું છું...' જેના જવાબમાં શાહેદ ક્રિષ્નાબેન 'ઓકે' લખે છે. મેં અગાઉ નજરે જોનાર શાહેદ રેણુકાબેનના પુરાવાનું

મૂલ્યાંકન કરતી વખતે એ નોંધેલ છે કે, બનાવના દિવસે સાંજે ૪:૧૫ વાગ્યે ગ્રીષ્માબેનનો ફોન તેમના પર આવેલ અને તેને કહેલ કે, 'મને હેરાન કરે છે તે ફેનિલ કોલેજની બહાર ઉભો છે, તો તમે મને આવીને લઈ જાવ'. આ સંબંધે મેં શાહેદ નં.૩૪ ધૃતિબેન  નિરંજનભાઈ લુખીના પુરાવાનો ઉલ્લેખ કરી નોંધેલ છે કે, આરોપીએ આ શાહેદ ધ્રુતિબેનને મળીને ગ્રીષ્માને મળવું છે, તેમ કહેતાં શાહેદ ધ્રુતિબેને તેનો ઈન્કાર કરેલ. ત્યાર બાદ શાહેદ રેણુકાબેન ગ્રીષ્માબેનને લેવા કોલેજ પર જાય છે અને તેઓ ગ્રીષ્માબેનને લઈને ઘરે આવ્યા પછી આ સમગ્ર બનાવ બનેલ છે, તેવું હું અગાઉ નોંધી ચૂક્યો છું. આ હકીકત આ સંદર્ભે એટલા માટે નોંધું છું કે, આરોપીએ તેમની આ કહેવાતી બહેન ક્રિષ્નાબેન સાથે ઈન્સ્ટાગ્રામ પર જે ચેટ કરેલ છે, તેમાં પણ આ હકીકત જણાવેલ છે. આ સંદર્ભે આ ચેટના પાના નં.૫ જોવામાં આવે તો, આરોપી જણાવે છે કે, 'કંઈ નહી કોલેજ બાજુ રાઉન્ડ મારું....' ત્યાર બાદ આરોપી લખે છે કે, 'મોર્નીંગ ની હોય? .... બપોરની છે... અરે.... ત્યાં છે ને અત્યારે ઓન્લી ગર્લ્સ નું જ છે .... એટલે....' ત્યાર બાદ આરોપી શાહેદ ક્રિષ્નાબેનને સૂચન કરે છે કે, 'એક કામ કર ને .... મેસેજ કર .... ઓલી ને ... રીપ્લાય આપે તો કે... પણ બાર બોલાવાની છે .... તેને .... કઈ રીતે બોલાવું ....'. આ ઉપરાંત આ ચેટના પાના નં.૪ જોતાં આરોપી શાહેદ ક્રિષ્નાબેનને જણાવે છે કે, 'ઘરેથી ૧૦:૩૦ પછી નીકળે છે.... ૧૧ આસપાસ ....'. તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજની ચેટ, પાના નં.૩, ૨, ૧ પર છે. આ ચેટ ધ્યાને લેવામાં આવે તો, આરોપી શાહેદ ક્રિષ્નાબેનને જણાવે છે કે, 'ગયો હતો.... બાડી .... મને કે કે નથી ખબર મને .... મેં કીધું ખાલી મળાવ .... એ ક્લાસમાં હતી .... પણ ઓલીને

જવાનું હતું .... તો એ વચ ગઈ ..... હું આવતો રહ્યો ...'. અહીંયા 'બાડી' તરીકે જે શબ્દ લખવામાં આવેલ છે, તે શાહેદ ધ્રુતિ સંદર્ભે લખવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. આ ચેટના પાના નં.પર પર બે સ્ક્રીન શોટ રજૂ થયેલા છે, તે જોતાં ઉપરોક્ત વાતચીત બાદ એવું જણાય છે કે, આરોપીએ શાહેદ ક્રિષ્નાબેનને એવું જણાવેલ કે, 'હું આવતો રહ્યો'; પછી શાહેદ ક્રિષ્નાબેને આરોપીને જણાવેલ કે, 'હવે એ ઓલીને કઈ દેશે .... એટલે તું ભરાઈ જઈશ...', જેના જવાબમાં આરોપી જણાવે છે કે, 'એ જ છે.... મને બીક...' ત્યાર બાદ આરોપી બહુ જ ખરાબ અપશબ્દો લખે છે અને પછી સ્પષ્ટ જણાવે છે કે, 'બીજું ચાકું કાફે એ પડ્યું છે... પણ એ જ્યાં છે... તે બોક્સમાં છે.... એવું લાગે તો હમણાં જાવ ઘરે...'. ત્યાર બાદ શાહેદ ક્રિષ્નાબેન આરોપીને જણાવે છે કે, 'પણ એ તારી ભૂલ... ગીસુને પકડવાની હતી... એની ફ્રેન્ડને નઈ... હવે ગીસુને ખબર પડી જશે કે, ફેનું પાછળ પડ્યો છે એમ...' જેના જવાબમાં આરોપી લખે છે કે, 'ઓકે... ઘરે જાવ છું... મેસેજ ન કરતી... હવે... કલીન કરું છું...'.

(૧૨૦) આરોપી અને તેની કહેવાતી બહેન ક્રિષ્નાબેન વચ્ચેની ઈન્સ્ટાગ્રામ પરની આ સમગ્ર ચેટ વંચાણે લેતાં એવું માનવાને કારણ છે કે, આરોપી ગ્રીષ્માબેનને મારવા માંગતા હતા, તેવી આ શાહેદ ક્રિષ્નાબેનને જાણ હતી. આરોપીએ જ્યારે ગ્રીષ્માબેનનો સંપર્ક કરવા કોલેજ પર ગયેલાનું જણાવેલ અને ગ્રીષ્માબેનની બહેનપણીએ તે કોલેજમાં છે તેમ કહેતા તે પાછા આવતા રહ્યાનું જણાવેલ ત્યારે શાહેદ ક્રિષ્નાબેને આરોપીને એવું સૂચન કર્યાનું પણ જણાય છે કે, ગ્રીષ્માની બહેનપણીને પકડી તે આરોપીની ભૂલ હતી, તેણે ગ્રીષ્માને પકડવી જોઈતી હતી, હવે ગ્રીષ્માને ખબર પડી જશે કે, ફેનિલ પાછળ પડ્યો છે.

આ હકીકત સ્પષ્ટપણે એવું સૂચવે છે કે, શાહેદ ક્રિષ્નાબેનને ખબર જ હતી કે, આરોપી ચપ્પુ લઈને ગ્રીષ્માબેનને મારવા જવા માંગે છે અને તેથી જ તે આરોપીને તેમની સમજણ મુજબ સલાહ-સૂચન કરે છે તેવું જણાય છે. એ નોંધપાત્ર છે કે, શાહેદ ક્રિષ્નાબેને આવું જણાવ્યા પછી આરોપી કાફે પર બોક્સમાં પડેલ છે તે ચપ્પુ લઈને હમણાં જ ઘરે જાઉં છું, તેમ જણાવી, શાહેદ ક્રિષ્નાબેનને હવે મેસેજ ન કરતી, ક્લીન કરું છું, તેવું જણાવે છે, જે સ્પષ્ટપણે એવું સૂચવે છે કે, શાહેદ ક્રિષ્નાબેનને આરોપી ચપ્પુ લઈને મરનાર ગ્રીષ્માબેનના ઘરે જતા હોવાની જાણ હતી. પરંતુ શાહેદ ક્રિષ્નાબેને આરોપીને આ કૃત્ય કરતા અટકાવવા કોઈ પ્રયત્ન કરેલ નથી, પરંતુ શાહેદ ક્રિષ્નાબેને આરોપીને સૂચન કરેલ છે કે, 'ધ્યાન રાખજે', આ ઘણું જ ખેદજનક છે. આ જ દિવસે એટલે કે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૬ઃ૦૦ વાગ્યાના અરસામાં આરોપી મરનાર ગ્રીષ્માબેનની સોસાયટીમાં બે ચપ્પુ લઈને જાય છે અને એક ચપ્પુ વડે શાહેદ સુભાષભાઈના પેટ પર ઘા કરી તેના આંતરડા બહાર કાઢી નાંખે છે તેમજ ગ્રીષ્માબેનના નાના ભાઈ ધ્રુવને મારી નાંખવાના ઈરાદે માથામાં તથા હાથમાં ઈજા કરે છે અને આ બંને ઈજા પામનારાઓ ગ્રીષ્માબેનના ઘર તરફ ભાગવા લાગેલ, આ દરમ્યાન ગ્રીષ્માબેન તેના મોટા પપ્પાને લોહી નીકળતું જોઈ તેના માતા વિલાસબેન અને શાહેદ રેણુકાબેનને સાથે લઈ સામે આવે છે, ત્યારે આરોપી ગ્રીષ્માબેનને ગળાથી પકડી લઈ, ડીમાર્ટ સ્ટોરમાંથી ખરીદેલ ચપ્પુ ગ્રીષ્માબેનના ગળા પર રાખી દઈ, શાહેદ રાહુલ ઉકાણીએ રેકર્ડ કરેલ આંક-૧૪૫ ની વિડીયો ક્લીપ્સમાં દેખાય છે તે રીતે ગ્રીષ્માબેનનું ગળું કાપી હત્યા કરેલ છે, જેની વિગતવાર ચર્ચા હું અગાઉ કરી ચૂક્યો છું.

(૧૨૧) આ તબક્કે હું એ પણ નોંધવું જરૂરી માનું છું કે, આરોપી અને તેની કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેન વચ્ચેની ઉપરોક્ત ઈન્સ્ટાગ્રામ પરની ચેટ ચોક્કસપણે ધ્યાને લઈ શકાય છે, કારણ કે, શાહેદ ક્રિષ્નાબેને પણ તેમની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, તારીખઃ ૩૧.૧૨.૨૦૨૧ ના દિવસે પણ આરોપીએ તે ગ્રીષ્માને મારવાનો છે તેવું જણાવેલ અને ત્યાર પછી તેની અને ફેનિલની ઈન્સ્ટાગ્રામ પર મેસેજથી વાત થતી હોવાનું જણાવેલ છે. આ ઉપરાંત શાહેદ ક્રિષ્નાબેને તેમની જુબાનીના પૅરેગ્રાફ–૫ માં સ્પષ્ટપણે જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ જે દિવસે ગ્રીષ્માનું ખૂન થયેલ, તે દિવસે ફેનિલે તેમને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરીને કહેલ કે, 'હું ગ્રીષ્માની કોલેજે જાઉં છું, એને મારવા'. અત્રે એ પણ નોંધપાત્ર છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા પછી તેના હાથ પર ચપ્પુ વડે કાપા મૂકી ઈજા કરતા તેને પણ હોસ્પિટલે લઈ જવામાં આવેલ અને તેની સારવાર કરાવવામાં આવેલ, જે પણ હું અગાઉ નોંધી ચૂક્યો છું. એવું પણ રેકર્ડ પર છે કે, આરોપી હોસ્પિટલમાં હતા ત્યારે તેના લોહીવાળા કપડાં, બુટ તથા મોબાઈલ પોલીસે કબજે લીધેલ. એ પણ સ્વીકૃત છે કે, આ મુદ્દામાલ આંક–૩૬ ના પંચનામા આધારે કબજે લેવામાં આવેલ અને તેને આંક–૨૬૭ ની પોલીસ યાદી સાથે મોબાઈલમાંથી મેટાડેટા રીકવર કરવાની વિનંતી સાથે એફ.એસ.એલ. ને મોકલવામાં આવેલ અને તે સંદર્ભે તપાસ કરનાર અધિકારીએ આંક–૨૮૦ થી પત્ર લખી એફ.એસ.એલ.ને વિનંતી કરેલ. આથી જ એફ.એસ.એલ. દ્વારા તેના અધિકૃત ઉપકરણો, સોફ્ટવેર તથા હાર્ડવેરની

મદદથી આરોપીના આ મોબાઈલના તમામ મેટાડેટા રીટ્રાઈવ કરી પેન ડ્રાઈવમાં પોલીસને સુપ્રત કરેલ, જેમાં ઉપરોક્ત ઈન્સ્ટાગ્રામ પરની ચેટ મળી આવેલ છે. આમ, આરોપીની જ કસ્ટડીમાંથી મળી આવેલ તેનો મોબાઈલ, પંચનામાની વિગતે કબજે લીધા બાદ સીલબંધ હાલતમાં એફ.એસ.એલ. ને મળતા એફ.એસ.એલ. ના સાયન્ટીફીક ઓફિસરે આ મોબાઈલમાંથી વૈજ્ઞાનિક પદ્ધતિએ મેટાડેટા મેળવેલ છે, ત્યારે તે ભરોસાપાત્ર હોવાનું જણાય છે. એ પણ નોંધવું અસ્થાને નથી કે, એફ.એસ.એલ. ના અધિકારી એ તટસ્થ શાહેદ છે, જેઓને મોકલવામાં આવતા મુદ્દામાલ સંબંધે તેઓ વૈજ્ઞાનિક પરીક્ષણ કરી અહેવાલ આપે છે. આ સંજોગોમાં તેમને આ કામના ફરિયાદી કે તેના પરીવાર સાથે કોઈ સંબંધ હોવાની તેમજ આરોપી કે તેના પરીવાર સાથે કોઈ શત્રુતા હોવાનું કોઈ પણ સંજોગોમાં કહી શકાય તેમ નથી. આ સંજોગોમાં તદ્દન તટસ્થ શાહેદ એવા આ શાહેદે રજૂ કરેલ વૈજ્ઞાનિક પુરાવો ન માનવાને કોઈ કારણ નથી.

(૧૨૨) તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજના મરનાર ગ્રીષ્માબેનની હત્યાના બનાવ સંબંધે રજૂ થયેલ આરોપીની પૂર્વતૈયારી સહિતના તમામ પુરાવાની વિગતે ચર્ચા કર્યા બાદ હવે હું તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના આખા દિવસની આરોપની મુવમેન્ટ પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે રજૂ કરેલા પુરાવાની ચર્ચા હાથ ધરીશ.

(૧૨૩) આ સંદર્ભે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૪૬** તરીકે **મીત હસમુખભાઈ કુંભાણી**ને **આંક-૧૮૦** થી તપાસેલ છે. આ શાહેદે તેમની

સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ કાપોદ્રા ખાતે આવેલ સ્કાયલાર્ક શોપીંગ સેન્ટરમાં ૧૦૪ નંબરમાં આવેલ સંદીપભાઈ માણીયાના કોફી શોપ પર રૂપિયા દસ હજારના પગારથી નોકરી કરતા હતા, જે કોફી શોપ પર આરોપી ફેનિલને મળવાનું થતું હતું. તેમણે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ તથા તેમનો મિત્ર વિવેક સવારે દસેક વાગ્યે આ કોફી શોપ પર બેઠા હતા ત્યારે આરોપી ફેનિલ પણ ત્યાં આવેલ અને તેઓ મોબાઈલમાં ગેઈમ રમતા હતા અને પછી આરોપી ફેનિલ આશરે સાડા બાર એક વાગ્યે તેમની લેપટોપ બેગ મૂકીને જતો રહેલ; ત્યાર બાદ આરોપી ફેનિલ બે થી ત્રણ ની વચ્ચે આ કોફી શોપ પર તેની લેપટોપ બેગ લેવા આવેલ અને તેની લેપટોપ બેગ લઈને જતો રહેલ.

(૧૨૪) આ જ સંદર્ભે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૫** તરીકે તપાસેલ **અભિષેક ભરતભાઈ કુકડીયા**ની **આંક–૧૭૯** થી જુબાની પણ મહત્વની બને છે. તેઓએ જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ તેમના ઘરે સુતા હતા ત્યારે બપોરે આ ફેનિલનો તેમની પર ફોન આવેલ અને તેમને પૂછેલ કે, 'ક્યાં છો?' આ શાહેદ સુતા હોઈ તેમણે ફોન કાપી નાંખેલ. પછી આ શાહેદે આરોપીને સામેથી ફોન કરી શું કામ હતું તેમ પૂછતાં આરોપીએ જણાવેલ કે, મોટા વરાછા તરફ જવાનું હોય તો તેમને લેતા જાય, જેથી શાહેદે હા કહેલ; ત્યાર પછી તેઓ તૈયાર થઈને તેમની બાઈક લઈને નીકળેલ અને લગભગ સાડા ત્રણ વાગ્યે તેમણે ફેનિલને કાપોદ્રા સ્કાયલાર્ક બિલ્ડિંગ પાસેથી તેમની સાથે લીધેલ; તે વખતે તેમને તેમની ઘડીયાળ રીપેર કરાવવાની હોઈ, તેઓ વી.આઈ.પી. સર્કલ પાસે

'રાધે ટાઈમ્સ' ની દુકાનમાં ગયેલા; તેઓ તથા ફેનિલ આ દુકાનમાં પાંચથી દસ મિનિટ જેટલું રોકાયેલા; પછી શોપની બહાર નીકળતા ફેનિલે કહ્યું કે, તેમને થોડું કામ છે, તેથી શાહેદે આરોપીને બાઈક ચલાવી લેવાનું કહેલ; ત્યાંથી આરોપી તેમને જે.ઝેડ.કોલેજ પર લઈ ગયેલ; ત્યાં એક છોકરી ઉભી હતી, તે તરફ ફેનિલે બાઈક લઈ જતા તેમણે કહેલ કે, 'તું સાઈડમાં રાખ હું આગળ ઉભો રહું છુ'. પછી તેઓ આગળ ઉભા રહેલ અને થોડી વાર પછી ફેનિલ બાઈક લઈને આવેલ અને તેઓ ઉભા હતા ત્યાં સ્ટેન્ડ ચઢાવીને બાઈક પર બેઠેલા. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, આ ફેનિલ કોઈ છોકરી સાથે વાત કરતો હતો ત્યારે તેમણે તેને બે–ત્રણ વાર ફોન પણ કરેલા અને જણાવેલુ કે, તેમને મોડું થાય છે; ત્યારે તેણે તેમને થોડો સમય રાહ જોવા કહેલું; પછી ત્યાંથી તેઓ આગળ જતા ચાર રસ્તા પાસે આવ્યા પછી આરોપીએ તેમને થોડું કામ છે, તેમ કહી બાઈક પાછી વાળેલી અને જે છોકરી સાથે આરોપી ફેનિલે વાત કરેલી, તે છોકરી ચાલતી–ચાલતી ચાર રસ્તા પાસે આવેલ, તેની પાસે જઈને બાઈક ઉભી રાખેલ અને આરોપીએ કહેલું કે, 'તેને કહેજે કે, કોલ કરે અથવા મેસેજ કરે'; પછી તેઓ ત્યાંથી નીકળી ગયેલા; તેઓ ત્યાંથી ગોલ્ડન સ્કવેર પર ગયેલા, જ્યાં તેઓ તેમના મિત્ર સાથે બેઠા હતા અને ફેનિલ ત્યાં બાઈક પર બેસેલો; પછી ફેનિલે તેમને કહેતા તેમણે બાઈક ચલાવી લીધેલી અને તેને બાઈક પાછળ બેસાડી સ્કાયલાર્ક શોપીંગ સેન્ટર પાસે ડ્રોપ કરેલ.

(૧૨૫) આ જ હકીકતના અનુસંધાને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨૫** તરીકે **સાહીલ રાજેશભાઈ સેજાણી**ને **આંક–૧૨૪** થી તપાસેલ છે. આ શાહેદ 'રાધે ટાઈમ્સ' નામની ઘડીયાળ રીપેરીંગની દુકાનના માલિક છે.

આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમની ઉત્રાણ ખાતે આદિત્ય પેલેસની શોપ નં. ૨ માં "રાધે ટાઈમ્સ" નામની ઘડીયાળ રીપેરીંગ અને વેચાણની દુકાન છે. તેમની દુકાન પર એક પોલીસ અધિકારી વાઘેલા સાહેબ આવેલ અને તેમની સાથે કોમ્પ્યૂટરમાં ટાઈપ કરવા માટે બીજા એક પોલીસવાળા હતા અને તેમની સાથે અભિષેક નામની એક વ્યક્તિ હતી; તેમની દુકાનમાં EZVIZ કંપનીના સીસીટીવી કેમેરા લગાવવામાં આવેલ છે, જેમાં કેમેરાની અંદર એક મેમરી કાર્ડ હોય છે, તેમાં સાત દિવસનું રેકોર્ડીંગ સ્ટોર થાય છે; આ રેકોર્ડીંગ જોવા માટે EZVIZ કંપનીની એપ પ્લે સ્ટોરમાંથી મોબાઈલમાં ડાઉનલોડ કરવી પડે, જે તેમના મોબાઈલમાં ડાઉનલોડ થયેલ હતી. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, આ અભિષેક અને તેના મિત્ર તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેમની દુકાને આવેલા, તે અંગેનું રેકોર્ડીંગ પોલીસે બતાવવાનું કહેતા તેમણે પોલીસને આ રેકોર્ડીંગ બતાવેલ અને ત્યાર બાદ પોલીસે તેમને કહેલ કે, તેઓને આ અસલ રેકોર્ડીંગ જ જોઈએ અને તે વોટ્સઅપથી અને અન્ય રીતે મોકલેલ હોય તે ન ચાલે; આથી તેમણે તેમનો સેમસંગ કંપનીનો M21 મોડલનો કાળા કલરનો મોબાઈલ પોલીસને સુપ્રત કરેલ, જે અંગે પોલીસે તેમને સીઝર મેમો આપેલ. શાહેદે આ સીઝર મેમો જોઈ તેમાં તેમની સહી ઓળખી બતાવી આંક-૧૨૫ થી રજૂ કરેલ છે. આ ઉપરાંત પોલીસે તેમનો મોબાઈલ જપ્ત કરેલો, તે અંગે તેમણે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) મુજબનું એક પ્રમાણપત્ર આપેલ, જે આ કામે આંક-૧૨૬ થી રજૂ કરવામાં આવેલ છે. આ શાહેદને મુદ્દામાલ આર્ટિકલ નં.૩૨ નો મોબાઈલ ફોન બતાવવામાં તે તેમના મોબાઈલ ફોન જેવો જ છે, પરંતુ તે ચાલું કરી ખાતરી કરવા માંગે

છે તેવું જણાવતા, આ શાહેદને તેમ કરવા પરવાનગી આપતાં તેમણે તે મોબાઈલ ચાલું કરી તેમાં પોતાની છોકરીનો ફોટો જોઈ તે મોબાઈલ તેમનો જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. ત્યાર બાદ આ શાહેદે સદર મોબાઈલ ઓન કરી તેમાં EZVIZ ફોલ્ડર ઓપન કરી આ વિડીયો ક્લીપ શરૂ કરી જોતાં, તે તેમણે પોલીસને સુપ્રત કરેલ તે જ વિડીયો ક્લીપ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ વિડીયો ક્લીપમાં અભિષેક નામનો વ્યક્તિ તેની ઘડીયાળ રીપેર કરાવવા તેમની દુકાને આવેલો અને તેની સાથે બીજો ઈસમ ફેનિલ હોવાનું આ અભિષેક કુકડીયાએ તેમની હાજરીમાં જણાવેલ. બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં આ શાહેદે જણાવેલ છે કે, સીસીટીવી કેમેરા વાઈફાઈથી કનેક્ટેડ હોય છે; તેઓ તેમના ઘરે હોય તો પણ તેમની દુકાનના સીસીટીવી કેમેરાનું એક્સેસ તેમના મોબાઈલ ફોન વડે જોઈ શકાય. વધુમાં શાહેદે જણાવેલ છે કે, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) નું સર્ટિફિકેટ પોલીસ જ્યારે પંચનામુ કરવા આવેલા ત્યારે જ તેમણે પોલીસને આપેલ. તેમણે એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસે કહ્યું તેથી તેમણે સહી કરીને સર્ટિફિકેટ આપી દીધેલ; શાહેદે ખુલાસો કરેલ છે કે, તેમણે સર્ટીફીકેટ વાંચીને સહી કરેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, અભિષેકભાઈ તેમની દુકાને ઘડીયાળ રીપેર કરાવવા માટે આવેલા, જે તેમના માણસે તે રીપેર કરી આપેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, આ અભિષેક ઘડીયાળના પટ્ટામાં બે કડી જોઈન્ટ કરવા માટે આવેલ હોઈ, તેનું કોઈ પેમેન્ટ લીધેલ નહીં, કારણ કે, આવા નાના કામના તેઓ પૈસા લેતા નથી. આ શાહેદે જણાવેલ ઉપરોક્ત હકીકતોને શાહેદ અભિષેક ભરતભાઈ કુકડીયાની આંક–૧૭૯ ની જુબાનીથી પણ

સમર્થન મળે છે, કેમ કે, તેઓએ તેમની જુબાનીના પેરેગ્રાફ–૫ માં જણાવેલ છે કે, તારીખઃ ૧૪.૦૨.૨૦૨૨ ના રોજ પોલીસે તેમની પૂછપરછ કરેલી અને તારીખઃ ૧૫.૦૨.૨૦૨૨ ના રોજ બનાવના દિવસે જ્યાં જ્યાં ગયેલા ત્યાં પોલીસ તેમને લઈ ગયેલ; તારીખઃ ૧૬.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ રાધે ટાઈમ્સમાં ગયેલા, જ્યાં દુકાનવાળા ભાઈના ફોનમાં સીસીટીવી ના ફુટેજ રેકર્ડ થયેલ હતા તે તેમણે જોયેલ, તેમાં તેઓ અને ફેનિલ આ દુકાનમાં હાજર હોવાનું રેકોર્ડીંગ હતું. આ શાહેદે આરોપી તરફેની ઊલટતપાસમાં પેરેગ્રાફ–૧૪ માં કબૂલ રાખેલ છે કે, ઘડીયાળ રીપેર કરાવેલ, તેનું તેમની પાસે બીલ નથી, કારણ કે તે ફ્રીમાં રીપેર કરી આપેલ હતી. આ સંદર્ભે એ નોંધપાત્ર છે કે, આ શાહેદ નં.૨૫ સાહીલ રાજેશભાઈ સેજાણીની 'રાધે ટાઈમ્સ' નામની દુકાનના તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજના સીસીટીવી ફુટેજ સદર શાહેદના મોબાઈલમાં સ્ટોર હોઈ, તે મોબાઈલ કબજે લીધા અંગેનું પંચનામું આંક–૯૪ થી રજૂ કરવામાં આવેલ છે. આ પંચનામાના **પંચ દિવ્યેશ બાબુભાઈ વાળા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨૧** તરીકે **આંક–૯૩** થી તપાસેલ છે, જેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં પોલીસે આ પંચનામું તેમની હાજરીમાં કરેલ હોવાનું કબૂલ રાખેલ છે, એટલું જ નહીં, તેમણે સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ પંચનામા વખતે દુકાનના માલિક સાહીલભાઈ સેજાણી હાજર હતા; તે વખતે ત્યાં અભિષેક કુકડીયા, પી.આઈ. શ્રી જે.ડી.વાઘેલા, બીજા એક પોલીસ અધિકારી, તેઓ તથા બીજા પંચ મહેન્દ્રભાઈ ચોવટીયા હાજર હતા; સાહીલભાઈ સેજાણીના સીસીટીવી કેમેરાનું રેકોર્ડીંગ EZVIZ એપ થી તેમના મોબાઈલના મેમરી કાર્ડમાં થતું હતું; પછી આ સાહીલભાઈના મોબાઈલમાં તેમણે તારીખઃ

૧૨.૦૨.૨૦૨૨ નું રેકોર્ડીંગ જોતાં અભિષેક દુકાનના માણસને ઘડીયાળ રીપેર કરવા આપે છે, ત્યારે આરોપી ફેનિલ તેની સાથે ઉભો છે, તેવું તેમણે જોયેલ. આ પંચ શાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ જગ્યાએથી સાહીલભાઈ સેજાણીનો કાળા કલરનો સેમસંગ કંપનીનો મોબાઈલ કબજે લેવામાં આવેલ, જે અંગેનું પંચનામું તેમણે આંક-૯૪ થી રજૂ કરેલ છે તથા મુદ્દામાલ આર્ટિકલ નં.૩૨ ના મોબાઈલમાંથી નીકળેલ પંચ સ્લીપમાં તેમની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આંક-૯૫ થી આ પંચ સ્લીપ રજૂ કરેલ છે. આ પંચ શાહેદને ઉપરોક્ત મોબાઈલ ફોન કોર્ટના આઈ.ટી. અધિકારી દ્વારા ચાલું કરી બતાવતા, તેમાં ફાઈલ્સ એપમાં એક વિડીયો ફોલ્ડર ઓપન કરતા, EZVIZ ફોલ્ડર ઓપન કરતા તેમાં પાંચ વિડીયો જણાયેલ છે, જે પૈકી પ્રથમ વિડીયો જોતાં તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના કલાક ૧૫ઃ૩૯ઃ૩૧ વાગ્યે બે ઈસમો દુકાનમાં આવે છે, ત્યાં હાજર શાહેદ અભિષેકભાઈએ જણાવેલ કે, આ ફુટેજમાં દેખાતા બે ઈસમોમાં તેઓ પોતે તથા તેમના મિત્ર ફેનિલ છે; આ વિડીયો જોતાં તેઓ બંને કલાક ૧૫ઃ૪૬ઃ૦૭ સુધી ત્યાં રોકાયેલ હોવાનું જણાય છે. આ મોબાઈલ ફોન તથા તેમાં રહેલ સીસીટીવી ફુટેજ તેના મૂળ સ્વરૂપમાં જ આંક-૯૬ થી રજૂ થયેલ છે. મેં અગાઉ નોંધ્યું છે તેમ, આ સીસીટીવી ફુટેજ તેના મૂળ સ્વરૂપે મોબાઈલ સહિત રજૂ થયેલ છે અને આ મોબાઈલમાં રહેલ સીસીટીવી ફુટેજ ઈલેકટ્રોનિક ડોક્યુમેન્ટ છે, જે પ્રાથમિક દસ્તાવેજ છે, આથી ઉપરોક્ત નિર્દિષ્ઠ **અર્જુન પંડીતરાવ ખોટકર વિ. કૈલાશ ખુશનરાવ ગોરન્ત્યાલ અને બીજા**ના ચૂકાદામાં ઠરાવા મુજબ, આ દસ્તાવેજ માટે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) મુજબના પ્રમાણપત્રની અનિવાર્યતા જણાતી નથી.

(૧૨૬) આ જ સંદર્ભે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૩૪** તરીકે તપાસેલ **ધૃતિબેન નિરંજનભાઈ લુખી**ની **આંક-૧૫૪** ની જુબાની ફરીથી ધ્યાને લેવી જરૂરી બને છે. બનાવના દિવસ સંદર્ભે તેમણે એવો પુરાવો આપેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ તેમની કોલેજે ગયેલ અને ગ્રીષ્માબેન પણ કોલેજે આવેલ હતી; આ દિવસે બપોરે ત્રણ વાગ્યે તેમને ઘરે જવાનું હોઈ, તેઓ તેમની બહેનપણીઓ ઈશા અને ધારા સાથે ઉભા હતા, ત્યારે ત્યાં ફેનિલ આવેલો અને તેમને પૂછેલું કે, 'ગ્રીષ્મા ક્યાં છે?' તેણે તેમને કહેલ કે, 'મારે ગ્રીષ્માને મળવું છે, તું તેની સાથે મને મળાવ'; આથી તેમણે ના કહેલી અને કહેલું કે, 'તે ક્લાસમાં છે એટલે નહીં મળી શકે'; પછી તેઓ તેમના ઘરે જતી હતી ત્યારે ફેનિલે તેમને કહેલ કે, 'હું ગ્રીષ્માનાં ઘરે જાઉં છું અને મોટો ઝઘડો કરીશ'; પછી તેઓ તેમના ઘરે જતા રહેલ અને ફેનિલ પણ જતો રહેલો; આ વખતે ફેનિલ બાઈક લઈને આવેલો અને તેણે કોફી કલરનું ચેક્સવાળું શર્ટ તથા ડેનિમ જીન્સ પેન્ટ પહેરેલ હતું. તેમણે બનાવ સંબંધે કઠોરના વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન આપ્યાનું સ્વીકારી તે નિવેદન આંક-૧૫૫ થી રજૂ કરેલ છે. બચાવ પક્ષની ઊલટતપાસમાં તેમણે સ્વીકારેલ છે કે, કલમ-૧૬૪ મુજબના નિવેદનમાં તેમણે એવું લખાવેલ છે કે, 'પછી ફેનિલે પાછા આવીને મને કહેલ કે, ગ્રીષ્મા સાથે માત્ર વાતચીત કરીશ, તેના ઘરે નહીં જાઉં, તેમ કહી બાઈક ઉપર જતો રહેલો'. આમ આ શાહેદના જણાવ્યા મુજબ, બપોરના ત્રણ વાગ્યાની આસપાસ ફેનિલ મરનાર ગ્રીષ્માબેનની જે.ઝેડ.કોલેજ પર આવેલ અને આ શાહેદને મળી ગ્રીષ્મા ક્યાં છે, તેમ

પૂછી ગ્રીષ્માને મળાવવા માટે જણાવેલ. આ શાહેદનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન જોવામાં આવે તો તેમાં તેમણે એવું પણ જણાવેલ છે કે, તે જતી હતી ત્યારે ફેનિલે તેને ફોર્સ કરેલ કે, જ્યાં સુધી ગ્રીષ્મા ન આવે ત્યાં સુધી જવું નહીં, પરંતુ તેણી જતી રહેલ, ત્યારે ફેનિલે કહેલ કે, 'હું તેના ઘરે જઈ મોટું કરીશ' અને ત્યાર બાદ તે જતો રહેલ અને ફરી પાછા આવીને કરેલ કે, ગ્રીષ્મા સાથે માત્ર વાતચીત કરીશ, તેના ઘરે નહીં જાઉં.

(૧૨૭) ઉપરોક્ત શાહેદ ધ્રુતિબેને જણાવેલ છે કે, બનાવના દિવસે એટલે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ આ ફેનિલ બાઈક લઈને તેની કોલેજ પર આવેલ અને તેને મળી ગ્રીષ્માને મળાવવા માટે દબાણ કરેલ. અગાઉ શાહેદ અભિષેકે પણ જણાવેલ છે કે, તેઓ તથા આરોપી બપોરના ત્રણ વાગ્યા પછી જે.ઝેડ.કોલેજ પર ગયેલા અને ફેનિલે એક છોકરી સાથે વાત કરેલ, જે પરસ્પર સુસંગત જણાય છે. આ જ હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫૨** તરીકે **વત્સલ પંકજકુમાર પરમાર**ને **આંક–૨૦૧** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ જે.ઝેડ.શાહ આર્ટ્સ કોલેજમાં ટેક્નીકલ આસિસ્ટંટ તરીકે નોકરી કરે છે; તેમણે કોલેજમાં રહેલ તમામ કોમ્પ્યૂટર્સ તથા સીસીટીવી કેમેરા અંગે જરૂરી તમામ ટેક્નીકલ સેવા આપવાની હોય છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમની કોલેજમાં બનાવ વખતે આશરે ૧૮૦ સીસીટીવી કેમેરા લગાવેલ હતા; આ કેમેરાનું રેકોર્ડીંગ એનવીઆર ડીવાઈસમાં સ્ટોર થાય છે, તે ડીવાઈસ કોલેજના આઈ.ટી. ડીપાર્ટમેન્ટના રૂમમાં હોય છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૫.૦૨.૨૦૨૨

ના રોજ ગ્રીષ્મા ખૂન કેસ સંબંધે પોલીસ તેમની કોલેજમાં આવેલ અને આરોપી બનાવના દિવસે કોલેજની આસપાસ દેખાય છે, તે અંગે જુદા જુદા સીસીટીવી કેમેરાના ફુટેજની માંગણી કરેલ. આથી તેમણે પોલીસને અલગ–અલગ કેમેરાની કુલ ચાર ફાઈલમાં સીસીટીવી ફુટેજ સેન્ડડીસ્ક કંપનીની પેન ડ્રાઈવમાં સુપ્રત કરેલા. તેમના જણાવ્યા મુજબ, આ ચાર ફાઈલમાં એક કોલેજના પાર્કીંગના ભાગના, બીજા કોલેજના મેઈન ગેટના અને ત્રીજા મંદિર તરફના ભાગના સીસીટીવી કેમેરાના ફુટેજ હતા. આ ફુટેજ, પાર્કીંગના વિસ્તારમાં ગ્રીષ્મા કોલેજના પાર્કીંગમાંથી કેટલા વાગે જાય છે, ગ્રીષ્મા પાર્કીંગમાંથી નીકળી કોલેજનાં મેઈન ગેટ તરફ જાય છે, તે અંગેના છે તથા જલારામ મંદિર તરફના કેમેરામાં આરોપી તથા તેનો સાથીદાર બાઈક પર આવતા હોય તેનું રેકોર્ડીંગ છે. પોલીસ સાથે આરોપીનો એક મિત્ર હાજર હતો, તેણે આ ફુટેજમાં આરોપી તથા તેઓ પોતે બાઈક પર દેખાતા હોવાનું જણાવી ઓળખી બતાવેલ. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમણે પોલીસને પેન ડ્રાઈવ સાથે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર પણ આપેલ, જે તેમણે આંક–૨૦૨ થી રજૂ કરેલ છે.

(૧૨૮) આ જ હકીકત સંદર્ભે ફરિયાદ પક્ષે આંક–૭૦ થી રજૂ થયેલ પંચનામું જોતાં તેમાં પણ જે.ઝેડ. શાહ આર્ટસ અને એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના સીસીટીવી ફુટેજ ધરાવતી પેનડ્રાઈવ બે પંચોની હાજરીમાં કબજે લેવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે. આ પંચનામા સમયે પોલીસ સાથે અભિષેક ભરતભાઈ કુકડીયા હાજર હોવાનો ઉલ્લેખ છે. બાદમાં ઈન્ચાર્જ

પ્રિન્સીપાલ ડૉ.રાજેશકુમાર ડી. રાણાની હાજરીમાં ટેક્નીશીયન વત્સલભાઈ પરમારે કોમ્પ્યૂટરમાંથી કોલેજની અંદર તથા બહાર લગાવેલા સીસીટીવી કેમેરા પૈકી ટેમ્પલ વે તરફના કેમેરા નં.૧૬૨ ના કુટેજમાં ૧૫:૫૧:૪૯ વાગ્યે મોટર સાઈકલ પર બે ઈસમો પસાર થતા હોવાનું અને ત્યાં હાજર અભિષેક કુકડીયાએ આ મોટર સાઈકલ આરોપી ચલાવતા હોવાનું અને પાછળ પોતે બેસેલ છે તેવું જણાવેલ, તેવો ઉલ્લેખ છે. વધુમાં કોલેજ મેઈન ગેટ કેમેરા નં.૧૬૫ ના સીસીટીવી કુટેજ જોતાં ૧૫:૫૨:૦૦ કલાકે મોટર સાઈકલ પર બે ઈસમો પસાર થતા હોવાનું અને ત્યાં હાજર અભિષેક કુકડીયાએ આ મોટર સાઈકલ આરોપી ચલાવતા હોવાનું અને પાછળ પોતે બેસેલ છે તેવું જણાવેલ, તેવો ઉલ્લેખ છે. કોલેજ મેઈન ગેટ કેમેરા નં.૧૬૫ ના સીસીટીવી કુટેજ જોતાં ૧૬:૩૯:૫૫ કલાકે ભોગ બનનાર કોલેજ ગેટની બહાર એક્ટીવા પર નીકળતા દેખાય છે. કોલેજ પાર્કીંગ કેમ્પસના કેમેરા નં.૧૭૦ ના સીસીટીવી કુટેજ જોતાં કલાક ૧૫:૫૧ થી ૧૬:૩૯ સુધી ભોગ બનનાર તેની બહેનપણીઓ સાથે પાર્કીંગમાં આંટાફેરા મારતા હોવાનો ઉલ્લેખ છે, જે તમામ સીસીટીવી કુટેજ સેનડીસ્ક કંપનીની પેન ડ્રાઈવમાં કોપી કરી શાહેદ વત્સલભાઈ પરમારે પોલીસને સુપ્રત કર્યાનો ઉલ્લેખ છે. સદર આંક-૭૦ ના પંચનામામાં દર્શાવેલ ઉપરોક્ત હકીકતોને **શાહેદ નં.૧૪ પંચ મેહુલકુમાર ભરતભાઈ શાહે** તેમની **આંક-૬૯** ની સોગંદ પરની જુબાનીમાં સંપૂર્ણ સમર્થન આપેલ છે. તેમની હાજરીમાં મુદ્દામાલ આર્ટિકલ નં.૩૦ તરીકે કબજે લેવામાં આવેલ પેન ડ્રાઈવ તેમને બતાવતા તે તેમણે ઓળખી બતાવેલ છે અને આ મુદ્દામાલ સાથે રાખેલ પંચ સ્લીપમાં પોતાની સહી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે અને આ

પંચ સ્લીપ આંક-૭૧ થી રજૂ કરેલ છે. આ પેન ડ્રાઈવ આ કોર્ટના આઈ.ટી. ડિપાર્ટમેન્ટના અધિકારીએ લેપટોપમાં પ્લે કરી આ પંચ શાહેદને બતાવતા તે તમામ ફુટેજ તેમની હાજરીમાં કબજે લેવામાં આવેલ તે જ હોવાનું જણાવેલ છે, જે પૈકી મેઈન ગેટ પરના કેમેરા નં.સી-૧૬૫ ના ફુટેજમાં ૧૫:૫૨ વાગ્યે એક મોટર સાઈકલ ઉપર બે ઈસમો કોલેજના ગેટ પાસેથી મુખ્ય રસ્તા પર પસાર થતા દેખાય છે; આ બંને વ્યક્તિઓને જે તે સમયે અભિષેકભાઈએ તેમની હાજરીમાં ઓળખી બતાવેલા, જેમાં પાછળ બેઠેલ વ્યક્તિ પોતે હોવાનું અભિષેકભાઈએ જણાવેલ. આ જ રીતે બીજા રેકોર્ડીંગમાં કલાક ૧૬ઃ૩૯ઃ૫૫ વાગ્યે એક ગ્રેફાઈટ કે કાળા કલર જેવા એક્ટીવા પર ભોગ બનનાર યુવતી મેઈન ગેટની બહાર જતી દેખાય છે; ત્રીજા રેકોર્ડીંગમાં કેમેરા નં.સી-૧૬૨ ના સીસીટીવી ફુટેજ જોતાં કલાક ૧૫:૫૧ઃ૪૯ વાગ્યે એક બાઈક પર બે ઈસમો પસાર થતા દેખાય છે, જે, જે તે સમયે હાજર અભિષેકભાઈ કુકડીયાએ તેમની હાજરીમાં ઓળખી બતાવેલ કે, મોટર સાઈકલ ફેનિલ ગોયાણી ચલાવે અને પોતે પાછળ બેઠા છે. ત્યાર બાદ ચોથા રેકોર્ડીંગમાં કેમેરા નં.સી-૧૭૦ ના સીસીટીવી ફુટેજમાં કલાક ૧૬.૩૯.૩૭ વાગ્યે એક એક્ટીવા ઉપર બેસી એક યુવતી પાર્કીંગમાંથી બહાર આવતી જણાય છે, જે ભોગ બનનાર હોવાનું શાહેદે જણાવેલ છે. સદર પંચ શાહેદે આ તમામ ફુટેજ ઓળખી બતાવી, આ ફુટેજ ધરાવતી પેનડ્રાઈવ બંને પક્ષોની સંમતિથી આંક-૭૨ થી રજૂ કરેલ છે. બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં આ શાહેદે સ્વીકારેલ છે કે, કોર્ટમાં જોયેલ તમામ સીસીટીવી ફુટેજમાં ભોગ બનનારના એક્ટીવાનો કલર કે રજિસ્ટ્રેશન નંબર દેખાતો નથી તેમજ કપડાંનો ચોક્કસ કલર પણ ઓળખવો મુશ્કેલ છે. આ ઉપરાંત કેમેરા

નં.સી–૧૬૨ ના ફુટેજમાં બે ઈસમો બાઈક પર પસાર થતા દેખાય છે, તે બાઈક કઈ કંપનીનું છે, તેનો નંબર શું છે તથા તે બંને વ્યક્તિના ચહેરા પણ સ્પષ્ટ જોઈ શકાતા નથી. આમ, સદર પંચ શાહેદની જુબાનીમાં આંક–૭૦ ના પંચનામાથી જે.ઝેડ. શાહ આર્ટસ અને એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના સીસીટીવી ફુટેજ ધરાવતી પેનડ્રાઈવ પોલીસે કબજે લીધેલાનું પુરવાર થાય છે.

(૧૨૯) હવે આ જ સંદર્ભે શાહેદ વત્સલ પંકજકુમાર પરમારની આંક–૨૦૧ ની જુબાની ફરીથી જોવામાં આવે તો, તેમને આંક–૭૨ ની પેન ડ્રાઈવ અત્રેની કોર્ટના આઈ.ટી. વિભાગના અધિકારી દ્વારા લેપટોપમાં પ્લે કરી બતાવતા તેમણે જણાવેલ છે કે, કેમેરા નં.સી–૧૬૫ ના ફુટેજ તેમની કોલેજના મેઈન ગેટ પરના છે, જેમાં કલાક ૧૫:૫૨ વાગ્યે એક મોટર સાઈકલ ઉપર બે ઈસમો કોલેજના મુખ્ય રસ્તા પરથી પસાર થતા દેખાય છે, જે પોલીસની સાથે રહેલ આરોપીના મિત્રએ પોતે તથા આરોપી હોવાનું ઓળખી બતાવેલ તે જ ફૂટેજ છે; ત્યાર બાદ તેમણે કેમેરા નં.સી–૧૬૫ મેઈન ગેટનાં ફુટેજ જોઈને જણાવેલ છે કે, ૧૬:૩૯:૫૫ વાગ્યે કોલેજના મેઈન ગેટમાંથી એક કાળા કલર જેવા એક્ટીવા પર બેસીને એક યુવતી બહાર જતી દેખાય છે, તે ભોગ બનનાર ગ્રીષ્મા હોવાનું જણાવેલ છે; આ જ રીતે કેમેરા નં.સી–૧૬૨ ના ફુટેજ જોઈને જણાવેલ છે કે, કલાક ૧૫:૫૧:૪૯ વાગ્યે એક બાઈક ઉપર બે ઈસમો બેઠા છે, તે પોતે તથા આ કામના આરોપી હોવાનું પોલીસની સાથે હાજર આરોપીના મિત્રએ ઓળખી બતાવેલ; આ ઉપરાંત કેમેરા નં.સી–૧૭૬ ના ફુટેજ જોઈને જણાવેલ છે કે, કલાક ૧૫:૫૦:૫૫ વાગ્યે

જે ચાર છોકરીઓ પાર્કીંગ વિસ્તારમાં ગયેલ, તેમાં ડાબી તરફથી ત્રીજા નંબરની છોકરી તે ભોગ બનનાર છે. આ શાહેદે ઊલટતપાસમાં સ્વીકારેલ છે કે, ઉપરોક્ત તમામ ફુટેજમાં એક પણ વ્યક્તિનો ચહેરો સ્પષ્ટ દેખાતો નથી. જો કે તેમણે ઈન્કાર કરેલ છે કે, ગ્રીષ્માબેનના ફુટેજમાં તેના એક્ટીવાનો નંબર દેખાતો નથી. આ શાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, મેઈન ગેટના ફુટેજમાં નંબર દેખાય છે, આથી ફરીથી આ ફુટેજ પ્લે કરી બતાવતા ભોગ બનનારના એક્ટીવાનો નં.જીજે–૫–એનએલ–૧૫૩૭ વંચાતો હોવાનું સ્પષ્ટ દર્શાવેલ છે. આ ફુટેજનો સમય ૧૬:૪૦ હોવાનું જણાયેલ છે તથા આ એક્ટીવાની બાજુમાં અન્ય એક એક્ટીવા ઉપર બે યુવતીઓ બેઠી હોવાનું જણાય છે અને તે ઉપરોક્ત નં.જીજે–૫–એનએલ–૧૫૩૭ પર બેસેલ યુવતી સાથે થોડી વાતચીત કરતી હોવાનું દેખાય છે.

(૧૩૦) એ નોંધપાત્ર છે કે, આ શાહેદ વત્સલ પંકજકુમાર પરમારની આંક–૨૦૧ ની જુબાની સાથે પંચ શાહેદ મેહુલકુમાર ભરતભાઈ શાહની આંક–૬૯ ની જુબાની તથા તેમાં રજૂ થયેલ આંક–૭૨ ની પેન ડ્રાઈવ જોતાં એવું સ્પષ્ટ થાય છે કે, જે.ઝેડ. કોલજના અલગ–અલગ કેમેરામાં બાઈક પર બે વ્યક્તિઓ તથા એકટીવા પર ભોગ બનનાર, તેમાં જણાવેલા સમયે કોલેજની આસપાસ જણાઈ આવેલ છે. એ સાચું છે કે, આ ફુટેજમાં આ લોકોના ચહેરા સ્પષ્ટ દેખાતા નથી, પરંતુ એ હકીકત પણ રેકર્ડ પર આવેલ છે કે, આ ફુટેજ કબજે લીધા ત્યારે આરોપીના મિત્ર અભિષેક ભરતભાઈ કુકડીયા (શાહેદ નં.૪૫) પોલીસ સાથે ત્યાં હાજર હતા અને તેમણે પોલીસ તથા પંચોની હાજરીમાં ફુટેજમાં

દેખાતા બે છોકરાઓમાં તેઓ પોતે તથા આ કામના આરોપી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે.

(૧૩૧) હું આ સંદર્ભે ફરીથી શાહેદ અભિષેક ભરતભાઈ કુકડીયાની આંક–૧૭૯ ની જુબાનીનો ઉલ્લેખ કરવા માંગું છું, જેમણે તેમની જુબાનીના પેરેગ્રાફ–૫ માં જણાવેલ છે કે, તારીખઃ ૧૫.૦૨.૨૦૨૨ ના રોજ, બનાવના દિવસે તેઓ અને આરોપી જ્યાં જ્યાં ગયેલા ત્યાં પોલીસ તેમને લઈ ગયેલી; તેમને સૌપ્રથમ જે.ઝેડ. કોલેજ લઈ ગયેલા અને ત્યાં તેઓ અને ફેનિલ સાથે હતા તે વિડીયો બતાવેલ, જે પોલીસે એક પેન ડ્રાઈવમાં મેળવેલ. આ શાહેદે આંક–૭૨ ની પેન ડ્રાઈવ ઓળખી બતાવેલ છે. આ શાહેદને આંક–૭૨ ની પેન ડ્રાઈવ આ કોર્ટના આઈ.ટી. વિભાગના કર્મચારી દ્વારા લેપટોપમાં પ્લે કરી બતાવતા તે જોઈને તેમણે જણાવેલ છે કે, આ પેન ડ્રાઈવમાં ત્રીજુ રેકોર્ડીંગ કેમેરા નં.સી–૧૬૨ નું છે, જેમાં કલાક ૧૫:૫૧:૪૯ વાગ્યે એક બાઈક પર બેસી બે ઈસમ પસાર થતા દેખાય છે, તે જોઈને તેઓ જણાવે છે કે, તે તેમનું બાઈક છે, જેમાં પાછળ તેઓ બેઠા છે અને બાઈક ચલાવનાર ફેનિલ ગોયાણી એટલે કે આરોપી છે. આ ઉપરાંત તેમણે કેમેરા નં. સી–૧૬૫ મેઈન ગેટના ફુટેજ જોઈને જણાવેલ છે કે, તેમાં કલાક ૧૫:૫૨ વાગ્યે એક બાઈક પર બે જણા કોલેજના ગેટ પાસે પસાર થતા દેખાય છે, આ "શાઈન" બાઈક છે, જે તેમનું છે; આ બાઈક પર બેઠેલ બે વ્યક્તિઓમાં તેઓ પાછળ બેઠા અને આરોપી ફેનિલ બાઈક ચલાવે છે. આ શાહેદે બચાવ પક્ષની ઊલટતપાસમાં સ્વીકારેલ છે કે, ફુટેજમાં તેમના ચહેરા દેખાતા નથી, આમ છતાં આ શાહેદ આરોપીના મિત્ર અને અને આરોપી સાથે

જે.ઝેડ.કોલેજ પર ગયેલ અને ત્યાં આરોપીએ એક છોકરી સાથે વાત કરેલ, તેવું જણાવેલ છે, ત્યારે આ બંને ફુટેજમાં ચહેરા ઓળખાતા ન હોવા છતાં આ શાહેદે પોતે અને આરોપી બાઈક લઈને નીકળતા હોવાનું દેખાય છે, તેવું સ્પષ્ટ જણાવેલ છે, જે હકીકત તેમની જુબાની, શાહેદ નં.૫૭ ધૃતિબેનની જુબાની, શાહેદ નં.૫૨ વત્સલભાઈની જુબાની સાથે સમર્થનકારક હોઈ, માની શકાય તેમ છે.

(૧૩૨) આ સંબંધે ફરિયાદ પક્ષે જે.ઝેડ.શાહ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ **ડૉ.રાજેશકુમાર ધનસુખલાલ રાણા**ને **શાહેદ નં.૬૩** તરીકે **આંક–૨૨૯** થી તપાસેલ છે. આ શાહેદે તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૫.૦૨.૨૦૨૨ ના રોજ કામરેજ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી જે.ડી.વાઘેલા તેમની કોલેજમાં આ બનાવમાં મરણ જનાર ગ્રીષ્માબેનનાં અભ્યાસ બાબતે તેમજ કોલેજના સીસીટીવી ફુટેજ મેળવવા આવેલા; શ્રી વાઘેલાએ આ સંબંધે વિનંતીપત્ર પણ આપેલ, જે પત્ર તેમણે આંક–૨૩૧ થી રજૂ કરેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમણે તેમના ટેક્નીકલ પર્સનશ્રી વત્સલભાઈ મારફતે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજના સીસીટીવી ફુટેજ જોઈ, અલગ તારવી પેન ડ્રાઈવમાં કોપી કરી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) ના પ્રમાણપત્ર સાથે પોલીસને સુપ્રત કરેલ. તેમણે વિશેષમાં જણાવેલ છે કે, તેમની કોલેજમાં વિદ્યાર્થીઓની દરેક લેક્ચરની હાજરી પૂરવામાં આવે છે, જેથી આ દિવસની મરણ જનાર ગ્રીષ્માબેનની પ્રત્યેક લેક્ચરમાં હાજરી હતી, તેવું દર્શાવતા પુરાવા તેમણે પોલીસને સુપ્રત કરેલા. તેમણે પોલીસને ભોગ બનનાર ગ્રીષ્માબેન વેકરીયાના

એડમીશનથી લઈને બનાવના દિવસ સુધીની ઉપલબ્ધ તમામ માહિતી સુપ્રત કરેલ. આ શાહેદે મરણ જનાર ગ્રીષ્માબેનની કોલેજના હાજરીપત્રક આંક–૨૩૦ થી રજૂ કરેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, પોલીસ અધિકારીશ્રી જે.ડી.વાઘેલા તેમના કેમ્પસમાં આવેલા તે બાબતે વિઝીટર્સ બુકમાં તેમની સહી લીધેલી, જેના ઉતારાની નકલ તેમણે આંક–૨૩૨ થી રજૂ કરેલ છે. આ શાહેદે રજૂ કરેલા ઉપરોક્ત દસ્તાવેજોને તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ પ્રત્યેક હકીકતોથી સંપૂર્ણપણે સમર્થન મળે છે. આ સંજોગોમાં તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ આરોપી જ્યારે તેમના મિત્ર અભિષેક કુકડીયા સાથે મરનાર ગ્રીષ્માબેનની કોલેજની આસપાસ હતા અને આરોપીએ શાહેદ ધ્રુતિબેન સાથે વાત કરી, તે વખતે મરનાર ગ્રીષ્માબેન તેમની કોલેજના ચારે લેક્ચરમાં હાજર હતા, તેવું આંક–૨૩૦ થી રજૂ થયેલ પ્રત્યેક લેકચરના હાજરી પત્રક જોતાં નિઃશંકપણે પુરવાર થાય છે. આ શાહેદ ડૉ. રાજેશકુમાર ધનસુખલાલ રાણાએ જણાવેલ ઉપરોક્ત પુરાવાને ફરિયાદ પક્ષે શાહેદ નં.૫૯ થી તપાસેલ પી.આઈ. જયસુખભાઈ દેવજીભાઈ વાઘેલાની આંક–૨૨૧ ના પુરાવાથી સંપૂર્ણ સમર્થન પ્રાપ્ત થાય છે. શ્રી વાઘેલાએ પણ તેમની આ જુબાનીમાં તેઓ જે.ઝેડ. શાહ કોલેજ, અમરોલી ખાતે જઈ સંસ્થાના ટેક્નીકલ પર્સનશ્રી વત્સલભાઈ પરમાર મારફત ઉપરોક્ત સીસીટીવી ફુટેજ કબજે લીધેલાનું સ્પષ્ટ પુરાવો આપેલ છે.

(૧૩૩) આ તબક્કે આ બનાવના નજરે જોનાર શાહેદ રેણુકાબેન હરેશભાઈ કિકાણીની આંક–૧૫૦ ની જુબાની ફરીથી ધ્યાને લેવી જરૂરી બને છે. તેમણે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના

રોજ તેઓ તેમના ઘરે હતા ત્યારે બપોરે ૪:૧૫ વાગ્યા પછી ગ્રીષ્માબેનનો તેની પર ફોન આવેલો અને તેણીએ જણાવેલ કે, આરોપી ફેનિલ તેની કોલેજના ગેટની બહાર ઉભો છે, તો તેણીને આવીને લઈ જાવ, જેથી શાહેદે ગ્રીષ્માબેનને પૂછતાં તેમને જાણ થયેલ કે, ગ્રીષ્માબેન સાથે બીજી બે બહેનપણીઓ છે. આથી શાહેદે ગ્રીષ્માબેનને જણાવેલ કે, તેઓ કોલેજે લેવા ન આવે ત્યાં સુધી તે તેઓની સાથે જ રહે. ત્યાર બાદ આ શાહેદ કોલેજ જવા નીકળેલા અને કોલેજના ગેટ પાસે જઈ ગ્રીષ્માબેનને ફોન કરી જાણ કરતા ગ્રીષ્માબેનની બે બહેનપણીઓ તેમના મોપેડ પર કોલેજના ગેટ પાસે આવેલ અને તેઓએ આ શાહેદ, ગ્રીષ્માબેનના આન્ટી હોવાની ખાતરી કર્યા બાદ ગ્રીષ્માબેન કોલેજના ગેટ પાસે આવેલ અને બાદમાં આરોપી ત્યાં ઉભો ન હોવાની ખાતરી કર્યા બાદ તેઓ તથા ગ્રીષ્માબેન લક્ષ્મીધામ સોસાયટીમાં ગ્રીષ્માબેનના ઘરે ગયેલ. તેમણે જણાવેલ છે કે, તેઓ લક્ષ્મીધામ સોસાયટીમાં સવા પાંચ વાગ્યાની આસપાસ પહોંચેલા. ત્યાર પછી તેઓએ ચા-નાસ્તો કરી બહાર બેઠા હતા ત્યારે ગ્રીષ્માબેને આરોપી શેરી સુધી આવી ગયેલ હોવાનું જણાવેલ, જેથી ગ્રીષ્માબેનનો નાનો ભાઈ ધ્રુવ તેના મોટા પપ્પા સુભાષભાઈને બોલાવવા ગયેલ. આમ આ હકીકત જોતાં આશરે ૫:૧૫ વાગ્યે લક્ષ્મીધામ સોસાયટીમાં પહોંચ્યા બાદ આશરે અડધો-પોણો કલાક પછી એટલે કે આશરે છ વાગ્યા આસપાસ આરોપી આ જગ્યાએ હાજર હોવાનું જણાય છે.

(૧૩૪) આ સંબંધે હું ફરીથી આરોપી ફેનિલે તેમની કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેન સાથે ઈન્સ્ટાગ્રામ પર કરેલ ચેટનો ઉલ્લેખ કરવો

જરૂરી માનું છું, જે આ કામે આંક–૩૧૪ થી રજૂ થયેલ છે, જેમાં આરોપીએ આ શાહેદ ક્રિષ્નાબેન સાથે કરેલ ચેટના બે સ્ક્રીનશોટ રજૂ થયેલા છે, તે જોતાં તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૫ઃ૩૧ વાગ્યાનું ચેટીંગ છે, જેમાં ૫ઃ૩૧ વાગ્યે શરૂ થયેલ ચેટીંગમાં આશરે ૧૫ મિનિટ મેસેજની આપ–લે થયા બાદ આરોપીએ 'હવે મેસેજ ન કરતી, કલીન કરું છું', તેમ જણાવેલ છે.

(૧૩૫) આ સંદર્ભે હું ફરીથી શાહેદ નં.૭૧ તરીકે તપાસેલ ઉત્તમભાઈ વિપુલભાઈ દેવાણીની આંક–૨૫૪ ની જુબાનીનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. આ શાહેદે તેમની જુબાની દરમ્યાન કોર્ટ રૂબરૂ આંક–૨૩૭ ની ડીવીડી જોઈને જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ એટલે કે બનાવના દિવસે કાઉન્ટરની સામે કેમેરા નં.૧ માં કાળા કલરનો ટપકાવાળુ શર્ટ પહેરીને ઉભેલો છોકરો તેઓ પોતે છે તથા તેમની સાથે ઉભેલો બીજો છોકરો ઝીલ છે તથા કેમેરા નં.૧ માં કલાક ૦૫ઃ૪૭ઃ૩૦ વાગ્યે ચેક્સનું શર્ટ તથા જીન્સ પહેરેલ એક છોકરો ખભે કાળી બેગ લટકાવીને દાખલ થયેલ છે તે ફેનિલ છે અને તેની પાછળ ટપકાવાળો શર્ટ પહેરીને જતો છોકરો દેખાય છે તે તેઓ પોતે છે. આ હકીકત જોતાં તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે ૫ઃ૪૭ વાગ્યાની આસપાસ આરોપી ઘનશ્યામ કેક શોપ પર ગયેલ હોવાનું જણાય છે. ત્યાર બાદ સાંજે ૬ઃ૦૦ વાગ્યાના અરસામાં આરોપી બે ચપ્પા સાથે લક્ષ્મીધામ સોસાયટીમાં જાય છે અને શાહેદ ધ્રુવ તથા સુભાષભાઈને ગંભીર ઈજા કરે છે અને ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખી હત્યા કરેલ છે, જેની ચર્ચા મેં અગાઉ કરેલ છે. આ તબક્કે એ નોંધનીય છે કે, બનાવના

દિવસે એટલે કે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સહજાનંદ લાઈવ કેક શોપ પર આરોપી ગયેલ, જે અંગે સદર શોપના સીસીટીવી ફુટેજ ધરાવતું ડીવીઆર કબજે કર્યા અંગેનું પંચનામું આંક-૭૪ થી રજૂ કરવામાં આવેલ છે, જેના પંચ વિશાલભાઈ સુનિલભાઈ વૈદ્યને ફરિયાદ પક્ષે શાહેદ નં.૧૫ તરીકે આંક-૭૩ થી તપાસેલ છે, જેમના પુરાવાથી ઉપરોક્ત પંચનામાથી હકીકતને સમર્થન મળે છે.

(૧૩૬) હવે ઉપરોક્ત તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ એકસાથે વંચાણે લેતાં બનાવના દિવસની આરોપીની મુવમેન્ટ અંગે એ ચિત્ર અત્યંત સ્પષ્ટ થાય છે કે , તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ આરોપી સવારે દસેક વાગ્યાના અરસામાં સ્કાઈલાર્ક શોપીંગ સેન્ટર પર સંદીપભાઈ માણીયાના કોફી શોપ પર જાય છે, જ્યાં આરોપી, તેના મિત્ર મીત કુંભાણી તથા વિવેક સાથે આશરે સાડા બાર વાગ્યા સુધી મોબાઈલમાં ગેમ રમે છે અને સાડા બાર વાગ્યે આરોપી લેપટોપ બેગ મૂકી જતા રહે છે. આ દરમ્યાન આરોપી શાહેદ અભિષેક કુકડીયા સાથે વાત કરે છે અને તે વરાછા તરફ જવાના હોય તો તેમને લઈ જવા જણાવેલ છે. જેથી આ શાહેદ અભિષેક કુકડીયા બપોરે આશરે ૩:૩૦ વાગ્યાના અરસામાં આરોપીને સ્કાયલાર્ક બિલ્ડિંગ પાસેથી પોતાની સાથે બાઈક પર લઈ જાય છે, ત્યાંથી શાહેદ અભિષેક કુકડીયાને ઘડીયાળમાં બે કડી નંખાવવાની હોઈ, તેઓ વી.આઈ.પી. સર્કલ પાસે આવેલ 'રાધે ટાઈમ્સ' નામની દુકાનમાં જાય છે, જ્યાં તેઓ કલાક ૧૫:૩૯:૩૧ થી કલાક ૧૫:૪૬:૦૭ સુધી રોકાયેલા. ત્યાંથી આરોપીએ શાહેદ અભિષેક કુકડીયાનું બાઈક ચલાવેલ અને શાહેદ અભિષેક કુકડીયા બાઈક પર

પાછળ બેઠેલા. ત્યાર બાદ આરોપી અને શાહેદ અભિષેક કુકડીયા મરનાર ગ્રીષ્માબેનની જે.ઝેડ.કોલેજ પર ગયેલા, જ્યાં કલાક ૧૫:૫૨ ના અરસામાં આરોપીએ શાહેદ ધ્રુતિબેન સાથે વાત કરેલ અને ગ્રીષ્માબેનને મળાવવા દબાણ કરેલ. આ દિવસે ગ્રીષ્માબેન આ કોલેજમાં તમામ લેકચરમાં હાજર હતા. ત્યાર બાદ આરોપી તથા તેનો મિત્ર કોલેજેથી નીકળી ગોલ્ડન સ્કવેર પર ગયેલા, ત્યાં શાહેદ અભિષેક કુકડીયા તેના મિત્રો સાથે હતા અને આરોપી બાઈક પર થોડો સમય બેઠેલા. બાદમાં ફેનિલને સ્કાઈલાર્ક પર ડ્રોપ કરેલ અને ત્યાંથી આરોપીએ શાહેદ મીત કુંભાણીના કાફે પરથી લેપટોપ બેગ લીધેલ. આ સમય દરમ્યાન એટલે કે સાંજે ૪:૧૫ વાગ્યાના અરસામાં ગ્રીષ્માબેને રેણુકાબેનને ફોન કરી તેને કોલેજ લેવા બોલાવેલ. આથી શાહેદ રેણુકાબેને ગ્રીષ્માબેનને તેની બહેનપણીઓ સાથે રહેવા જણાવેલ. ત્યાર બાદ શાહેદ રેણુકાબેન કોલેજના ગેટ પર પહોંચેલ, તે સમયે આરોપી ત્યાં હાજર ન હતા, તેથી શાહેદ રેણુકાબેન ગ્રીષ્માબેનને લઈ તેના ઘરે ગયેલા. તે દરમ્યાન આરોપીએ સાંજે ૫:૩૧ વાગ્યાના અરસામાં તેમની કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેન સાથે ઈન્સ્ટાગ્રામ પર ચેટીંગ કરેલ. ત્યાર બાદ આરોપી ઘનશ્યામ કેક શોપ પર સાંજે ૫:૪૭ વાગ્યે જાય છે અને ત્યાંથી લક્ષ્મીધામ સોસાયટી પર સાંજે આશરે ૬:૦૦ થી ૬:૩૦ ના અરસામાં પહોંચે છે, જેને ગ્રીષ્માબેન જોઈ જતાં તેણે આ અંગે તેમના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેનને જાણ કરેલ અને ત્યાર બાદ આ હત્યાનો બનાવ બનેલ છે.

(૧૩૭) આરોપીની પુરવાર થયેલ ઉપરોક્ત મુવમેન્ટ સંબંધે આંક–

૧૩૩ થી રીકન્સ્ટ્રકશન પંચનામું રજૂ કરવામાં આવેલ છે, જેને બચાવ પક્ષે ફોટોગ્રાફી સિવાય કબૂલ રાખેલ છે. આ પંચનામામાં બનાવના દિવસે આરોપી જ્યાં જ્યાં ગયેલા તે અંગે જણાવેલ હકીકત મેં ઉપર જણાવેલ વિગતો સાથે સંપૂર્ણપણે બંધબેસતી છે. ફરિયાદ પક્ષે રીકન્સ્ટ્રકશન પંચનામાનાની વિડીયોગ્રાફી કરનાર **જેનીશ ભુપેન્દ્રભાઈ રાવત**ને **શાહેદ નં.૨૭** તરીકે **આંક–૧૩૧** થી તપાસેલ છે, જેઓએ પોલીસ તથા આરોપીની હાજરીમાં રીકન્સ્ટ્રકશન પંચનામાનાની કાર્યવાહી વિડીયો કેમેરાથી રેકર્ડ કરી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબના આંક–૧૩૨ ના સર્ટિફિકેટ સાથે પોલીસને મેમરી કાર્ડ આપ્યાનું જણાય છે. જો કે તેમણે ઊલટતપાસમાં તેઓ આ વિડીયોગ્રાફી કરવાનું કોઈ લાયસન્સ ધરાવતા ન હોવાનું તથા રીકન્સ્ટ્રકશન પંચનામા સમયે આરોપીની તબિયત સારી ન હોવાનું સ્વીકારેલ છે. અત્રે એ નોંધપાત્ર છે કે, આ રીકન્સ્ટ્રશન પંચનામા સાથે પોલીસે આંક–૮૬ થી ગુગલ મેપ પણ રજૂ કરેલ છે. આ ગુગલ મેપ કબજે લેવા અંગેનું પંચનામું આંક–૮૫ થી રજૂ કરવામાં આવેલ છે. આ પંચનામાના **પંચ સુનિલભાઈ મનુભાઈ સુહાગીયા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૯** તરીકે **આંક–૮૩** થી તપાસેલ છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૯.૦૨.૨૦૨૨ ના રોજ કામરેજ પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારીશ્રી ચૌધરી સાહેબે આ કામના આરોપીના મોબાઈલ ફોનના સી.ડી.આર. આધારે આંક–૮૬ નો ગુનાના દિવસનો ગુગલ મેપ તૈયાર કરેલો, જે પણ ઉપરોક્ત પુરાવાને સમર્થનકારક છે. ઉપરોક્ત તમામ પુરાવાઓ પરથી આરોપીની બનાવના દિવસની સમગ્ર મુવમેન્ટ નિઃશંકપણે પુરવાર થાય છે.

(૧૩૮) અત્રે હું નોંધવું જરૂરી માનું છે કે, આરોપી મરનાર ગ્રીષ્માબેનની સોસાયટીમાં તેની હત્યા કરવા માટે બાઈક લઈને પહોંચે છે, તે સંબંધે ફરિયાદ પક્ષ દ્વારા સમગ્ર રૂટના સીસીટીવી કેમેરાના ફુટેજ આ કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે. આ સંદર્ભે ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫૫** તરીકે **નરોત્તમભાઈ મોહનભાઈ વરીયા**ને **આંક-૨૦૬** થી તપાસેલ છે. આ શાહેદ સુરત પોલીસ કમિશ્નરશ્રીની ઓફિસના કન્ટ્રોલ રૂમમાં ફરજ બજાવે છે, જ્યાં સમગ્ર શહેરના સીસીટીવી કેમેરાના ફુટેજ રાખવામાં આવે છે તથા જોવામાં આવે છે. તેમની જુબાનીમાં એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ કામરેજ પોલીસ સ્ટેશન તરફથી તેમને મળેલ સૂચના આધારે કાપોદ્રા વિસ્તારમાં સુરત મહાનગરપાલીકા દ્વારા બી.આર.ટી.એસ રૂટ ઉપર લગાવેલ પાસોદરા પાટીયા, નાના વરાછા વારીગૃહ, કાપોદ્રા ફાયર સ્ટેશન, સ્વામી દયાનંદ બ્રીજ ખાતેના ફુટેજ ચેક કરી, તેના રેકર્ડ થયેલ ડેટા એક ડીવીડી માં કોપી કરી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી) ના પ્રમાણપત્ર (આંક-૨૦૭) સાથે હેડ કોન્સ્ટેબલ વિક્રમભાઈને સુપ્રત કરેલ. આ શાહેદને આંક-૯૨ ની ડીવીડી કોર્ટમાં પ્લે કરી બતાવતા તે તેઓ આપેલ સીસીટીવી ફુટેજ વાળી જ ડીવીડી હોવાનું જણાવેલ છે. આ શાહેદની ઊલટતપાસમાં તેમણે સ્વીકારેલ છે કે, તેમણે હેડ કોન્સ્ટેબલ વિક્રમભાઈને આ ફુટેજ આપ્યા ત્યારે તેનું કન્ટ્રોલ રૂમમાં કોઈ પંચનામુ કરેલ નહીં. આ સંબંધે **શાહેદ નં.૭૪** તરીકે તપાસવામાં આવેલ **વિક્રમભાઈ સંગ્રામભાઈ**ની **આંક-૧૭૮** ની સોગંદ પરની જુબાની જોતાં તેમણે ઉપરોક્ત શાહેદ નરોત્તમભાઈના પુરાવાને સમર્થન આપી, તેમણે નરોત્તમભાઈ મોહનભાઈ વરીયા પાસેથી

આંક–૯૨ ની ડીવીડી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) ના સર્ટિફિકેટ સાથે મેળવી પી.આઈ.શ્રી વાઘેલાને સુપ્રત કરેલ તેવું સ્વીકારી આંક–૯૨ ની ડીવીડીના સીસીટીવી ફુટેજ ઓળખી બતાવેલ છે. એ નોંધપાત્ર છે કે, આ હકીકતને શાહેદ નં.૫૯ થી તપાસેલ પી.આઈ. શ્રી જયસુખભાઈ દેવજીભાઈ વાઘેલાની આંક–૨૨૧ ની જુબાનીથી પણ સમર્થન મળે છે. ઉપરોક્ત આંક–૯૨ ની ડીવીડી પી.આઈ. શ્રી જે.ડી.વાઘેલાએ આંક–૮૮ ના પંચનામાથી કબજે લીધેલ છે, જે પંચનામાના **પંચ રાજુભાઈ ભુપતભાઈ સોલંકી**ને **શાહેદ નં.૨૦** તરીકે **આંક–૮૭** થી તપાસવામાં આવેલ છે, જેમણે ઉપરોક્ત આંક–૯૨ વાળી ડીવીડી હેડ કોન્સ્ટેબલ વિક્રમભાઈ સંગ્રામભાઈએ રજૂ કરતા પોલીસ સ્ટેશનમાં લેપટોપમાં જોતાં તેમાં પાસોદરા ગામ ચાર રસ્તા, પુરુષોત્તમ નગર બી.આર.ટી.એસ., નાના વરાછા, કાપોદ્રા ફાયર સ્ટેશન, સ્વામી દયાનંદ બ્રીજના બી.આર.ટી.એસ. રૂટનો સમાવેશ થતો હતો. આ હકીકત સંદર્ભે ફરિયાદ પક્ષે શાહેદ નં.૭૪ તરીકે તપાસવામાં આવેલ એફ.એસ.એલ. ના સાયન્ટીફિક ઓફિસર સમીર સુભાષચંદ્ર જોષીનો આંક–૨૮૬ નો પુરાવો જોવામાં આવે તો તેમને આંક–૨૬૮ ની રવાનગી નોંધ આધારે એક સીલબંધ પાર્સલ મળેલ, જે ખોલતા તેમાં સોની કંપનીની પાંચ ડીવીડી–આર હતી, જેને માર્ક 'N1' તરીકે દર્શાવવામાં આવેલ, તેમણે આંક–૯૨ ની ડીવીડી જોઈને તેની પર પોતાની સહી હોવાનું જણાવી ઓળખી બાતવેલ છે. આ સંબંધે તેમણે જણાવેલ છે કે, આ ડીવીડી માં કુલ પાંચ ફોલ્ડર છે, જેમાં પાસોદરા ગામ ચાર રસ્તા, પુરુષોત્તમ નગર બી.આર.ટી.એસ., નાના વરાછા વારીગૃહ, કાપોદ્રા ફાયર સ્ટેશન બી.આર.ટી.એસ. અને સ્વામી દયાનંદ સરસ્વતી બ્રીજ

બી.આર.ટી.એસ.ના ફુટેજ હતા. તેમણે આ વિડીયો ફાઈલ્સની હેઝ વેલ્યુ લીધેલ અને તેની સાતત્યતા અંગે પરીક્ષણ કરતા આ વિડીયો ફાઈલ્સમાં છેડછાડના ચિહ્નો જોવા મળેલા ન હતા. આ વિડીયો ફાઈલ્સમાં ફુટેજમાં જણાવેલ શંકાસ્પદ વ્યક્તિ સંબંધે જરૂરી ફ્રેમ કેપ્ચર કરી તેને માર્ક–'S1' થી આરોપીના અલગ–અલગ એન્ગલ ધરાવતા પાંચ ફોટોગ્રાફ્સ સાથે સરખાવવામાં આવતા કેમેરા તથા શંકાસ્પદ વ્યક્તિ વચ્ચે ફોકસીંગ અંતર વધુ હોઈ તેમજ રીઝોલ્યુશન ઓછું હોઈ, ઉપરોક્ત ડીવીડી માં દર્શાવેલ વ્યિકત આરોપીના ફોટોગ્રાફ્સ કે જે માર્ક–'S1' તરીકે દર્શાવેલ, તે જ હોવા અંગે ચોક્કસ અભિપ્રાય આપી શકાય નહીં તેમ જણાવેલ છે.

(૧૩૯) હવે હું ફરિયાદ પક્ષે રજૂ કરેલ એફ.એસ.એલ. અધિકારીના સોગંદ પરના પુરાવા તથા તેમણે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાની નોંધ કરવી ઉચિત માનું છું. ફરિયાદ પક્ષે સૌપ્રથમ **શાહેદ નં.૬૪** તરીકે **ધર્મેન્દ્ર ગોવિંદલાલ શાહ**ને **આંક–૨૩૩** થી તપાસેલ છે. તેમણે એવો પુરાવો આપેલ છે કે, તેમને કામરેજ પોલીસ સ્ટેશન દ્વારા પાર્સલ 'O1' થી એક સેમસંગ કંપનીનો એસએમ–એમ૨૧૫એફ/ડીએસ (ગેલેક્ષી M21) નો મોબાઈલ ફોન પરીક્ષણ અર્થે મળેલો, જેના બંને આઈએમઈઆઈ નંબર દર્શાવી, આ મોબાઈલમાં સીમકાર્ડ અને મેમરી કાર્ડની ગેરહાજરી હોવાનું જણાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, આ સાથે જ તેમને પાર્સલ 'P1' માં એક DAHUA કંપનીનું ડીવીઆર મળેલ, જે ડીવીઆરને આંક 'P1' તથા તેમાંની હાર્ડડીસ્કને 'HP1' આપેલ. તેમણે ઉપરોક્ત મોબાઈલ ફોનનું ફોરેન્સીક પદ્ધતિથી એડ્વાન્સ્ડ લોજીકલ અને ફાઈલ સિસ્ટમ ડેટા એક્સ્ટ્રેક્શન પદ્ધતિ વડે ઓથોરાઈઝ્ડ ફોરેન્સીક હાર્ડવેર

અને સોફ્ટવેરની મદદથી કોમ્પ્યુટર ફોરેન્સીકના કાર્ડીનલ રૂલ્સને અનુસરીને પરીક્ષણ કરેલ. આ ઉપરાંત તેમણે ઉપરોક્ત 'HP1' ની હાર્ડડિસ્કનું પણ ફોરેન્સીક પધ્ધતિથી ઓથોરાઈઝ્ડ ફોરેન્સીક હાર્ડવેર અને સોફ્ટવેરની મદદથી કોમ્પ્યુટર ફોરેન્સીકને લગતા કાર્ડીનલ રૂલ્સને અનુસરીને સંબંધીત સમયગાળાના સીસીટીવી વિડીયો ફુટેજની હાજરી છે કે કેમ, તેનું પરીક્ષણ કરેલ. આ આધારે તેમને નમૂના 'O1' ના મોબાઈલ ફોનમાં રવાનગી નોંધમાં દર્શાવ્યા મુજબ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજની કુલ સાત વિડીયો ફાઈલ હાજર મળેલ, જે તમામમાં સાતત્યતા જોવા મળે, જેની હેઝ વેલ્યુ સાથેનો રીપોર્ટ એનેક્ષર–ઓ તરીકે અહેવાલ સાથે રજૂ કરેલ છે. આ ઉપરાંત નમૂના 'HP1' ની હાર્ડડિસ્કમાંથી તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજના કલાક ૧૭ઃ૪૦ઃ૦૦ થી કલાક ૧૭ઃ૫૫ઃ૦૦ સુધીના સમયગાળાના પાંચ સીસીટીવી વિડીયો ફુટેજ મળી આવેલ, જે તમામમાં સાતત્યતા જોવા મળેલ. તેમણે ઉપરોક્ત વિડીયો ફાઈલ્સને પાંચ સ્ટરાઈલ ડીવીડીમાં કોપી કરી, બે સીલ્ડ અને બે અનસીલ્ડ ડીવીડી તેમના અહેવાલ સાથે સામેલ કરેલ, જે પૈકી એક ડીવીડી ફોટોગ્રાફી વિભાગમાં વ્યક્તિની ઓળખ માટે મોકલવામાં આવેલ અને તેની સાથે તેમણે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર પણ આપેલ. આ શાહેદે એફ.એસ.એલ., ગાંધીનગર દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી કામરેજ પોલીસ સ્ટેશનને મોકલવામાં આવેલ તારીખઃ ૧૯.૦૨.૨૦૨૨ ના રોજનો રવાનગી પત્ર આંક–૨૩૪ થી, સેમસંગ કંપનીના M21 મોડેલના મોબાઈલ ફોન (માર્ક–'O1') તથા ડીવીઆર (માર્ક–'P1') સંબંધે એફ.એસ.એલ. ગાંધીનગર દ્વારા આપવામાં આવેલ પરીક્ષણ અહેવાલ આંક–૨૩૫ થી તથા તેમણે

આપેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર આંક–૨૩૬ થી રજૂ કરેલ છે. અત્રે એ નોંધવું જરૂરી છે કે, એનેક્ષર–'O' વાળો મોબાઈલ 'રાધે ટાઈમ્સ' વાળી દુકાનના માલિક સાહીલ રાજેશભાઈ સેજાણીનો છે, જેમાં EZVIZ એપ મારફતે દુકાનના રેકર્ડ થયેલ સીસીટીવી ફુટેજનું રેકોર્ડીંગ જોઈ શકાય છે, જ્યારે એનેક્ષર–'P' થી દર્શાવેલ 'HP1' ની હાર્ડડિસ્કમાં તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજના કલાક ૧૭:૪૦:૦૦ થી કલાક ૧૭:૫૫:૦૦ સુધીના સમયગાળાના દર્શાવેલ સીસીટીવી ફુટેજ સહજાનંદ લાઈવ કેક શોપના છે. આ શાહેદને આ કોર્ટ સમક્ષ રજૂ થયેલ ડીએફએસનું સીલબંધ કવર ખોલી તેમાં રહેલ બે ડીવીડી પર પોતાની સહી ઓળખી બતાવી, તે તેમની સક્ષ રજૂ થયેલ ઉપરોક્ત ગેલેક્ષી M21 ના મોબાઈલમાંથી મળેલ વિડીયો ફુટેજ તથા DAHUA કંપનીના ડીવીઆર માંથી મળેલ વિડીયો ફુટેજ કોપી કરી, સીલબંધ કવરમાં બે કોપીમાં સુપ્રત કરેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ પૈકી એક ડીવીડી આ કોર્ટમાં પ્લે કરી તેમને બતાવતા, તેમાં એનેક્ષર–'O1' તથા એનેક્ષર–'P' ના ફોલ્ડરમાંની વિડીયો ફાઈલના મેટાડેટા તથા હેઝ વેલ્યુ વગેરે દર્શાવી, એનેક્ષર–'O' ની વિડીયો ક્લીપ જોઈ, તે એક ઘડીયાળની દુકાનના વિડીયો ફુટેજ હોવાનું અને એનેક્ષર–'P' નું ફોલ્ડર ઓપન કરતા, તે તેમણે કોપી કરેલ તે જ સીસીટીવી ફુટેજ હોવાનું જણાવી, કેમેરા નં.૧ ના ફુટેજમાં ૦૫:૪૭:૩૪ વાગ્યે એક ચેક્સનું શર્ટ પહેરેલ છોકરો ખભા ઉપર કાળી બેગ લટકાવેલ હાલતમાં એક કેક શોપમાં દાખલ થતો જણાય છે, જે ૦૫:૪૮:૨૦ વાગ્યે બહાર નીકળતો જણાય છે; આ સમય દરમ્યાન એક બીજો છોકરો પણ તેની સાથે કેક શોપમાં જણાય છે, તેમ જણાવેલ છે.

આ શાહેદે કેમેરા નં.૨ ના ફુટેજ જોઈ, ૦૫:૪૭:૩૪ વાગ્યે આ જ ચેક્સનું શર્ટ પહેરેલ છોકરો જેના ખભા ઉપર કાળી બેગ છે તે દાખલ થતો દેખાય છે અને ૦૫:૪૭:૫૩ વાગ્યે તેની પાછળ બીજો એક છોકરો દાખલ થતો દેખાય છે તથા ૦૫:૪૮:૨૦ વાગ્યે ચેક્સનું શર્ટ પહેરેલ છોકરો દુકાનમાંથી બહાર નીકળતો દેખાય છે, તેવું જણાવેલ છે. આ શાહેદે કેમેરા નં.૩ ના રેકોર્ડીંગમાં કલાક ૦૫:૪૭:૨૫ વાગ્યે ટપકાવાળું શર્ટ પહેરેલ છોકરો આ દુકાનમાંથી બહાર નીકળતો જણાય છે અને કલાક ૦૫:૪૭:૩૦ વાગ્યે ચેક્સનું શર્ટ તથા જીન્સ પહેરેલ એક છોકરો જેના ખભે પીઠ પર એક કાળી બેગ છે તે આ દુકાનની અંદર દાખલ થતો જણાય છે તેમજ કલાક ૦૫:૪૭:૪૯ વાગ્યે ટપકાવાળું શર્ટ પહેરેલ બીજો છોકરો ફરીથી તે દુકાનમાં દાખલ થાય છે અને કલાક ૦૫:૪૮:૨૨ વાગ્યે ચેક્સનું શર્ટ તથા બ્લુ જીન્સનું પેન્ટ પહેરેલ તથા ખભા પર પીઠના ભાગે કાળી બેગ લટકાવેલ છોકરો આ દુકાનની બહાર નીકળતો જણાય છે, તેવો પુરાવો આપેલ છે. આ શાહેદે કેમેરા નં.૫ ના ફુટેજ જોઈને જણાવેલ છે કે, તેમા ૦૫:૪૭:૧૮ વાગ્યે આ દુકાનમાંથી એક ટપકાવાળો શર્ટ પહેરેલ છોકરો બહાર જતો જણાય છે તથા કલાક ૦૫:૪૭:૩૩ વાગ્યે ખભા પર કાળી બેગ લટકાવેલ ચેક્સના શર્ટવાળો છોકરો દુકાનમાં દાખલ થતો દેખાય છે તેમજ ૦૫:૪૮:૨૧ વાગ્યે આ દુકાનમાંથી બહાર નીકળે છે. આ શાહેદે ઉપરોક્ત સીસીટીવી ફુટેજ ધરાવતી ડીવીડી આંક-૨૩૭ થી રજૂ કરેલ છે. આ શાહેદની બચાવ પક્ષે કરેલ ઊલટતપાસમાં તેઓએ આપેલ પુરાવા અંગે કોઈ શંકા ઉભી થતી હોય તેવું કાંઈ જ ખૂલવા પામતું નથી.

(૧૪૦.૧) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૪** તરીકે એફ.એલ.એલ., ગાંધીનગરના **સાયન્ટીફિક ઓફિસર સમીર સુભાષચંદ્ર જોષી**ને **આંક–૨૮૬** થી તપાસેલ છે. આ શાહેદે એવો પુરાવો આપેલ છે કે, તારીખઃ ૧૮.૦૨.૨૦૨૨ ના રોજ કામરેજ પોલીસ સ્ટેશનના પત્ર ક્રમાંક ૬૯૪/૨૦૨૨, તારીખઃ ૧૭.૦૨.૨૦૨૨ અન્વયે બે વ્યક્તિઓના સ્પેસીમેન વોઈસ સેમ્પલ લેવા માટે તે બંને વ્યક્તિઓને તેમની સમક્ષ રજૂ કરેલ. આ શાહેદે કામરેજ પોલીસ સ્ટેશનનો ઉપરોક્ત પત્ર આંક–૨૮૭ થી, આરોપીએ તેમના વોઈસનું સેમ્પલ આપવા માટે આપેલ સંમતિપત્ર આંક–૨૮૮ થી તથા આરોપી ફેનિલ ગોયાણી અને આકાશ વઘાસીયા સ્ક્રીપ્ટ મુજબનું લખાણ તેમની સૂચના અનુસાર બોલેલ, તેના રેકોર્ડીંગની ડીવીડી આંક–૨૮૯ થી રજૂ કરેલ છે. આ શાહેદે ડી.એફ.એસ. તરફથી પોલીસ ઈન્સ્પેક્ટર કામરેજ પોલીસ સ્ટેશનને તારીખઃ ૧૮.૦૨.૨૦૨૨ ના રોજ લખવામાં આવેલ રવાનગી પત્ર આંક–૨૯૦ થી; આરોપી તથા શાહેદ આકાશ કનુભાઈ વઘાસીયાના સ્પેસીમેન વોઈસ સેમ્પલ તારીખઃ ૧૮.૦૨.૨૦૨૨ ના રોજ CSL4500 ઉપકરણની મદદથી રેકોર્ડીંગ કરેલ, તેનો એક્ઝામીનેશન રીપોર્ટ આંક–૨૯૧ થી તથા સદર બંને વ્યક્તિઓના સ્પેસીમેન વોઈસ સેમ્પલ સંબંધે આપેલ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર આંક–૨૯૨ થી રજૂ કરેલ છે.

(૧૪૦.૨) આ શાહેદે વિશેષમાં જણાવેલ છે કે, તારીખઃ ૧૮.૦૨.૨૦૨૨ ના રોજ ડી.એફ.એસ. ગાંધીનગરના કોમ્પ્યૂટર ફોરેન્સીક વિભાગ તરફથી એનેક્ષર–'O' અને 'P' લખાણ ધરાવતી ડીવીડી સુપ્રત

કરવામાં આવેલ, જે પૈકી એનેક્ષર–'O' માં ચાર ફાઈલ તથા એનેક્ષર–'P' માં પાંચ ફાઈલ હતી, જે દરેક ફાઈલને નામ આપવામાં આવેલ અને તેનો સમયગાળો પણ દર્શાવવામાં આવેલ. આ સાથે તેમને પાર્સલ માર્ક 'S1' થી આરોપી ફેનિલના ફોટોગ્રાફ તરીક ઓળખાવેલ પાંચ કલર ફોટોગ્રાફ્સ મળેલા; ઉપરોક્ત એનેક્ષર–'O' અને એનેક્ષર–'P' ના વિડીયો ફુટેજનું પરીક્ષણ કરી, માર્ક 'S1' માં દર્શાવેલ વ્યક્તિની હાજરી અંગે પરીક્ષણ કરી, સરખી જણાતી વ્યક્તિની પરીક્ષણ અર્થે જરૂરી ફ્રેમ્સ કેપ્ચર કરેલ, જેમાંથી કેટલીક ઈમેજ સ્ટીલ ફોટો તરીકે કેપ્ચર કરેલી અને તેને માર્ક 'S1' થી મોકલવામાં આવેલ પાંચ ફોટોગ્રાફ્સ સાથે બાયોમેટ્રીક્સ આધારે કમ્પેર કરી તેમણે અભિપ્રાય આપેલ કે, એનેક્ષર–'O' તથા 'P' ની વિડીયો ફાઈલમાં જણાતી વ્યક્તિ અને માર્ક 'S1' ના સ્પેસીમેન તરીકે મોકલવામાં આવેલ ફોટોવાળી વ્યક્તિના દેખાવ, ચહેરાના ભાગ અને અન્ય લાક્ષણીકતા વચ્ચે સુસુંગત સ્થાને સામ્યતા જોવા મળેલ, આથી એવું જણાઈ આવેલ કે, વિડીયો ફુટેજમાંની વ્યક્તિ તથા સ્પેસીમેન ફોટોગ્રાફ્સવાળી વ્યક્તિ એક જ હોવાનું શક્ય છે. તેમણે મુદ્દામાલના અહેવાલ સંબંધે કામરેજ પોલીસ ઈન્સ્પેક્ટને લખેલ રવાનગી પત્ર આંક–૨૯૩ થી તથા ડી.એફ.એસ., ગાંધીનગરના ફોટોગ્રાફી વિભાગનો અહેવાલ આંક–૨૯૪ થી રજૂ કરેલ છે.

(૧૪૦.૩) આ શાહેદે દર્શાવેલ ઉપરોક્ત પુરાવો જોતાં એ સ્પષ્ટ થાય છે કે, એનેક્ષર–'O' કે જે 'રાધે ટાઈમ્સ' ની દુકાનના માલિક સાહિલભાઈ સેજાણીના ફોનમાંથી EZVIZ એપ મારફતે લેવાયેલ સીસીટીવી કેમેરાના ફુટેજ છે અને એનેક્ષર–'N' સહજાનંદ લાઈવ કેક શોપના ડીવીઆરની

હાર્ડડિસ્કમાંથી લેવાયેલ સીસીટીવી કેમેરાના કુટેજ છે. જે બંને કુટેજને, તપાસ કરનાર અધિકારીએ ફોટોગ્રાફર મહેશભાઈ જશુભાઈ નકુમ મારફત પડાવેલ આરોપીના પાંચ સ્પેસીમેન ફોટોગ્રાફ્સ સાથે સરખાવતા તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ આરોપી 'રાધે ટાઈમ્સ' નામની દુકાનમાં તથા સહજાનંદ લાઈવ કેક શોપ પર ઉપરોક્ત જે તે સમયે હાજર હોવાનું પુરવાર થાય છે.

(૧૪૦.૪) આ શાહેદની જુબાનીના પેરેગ્રાફ–૨૭ જોતાં એવું જણાય છે કે, મુદ્દામાલ આર્ટિકલ નં.૩૪ થી રજૂ થયેલ એક સીલબંધ કવરમાંથી નીકળેલ એક ડીવીડી તેમને બતાવતા તે તેમને માર્ક 'Q1' થી પરીક્ષણ અર્થે મળેલ તે જ ડીવીડી હોવાનું, તેના પરના લખાણના હસ્તાક્ષર તેમના પોતાના હોવાનું અને તે આ કામે આંક–૧૦૫ થી રજૂ કરવામાં આવેલ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. હું એ નોંધું છું કે, આ ડીવીડીમાં શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીના આંક–૧૪૫ થી રજૂ થયેલ અસલ મોબાઈલ તથા તેમાં રેકર્ડ થયેલ બે વિડીયો ક્લીપ્સ એફ.એસ.એલ. ને મોકલતા તેમાં રહેલ સદર બંને વિડીયો ક્લીપ્સ એફ.એસ.એલ. ના અધિકૃત સોફટવેર તથા હાર્ડવેરની મદદથી કોપી કરવામાં આવેલ છે. આ ડીવીડી આ કોર્ટમાં પ્લે કરતા ૨૩ સેકન્ડની એક ફાઈલ ૧૬૪૪૭૬૬૩૫૭૨૧૧.mp4 તરીકે સેવ થયેલ છે, જે જોઈને આ શાહેદે જણાવેલ છે કે, તે તેમણે પરીક્ષણ કરેલ તે માર્ક 'Q1' ની ડીવીડી માં હતી તે જ આ વિડીયો ક્લીપ છે. આ વિડીયો ફાઈલને માર્ક 'S1' ના સ્પેસીમેન ફોટોગ્રાફ વાળી વ્યક્તિ સંબંધે અભિપ્રાય આપવા માટે પરીક્ષણ કરતા, આ વિડીયો ફાઈલમાંથી કેટલીક સ્ટીલ ઈમેજ કેપ્ચર

કરેલ અને બાયોમેટ્રીક્સ આધારે તેને માર્ક 'S1' ના પાંચ ફોટોગ્રાફ્સ સાથે સરખાવતા માર્ક 'S1' ની વ્યક્તિ અને માર્ક 'Q1' ની વિડીયો ફાઈલમાંથી કેપ્ચર કરેલ ફ્રેમોમાંની વ્યકિતના ચહેરા અને અન્ય લાક્ષણીકતાઓમાં સામ્યતા જોવા મળેલ, જે ઉપરથી આ બંને વ્યક્તિ એક જ વ્યક્તિ હોવાનો તેમણે અભિપ્રાય આપેલ. આ શાહેદે આ સંદર્ભે આપેલ અભિપ્રાય આંક-૨૯૫ થી રજૂ કરી જણાવેલ છે કે, તેમાં તેમણે માર્ક 'S1' ના પાંચ ફોટોગ્રાફ્સ તથા માર્ક 'Q1' ની વિડીયો કલીપમાંથી કેપ્ચર કરેલ પાંચ ફ્રેમની કલર ઈમેજ દર્શાવેલ છે અને તેની સાથે માર્ક 'Q1' ની ડીવીડી માંથી જે પાંચ સ્ટીલ ઈમેજ કેપ્ચર કરેલ તેની કલર કોપી રજૂ કરેલ છે, જે તેમના અહેવાલનો જ એક ભાગ છે. આ ઉપરાંત ડી.એફ.એસ. ગાંધીનગર દ્વારા તેમને આપવામાં આવેલ ડીવીડી માં રહેલ પાંચ વિડીયો ફુટેજની હેઝ વેલ્યુ કાઢી તેના અહેવાલ સાથે કામરેજ પોલીસને મોકલેલ પત્ર આંક-૨૯૭ થી તથા ડી.એફ.એસ., ગાંધીનગર દ્વારા કામરેજ પોલીસ સ્ટેશનને લખવામાં આવેલ રવાનગી પત્ર આંક-૨૯૮ થી રજૂ કરેલ છે.

(૧૪૦.૫) આ શાહેદે તેમના પુરાવામાં જણાવેલ ઉપરોક્ત હકીકત જોતાં એ પુરવાર થાય છે કે, શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીએ આંક-૧૪૫ ના તેમના મોબાઈલમાં આરોપી મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપે છે તે ઘટનાની વિડીયો કલીપ્સ સાથે, તપાસ કરનાર અધિકારીએ આરોપીના પાંચ સ્પેસીમેન ફોટોગ્રાફ્સ મોકલેલ, તે બંને ફોરેન્સીક રીતે ચકાસતા એક જ વ્યક્તિના હોવાનું પુરવાર થાય છે. એફ.એસ.એલ. ના આંક-૨૯૪ અને આંક-૨૯૫ થી રજૂ કરવામાં આવેલ અહેવાલ પણ

ફરિયાદ પક્ષે રજૂ કરેલ શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીની આંક–૧૪૫ ની મૂળ વિડીયો ક્લીપ્સ સાથે સુસંગત છે, જે સ્પષ્ટપણે પુરવાર કરે છે કે, તે વિડીયો ક્લીપ્સ ચેડાં કર્યા વિનાની અને સાતત્યતા ધરાવતી ક્લીપ છે અને તેમાં મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપતી દેખાતી વ્યક્તિ આ કામના આરોપી ફેનિલ ગોયાણી છે. આ ઉપરાંત એવું પણ નિઃશંકપણે પુરવાર થાય છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ 'રાધે ટાઈમ્સ' ની દુકાનના તથા સહજાનંદ લાઈવ કેક શોપની દુકાનના સીસીટીવી ફુટેજમાં દેખાતી વ્યક્તિ આ કામના આરોપી ફેનિલ ગોયાણી જ છે.

(૧૪૦.૬) આ શાહેદે બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં સ્વીકારેલ છે કે, ઓડિયો રેકોર્ડીંગ પર, તે કેવા પ્રકારના રૂમમાં રેકર્ડ થાય છે તેની અસર પડતી હોય છે. જો કે ઊલટતપાસની અન્ય બાબતો આ શાહેદના પુરાવા સંબંધે કોઈ શંકા ઉભી કરતું નથી.

(૧૪૧.૧) ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૫** તરીકે એફ.એસ.એલ., સુરતના **સાયન્ટીફિક ઓફિસર વિમલકુમાર કાનજીભાઈ રાવલ**ને **આંક–૨૯૮** થી તપાસેલ છે. આ શાહેદના પુરાવાના કેટલાક અંશની ચર્ચા હું અગાઉ કરી ચૂકેલ છું, જેથી તેનું અત્રે પુનરાવર્તન ન થાય તેની કાળજી રાખી તેમના પુરાવાની નોંધ કરેલ છે. આ શાહેદે તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ હાલમાં એફ.એસ.એલ. સુરત ખાતે સાયન્ટીફિક ઓફિસર તરીકે ફરજ બજાવે છે; તારીખઃ ૧૫.૦૨.૨૦૨૨ ના રોજ કામરેજ પોલીસ દ્વારા તેમની કચેરીને કુલ પાંચ મુદ્દામાલ પાર્સલો પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલ. તેમણે જણાવેલ છે કે, આંક–૨૬૭ ની રવાનગી નોંધના ક્રમ

નં.૨૨ માં દર્શાવેલ માર્ક 'D3' વાળો મોબાઈલ ફોન (આરોપીનો મોબાઈલ ફોન), ક્રમ નં.૨૬ માં દર્શાવેલ માર્ક 'F1' વાળો મોબાઈલ ફોન (મરનાર ગ્રીષ્માબેનનો મોબાઈલ ફોન), ક્રમ નં.૨૮ માં દર્શાવેલ માર્ક 'K1' વાળો મોબાઈલ (શાહેદ આકાશ વઘાસીયાનો મોબાઈલ ફોન), ક્રમ નં.૨૯ માં દર્શાવેલ માર્ક 'L1' વાળો મોબાઈલ (શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીનો મોબાઈલ ફોન), ક્રમ નં.૩૦ માં દર્શાવેલ માર્ક 'M1' વાળી પેન ડ્રાઈવ (ડીમાર્ટ સ્ટોરના સીસીટીવી ફુટેજ) તેમના અભિપ્રાય માટે મોકલવામાં આવેલ. આ પૈકી માર્ક 'K1' વાળા શાહેદ આકાશ કનુભાઈ વઘાસીયાના મોબાઈલમાંથી તેમણે પોલીસ પ્રશ્નોત્તરી મુજબ બે કોલ રેકોર્ડીંગ રીટ્રાઈવ કરેલ. માર્ક 'L1' વાળો સેલફોન (શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીનો મોબાઈલ) બે સીમકાર્ડ ધરાવતો હતો, જે સીમકાર્ડને 'L1S1 ' અને 'L1S2' આપવામાં આવેલ; આ મોબાઈલ Red Mi કંપનીનો હતો, જેનો મોડલ નં.એમ૨૦૦૩જે૬એ૧આઈ (Note ૯ Pro) હતો. સદર શાહેદે તેના બંને આઈએમઈઆઈ નંબર તથા બંને સીમકાર્ડના આઈસીસીડી નંબર દર્શાવી જણાવેલ છે કે, આ બંને સીમકાર્ડ પૈકી પ્રથમ જીયો કંપનીનું અને બીજું એરટેલ કંપનીનું હતું તથા આ મોબાઈલ ફોનમાં મેમરીકાર્ડ ન હતું, તેમ જણાવેલ છે. તેમણે વધુમાં શાહેદ આકાશ કનુભાઈ વઘાસીયાના માર્ક 'K1' વાળા મોબાઈલ ફોનમાંથી બે કોલ રેકોર્ડીંગ એક ડીવીડી માં કોપી કરેલ, જે એનેક્ષર 'K1' થી સામેલ રાખેલ, જે ડીવીડી આ કામે આંક–૯૯ થી રજૂ થયેલ છે તે જ હોવાનું પણ ઓળખી બતાવેલ છે. આ ઉપરાંત શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીના માર્ક 'L1' વાળા મોબાઈલ ફોનમાંથી તેમણે એક વિડીયો કલીપ એફ.એસ.એલ. ની એક સ્ટરાઈલ ડીવીડી માં કોપી કરી, એનેક્ષર

'L1' થી પોલીસને સુપ્રત કરેલ. તેમને મુદ્દામાલ આર્ટિકલ નં.૩૪ ના સીલબંધ કવરમાંથી એક ડીવીડી કાઢીને બતાવતા તે જોઈને તેમણે એનેક્ષર 'L1' થી સામેલ કરેલ તે જ ડીવીડી હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે તેમજ તેની પરની અન્ય વિગતો અને હસ્તાક્ષર પણ પોતાના જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ ડીવીડી તેમને કોર્ટ રૂબરૂ પ્લે કરી બતાવતા તે તેમણે શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીના ઉપરોક્ત માર્ક 'L1' ના મોબાઈલમાંથી રીટ્રાઈવ કરી એનેક્ષર 'L1' ની ડીવીડી માં કોપી કરેલ તે જ વિડીયો ક્લીપ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. તેમણે સ્પષ્ટપણે જણાવેલ છે કે, તેમણે ઉપયોગમાં લીધેલ ડીવીડી રીરાઈટેબલ નથી. તેમણે વધુમાં જણાવેલ છે કે, એનેક્ષર 'K1' વાળા મોબાઈલના સીમકાર્ડ માર્ક 'L1S1' તથા 'L1S2' માં ઓડીયો કે વિડીયો સ્ટોર કરવાની ફેસીલીટી ન હતી. તેમણે વધુમાં જણાવેલ છે કે, ઉપરોક્ત ડીવીડી આ કામે આંક-૧૦૧ થી રજૂ થયેલ છે તે જ છે અને આંક-૧૦૨, ૧૦૪, ૧૦૫ આ જ વિડીયોની અલગ-અલગ ડીવીડી માં કરેલ કોપી છે. તેમણે એનેક્ષર 'K1' માંથી રીટ્રાઈવ કરેલ બે કોલ રેકોર્ડીંગ તથા એનેક્ષર 'L1' માંથી રીટ્રાઈવ કરેલ વિડીયો ક્લીપ બે સીલ્ડ અને બે અનસીલ્ડ ડીવીડી માં કોપી કરી તેમના રીપોર્ટ સાથે સામેલ રાખેલ છે અને તેની હેઝ વેલ્યુ પણ તેમના રીપોર્ટમાં દર્શાવેલ છે; તેમણે તેમના અહેવાલ સાથે ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર પણ ઈસ્યુ કરેલ છે. સદર શાહેદે રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરત દ્વારા પોલીસ ઈન્સ્પેક્ટર, કામરેજ પોલીસ સ્ટેશનને લખવામાં આવેલ રવાનગી પત્ર આંક-૨૯૯ થી, ઉપરોક્ત મોબાઈલનો પાર્ટ એકઝામીનેશન રીપોર્ટ આંક-૩૦૦ થી તથા

ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)(૪)(સી) મુજબ આપેલ પ્રમાણપત્ર આંક–૩૦૧ થી રજૂ કરેલ છે.

(૧૪૧.૨) આ શાહેદે આ કોર્ટ સમક્ષ આંક–૯૯ અને એનેક્ષર 'K1' ની ડીવીડીમાં રહેલ કોલ રેકોર્ડીંગ સાંભળી તે રેકોર્ડીંગ શાહેદ આકાશ વઘાસીયાના મોબાઈલમાંથી રીટ્રાઈવ કરેલ તે જ હોવાનું જણાવી ઓળખી બતાવેલ છે. આ શાહેદે વધુમાં આંક–૨૬૭ ની રવાનગી નોંધમાં માર્ક 'M1' તરીકે દર્શાવેલ ડીમાર્ટ સ્ટોરના સીસીટીવી ફુટેજ અંગે એવો પુરાવો આપેલ છે કે, તેમને મળેલ આ પેન ડ્રાઈવ સેનડીસ્ક કંપનીની હતી, જેનું મોડલ ક્રુઝર ફોર્સ હતું, જે ૮ GB ની હતી અને તેનો સીરીયલ નં.બીએલ૧૯૦૨૨૬૬૧ડબલ્યુ હતો. તેમણે આ પેન ડ્રાઈવનું કોમ્પ્યૂટર ફોરેન્સીક્સના કાર્ડીનલ રૂલ્સને અનુસરીને તથા અધિકૃત સોફ્ટવેર તથા હાર્ડવેરની મદદથી પરીક્ષણ કરી, તેમાં રહેલ ડેટા પોલીસ પ્રશ્નોત્તરી મુજબ બે સીલ્ડ અને બે અનસીલ્ડ ડીવીડી માં કોપી કરેલ; તેમણે આ ડેટાનું પરીક્ષણ કરતા તેમાં કુલ–૩ વિડીયો ફાઈલ્સ જણાયેલી, જેની તેમણે તેમના વિભાગના સ્ટોરમાંથી સ્ટરાઈલ ડીવીડી મેળવી તેની પર કોપી કરી, તેને એનેક્ષર 'M1' થી તેમના રીપોર્ટ સાથે સામેલ રાખેલ અને તેની હેઝ વેલ્યુ પણ દર્શાવેલ. તેમણે અભિપ્રાય આપેલ છે કે, આ ત્રણે વિડીયો ફાઈલ્સ જોતાં તેમાં સાત્યતા જણાયેલ છે.

(૧૪૧.૩) શાહેદે દર્શાવેલ ઉપરોક્ત પુરાવો સ્પષ્ટપણે સૂચવે છે કે, ડીમાર્ટ સ્ટોરમાંથી પી.આઈ. શ્રી જે.ડી.વાઘેલાએ મેનેજર મોહંમદ અલ્તાફ

શકીલ શેખ પાસેથી પેન ડ્રાઈવમાં તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ આરોપી તેના મીત્ર ઝીલ સુરાણી સાથે આ સ્ટોરમાંથી બે ફિનાઈલની ગોળીના પેકેટ, મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ વાળું ૧૨ ઈંચનું સ્ટીલના પાનાવાળું ધારદાર ચપ્પુ ખરીદ્યાના જે સીસીટીવી ફુટેજ કબજે લીધેલ છે, તે ફુટેજમાં કોઈ ચેડાં થયેલ નથી, બલ્કે, તેમાં સાતત્યતા જણાયેલ છે. આ સંબંધે તેમણે પોલીસને પરીક્ષણ અહેવાલ અહેવાલ મોકલ્યા અંગેનો રવાનગી પત્ર આંક-૩૦૨ થી તથા પેન ડ્રાઈવમાં રહેલ ત્રણ વિડીયો ફાઈલ સંબંધે રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરત દ્વારા આપવામાં આવેલ પાર્ટ એક્ઝામીનેશન રીપોર્ટ-૨ આંક-૩૦૩ થી તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ-૬૫(બી)(૪)(સી) મુજબનું પ્રમાણપત્ર આંક-૩૦૪ થી રજૂ કરેલ છે.

(૧૪૧.૪) આ શાહેદે ત્યાર બાદ માર્ક 'ટી૧' થી તેમને મળેલ આરોપી ફેનિલ ગોયાણી તથા શાહેદ આકાશ વઘાસીયાના કન્ટ્રોલ વોઈસ સેમ્પલ કે જે ડી.એફ.એસ. ગાંધીનગરમાં રેકર્ડ કરવામાં આવેલ તેને, માર્ક 'U1' થી તેમને મળેલ એક બીજી ડીવીડી કે જેમાં શાહેદ આકાશ વઘાસીયા તથા આરોપી ફેનિલ ગોયાણી વચ્ચે થયેલ વાતચીતના બે કોલ રેકોર્ડીંગની ફાઈલ હતી. આ પૈકી પ્રથમ ફાઈલ "Fenil 2 2022-02-12 18-47-50" નામની છે, જેમાં "કામનું છે હા બોલ ભાઈ" બોલનાર વ્યક્તિને Sp-2/1 (શાહેદ આકાશ વઘાસીયા), "મેં ચાકુ મારી દીધી" બોલનાર વ્યક્તિને Sp-2/2 (આરોપી ફેનિલ ગોયાણી) તરીકે નિશાની આપેલ. આ જ રીતે બીજી ફાઈલ "Fenil 2 2022-02-12 18-51-54" વાળી ફાઈલ કે જેમાં પ્રથમ "બોલ કોને?" બોલનાર

વ્યક્તિને Sp–2/3 અને "મેં મારી નાખ્યા છે" બોલનાર બીજી વ્યક્તિને Sp–2/4 નિશાની આપેલ. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમણે ઉપરોક્ત નમૂનાઓનું અધિકૃત સોફ્ટવેર દ્વારા પરીક્ષણ કરતા તેમને જણાયેલ કે, Sp–2/2 અને Sp–2/4 તરીકે દર્શાવેલ બોલનાર વ્યક્તિનો અવાજ નિશાની CS–1/1 થી દર્શાવેલ વ્યક્તિના અવાજ સાથે સુસંગત હતો, જે એક જ વ્યક્તિનો એટલે કે આરોપી ફેનિલ પંકજભાઈ ગોયાણીનો હતો; આ અભિપ્રાય તેમના એકોસ્ટીક ક્યુઝ અને ભાષાકીય અને શાબ્દીક લાક્ષણીકતાના આધારે આપવામાં આવેલ; આ જ રીતે નિશાની Sp–2/1 અને Sp–2/3 વાળા વોઈસ સેમ્પલ અને નિશાની CS–1/2 ના સ્પીકરનો વોઈસ તેમના એકોસ્ટીક ક્યુઝ અને બીજા ભાષાકીય તથા શાબ્દીક લાક્ષણીકતાઓના આધારે એક જ સરખા અને સુસંગત જણાયેલા. આ આધારે તેમણે અભિપ્રાય આપેલ કે, નિશાની Sp–2/1 અને Sp–2/3 ના વોઈસ સેમ્પલ અને CS–1/2 નો વોઈસ એક જ વ્યક્તિના એટલે કે શાહેદ આકાશ કનુભાઈ વઘાસીયાના છે. આ સંદર્ભે તેમણે રવાનગી પત્ર આંક–૩૦૫ થી તથા પરીક્ષણ અહેવાલ આંક–૩૦૬ થી રજૂ કરેલ છે. શાહેદનો ઉપરોક્ત પુરાવો એ સ્પષ્ટ કરે છે કે, મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા પછી આરોપીએ તેમના માસીના દીકરા આકાશ વઘાસીયાને બે વાર ફોન કરી તેમણે ગ્રીષ્માને મારી નાંખી છે અને પોતાને પણ ચપ્પુ મારી દીધેલ છે, તેવી એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન સ્વરૂપની હકીકત જણાવેલ. આમ, ફરિયાદ પક્ષે આ હકીકત નિઃશંપણે પુરવાર કરેલ છે.

(૧૪૧.૫) આ કામે આંક–૭૯ થી આરોપી તથા શાહેદ આકાશના

વોઈસ સેમ્પલ એફ.એસ.એલ. ગાંધીનગર તરફથી આવેલ તે અંગેનું પંચનામું રજૂ કરવામાં આવેલ છે, જે દર્શાવે છે કે, ડી.એફ.એસ. ગાંધીનગર દ્વારા રવાનગી પત્ર તથા એક્ઝામીનેશ રીપોર્ટ સાથે આરોપી તેમજ શાહેદ આકાશ વઘાસીયાના સી.ડી.આર. ફોર્મ સાથે તેઓના વોઈસ સેમ્પલ ધરાવતી સી.ડી. કબજે લેવામાં આવેલ. આ પાર્સલ પી.આઈ. શ્રી જે.ડી.વાઘેલાએ તપાસ કરનાર અધિકારીને સુપ્રત કર્યાનો ઉલ્લેખ છે. આ પંચનામાના **પંચ ઘનશ્યામભાઈ લાખાભાઈ વેકરીયા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૧૭** તરીકે **આંક-૭૮** થી તપાસેલ છે. તેમણે તેમની હાજરીમાં પાંચ પાના ધરાવતું એક પાર્સલ તથા સીડી ધરાવતું બીજું પાર્સલ કબજે લેવામાં આવેલ તેવો ઉલ્લેખ કરેલ છે. આ સંદર્ભે શાહેદ નં.૫૯ તરીકે તપાસવામાં આવેલ પી.આઈ. શ્રી જયસુખભાઈ દેવજીભાઈ વાઘેલાની જુબાની જોવામાં આવે તો, તેમણે તારીખઃ ૧૮.૦૨.૦૨૨ ના રોજ આ કામના આરોપીને એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે વોઈસ સેમ્પલ લેવા માટે લઈ ગયેલ અને એફ.એસ.એલ. તરફથી મળેલ કવર તપાસ કરનાર અધિકારીને સુપ્રત કર્યાનું જણાવેલ છે, જે પણ એફ.એસ.એલ. અધિકારીના ઉપરોક્ત પુરાવાને સમર્થનરૂપ છે.

(૧૪૧.૬) આ કામના આરોપી તથા શાહેદ આકાશ વઘાસીયા વચ્ચે થયેલ વાતચીતનું રેકોર્ડીંગ શાહેદ આકાશ વઘાસીયાના મોબાઈલમાંથી એફ.એસ.એલ. દ્વારા રીટ્રાઈવ કરી ડીવીડી માં કોપી કરી, તપાસ કરનાર અધિકારી સમક્ષ રજૂ કરતા મેં અગાઉ ઉલ્લેખ કરેલ છે તેમ બે ઓડિયો ક્લીપ્સ જે પૈકી એક "Fenil 2 2022-02-12 18-47-50.mpeg" નામની ઓડિયો ફાઈલ ૪૧ kb તથા "Fenil 2 2022-02-12 18-

51–54.mpeg" વાળી ઓડિયો ફાઈલ ૧૯૭ kb ની આ પંચોની હાજરીમાં પ્લે કરી પોલીસ કસ્ટડીમાં હાજર આરોપી ફેનિલ ગોયાણીને પૂછતાં પુરુષ નં.૧ નો અવાજ તેના માસીના દીકરા આકાશ વઘાસીયાનો હોવાનું અને પુરુષ નં.૨ નો અવાજ પોતાનો હોવાનું જણાવેલ, જે એફ.એસ.એલ. માંથી આવેલ કોલ રેકોર્ડીંગની ડીવીડી તથા એનેક્ષર 'L1' થી માર્ક 'L1' ના મોબાઈલ (શાહેદ રાહુલ ઉકાણીના મોબાઈલ) માંની વિડીયો ક્લીપ ધરાવતી બે સીલ્ડ અને બે અનસીલ્ડ ડીવીડી કબજે લીધાનું જણાવેલ છે, જે અંગે આંક–૯૮ નું પંચનામું કરવામાં આવેલ. આ પંચનામાના **પંચ કલ્પેશભાઈ રામાભાઈ વસાવા**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૨૨** તરીકે **આંક–૯૭** થી તપાસેલ છે. આ શાહેદની જુબાની પરથી પણ ઉપરોક્ત પંચનામાની હકીકતોને સમર્થન મળે છે. આ પંચ શાહેદે સ્પષ્ટપણે જણાવેલ છે કે, ઉપરોક્ત બંને રેકોર્ડીંગ આરોપીને સંભળાવતા તેમણે પોતાનો તથા તેના માસીના દીકરા આકાશ વઘાસીયાનો અવાજ ઓળખી બતાવેલ છે, જે હકીકતને પણ એફ.એસ.એલ. ના અધિકારી એવા હાલના શાહેદ વિમલકુમાર કાનજીભાઈ રાવલની આંક–૨૯૮ ની સોગંદ પરની જુબાનીથી સમર્થન મળે છે.

(૧૪૧.૭) એફ.એસ.એલ. ના સાયન્ટીફિક ઓફિસરશ્રી વિમલકુમાર કાનજીભાઈ રાવલની આંક–૨૯૮ ની જુબાની વધુમાં જોવામાં આવે તો, તેમને આંક–૨૬૭ ની રવાનગી આધારે નિશાની 'D3' (આરોપીનો મોબાઈલ ફોન) તથા નિશાની 'F1' (મરનાર ગ્રીષ્માબેનનો મોબાઈલ ફોન) થી પરીક્ષણ અર્થે મળ્યાનું જણાવી, તેના આઈએમઈઆઈ નંબર,

મોબાઈલ નંબર, તે બંને ફોનમાં રહેલ સીમ કાર્ડ કઈ કંપનીના હતા તથા તે બંને ફોનમાં રહેલ સીમકાર્ડના આઈસીસીઆઈડી નંબર જણાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેમણે પોલીસ પ્રશ્નોત્તરી મુજબ, આ બંને મોબાઈલ ફોનના ક્લાઉડ બેકઅપ તથા મેટા ડેટા મેળવી ડીવીડીમાં કોપી કરી તપાસ કરનાર અધિકારીને સુપ્રત કરેલ. આ શાહેદે આરોપીના મોબાઈલ ફોનમાંથી કોન્ટેક્ટસ, કૉલ લોગ્સ, એસ.એમ.એસ મેસેજીસ, ઓડીયો રેકોર્ડીંગ્સ, વિડીયોઝ, ઈમેજીસ, લોકેશન્સ, ડોક્યુમેન્ટ્સ, ઈન્સ્ટોલ્ડ એપ્સ, વોટ્સઅપ ચેટ્સ, ફેસબૂક મેસેન્જર ચેટ્સ, સ્નેપચેટ ચેટ્સ, વોટ્સઅપ બિઝનશ ચેટ્સનાં તમામ સ્ક્રીનશોટ્સ, ઈન્સ્ટાગ્રામ ચેટ્સનાં તમામ સ્ક્રીનશોટ્સ અને ક્રોમ બ્રાઉઝરની વેબ હીસ્ટ્રીનાં સ્ક્રીનશોટ્સ મેળવી, તપાસ કરનાર અધિકારીએ પૂરી પાડેલ એક સ્ટરાઈલ પેનડ્રાઈવમાં કોપી કરેલ, જેને તેમના અહેવાલ સાથે Annexure–D3 થી સામેલ કરેલ. આ ઉપરાંત તેમણે આરોપીના ઈમેઈલ આઈડીમાંથી ગુગલ સર્વિસીસનો તમામ ડેટા ઉપરોક્ત પેન ડ્રાઈવમાં Annexure–D3–A તરીકે સામેલ કરેલ. આ ઉપરાંત Annexure–D3–C (શીટ નં.૧) થી ઉપરોક્ત ગુગલ એકાઉન્ટના બેઝીક અને સબસ્ક્રાઈબર ઈન્ફોરમેશનનો સ્ક્રીનશોટ્સ તેમના અહેવાલ સાથે સામેલ કરેલ છે. આરોપીના અસલ ફોનમાંથી ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટનો તમામ ડેટા ડાઉનલોડ કરી, ઉપરોક્ત પેન ડ્રાઈવમાં Annexure–D3–B તરીકે સામેલ કરેલ છે. વધુમાં આરોપીએ હથિયાર સંબંધે કરેલ ગુગલ સર્ચ હીસ્ટ્રી, યુ ટ્યુબ સર્ચ હીસ્ટ્રી અને યુ ટ્યુબ વૉચ હીસ્ટ્રી, ફલીપકાર્ટ એપ સર્વાઈવલ નાઈફનો કેન્સલ કરેલ ઓર્ડર, વેપન્સ અંગે ગુગલક્રોમ પર કરેલ સર્ચ અંગે વેબ હીસ્ટ્રી તથા એમેઝોન અને બીજી

સાઈટ્સની વેબ હીસ્ટ્રી તથા હથિયારના વેપારીઓ સાથે તેણે કરેલ વોટ્સઅપ બીઝનેશ ચેટ મેળવી તેના સ્ક્રીનશોટ્સ Annexure-D3-C (Sheet No.2 to 9) તેમના અહેવાલ સાથે સામેલ કરેલ.

(૧૪૧.૮) આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમને કામરેજ પોલીસના તારીખઃ ૧૯.૦૨.૨૦૨૨ ના રોજના પત્ર આધારે શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીના મોબાઈલમાંથી બીજી વિડીયો ક્લીપ આ ફોનના ફાઈલ મેનેજરમાંથી સ્ટોરેજમાં જઈ, ઈન્ટરનલ સ્ટોરેજ, ડીસીઆઈએમ અને ત્યાર બાદ કેમેરા ફોલ્ડરમાં જઈ, VID_20220212_183812.mp4 નામે સેવ થયેલ વિડીયો ક્લીપ કે જેમાં આરોપી ફેનિલ મરનાર ગ્રીષ્માબેનને માર્યા બાદ તેના શરીર પાસે ઉભેલો દેખાય છે, તે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજની ૧૫ સેકન્ડની વિડીયો ક્લીપ મોબાઈલમાંથી રીટ્રાઈવ કરી સ્ટરાઈલ ડીવીડી માં કોપી કરી તેના અહેવાલ સાથે Annexure-L1-A તરીકે સામેલ રાખેલ.

(૧૪૧.૯) આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, તેમણે પોલીસ પ્રશ્નોત્તરી મુજબ એનેક્ષર 'F1' થી રજૂ થયેલ મરનાર ગ્રીષ્માબેનના મોબાઈલમાંથી તમામ ડેટા રીટ્રાઈવ કરી તપાસ કરનાર અધિકારીએ પૂરી પાડેલ સ્ટરાઈલ પેનડ્રાઈવમાં કોપી કરી તેમના અહેવાલ સાથે Annexure-F1 તરીકે સામેલ કરેલ. આ ઉપરાંત આ શાહેદે સ્પષ્ટ અભિપ્રાય આપેલ છે કે, શાહેદ આકાશ વઘાસીયાના મોબાઈલ ફોનમાંથી આરોપીએ તેમને કરેલ બે કૉલ રેકોર્ડીંગની ઉપર જણાવેલ ઓડિયો ફાઈલ્સનું પરીક્ષણ કરતા તેમાં સાતત્યતા જણાયેલ હતી, જે સૂચવે છે કે, આરોપી ફેનિલે

બનાવ બાદ તરત જ શાહેદ આકાશ વઘાસીયાને ફોન કરી એકસ્ટ્રા જ્યુડિશિયલ સમાન જે હકીકતો જણાવી તેના રેકોર્ડીંગ સાથે કોઈ ચેડાં થયેલ ન હતા.

(૧૪૧.૧૦) આ ઉપરાંત આ શાહેદે જણાવેલ છે કે, માર્ક 'L1' થી રજૂ થયેલ રાહુલ મનજીભાઈ ઉકાણીના અસલ ફોનમાંથી મળેલ બંને વિડીયો કલીપ્સ "VID_20220212_183557.mp4" તથા "VID_ 20220212_183812.mp4" માં પણ શરૂથી અંત સુધી સાતત્યતા જણાયેલ. આ હકીકત સ્પષ્ટપણે પુરવાર કરે છે કે, શાહેદ રાહુલ ઉકાણીના મોબાઈલ ફોનમાં આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરેલ, તેના રેકોર્ડીંગની જે અસલ વિડીયો ફાઈલ્સ ફરિયાદ પક્ષે રજૂ કરેલ છે તે સાતત્યતા ધરાવે છે અને તેમાં કોઈ ચેડાં થયાનું જણાતું નથી. આથી જ મેં અગાઉ જણાવ્યું છે તે રીતે આ બંને વિડીયો કલીપ્સ તે આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યાનો સ્વયં સ્પષ્ટ દૃશ્યશ્રાવ્ય પુરાવો છે. આ શાહેદે રાહુલ મનજીભાઈ ઉકાણીના મોબાઈલ ફોનમાંથી કબજે લીધેલ ઉપરોક્ત બીજી વિડીયો કલીપ જે ડીવીડીમાં રીટ્રાઈવ કરી તપાસ કરનાર અધિકારીને સુપ્રત કરેલ, તે ઓળખી બતાવી આંક–૩૦૭ થી રજૂ કરેલ છે. આ ઉપરાંત આ શાહેદે રીજીયોનલ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, સુરતનો રવાનગી પત્ર આંક –૩૦૮ થી, ફાઈનલ એક્ઝામીનેશન રીપોર્ટ આંક –૩૦૯ થી તથા ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબનું પ્રમાણપત્ર આંક–૩૧૦ થી રજૂ કરેલ છે. આ ઉપરાંત આ શાહેદે આંક–૩૧૧ થી આરોપીના મોબાઈલની તમામ સર્ચ હિસ્ટ્રી અંગે એનેક્ષર–D3–C થી શીટ નં.૧ થી ૯ સાથે કુલ

દસ પાના પુરાવામાં રજૂ કરેલ છે. આ ઉપરાંત તેમણે તેમના ઉપરોક્ત આંક–૩૦૯ ના અહેવાલમાં દર્શાવેલ છે તે તમામ ડેટા પોલીસ અધિકારીએ પૂરો પાડેલ તે સ્ટરાઈલ પેનડ્રાઈવમાં કોપી કરીને આપેલ, જે પેન ડ્રાઈવ તેમણે આંક–૩૧૨ થી રજૂ કરેલ છે. આ શાહેદે આરોપી તથા તેના માનેલી બહેન ક્રિષ્નાબેન વચ્ચે ઈન્સ્ટાગ્રામ પર થયેલ મેસેજીસની પ્રીન્ટઆઉટ કુલ–૫૩ પાના આંક–૩૧૪ થી રજૂ કરેલ છે. આ શાહેદે ઉપરોક્ત વિડીયો ફાઈલમાં જોયેલ તે વ્યક્તિ કોર્ટમાં હાજર આરોપી તરીકે ઓળખી બતાવેલ છે.

(૧૪૧.૧૧) આમ આ શાહેદનો પુરાવો જોતાં મેં અગાઉ ચર્ચા કરેલ તે તમામ તારણોને સંપૂર્ણપણે સમર્થનરૂપ જણાય છે. મહત્વની રીતે આ શાહેદની જુબાનીથી આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યાના જે બે વિડીયો ક્લીપ્સ પુરાવામાં રજૂ થયેલ છે, તે અસલ હોવાનું અને તેમાં સાતત્યતા હોવાનું પુરવાર થાય છે. આ જ રીતે આ શાહેદ આરોપીના મોબાઈલ ફોનમાંથી તમામ ડેટા મેળવેલ, તેવી હકીકત પણ પુરવાર થાય છે તેમજ આરોપી તથા શાહેદ આકાશ વઘાસીયા વચ્ચે ગ્રીષ્માબેનની હત્યા બાદ આરોપીએ કરેલ બે કૉલ્સનું રેકોર્ડીંગ કે જે શાહેદ આકાશ વઘાસીયાના કબજે લેવામાં આવેલ ફોનમાં સેવ થયેલ, તે પણ અસલ હોવાનું અને તેમાં સાતત્યતા હોવાનું પુરવાર કરેલ છે. આ ઉપરાંત આરોપી અને તેની માનેલી બહેન ક્રિષ્નાબેન વચ્ચે ઈન્સ્ટાગ્રામ પર થયેલ ચેટ આંક–૩૧૪ થી રજૂ કરેલ છે, જેનો હું અગાઉ ઉલ્લેખ કરી ગયેલ છું.

(૧૪૨) આ તબક્કે હું એ નોંધવું જરૂરી માનું છું કે, ફરિયાદ પક્ષે

આંક–૨૭૨ થી એફ.એસ.એલ. નો ડી.એન.એ. પરીક્ષણ અહેવાલ, આંક–૨૭૩ થી બાયોલોજી પરીક્ષણ અહેવાલ , આંક–૨૭૪ થી સીરોલોજી પૃથક્કરણ અહેવાલ તથા આંક –૨૭૫ થી ડી.એન.એ. એક્ઝામીનેશન રીપોર્ટ રજૂ કરેલ છે, જે તમામ અહેવાલોનો સારાંશ નીચે મુજબ છેઃ–

| ક્રમ નં. | મુદ્દામાલ આર્ટિકલ નં. | મુદ્દામાલની વિગત | મરનાર ગ્રીષ્માબેન (બ્લડ ગૃપ–B) | આરોપી (બ્લડ ગૃપ–AB) | ઈજા પામનાર સુભાષભાઈ (બ્લડ ગૃપ–O) | ઈજા પામનાર ધ્રુવ (બ્લડ ગૃપ–O) |
|---|---|---|---|---|---|---|
| ૧ | આર્ટિકલ નં.૧૬ (પાર્સલ નં.A–3) | ચપ્પુ (ચળકતી ધાતુનુ કાળા હાથા વાળુ) ૩૨ સે.મી લંબાઈ વાળુ | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે. (મરણ જનાર ગ્રીષ્માબેન તથા આરોપીનું ડીએનએ મળી આવેલ છે.) | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે. (મરણ જનાર ગ્રીષ્માબેન તથા આરોપીનું ડીએનએ મળી આવેલ છે.) | | |
| ૨ | આર્ટિકલ નં.૨૦ (પાર્સલ નં. A–8) | ચપ્પુ (કાળા કલરનુ ખાંચા વાળુ) ૨૯ સે.મી લંબાઈ વાળુ | | | ઓ (O) (ઈજા પામનાર સુભાષભાઈ નું ડીએનએ મળી આવેલ છે) | |
| ૩ | આર્ટિકલ નં. ૨૩ (પાર્સલ નં.A–11/1) | ચપ્પુનુ કવર (કાળા કલરનુ) | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે. (મરણ જનાર ગ્રીષ્માબેન, આરોપી, ઈજા પામનાર સુભાષભાઈ, ધ્રુવનું ડીએનએ મળી આવેલ છે.) | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે (મરણ જનાર ગ્રીષ્માબેન, આરોપી, ઈજા પામનાર સુભાષભાઈ, ધ્રુવનું ડીએનએ મળી આવેલ છે.) | ઓ (O)ની એન્ટીજની–સીટી જોવા મળેલ છે (મરણ જનાર ગ્રીષ્માબેન, આરોપી, ઈજા પામનાર સુભાષભાઈ, ધ્રુવનું ડીએનએ મળી આવેલ છે.) | ઓ (O)ની એન્ટીજની–સીટી જોવા મળેલ છે (મરણ જનાર ગ્રીષ્માબેન, આરોપી, ઈજા પામનાર સુભાષભાઈ, ધ્રુવનું ડીએનએ મળી આવેલ છે.) |
| ૪ | આર્ટિકલ નં. ૨૩ (પાર્સલ નં.A–11/2) | એ.ટી.એમ કાર્ડ (આરોપીનુ) | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે. (મરણ જનાર | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે. (મરણ જનાર | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ગ્રીષ્માબેન તથા આરોપીનું ડીએનએ મળી આવેલ છે.) | ગ્રીષ્માબેન તથા આરોપીનું ડીએનએ મળી આવેલ છે.) | | |
| ૫ | આર્ટિકલ નં. ૨૩ (પાર્સલ નં.A–11/3) | ચાર્જર (આરોપીનુ) | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે.<br><br>(મરણ જનાર ગ્રીષ્માબેન તથા આરોપીનું ડીએનએ મળી આવેલ છે.) | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે.<br><br>(મરણ જનાર ગ્રીષ્માબેન તથા આરોપીનું ડીએનએ મળી આવેલ છે.) | | |
| ૬ | આર્ટિકલ નં. ૨૩ (પાર્સલ નં.A–11/4) | ઈયર ફોન (આરોપીના) | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે.<br><br>(મરણ જનાર ગ્રીષ્માબેન તથા આરોપીનું ડીએનએ મળી આવેલ છે.) | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે.<br><br>(મરણ જનાર ગ્રીષ્માબેન તથા આરોપીનું ડીએનએ મળી આવેલ છે.) | | |
| ૭ | આર્ટિકલ નં. ૨૩ (પાર્સલ નં.A–11/5) | કાળી બેગ (આરોપીની) | | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે (આરોપીનું ડીએનએ મળી આવેલ છે.) | | |
| ૮ | આર્ટિકલ નં. ૧,૨,૩,૪ (પાર્સલ નં.B–1 પેન્ટ, B–2 શર્ટ, B–3 નીકર, B–4 ઓઢણી) | ઈજા પામનાર સુભાષભાઈનું પેન્ટ, શર્ટ, નીકર અને ઓઢણી | | | ઓ (O)<br><br>(ઈજા પામનાર સુભાષભાઈ નું ડીએનએ મળી આવેલ છે) | |
| ૯ | આર્ટિકલ નં. ૫,૬,૭,૮ (પાર્સલ નં. C–1 ટોપ, C–2 પેન્ટ, C–3 નીકર, C–4 બ્રેશીયર) | મરણ જનાર ગ્રીષ્માબેનનું ટોપ, પેન્ટ, નીકર અને બ્રા | બી (B)<br>(મરણ જનાર ગ્રીષ્માબેનનું ડીએનએ મળી આવેલ છે.) | | | |
| ૧૦ | આર્ટિકલ નં. ૯ (પાર્સલ નં. D–2/1 પેન્ટ | આરોપીનુ પેન્ટ | | એ(A) અને બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે<br><br>(આરોપીનું ડીએનએ મળી આવેલ છે.) | | |
| ૧૧ | આર્ટિકલ નં. ૯ | આરોપીનુ શર્ટ, બુટ | એ(A) અને | એ(A) અને | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | (પાર્સલ નં. D-1/1 શર્ટ, D-4/1 બુટ (ડા.પ), D-4/2 બુટ (જ.પ) | | બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે. (મરણ જનાર ગ્રીષ્માબેન તથા આરોપીના ડીએનએ મળી આવેલ છે.) | બી(B) ની એન્ટીજનીસીટી જોવા મળેલ છે (મરણ જનાર ગ્રીષ્માબેન તથા આરોપીના ડીએનએ મળી આવેલ છે.) | | |
| ૧૨ | આર્ટિકલ નં. ૨૪, ૨૫ (પાર્સલ નં. E-1 પેન્ટ, E-2 શર્ટ) | ઈજા પામનાર ધ્રુવનું પેન્ટ, શર્ટ | | | | ઓ (૦) (ઈજા પામનાર ધ્રુવનું ડીએનએ મળી આવેલ છે) |
| ૧૩ | આર્ટિકલ નં. ૨૬/૧ (પાર્સલ નં. F-2) | મરણ જનાર ગ્રીષ્માબેનના મોબાઈલ નુ કવર | ઓ (૦) (મરણ જનાર ગ્રીષ્માબેનનું ડીએનએ મળી આવેલ છે.) | | | |

(૧૪૩) અંતમાં હું કેટલાક પોલીસ શાહેદોના પુરાવાનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૨** તરીકે **આરીફભાઈ દાદુભાઈ**ને **આંક-૧૭૨** થી તપાસેલ છે, જેઓએ તપાસ કરનાર અધિકારીએ તેમને સુપ્રત કરેલ મુદ્દામાલ એફ.એસ.એલ. સુરત ખાતે જમા કરાવેલ, જે અંગે એફ.એસ.એલ. દ્વારા આપવામાં આવેલ પાવતી તેમણે આંક-૧૭૩ થી આંક-૧૭૫ સુધીની રજૂ કરેલ છે. આ ઉપરાંત ફરિયાદ પક્ષે **શાહેદ નં.૭૩** તરીકે પોલીસ કોન્સ્ટેબલ **રૂડાભાઈ ભુરાભાઈ**ને **આંક-૧૭૬** થી તપાસેલ છે, જેમણે તપાસ કરનાર અધિકારીએ તેમને આપેલ મુદ્દામાલ ડીવીડી એફ.એસ.એલ. સુરત ખાતે સુપ્રત કર્યાનું જણાવી આંક-૧૭૭ થી એફ.એસ.એલ. ની પાવતી રજૂ કરેલ છે.

(૧૪૪) આ ઉપરાંત ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫૪** તરીકે **હે.કો. હેમંત**

**ઈશ્વરભાઈ**ને **આંક–૨૦૪** થી તપાસેલ છે, તેમના પુરાવાથી એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજે સાડા છ વાગ્યાનાં અરસામાં પી.આઈ. શ્રી ગીલાતર સાહેબે તેમને મોબાઈલ પર જાણ કરતા તેઓ આશરે ૬ થી ૭ મિનિટમાં બનાવવાળી જગ્યાએ પહોંચી ગયેલ; તેમણે ત્યાં જોયેલું તો ટોળું ઉભેલ હતું; તેઓ સિવિલ ડ્રેસમાં હોઈ, તેમણે ટોળા વચ્ચે જઈ તેમની પોલીસ તરીકેની ઓળખ આપેલી અને તેમણે જોયેલું તો ટોળાની સામે ૧૮ થી ૨૦ વર્ષની ઉંમરનો એક પાતળો છોકરો શરીરે કથ્થઈ ચેક્સવાળો શર્ટ પહેરેલ અને જીન્સનો પેન્ટ પહેરેલ, જેના હાથમા છરી હતી, તે તેના હાથમાંની છરીથી પોતાના હાથમાં છરી મારવાની કોશિશ કરી લોકોને બીવડાવતો હતો અને પોતાના હાથ ઉપર છરી મારતો હતો; જેથી તેમણે તે છોકરાને તેમની પોલીસ તરીકેની ઓળખ આપેલ અને તેમણે તેને કહેલું કે, 'તું ચિંતા ન કરીશ, હું કામરેજ પોલીસ સ્ટેશનનો જમાદાર હેમંતભાઈ છું અને પી.સી.આર. વાન બોલાવું છું'; તેથી તે છોકરાએ કહેલું કે, 'તમે તાત્કાલિક પી.સી.આર. વાન બોલાવો અને મને અહીંથી લઈ જાવ, નહીં તો આ બધા મને મારી નાંખશે'; જેથી તેમણે તેને કહેલ કે, 'શાંતિ રાખ, ચિંતા ન કરીશ, તું કોઈને છરી મારતો નહીં'; તેઓ આ છોકરાને આ રીતે સમજાવતા હતા, તે દરમ્યાન ત્યાં બીજા પોલીસના માણસો આવી ગયેલા, તે સમયે જમીન ઉપર એક લાકડું પડેલ હતું, તે લાકડું લઈ તેમણે તેની છાતી ઉપર દબાવી દીધેલું; જેથી ત્યાં આવી ગયેલ બીજા પોલીસના માણસો નામદેવભાઈ, રાજેશભાઈ, પોલીસ કોન્સ્ટેબલ વિપુલભાઈ, ભુપતભાઈ ડાભી તથા હીતેશભાઈ લલ્લુભાઈ વગેરેએ કોર્ડન કરી આ છોકરાને પકડી લીધેલ; તે વખતે આ છોકરાને હાથમાંથી લોહી નીકળતું હતું; આ

છોકરાનું નામ પૂછતાં તેમણે પોતાનું નામ ફેનિલ પંકજભાઈ ગોયાણી હોવાનું જણાવેલ. સદર શાહેદે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. તેમણે વધુમાં જણાવેલ છે કે, તેઓએ પી.આઈ. સાહેબના હુકમ મુજબ પાંચ પાર્સલ સીલબંધ મુદ્દામાલ એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે જમા કરાવેલ, તેની પહોંચ તેમણે આંક–૨૦૫ થી રજૂ કરેલ છે. આમ, આ શાહેદની જુબાનીથી આરોપીને બનાવવાળી જગ્યાએથી અટક કરવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે. ઉપરાંત આરોપીએ બે વ્યક્તિઓને જીવલેણ ઈજા પહોંચાડી બધાની આજીજીઓ તથા વિનંતીઓ અવગણી જાહેરમાં મરનાર ગ્રીષ્માનું ગળું કાપી નાંખેલ હોઈ, ઉશ્કેરાઈને લોકો તેને મારી નાંખશે તેવા ભયથી આ શાહેદને તત્કાલ પી.સી.આર. બોલાવવાની વિનંતી કરતા અને તે સમયે પણ તેના હાથમાં ચાકુ હોઈ, આ શાહેદે એક લાકડાથી તેને દબાવી લઈ, અન્ય પોલીસ શાહેદોની મદદથી પકડીને પી.સી.આર. વાનમાં લઈ ગયાનું જણાય છે. આ સમયે તેના હાથમાંનું મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ નું ચપ્પુ આ જગ્યાએ પડી ગયાનું જણાય છે.

(૧૪૫) આ ઉપરાંત **શાહેદ નં.૬૧** તરીકે પી.એસ.આઈ. **અમજદખાન અહેમદખાન ચાવડા**ને **આંક–૨૨૩** થી તપાસવામાં આવેલ છે, જેમણે બનાવના સ્થળેથી મળેલ મોટર સાઈકલ નં.જીજે–૦૫–પીએન–૭૮૨૮ ની આર.ટી.ઓ. પાસેથી મેળવેલ માહિતી આંક–૨૨૪ થી રજૂ કરેલ છે, જેમાં આ મોટર સાઈકલ આરોપીના પિતા પંકજભાઈ વી. ગોયાણીનું હોવાનું દર્શાવેલ છે. આ ઉપરાંત મેં ઉપર ઉલ્લેખ કરેલ છે તે આરોપીની કોલેજના પ્રથમ સેમેસ્ટરની માર્કશીટ, એડમીશન ફોર્મ વગેરે પ્રિન્સીપાલ ડૉ.મુકેશ રામજીભાઈ ગોયાણી પાસેથી મેળવી આંક–

૧૮૪ થી રજૂ કરેલ છે. આ ઉપરાંત ફરિયાદ પક્ષે **શાહેદ નં.૬૨** તરીકે **પ્રવિણભાઈ મોહનભાઈ પરમાર**ને **આંક–૨૨૫** થી તપાસેલ છે, જેમણે આરોપીના બેંક ખાતાનો ઉતારો આંક–૨૨૬ થી રજૂ કરેલ છે.

(૧૪૬) ફરિયાદ પક્ષે આ કામે આંક–૪૮ થી મરનાર ગ્રીષ્માબેનનો મોબાઈલ કબજે લીધા અંગેનું પંચનામું રજૂ કરવામાં આવેલ છે, જે પંચનામું તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ કલાક ૨૦:૩૦ થી ૨૧:૦૦ વચ્ચે થયેલ છે, જેમાં ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ બાવચંદભાઈ કાનાણી, ગ્રીષ્માબેન વાપરતા હતા, તે રેડમી કંપનીનો મોબાઈલ પંચો રૂબરૂ કબજે કર્યાનો ઉલ્લેખ છે. આ પંચનામાના એક **પંચ કરણ નિતીનભાઈ વિરાણી**ને ફરિયાદ પક્ષે **શાહેદ નં.૮** તરીકે **આંક–૪૭** થી તપાસેલ છે જેમણે પણ, તેમની તથા તેમના મિત્ર મેહુલ રાજેશભાઈ મોરડીયાની હાજરીમાં મરનાર ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ બાવચંદભાઈ કાનાણીએ એક મોબાઈલ ફોન રજૂ કરેલ, જેના કવર પર રતાશ પડતા ડાઘા હતા તેમ જણાવી આંક–૪૮ ના પંચનામાને સમર્થન આપેલ છે. તેમણે આ મોબાઈલ ફોનમાંથી નીકળેલ પંચ સ્લીપ આંક–૪૯ થી તથા આ મોબાઈલનું કવર અલગ કબજે લેવામાં આવેલ હોઈ, તેની પંચ સ્લીપ આંક–૫૦ થી રજૂ કરેલ છે. આ શાહેદને બનાવ પછી ગુનાવાળી જગ્યાના પંચનામા સાથે રજૂ થયેલ બનાવવાળી જગ્યાનો રફ સ્કેચ બતાવી સોસાયટીના પ્રવેશ દ્વારા અંગે બચાવ પક્ષે કેટલાક પ્રશ્નો પૂછતાં તે રફ સ્કેચને આંક–૫૧ આપવામાં આવેલ છે.

(૧૪૭) આ ઉપરાંત ફરિયાદ પક્ષે **શાહેદ નં.૫૬** તરીકે **સર્કલ**

**ઓફિસર મૃણાલદાન ઘનશ્યામદાન ઈશરાણી**ને **આંક–૨૧૦** થી તપાસેલ છે, જેમણે પોલીસ યાદી આધારે બનાવવાળી જગ્યાનો નકશો બનાવી આંક–૨૧૧ થી, પોલીસ સબ–ઈન્સ્પેક્ટર, કામરેજનાએ ગુનાવાળી જગ્યાનો નકશો બનાવવા લખેલ યાદી આંક–૨૧૨ થી, પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, કામરેજ પોલીસ સ્ટેશનને મોકલેલ નકશા સંબંધેનો રવાનગી પત્ર આંક –૨૧૩ થી તથા મામલતદારશ્રી, કામરેજ નાએ ગુનાવાળી જગ્યાનો નકશો તૈયાર કરવા માટે આપેલ સૂચનાનું સાંધણ આંક–૨૧૪ થી રજૂ કરેલ છે.

(૧૪૮) અંતમાં હું એ નોંધવું જરૂરી માનું છું કે, ફરિયાદ પક્ષે શાહેદ નં.૭૨ તરીકે તપાસ કરનાર અધિકારી મહેશકુમાર મંગાભાઈ ગીલાતરને આંક–૨૫૫ થી તપાસેલ છે, જેમના પુરાવાનો મેં ઘણા તબક્કે ઉલ્લેખ કરેલ છે, જેથી તેનું અત્રે પુનરાવર્તન કરેલ નથી. તેમણે આ બનાવની શરૂઆતથી ચાર્જશીટ દાખલ થયા સુધીની તપાસની તમામ વિગતો જણાવેલ છે. આ શાહેદે એફ.એસ.એલ. અધિકારીને સ્થળ પરીક્ષણ માટે સ્થળ પર પધારવા લખેલ યાદી આંક–૨૭૮ થી, આંક–૨૫૬ થી ડાયરેક્ટોરેટ ઓફ ફોરેન્સીક સાયન્સ, ગાંધીનગરના સાયન્ટીફીક ઓફિસરે આપેલ સ્થળ પરીક્ષણ અહેવાલ, આંક–૨૫૯ થી કામરેજ પોલીસ સ્ટેશનનો નોકરી બુકનો ઉતારો રજૂ કરેલ છે, જે બનાવ દિવસે ફરજ પર હે.કો. હેમંતભાઈ ઈશ્વરભાઈ, હે.કો. રાજેશભાઈ છોટુભાઈ, પો.કો. નામદેવભાઈ કલાભાઈ, એલ.આર.ડી. વિપુલભાઈ નાનજીભાઈ હોવાનું પુરવાર કરે છે. આ ઉપરાંત તેમણે આંક–૨૬૦ થી મરણ જનાર ગ્રીષ્માબેનના ઘરનું લાઈટ બીલ રજૂ કરેલ છે, જે સૂચવે છે કે, મરનાર

ગ્રીષ્માબેન લક્ષ્મીધામ સોસાયટી ખાતે ૬૪ નંબરના મકાનમાં રહેતા હતા; આ ઉપરાંત આંક–૨૬૧ થી જુદા જુદા જુદા શાહેદોના ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ મુજબ નિવેદન લેવા માટે વિ.મેજિસ્ટ્રેટશ્રીને લખેલ યાદી રજૂ કરેલ છે; આંક–૨૬૨, ૨૬૫, ૨૬૬ થી આરોપીના લોહીના નમૂના લેવા માટે તબીબી અધિકારીને લખેલ પત્ર રજૂ કરેલ છે; ઈજા પામનાર સુભાષભાઈ તથા ફરિયાદી ધ્રુવના લોહીના નમૂના લેવા માટે તબીબી અધિકારીને લખેલ પત્ર અનુક્રમે આંક–૨૬૩ અને આંક–૨૬૪ થી રજૂ કરેલ છે; મુદ્દામાલ એફ.એસ.એલ. માં મોકલ્યા અંગેનું રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર આંક–૨૬૯ થી તથા એફ.એસ.એલ. ને મુદ્દામાલ મળ્યા અંગેની પાવતીઓ આંક–૨૭૦ અને ૨૭૧ થી રજૂ કરેલ છે; શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીના મોબાઈલમાં રહેલ વિડીયો ક્લીપની એક સીલ્ડ અને એક અનસીલ્ડ ડીવીડી બનાવવા માટે મદદનીશ નિયામકશ્રી એફ.એસ.એલ. સુરતને લખેલ પત્રની સ્થળપ્રત આંક–૨૭૯ થી રજૂ કરેલ છે. આ ઉપરાંત તેમણે આંક–૨૭૬ થી કામરેજ પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીનો તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજનો ઉતારો રજૂ કરેલ છે, તે જોતાં કલાક ૦૦ઃ૨૫ વાગ્યે હાલનો ગુનો ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭ મુજબ દાખલ થયાનું જણાય છે અને જે તે સમયે પોલીસ સ્ટેશનની ડાયરી ફારૂકખાન નસીબખાન પાસે હોવાનો ઉલ્લેખ જણાય છે તથા સ્ટેશન ડાયરીમાં તપાસ કરનાર અધિકારીશ્રી એમ.એમ.ગીલાતરે જાતે જ ગુનો રજિસ્ટર કર્યા અંગેની નોંધ દર્શાવેલ છે. આ ઉપરાંત તેમણે આંક–૨૮૨ થી સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચનાનો ઓર્ડર રજૂ કરેલ છે.

(૧૪૯)  મારી ઉપરોક્ત ચર્ચા પરથી એ સ્પષ્ટ થાય છે કે, ઉપરોક્ત રીતે આરોપીએ બનાવના આઠેક મહિના પહેલાં એટલે કે જુલાઈ–૨૦૨૧ ના અરસામાં મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારની હત્યા કરવાનો નિર્ણય કરી, તે સંબંધે લાંબા ગાળાનું પ્લાનીંગ કરી, AK–૪૭, ૯ mm પીસ્તોલ, તલવાર, એરગન, દેશી તમંચો, કટ્ટા, સર્વાઈવલ નાઈફ, નાઈફ ફોર સેલ્ફ ડીફેન્સ, એરગન, ચપ્પુ વગેરે અંગે ઓનલાઈન સર્ચ કરી, તે સંબંધે હથિયારના વેપારીઓ સાથે બીઝનેસ ચેટ કરી તથા યુ–ટયુબ પર જુદા જુદા વિડીયો જોઈ, આ હથિયારનો કઈ રીતે ઉપયોગ થાય, કઈ રીતે લોડ થાય, તેની કિંમત શું છે વગેરેનો વિગતવાર અભ્યાસ પણ કરેલ. બાદમાં આરોપીએ તારીખઃ ૨૪.૧૨.૨૦૨૧ ના રોજ ફ્લીપકાર્ટ પર એક ચપ્પુનો ઓર્ડર આપેલ, જે તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨ ના રોજ કેન્સલ કરાવેલ. બાદમાં તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ આરોપીએ તેમના મિત્ર ઝીલ સુરાણી સાથે ડીમાર્ટ સ્ટોરમાં જઈ, આશરે ૧૨ ઈંચ લાંબુ સ્ટીલના પાનાવાળું, પ્લાસ્ટીકના હાથાવાળું ચપ્પુ ખરીદેલ અને આ જ ગાળામાં શાહેદ મિત કુંભાણી મારફત, શાહેદ ચિરાગ સોજીત્રા પાસેથી રૂપિયા પાંચસોમાં ખાંચાવાળું ચપ્પુ પણ ખરીદેલ છે. આરોપીએ આ બે ચપ્પુ શા માટે ખરીદેલ, તેનો અણસાર સુદ્ધા તેના મિત્રોને આવવા દીધેલ નથી. આ સમય દરમ્યાન આરોપીએ તેમની કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેન સાથે મરનાર ગ્રીષ્માબેન બાબતે ઈન્સ્ટાગ્રામ પર ચેટીંગ કરે છે.  બનાવના દિવસે આરોપી સવારના ઘરેથી નીકળી, સ્કાઈલાર્ક શોપીંગ સેન્ટરમાં કોફી શોપ પર સવારે દસેક વાગ્યે આવી, બપોરે ૧૨:૩૦ થી ૧:૦૦ વાગ્યા સુધી મોબાઈલ પર ગેમ રમે છે. ત્યાર બાદ બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં આ કોફી શોપ પરથી શાહેદ

અભિષેકની બાઈક પર બપોરે ૩:૫૧ વાગ્યાના અરસામાં જે.ઝેડ.કોલેજ પર જાય છે અને ત્યાં મરનાર ગ્રીષ્માબેનની રેકી કરે છે અને શાહેદ ધૃતિબેન પર દબાણ કરી, ગ્રીષ્માબેનને મળવા પ્રયત્ન કરે છે, પરંતુ આ શાહેદ ધૃતિબેને ગ્રીષ્મા કોલેજમાં છે, તેમ કહી નીકળી જાય છે. આ દરમ્યાન ગ્રીષ્માબેન કોલેજમાં લેક્ચર એટેન્ડ કરતા હોય છે અને તેમને આરોપી કોલેજની બહાર આવેલ હોવાની ખબર પડતાં તેમણે સાંજે ૪:૧૫ વાગ્યાના અરસામાં રેણુકાબેનને ફોન કરી કોલેજે લેવા બોલાવેલ. શાહેદ રેણુકાબેન મરનાર ગ્રીષ્માબેનને લઈને સાંજે ૫:૧૫ વાગ્યાના અરસામાં લક્ષ્મીધાસ સોસાયટી પર પહોંચે છે અને ત્યાર બાદ આરોપી લક્ષ્મીધામ સોસાયટી પર સાંજે આશરે ૬:૦૦ થી ૬:૩૦ ના અરસામાં પહોંચે છે, જેને ગ્રીષ્માબેન જોઈ જતાં તેણે આ અંગે તેમના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેનને જાણ કરેલ અને ત્યાર બાદ આ હત્યાનો બનાવ બનેલ છે.

(૧૫૦) મુદ્દા નં.૨ અને ૩ સંબંધે ફરિયાદ પક્ષે આ કોર્ટમાં રજૂ કરેલ તમામ પુરાવાના સમગ્ર મૂલ્યાંકન બાદ, આ કોર્ટ દ્વારા કરાયેલ ઉપરોક્ત ચર્ચા પરથી એવું ભરોસાપાત્ર રીતે પુરવાર થયેલ છે કે , આ બનાવમાં મરનાર ગ્રીષ્માબેન વેકરીયાને, તેની સાથે સંબંધ રાખવા આરોપી તરફથી બનાવના એકાદ વર્ષ અગાઉથી એટલે કે જાન્યુઆરી–૨૦૨૧ થી હેરાનગતિ હતી, જેની જાણ મરનાર ગ્રીષ્માબેને તેમના મામા અશોકભાઈને કરેલ, જેમણે જાન્યુઆરી–૨૦૨૧ માં આરોપીને ગ્રીષ્માબેનની કોલેજ પર મળીને તેમજ આશરે દોઢેક મહિના પછી એટલે કે માર્ચ–૨૦૨૧ ના સમયગાળામાં હીરાબાગ સર્કલ પર આરોપીને મળી,

ગ્રીષ્માબેનને હેરાન ન કરવા જણાવેલ, આમ છતાં આરોપીએ તેની હેરાનગતિ ચાલું રાખેલ. ફરિયાદ પક્ષે રજૂ કરેલા પુરાવા પરથી એવું પણ ભરોસાપાત્ર રીતે પુરવાર થયેલ છે કે, તારીખઃ ૧૮.૦૪.૨૦૨૧ ના રોજ આરોપી ફેનિલ અને તેના મિત્રો સામે કતારગામ પોલીસ સ્ટેશનમાં ઈનોવા કારની ચોરી અંગે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯ મુજબનો ગુનો નોંધાયેલ, જેના આશરે ચાર–પાંચ મહિના પછી એટલે કે, સપ્ટેમ્બર–૨૦૨૧ કે ઓક્ટોબર–૨૦૨૧ ના સમયગાળામાં તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલર આરોપીના ઘરે ગ્રીષ્માબેનને હેરાન કરવા બદલ ઠપકો આપવા ગયેલા અને ત્યાં આરોપીના પૂર્વ મકાનમાલિક અને આરોપીની જ સોસાયટીના પ્રમુખ એવા શાહેદભાઈ હરેશભાઈ વેકરીયાની હાજરીમાં થયેલ ચર્ચા બાદ આરોપીએ હવે પછી તેમ નહીં કરે , તેવી ખાતરી આપતાં સમાધાન થયેલ. આ તમામ હકીકતો શાહેદ અશોકભાઈ બાવચંદભાઈ કાનાણી, શાહેદ હરેશભાઈ રમેશભાઈ કીકાણી તથા આરોપીના પૂર્વ મકાનમાલિક અને આરોપીની સોસાયટીના પ્રમુખ – શાહેદ હરેશભાઈ કાળુભાઈ વેકરીયાના પુરાવા પરથી પુરવાર થયેલ છે. આ ઉપરાંત ફરિયાદ પક્ષે રજૂ કરેલા પુરાવા પરથી એ હકીકત પણ ભરોસાપાત્ર રીતે પુરવાર થાય છે કે, મરનાર ગ્રીષ્માબેને આરોપી સાથે સંબંધ ન રાખતા ડિસેમ્બર–૨૦૨૧ થી આરોપીની હેરાનગતિ વધી ગયેલ. આ હકીકત મરનાર ગ્રીષ્માબેનની બહેનપણી શાહેદ ધૃતિબેન નિરંજનભાઈ લુખી, મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન નંદલાલભાઈ વેકરીયા તથા શાહેદ રેણુકાબેન હરેશભાઈ કિકાણીની જુબાનીમાં સમાનપણે જણાય છે, જે તમામને ડિસેમ્બર–૨૦૨૧ માં મરનાર ગ્રીષ્માબેને, આરોપી તેમને હેરાન કરતો હોવાનું જણાવેલ.

(૧૫૧) મેં અગાઉ ઉલ્લેખ કરેલ છે તે મુજબ, ફરિયાદ પક્ષે આ કોર્ટ સમક્ષ રજૂ કરેલા પુરાવાથી એ પણ ભરોસાપાત્ર રીતે પુરવાર થાય છે કે, મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારના સભ્યોની હત્યા કરવાનો નિર્ણય આરોપીએ જુલાઈ–૨૦૨૧ માં જ લઈ લીધેલ. આ હકીકત બનાવના બીજા જ દિવસે એટલે કે તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના રોજ કબજે લેવામાં આવેલ આરોપીના મોબાઈલને સીલબંધ હાલતમાં એફ.એસ.એલ. માં મોકલાવતા એફ.એસ.એલ. દ્વારા તેના મેટાડેટા રીટ્રાઈવ કરતા રેકર્ડ પર આવેલ છે. એફ.એસ.એલ. ના અધિકારીઓની સોગંદ પરની જુબાની સાથે તેઓએ રજૂ કરેલ આરોપીના મોબાઈલના મેટાડેટા, બેકઅપ, ટેકઆઉટ ડેટા તથા બ્રાઉઝીંગ હિસ્ટ્રી સંબંધેના પુરાવાથી આ હકીકત પુરવાર થાય છે. આ પુરાવો જોતાં એ હકીકત પુરવાર થાય છે કે, આરોપીએ જુલાઈ–૨૦૨૧ થી ઈન્ટરનેટ પર અલગ–અલગ વેબસાઈટ પર નાઈફ, આર્મી નાઈફ, નાઈફ વીથ કવર, સર્વાઈવલ નાઈફ, શેફ્સ કિચન નાઈફ, તલવાર, એરગન, ૯ mm પીસ્તોલ, દેશી તમંચો–કટ્ટા તથા AK–૪૭ અંગે સર્ચ કરેલ તેમજ ભારત તથા પાકિસ્તાનમાં તે કઈ રીતે અને કેટલી કિંમતે મળે છે, તે સંબંધે તપાસ કરેલ. આ પુરાવાથી એવું પણ પુરવાર થયેલ છે કે, આરોપીએ આ હથિયાર અંગે હથિયારના વેપારીઓ સાથે બિઝનેસ ચેટ કરી હથિયાર મેળવવા પ્રયત્ન કરેલ છે તેમજ યુ–ટ્યુબ એપ પર આ સંબંધેના વિડીયો જોઈ આ હથિયારોનો કઈ રીતે ઉપયોગ થાય, તમંચા, પિસ્તોલ, AK–૪૭ કઈ રીતે કામ કરે, કઈ રીતે તેને લોડ કરવામાં આવે, તે અંગે પણ અભ્યાસ કરેલ. આ પુરાવાથી એવું પણ પુરવાર થયેલ છે કે, ફ્લીપકાર્ટ

એપ પર તારીખઃ ૨૪.૧૨.૨૦૨૧ ના રોજ એક પ્રોફેશ્નલ સર્વાઈવલ ખાંચા ધરાવતી નાઈફનો ઓનલાઈન ઑર્ડર આપેલ, જે તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨ ના રોજ કેન્સલ કરાવેલ. આ ઉપરાંત આરોપીના મિત્રો ઝીલ સુરાણી, મીત કુંભાણી, ચિરાગ સોજીત્રા તથા ડીમાર્ટ સ્ટોરના મેનેજર શાહેદ મોહંમદ અલ્તાફ શકીલ શેખ, ડીમાર્ટ સ્ટોરના કેશ કાઉન્ટર પરના કર્મચારી શાહેદ ધૃવિબેન ઘનશ્યામભાઈ કોઠીયાની જુબાનીથી તથા તેઓએ રજૂ કરેલા અને યોગ્ય રીતે પુરવાર થયેલા સીસીટીવી ફુટેજ આધારે એ હકીકત પણ ભરોસાપાત્ર રીતે પુરવાર થયેલ છે કે, આરોપીએ ફ્લીપકાર્ટ એપ પર પ્રોફેશ્નલ સર્વાઈવલ નાઈફનો તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨ ના રોજ ઑર્ડર કેન્સલ કર્યાના બીજા જ દિવસે એટલે કે તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ તેમના મિત્ર ઝીલ સુરાણીને ફિનાઈલની ગોળી લેવાના બહાને સાથે લઈ જઈ, ડીમાર્ટ સ્ટોરમાંથી એક ૧૨ ઈંચનું કાળા પ્લાસ્ટીકના હાથાવાળું સ્ટીલનું પાનું ધરાવતું ધારદાર ચપ્પુ ખરીદેલ અને આ જ સમયગાળામાં તેના મિત્ર મીત કુંભાણી મારફત તેના મિત્ર ચિરાગ સોજીત્રા પાસેથી કોલંબીયા કંપનીનું ખાંચાવાળું ધારદાર પ્રોફેશ્નલ ચપ્પુ ખરીદેલ. આ પુરાવાને કાળજીપૂર્વક જોતાં એવું પણ પુરવાર થયેલ છે કે, આ બંને ચપ્પુ ખરીદતી વખતે આરોપીએ આ બંને ચપ્પુની ખરીદી પાછળના તેના ઈરાદાનો અણસાર સુદ્ધા તેના મિત્રોને ઝીલ સુરાણી કે મીત કુંભાણીને ન આવે તેવી સભાનતાપૂર્વકની કાળજી લીધેલ. આ હકીકતો શાહેદ ઝીલ સુરાણી તથા શાહેદ મીત કુંભાણીની જુબાની પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. આરોપીએ તેમના જુદા જુદા મિત્રોને ગેરમાર્ગે દોરી, તેના ઈરાદાનો અણસાર ન આવે તે રીતે બે ચપ્પુ ખરીદવાનું કરેલ પ્લાનીંગ અને બે ચપ્પુની કરેલ ખરીદી જ તેના

ગુનાહિત માનસ તથા તેના ઈરાદાનો પુરાવો છે. એ નોંધપાત્ર છે કે, આરોપીએ તેની કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેન ભરતભાઈ ખુંટ સાથે કરેલ ઈન્સ્ટાગ્રામ ચેટ કે જે ફરિયાદ પક્ષે એફ.એસ.એલ. ના સાયન્ટીફીક ઓફિસરના પુરાવાથી નિઃશંકપણે સાબિત થયેલ છે, તે જોતાં તેમાં પણ આરોપીનો ગ્રીષ્માબેનને મળવાનો પ્રયત્ન, ગ્રીષ્માબેનને મારી નાંખવાનો તેમનો ઈરાદો તથા ચપ્પુ લઈને બનાવના દિવસે જ ગ્રીષ્માબેનને ઘરે જવા નીકળે છે, તે તમામ હકીકતોનો સ્પષ્ટ ઉલ્લેખ છે, જે પણ આરોપીનો મરનાર ગ્રીષ્માબેનને મારી નાંખવાનો જ ઈરાદો હોવાનું પુરવાર કરે છે. અત્રે હું એ પણ નોંધવું જરૂરી માનું છું કે, આરોપીની ચપ્પુ સાથેની તૈયારી તથા તે ગ્રીષ્માબેનને મારવા જઈ રહેલ છે, તેવી તમામ જાણ કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેનને હતી, તેવું બંનેની એકબીજા સાથેની ઈન્સ્ટાગ્રામ મારફતે થયેલ ચેટ જોતાં જણાય છે, છતાં ક્રિષ્નાબેને તેની કોઈને પણ જાણ ન કરી, તે અત્યંત ખેદજનક છે. ઉપરાંત આરોપી શાહેદ ક્રિષ્નાબેનને આ ચેટમાં છેલ્લે જાણ કરે છે કે, તે સીધો ગ્રીષ્માના ઘરે જાય છે, હવે મેસેજ ન કરતી અને તે બધું ડીલીટ કરી રહ્યો છે, તે પણ આરોપીની વ્યવસાયિક ગુનેગાર જેવી ગુનાહિત માનસિકતા સૂચવે છે.

(૧૫૨) આ ઉપરાંત ફરિયાદ પક્ષે સચોટ પુરાવા આધારે આરોપીની બનાવના આખા દિવસની સમગ્ર મુવમેન્ટ હત્યાના બનાવ સુધી નિઃશંકપણે પુરવાર કરેલ છે, જેના તમામ પુરાવાઓની મેં અગાઉ વિગતે ચર્ચા કરેલ જ છે. આમ છતાં તે પુરાવાને સમગ્રપણે જોવામાં આવે તો, શાહેદ મીત કુંભાણી, શાહેદ અભિષેક કુકડીયા, રાધે ટાઈમ્સના માલિક સાહીલ રાજેશભાઈ સેજાણી, મરનાર ગ્રીષ્માબેનની બહેનપણી શાહેદ

ધૃતિબેન નિરંજનભાઈ લુખી, શાહેદ રેણુકાબેન હરેશભાઈ કિકાણીની જુબાની તેમજ યોગ્ય રીતે પુરવાર થયેલ રાધે ટાઈમ્સના સીસીટીવી ફુટેજ, જે.ઝેડ. કોલજના સીસીટીવી ફુટેજ તથા તે અંગે કોલેજના આચાર્ય ડૉ.રાજેશકુમાર ધનસુખલાલ રાણા, ટેક્નીકલ આસિસ્ટંટ વત્સલ પંકજકુમાર પરમારની જુબાની તથા ઘનશ્યામ લાઈવ કેક શોપના સીસીટીવી ફુટેજ તથા શાહેદ ઉત્તમભાઈ વિપુલભાઈ દેવાણીની જુબાની તથા આંક-૩૧૪ ની આરોપીની કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટ સાથેની ઈન્સ્ટાગ્રામ પરની ચેટને એકસાથે વંચાણે લેતાં એવું પુરવાર થાય છે કે, બનાવના દિવસે સવારના સાડા દસ વાગ્યે આરોપી સ્કાઈલાર્ક શોપીંગ સેન્ટર ખાતે તેમના મિત્ર મીત કુંભાણી નોકરી કરે છે ત્યાં જાય છે, ત્યાં બપોરે ૧૨:૩૦ થી ૧:૦૦ વાગ્યા સુધી મોબાઈલ પર ગેઈમ રમે છે, બાદમાં બહાર જાય છે અને શાહેદ અભિષેક વરાછા તરફ જતો હોય તો તેને સાથે લઈ જવા જણાવે છે. જ્યાંથી શાહેદ અભિષેક કુકડીયા તેને સાથે લેતાં, આરોપી શાહેદ અભિષેક કુકડીયા સાથે જે.ઝેડ.કોલેજ અમરોલી ખાતે પહોંચી શાહેદ ધૃતિબેનને મળે છે અને તેને ગ્રીષ્માબેન સાથે મેળવી આપવા દબાણ કરે છે, પરંતુ શાહેદ ધૃતિબેન જણાવે છે કે, ગ્રીષ્માબેન કલાસમાં છે. જે.ઝેડ. કોલેજના સીસીટીવી ફુટેજ જોતાં આરોપી બપોરે ૩:૫૨ વાગ્યા સુધી સદર કોલેજની આસપાસ હોવાનું પુરવાર થયેલ છે, જેને શાહેદ અભિષેક કુકડીયાએ સમર્થન આપેલ છે. આ સમય દરમ્યાન મરનાર ગ્રીષ્માબેન તેની કોલેજમાં લેક્ચર એટેન્ડ કરતા હોય છે, તે હકીકત પણ ફરિયાદ પક્ષે શાહેદ ડૉ. રાજેશકુમાર ધનસુખલાલ રાણાની જુબાની તથા દસ્તાવેજી પુરાવા આધારે ભરોસાપાત્ર રીતે પુરવાર કરેલ છે. ફરિયાદ પક્ષે રજૂ કરેલા

પુરાવા આધારે એ હકીકત પણ પુરવાર થાય છે કે, શાહેદ ધૃતિબેને ગ્રીષ્માબેન કલાસમાં હોઈ, નહીં મળી શકે તેમ કહેતાં આરોપી તથા શાહેદ અભિષેક કુકડીયા ત્યાંથી નીકળી જાય છે. બાદમાં ફરી સ્કાઈલાર્ક શોપીંગ સેન્ટર પર શાહેદ મીત કુંભાણી નોકરી કરે છે, તે કાફે પર જઈ પોતાની લેપટોપ બેગ લે છે, જે હકીકતને બચાવ પક્ષે કબૂલ રાખેલ રીકન્સ્ટ્રકશન પંચનામાથી પણ સમર્થન મળે છે. ફરિયાદ પક્ષે આ સંબંધે રજૂ કરેલા પુરાવાને સમગ્રપણે જોતાં એમ માનવાને કારણ રહે છે કે, આરોપીએ જે.ઝેડ.કોલેજ પર જઈ, શાહેદ ધૃતિબેનને મળી, મરનાર ગ્રીષ્માબેનને મળાવવા દબાણ કરતા શાહેદ ધૃતિબેને તે કલાસમાં છે તેમ કહી નીકળી ગયા બાદ આ શાહેદ ધૃતિએ મરનાર ગ્રીષ્માબેનને, કોલેજ બહાર આરોપી ફેનિલ તેને શોધે છે, તેવી જાણ કરી હશે. આથી જ મરનાર ગ્રીષ્માબેને તેના આન્ટી શાહેદ રેણુકાબેનને સાંજે ૪:૧૫ વાગ્યે ફોન કરી, 'તેને હેરાન કરે છે તે આરોપી ફેનિલ કોલેજની બહાર ઉભો છે તેથી તમે આવીને લઈ જાઓ', તેવો ફોન કરે છે. આથી શાહેદ રેણુકાબેન તેમનું જ્યુપીટર મોપેડ લઈને ગ્રીષ્માબેનની કોલેજ પર જાય છે અને પોતે આવી ગયાની જાણ ગ્રીષ્માબેનને ફોન પર કરે છે, આથી ગ્રીષ્માબેન કોલેજના મેઈન ગેટ પાસે આવતા, શાહેદ રેણુકાબેને કોલેજ બહાર આવેલ આરોપી ફેનિલ ઉભો ન હોવાની ખાતરી કરી ગ્રીષ્માબેનને સાથે લઈ તેના લક્ષ્મીધામ સોસાયટીના ઘરે લઈ જાય છે. આ મોબાઈલ પર થયેલ વાતચીત, ફરિયાદ પક્ષે રજૂ કરેલા સી.ડી.આર. આધારે નિઃશંકપણે પુરવાર થયેલ છે.

(૧૫૩) ફરિયાદ પક્ષે બનાવની ઘટના અંગે રજૂ કરેલા પુરાવામાં

નજરે જોનાર શાહેદો પૈકી શાહેદ રેણુકાબેન, ગ્રીષ્માબેનના માતા વિલાસબેન તથા ફરિયાદી ધ્રુવના પુરાવાની એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, શાહેદ રેણુકાબેન તથા ગ્રીષ્માબેન સાંજે ૫ઃ૧૫ વાગ્યે ગ્રીષ્માબેનના ઘરે પહોંચ્યા બાદ ચા–પાણી પી, ગ્રીષ્માબેન ફ્રેશ થયા બાદ શાહેદ રેણુકાબેન તથા વિલાસબેન ઘરના ઓટલા પર બેઠા હતા, ત્યારે ફરિયાદી ધ્રુવ પણ આવી ગયેલ અને શાહેદ વિલાસબેને ગ્રીષ્માબેનને પણ બહાર બેસવા બોલાવતા તે આ ઓટલા પાસે પાર્ક થયેલ તેના એક્ટીવા પર બેઠેલ હતી, ત્યારે આશરે છ વાગ્યાની આસપાસ આરોપી ત્યાં આવી જતાં ગ્રીષ્માબેને શાહેદ રેણુકાબેનને જાણ કરતા અને તે આરોપી ફેનિલ જ હતો તેવું ખાતરીપૂર્વક કહેતાં ફરિયાદી ધ્રુવ તેના મોટા પપ્પા સુભાષભાઈને બોલાવવા ગયેલા; આ તમામ હકીકતો ભરોસાપાત્ર રીતે પુરવાર થયેલ છે. આ ઉપરાંત ધ્રુવ કે જે આ બનાવમાં ઈજા પામનાર છે તથા ફરિયાદી પણ છે તેમનો પુરાવો, બીજા ઈજા પામનાર શાહેદ સુભાષભાઈ વેકરીયાનો સોગંદ પરનો પુરાવો, તેઓને થયેલ ઈજા સંબંધે તેઓની સારવાર કરનાર તબીબ શાહેદોનો પુરાવો, ફરિયાદી ધ્રુવની ત્વરીત ફરિયાદ હોસ્પિટલમાં રેકર્ડ કર્યાનો પી.આઈ. શ્રી ગીલાતરનો પુરાવો, બંને ઈજા પામનારાઓના કપડાં કબજે કર્યા અંગેનો પુરાવો, ઈજા પામનાર સુભાષભાઈના ઘા પર દબાવવા શાહેદ રેણુકાબેનની ઓઢણી આપ્યાનો શાહેદ તુષારભાઈ બોરડનો પુરાવો, ગુનાવાળી જગ્યાના પંચનામા દરમ્યાન ગ્રીષ્માબેનના ઘર પાસેથી મળી આવેલ આરોપીએ બંને ઈજા પામનારાઓને જે શાહેદ ચિરાગ સોજીત્રા પાસેથી ખરીદેલ કોલંબીયા કંપનીના ખાંચાવાળું ધારદાર પ્રોફેશ્નલ ચપ્પુથી ઘા કરેલ તે ચપ્પુ, આ તમામ મુદ્દામાલ સંબંધે રજૂ

થયેલ ફોરેન્સીક એવિડન્સ કે જે પુરવાર કરે છે કે, બંને ઈજા પામનારાઓનું લોહી તેઓના કપડાં પર, ઈજા પામનાર સુભાષભાઈએ તેમના પેટના ઘા પર દબાવી દીધેલ શાહેદ રેણુકાબેનની ઓઢણી પરથી તથા મુદ્દામાલના ઉપરોક્ત ચપ્પુ પરથી મળી આવેલ, તે તમામ પુરાવાઓને આ કોર્ટે તે સંબંધે કરેલ વિગતવારની ચર્ચા સાથે વંચાણે લેતાં, આરોપીએ કોઈ પણ ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટ વિના ફરિયાદી ધ્રુવ વેકરીયા તથા શાહેદ સુભાષભાઈ વેકરીયાને મારી નાંખવાના ઈરાદે તેઓ પર સીધો જ હુમલો કરી, શાહેદ સુભાષભાઈને પેટમાં પ્રોફેશ્નલ કોલંબીયા કંપનીના ખાંચાવાળા ચપ્પુ વડે ઘા કરી, તેમના આંતરીક અવયવો બહાર નીકળી જાય તેવી જીવલેણ ઈજા કર્યાનું અને શાહેદ ધ્રુવ વેકરીયાને મારી નાંખવાના ઈરાદે માથા પર ચપ્પુ વડે ઈજા કરતા, વધુ હુમલાના પ્રયત્ન દરમ્યાન ફરિયાદી ધ્રુવે ચપ્પુ પકડી લેતાં હથેળી કપાઈ જવાની ઈજા કર્યાનું નિઃશંકપણે પુરવાર થાય છે. એ હકીકત પણ નિઃશંકપણે પુરવાર થાય છે કે, જે રીતે આરોપીએ આ ગુનો કરેલ છે, તે કૃત્યથી જો બંને ઈજા પામનારાઓ પૈકી કોઈનું પણ મૃત્યુ થયું હોત તો આરોપી ખૂનના ગુના માટે દોષિત ઠરત. એ પણ નોંધપાત્ર છે કે, ફરિયાદ પક્ષે રજૂ કરેલ સી.ડી.આર. ના પુરાવાથી આરોપીની આ જગ્યા પર હાજરી પણ પુરવાર થયેલ છે.

(૧૫૪) ફરિયાદ પક્ષે સમગ્ર ઘટના અંગે રજૂ કરેલ પુરાવાઓમાં ફરિયાદી ધ્રુવ વેકરીયા, શાહેદ રેણુકાબેન કિકાણી, મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન વેકરીયાના સોગંદ પરના પુરાવા તથા ફરિયાદી ધ્રુવે બનાવની રાત્રિએ જ આપેલ ફરિયાદ, શાહેદ રેણુકાબેને કઠોર કોર્ટમાં

વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આપેલ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબનું નિવેદન એકસાથે વંચાણે લેતાં એ હકીકત પુરવાર થાય છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈ તથા મરનાર ગ્રીષ્માબેનના નાના ભાઈ ધ્રુવ કે જેઓ આ કામના ફરિયાદી છે તેઓ પર સોસાયટીના નાકે જીવલેણ હુમલો કર્યા બાદ આ બંને શાહેદો ઘવાયેલી હાલતમાં ગ્રીષ્માબેનના ઘર તરફ ભાગેલા, ત્યારે આરોપી પણ તેઓની પાછળ હતો, આ સમયે સુભાષભાઈ ઈજાના કારણે લોહીલુહાણ હાલતમાં વાંકા વાંકા ચાલીને આવતા હોઈ, મોટા પપ્પાને શું થયું તેમ કહી મરનાર ગ્રીષ્માબેન સામેથી દોડીને આવેલ તથા તેની સાથે જ શાહેદ રેણુકાબેન તથા ગ્રીષ્માબેનના માતા વિલાસબેન પણ દોડેલા, આથી આરોપીએ ફરિયાદી ધ્રુવને પડતો મૂકી ગ્રીષ્માબેનને ગળેથી પકડી લીધેલ અને ગળાના ભાગે ચપ્પુ મૂકીને ખુલ્લા પ્લોટ પાસે લઈ ગયેલ. આથી ગ્રીષ્માબેનના માતા શાહેદ વિલાસબેન, શાહેદ રેણુકાબેન તથા ગ્રીષ્માબેનનો ઈજાગ્રસ્ત ભાઈ ધ્રુવ આરોપીને, ગ્રીષ્માબેનને છોડી દેવા આજીજી કરવા લાગેલા; દરમ્યાન બૂમાબૂમ સાંભળી સોસાયટીમાં આ શેરીમાં રહેતા લોકો પણ ઘરની બહાર આવી ગયેલા અને તેઓએ ગ્રીષ્માબેનના ગળા પર ચાકુ મૂકેલ આરોપીને જોઈ તેઓએ પણ ગ્રીષ્માબેનને છોડી દેવા વિનંતી કરેલ. આ હકીકત નજરે જોનાર તમામ શાહેદોના પુરાવા તથા તે પૈકી શાહેદ તુષારભાઈ બોરડ, શાહેદ રેણુકાબેન કિકાણી, શાહેદ સોનલબેન રાણપરીયા, શાહેદ શર્મિલાબેન ઉર્ફે સમાપ્તિબેન રૈયાણીના કઠોર કોર્ટના વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ રેકર્ડ થયેલ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૪ મુજબના નિવેદનથી પુરવાર થયેલ છે. આરોપી મરનાર ગ્રીષ્માબેનને ગળેથી પકડી ખુલ્લા પ્લોટ તરફ

લઈ ગયેલ અને તેના ગળાના ભાગે ચાકુ મૂકી ઉભો રહેલ, ત્યાર પછી ગ્રીષ્માબેનની ગળું કાપી હત્યા કરવાની સમગ્ર ઘટના, આ જગ્યાએ અનાયાસે પહોંચનાર શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણી દ્વારા તેમના મોબાઈલ ફોનમાં હત્યાના બનાવની રેકર્ડ કરેલ બે વિડીયો કલીપ્સથી નિઃશંકપણે પુરવાર થાય છે. મારે એ નોંધવું જ જોઈએ કે, આ શાહેદે તેમના જે ફોનમાં આ વિડીયો કલીપ્સ રેકર્ડ કરેલ છે, તે મોબાઈલ ફોન અસલ, તેમાં રેકર્ડ કરેલ ઉપરોક્ત બે અસલ વિડીયો કલીપ્સ સાથે આ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે, જે પ્રાયમરી એવીડન્સ કહી શકાય તેવો ઈલેકટ્રોનિક ડોક્યુમેન્ટ છે અને તે યોગ્ય રીતે સાબિત પણ કરવામાં આવેલ છે. આ બંને વિડીયો કલીપ્સ અંગે કોઈ જ વર્ણન કરવું પણ જરૂરી નથી, કેમ કે, તે આ હત્યાનો સ્વયં દશ્યશ્રાવ્ય પુરાવો છે, જે આરોપીએ કેટલી સ્વસ્થાપૂર્વક અને ક્રુરતાપૂર્વક, કોઈ પણ જાતની દયા રાખ્યા વિના, બેરહેમીથી મરનાર ગ્રીષ્માબેનના ગળા પર શરૂઆતમાં ચપ્પુ દબાવી રાખી, ત્યાર બાદ એક વાર કાપો મૂકી, તેને પીડા આપી, ત્યાર બાદ ગ્રીષ્માબેનના ગળાના ભાગ પર નમી, ગળાના ભાગનું નિરીક્ષણ કરી, ગળાના "Adam's apple" તરીકે ઓળખાતા ભાગ નીચે ચોક્કસપણે 'ટ્રેકીયા' એટલે કે શ્વાસનળીના ભાગે આવે તે રીતે ચપ્પુ ગોઠવી ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખે છે તથા તે મૃત્યુ પામે તેની ખાતરી માટે ગ્રીષ્માબેનના શરીર પાસે જ ચપ્પુ સાથે ઉભા રહી, કોઈને નજીક નહીં આવવા દઈ, ખિસ્સામાંથી પ્લાસ્ટીકના કાગળમાંથી કંઈક ખાય છે, તે સ્પષ્ટપણે પુરવાર કરે છે. અત્રે હું ફરીથી એ હકીકત નોંધવી આવશ્યક માનું છું કે, આ સમગ્ર વિડીયો કલીપ જોતાં તેમાં આરોપીની સામે ઉભેલા લોકો, ગ્રીષ્માબેનનો ભાઈ ધ્રુવ સતત ગ્રીષ્માબેનને છોડી દેવા માટે

આરોપીને વિનંતી કરે છે અને તે દરમ્યાન આરોપીને મારવા, ઉશ્કેરવા કે તેની પર પથ્થર ફેંકવા જેવું પણ કોઈ કૃત્ય કરેલ નથી તેમજ સમગ્ર ઘટના દરમ્યાન આરોપીના એક હાથ નીચે ગળુ દબાયેલ હાલતમાં તથા આરોપીના બીજા હાથમાંનું ચપ્પુ તેના ગળા પર દબાતું હોય છે તે સમયે ગ્રીષ્માબેન તેના જમણા હાથની આંગળીઓથી ચપ્પુનું પાનું સહેજ પકડી, અસહાય હાલતમાં રડતી જણાય છે અને તેણે પણ આરોપીનો પ્રતિકાર કરેલ નથી કે આરોપીને કોઈ ઉશ્કેરણીજનક શબ્દો કહેલ હોય કે તેવું વર્તન કરેલ હોય તેવું પણ જણાતું નથી. ફરિયાદ પક્ષે રજૂ કરેલ ફોરેન્સીક એવિડન્સ એ પુરવાર કરે છે કે, શાહેદ રાહુલ ઉકાણીનો આ મોબાઈલ ફોન યોગ્ય પંચનામા દ્વારા કબજે લઈ, સીલ કરી, એફ.એસ.એલ. ને મોકલવામાં આવેલ અને એફ.એસ.એલ. દ્વારા તે વિડીયો ક્લીપ્સ અધિકૃત ફોરેન્સીક સોફ્ટવેર તથા હાર્ડવેરની મદદથી ડીવીડી માં કોપી કરી, તેનું ફોરેન્સીક પરીક્ષણ કરતા આ વિડીયો ક્લીપ્સ સાતત્યતા ધરાવતી હતી, તેવો સ્પષ્ટ અભિપ્રાય આપવામાં આવેલ છે, જે આ વિડીયો ક્લીપ્સ સાથે કોઈ ચેડાં નહીં થયાનું પુરવાર કરે છે. અત્રે એ પણ નોંધપાત્ર છે કે, આ વિડીયો ક્લીપ્સમાં આરોપીએ મરનાર ગ્રીષ્માબેનનું ગળું જે મોટા ચપ્પુથી કાપી નાંખેલ, તે તેણે ડીમાર્ટ સ્ટોરમાંથી શાહેદ ઝીલ સુરાણી સાથે જઈ ખરીદેલ, તે જ ૧૨ ઇંચનું કાળા પ્લાસ્ટીકના હાથાવાળું સ્ટીલનું પાનું ધરાવતું ચપ્પુ છે, તે આરોપીના મિત્ર ઝીલ સુરાણીએ સ્પષ્ટપણે ઓળખી બતાવેલ છે. વધુમાં બનાવવાળી જગ્યાના પંચનામા દરમ્યાન આ ચપ્પુ ઘટના બની તે જગ્યા પાસેથી કબજે લેવામાં આવેલ છે, જે સંબંધે ફોરેન્સીક એવિડન્સ જોતાં આ ચપ્પુ પર મરનાર ગ્રીષ્માબેન તથા આરોપીનું લોહી મળી આવેલ છે,

જે ડી.એન.એ. પ્રોફાઈલથી સાબિત થયેલ છે. આ ઉપરાંત આ હત્યાની ઘટના સમયે હાજર અને ગ્રીષ્માબેનને છોડી દેવા આજીજી, વિનંતી કરનાર તમામ નજરે જોનાર શાહેદોની જુબાની તથા શાહેદ રાહુલ ઉકાણી કે જે પણ નજરે જોનાર તથા તેમના મોબાઈલમાં બનાવનો વિડીયો રેકર્ડ કરનાર શાહેદ છે, તેમની જુબાનીથી તથા આ શાહેદોએ વિ.મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ આપેલ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ -૧૬૪ મુજબના નિવેદનથી પણ આરોપીએ તમામ શાહેદોની આજીજી, વિનંતીને અવગણી, મરનાર ગ્રીષ્માબેનનું મોટા ચપ્પુ વડે ગળું કાપી નાંખી તેની સરાજાહેર, બધાની દેખતા હત્યા કર્યાનું તથા મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખ્યા પછી તે મૃત્યુ ન પામે ત્યાં સુધી ત્યાં જ ઉભા રહી ચપ્પુની અણીએ કોઈને નજીક નહીં આવવા દઈ, ખિસ્સામાંથી પ્લાસ્ટીકના કાગળમાંથી કાંઈક કાઢીને ખાઈ, કાગળ ત્યાં જ ગ્રીષ્માબેનના શરીર પાસે ફેંક્યાનું નિઃશંકપણે પુરવાર થાય છે.

(૧૫૫) આ કોર્ટ દ્વારા આરોપીના સગા માસીના દીકરા શાહેદ આકાશ વઘાસીયા તથા શાહેદ હરેશ વેકરીયાના પુરાવાના મૂલ્યાંકન સમયે વિગતવાર કરેલ ચર્ચા આધારે એ પણ નિઃશંકપણે પુરવાર થયેલ છે કે, આરોપીએ ગ્રીષ્માબેનની હત્યા કર્યા બાદ પોતાના હાથે ચપ્પુ વડે સેલ્ફ ઈમ્પ્લીકટેડ ઈન્જરી કર્યા બાદ તેના માસીના દીકરા આકાશ વઘાસીયા તથા પૂર્વ મકાન માલિક અને સોસાયટીના પ્રમુખ હરેશ વેકરીયાને પોતાના મોબાઈલ ફોનથી, પોતે ગ્રીષ્માબેનને મારી નાંખેલ છે, પોતાના હાથે ચપ્પુ મારી દીધેલ છે અને ઝેરી દવા ખાઈ લીધેલ છે, તેવું જણાવેલ છે, જે કૉલનું રેકોર્ડીંગ શાહેદ આકાશ વઘાસીયાના મોબાઈલ ફોનમાં 'ઓટો રેકર્ડ' થયેલ અને સેવ થયેલ, તે પણ અસલ

હોવાનું અને સાતત્યતા ધરાવતું હોવાનું ફોરેન્સીક એવિડન્સથી પુરવાર થયેલ છે તેમજ શાહેદ આકાશ વઘાસીયા તથા શાહેદ હરેશ વેકરીયાની જુબાનીથી તે હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ છે. આરોપીએ આ બંને શાહેદોને, એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન કહી શકાય તે રીતે, પોતે મરનાર ગ્રીષ્માબેનને મારી નાંખેલ છે અને પોતે પણ પોતાને ચપ્પુ મારી દીધેલ છે તેવી હકીકત, તેમણે ગ્રીષ્માબેનની હત્યા કર્યા પછી તરત જ જણાવેલ છે, જે તેમણે સ્વૈચ્છીક રીતે, જાતે જ, કોઈના દબાણ કે સૂચન વિના જણાવેલ છે, તે એકસ્ટ્રા જ્યુડિશિયલ કન્ફેશન પણ આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યાના, નજરે જોનાર શાહેદોના પુરાવા તથા વિડીયો ક્લીપ્સમાં રેકર્ડ થયેલ સમગ્ર ઘટનાના પુરાવા સાથે સુસંગત અને સમર્થનકારક છે, જે પણ આરોપી સામે મરનાર ગ્રીષ્માબેનની હત્યાનો ગુનો પુરવાર કરે છે. અત્રે એ નોંધવું જરૂરી માનું છું કે, આરોપીએ ઉપરોક્ત બંને શાહેદે આકાશ વઘાસીયા તથા હરેશ વેકરીયાને મરનાર ગ્રીષ્માબેનની હત્યા પછી મોબાઈલ પર ફોન કરેલ, તે હકીકત આ કામે રજૂ થયેલ સી.ડી.આર. ના પુરાવાથી પણ પુરવાર થાય છે, જે આરોપીએ કરેલ ફોનના સમય સાથે તેનું લોકેશન પણ દર્શાવે છે. આમ, આ પુરાવાથી આરોપીની આ સ્થળે હાજરી પણ પુરવાર થાય છે. આ ઉપરાંત રજૂ થયેલ તમામ ફોરેન્સીક એવિડન્સ ફરિયાદ પક્ષે રજૂ કરેલા તમામ પુરાવાને સંપૂર્ણ સમર્થન આપે છે. આમ, આરોપીએ તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના ૬ઃ૦૦ વાગ્યાના અરસામાં અનેક લોકોની નજર સામે, તેઓની આજીજી અને વિનંતીઓને અવગણીને, સ્ટીલના લાંબા ધારદાર ચપ્પુ વડે મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી હત્યા કર્યાનું નિઃશંકપણે પુરવાર થાય છે.

(૧૫૬) મેં અગાઉ ઉલ્લેખ કરેલ છે તે મુજબ, બચાવ પક્ષ આ કોર્ટ સમક્ષ એવો બચાવ લઈને આવેલ છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યાનું માનવામાં આવે તો પણ તે ખૂન ન ગણાય તેવો સદોષ માનવવધ ગણવો જોઈએ. કારણ કે, આરોપીનું કૃત્ય ગંભીર અને ઓચીંતા ઉશ્કેરાટનું પરીણામ હતું. આ સંબંધે બચાવ પક્ષનું એવું કહેવું છે કે, મરનાર ગ્રીષ્માબેનના કુવા, મામા અને કાકાએ આરોપીના ઘરે આવી આરોપી તથા તેના પિતાને માર મારેલ, તે કારણે આરોપીને ગંભીર ઉશ્કેરણી થયેલ, જેના પરીણામે ગ્રીષ્માબેનની હત્યાનો બનાવ બનેલો. આ સંબંધે ફરિયાદ પક્ષે રજૂ કરેલા શાહેદોનો પુરાવો 'શીખડાવેલો પુરાવો' છે, તેવું પણ બચાવ પક્ષનું કથન છે. બચાવ પક્ષના આ કથન અંગે વિચારવામાં આવે તો, બચાવ પક્ષે કોઈ પણ જગ્યાએ એવી સ્પષ્ટતા કરેલ નથી કે, કઈ તારીખે કે ક્યા સમયગાળામાં મરનાર ગ્રીષ્માબેનના ક્યા સંબંધીએ, કઈ જગ્યાએ આરોપી કે તેના પિતા સાથે મારપીટ કે દુર્વ્યવહાર કરેલ. આ તબક્કે એ નોંધવું જરૂરી બને છે કે, ફરિયાદ પક્ષના શાહેદોની બચાવ પક્ષ તરફે કરવામાં આવેલ ઊલટતપાસમાં પણ આવા કોઈ બનાવના સમયગાળા, વ્યક્તિઓ, સ્થળ કે બનાવ સંબંધે એક પણ શાહેદને પ્રશ્નો પૂછી આરોપી તરફે સ્પષ્ટ બચાવ રજૂ કરવામાં આવેલ નથી. ફરિયાદ પક્ષે આ કોર્ટ સમક્ષ રજૂ કરેલ પુરાવામાં એવું રેકર્ડ પર આવે છે કે, જાન્યુઆરી–૨૦૨૧ માં મરનાર ગ્રીષ્માબેને તેના મામા અશોકભાઈ બાવચંદભાઈને આરોપી ફેનિલ તેમને હેરાન કરતો હોવાનું જણાવતા તેમણે તેમના મિત્ર હરેશ કિકાણીને આ અંગે વાત કરતા આ બંને જણા ગ્રીષ્માબેનની કોલેજે આરોપીને મળેલા અને આરોપીને

સમજાવેલ; બાદમાં આરોપીએ હવે પછી હેરાન નહીં કરે તેવી ખાતરી આપેલ. આ બંને શાહેદોએ તેઓના પુરાવામાં આ હકીકત સમાનપણે જણાવેલ છે. આ પૈકી ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ બાવચંદભાઈની ઊલટતપાસમાં આરોપી તરફે, આ શાહેદ આરોપીના ઘરે કોને સાથે લઈ, કઈ તારીખે કે ચોક્કસ ક્યા સમયગાળામાં ઝઘડો કરવા આવેલા અને કોણે આરોપી તથા તેના પિતા સાથે દુર્વ્યવહાર કે માથાકૂટ કરેલ, તેવો કોઈ જ પ્રશ્ન પૂછવામાં આવેલ નથી કે આરોપીનો તેવો કેસ રજૂ પણ કરવામાં આવેલ નથી. આથી વિપરીત રીતે આ શાહેદની જુબાનીમાં તેઓ હરેશ વેકરીયા સાથે આરોપીના ઘરે ગયેલા ન હતા તેવું ખૂલવા પામે છે. શાહેદ હરેશ કિકાણીની ઊલટતપાસમાં પણ બચાવ પક્ષે આવા કોઈ ચોક્કસ બનાવ સંબંધે સ્પષ્ટતા થાય તેવા પ્રશ્નો પૂછેલ નથી. બલ્કે એવો સામાન્ય આક્ષેપ કરેલ છે કે, તેઓ આરોપીને ઘણી વાર મારવા ગયેલા અને તેમણે પોલીસને માત્ર એક-બે ઘટનાઓ જ જણાવી છે, જેનો આ શાહેદે ઈન્કાર કરેલ છે. ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલ શાહેદ હરેશભાઈ વેકરીયાના સોગંદ પરના પુરાવામાં એવું રેકર્ડ પર આવે છે કે, ૨૦૨૧ ના એપ્રિલ-મે માસમાં આરોપી ફેનિલ તેના મિત્રો સાથે ઈનોવા કારની ચોરીના ગુનામાં અટક થયેલ, જેના ચારથી પાંચ મહિના પછી (એટલે કે આશરે ઓક્ટોબર-૨૦૨૧ ના અરસામાં) તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલરે તેમને ફોનથી, તેમની સોસાયટીમાં રહેતો ફેનિલ નામનો છોકરો એક છોકરીને હેરાન કરે છે, તેવું જણાવતા આ શાહેદે 'તમો ત્યાં પહોંચો, તેને ઠપકો આપો, હું ૧૫-૨૦ મિનિટમાં ત્યાં પહોંચું છું' તેવું જણાવેલ અને બાદમાં આ શાહેદ ૧૫-૨૦ મિનિટમાં પહોંચતા સોસાયટીના ગેટ પર તેમને ગૌરાંગભાઈ બલર મળેલા, જેમણે કહેલું કે,

આ ફેનિલે તેમને મારેલ છે. આથી આ શાહેદે ફેનિલને ઠપકો આપતા આરોપીએ હવે પછી ભૂલ નહીં થાય, તેમના ઘરે તેમને મારવા આવે તે સારૂ ન કહેવાય તથા તેઓ ફરીથી આવું નહીં કરે તેવું જણાવેલ અને ત્યાર બાદ સમાધાન કરેલ તેવું જણાવેલ છે. આ શાહેદ હરેશ વેકરીયા, આરોપીના પરીવારના પૂર્વ મકાનમાલિક અને આરોપીની સોસાયટીના પ્રમુખ છે, જેઓ આરોપીના પરીવાર સાથે નજીકનો સંબંધ ધરાવે છે તેવું રજૂ થયેલા પુરાવા આધારે જણાય છે. આ શાહેદના પુરાવામાં સ્પષ્ટપણે એવું રેકર્ડ પર આવે છે કે, તેઓ ગ્રીષ્માબેન કે તેના પરીવારને મળેલ નથી કે તેમના ઘરે ગયેલ નથી. આ સંજોગોમાં આ શાહેદને આરોપી સાથે શત્રુતા હોવાનું કહી શકાય તેમ નથી. આ શાહેદે જણાવેલ હકીકતો એવું સૂચવે છે કે, ઓક્ટોબર–૨૦૨૧ ના અરસામાં તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલર બે વ્યક્તિઓને આરોપીને સમજાવવા આરોપીના ઘરે ગયેલા. સ્વીકૃત રીતે આ બંને પૈકી કોઈ મરનાર ગ્રીષ્માબેનના કુવા કે મામા નથી. એવું જણાય છે કે, આ બંને વ્યક્તિઓ આરોપીના ઘરે ગયા ત્યારે ઉગ્ર ચર્ચા થયેલ હશે, કેમ કે આરોપીએ આ ગૌરાંગભાઈ બલરને લાફો મારી દીધેલ, તેવું રેકર્ડ પર આવેલ છે. આમ છતાં શાહેદ હરેશભાઈ વેકરીયાના પુરાવાથી એવું પણ રેકર્ડ પર આવે છે કે, આ બે વ્યક્તિઓ તેઓની સાથે મોબાઈલ ફોન લઈને આવેલા, જેમાં આરોપીએ કરેલ મેસેજ તેમને વંચાવેલા અને આરોપીએ તે મેસેજ કર્યાનું કબૂલ કરેલ. આ સમયે આરોપી તથા ઉપરોક્ત બે વ્યક્તિઓ વચ્ચે ઉગ્રતા થયેલ હશે, તેમ જણાતું હોવા છતાં તે બનાવ ઓક્ટોબર–૨૦૨૧ ના અરસામાં બન્યાનું જણાય છે, જેના આશરે સાડા ત્રણ મહિના પછી આરોપીએ ગ્રીષ્માબેનની હત્યા કરેલ છે. એ પણ નોંધપાત્ર છે કે, આ બનાવ બન્યો

ત્યારે ઉપરોક્ત બે વ્યક્તિઓ પર આરોપીએ કોઈ જીવલેણ હુમલો કરેલ નથી એ સ્વીકૃત છે.

(૧૫૭) એ નોંધપાત્ર છે કે, શાહેદ મીત કુંભાણીએ આ કામના આરોપી દ્વારા તેમના મિત્ર ચિરાગ સોજીત્રા પાસેથી ચપ્પુ ખરીદવામાં આવેલ હોવાનો પુરાવો આપ્યા બાદ બચાવ પક્ષે તેમનું ધ્યાન તેમના પોલીસ સમક્ષના નિવેદન પર દોરી એવું ઓમીશન દર્શાવવા પ્રયત્ન કરેલ છે કે, આ શાહેદે પોલીસને જણાવેલ કે, બનાવના એકાદ માસ પહેલાં આરોપીએ તેને જણાવેલ કે, તેમને ગ્રીષ્મા નામની છોકરી સાથે અફેર હતું, જેની ખબર ગ્રીષ્માબેનના ઘરે પડી જતાં તેના કાકા તથા ફુવા તેને અને તેમના પિતાને મારવા તેના ઘરે આવેલા અને માર મારેલ. એ નોંધપાત્ર છે કે, આવું ઓમીશન બચાવ પક્ષે શાહેદ મીતનું નિવેદન નોંધનાર તપાસ કરનાર અધિકારીશ્રી એચ.બી.ગોહિલની જુબાનીમાં પૂછીને પુરવાર કરેલ નથી. આમ છતાં ટેકનીકાલીટીમાં ન પડીએ તો પણ એ સ્પષ્ટ થાય છે કે, ઉપરોક્ત બનાવ પણ કઈ તારીખે, કઈ જગ્યાએ, કેટલા સમય પહેલાં બનેલો, તેવી કોઈ જ સ્પષ્ટતા બચાવ પક્ષે ઈરાદાપૂર્વક કરેલ નથી. આનાથી વધુમાં વધુ એવું જ પુરવાર થાય છે કે, આરોપીએ બનાવના એક માસ પહેલાં તેના મિત્ર મીતને આવું જણાવેલ.

(૧૫૮) આ સંબંધે વધુ એક ઉલ્લેખ શાહેદ ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટની જુબાનીમાં આવે છે, જેમાં શાહેદ ક્રિષ્નાબેન કે જે આરોપીની કહેવાતી માનેલી બહેન છે, તે તેમના પુરાવામાં એવું જણાવે છે કે, તારીખઃ ૩૧.૧૨.૨૦૨૧ ના જન્મ દિવસે આરોપી ફેનિલ તથા તેની એક

ફ્રેન્ડે તેમને સેવન સ્ટાર કાફે પર સરપ્રાઈઝ પાર્ટી આપેલ, જે પાર્ટી પૂરી થયા બાદ મોડું થતું હતું ત્યારે આરોપીએ તેમને જણાવેલ કે, તે ગ્રીષ્મા નામની એક છોકરીને પસંદ કરે છે, તેના મામા, કાકા, કુવા તેના ઘરે આવેલા અને તેમને મારતા હતા, તો તે ગ્રીષ્માને મારવાનો છે અને તેની સાથે કંઈક કરવાનો છે. જેથી આ શાહેદે તેને સમજાવેલ કે, 'તે છોકરી તેને લાઈક કરતી નથી, ભાવ આપતી નથી, તો તેને મરાય થોડી? તેને છોડી દે'. આ શાહેદની જુબાનીમાં વધુમાં વધુ એવું રેકર્ડ પર આવે છે કે, આરોપીએ તે ગ્રીષ્માને પસંદ કરે છે અને તેના મામા, કાકા, કુવા તેના ઘરે મારવા આવેલા તેવું જણાવેલ, પરંતુ ક્યારે આવેલા, તેની કોઈ સ્પષ્ટતા આ શાહેદે કરેલ નથી અને કદાચ બચાવ પક્ષે ઈરાદાપૂર્વક આવી સ્પષ્ટતા થાય તેવા કોઈ પ્રશ્નો આ શાહેદને પૂછેલ નથી કે તે સંબંધે પોતાનો કેસ મૂકેલ નથી. આ સિવાય રેકર્ડ પર અન્ય કોઈ પુરાવો આ હકીકત સંબંધે આવેલ નથી.

(૧૫૯) આરોપીના બચાવને ઉપરોક્ત પુરાવા સંબંધે વિચારતા એ નોંધપાત્ર છે કે, આરોપી કે તેના પિતા સાથે મરનાર ગ્રીષ્માના કુવા, મામા કે કાકાએ ક્યારે દુર્વ્યવહાર કે મારપીટ કરી, તે અંગે બચાવ પક્ષે કોઈ સ્પષ્ટતા કરેલ નથી કે કોઈ શાહેદની ઊલટતપાસમાં તેમનો સ્પષ્ટ કેસ રજૂ કરેલ નથી. એ પણ નોંધપાત્ર છે કે, આવા કહેવાતા બનાવ સંદર્ભે આરોપી કે તેના કુટુંબના સભ્યો દ્વારા કોઈ જગ્યાએ ફરિયાદ કે અરજી કરવામાં આવેલ હોય તેવું દર્શાવતો કોઈ પુરાવો બચાવ પક્ષે રજૂ કરેલ નથી. નોંધપાત્ર રીતે ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ ના વિશેષ નિવેદન બાદ આરોપીએ સોગંદ પર પણ આવી કોઈ હકીકતો જણાવી

નથી કે આરોપીના બચાવના શાહેદ તરીકે તેના પિતા સહિતના કુટુંબના કોઈ સભ્યો, મિત્રો, પીતરાઈ ભાઈ વગેરે પૈકી કોઈને તપાસવામાં આવેલ નથી. ફરિયાદ પક્ષના પુરાવામાં એવું આવે છે કે, ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ બાવચંદભાઈ તથા હરેશભાઈ કિકાણી આરોપીને હીરાબાગ સર્કલ પર માર્ચ–૨૦૨૧ ના અરસામાં મળવા ગયા ત્યારે આરોપી તેના પીતરાઈ ભાઈ ભાવેશ ગોયાણી તથા બીજા એક મિત્ર સાથે ત્યાં આવેલા, આવા કોઈ મિત્ર કે ભાવેશ ગોયાણીને પણ બચાવ પક્ષે શાહેદ તરીકે તપાસી, આવા કોઈ બનાવને સ્પષ્ટપણે રેકર્ડ પર લાવેલ નથી. કોઈ પણ વ્યક્તિને થયેલ ઉશ્કેરણી ગંભીર ઉપરાંત, ઓચિંતી હતી કે કેમ, તે સંબંધે તેવી ઉશ્કેરણી બનાવના કેટલા સમય પહેલાં તથા કોના દ્વારા થયેલી, તે બાબત અત્યંત મહત્વની બને છે. ઉપરોક્ત ચર્ચાથી એ પુરવાર થાય છે કે, મરનાર ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ બાવચંદભાઈ આરોપીને જાન્યુઆરી–૨૦૨૧ માં ગ્રીષ્માબેનની કોલેજ પર મળેલા, તે સમયે કોઈ ઉશ્કેરણી કે મારકુટ થયાનો કોઈ પુરાવો નથી. ત્યાર બાદ આરોપીએ ગ્રીષ્માબેનને હેરાન કરવાનું ચાલું રાખતા હીરાબાર્ગ સર્કલ પર શાહેદ અશોકભાઈ બાવચંદભાઈ તથા હરેશભાઈ કિકાણી આરોપીને મળવા ગયા ત્યારે આરોપી, તેનો પિતરાઈ ભાઈ તથા બીજી એક વ્યક્તિ સાથે મળવા આવેલ અને ત્યારે પણ કોઈ મારકુટ થયાનો પુરાવો નથી, બલ્કે ખુદ આરોપી ઉશ્કેરાઈ ગયાનું રેકર્ડ પર આવે છે. આમ છતાં તે બનાવ પણ માર્ચ–૨૦૨૧ ના ગાળામાં બનેલ, જે નોંધપાત્ર છે.

(૧૬૦) આરોપીના ઘરે તેની સાથે ઉગ્રતાભર્યું વર્તન થયેલ તેવું માની શકાય તેવી એક જ ઘટના રેકર્ડ પર આવે છે અને તે ઓક્ટોબર–

૨૦૨૧ ના અરસાની જણાય છે કે જે સમયે પણ ગ્રીષ્માબેનના મામા, કુવા કે કાકા આરોપીના ઘરે ગયા હોવાનું જણાતું નથી, બલ્કે તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલર નામની વ્યક્તિ આરોપીના પૂર્વ મકાન માલિક અને સોસાયટીના પ્રમુખ હરેશભાઈ વેકરીયા રૂબરૂ ત્યાં ગયાનું જણાય છે. આ સમયે પણ આરોપીએ ગૌરાંગભાઈ બલર નામની વ્યક્તિને લાફો મારેલો, તેવું રેકર્ડ પર આવે છે. આ સમયે પણ આરોપી ગ્રીષ્માબેનને મેસેજ કરતા હોવાનું જણાયેલ અને આરોપીએ હવે પછી આવું નહીં થાય, તેની ખાતરી આપ્યાનું જણાય છે. આમ, આ બનાવથી આરોપીને ઉશ્કેરણી થયેલ, તેવું માનવામાં આવે તો પણ તે બનાવ ઓક્ટોબર–૨૦૨૧ માં બનેલ તેમજ ગ્રીષ્માબેનની હત્યાનો બનાવ સાડા ત્રણ મહિના પછી એટલે કે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ બનેલ છે, તે જોતાં આ ઘટના પણ ગ્રીષ્માબેનની હત્યા કરવા માટે ગંભીર અને ઓચિંતા ઉશ્કેરાટનું કારણ કહી શકાય નહીં.

(૧૬૧) સમગ્રપણે જોતાં મરનાર ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ બાવચંદભાઈ તથા તેના મિત્ર હરેશભાઈ કિકાણી આરોપીને ગ્રીષ્માબેનને હેરાન કરવા સમજાવવા જાન્યુઆરી–૨૦૨૧ અને માર્ચ–૨૦૨૧ ના અરસામાં એટલે કે બનાવના આશરે એક વર્ષ પહેલાં ગયેલ તેમજ તુષારભાઈ M2M તથા ગૌરાંગભાઈ બલર ઓક્ટોબર–૨૦૨૧ ના અરસામાં એટલે કે બનાવના આશરે સાડા ત્રણ મહિના પહેલાં આરોપીના ઘરે ગયેલા, તેને ગંભીર, ઓચિંતી કે આકસ્મિક ઉશ્કેરણી કહી શકાય નહીં. આ તબક્કે એ નોંધપાત્ર છે કે, મરનાર ગ્રીષ્માબેને જાન્યુઆરી–૨૦૨૧ માં તેના મામાને આરોપી તેનો રસ્તો રોકે છે, બેગ તથા હાથ

પકડી લે છે અને મેસેજ કરી હેરાન કરે છે તેવી વાત કરતા, કોઈ પણ છોકરીના પરીવારના સભ્યો તેવું કરતા છોકરાને સમજાવવા કે કદાચ ઠપકો આપવા પણ જાય તો તેને એવી ગંભીર ઉશ્કેરણી ન ગણી શકાય કે જેથી તે છોકરીની હત્યા કરવી પડે. આથી વિપરીત રીતે કોઈ પણ દીકરીના પરીવારના સભ્યોનું, તેમની દીકરીને હેરાન કરતા છોકરાને સમજાવવા કે ઠપકો આપવા જવાનું વર્તન, સ્વાભાવિક અને સાહજીક કહી શકાય. આ સંજોગોમાં તેને ઉશ્કેરણી ગણી શકાય નહીં.

(૧૬૨) અન્ય દ્દષ્ટિકોણથી વિચારીએ તો પણ જાન્યુઆરી-૨૦૨૧ તથા માર્ચ-૨૦૨૧ માં આરોપીને સમજાવવાનો પ્રયત્ન થયેલ, તે ગ્રીષ્માબેનની હત્યાના બનાવના ૧ વર્ષ તેમજ ૧૧ માસ માસ પહેલાં થયેલ. આથી એક વર્ષ સુધી તે સંબંધે આરોપીને ઉશ્કેરણી રહે તેવું કોઈ સંજોગોમાં માની શકાય નહીં, તેમજ ઓક્ટોબર-૨૦૨૧ માં આરોપીને ગૌરાંગભાઈ બલર તથા તુષારભાઈ M2M નામની વ્યક્તિઓ ઠપકો આપવા ગઈ, તે પણ ગ્રીષ્માબેનની હત્યાના સાડા ત્રણ મહિના પહેલાંનો બનાવ હોઈ, આરોપીને તે બે વ્યક્તિઓ સાથે ઉશ્કેરણી થઈ હોય તો પણ 'cool down' થવા માટે સાડા ત્રણ મહિનાથી પણ વધારે એટલે કે પૂરતાથી પણ વધુ સમય મળ્યાનું કહી શકાય. આ સંબંધે ફરિયાદ પક્ષે રજૂ કરેલ **(૨૦૧૮)૦ સુપ્રિમ (એપી) ૭૩૧ પર રીપોર્ટ થયેલ પમ્પાના વેરન્ના વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય**ના ચૂકાદાનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. આ ચૂકાદાના પૅરેગ્રાફ-૧૭ માં નામદાર આંધ્ર પ્રદેશ હાઈકોર્ટ દ્ધારા , એઆઈઆર ૧૯૬૨ પાના નં.૬૦૫ પર રીપોર્ટ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટના ખૂબ જ જાણીતા એવા કે.એમ.નાણાવટી વિ. મહારાષ્ટ્ર રાજ્યના ચૂકાદાનો ઉલ્લેખ કરતા નીચે મુજબ ઠરાવેલ છેઃ-

On a careful consideration of the submission of the learned Counsel for the appellant with reference to the legal provision as reproduced above, we are of the opinion that the present case does not fall within Exception 1. The words 'whilst deprived of the power of self control by grave and sudden provocation' connote that the grave and sudden provocation and the act must be so proximate in time between the two that the person had no time to think and contemplate as to whether what he was doing was right or wrong. In K.M. Nanavati Vs. State of Maharashtra (1) AIR 1962 SC 605, the Supreme Court has considered the expression 'grave and sudden' within the meaning of Exception (1) to Section 300 IPC and held at para-19 as under :

"The position in the case at hand is no different. Between 14.00 hrs when the appellant was given a grave provocation and 21.30 hrs, the time when the appellant shot the deceased there were seven hours which period was sufficient for the appellant to cool down. A person who is under a grave and sudden provocation can regain his cool and composure. Grave provocation after all is a momentary loss of one's capacity to differentiate between what is right and what is not. So long as that critical moment does not result in any damage, the incident lapses into realm of memories to fuel his desire to take revenge and thus act as a motivation for the commission of a

crime in future. But any such memory of a past event does not qualify as a grave and sudden provocation for mitigating the offence. The beating and humiliation which the accused had suffered may have acted as a motive for revenge against the deceased who had caused such humiliation but that is not what falls in Exception 1 to Section 300 IPC which is identical to Exception 1 to Section 300 of the Ranbir Penal Code applicable to the State of Jammu and Kashmir where the offence in question was committed by the appellant. We may, in this regard, extract the following passage from Mancini Vs. Director of Prosecutions: (1942 AC 1 : (1941) 3 All ER 272 (HL) – (AC p.9): "It is not all provocation that will reduce the crime of murder to manslaughter. Provocation, to have that result, must be such as temporarily deprives the person provoked of the power of self-control as a result of which he commits the unlawful act which caused death. ... The test to be applied is that of the effect of the provocation on a reasonable man, as was laid down by the Court of Criminal Appeal in R v. Lesbini (1914) 3 KB 1116 (CCA), so that an unusually excitable or pugnacious individual is not entitled to rely on provocation which would not have led an ordinary person to act as he did. In applying the test, it is of particular importance to (a) consider whether a sufficient interval has elapsed since the provocation to allow a reasonable man to cool, and (b) to take into the account the instrument with which the homicide was effected,

> for to retort, in the heat of passion induced by provocation, by a simple blow, is a very different thing from making use of a deadly instrument like a concealed dagger. In short, the mode of resentment must bear a reasonable relationship to the provocation if the offence is to be reduced to manslaughter."

આ જોતાં ગ્રેવ અને સડન પ્રવોકેશન તે તત્કાળ અને આકસ્મિક ઉશ્કેરાટની એવી સ્થિતિ સૂચવે છે કે જેમાં વ્યક્તિ સ્વયં પર પોતાનું નિયંત્રણ ગૂમાવી બેસે છે. આ એવી સ્થિતિ છે કે જે અચાનક ઉભી થાય છે અને તેમાં વ્યક્તિને cool down થવાનો કે વિચારવાનો સહેજ પણ સમય મળતો નથી. આ સંબંધે હું વિ.વકીલશ્રી શેખની એ દલીલનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું કે, પોલીસે આ કામે ઝડપી ચાર્જશીટ દાખલ કરતા, ટ્રાયલ પણ ઝડપી ચાલી રહેલ છે, આથી લોકોમાં આરોપી વિરુદ્ધ ગુસ્સાની લાગણી હોઈ, આરોપીના બચાવમાં સાક્ષી તરીકે ઉભા રહેવા પણ કોઈ તૈયાર નથી. બચાવ પક્ષની રજૂઆત છે કે, જો થોડો સમય જવા દેવામાં આવેલ હોત તો વાતાવરણ ઠંડુ પડતા આરોપી તેના બચાવમાં સાક્ષી રજૂ કરી શકત. આથી આ કોર્ટ દ્વારા પૂછવામાં આવેલ કે, શું તેઓ સંમત છે કે, કોઈ પણ વ્યક્તિની ગુસ્સાની કે આવેશની સ્થિતિ સમય પસાર થાય તેમ તેમ શાંત થાય? જેના જવાબમાં બચાવ પક્ષે જણાવેલ છે કે, સમય પસાર થાય તો વ્યક્તિની આવેશની સ્થિતિ ચોક્કસપણે શાંત થાય. બચાવ પક્ષની આ જ દલીલને કેન્દ્ર સ્થાને રાખીને વિચારવામાં આવે તો પણ એક વર્ષ કે સાડા ત્રણ મહિના પહેલાં આરોપીને થયેલ ઉશ્કેરાટની લાગણી એક વર્ષ કે સાડા ત્રણ મહિના સુધી

સતત ચાલું રહે તે માની શકાય તેમ નથી. આથી જ, આરોપીએ તેવો ઉશ્કેરાટ આપનાર કોઈ વ્યક્તિ પર, કોઈ જ હુમલો કરેલ નથી. આ સંજોગોમાં આરોપીને ઉશ્કેરાટનું કોઈ કારણ નહીં આપનાર ગ્રીષ્માબેનની હત્યા ગંભીર અને ઓચિંતા ઉશ્કેરાટના કારણે થયાનો બચાવ આકર્ષક જણાતો નથી.

(૧૬૩) આ સંબંધે બે બાબતો પણ ચોક્કસપણે ધ્યાને લેવી ઘટે. સ્વીકૃત રીતે આરોપીએ જે તે સમયે તેને મળનાર, સમજાવનાર કે કદાચ ઠપકો આપનાર કોઈ વ્યક્તિ કે જેનાથી તેને ઉશ્કેરણી થઈ હોય, તે એક પણ વ્યક્તિ પર હુમલો કરેલ નથી. આરોપીએ તેવી ગંભીર, ઓચિંતી કે આકસ્મિક ઉશ્કેરણીના કારણે પોતાની જાત પર કાબૂ ગૂમાવી, તેને ઉશ્કેરણી કરનાર વ્યક્તિ પર હુમલો કરે અને તેના પરીણામે આરોપીને ઓચિંતી ઉશ્કેરણી કરનાર વ્યક્તિનું મૃત્યુ થાય તો જ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૦ ના પ્રથમ અપવાદમાં પડે અને તો જ તેને વિચારણામાં લઈ શકાય.આ કામે ફરિયાદ પક્ષે રજૂ કરેલા તમામ પુરાવાથી એ સ્પષ્ટ થાય છે કે, આરોપીને જેમનાથી ઉશ્કેરણી થયાનું માની શકાય તે કોઈ વ્યક્તિ પર, તેવી ઉશ્કેરણી સમયે જ, આરોપીએ કોઈ હુમલો કરેલ નથી. આથી વિપરીત રીતે, ફરિયાદ પક્ષના પુરાવાથી એવું પુરવાર થયેલ છે કે, જાન્યુઆરી–૨૦૨૧, માર્ચ–૨૦૨૧ કે ઓક્ટોબર–૨૦૨૧ પછી પણ ક્યારેય મરનાર ગ્રીષ્માબેન, તેનો નાનો ભાઈ ધ્રુવ કે તેમના મોટા પપ્પા સુભાષભાઈએ આરોપીને ઉશ્કેરણી થાય તેવું કોઈ કૃત્ય ક્યારેય કરેલ નથી. ફરિયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટપણે માની શકાય તે રીતે પુરવાર કરવામાં આવેલ છે કે, આ બનાવમાં આરોપીએ જેમને પેટમાં પ્રોફેશ્નલ નાઈફ મારી, આંતરીક અવયવો સુદ્ધા

બહાર કાઢી નાંખેલ તે સુભાષભાઈ બનાવ પહેલાં આરોપીને ઓળખતા પણ ન હતા. બનાવના દિવસ અંગે પણ ફરિયાદ પક્ષનો પુરાવો જોતાં મેં અગાઉ નોંધ્યું છે તેમ, સોસાયટીની બહાર બાઈક લઈને આરોપી આવીને બેસી જતા, ફરિયાદી ધ્રુવ તથા તેના મોટા પપ્પા સુભાષભાઈ તેને મળવા ગયેલા ત્યારે તેઓના હાથમાં નાની લાકડી સુદ્ધા ન હતી, તેઓએ કોઈ અપશબ્દ બોલેલ નથી કે તેઓની સાથે અન્ય કોઈ માણસો પણ ન હતા. આ શાહેદોના પુરાવાથી એ પુરવાર થાય છે કે, આરોપીએ કંઈ પણ બોલ્યા વિના સીધો જ સુભાષભાઈના પેટમાં ચાકુનો ઘા કરેલ તેમજ ધ્રુવ પર પણ ચાકુ વડે હુમલો કરેલ, જે સૂચવે છે કે, તે સમયે પણ ધ્રુવ કે સુભાષભાઈએ આરોપીને ઉશ્કેરણી થાય તેવું કોઈ વર્તન કરેલ નહીં. હું અગાઉ પણ નોંધી ગયો છું કે, આ બંને શાહેદોને ઈજાગ્રસ્ત જોઈ, મરનાર ગ્રીષ્માબેન સામે દોડીને આવેલ, ત્યારે તેણે પણ આરોપીને કંઈ કહ્યું નથી, કોઈ ગેરવર્તન કરેલ નથી, તમાચો મારેલ નથી કે અપમાન કરેલ નથી, ત્યારે મરનાર ગ્રીષ્માબેન તરફથી આરોપીને કોઈ જ ઓચિંતી ઉશ્કેરણી થયાનું પણ કોઈ સંજોગોમાં કહી શકાય તેમ નથી. આ કોર્ટ દ્વારા આથી જ બચાવ પક્ષને તેઓના ગંભીર અને ઓચિંતા ઉશ્કેરાટના બચાવ સંદર્ભે પૂછવામાં આવેલ કે, આરોપીએ કઈ ઉશ્કેરણીના કારણે મરનાર ગ્રીષ્માબેનનું સરાજાહેર ગળું કાપી નાંખ્યું? તેનો કોઈ યોગ્ય ખુલાસો બચાવ પક્ષ કરી શકેલ નથી, બલ્કે, બચાવ પક્ષે 'તે અંગે તેઓ શું ખુલાસો કરે?' તેમ જણાવી 'કદાચ તે એક સંજોગ હતો', તેવું જણાવેલ છે. આમ આરોપી દ્વારા એક વર્ષ પહેલાં કે સાડા ત્રણ મહિના પહેલાં તેમને સમજાવનાર વ્યક્તિઓ કે જેમના દ્વારા તેમને કદાચ ઉશ્કેરણી થઈ હોય તેવી કોઈ વ્યક્તિ પર કોઈ હુમલો કરેલ નથી, બલ્કે, તેમને

ઉશ્કેરણીનું કોઈ જ કારણ ન આપનાર બે વ્યક્તિઓ પર તેણે મારી નાંખવાના ઈરાદે ચપ્પુથી હુમલો કરી, "આના કુવા આયવા'તા.... મામો આયવો'તો" તેવું બોલી, મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી હત્યા કરેલ છે, તે જોતાં મરનાર ગ્રીષ્માબેનની હત્યા તે કોઈ પણ સંજોગોમાં ઓચિંતા કે આકસ્મિક, ગંભીર ઉશ્કેરાટનું કારણ હતું, તેવો બચાવ ગ્રાહ્ય બનતો નથી. એ પણ નોંધપાત્ર છે કે, આંક-૧૪૫ થી વિડીયો ક્લીપ્સ તથા તેની કોપી એફ.એસ.એલ. દ્વારા આંક-૩૦૭ તથા આંક-૧૦૫ ની ડીવીડી માં આ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ છે, તે કાળજીપૂર્વક જોતાં એ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી હત્યા કરી ત્યારે તે એકદમ મજબુત માનસિક સ્થિતિમાં હતા, તેના ડાબા હાથથી તેણે ગ્રીષ્માબેનનું ગળું દબાવી રાખી, જમણા હાથમાં ચપ્પુ પકડી તેણીના ગળા પર મૂકેલ, ત્યારે ગ્રીષ્માબેન તેનો પ્રતિકાર કરી શકે તેવી સ્થિતિમાં ન હોવાનું, બલ્કે નિ:સહાય હોવાનું જણાય છે, સામે ઉભેલા લોકો આરોપીને આજીજી અને વિનંતીઓ કરતા હતા, તે જોતાં આરોપીને ઓચિંતી કોઈ ઉશ્કેરણી થાય તેવા કોઈ સંજોગો ઉપસ્થિત થયાનું જણાતું નથી. આથી પણ આરોપીને ઓચિંતી ઉશ્કેરણીનો બચાવ ગ્રાહ્ય બનતો નથી.

(૧૬૪) આ સંદર્ભે ફરીથી ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૦ ના અપવાદ નં.૧ ની જોગવાઈ જોતાં તે નીચે મુજબ છેઃ-

> "ગંભીર તથા ઓચિંતા ઉશ્કેરાટના કારણે પોતાની જાત પરનો કાબૂ ગૂમાવી બેઠો હોય તેવો ગુનેગાર તેવી અવસ્થામાં ઉશ્કેરાટનું કારણ આપનારનું મૃત્યુ નીપજાવે અથવા ભૂલ કે અકસ્માતથી અન્ય કોઈ વ્યક્તિનું મૃત્યુ નીપજાવે તો તે સાપરાધ મનુષ્યવધ ખૂન નથી."

ઉપરોક્ત જોગવાઈ જોતાં આ બચાવ ત્યારે જ ગ્રાહ્ય બને કે જ્યારે ઉશ્કેરાટ ઓચિંતો અને ગંભીર હોય; તે ઓચિંતા કે ગંભીર ઉશ્કેરાટથી આરોપી પોતાની જાત પર કાબૂ ખોઈ બેઠો હોય અને તેમણે ઉશ્કેરાટનું કારણ આપનારનું મૃત્યુ નીપજાવેલ હોય. આવું એક પણ તત્વ આરોપીની તરફેણમાં આકર્ષાતું નથી. આરોપીએ કોઈ ઓચિંતી કે આકસ્મિક, ગંભીર ઉશ્કેરણી થતાં પોતાની જાત પર કાબૂ ખોઈ ઉશ્કેરણીનું કારણ આપનાર કોઈનું મૃત્યુ નીપજાવેલ નથી, બલ્કે તેને ઉશ્કેરણીનું કોઈ કારણ ન આપનાર વ્યક્તિની હત્યા કરેલ છે અને બે વ્યક્તિઓ પર જીવલેણ હુમલો કરેલ છે. તે જોતાં આ અદાલત બચાવ પક્ષનો આ બચાવ કાયદાકીય જોગવાઈથી વિપરીત હોઈ, સ્વીકૃત ન હોઈ, ગ્રાહ્ય રાખતી નથી. આ કોર્ટ દ્વારા એ પણ સ્પષ્ટ કરાયેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનને મારવાનો નિર્ણય આરોપીએ જુલાઈ–૨૦૨૧ થી લઈ લીધેલ અને તેને મારવા માટે તમામ પૂર્વતૈયારીઓ કર્યા બાદ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરવામાં આવેલ છે, તે આરોપીએ સમજી, વિચારી, અગાઉથી નક્કી કરેલ નિર્ણયનો તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ અમલ કર્યાનું પુરવાર થાય છે, તેથી પણ, આરોપીના ગંભીર અને આકસ્મિક ઉશ્કેરાટના બચાવનો છેદ ઉડી જાય છે. આ સંજોગોમાં આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરી તે કૃત્ય, ખૂન ન ગણાય તેવો કેવળ સદોષ માનવવધ જણાતો નથી, બલ્કે આરોપીનું પૂર્વતૈયારી સાથેનું, સમજી–વિચારીને, ઈરાદાપૂર્વકનું કૃત્ય જણાતું હોઈ, આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ મુજબનો ગુનો નિઃશંકપણે પુરવાર થાય છે.

(૧૬૫) આ કોર્ટ સમક્ષ બચાવ પક્ષે એવી પણ રજૂઆત કરેલ છે કે, મરનાર ગ્રીષ્માબેનના પરીવારજનોને જાણ હતી તે રીતે આરોપી અને મરનાર ગ્રીષ્માબેનનું પ્રેમ પ્રકરણ હતું, છતાં ફરિયાદ પક્ષના શાહેદોએ આરોપીના કૃત્યને એકતરફી પ્રેમમાં દર્શાવવા પ્રયત્ન કરેલ છે. વિ.વકીલશ્રી શેખે આ સંદર્ભે રજૂઆત કરેલ છે કે, આરોપી ગુનેગાર નથી, પરંતુ 'દાઝેલો પ્રેમી' છે. બચાવ પક્ષે આ સંદર્ભે આરોપીના ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ ના નિવેદન સાથે રજૂ કરેલ પેન ડ્રાઈવમાંના આરોપી તથા ગ્રીષ્માબેનના ફોટોગ્રાફ્સ પર આધાર રાખેલ છે. ફરિયાદ પક્ષે વિ.વકીલશ્રી પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલાએ રજૂઆત કરેલ છે કે, ફરિયાદ પક્ષ તે પેન ડ્રાઈવમાંના ફોટોગ્રાફ્સ કબૂલ રાખતા નથી; આ ફોટોગ્રાફ્સ ફોટોશોપ એડીટ અથવા મોર્ફિંગ કરેલા પણ હોઈ શકે.

(૧૬૬) સૌપ્રથમ તો હું એ નોંધું છું કે, રેકર્ડ પર એવો પુરાવો આવેલ છે કે, આરોપી તરફથી ગ્રીષ્માબેન સાથે સંબંધ રાખવા બનાવના એકાદ વર્ષ પહેલાંથી પ્રવૃત્તિ થતી હતી . મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેનના પુરાવાથી રેકર્ડ પર આવે છે કે, મરનાર ગ્રીષ્માબેને તેમને આરોપી હેરાન કરતો હોવાની વાત ૨૦૨૧ માં દિવાળી પહેલાં કરેલ, જે જોતાં ઓક્ટોબર–નવેમ્બર, ૨૦૨૧ નો સમયગાળો હોઈ શકે. શાહેદ રેણુકાબેનને પુરાવો આપેલ છે કે, ડિસેમ્બર–૨૦૨૧ માં ગ્રીષ્માબેને તેમને જણાવેલ કે, ફેનિલ નામનો છોકરો તેને હેરાન કરે છે. આ ઉપરાંત ગ્રીષ્માબેનની બહેનપણી શાહેદ ધૃતિબેન નિરંજનભાઈ લુખીની

ઊલટતપાસમાં તેમણે જણાવેલ છે કે, તેઓ આરોપીને ડિસેમ્બર–૨૦૨૧ થી ઓળખે છે; ગ્રીષ્માબેને જણાવેલ કે, આ છોકરો તેને હેરાન કરે છે. આ જ સંદર્ભે આરોપીની માનેલી બહેન ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટનો પુરાવો જોવામાં આવે તો તેમણે જણાવેલ છે કે, ફેનિલે કહેલ કે, તે ગ્રીષ્મા નામની છોકરીને પસંદ કરે છે અને તેના મામા, ફુવા, કાકા વગેરે તેના ઘરે મારવા આવેલ, તેથી તે ગ્રીષ્માને મારવાનો છે; આથી આ શાહેદ ક્રિષ્નાબેને આરોપીને સમજાવેલ કે, 'તે છોકરી તને લાઈક કરતી નથી, ભાવ આપતી નથી, તો તેને મરાય થોડી? તેને છોડી દે'. ખુદ બચાવ પક્ષની ઊલટતપાસમાં આ શાહેદે જણાવેલ છે કે, ફેનિલે તેને એક વાર કહેલ કે, તેને ગ્રીષ્મા ગમે છે અને તે ગ્રીષ્માને લાઈક કરે છે, પણ ગ્રીષ્મા તેને લાઈક કરતી નથી. આ તમામ પુરાવો આરોપી તથા ગ્રીષ્માબેન વચ્ચે પ્રેમના સંબંધો હતા, તેવી બચાવ પક્ષની રજૂઆતને બિલકુલ સમર્થન આપતો નથી. મેં અગાઉ નોંધ્યું છે તેમ, આરોપી તરફેની આ રજૂઆતને સમર્થન આપવા બચાવ પક્ષે કોઈ સાક્ષી તપાસેલ નથી. એ પણ નોંધપાત્ર છે કે, આ સંદર્ભે કોઈ પ્રેમપત્રો કે મોબાઈલ ચેટ વગેરેનો પુરાવો પણ રેકર્ડ પર ઉપલબ્ધ નથી. સ્વીકૃત રીતે આરોપી તરફે રજૂ થયેલ પેનડ્રાઈવમાં ફોટા અંગે પણ સમર્થનકારક અન્ય કોઈ પુરાવો રેકર્ડ પર નથી. આ કોર્ટ વાકેફ છે કે, આરોપી પર તેનો બચાવ નિઃશંકપણે પુરવાર કરવાનો બોજો નથી અને આરોપી પરનો બોજો તેમની નિર્દોષતા અંગે માત્ર સંભાવના દર્શાવવાનો છે. આ સંજોગોમાં આ કોર્ટ દ્વારા આરોપી તરફે રજૂ થયેલ પેનડ્રાઈવમાંના ફોટોગ્રાફ્સ પણ જોવામાં આવેલ છે, જેમાં આરોપી તથા મરનાર ગ્રીષ્માબેનના કેટલાક ફોટોગ્રાફ્સ સાથે જોવા મળે છે, પરંતુ કેવળ તેટલા માત્રથી આરોપી અને

મરનાર ગ્રીષ્માબેન વચ્ચેનો સંબંધ પ્રેમ સંબંધ હતો કે પ્રેમ પ્રકરણ હતું તેવું તારણ કાઢી શકાય નહીં. હું આ સંદર્ભે ફરિયાદ પક્ષે શાહેદ નં.૭૫ તરીકે તપાસવામાં આવેલ એફ.એસ.એલ. સુરતના સાયન્ટીફિક ઓફિસર વિમલકુમાર કાનજીભાઈ રાવલના આંક–૨૫૮ ના પુરાવાના કેટલાક મહત્વના અંશો નોંધવા જરૂરી માનું છું.

(૧૬૭) એફ.એસ.એલ. સુરતના સાયન્ટીફિક ઓફિસર વિમલકુમાર કાનજીભાઈ રાવલે તેમની આંક–૨૫૮ ની સોગંદ પરની વિગતવાર જુબાનીમાં જણાવેલ છે કે, આંક–૨૬૭ ની કામરેજ પોલીસની રવાનગી આધારે નિશાની 'F1' વાળું એક પાર્સલ પરીક્ષણ અર્થે તેમને મોકલવામાં આવેલ, જેમાં બે સીમકાર્ડ ધરાવતો એક મોબાઈલ હતો. આંક–૨૬૭ ની રવાનગી જોતાં તેમાં ક્રમ નં.૨૬ થી 'F1' નિશાનીથી મરનાર ગ્રીષ્માબેનનો સીલ્વર કલરનો રેડ મી મોબાઈલ કબજે લેવામાં આવેલ હોવાનો ઉલ્લેખ છે. જો કે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીએ આ મોબાઈલનું પેટર્ન લોક હોવાથી ખૂલી શકેલ નહીં તેવી રજૂઆત કરેલ, પરંતુ સાયન્ટીફિક ઓફિસર વિમલકુમાર કાનજીભાઈ રાવલની જુબાની જોતાં આ મોબાઈલ ફોન તેમને પરીક્ષણ અર્થે મોકલાતા તેમાંનો તમામ ડેટા રીટ્રાઈવ કરેલ હોવાનું જણાવેલ છે.

(૧૬૮) આ શાહેદ વિમલકુમાર કાનજીભાઈ રાવલે તેમની જુબાનીમાં નિશાની 'F1' વાળો આ મોબાઈલ ફોન એમ૨૦૦૩જે૬એ૧I (Note 9 Pro) મોડેલનો હોવાનું જણાવી, તેના બંને આઈએમઈઆઈ નંબરો તથા તેમાં રહેલ બંને સીમકાર્ડના આઈસીસીડી નંબર દર્શાવેલ છે.

આ શાહેદે એવું પણ જણાવેલ છે કે, તેમને આ સેલફોનને કોમ્પ્યુટર ફોરેન્સીક કાર્ડીનલ રૂલ્સને અનુસરીને ફોરેન્સીકલી એનેલાઈઝ કરેલા અને અધિકૃત કોમ્પ્યૂટર ફોરેન્સીક સોફટવેર તથા અધિકૃત હાર્ડવેરની મદદથી પોલીસ પ્રશ્નોત્તરી મુજબનો ડેટા રીટ્રાઈવ કરેલો. શાહેદે જણાવેલ છે કે, આંક 'F1' વાળા આ સેલફોનમાંથી તમામ ડેટા (કોન્ટેક્ટસ, કૉલ લોગ્સ, એસ.એમ.એસ. મેસેજીસ, ઓડિયો ફાઈલ્સ, વિડીયોઝ, ઈમેજીસ, લોકેશન્સ, એપ્લીકેશન યુઝર્સ લોગ્સ, યુઝર એકાઉન્ટસ, ઈમેઈલ, ડોક્યુમેન્ટ્સ, કુકીઝ, સર્ચ્ડ આઈટમ્સ, વેબ હિસ્ટ્રી, ઈન્ટાગ્રામ પોસ્ટ્સ, વોટ્સઅપ ચેટ્સ, સ્નેપચેટ્સ વગેરે) પોલીસ પ્રશ્નોત્તરી મુજબ રીટ્રાઈવ કરી, તપાસ કરનાર અધિકારીએ પૂરી પાડેલ એક સ્ટરાઈલ પેન ડ્રાઈવમાં કોપી કરી તેમના અહેવાલ સાથે એનેક્ષર 'F1' તરીકે સામેલ કરેલ. આ જ રીતે આ મોબાઈલ ફોનના બંને સીમકાર્ડમાંથી તમામ ડેટા રીટ્રાઈવ કરી પેન ડ્રાઈવમાં કોપી કરી સામેલ રાખેલ. આ પેન ડ્રાઈવ આ શાહેદે આ કામે આંક–૩૧૨ થી રજૂ કરેલ છે. આથી આ કોર્ટ દ્વારા ઉપરોક્ત એનેક્ષર F1 થી રજૂ થયેલ મરનાર ગ્રીષ્માબેનના મોબાઈલના સમગ્ર ડેટાને ચેક કરવામાં આવેલ છે. મારે એ નોંધવું જ જોઈએ કે, આ તમામ ડેટા કે જેમાં ડિલીટ કરવામાં આવેલ ફોટોગ્રાફ્સ, મેસેજીસ, વોટ્સઅપ, ઈન્સ્ટાગ્રામ તેમજ સ્નેપચેટ એપ પર થયેલ ચેટીંગ પણ રીટ્રાઈવ થયેલ છે, તે તમામ જોતાં કોઈ પણ જગ્યાએ મરનાર ગ્રીષ્માબેન તથા આરોપી ફેનિલ ગોયાણીના સાથે કોઈ ફોટોગ્રાફ હોય કે તેઓ વચ્ચે કોઈ ચેટ થયેલ હોય તેવું જણાતું નથી, બલ્કે, મરનાર ગ્રીષ્માબેને તેમની બહેનપણીઓ, તેના પિતા તથા સગાંવ્હાલાઓને ગૃપ કૉલ કર્યાનું, સામાન્ય વાતચીત કર્યાનું તથા સામાન્ય વિડીયો તથા ઓડિયો ફાઈલ

સેવ કર્યાનું જણાયેલ છે. આ ફોનમાં આરોપીએ તેમના વિશેષ નિવેદનમાં રજૂ કરેલ તેવા કોઈ ફોટોગ્રાફ જણાયેલ નથી.

(૧૬૯) આ સંદર્ભે જ શાહેદ રેણુકાબેન તથા ગ્રીષ્માબેનના માતા વિલાસબેનના પુરાવા સાથે ગ્રીષ્માબેનની બહેનપણી ધૃતિબેનનો પુરાવો વંચાણે લેતાં, એટલું તો સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, ડિસેમ્બર–૨૦૨૧ થી મરનાર ગ્રીષ્માબેન આરોપી સાથે કોઈ સંબંધ ધરાવતા ન હતા તેમજ તેને મળવા માંગતા ન હતા. જો મરનાર ગ્રીષ્માબેનને આરોપી સાથે નાજુક સંબંધ હોત તો બનાવના દિવસે આરોપીએ ગ્રીષ્માબેનની કોલેજ પર જઈ મરનાર ગ્રીષ્માબેનને મળવા પ્રયત્ન કરતા, ગ્રીષ્માબેને શાહેદ રેણુકાબેનને જાણ કરેલ ન હોત, બલ્કે કોઈને જાણ ન થાય તે રીતે તે આરોપીને મળી જ લેત. આમ, આરોપીની દલીલ માનવા ખાતર માનીએ કે, તેને એક સમયે ગ્રીષ્માબેન સાથે, ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબના વિશેષ નિવેદન સમયે તેમણે રજૂ કરેલ પેન ડ્રાઈવ મુજબના ફોટોગ્રાફ્સ પડાવવા જેવા સંબંધો હતા, તો પણ તેનાથી મરનાર ગ્રીષ્માબેનને આરોપી સાથે કોઈ પણ પ્રકારના પ્રેમ સંબંધો હતા તેવું પુરવાર થતું નથી, બલ્કે, તે તેને મળવા માંગતા ન હતા છતાં આરોપી તેમને મળવા પ્રયત્ન કરતો હતો તેવું પુરવાર થાય છે. આ હકીકત સ્પષ્ટપણે બચાવ પક્ષની રજૂઆતને અસ્વીકાર્ય બનાવે છે.

(૧૭૦) આરોપી ગુનેગાર નહીં, પરંતુ 'દાઝેલો પ્રેમી' છે, તેવી બચાવ પક્ષની રજૂઆત સંદર્ભે વિચારતા જ એવો પ્રશ્ન થાય કે, આ કેવો પ્રેમ તથા કેવો પ્રેમી? કે જે, જેને પ્રેમ કરતો હોવાનો દાવો કરે છે તેની

કોઈ પણ કારણ વિના નિર્દયતાથી, સરાજાહેર, સ્વસ્થતાપૂર્વક ગળુ કાપીને હત્યા કરે છે અને તેના શરીરનો તરફડાટ શાંત ન થઈ જાય ત્યાં સુધી ત્યાં જ ઉભો રહી, તેને કોઈની મદદ ન મળે તે હેતુથી ચાકુની અણીએ કોઈને નજીક પણ આવવા દેતો નથી? આરોપી દાઝેલો પ્રેમી હતો, તેવું કહેવા ખાતર કહેવું યોગ્ય નથી. પ્રેમમાં વ્યક્તિ પોતાની જાત કરતા પણ જેને પ્રેમ કરે છે તેને વધુ મહત્વ આપે છે. મનુષ્ય પ્રેમથી ઉન્નતિના પંથે જાય છે. પ્રેમ તે ત્યાગ અને સમર્પણ શીખવે છે અને તે અપેક્ષા વિનાની લાગણીની એક સ્થિતિ સૂચવે છે. આ તમામનો અહીં અભાવ જણાય છે. આથી મરનાર ગ્રીષ્માબેન સાથેના એક કે બે ફોટોગ્રાફ્સ હોવા માત્રથી આરોપી દાઝેલો પ્રેમી બની જતો નથી. આ તબક્કે ફરિયાદ પક્ષની દલીલ દરમ્યાન વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી સુખડવાલા દ્ધારા સાહજીક રીતે બોલાયેલ એક વાક્ય પ્રાસંગિક જણાય છે કે, 'પ્રેમ બલિદાન આપવાનું શીખવે છે, બલિ ચઢાવવાનું નહીં'. આરોપીએ કઈ રીતે મરનાર ગ્રીષ્માબેનની ક્રુર અને ઘાતકી રીતે હત્યા કરેલ છે, તે આંક-૧૪૫ ની વિડીયો ક્લીપ્સથી પુરવાર થયેલ છે, ત્યારે બચાવ પક્ષની 'દાઝેલા પ્રેમી' ની રજૂઆત સહાનુભૂતિ મેળવવાના એક વૃથા પ્રયત્નથી વિશેષ કાંઈ જ જણાતી નથી. આ તબક્કે એ નોંધવું જ રહ્યું કે, આરોપીની મરનાર ગ્રીષ્માબેન સાથેની તેમની કથિત લાગણી પણ, કોઈ પણ સંજોગોમાં મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરવાનો પરવાનો બની શકે નહીં.

(૧૭૧) આરોપી તરફે એવી પણ એક તકરાર ઉઠાવવામાં આવેલ છે કે, ફરિયાદ પક્ષે કેટલીક હકીકતો છૂપાવેલ છે અને તે સંદર્ભે જરૂરી

શાહેદોને જાણી જોઈને તપાસેલ નથી. આ સંદર્ભે વિ.વકીલશ્રી શેખે તેમની લેખિત અને મૌખિક દલીલ સમયે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ કામે ફરિયાદી ધ્રુવ તથા શાહેદ સુભાષભાઈ વેકરીયા, એમ બંને ઈજા પામનારાઓના મરણોન્મુખ નિવેદન લેવામાં આવેલ, જે સંબંધે ફરિયાદ પક્ષે ઈરાદાપૂર્વક એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને તપાસેલ નથી, કેમ કે, મરણોન્મુખ નિવેદનની હકીકતો આ શાહેદોએ જણાવેલ હકીકતો કરતા અલગ પડે છે. હું સૌપ્રથમ નોંધું છું કે, આ કામે બંને ઈજા પામનારાઓ અનુક્રમે ફરિયાદી ધ્રુવ વેકરીયા તથા શાહેદ સુભાષભાઈ વેકરીયા, તે બંને પૈકી કોઈનું આ બનાવમાં થયેલ ઈજાના કારણે મૃત્યુ થયેલ નથી, બલ્કે બચી ગયેલ છે. આથી તેઓના એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીએ નોંધેલ નિવેદન હવે મરણોન્મુખ નિવેદન કહી શકાય નહીં અને તેથી ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૨ મુજબ તેને પુરવાર કરી શકાય નહીં. આ સંજોગોમાં તે માત્ર નિવેદનો કહી શકાય, જેનો ઉપયોગ માત્ર corroboration purpose થી થાય. ફરિયાદ પક્ષે સબળ, સચોટ અને ભરોસાપાત્ર કહી શકાય તેવા અનેક પુરાવાથી આરોપી સામેનો ગુનો પુરવાર કરેલ છે, ત્યારે એક્ઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને નહીં તપાસવાથી ફરિયાદ પક્ષના સમગ્ર કેસ અંગે કોઈ શંકા ઉભી થાય તેવું જણાતું નથી.

(૧૭૨) એ નોંધપાત્ર છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના સાંજે આ બનાવ બન્યા બાદ તરત જ હોસ્પિટલમાં કલાક ૨૩:૩૦ વાગ્યે ફરિયાદીની સ્મીમેર હોસ્પિટલમાં ફરિયાદ નોંધવામાં આવેલ છે અને સ્ટેશન ડાયરીમાં રાત્રે ૧૨:૦૦ વાગ્યા પછી એટલે તારીખ બદલાઈ જતાં તારીખઃ ૧૩.૦૨.૨૦૨૨ ના કલાકઃ ૦૦:૨૫ વાગ્યે ગુનો દાખલ થયેલ

છે તેમજ આ કામે રજૂ થયેલ તમામ પુરાવો ફરિયાદની હકીકતને પુરવાર કરે છે, ત્યારે પણ એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને તપાસેલ નથી, તે હકીકત ફરિયાદ પક્ષના કેસને ઘાતક નીવડે તેવું જણાતું નથી.

(૧૭૩) આરોપી પક્ષની આ દલીલ સંદર્ભે ક્રિ.પ્રો.કોડ, ૧૯૭૩ ના પ્રકરણ ૧૮ માં દર્શાવેલ સેશન્સ અદાલત સમક્ષની કાર્યવાહીના પ્રવધાનો જોવા જરૂરી બને છે. આ પ્રકરણની કલમ–૨૩૦ માં એવી જોગવાઈ છે કે, આરોપી ગુનાનો સ્વીકાર કરવા ઈન્કાર કરે અથવા કથન જ ન કરે અથવા મુકદ્દામો ચલાવવા માંગે અથવા કલમ–૨૨૯ હેઠળ સજા કરવામાં આવી ન હોય ત્યારે ન્યાયાધીશ શાહેદો તપાસવાની તારીખ નક્કી કરશે. ત્યાર બાદ કલમ ૨૩૧(૧) માં એવી જોગવાઈ છે કે, આવી નિયત કરેલ તારીખે ફરિયાદ પક્ષના સમર્થનમાં રજૂ કરવામાં આવે તેવો તમામ પુરાવો ન્યાયાધીશ લેશે. આ સાથે જ કલમ–૨૨૬ જોવામાં આવે તો તેમાં આરોપી વિરુદ્ધ ક્યા પુરાવાથી ગુનો સાબિત કરવા માંગે છે તે જણાવી પબ્લિક પ્રોસિક્યૂટર કેસનો આરંભ કરશે, તેવી જોગવાઈ છે. આ જોતાં કાનૂની સ્થિતિ સ્પષ્ટ છે કે, ફરિયાદ પક્ષે આરોપી સામેનો ગુનો સાબિત કરવા ક્યો પુરાવો રજૂ કરવો તે સત્તા પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીને રહેલ છે. આ સંજોગોમાં ક્યા શાહેદને તપાસવા અને ક્યા શાહેદને પડતા મૂકવા, કેટલા શાહેદને તપાસવા અથવા ક્યા દસ્તાવેજી પુરાવા રજૂ કરવા, તે બાબતનો નિર્ણય, કાર્યવાહીનો હવાલો સંભાળતા પબ્લીક પ્રોસિક્યૂટરશ્રી કરે. અમુક શાહેદોને તપાસવા કે અમુક શાહેદોને ન તપાસવા, તે માટે અદાલત ફરિયાદ પક્ષને ફરજ પાડી શકે નહીં. સત્ય હકીકત બહાર આવે તેવી સંભાવના હોય તો ન્યાયાધીશ ક્રિ.પ્રો.કોડની

કલમ–૩૧૧ મુજબ કોઈ પણ શાહેદને તપાસી શકે છે. વધુમાં, તમામ શાહેદોને તપાસવા તેવો કોઈ નિયમ નથી, કેમ કે, પુરાવાનું મૂલ્યાંકન તેના જથ્થા પરથી નહીં, પરંતુ તેની ગુણવત્તા અને વિશ્વસનિયતા આધારે કરવામાં આવે છે. આમ છતાં ફરિયાદ પક્ષ પાસે એ અપેક્ષા રાખવામાં આવે છે કે, કેટલાક શાહેદોને ન તપાસવા માટે ફરિયાદ પક્ષે સંતોષકારક ખુલાસો થવો જોઈએ. આ કામે એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને નહીં તપાસવા માટે વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીએ, બંને ઈજા પામનારાઓ બચી ગયા હોઈ, તેને ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩૨ મુજબ પુરવાર કરી શકાય નહીં તેવું કારણ રજૂ કરેલ છે તથા આંક–૧૧૯ તથા આંક–૩૧૫ થી બે પુરસીસ આપી, ડ્રોપ કરાતા શાહેદોનું લીસ્ટ રજૂ કરી ખુલાસો કરેલ છે કે, ફરિયાદ પક્ષે તેમનો કેસ પુરવાર કરવા કુલ ૭૫ શાહેદોની મૌખિક જુબાની તથા દસ્તાવેજી પુરાવા રજૂ કરેલા હોઈ, ફરિયાદ પક્ષના પુરાવાનું પુનરાવર્તન ન થાય તે હેતુથી તે શાહેદોને ડ્રોપ કરે છે. આ ખુલાસો ગેરવાજબી કહી શકાય નહીં.

(૧૭૪) અન્ય દ્દષ્ટિકોણથી વિચારતા જો એકઝીક્યૂટીવ મેજિસ્ટેટશ્રીને તપાસવાથી ફરિયાદ પક્ષના સમગ્ર કેસનો ધ્વંશ થઈ જાય તેવી હકીકત ખૂલવા સંભવ હોત તો, બચાવ પક્ષ આ કોર્ટને ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૧ મુજબ આ શાહેદને તપાસવાની વિનંતી કરી શક્યા હોત અથવા ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ ના તેઓના વિશેષ નિવેદન બાદ એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને બચાવના શાહેદ તરીકે પણ તપાસી શક્યા હોત, પરંતુ તેમણે તેવું કરવું ઉચિત માનેલ નથી, જે સૂચવે છે કે, એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રીને તપાસવાથી પણ આરોપીની તરફેણમાં કોઈ મહત્વનો બચાવ ઉભો થતો નથી.

(૧૭૫) વિ.વકીલશ્રી શેખે તેમની દલીલમાં ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, જો આરોપીએ એક ચપ્પુથી શાહેદ ધ્રુવ તથા સુભાષભાઈને સોસાયટીના પ્રવેશ દ્વારે મારેલ હોય અને બીજા ચપ્પુથી ગ્રીષ્માબેનનું ગળું કાપેલ હોય તો પ્રથમ ચપ્પુ સોસાયટીના પ્રવેશ દ્વાર પાસેથી જ મળે, પરંતુ તે ગ્રીષ્માબેનની હત્યાના બનાવ પછી આરોપી જે જગ્યાએથી પકડાયેલ, તે જગ્યા એટલે કે ગ્રીષ્માબેનના ઘર પાસેથી મળેલ છે, જે શંકાસ્પદ છે. આ દલીલ આકર્ષક જરૂર જણાય છે, પરંતુ માનવાલાયક બનતી નથી. શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીએ તેમના મોબાઈલમાં જે બે વિડીયો કલીપ્સ રેકર્ડ કરેલ છે, તેમાં આરોપી મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપતો હોય છે ત્યારે, ઈજા પામનાર ધ્રુવ તથા સુભાષભાઈને ઈજા કરેલ તે પ્રથમ ચપ્પુ કવરમાં મૂકી તેના પેન્ટના કમરના આગળના ભાગે ખોસી રાખેલ છે તે, બંને વિડીયો કલીપ્સમાં તથા એફ.એસ.એલ. ના અધિકારીએ રજૂ કરેલ આંક–૨૯૫ ના અહેવાલમાં માર્ક 'Q1' થી રજૂ કરેલ આ વિડીયો કલીપ્સમાંથી લીધેલ સ્ટીલ ફોટોગ્રાફમાં પણ સ્પષ્ટ દેખાય છે. એ બંને વિડીયો કલીપ્સના પુરાવાના મૂલ્યાંકન સમયે આ હકીકતની આ અદાલતે સ્પષ્ટ નોંધ લીધેલ છે. આરોપીના કમરમાં ખોસેલ આ કવર સાથેનું ચપ્પુ સ્વાભાવિકપણે જ આરોપી સાથે જ ગ્રીષ્માબેનના ઘર પાસે પહોંચ્યું હોય, તે જોતાં બચાવ પક્ષની દલીલ કોઈ પણ સંજોગોમાં તાર્કીક જણાતી નથી. વળી આ ચપ્પુ પર ઈજા પામનાર સુભાષભાઈનું લોહી મળી આવેલ છે તેમજ આ ચપ્પુ ઈજા પામનાર સુભાષભાઈએ ઓળખી પણ બતાવેલ છે. આ ઉપરાંત આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરી ત્યારે કવરમાં આ ચપ્પુ તેના પેન્ટના કમરના

આગળના ભાગે ખોસેલ હતું, તેથી તે કવર પર મરનાર ગ્રીષ્માબેનનું પણ લોહી મળી આવેલ છે, જે પણ મહત્વનું બને છે. આ સંજોગોમાં બીજા ચપ્પુની સ્ટોરી ફરિયાદ પક્ષે ઉભી કરેલ છે, તેવી બચાવ પક્ષની રજૂઆત સત્યથી વેગળી જણાય છે.

(૧૭૬) આરોપી તરફે વિ.વકીલશ્રી શેખે તેમની લેખિત દલીલમાં મરનાર ગ્રીષ્માબેનની હત્યા અંગે એક નબળો ખુલાસો કરતા એવી પણ રજૂઆત કરેલ છે કે, આરોપી પાસે રહેલ ચાકુ વડે સુભાષભાઈ તેમજ ધ્રુવ વેકરીયાને ઈજા થતાં કેટલાક વ્યક્તિઓ ગભરાઈ ગયેલ અને આરોપીને પથ્થર મારતા આરોપીએ બાઈક છોડી ભાગવાનો પ્રયત્ન કરેલ, પરંતુ બહારની તરફ ભાગી શકેલ નહીં અને શેરી તરફ આવી ગયેલ, જે અરસામાં સોસાયટીના માણસોએ આરોપી પર પથ્થરમારો કરવાનું શરૂ કરેલ, જેથી આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને પાછળથી પકડી લઈ પથ્થરમારાથી બચવા માટે તેને ઢાલ તરીકે રાખી દીધેલ, જેની પાંચ સાત મિનિટના સમયગાળામાં ગ્રીષ્માબેનની હત્યા થઈ ગયેલ. સૌપ્રથમ તો હું એ નોંધું છું કે, બચાવ પક્ષની આ રજૂઆત કેવળ એક Afterthought સમાન જણાય છે, કેમ કે બચાવ પક્ષે બંને ઈજા પામનાર સહિત એક પણ નજરે જોનાર શાહેદને તેઓની આ થીયરી અંગે ઊલટતપાસ દરમ્યાન કોઈ પ્રશ્નો પૂછેલ નથી. આ સંબંધે નજરે જોનાર શાહેદ તથા આ સમગ્ર ઘટનાનું તેમના મોબાઈલમાં વિડીયો રેકોર્ડીંગ કરનાર શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીનો આંક–૧૪૧ નો પુરાવો જોવામાં આવે તો તેમાં આ શાહેદે બચાવ પક્ષની ઊલટતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આ ઘટના વખતે આરોપીને કોઈ પથરા મારતું હોય તેવું તેમણે જોયેલ નહીં.

આ ઉપરાંત નજરે જોનાર શાહેદ રેણુકાબેન હરેશભાઈ કિકાણીને બચાવ પક્ષે ઊલટતપાસમાં પૂછતા તેમણે સ્વીકારેલ છે કે, આંક–૧૫૧ થી રજૂ થયેલ કઠોર કોર્ટના મેજિસ્ટ્રેટશ્રી સમક્ષ તેમણે આપેલ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૬૪ મુજબના નિવેદનમાં તેમણે એવું લખાવેલ કે, આરોપી લોકોની પાછળ છરી લઈને મારવા દોડેલો, જેથી પબ્લીકે તેને પથરા મારેલા. આ સંબંધે તમામ નજરે જોનાર શાહેદોની જુબાની જોતાં એવું જણાય છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખ્યા બાદ, બધાને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોઈ, ચાકુ લઈને બધાની પાછળ દોડતો હતો, આથી બચવા માટે કોઈએ તેને પથ્થર મારેલ હોય તેવું શાહેદ રેણુકાબેનની જુબાનીમાં જણાય છે, પરંતુ તે પણ આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કર્યા બાદની સ્થિતિ દર્શાવે છે . વધુમાં આંક–૧૪૫ થી રજૂ થયેલ મોબાઈલ તથા તેમાં રહેલ વિડીયો ક્લીપ્સ કે જેને એફ.એસ.એલ. દ્વારા આંક–૩૦૭ તથા ૧૦૫ ની ડીવીડી માં કોપી કરી રજૂ કરવામાં આવેલ છે, તે સમગ્ર ઘટનાનો સૌથી અગત્યનો પુરાવો છે, જેમાં આરોપી મરનાર ગ્રીષ્માનું ગળું કાપતો હોય છે તે સમયે કોઈ પથ્થરમારો થતો હોવાનું જણાતું નથી, બલ્કે લોકો તેને આજીજી કરતા હોય છે. એ પણ નોંધપાત્ર છે કે, આંક–૧૦૮ નું સ્થાનિક જગ્યાનું પંચનામું જોતાં પણ આ હકીકત સત્ય જણાતી નથી. આમ, બચાવ પક્ષે સમગ્ર પુરાવો પૂરો થયા બાદ ઘડી કાઢેલી આ એક નવી જ સ્ટોરી હોય તેવું જણાય છે. આ સંજોગોમાં બચાવ પક્ષની આ રજૂઆત સત્યથી વેગળી હોઈ, ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૧૭૭) આમ, આરોપી સામે મરનાર ગ્રીષ્માબેનની હત્યા અંગે

ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ તથા ઈજા પામનાર શાહેદ સુભાષભાઈ વેકરીયાને મારી નાંખવાના ઈરાદે તેના શરીરના વાઈટલ પાર્ટ એવા કે પેટ પર ચપ્પુથી હુમલો કરી, તેના આંતરડા બહાર કાઢી નાંખી જીવલેણ હુમલો કરવા અંગે તથા તેવા જ ઈરાદાસહ ફરિયાદી ધ્રુવ વેકરીયાને તેના શરીરના વાઈટલ પાર્ટ એવા માથામાં ચપ્પુથી ઈજા કરી, વધુ હુમલો કરવા જતાં ફરિયાદી ધ્રુવે હાથ વડે ચપ્પુ પકડી લેતાં જમણા હાથ પર ઈજા કરી, જો તેઓ બંને કે તેઓ પૈકી કોઈનું પણ મૃત્યુ થયું હોત તો આરોપી ખૂનના ગુના માટે દોષિત ઠરત, તે અંગે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭ નો ગુનો પણ નિઃશંકપણે પુરવાર થતો હોઈ, **મુદ્દા નં.૨ અને ૩** નો નિર્ણય હું '**હકાર**' માં આપું છું.

**<u>મુદ્દા નં.૪</u>**

(૧૭૮) આ કામે આંક–૮ ના તહોમતનામામાં આરોપી સામે એવું તહોમત ફરમાવવામાં આવેલ છે કે, આરોપી, મરનાર ગ્રીષ્માબેન સાથે જબરજસ્તીથી પ્રેમસંબંધ રાખવાના ઈરાદે મરનાર ગ્રીષ્માબેનને જુદી જુદી રીતે હેરાન કરતા હોવાથી મરનાર ગ્રીષ્માબેનના સંબંધીઓ દ્વારા આરોપીને અવારનવાર સમજાવવા છતાં આરોપી અવારનવાર મરનાર ગ્રીષ્માબેનનો પીછો કરતા હતા, મરનાર ગ્રીષ્માબેનની અનિચ્છા હોવા છતાં ફોન તથા એસ.એમ.એસ. કરી છેડતી કરતા હતા અને તેમ કરી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(ડી)(૧)(i) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. આ તબક્કે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(ડી)(૧)(i) ની જોગવાઈ જોવામાં આવે તો તે નીચે મુજબ છેઃ–

**<u>કલમ–૩૫૪(ડી)</u>** **<u>પીછો કરવોઃ</u>**

(૧) કોઈ પુરુષ જે –

(i) સ્ત્રીની પાછળ જાય અને મળે અથવા તે સ્ત્રીને મળવાનો પ્રયત્ન તે સ્ત્રીની સ્પષ્ટ અનિચ્છા છતાં વારંવાર વ્યક્તિગત હિત સાધવાના હેતુથી પાછળ જવાનું કૃત્ય કરે...

ઉપરોક્ત જોગવાઈ જોતાં ફરિયાદ પક્ષે એ સાબિત કરવું જરૂરી બને છે કે, આરોપી ભોગ બનનારની અનિચ્છા છતાં તેને મળવા પાછળ જતા હતા, મળવા પ્રયત્ન કરતા હતા અને વારંવાર વ્યક્તિગત હિત સાધવાના હેતુથી તેનો પીછો કરતા હતા. આ સંદર્ભે ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવો જોવામાં આવે તો હું સૌપ્રથમ મરનાર ગ્રીષ્માબેનના મામા અશોકભાઈ બાવચંદભાઈ કાનાણીના પુરાવાનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. આ શાહેદે તેમની આંક–૧૬૪ ની જુબાનીમાં એવું જણાવેલ છે કે, મરનાર ગ્રીષ્માબેને તેમને જાન્યુઆરી–૨૦૨૧ માં જાણ કરેલ કે, ફેનિલ નામનો એક છોકરો તેને હેરાન કરે છે, ફોન કરે છે, મેસેજ કરે છે, તેનો રસ્તો રોકે છે, તેની બેગ તથા તેનો હાથ પકડી લે છે. તેથી આ શાહેદે તેમના મિત્ર હરેશભાઈ કિકાણીને આ અંગે વાત કરી, મરનાર ગ્રીષ્માબેનની કોલેજ પર જઈ તે છોકરાને મળવાનું નક્કી કરેલું. આ શાહેદનો વિશેષ પુરાવો એવો છે કે, તેઓ તથા શાહેદ હરેશભાઈ કિકાણી ગ્રીષ્માબેનની કોલેજ પર ગયેલા અને ગ્રીષ્માબેનના ફોન પર તે છોકરાનો મેસેજ આવેલ હોઈ, ગ્રીષ્માબેનના ફોનથી તે છોકરાને ફોન કરી બોલાવેલ અને તે આવતા તેને સમજાવેલ અને પૂછેલ કે, આવું શા માટે કરે છે. પરંતુ તે ઉભો જ રહ્યો અને કાંઈ બોલેલ નહીં. પછી તેના પપ્પાનો નંબર માંગતા તેણે આપેલ નહીં અને પછી તેણે હવે પછી આવું નહીં કરે તેમ જણાવતા શાહેદો પોતાના ઘરે આવતા રહેલ. આ શાહેદનો વિશેષમાં પુરાવો એવો છે

કે, ઉપરોક્ત બનાવના દોઢેક માસ બાદ ફરી ગ્રીષ્માબેને તેમને જાણ કરેલ કે, આરોપી ફેનિલ તેને હારન કરે છે, આથી આરોપીના સગાંવ્હાલાઓ મારફતે તપાસ કરાવેલી, બાદમાં આરોપી તેના પીતરાઈ ભાઈ તથા બીજી વ્યક્તિને લઈ હીરાબાગ સર્કલ પર આવેલ, ત્યાં પણ આરોપીને સમજાવેલ અને આરોપીના પીતરાઈ ભાઈએ આરોપીએ આવું નહીં કરે તેવી જવાબદારી લેતાં બધા છૂટા પડેલાં. આમ છતાં આરોપીએ છ–સાત માસ પછી ફરી ગ્રીષ્માબેનને મેસેજ કરતા તેણીએ આ શાહેદ કે જે તેના મામા થાય છે તેમને જાણ કરેલ, જેથી ગ્રીષ્માના કુવા રાકેશભાઈ ભાદાણીને આ અંગે જાણ કરવામાં આવેલ.

(૧૭૯) શાહેદ અશોકભાઈ કાનાણીના ઉપરોક્ત પુરાવા સંદર્ભે તેમની સાથે ગયેલ તેમના મિત્ર હરેશભાઈ કિકાણીના આંક–૧૬૦ ના પુરાવાને જોવામાં આવે તો તેમણે પણ આ તમામ હકીકતોને યથાવત રીતે જ જણાવી સમર્થન આપેલ છે. તેમની ઊલટતપાસમાં એવું પણ રેકર્ડ પર આવે છે કે, હીરાબાગ સર્કલ પર આરોપી ફેનિલને તેઓ તથા શાહેદ અશોકભાઈ કાનાણી મળેલા, ત્યારે તેમણે આરોપી ફેનિલના મોબાઈલમાંથી મરહૂમ ગ્રીષ્માબેનના ફોટોગ્રાફ્સ પણ ડીલીટ કરાવેલા. તેમણે બચાવ પક્ષના એ સૂચક પ્રશ્નનો ઈન્કાર કરેલ છે કે, તેમણે ડીલીટ કરાવેલ ફોટોગ્રાફ્સ આરોપી ફેનિલ અને મરનાર ગ્રીષ્માબેન વાંધાજનક સ્થિતિમાં હોય તેવા હતા. હું આ તબક્કે એ નોંધવું આવશ્યક માનું છું કે, આરોપી તરફે વિશેષ નિવેદનના તબક્કે એક પેન ડ્રાઈવ રજૂ કરી કેટલાક ફોટોગ્રાફ્સ રજૂ કરવામાં આવેલા છે, પરંતુ આરોપી અને મરનાર ગ્રીષ્માબેન વાંધાજનક સ્થિતિમાં હોય તેવો એક પણ ફોટોગ્રાફ તેમાં

જણાતો નથી. આ સંજોગોમાં બચાવ પક્ષના ઉપરોક્ત પ્રશ્નને સમર્થનરૂપ પુરાવો રેકર્ડ પર જણાતો નથી.

(૧૮૦) હવે આરોપી સામેના આ આક્ષેપ અંગે મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેન કિકાણીનો પુરાવો પણ મહત્વનો બને છે. મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન વેકરીયાને ફરિયાદ પક્ષે આંક-૨૨૨ થી તપાસેલ છે, જેમનો પુરાવો આ મુદ્દા સંદર્ભે જોવામાં આવે તો તેમણે જણાવેલ કે, તેમને દિવાળી પહેલાં ગ્રીષ્માબેને એવું કહેલું કે, ફેનિલ નામનો એક છોકરો તેને હેરાન કરે છે, તે ગ્રીષ્માને ફોન પર મેસેજ કરતો હતો, જેથી તેમણે તેમની દીકરી ગ્રીષ્માબેનને સલાહ આપેલ કે, 'તું તેને રીપ્લાઈ ન કરતી'. આ સમાન હકીકતો ફરિયાદ પક્ષે આંક-૧૫૦ થી તપાસેલ, હત્યાના બનાવના નજરે જોનાર શાહેદ રેણુકાબેન કિકાણીના પુરાવામાં પણ પુરવાર થાય છે. આ શાહેદ રેણુકાબેન પણ એવું જણાવે છે કે, ડિસેમ્બર મહિનામાં એટલે કે દિવાળી પછી ગ્રીષ્માબેને તેમને એવું જણાવેલ કે, 'આન્ટી, ફેનિલ નામનો એક છોકરો મને હેરાન કરે છે'. આથી તેમણે ગ્રીષ્માબેનને સલાહ આપેલ કે, તેની જોડે વાત ન કરવી અને જો તે કૉલ કે મેસેજ કરતો હોય તો તેને બ્લોક કરી દે.

(૧૮૧) આ સંદર્ભે જ ફરિયાદ પક્ષે આંક-૧૫૪ થી તપાસેલ મરનાર ગ્રીષ્માબેનની બહેનપણી ધૃતિબેન નિરંજનભાઈ લુખીનો પુરાવો પણ નોંધનીય છે. આ શાહેદની ઊલટતપાસમાં તેણીએ જણાવેલ છે કે, તે આરોપીને ડિસેમ્બર મહિનાના અંત ભાગથી ઓળખે છે અને

ગ્રીષ્માબેને તેમને જણાવેલ કે, આ છોકરો તેને હેરાન કરે છે.

(૧૮૨) ઉપરોક્ત તમામ પુરાવાને વિચારણામાં લેતાં, આરોપી મરનાર ગ્રીષ્માબેનને હેરાન કરતો હતો અને તેણીએ તેના મામાને બે થી ત્રણ વાર આ હકીકતની જાણ કરતા તેઓએ આરોપીને સમજાવવા છતાં આરોપીની આ હરકતો ચાલું રહેલ તેવું જણાય છે. વધુમાં આરોપી તરફથી તેને થઈ રહેલ હેરાનગતિની વાત, મરનાર ગ્રીષ્માબેને તેના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેન તેમજ તેની બહેનપણી ધૃતિબેનને કર્યાનું પણ જણાઈ આવે છે. હવે આરોપી સાથે સંબંધ ધરાવવામાં ગ્રીષ્માબેનની અનિચ્છા હોવા અંગે વિચારવામાં આવે તો, જો મરનાર ગ્રીષ્માબેનને આરોપી સાથે કોઈ પણ પ્રકારના સંબંધો રાખવા કે ચાલું રાખવા હોય તો તે તેના પરીવારના સભ્યોને આરોપીની આવી હેરાનગતિ અંગે વાત જ ન કરે, તે સ્વાભાવિક છે. પરંતુ અહીં રેકર્ડ પર સ્પષ્ટ પુરાવો છે કે, તેણીએ એકથી વધુ વાર તેના મામાને તથા સમાન પ્રકારે તેના માતા વિલાસબેન, શાહેદ રેણુકાબેન તથા બહેનપણી ધૃતિબેનને જાણ કરેલ કે, આરોપી તરફથી તેને હેરાનગતિ છે. શાહેદ ધૃતિબેનને બચાવ પક્ષે ઊલટતપાસમાં પૂછેલ પ્રશ્નના જવાબમાં તેણીએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, ગ્રીષ્માબેન અને ફેનિલ વચ્ચે પ્રેમ સંબંધ હતો તે વાત ખોટી છે. આરોપી સાથે કોઈ પણ સંબંધ રાખવાની ગ્રીષ્માબેનની અનિચ્છા અંગે રેકર્ડ પર સૌથી મહત્વનો પુરાવો, આરોપીની કહેવાતી માનેલી બહેન ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટ દ્વારા આપવામાં આવેલ છે. આ શાહેદે તેમની આંક–૨૪૪ ની જુબાનીના પૅરેગ્રાફ–૪ માં જણાવેલ છે કે, તારીખઃ ૩૧.૧૨.૨૦૨૧ ના જન્મ દિવસે ફેનિલે તેને સેવન સ્ટાર કાફે પર

સરપ્રાઈઝ પાર્ટી આપેલ, ત્યારે આરોપી ફેનિલે તેને જણાવેલ કે, તે કાંઈક કરવાનો છે; ફેનિલે કહેલ કે, તે ગ્રીષ્મા નામની એક છોકરીને પસંદ કરે છે, જેના મામા, ફુવા, કાકા તેના ઘરે આવેલા અને તેમને મારતા હતા, તેથી તે ગ્રીષ્માને મારવાનો છે. આથી શાહેદ ક્રિષ્નાબેને આરોપી ફેનિલને સમજાવેલ કે, 'તે છોકરી તને લાઈક કરતી નથી, ભાવ આપતી નથી, તો તેને મરાય થોડી? તેને છોડી દે'. આ શાહેદે વધુમાં જણાવેલ છે કે, બનાવના દિવસે પણ આરોપી ફેનિલે તેને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરી જાણ કરેલ કે, તે ગ્રીષ્માબેનની કોલેજે તેને મારવા જાય છે, જેથી પણ શાહેદે આરોપીને સમજાવેલ કે, 'તું એને છોડી દે, મરાય થોડી?'.

(૧૮૩) આ સમગ્ર પુરાવો પરસ્પર વંચાણે લેતાં એવું સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, આરોપી મરનાર ગ્રીષ્માબેન સાથે સંબંધ બનાવવા પ્રયત્ન કરતા હતો અને હેરાનગતિ કરતો હતો, જેથી મરનાર ગ્રીષ્માબેને તેના સગાંવ્હાલાઓને જાણ કરતા આરોપીને સમજાવવાનો એકથી વધુ વાર પ્રયત્ન કરવા છતાં આરોપી દ્વારા આ પ્રવૃત્તિ બંધ થયેલ નહીં.

(૧૮૪) બચાવ પક્ષે આ સંબંધે એવી રજૂઆત કરાયેલ છે કે, આ તમામ શાહેદો શીખડાવેલ હકીકતો જણાવે છે અને ખરી હકીકતે મરનાર ગ્રીષ્માબેન આરોપી સાથે પ્રેમ સંબંધ ધરાવતી હતી. બચાવ પક્ષની આ રજૂઆત સંદર્ભે વિચારવામાં આવે તો , મરનાર ગ્રીષ્માબેનના સગાંવ્હાલાઓએ જણાવેલ હકીકતો ધ્યાને ન લેવામાં આવે તો પણ આ મરનાર ગ્રીષ્માબેનની બહેનપણ ધૃતિબેન નિરંજનભાઈ લુખી તથા ખુદ આરોપીની જ માનેલી બહેન ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટનો પુરાવો ધ્યાને

લેવામાં આવે તો પણ એવું સાબિત થાય છે કે, મરનાર ગ્રીષ્માબેનની આરોપી સાથે સંબંધ રાખવા કે આગળ વધારવાની સ્પષ્ટ અનિચ્છા હતી અને મરનાર ગ્રીષ્માબેનના પરીવારના સભ્યોએ આરોપીને સમજાવવા પ્રયત્ન પણ કરેલા.

(૧૮૫) મરનાર ગ્રીષ્માબેન આરોપી સાથે સંબંધ રાખવા અનિચ્છા ધરાવતી હતી, છતાં આરોપી તેનો પીછો કરતો હતો, તેવું પુરવાર કરવા ઘણો પુરાવો રેકર્ડ પર આવેલ છે. હું સૌપ્રથમ આરોપીના જ મિત્ર અભિષેક ભરતભાઈ કુકડીયાની આંક-૧૭૯ ની જુબાનીનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. આ શાહેદે તેમની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, બનાવના દિવસે એટલે કે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ આરોપીએ તેને જણાવેલ કે, વરાછા બાજુ જતો હોય તો તેને લેતો જજે. આથી આ શાહેદે બપોરના આશરે ત્રણેક વાગ્યે સ્કાયલાર્ક શોપીંગ સેન્ટર પરના કાફે પરથી આરોપીને સાથે લીધેલ, ત્યાર બાદ બંને જણા 'રાધે ટાઈમ્સ' નામની ઘડીયાળની દુકાને ગયેલા અને ત્યાંથી આરોપીએ તેને થોડું કામ છે તેમ કહેતા, આ શાહેદે આરોપીને બાઈક ચલાવી લેવા કહેલ અને આરોપી ત્યાંથી જે.ઝેડ. કોલેજે લઈ ગયેલ અને ત્યાં તેણે એક છોકરી સાથે વાત કરેલ અને થોડા સમય બાદ ત્યાંથી નીકળી, ફરી પાછા વળી, તે છોકરીને કહેલ કે, 'તેને કહેજે કે, કૉલ કરે અથવા મેસેજ કરે'. આ સંબંધે ફરીથી મરનાર ગ્રીષ્માબેનની બહેનપણી ધૃતિબેન નિરંજનભાઈ લુખીના આંક-૧૫૪ નો પુરાવો જોવામાં આવે તો તેણે જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ અને ગ્રીષ્મા વેકરીયા કોલેજે ગયેલા, ગ્રીષ્મા લેક્ચરમાં હતી, પરંતુ આ શાહેદ ધૃતિબેનને બપોરે ૩:૦૦

વાગ્યે ઘરે જવું હોઈ, તે તેની બે બહેનપણીઓ જોડે ઉભી હતી, ત્યારે ફેનિલ ત્યાં આવેલ અને પૂછેલ કે, ગ્રીષ્મા ક્યાં છે? તે ગ્રીષ્માને મળવા માંગે છે, તો તેને મળાવ. આથી આ શાહેદે ગ્રીષ્મા ક્લાસમાં છે, તેમ જણાવતા આરોપીએ તેને કહેલ કે, 'હું ગ્રીષ્માના ઘરે જાઉં છું અને મોટો ઝઘડો કરીશ'. આ શાહેદનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૧૬૪ મુજબનું નિવેદન જોતાં તેમાં એવું જણાવવામાં આવેલ છે કે, આરોપીએ ગ્રીષ્મા ન આવે ત્યાં સુધી ન જવા આ શાહેદ ધૃતિબેનને દબાણ કરેલ, પરંતુ આ શાહેદ ધૃતિબેન જતા રહેલ. ત્યાર બાદ ચાર રસ્તા પર આરોપી ફરીથી આ શાહેદ ધૃતિબેનને મળીને જણાવે છે કે, તે ગ્રીષ્માની સાથે વાતચીત કરશે અને ઘરે નહીં જાય', ત્યાર બાદ તે જતો રહેલ. ઉપરોક્ત મુદ્દા નં.૨ અને ૩ ની ચર્ચાથી એ સ્પષ્ટ થયેલ છે કે, આરોપી અને અભિષેક કુકડીયા મરનાર ગ્રીષ્માબેનની કોલેજ બહાર તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ બપોરે ૩ઃ૫૨ વાગ્યા સુધી હતા. આ હકીકત કોલેજના સીસીટીવી ફુટેજ તથા કોલેજના પ્રિન્સીપાલ ડૉ.રાજેશ રાણા તથા ટેક્નીકલ આસિસ્ટંટ વત્સલભાઈ પરમારની જુબાનીથી પુરવાર થયેલ છે. આ હકીકત પણ સૂચવે છે કે, આરોપી મરનાર ગ્રીષ્માબેનનો પીછો કરતા બનાવના દિવસે તેની કોલેજ સુધી ગયેલ. જે.ઝેડ.કોલેજના પ્રિન્સીપાલ ડૉ.રાજેશ રાણા, ટેક્નીકલ આસિસ્ટંટ વત્સલભાઈ પરમાર તથા ખુદ આરોપીના જ મિત્ર અભિષેક કુકડીયાને કોઈ પણ સંજોગોમાં શીખડાવેલા કે રસ ધરાવતા શાહેદ હોવાનું કહી શકાય તેમ નથી, ત્યારે આ હકીકતો પણ ભરોસાપાત્ર રીતે પુરવાર થયા અંગે કોઈ તર્ક કરી શકાય તેમ નથી.

(૧૮૬) મરનાર ગ્રીષ્માબેન આરોપી સાથે સંબંધ રાખવા માંગતી ન હતી, તેવું દર્શાવતો અન્ય પુરાવો જોઈએ તો ફરીથી આંક-૧૫૦ થી તપાસેલ શાહેદ રેણુકાબેનનો બનાવના દિવસની ઘટના અંગેનો પુરાવો ધ્યાને લેવો જરૂરી બને છે. આ શાહેદે જણાવેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ તેઓ તેમના ઘરે હતા ત્યારે બપોર પછી આશરે સવા ચાર વાગ્યા આસપાસ મરનાર ગ્રીષ્માબેનનો તેમની પર ફોન આવેલો અને તેણે જણાવેલ કે, આન્ટી, પેલો છોકરો જે મને હેરાન કરે છે, તે ફેનિલ કોલેજના ગેટ બહાર ઉભો છે, તેથી તમે મને લઈ જાઓ'. મેં અગાઉ નોંધેલ છે તે મુજબ, આરોપી ફેનિલે શાહેદ ધૃતિબેનને ગ્રીષ્મા વિશે પૂછપરછ કરતાં આ શાહેદ ધૃતિબેને જ મરનાર ગ્રીષ્માબેનને ફેનિલ કોલેજ બહાર ગેઈટ પર ઉભો છે તેવી જાણ કરી હશે, તેથી જ ગ્રીષ્માબેને તેના આન્ટી રેણુકાબેનને ફોન કરી કોલેજ પર બોલાવી તેને લઈ જવા જણાવેલ. રેકર્ડ પર આવેલ આ પુરાવાથી એ સ્પષ્ટ થાય છે કે , જો મરનાર ગ્રીષ્માબેન આરોપી સાથે સંબંધ ધરાવતી હોત અથવા આગળ વધારવા માંગતી હોત તો તેના આન્ટી રેણુકાબેનને જાણ કર્યા વિના આરોપીને મળવા જતી રહી હોત. આ હકીકત એ પુરવાર કરે છે કે, મરનાર ગ્રીષ્માબેન આરોપીની સાથે સંબંધ રાખવા અનિચ્છા ધરાવતી હતી, છતાં આરોપી તેનો પીછો કરી બનાવના દિવસે પણ કોલેજ સુધી ગયેલ. આ કામે ફરિયાદ પક્ષે શાહેદ નં.૪૮ ડૉ.મુકેશ રામજીભાઈ ગોયાણીને આંક-૧૮૩ થી તપાસેલ છે, તેઓ આરોપીની કોલેજ આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ છે, તેમની સોગંદ પરની જુબાની તથા આંક-૧૮૪ થી રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા એવું પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ સને

૨૦૧૯–૨૦ ના વર્ષમાં આ કોલેજના પ્રથમ વર્ષમાં એડમીશન લીધેલ, જેમાં પ્રથમ સેમેસ્ટરમાં તે તમામ વિષયમાં નાપાસ થયેલ અને બીજા સેમેસ્ટરમાં તેઓએ ઈન્ટરનલ પરીક્ષા પાસ કરેલ ન હોવાથી તેમને ડીટેઈન કરવામાં આવેલ, આથી તેમને દરેક પેપરમાં ગેરહાજર દર્શાવેલ છે. આ રેકર્ડ પર એવું દર્શાવે છે કે, બીજા સેમેસ્ટરમાં આરોપીની હાજરી માત્ર ૧૦.૫૯ ટકા હતી, તેથી તેમણે ઈન્ટરનલ એક્ઝામ આપેલ નહીં અને ઈન્ટરનલ એકઝામ પહેલાં જ તેમણે કોલેજ છોડી દીધેલ. આ પુરાવો જોતાં એ સ્પષ્ટ પુરવાર થાય છે કે, સને ૨૦૧૯–૨૦ પછી આરોપીએ કોલેજ છોડી દીધેલ. આમ, ત્યાર પછી આરોપી કોલેજમાં અભ્યાસ કરતા ન હોવા છતાં મરનાર ગ્રીષ્માબેનની કોલેજ પર તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ પણ પીછો કરીને ગયેલા, તે હકીકત ભરોસાપાત્ર રીતે પુરવાર થાય છે.

(૧૮૭) શાહેદ રેણુકાબેન, મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન તથા ફરિયાદી ધ્રુવ વેકરીયાના પુરાવા સાથે શાહેદ સુભાષભાઈનો પુરાવો પણ કાંઈક અંશે સાથે રાખી વાંચતા એ હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ એટલે કે, બનાવના દિવસે આરોપી મરનાર ગ્રીષ્માબેનની કોલેજ પર પીછો કરી ગયા બાદ મરનાર ગ્રીષ્માબેનને મેળવી આપવા શાહેદ ધૃતિબેન પર દબાણ કર્યા બાદ જતો રહેલ અને તેની જાણ મરનાર ગ્રીષ્માબેનને થતાં, તેણે શાહેદ રેણુકાબેનને ફોન કરી કોલેજ પરથી તેને લઈ જવા જણાવતા, શાહેદ રેણુકાબેન તેની કોલેજ પર ગયેલા અને મોબાઈલ ફોનથી પોતે આવી ગયાની જાણ મરનાર ગ્રીષ્માબેનને કરતા, તે દરવાજા પાસે આવેલ અને

તેણે શાહેદ રેણુકાબેનને ખાતરી કરવા કહેલ કે, આરોપી ત્યાં બહાર ઉભો નથી ને? આ હકીકત મરનાર ગ્રીષ્માબેન આરોપીથી કેટલો ભય પામતી હતી તે દર્શાવે છે. એ નોંધપાત્ર છે કે, શાહેદ રેણુકાબેન તથા મરનાર ગ્રીષ્માબેન વચ્ચે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ બપોરના ૪:૧૫ વાગ્યા પછી થયેલ વાતચીત ફરિયાદ પક્ષે આંક–૨૪૩ થી રજૂ કરેલ સી.ડી.આર. થી પુરવાર થાય છે. વધુમાં ઉપરોક્ત શાહેદોનો પુરાવો તથા આંક–૩૧૪ ની આરોપી તથા શાહેદ ક્રિષ્નાબેન ભરતભાઈ ખૂંટની ઈન્સ્ટાગ્રામ પરની ચેટ સમગ્રપણે વંચાણે લેતાં, એ હકીકત પણ નિઃશંકપણે પુરવાર થાય છે કે, આરોપી તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના ૫ઃ૩૧ વાગ્યે તેના માનેલી બહેન ક્રિષ્નાબેન સાથે ગ્રીષ્માબેનને મળવા કોલેજ પર ગયેલ, પણ ધૃતિએ તેને નહીં મળાવ્યો વગેરે મતલબની ઈન્સ્ટાગ્રામ પર ચેટ કરે છે અને ત્યાર બાદ આરોપી આ ગ્રીષ્માબેનનો પીછો કરતા તેની સોસાયટીની અંદર સુધી આવી જાય છે, જેની જાણ આ ગ્રીષ્માબેને તેની માતા વિલાસબેન તથા ભાઈ ધ્રુવની હાજરીમાં તેના આન્ટી રેણુકાબેનને કરેલ છે.

(૧૮૮) ઉપરોક્ત તમામ પુરાવો જોતાં એ હકીકત નિઃશંકપણે પુરવાર થાય છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેન સાથે સંબંધો બાંધવા તેને હેરાનગતિ કરેલ, જેની જાણ ગ્રીષ્માબેને તેના પરીવારને કરતા આરોપીને સમજાવવા તથા ઠપકો આપવા એકથી વધારે વાર પ્રયત્ન કરવા છતાં આરોપીએ આ હેરાનગતિ ચાલું રાખેલ. બચાવ પક્ષે આરોપી તથા મરનાર ગ્રીષ્માબેનના કેટલાક ફોટોગ્રાફ્સ આધારે મરનાર ગ્રીષ્માબેન આરોપી સાથે સંબંધ ધરાવતી હતી, તેવી કરેલ રજૂઆત

ઉપરોક્ત સમગ્ર પુરાવો જોતાં માની શકાતી નથી. કદાચ મિત્રતાના દાવે આરોપી સાથે કોઈ ફોટો પડાવ્યો હોવાનું માનવામાં આવે તો પણ, રજૂ થયેલા પુરાવાનું સમગ્રપણે મૂલ્યાંકન કરતાં એવું પુરવાર થાય છે કે, મરનાર ગ્રીષ્માબેન આરોપી સાથે કોઈ પ્રેમ કે મિત્રતાના સંબંધો રાખવા માંગતી ન હતી, છતાં આરોપી તરફથી તેને સંબંધો રાખવા હેરાનગતિ થતી હતી. તેણે આથી જ તેના કુટુંબને, બહેનપણીને તથા તેના આન્ટી રેણુકાબેનને આ અંગે જાણ કરેલ તથા બનાવના દિવસે પણ આરોપીથી ભય પામી, કોલેજ પરથી લઈ જવા તેના આન્ટી રેણુકાબેનને જણાવેલ. આ સંબંધે આરોપીની માનેલી બહેન ક્રિષ્નાબેનનો પુરાવો જોવામાં આવે તો તેના પરથી પણ પુરવાર થાય છે કે, આરોપી ગ્રીષ્માને પસંદ કરતો હતો, પરંતુ ગ્રીષ્મા તેને પસંદ કરતી ન હતી કે ભાવ આપતી ન હતી. આમ, ફરિયાદ પક્ષે રજૂ કરેલા સમગ્ર પુરાવા પરથી આરોપી મરનાર ગ્રીષ્માબેનની અનિચ્છા છતાં તેની પાછળ જતો, તેનો હાથ તથા બેગ પકડી, મેસેજ કરી વારંવાર તેને મળવા પ્રયત્ન કરતો અને કોલેજ સુધી તથા તેના ઘર સુધી પીછો કરતો હોવાનું નિઃશંકપણે પુરવાર થતું હોઈ, આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૫૪(ડી)(૧)(i) નો ગુનો સાબિત થતો હોવાનું આ અદાલત માને છે, જેથી **મુદ્દા નં.૪** નો નિર્ણય '**હકાર**' માં આપવામાં આવે છે.

## મુદ્દા નં.૫

(૧૮૯) આંક-૮ ના તહોમતનામાથી આરોપી સામે એવું તહોમત મૂકવામાં આવેલ છે કે, બનાવના દિવસે એટલે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સાંજના ૬.૦૦ વાગ્યે આરોપીએ લક્ષ્મીધામ

સોસાયટી ખાતે મરનાર ગ્રીષ્માબેનને મારી નાંખવાના ઈરાદે તેને ગળામાંથી કપડી, ગળા પર ચપ્પુ રાખી, તે ક્યાંય જઈ શકે નહીં તે રીતે તેની ગેરકાયદેસર અટકાયત કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪૨ તે 'સદોષ અટકાયત' અંગે સજાની જોગવાઈ કરે છે. આથી 'સદોષ અટકાયત' એટલે શું, તે ધ્યાન લેવું જરૂરી બને. આ સંદર્ભે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૩૯ તથી ૩૪૦ વંચાણે લેવી મહત્વની બને છે. ભારતીય દંડ સહિતાની કલમ–૩૩૯, 'સદોષ અવરોધ' ની વ્યાખ્યા કરતા જણાવે છે કે, કોઈ પણ વ્યક્તિ, અન્ય કોઈ વ્યક્તિને જે દિશામાં જવાનો અધિકાર હોય તે દિશામાં તે જતી અટકે, તે રીતે તેને સ્વેચ્છાપૂર્વક અંતરાય કરે તેણે તે વ્યક્તિનો 'સદોષ અવરોધ' કર્યો કહેવાય. આ જ રીતે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪૦ 'સદોષ અટકાયત' ની વ્યાખ્યા કરતા જણાવે છે કે, કોઈ પણ વ્યક્તિ, અન્ય કોઈ વ્યક્તિ નિશ્ચિત કરેલ અમુક હદની બહાર જઈ શકે નહીં તે રીતે તેનો સદોષ અવરોધ કરે તેણે તે વ્યક્તિની 'સદોષ અટકાયત' કરી કહેવા. આ હકીકત જોતાં ફરિયાદ પક્ષે એ સાબિત કરવું મહત્વનું બને કે,

૧. આરોપીએ કોઈ વ્યક્તિની અટકાયત કરી,
૨. આ સદોષ અટકાયત સ્વેચ્છાપૂર્વક કરવામાં આવી હતી,
૩. આવી સદોષ અટકાયતના કારણે ભોગ બનનાર વ્યક્તિ એક ચોક્કસ જગ્યાની બહાર નીકળી શકે તેમ ન હતી, એટલે કે, તેને ગોંધી રાખવામાં આવી હતી.

(૧૯૦) આ અંગે ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલા પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો હું સૌપ્રથમ ઈજા પામનાર ફરિયાદી ધ્રુવ વેકરીયા

તથા ઈજા પામનાર સુભાષભાઈ વેકરીયાના પુરાવા તથા આંક-૧૩૮ થી રજૂ થયેલ ફરિયાદીનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. આ બંને શાહેદોએ સમાનપણે પુરાવો આપેલ છે કે, સોસાયટીના નાકે આવી બાઈક પર બેસેલ આરોપી પાસે જઈ, શાહેદ સુભાષભાઈએ 'ગ્રીષ્માબેનને હેરાન કરે છે, તે તું જ છો?' તેમ પૂછતાં આરોપીએ તેમના પેટમાં ચપ્પુ મારી દીધેલ અને શાહેદ ધ્રુવને પણ માથામાં તથા હાથની હથેળીમાં ચપ્પુ વડે ઈજા કરેલ. આથી તેઓ લોહીલુહાણ હાલતમાં ગ્રીષ્માબેનના ઘર તરફ દોડવા લાગતા આરોપી પણ તેમની પાછળ દોડેલ, દરમ્યાન મોટા પપ્પા સુભાષભાઈને લોહીલુહાણ હાલતમાં ઘર તરફ આવતા જોઈ મરનાર ગ્રીષ્માબેન, તેના માતા વિલાસબેન તથા આન્ટી શાહેદ રેણુકાબેન સાથે સામે દોડીને આવેલ, આથી આરોપીએ ધ્રુવને પડતો મૂકી ગ્રીષ્માબેનને ગળેથી પકડી, ગળા નીચે ચપ્પુ મૂકીને ખુલ્લા પ્લોટ તરફ લઈ ગયેલ. આ જ હકીકતો ઘટના વખતે જ ત્યાં હાજર ગ્રીષ્માબેનના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેનની જુબાનીમાં સ્પષ્ટપણે પુરવાર થયેલ છે. આરોપી ગ્રીષ્માબેનને ગળા પર ચપ્પુ મૂકી ખુલ્લા પ્લોટ તરફ લઈ ગયા બાદ, ગ્રીષ્માબેનના માતા વિલાસબેન, શાહેદ રેણુકાબેન તથા ફરિયાદી ધ્રુવ વેકરીયાએ બૂમાબૂમ કરતા સોસાયટીમાંથી અન્ય રહીશો પણ ત્યાં આવી ગયાનું પુરવાર થયેલ છે, જેમાં શાહેદ તુષારભાઈ બોરડ, સોનલબેન રાણપરીયા, શર્મીલાબેન રૈયાણીનો સમાવેશ થાય છે. શાહેદ ધ્રુવ વેકરીયા, શાહેદ વિલાસબેન વેકરીયા, શાહેદ સુભાષભાઈ વેકરીયા, શાહેદ રેણુકાબેન કિકાણી, શાહેદ તુષારભાઈ બોરડ, શાહેદ સોનલબેન રાણપરીયા તથા શાહેદ શર્મીલાબેન રૈયાણી કે જે તમામ આ ઘટનાના નજરે જોનાર શાહેદો છે, તેઓએ સમાનપણે પુરાવો આપેલ છે કે,

આરોપીએ મરનાર ગ્રીષ્માબેનના ગળે ચપ્પુ મૂકી દીધેલું અને તમામ શાહેદોએ આરોપીને આજીજી તથા વિનંતી કરી ગ્રીષ્માબેનને છોડી દેવા કહેવા છતાં, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને છોડેલ નહીં. આંક–૧૪૭ ના શાહેદ શર્મીલાબેને સ્પષ્ટ જણાવેલ છે કે, તેઓએ આરોપીને આજીજી કરી આગળ જવા પ્રયત્ન કરેલ, ત્યારે તે ગ્રીષ્માબેનના ગળા પર ચપ્પુ દબાવતો હતો, આ જ હકીકત જણાવતા આંક–૧૫૦ થી તપાસેલ શાહેદ રેણુકાબેને પણ સ્પષ્ટ પુરાવો આપેલ છે કે, તેઓ નજીક જવા પ્રયત્ન કરતા હતા, પણ આરોપી ગ્રીષ્માબેનના ગળા પર છરી દબાવતો હતો, તે કારણે ગ્રીષ્માબેનના ગળા પરથી લોહી નીકળેલું. મરનાર ગ્રીષ્માબેનના માતા વિલાસબેનનો પુરાવો પણ આ બાબતે સમર્થનકારક બને છે. આ તમામ પુરાવો વંચાણે લેતાં એ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ બનાવ વખતે મરનાર ગ્રીષ્માબેનને ગળેથી પકડી, ગળા પર ચપ્પુ મૂકી દઈ, તે ક્યાંય ભાગી શકે નહીં કે કોઈ તેને બચાવવા પણ પ્રયત્ન કરી શકે નહીં, તેવી સ્થિતિ ઉભી કરેલ. આ સ્પષ્ટપણે 'સદોષ અટકાયત' નો પુરાવો છે.

(૧૯૧) આ સંદર્ભે સૌથી મહત્વનો પુરાવો ઘટના સ્થળે આવી પહોંચેલ અને આ સમગ્ર ઘટનાને પોતાના મોબાઈલ ફોનમાં રેકર્ડ કરી લેનાર શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીનો છે. આ શાહેદે પણ તેના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તેમના કામ પરથી સાંજના છ થી સાડા છ વાગ્યા આસપાસ તેમના ઘરે આવ્યા ત્યારે સોસાયટી પાસે લોકોના ટોળા જોતાં, ત્યાં જઈને જોતાં, એક છોકરો, એક છોકરીના ગળે ચપ્પુ મૂકીને ઉભો હતો, તે વખતે ત્યાં હાજર લોકો આ છોકરીને છોડાવવા બૂમો પાડતા હતા, પરંતુ આ છોકરો તે છોકરીને બચાવવા માટે

કોઈને નજીક જવા દેતો ન હતો. આથી આ શાહેદે તેની પાસેના Red Mi Note 9 Pro મોબાઈલ ફોનમાં આ ઘટનાનું વીડીયો રેકોર્ડીંગ કરવાનું ચાલુ કરેલ અને બે રેકોર્ડીંગ કરેલ, જેમાં પ્રથમ રેકોર્ડીંગમાં તે છોકરો એક છોકરીના ગળે ચાકુ મૂકીને ઊભો હતો અને કોઈને નજીક જવા દેતો ન હતો, તેવું રેકોર્ડીંગ થયેલ અને છોકરીનો ભાઈ નજીક જવા ગયો ત્યારે તે છોકરાએ તે છોકરીના ગળા પર ચપ્પુ ઘસી નાખેલ, બાદમાં લોહી નીકળતી હાલતમાં તે છોકરી નીચે પડી ગયેલી, ત્યારે પણ તે છોકરો તે છોકરી પાસે ઉભો રહી કોઈને નજીક આવવા દેતો ન હતો અને પછી તેણે ખિસ્સામાંથી કાંઈક કાઢીને ખાધેલ, તે ઘટનાની બીજી વીડીયો કલીપમાં રેકોર્ડીંગ થયેલું. આ શાહેદના ઉપરોકત પુરાવા સાથે ફરિયાદ પક્ષે તેનો અસલ મોબાઈલ તથા તેમાની ઉપરોકત બંને વીડીયો કલીપ્સ મૂળ સ્વરૂપે આ કોર્ટ સમક્ષ આંક -૧૪૫ થી રજૂ કરેલ છે તથા એફ.એસ.એલ. દ્વારા આ બંને વીડીયો કલીપ્સ સાતત્યતા ધરાવે છે તેઓ અભિપ્રાય આપી, આંક-૧૦૫ તથા આંક-૩૦૭ થી રજૂ થયેલ ડીવીડી માં તેને અધિકૃત ફોરેન્સીક સોફ્ટવેર તથા હાર્ડવેરની મદદથી કોપી કરી રજૂ કરેલ છે. આંક-૧૪૫ તથા આંક-૧૦૫ અને ૩૦૭ ના ઉપરોકત યોગ્ય રીતે પુરવાર થયેલ ઈલેકટ્રોનીક ડોક્યુમેન્ટસ આ બનાવનો સ્વયં બોલતો, દશ્યશ્રાવ્ય પુરાવો છે. આ વીડીયો કલીપ્સ જોતા સ્પષ્ટ થાય છે કે, આરોપીએ એક હાથેથી ગ્રીષ્માબેનનું ગળું દબાવી રાખેલ છે અને બીજા હાથમાં પકડેલ આશરે એક ફૂટનું ચપ્પુ ગ્રીષ્માબેનના ગળે મુકી તે ક્યાંય જઈ ના શકે તેવી સ્થિતીમાં મૂકેલ છે, આ દરમિયાન ગ્રીષ્માબેન રડતી જણાય છે તથા તે અને આસપાસ ઉભેલ તમામ લોકો આરોપીને વિનંતી કરે છે કે, તેને છોડી દે, પરંતુ આરોપી

ગ્રીષ્માબેનને છોડતો નથી. આ પુરાવો અસત્ય હોવાનું બચાવપક્ષ કોઈ પણ રીતે દર્શાવી શકેલ નથી. આ હકીકત જોતાં, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનને ગળેથી પકડી, ગળા પર ચપ્પુ મૂકી દઈ તે ક્યાંય જઈ શકે નહીં તેવી પરિસ્થિતીનું નિર્માણ કરેલ હોવાનું નિઃશકપણે પુરવાર થતું હોઈ, આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ–૩૪૨ મુજબનો ગુનો આ અદાલત સાબિત માને છે. આથી આ અદાલત **મુદ્દા નં.૫** નો નિર્ણય પણ '**હકાર**' માં આપે છે.

**<u>મુદ્દા નં.૬ અને ૭</u>**

(૧૯૨) આંક–૮ નું તહોમતનામું જોતાં આરોપી સામે એવું તહોમત પણ મૂકવામાં આવેલ છે કે, બનાવના દિવસે અને સમયે તેઓએ લક્ષ્મીધામ સોસાયટી ખાતે જઈ, પોતાના કૃત્યથી કોઈ વ્યક્તિ ઉશ્કેરાઈ જઈને સુલેહભંગ અથવા કોઈ ગુનો કરી બેસે તેવા ઈરાદાથી અથવા તેવો સંભવ હોવાનું જાણવા છતાં આરોપીએ ઈરાદાપૂર્વક મરણ જનારનું જાહેરમાં ગળું કાપી તથા ફરિયાદી ધ્રુવ અને શાહેદ સુભાષભાઈને ચપ્પુના ઘા મારી, જીવલેણ હુમલો કરી, ભયની લાગણી ફેલાવવાના તથા લોકોને ડરાવવાના હેતુથી પોતે જ પોતાના ચપ્પુ વડે પોતાના હાથે ઈજા કરી, અરેરાટી ફેલાવી, લોકોને ઉશ્કેરાટનું કારણ આપી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબનો ગુનો કરેલ છે.

(૧૯૩) આ ઉપરાંત આરોપી સામે એવું પણ તહોમત છે કે, તેમણે મરનાર ગ્રીષ્માબેનનું જાહેરમાં ગળું કાપી મોત નીપજાવતી વખતે મારક હથિયાર ધારણ કરી, મરનારના પરીવારના સભ્યોને મારી નાંખવાની

ધમકી આપી ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનો ગુનો કરેલ છે.

(૧૯૪) ઉપરોક્ત બંને તહોમત અંગે બનાવના તમામ નજરે જોનાર શાહેદોનો પુરાવો એકસરખો હોઈ, બિનજરૂરી પુનરાવર્તન તથા લંબાણ ટાળવાના હેતુથી આ બંને તહોમત અંગે પુરાવાનું મૂલ્યાંકન અને તેની ચર્ચા એક સાથે જ હાથ ધરાય તે ઉચિત છે.

(૧૯૫) આ કામે મુદ્દા નં.૨ અને ૩ ની કરેલ વિગતવાર ચર્ચા પરથી એ હકીકત નિઃશંકપણે પુરવાર થયેલ છે કે, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ નારોજ સાંજના છ થી સાડા છ વાગ્યા વચ્ચે આ કામન આરોપી મરનાર તથા તેના પરીવારના સભ્યોની હત્યા કરવા અંગે લીધેલ પૂર્વનિર્ણય મુજબ અને પૂર્વતૈયારી બાદ બે ચપ્પુ સાથે બાઈક પર મરનાર ગ્રીષ્માબેન રહેતા હતા તે લક્ષ્મીધામ સોસાયટી પહોંચેલ. એવું પણ નિઃશંકપણે પુરવાર થયેલ છે કે, આરોપીને સમજાવવા ગયેલ ફરિયાદી ધ્રુવ તથા તેના મોટા પપ્પા સુભાષભાઈ ઉપર કોઈ પણ જાતની ઉશ્કેરણી વિના આરોપીએ ચપ્પુ વડે સીધો જ હુમલો કરતા શાહેદ સુભાષભાઈના પેટના આંતરીક અવયવો બહાર આવી ગયેલા અને ધ્રુવને પણ તેઓએ માથામાં ચપ્પુ મારેલ અને વધુ મારવા જતાં ફરિયાદી ધ્રુવે તે પકડી લેતાં તેના જમણા હાથની હથેળી કપાઈ ગયેલ. આથી ધ્રુવ તથા સુભાષભાઈ ગ્રીષ્માબેનના ઘર તરફ લોહીલુહાણ હાલતમાં ભાગવા લાગેલ, ત્યારે સુભાષભાઈને લોહીલુહાણ હાલતમાં જોઈ, મોટા પપ્પાને શું થયું, તેમ કહી મરનાર ગ્રીષ્માબેન, તેના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેન

સામે દોડેલા, ત્યારે આરોપીએ ધ્રુવને પડતો મૂકી, મરનાર ગ્રીષ્માબેનને ગળેથી પકડી, તેના ગળા પર ચપ્પુ મૂકી દઈ ખુલ્લા પ્લોટ તરફ ખેંચી ગયેલ. આથી બૂમાબૂમ થતાં સોસાયટીના રહીશો તેમના ઘરમાંથી બહાર આવી ગયેલા. રેકર્ડ પર એવું પણ નિઃશંકપણે પુરવાર થયેલ છે કે, આરોપીને હાજર તમામ લોકો મરનાર ગ્રીષ્માબેનને છોડી દેવા વિનંતી તથા આજીજી કરતા હતા, તે અવગણીને આરોપીએ જાહેરમાં મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી બેરહેમીપૂર્વક હત્યા કરેલ. રજૂ થયેલા પુરાવાથી એવું પણ સ્પષ્ટપણે જણાઈ આવે છે કે, આરોપીએ મરનારનું ગળું કાપ્યું ત્યારે અને ત્યાર બાદ પણ ગ્રીષ્માબેનનું તરફડતું શરીર શાંત ન થઈ જાય એટલે કે તેણી મૃત્યુ ન પામે ત્યાં સુધી ચપ્પુની અણીએ કોઈને નજીક આવવા દીધેલ નહીં અને મસાલાના કાગળ જેવા કાગળમાંથી કાંઈક ખાધેલ અને ત્યાર બાદ ચપ્પુ લઈને બધાની પાછળ દોડેલ. આ સ્પષ્ટપણે એવી સ્થિતિ છે કે, આ સમયે હાજર કોઈ પણ વ્યક્તિ ઉશ્કેરાઈને આરોપી પર હુમલો કરી શકે કે ગુનો પણ કરી શકે. એ નોંધપાત્ર છે કે, આરોપીએ બધાની વિનંતી/આજીજીઓને તદ્દન અવગણીને, સ્વસ્થતાપૂર્વક મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખેલ, તે કૃત્ય પણ લોકોમાં સ્પષ્ટપણે ઉશ્કેરાટ ફેલાવે તેવું હતું, એટલું જ નહીં, મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપ્યા પછી પણ તેનો તરફડાટ શાંત ન થાય ત્યાં સુધી કોઈને પણ નજીક આવવા ન દઈ, તેણી મૃત્યુ પામે તેની પૂરી ખાતરી કર્યા પછી આરોપી લોકોને ચપ્પુ બતાવી પોતાના શરીર પર ચપ્પુથી ઈજા કરી, મરનારના ઘર તરફ ભાગે છે, તે પણ લોકોમાં ગંભીર ઉશ્કેરાટ ફેલાવવા પૂરતુ હતું. આ સમયે બંને ઈજા પામનારાઓ પણ લોહીલુહાણ હાલતમાં સ્થળ પર જ હતા, પણ આરોપી સામે કોઈ પણ

વ્યક્તિને ઉશ્કેરાટ થાય તે માટે પૂરતું હતું. હું એ નોંધું છું કે, ઘટના સમયે બંને ઈજા પામનારાઓ, તથા બનાવના સ્થળે હાજર તમામ વ્યક્તિઓ કે જે આ બનાવના નજરે જોનાર શાહેદો છે, તેઓની સોગંદ પરની જુબાની તથા શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીની જુબાની સાથે તેમણે બનાવ બનતો હતો ત્યારે જ તેમના મોબાઈલમાં જે બે વિડીયો ક્લીપ્સ રેકર્ડ કરી લીધેલ, તે આંક-૧૪૫ ની વિડીયો ક્લીપ્સ કે જે એફ.એસ.એલ. દ્વારા આંક-૩૦૭ તથા આંક-૧૦૫ ની ડીવીડી માં રીટ્રાઈવ કરેલ છે,તે આરોપી સામેનું આ તહોમત અંગે મુખ્ય પુરાવાઓ છે, જે આરોપી સામેનું આ તહોમત સ્પષ્ટપણે પુરવાર કરે છે. આથી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ મુજબનો ગુનો કરેલ હોવાનું નિઃશંકપણે પુરવાર થાય છે.

(૧૯૬) ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૬(૨) અંગેના તહોમત અંગે હું બનાવ સમયે હાજર તમામ વ્યક્તિઓના પુરાવાનો આંશિક ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. આ કામે ફરિયાદ પક્ષે તપાસેલ ફરિયાદી ધ્રુવ વેકરીયાએ તેમના પુરાવામાં સ્પષ્ટપણે જણાવેલ છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરી ત્યારે આરોપીએ ખિસ્સામાંથી કાઢીને કાંઈક ખાધેલું અને પછી બોલતો હતો કે, 'આજે ગ્રીષ્માના આખા પરીવારને મારી નાંખીશ'. વધુમાં જણાવેલ છે કે, ગ્રીષ્માનું તરફડવાનું બંધ થયા પછી તે ત્યાં હાજર બધાની પાછળ દોડેલ. આ સંબંધે નજરે જોનાર શાહેદ તુષારભાઈ બોરડ કે જેઓ બૂમાબૂમનો અવાજ સાંભળી તેમના ઘર બહાર આવેલ, તેમનો પુરાવો જોવામાં આવે તો તેમણે પણ જણાવેલ છે કે, આરોપી જ્યાં સુધી ગ્રીષ્મા હલતી બંધ ન થઈ અને મૃત્યુ

ન પામી ત્યાં સુધી તે ગ્રીષ્માની પાસે ઉભો રહેલ અને બોલતો હતો કે, 'હું આખા ઘરને જાનથી મારી નાંખીશ' અને ગ્રીષ્મા હલતી બંધ થયા પછી આરોપી સ્ત્રીઓનું ટોળું જે તરફ હતું તે તરફ ચપ્પુ લઈને ભાગેલ. નજરે જોનાર અન્ય શાહેદ સોનલબેન રાણપરીયાએ પણ સ્પષ્ટપણે જણાવેલ છે કે, ગ્રીષ્માનું તરફડવાનું બંધ થયા પછી તે બધાની પાછળ ચપ્પુ લઈને દોડતો હતો અને રાડો પાડતો હતો કે, 'આજે તો મારી જ નાખીશ, ગ્રીષ્માના ઘરના બધા સભ્યોને મારી જ નાખીશ'. તેમણે એ પણ જણાવેલ છે કે, આ છોકરો બધાની પાછળ દોડતો હતો. બનાવનું વિડીયો રેકોર્ડીંગ કરનાર શાહેદ રાહુલ ઉકાણી પણ તેમની જુબાનીમાં જણાવે છે કે, મરનાર ગ્રીષ્મા હલતી બંધ થયા પછી આરોપી બધાની સામે થયેલો અને પછી દોડીને ગ્રીષ્માના ઘર તરફ જતો રહેલો. આ જ હકીકત શાહેદ શર્મીલાબેન રૈયાણીના પુરાવામાં પણ આવે છે કે, ગ્રીષ્મા નીચે પડી તરફડતી હતી ત્યારે આરોપીએ ચપ્પુ લઈ, બધાને બતાવી, ધમકી આપેલ કે, આગળ ન આવશો, નહીં તો જાનથી મારી નાંખીશ. શાહેદ રેણુકાબેનના પુરાવામાં પણ એવું આવે છે કે, ગ્રીષ્મા તરફડતી બંધ થયા પછી આરોપી ચપ્પુ લઈને બધાની સામે મારવા આવેલો. આ તમામ શાહેદોનો પુરાવો જોતાં આરોપીએ મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી હત્યા કર્યા બાદ ગ્રીષ્માબેનના ઘરના બધાને મારી નાંખશે તેમજ ત્યાં હાજર લોકોને પણ કોઈ નજીક આવશે તો જાનથી મારી નાંખશે, તેવી ચપ્પુ બતાવી ધમકી આપેલ, તેવું સ્પષ્ટપણે પુરવાર થાય છે. આરોપીનું મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરવાનું અને ત્યાર બાદ લોકોને ધમકી આપવાનું આ કૃત્ય એવું જ હતું કે, તેનાથી ત્યાં હાજર કોઈ પણ વ્યક્તિને આરોપી તેમને મારી નાંખશે તેવો ભય વ્યાપે. આ સંજોગોમાં આરોપીની

ધમકી સ્પષ્ટપણે ગુનાહિત હતી અને તે મરનાર ગ્રીષ્માબેનના પરીવારના સભ્યોને તથા આગળ આવનાર કોઈ પણ વ્યક્તિને જાનથી મારી નાંખવાની ધમકી હતી, તે જોતાં આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) મુજબનું તહોમત પણ નિઃશંકપણે પુરવાર થયેલ હોવાનું આ અદાલત માને છે. આથી આ અદાલત **મુદ્દા નં.૬ અને ૭** નો નિર્ણય પણ '**હકાર**' માં આપે છે.

(૧૯૭) આમ ઉપરોક્ત સમગ્ર પુરાવો કાળજીપૂર્વક વંચાણે લેતાં, આંક–૮ થી ફરમાવવામાં આવેલ તહોમતનામા મુજબ આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૫૪(ડી)(૧)(i), ૩૪૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાઓ ફરિયાદ પક્ષે સબળ, વિશ્વસનીય, આધારભુત અને સાતત્યસભર પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે આ સંજોગોમાં આ અદાલત આરોપીને ઉપરોક્ત તમામ ગુનાઓ માટે તકસીરવાર ઠરાવે છે અને સજા અંગેનો આખરી હુકમ કરતાં પહેલાં, કુદરતી ન્યાયના સિદ્ધાંતોને ધ્યાને લઈ, પક્ષકારોના વિ.વકીલશ્રીઓ તેમજ આરોપીની રજૂઆત સાંભળવી જરૂરી હોઈ, આ કામ, સજા અંગે સાંભળવા મુલતવી રાખવા ન્યાયના વિશાળ હિતમાં હુકમ કરવામાં આવે છે.

સહી/–

તારીખઃ ૨૧.૦૪.૨૦૨૨
સ્થળઃ સુરત

**(વિમલ કનૈયાલાલ વ્યાસ)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૦૩૮૩]

(૧૯૮) આ કામે આરોપી સામે સાબિત થયેલ ગુનાઓ અંગે, પ્રત્યેક ગુનામાં દર્શાવેલ મહત્તમ સજા આરોપીને શા માટે ન કરવી જોઈએ, તે અંગે આરોપીને રજૂઆત કરવાની તક આપતા, આરોપીએ કાંઈ જ કહેવાનો ઈન્કાર કરેલ છે. આ કોર્ટ દ્વારા તેમને જણાવવામાં આવેલ છે કે, તેઓ પોતાની જાતે જ કોર્ટને કાંઈ રજૂઆત કરવા માંગતા હોય તો તે માટેનો આ તબક્કો છે, આથી તેઓની જે કાંઈ રજૂઆત હશે, તેની પર આ કોર્ટ પૂર્ણ વિચારણા કર્યા બાદ જ યોગ્ય તે હુકમ કરશે . આરોપીને એવું પણ સમજાવવામાં આવેલ છે કે, કોર્ટની ભૂમિકા 'न मित्रो, न शत्रुः' ની હોઈ, આરોપીને તેમની રજૂઆત કરવા માટે સહેજ પણ ભય કે સંકોચ રાખવાનું કોઈ કારણ નથી. આ કોર્ટ દ્વારા આરોપી સામેના ગુના અંગે સજાની જોગવાઈ સંબંધે તેમને સમજ આપ્યા બાદ તેઓ તેમની રજૂઆત કરી શકે છે તેવું જણાવતા, આરોપીએ જણાવેલ છે કે, તેઓ કાંઈ કહેવા માંગતા નથી.

(૧૯૯.૧) આરોપી વતી રજૂઆત કરતા વિ.વકીલશ્રી ઝેડ.ઝેડ.શેખે જણાવેલ છે કે, ૧૦મી ઓક્ટોબર 'ડેથ પેનલ્ટી એબોલીશન ડે' તરીકે મનાવવામાં આવે છે. તેમણે રજૂઆત કરેલ છે કે, વિશ્વના ૧૯૧ દેશોમાંથી માત્ર ૫૪ દેશોમાં જ મૃત્યુદંડનો અમલ કરવામાં આવે છે, જેમાં ઈરાન, સાઉદી અરબ, ચાઈના, ભારત વગેરે દેશોનો સમાવેશ થાય છે. તેમના જણાવ્યા મુજબ, ભારતમાં અંદાજે ૩૪ ગુનાઓ એવા છે જેમાં મૃત્યુદંડની જોગવાઈ છે, જે પૈકી મનુષ્યવધ ન હોય તેવા ૧૩ ગુનાઓ છે. તેમના જણાવ્યા મુજબ, આ વાત બહુ સારી ગણી શકાય નહીં,

કારણ કે, જે સમાજમાં બહુ સરળતાથી મૃત્યુદંડ આપવામાં આવતો હોય તે સમાજ આદિમ તબક્કામાં છે એવું માનવામાં આવે છે, આવો સમાજ પ્રગતિશીલ સમાજ સાથે આગળ વધતો નથી. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, 'આંખનો બદલો આંખ', 'હાથનો બદલો હાથ' અને 'મોતનો બદલો મોત' એ વિચારધારા આદિમકાળની વિચારધારા છે અને તેનું આધુનિક અને પ્રગતિશીલ સમાજમાં કોઈ સ્થાન નથી.

(૧૯૯.૨) વિ.વકીલશ્રી ઝેડ.ઝેડ.શેખે વધુમાં જણાવેલ છે કે, આરોપી સામેનો હાલનો કેસ 'rarest of the rare' ની વ્યાખ્યામાં આવતો નથી. આ સંદર્ભે તેમણે રજૂઆત કરેલ છે કે, આ કામે સરકાર દ્વારા આરોપી સામે ઝડપી તપાસ કરી માત્ર સાત જ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે, આ દરમ્યાન પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મિડીયામાં હાલના ખૂન કેસ અંગે વિશાળ માત્રામાં સમાચાર પ્રસિદ્ધ થતા હતા અને તેનું કવરેજ ખૂબ જ વધારે પ્રમાણમાં હોવાના કારણે પોલીસ પર ખૂબ જ દબાણ હતું, જેથી પોલીસે કોઈ પણ જાતનું મગજ વાપર્યા વિના, પોલીસ ખૂબ જ જાગૃત છે તેવું બતાવવા માત્ર સાત જ દિવસની અંદર ચાર્જશીટ દાખલ કરી દીધેલ. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આ ગુનાની તપાસ માટે સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરવામાં આવેલ અને તેના ઉચ્ચ અધિકારીઓ સ્થાનિક ટી.વી. ચેનલો અને પત્રકારોને ચાર્જશીટ દાખલ થાય તે પહેલાં ઈન્ટરવ્યુ આપતા હતા, જેના કારણે આરોપી વિરુદ્ધ સમાજમાં એવું વાતાવરણ ઉભું થયેલ કે, આરોપીની તરફેણમાં જુબાની આપવા માટે કોઈ તૈયાર થયેલ નહીં. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, આનું એકમાત્ર કારણ

'મિડીયા ટ્રાયલ' છે. વિ.વકીલશ્રી શેખે વધુમાં રજૂઆત કરેલ છે કે, સુરત શહેરમાં આવા અનેક અપરાધો થયા છે કે જેમાં એક અથવા એક સાથે બે ખૂન ખૂબ જ ઘાતકી રીતે થયા હોય, પરંતુ તેવા કેસોમાં પણ મૃત્યુદંડ કરવામાં આવેલ નથી. આ સંજોગોમાં હાલના ખૂન કેસમાં હત્યાના બનાવની ૨૦ થી ૨૫ સેકન્ડની વિડીયો ક્લીપ્સ કોઈએ પોતાના મોબાઈલ ફોનમાં રેકર્ડ કરી લીધેલ છે અને તે સામાન્ય પ્રજામાં વાયરલ થયેલ છે, તે એકમાત્ર કારણે આરોપીનો કેસ 'rarest of the rare' ની કેટેગરીમાં સમાવિષ્ટ ન થાય. તેમના જણાવ્યા મુજબ, અનેક ઘાતકી હત્યા કે જેમાં મૃતદેહ જોઈને કોઈ પણ વ્યક્તિને અરેરાટી થઈ જાય, તેવા કેસમાં પણ અદાલત દ્વારા મૃત્યુદંડ કરવામાં આવેલ નથી. વિ.વકીલશ્રી શેખે વધુમાં જણાવેલ છે કે, સુરત શહેરમાં રોજબરોજ ચાકુ અને તલવાર વડે ડબલ કે ત્રીપલ મર્ડર થાય છે અને ચાકુ કે તલવાર વડે સરાજાહેર થતી હત્યાના આ બનાવો સીસીટીવી કેમેરામાં કેદ થયાનું પણ બહાર આવે છે, આવા સીસીટીવી કેમેરામાં કેપ્ચર થયેલ હત્યાના ફુટેજને જ અપવાદરૂપ ગણી કોઈ કેસમાં મૃત્યુદંડની સજા કરવામાં આવેલ નથી. આથી પણ હાલના આરોપી સામેનો કેસ મૃત્યુદંડ ફરમાવવાનો કેસ નથી. તેમણે વધુમાં જણાવેલ છે કે, એવા અનેક કેસો છે કે જેમાં સેશન્સ કોર્ટ દ્વારા તેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરી આરોપીને મૃત્યુદંડ ફરમાવવામાં આવેલ હોય તો પણ નામદાર હાઈકોર્ટ અથવા તો નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ પણ છોડી મૂકવામાં આવેલ હોય. તેમણે આ અંગે દાખલો આપતા જણાવેલ છે કે, ભારત દેશની સંસદ પરના હુમલાના કેસમાં પ્રોફેસર ગીલાની નામના આરોપીને ટ્રાયલ કોર્ટ દ્વારા ફાંસીની સજા ફરમાવવામાં આવેલ, પરંતુ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા

તે આરોપીને નિર્દોષ છોડી મૂકવામાં આવેલ. અંતમાં આરોપી તરફે રજૂઆત કરતા વિ.વકીલશ્રી શેખે જણાવેલ છે કે, આરોપી યુવાન વયના છે, કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. આ સંજોગોમાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે. તેમણે પોતાની દલીલના સમર્થનમાં **બચન સીંઘ વિ. પંજાબ રાજ્ય – એ.આઈ.આર. ૧૯૮૦ એસ.સી. ૮૯૮** ના ચૂકાદા પર આધાર રાખેલ હોવાનું જણાવેલ છે.

(૧૯૯.૩) આ ઉપરાંત વિ.વકીલશ્રી શેખે **મહંમદ ફીરોઝ વિ. મધ્ય પ્રદેશ રાજ્ય – ક્રિમિનલ અપીલ નં.૬૧૨/૨૦૧૯** ના **તારીખઃ ૧૯.૦૪.૨૦૨૨** ના રોજના નામદાર સુપ્રિમ કોર્ટના ચૂકાદા પર આધાર રાખી, તે ચૂકાદાના પેરા–૪૩ પર આ અદાલતનું ધ્યાન દોરેલ છે, જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે વિખ્યાત લેખક ઓસ્કાર વાઈલ્ડના એ પ્રસિદ્ધ વાક્યનો ઉલ્લેખ કરેલ છે કે, "પ્રત્યેક સંત અને ગુનેગાર વચ્ચે માત્ર એ જ ફેર છે કે, પ્રત્યેક સંતનો ભૂતકાળ હોય છે અને પ્રત્યેક ગુનેગારને ભવિષ્ય હોય છે". વિ.વકીલશ્રી શેખે ઉપરોક્ત ચૂકાદા આધારે જણાવેલ છે કે, તે કેસમાં ચાર વર્ષની નાની બાળકી પર બળાત્કાર કરી તેની હત્યા કરનાર આરોપીને ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ ફાંસીની સજામાં ઘટાડો કરી નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦ વર્ષની સજા ફરમાવેલ. આ સંદર્ભે હાલના કેસ અંગે તેમણે રજૂઆત કરેલ છે કે, આરોપી દ્વારા કોઈ બળાત્કાર કરવામાં આવેલ નથી, વધુમાં બનાવ સમયે મરહૂમ ગ્રીષ્માબેન વેકરીયા પુખ્ત વયના હોઈ, આરોપીને ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરેલ છે. વિ.વકીલશ્રી શેખે તેમની આ રજૂઆત લેખિત સ્વરૂપે આંક–૩૨૫ થી રજૂ કરેલ છે.

(૨૦૦.૧) બચાવ પક્ષે થયેલ ઉપરોક્ત રજૂઆતનો ભારપૂર્વક વિરોધ કરતા વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી એન.એલ.સુખડવાલાએ રજૂઆત કરેલ છે કે, આ કેસમાં મરનાર ગ્રીષ્માબેનની અનિચ્છા છતાં તેની સાથે કોઈ પણ ભોગે સંબંધ રાખવા ઈચ્છતા આરોપીએ બનાવના આશરે સાડા છ માસ પહેલાં મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારની હત્યા કરવાનો નિર્ણય લઈ, તે અંગે પૂર્વતૈયારી તથા અભ્યાસ કર્યા બાદ ફુલપ્રુફ આયોજન કરી, તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ બે ચપ્પુ સાથે મરનાર ગ્રીષ્માબેનની સોસાયટીમાં જઈ, તેના મોટા પપ્પા સુભાષભાઈ તથા નાના ભાઈ ધ્રુવને મારી નાંખવાના ઈરાદે તેઓની પર જીવલેણ હુમલો કરી, નિઃશસ્ત્ર અને નિઃસહાય ગ્રીષ્માબેનને ગળેથી પકડી, ગળા પર ચપ્પુ રાખી, ખુલ્લા પ્લોટ તરફ ખેંચી જઈ, જાહેરમાં, અનેક લોકોની આજીજી, વિનંતી તથા વિલાપને અવગણી, કસાઈ જે રીતે પશુનું ગળું કાપે તે રીતે, મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપવા એક વાર ચપ્પુ ગળા પર ફેરવી, બાદમાં તેણીના ટ્રેકીયાના ભાગનું નિરીક્ષણ કરી, ચોક્કસપણે ટ્રેકીયાના ભાગે ચપ્પુ આવે તેની ખરાઈ કરી, એક ઝાટકે મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખી, તે મૃત્યુ ન પાસે ત્યાં સુધી કોઈને નજીક ન આવવા દેવાનો જઘન્ય ગુનો પુરવાર થયેલ છે, જે સ્પષ્ટપણે 'rarest of the rare' ની કક્ષામાં પડે છે, આથી આરોપી મૃત્યુદંડની સજાને પાત્ર છે.

(૨૦૦.૨) વિ.પી.પી. શ્રી સુખડવાલાએ જણાવેલ છે કે, બચાવ પક્ષની એ રજૂઆત કે, જે સમાજમાં મૃત્યુદંડની જોગવાઈ હોય તે સમાજ

આદિમ તબક્કામાં છે અને તે પ્રગતિશીલ સમાજ ન ગણાય, તે એક ચોક્કસ વિચારધારા પર આધારીત રજૂઆત છે, જે વિચારધારા આ દેશના કાનૂનનું સ્થાન લઈ શકે નહીં. તેમણે રજૂઆત કરેલ છે કે, નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **બચન સીંઘ વિ. પંજાબ રાજ્ય** ના ચૂકાદામાં મૃત્યુદંડની સજા ગેરબંધારણીય નથી તેવું સ્પષ્ટ ઠરાવેલ છે. જો કે તે સાથે જ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા મૃત્યુદંડની સજા 'rarest of the rare' કહી શકાય તેવા જ કેસોમાં આપવી જોઈએ, તેવી પણ સ્પષ્ટતા કરેલ છે. આ જ રીતે નામદાર સુપ્રિમ કોર્ટે **માછી સીંઘ અને બીજાઓ વિ. પંજાબ રાજ્ય** ના ચૂકાદામાં 'rarest of the rare' કોને કહી શકાય તે નક્કી કરવા માટે નીચે મુજબની બે બાબતો ધ્યાનમાં લેવા જણાવ્યું છેઃ–

1. Is there something uncommon about the crime which renders sentence of imprisonment for life inadequate and calls for a death sentence?

2. Are the circumstances of the crime such that there is no alternative but to impose death sentence even after according maximum weightage to the mitigating circumstances which speak in favour of the offender?

આ જોતાં એ સ્પષ્ટ થાય છે કે, મૃત્યુદંડની સજા કરતા પહેલાં અદાલતે હાથ પરના કેસના સંજોગોને સમગ્રપણે ધ્યાને લઈ, તે અપવાદરૂપ હોવાનું જણાય છે કે કેમ અને તેમાં આજીવન કારાવાસની

સજા અપૂરતી જણાય છે કે કેમ, તે અંગે ગંભીરતાથી વિચારણા કરવાની રહે છે. આથી મૃત્યુદંડની સજા ન હોવી જોઈએ, કેમ કે તે આદિમ સમાજની નિશાની છે, તેવી બચાવ પક્ષની દલીલ સ્વીકૃત બની શકે નહીં.

(૨૦૦.૩) વિ.પી.પી.શ્રી સુખડવાલાએ વધુમાં રજૂઆત કરેલ છે કે, આ પ્રકારના ગુનામાં સજા અંગે નિર્ણય કરતા પહેલાં અદાલતે aggravating અને mitigating circumstances અલગ તારવી, તેની પર પુખ્ત વિચારણા કરવી જોઈએ. આવી પુખ્ત વિચારણાના અંતે mitigating circumstances ને વધુ ભાર આપવા છતાં, જો aggravating circumstances વધુ પ્રબળ બનતા હોય અને તે કારણે આરોપીને આજીવન કારાવાસની સજા અપૂરતી બનશે તેવું જણાતું હોય ત્યારે આખરી વિકલ્પ તરીકે તેને મૃત્યુદંડ આપવો જોઈએ, તેવી સ્થાપિત કાનૂની સ્થિતિ છે.

(૨૦૦.૪) વિ.પી.પી.શ્રી સુખડવાલાએ રજૂઆત કરેલ છે કે, બચાવ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ **મહંમદ ફિરોઝ વિ. મધ્ય પ્રદેશ રાજ્ય** નો ચૂકાદો સાંયોગિક પુરાવા પર આધારીત છે અને તેની હકીકતો હાલના કેસની હકીકતો કરતાં તદ્દન ભિન્ન હોઈ, હાલના કેસને તે લાગુ પડી શકે નહીં.

(૨૦૦.૫) વિ.પી.પી.શ્રી સુખડવાલાએ વિશેષમાં રજૂઆત કરેલ છે કે, કાયદાના ઘડનારાઓએ ગુનાઓ અને તેની સજા અંગે તમામ પાસા

પર કાળજીપૂર્વક વિચારણા કરી સજાના પ્રાવધાનો કર્યા છે. તેમણે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ માં નિર્દિષ્ટ જુદા જુદા ગુનાઓની સજા પર આ અદાલતનું ધ્યાન દોરી રજૂઆત કરેલ છે કે, જેમ જેમ ગુનાની ગંભીરતા વધતી જાય, તેમ તેમ સજાનું પ્રમાણ પણ વધતું જાય છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, દોષિત ઠરેલ આરોપીને સજાનો નિર્ણય કરતા સમયે Penology ને ધ્યાનમાં રાખવી જોઈએ, કેમ કે, કોઈ પણ ગુનેગારને કરવામાં આવતી સજાનો અંતિમ ઉદ્દેશ તો ગુનેગારને તથા અન્ય વ્યક્તિઓને તેવા પ્રકારનો ગુનો કરવાનું ઉત્તેજન ન મળે, ભોગ બનનારને ન્યાય મળે, ગુનેગારોમાં કાયદાનો ડર જન્મે, સમાજમાં જંગલરાજ ન થાય તથા સમાજમાં શાંતિ અને સુરક્ષાની ભાવના જન્મે, તે જ છે.

(૨૦૦.૬) વિ.પી.પી.શ્રી સુખડવાલાએ aggravating circumstances અને mitigating circumstances અંગે રજૂઆત કરતા જણાવેલ છે કે, આ સંજોગો નક્કી કરવા માટે એ જોવું પડે કે, આરોપીએ ગુનો કેવી રીતે આચર્યો છે. અદાલતે એ જોવું જોઈએ કે, આરોપીએ કરેલ કૃત્ય ઓચિંતી કે આકસ્મિક ઉશ્કેરણીના કારણે થયેલ છે કે તે ગણતરીપૂર્વકનું અને ઈરાદાપૂર્વકનું કૃત્ય હતું. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, હાલના કેસમાં આ અદાલત દ્વારા આરોપીનું કૃત્ય શાંત ચિત્તે લીધેલ નિર્ણય આધારે કરેલ પૂર્વતૈયારી, અભ્યાસ અને આયોજનપૂર્વકનું હોવાનું માનેલ છે અને તેથી જ આરોપીના ગુનાને ખૂન ન હોય તેવો મનુષ્યવધ ગણવાની બચાવ પક્ષની દલીલ સ્વીકારેલ નથી. આ સ્પષ્ટપણે aggravating circumstances કહી શકાય.

વિ.પી.પી.શ્રી સુખડવાલાએ ત્યાર બાદ aggravating circumstances સંબંધે આરોપીનું પૂર્વતૈયારી અને ઈરાદા સાથેનું કૃત્ય, બનાવના સ્થળે બે ચપ્પુ લઈને જવું, નિર્દોષ, નિઃસહાય અને નિઃશસ્ત્ર એવા સુભાષભાઈ વેકરીયા તથા ધ્રુવ વેકરીયાને જીવલેણ ઈજા કરવી, ધોળા દિવસે, અનેક લોકોની હાજરીમાં ઘટનાને અંજામ આપવો, અનેક લોકોની આજીજી, વિનંતી તથા વિલાપની પરવા કર્યા વિના મરનાર ગ્રીષ્માબેનનું લોકોની હાજરી વચ્ચે ચપ્પુ વડે ક્રુરતાથી ગળું કાપી નાંખી હત્યા કરવી, ઠંડા કલેજે હત્યા તથા ઈજા, પરીવારની એકની એક દીકરીનું ખૂન, મરણ જનાર ગ્રીષ્માબેન તથા ઈજા પામનાર ધ્રુવની ઉંમર, બનાવ વખતની તેઓની નિઃસહાય સ્થિતિ, આરોપીનું અત્યંત dominating position (આધિપત્ય ધરાવતી સ્થિતિ) માં હોવું, આરોપીને તાબે ન થતાં મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરવી, આરોપીનો ગુનાહિત ભૂતકાળ, આરોપીનું ગુનાહિત માનસ, સમાજ પર પડેલ અત્યંત ગંભીર અસર, બનાવ પહેલાં અને બનાવ પછીની આરોપીની ગુનાહિત વર્તણૂંક, આરોપીને કાયદાનો કોઈ ડર ન હોવો તથા ભોગ બનનારના કુટુંબની સ્થિતિ, આ તમામ aggravating circumstances હોવાની રજૂઆત કરી, આ પ્રત્યેક મુદ્દા સંબંધે રજૂ થયેલા પુરાવા પર આ અદાલતને લઈ જઈ, તે સંબંધે પોતાની લંબાણપૂર્વકની દલીલ આધારે આરોપીનું કૃત્ય વ્યવસાયિક ગુનેગારને છાજે તેવું ક્રુર અને હેવાનિયતભર્યું હોવાની રજૂઆત કરેલ છે. તેમણે વધુમાં રજૂઆત કરેલ છે કે, પુરાવાને સમગ્રપણે જોતાં આરોપીની ગુનાહિત માનસિકતા હોવાનું પુરવાર થાય છે. તેમણે એવી પણ રજૂઆત કરેલ છે કે, આરોપીના આ હેવાનિયતભર્યા કૃત્યના કારણે મરનાર

ગ્રીષ્માબેનના પરીવાર પર વજ્રાઘાત થયેલ છે, મરનાર ગ્રીષ્માબેનનો ભાઈ કે જે પણ બનાવમાં ઈજા પામનાર છે, તેની નજર સામે જ આરોપીએ તેની બહેનનું જાહેરમાં ગળું કાપી નાંખી હત્યા કરેલ છે અને તે પોતાની બહેનને બચાવી શકેલ નથી, તેનો વસવસો તેને જીવનભર રહેશે. આ ઉપરાંત જે દીકરીના લગ્ન માટે તેના પિતા આફ્રિકા કમાવા ગયેલ, તે દીકરીની ક્રુર હત્યા થતાં તેના માતા–પિતાની વેદનાનું કોઈ વર્ણન શક્ય નથી. વિ.પી.પી.શ્રી સુખડવાલાએ ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, જે સમાજમાં મૃત્યુદંડની જોગવાઈ હોય તે પ્રગતિશીલ સમાજની નિશાની નથી, તેવી આરોપી તરફે દલીલ થયેલ છે, પરંતુ એ પણ ન ભૂલવું જોઈએ કે, કોઈ યુવતીને કોઈ સાથે સંબંધ રાખવો ન હોય, તેટલા માત્રથી તેની ક્રુર અને હેવાનિયતભરી રીતે હત્યા કરવામાં આવે તે પણ પ્રગતિશીલ સમાજની નિશાની નથી.

(૨૦૦.૭) વિ.પી.પી.શ્રી સુખડવાલાએ વધુમાં રજૂઆત કરેલ છે કે, આ કામે mitigating circumstances અંગે વિચારવામાં આવે તો એક માત્ર સંજોગ આરોપીની ૨૧ વર્ષની ઉંમર છે. તેમણે ભારપૂર્વક રજૂઆત કરેલ છે કે, નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, આરોપીની યુવાન વય તે હળવી સજા કરવા માટે એકમાત્ર mitigating circumstance ગણી શકાય નહીં. તેમણે વધુમાં જણાવેલ છે કે, આ કામે એવો સ્પષ્ટ પુરાવો રેકર્ડ પર આવેલ છે કે, આરોપી ગુનાખોરીની ટેવવાળો અને ઉગ્ર મીજાજી છે . આરોપી અને તેની માનેલી બહેન ક્રિષ્નાબેન વચ્ચે ઈન્સ્ટાગ્રામ પર થયેલ ચેટ કે જે આ કામે આંક–૩૧૪ થી રજૂ થયેલ છે તેમાં આરોપીની તેની માનેલી બહેન સાથે અત્યંત

બિભત્સ ગાળો ભરેલી ભાષામાં વાતચીત, પોતે એક માણસને મારીને માથું ફોડી નાંખતા લોહીવાળા થયેલ એક જોડી કપડાં ઓછા થયાનું કહેવું, વચ્ચે આવશે તેને પોતે મારી નાંખશે તેવું કહેવું, પોલીસે તેને તું ક્યારે સુધરીશ? તેવું પૂછતાં 'હું નહીં સુધરૂં' તેવું જણાવવું, ઈનોવા કારની ચોરી, પૂર્વતૈયારી સાથે ખૂનની કોશિશ તથા ખૂનના આ ગુનામાં સંડોવાવું, આરોપીના માતા-પિતા દ્વારા 'આના કરતા તો મરી જઈએ કે શું કરીએ' તેવી વ્યક્ત કરવામાં આવેલ લાગણી, આ તમામ બાબતો આરોપીની ગુનાહિત માનસિકતાનું સૂચન કરે છે. વધુમાં, ઈરાદા સાથેનું, અભ્યાસ અને પૂર્વતૈયારી સાથેનું આ કૃત્ય પણ સ્પષ્ટપણે આરોપીની ગુનાહિત માનસિકતા દર્શાવે છે. આ ઉપરાંત ચાલું ટ્રાયલ દરમ્યાન આરોપીની તબિયત ખરાબ થઈ જતાં હોસ્પિટલમાં મોકલવામાં આવતા, ઈરાદાપૂર્વક આંખો બંધ કરતા હોવાની ડૉક્ટરની નોંધ, ત્યાર બાદ જેલમાંથી પોતાની માનેલી બહેન ક્રિષ્નાબેનને ફોન કરી પોતાની તરફેણમાં જુબાની આપવાની સૂચના આપવી, તે તમામ આરોપીની ચાલાકીભરી ગુનાહિત માનસિકતાની સૂચક હોઈ, આરોપીની સુધરવાની શક્યતા બિલકુલ નથી.

(૨૦૦.૮) વિ.પી.પી.શ્રી સુખડવાલાએ એવી પણ રજૂઆત કરેલ છે કે, આરોપી તેના માતા-પિતાનો એકમાત્ર પુત્ર હોય તેવું પણ નથી તેમજ રેકર્ડ પર આવેલ પુરાવો જોતાં, આરોપી જ તેના કુટુંબનું ભરણપોષણ કરતા હોય તેવું પણ નથી. તેઓએ વધુમાં રજૂઆત કરેલ છે કે, આરોપીને જો આજીવન કારાવાસ કરવામાં આવે તો સરકાર દ્વારા remittance નો અપાતો સમયગાળો જોતાં તે ૩૫ વર્ષે જેલમુક્ત થઈને, આટલા ઘાતકી

કૃત્ય છતાં, સમાજમાં ખુલ્લો ફરે, જેની સમાજ પર ખૂબ જ ખરાબ અસરો ઉભી થાય અને લોકોને ક્રિમિનલ જસ્ટીસ સીસ્ટમ પરનો ભરોસો ઉઠી જાય. તેમણે ભારપૂર્વક જણાવેલ છે કે, સમાજનું ભવિષ્ય રૂંધીને કેવળ આરોપીનું ભવિષ્ય જોઈ શકાય નહીં.

(૨૦૦.૯) વિ.પી.પી.શ્રી સુખડવાલાએ વધુમાં રજૂઆત કરેલ છે કે, આ બનાવ બન્યા પછી તરતનાં જ ટૂંકા ગાળામાં નિઃસહાય સ્ત્રીઓની તિક્ષ્ણ હથિયારો વડે જાહેરમાં હત્યા કરવાના પાંચથી છ બનાવો બન્યા, જેની એફ.આઈ.આર. તેમણે રજૂ કરેલ છે. આ સંજોગોમાં આરોપી સામે તત્કાલ કડક કાર્યવાહી કરી યોગ્ય સજા ન કરવામાં આવે તો કોઈ પણ દીકરી સલામત ન રહે. આ સંજોગોમાં અન્ય ગુનેગારોમાં કાયદાનો ડર રહે તે પણ અત્યંત જરૂરી છે.

(૨૦૦.૧૦) વિ.પી.પી.શ્રી સુખડવાલાએ વિશેષમાં રજૂઆત કરેલ છે કે,આરોપી આખો દિવસ મોબાઈલમાં વ્યસ્ત રહી, PUBG જેવી હિંસક ગેમ્સ તથા હિંસક વેબ સીરીઝ જોઈ, ઈન્ટરનેટનો દુરૂપયોગ કરી, હથિયારો અંગે સર્ચ કરી, હથિયારોના વેપારીઓ સાથે બિઝનેશ ચેટ કરી, યુટ્યુબ ચેનલ પર હથિયારોનો ઉપયોગ અને ફાયર આર્મ્સ કેવી રીતે લોડ થાય તેનો અભ્યાસ કરી, તેના મિત્રોને પોતાના ઈરાદાનો અણસાર પણ ન આવે તે રીતે બે ચપ્પુ ખરીદી, મરનાર ગ્રીષ્માબેનને તાબે કરવા માટેના પ્રયત્નોમાં નિષ્ફળ જતાં "તું મારી નહીં તો કોઈની નહીં" તેવા ઈરાદા સાથે બે ચપ્પુ લઈ તેની સોસાયટીમાં જઈ, તેના પરીવારના બે સભ્યોનું ખૂન કરવાની કોશિશ કરી, અનેક લોકોની હાજરીમાં, ધોળા દિવસે,

લોકોની આજીજી અને વિનંતીઓને ઠોકરે મારી, જે રીતે કસાઈ કોઈ પ્રાણીનું ગળું કાપે તે રીતે તેમણે મરનાર ગ્રીષ્માબેનનું મોટા છરા વડે ગળું કાપી હત્યા કરેલ છે, તે હેવાનિયતભર્યું કૃત્ય અધમતાની તમામ સીમા ઓળંગે તેવું હોઈ અને તે કારણે સમાજમાં અત્યંત ત્રાસ, ભય અને હતાશા વ્યાપી ગયેલ હોઈ, આ કૃત્ય 'rarest of the rare' ની કેટેગરીમાં પડતું હોઈ, આરોપીને મૃત્યુદંડની સજા કરવા માંગણી કરેલ છે.

(૨૦૦.૧૧) વિ.પી.પી.શ્રી સુખડવાલાએ આ સંદર્ભે આંક–૩૨૨ થી રજૂ કરેલ લેખિત દલીલ તથા આંક–૩૨૪ ના લીસ્ટથી રજૂ કરેલા ચૂકાદાઓ ધ્યાને લેવા વિનંતી કરેલ છે.

(૨૦૦.૧૨) વિ.પી.પી.શ્રી સુખડવાલાએ તેમની ઉપરોક્ત રજૂઆતના સમર્થનમાં નીચે મુજબના ચૂકાદાઓ રજૂ કરેલા છે, જે આ અદાલત દ્વારા વંચાણે લેવામાં આવેલ છેઃ–

૧. મુકેશ વિ. સ્ટેટ ફોર એન.સી.ટી. ઓફ દિલ્હી
(૨૦૧૭)૦ એ.આઈ.આર. (એસ.સી.) ૨૧૬૧

૨. મનોહરન વિ. રાજ્ય – ઈન્સ્પેક્ટર ઓફ પોલીસ,
વેરાઈટી હોલ પોલીસ સ્ટેશન, કોઈમ્બતુર
એ.આઈ.આર. ૨૦૨૦ એસ.સી. ૩૫૨૧

૩. મધ્ય પ્રદેશ રાજ્ય વિ. દિલીપ પ્રેમનારાયણ તિવારી
(૨૦૦૮)૩ એ.આઈ.આર. (બોમ્બે)(આર) ૫૬૪

૪. પુરૂષોત્તમ દશરથ બોરાટે અને બીજા વિ. મહારાષ્ટ્ર રાજ્ય
(૨૦૧૫)૩ ક્રાઈમ્સ (એસ.સી.) ૧૧૪

૫. વિક્રમ સિંઘ વિ. પંજાબ રાજ્ય
એ.આઈ.આર. ૨૦૧૦ (એસ.સી.) ૧૦૦૭

૬. મોલાઈ વિ. મધ્ય પ્રદેશ રાજ્ય
(૧૯૯૯)૦ સુપ્રિમ (એમ.પી.) ૮૦૭

૭. ગુજરા રાજ્ય વિ. શશીકાંત કેશવલાલ પરમાર
(નામદાર ગુજરાત હાઈકોર્ટ)
સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નં.૧/૧૯૮૧,
તારીખઃ ૧૯.૦૧.૧૯૮૨

૮. માછી સીંઘ અને બીજાઓ વિ. પંજાબ રાજ્ય
એ.આઈ.આર. ૧૯૮૩ (એસ.સી.) ૯૫૭

૯. ગુજરાત રાજ્ય વિ. શંભુભાઈ રાઈસંગભાઈ પઢીયાર
લોઝ (ગુજરાત હાઈકોર્ટ) ૨૦૧૯(૪) ૯૨

૧૦. મોહમદ મન્નન ઉર્ફે અબ્દુલ મન્નન વિ. બિહાર રાજ્ય.
૨૦૧૧(૫) એસ.સી.સી. ૩૧૭

(૨૦૧) બંને પક્ષોની ઉપરોક્ત રજૂઆત સાંભળ્યા બાદ હું સૌપ્રથમ વિ.વકીલશ્રી શેખની, ગુનાની ત્વરિત તપાસ અને સ્પીડી ટ્રાયલના કારણે આરોપીની તરફેણમાં કોઈ સાક્ષી ઉભા રહેવા તૈયાર થયેલ નહીં, તે દલીલ અંગે એ નોંધવું જરૂરી માનું છું કે, ગુનાની ત્વરિત તપાસ તેમજ સ્પીડી ટ્રાયલનો હેતુ કોઈ પણ સંજોગોમાં આરોપીને નુકસાન કરવા માટેનો નહીં, પરંતુ ઝડપી ન્યાય થાય તે માટેનો છે. આથી ગુનાની

ગંભીરતાને ધ્યાને લઈ પોલીસે ત્વરિત તપાસ કરી હોય તેમજ અદાલત દ્વારા સ્પીડી ટ્રાયલ ચલાવવામાં આવેલ હોય તે કારણે આરોપીને કોઈ પૂર્વગ્રહ થતો હોવાનું કહી શકાય નહીં, બલ્કે, વૈધાનિક જોગવાઈનું પાલન થયાનું કહી શકાય. હું એ નોંધું છું કે, આ કામે સમગ્ર ટ્રાયલ દરમ્યાન આરોપીના બચાવના અધિકારને કોઈ પણ તબક્કે કોઈ પૂર્વગ્રહ ન થાય તેની આ અદાલતે વિશેષ કાળજી રાખેલ છે. વળી આ કારણે આરોપીની તરફેણમાં બચાવના કોઈ શાહેદ આવી શકેલ નથી, તેવી બચાવ પક્ષ તરફેની રજૂઆતમાં પણ કોઈ તથ્ય જણાતું નથી, કેમ કે, આરોપી જેમને તપાસી જ શકે તેવા તેમના પરીવારના કોઈ પણ સભ્યો, તેમના પિતરાઈ ભાઈ, એકઝીક્યૂટીવ મેજિસ્ટ્રેટશ્રી તથા સ્પેશીયલ ઈન્વેસ્ટીગેશન ટીમના કોઈ સભ્યને પણ, બચાવના શાહેદ તરીકે તપાસવાની કોઈ માંગણી બચાવ પક્ષ દ્વારા કરવામાં આવેલ નથી કે તેમને શાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. એ પણ નોંધપાત્ર છે કે, બચાવ પક્ષે, ફરિયાદ પક્ષ દ્વારા તપાસવામાં આવેલ તપાસ કરનાર અધિકારીને પણ, ઊલટતપાસમાં, તેઓ મિડીયામાં ઈન્ટરવ્યુ આપતા હતા તે મતલબના કોઈ સવાલો પૂછેલ નથી. આમ, બચાવ પક્ષ તરફેની આ રજૂઆત પણ રેકર્ડ બહારની જણાઈ આવે છે.

(૨૦૨) ક્રિમિનલ જસ્ટીસ સીસ્ટમમાં 'સજા' તે એક મહત્વનું પરિબળ છે. જો ક્રિમિનલ જસ્ટીસ સીસ્ટમમાંથી 'સજા' ના પ્રાવધાનને કાઢી નાંખવામાં આવે તો કદાચ સમાજને પીડતા ગુનેગારોની ગુનાહિત પ્રવૃત્તિઓને કાબૂમાં લેવું અશક્ય બને, અંધાધૂંધી ફેલાય, માણસોનું વર્તન અમર્યાદિત બની જાય, કોઈને કાયદાનો ડર ન રહે અને જંગલરાજ

જેવી સ્થિતિ સર્જાય. સજાની જોગવાઈનો ઉદ્ધેશ જ એ છે કે, માણસ તેની મર્યાદા એ રીતે ન ઓળંગે કે જેથી બીજા મનુષ્યનું જીવન જીવવાનું મુશ્કેલ થઈ જાય અને મિલકતો કે સ્ત્રીઓની કોઈ જ સલામતી ન રહે. શ્રી ભુપેન્દ્ર એન. જાની તેમના પુસ્તક 'ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦' માં 'સજા' વિશે લખે છે કે, "સામાન્ય રીતે એક વ્યક્તિની, બીજી વ્યક્તિ તરફની, બહુજન સમાજ પ્રત્યેની કે રાજ્ય સત્તા વિરુદ્ધની ઉદ્ધંડતાને ડામવા માટે સજા કરવામાં આવે છે કે જે માટે કાનૂન દ્ધારા સ્પષ્ટ જોગવાઈ કરીને નિષેધ ફરમાવવામાં આવે છે.

(૨૦૩) આરોપીને સજા કરવી તે ફોજદારી કાર્યવાહીનો અંતિમ તબક્કો છે. એ નોંધપાત્ર છે કે, કોઈ પણ આરોપી સામે ગુનો સાબિત થયા પછી તેને કઈ અને કેટલી સજા કરવી તેનો નિર્ણય, મુકદ્દમો ચલાવનાર અદાલતની વિવેકબુદ્ધિ પર અવલંબિત છે. કાયદાથી એ સ્થાપિત છે કે, આવી વિવેકબુદ્ધિનો ઉપયોગ, પ્રત્યેક કેસમાં aggravating અને mitigating circumstances એટલે કે, ઉગ્રતા વધારતા અને ઉગ્રતા ઘટાડતા સંજોગોને કાળજીપૂર્વક ધ્યાને લઈને કરવાનો હોય છે.

(૨૦૪) અદાલતોમાં રોજબરોજ પડકારરૂપ કેસો ટ્રાયલ માટે આવે છે અને તદ્અનુસાર અદાલતો સજા અંગે નિર્ણય કરે છે. આ સંદર્ભે અદાલતની પ્રાથમિકતા સમાજનું યોગ્ય રક્ષણ થાય અને ગુનેગારો ગુના કરતા અટકે તે જોવાની છે. આથી જ ગંભીર ગુનાઓમાં સજાનો નિર્ણય કરતી અદાલત પાસે સ્વાભાવિકપણે એ અપેક્ષા રાખવામાં આવે છે કે, તે

સજાનો નિર્ણય કરતી વખતે ગુના અંગે સમાજનાં ન્યાય માટેના ચિત્કારને તથા ગુનાના કારણે સમાજ પર પડેલ અસરને લક્ષમાં લઈને યોગ્ય તે હુકમ કરે. આ સંજોગોમાં અદાલત પાસેથી એવી પણ અપેક્ષા રહે કે, તે માત્ર આરોપીના હક્કોનો જ નહીં, બલ્કે ભોગ બનનાર તથા બહુજન સમાજના ન્યાય માટેના હક્કોનો પણ યોગ્ય વિચાર કરે.

(૨૦૫) **<u>મધ્ય પ્રદેશ રાજ્ય વિ. મુન્ના ચૌબે અને બીજાઓ (એ.આઈ.આર. ૨૦૦૫ એસ.સી. ૬૮૨)</u>** ના ચૂકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે નોંધેલ છે કે,

> "The law regulates social interests, arbitrates conflicting claims and demands. Security of persons and property of the people is an essential function of the State. It could be achieved through instrumentality of criminal law. Undoubtedly, there is a cross cultural conflict where living law must find answer to the new challenges and the courts are required to mould the sentencing system to meet the challenges. The contagion of lawlessness would undermine social order and lay it in ruins. Protection of society and stamping out criminal proclivity must be the object of law which must be achieved by imposing appropriate sentence. Therefore, law as a corner-stone of the edifice of "order" should meet the challenges confronting the society.

Friedman in his "Law in Changing Society" stated that, "State of criminal law continues to be as it should be a decisive reflection of social consciousness of society". Therefore, in operating the sentencing system, law should adopt the corrective machinery or the deterrence based on factual matrix. By deft modulation sentencing process be stern where it should be, and tempered with mercy where it warrants to be. The facts and given circumstances in each case, the nature of the crime, the manner in which it was planned and committed, the motive for commission of the crime, the conduct of the accused, the nature of weapons used and all other attending circumstances are relevant facts which would enter into the area of consideration. For instance a murder committed due to deep-seated mutual and personal rivalry may not call for penalty of death. But an organised crime or mass murders of innocent people would call for imposition of death sentence as deterrence. In Mahesh v. State of M.P. (1987) 2 SCR 710), this Court while refusing to reduce the death sentence observed thus:

'It will be a mockery of justice to permit the accused to escape the extreme penalty of law

when faced with such evidence and such cruel acts. To give the lesser punishment for the accused would be to render the justicing system of the country suspect. The common man will lose faith in courts.

In such cases, he understands and appreciates the language of deterrence more than the reformative jargon.'

Therefore, undue sympathy to impose inadequate sentence would do more harm to the justice system to undermine the public confidence in the efficacy of law and society could not long endure under such serious threats. It is, therefore, the duty of every court to award proper sentence having regard to the nature of the offence and the manner in which it was executed or committed etc. This position was illuminatingly stated by this Court in Sevaka Perumal etc. v. State of Tamil Naidu (AIR 1991 SC 1463)."

આ જ સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટના **જશુભા ભરતસિંહ ગોહિલ વિ. ગુજરાત રાજ્ય [૧૯૯૪(૪) એસ.સી.સી. ૩૫૩]** ના ચૂકાદાનો ઉલ્લેખ પણ જરૂરી બને છે. જેમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા નિરીક્ષણ કરવામાં આવેલ છે કે,

"It has been held by this Court that in the matter of death sentence, the Courts are required to answer new challenges and mould the sentencing system to meet these challenges. The object should be to protect the society and to deter the criminal in achieving the avowed object to law by imposing appropriate sentence. It is expected that the Courts would operate the sentencing system so as to impose such sentence which reflects the conscience of the society and the sentencing process has to be stern where it should be. Even though the principles were indicated in the background of death sentence and life sentence, the logic applies to all cases where appropriate sentence is the issue.

Imposition of sentence without considering its effect on the social order in many cases may be in reality a futile exercise. The social impact of the crime, e.g. where it relates to offences against women, dacoity, kidnapping, misappropriation of public money, treason and other offences involving moral turpitude or moral delinquency which have great impact on social order, and public interest, cannot be lost sight of and per se require exemplary treatment. Any liberal attitude by imposing meager sentences or taking too sympathetic

view merely on account of lapse of time in respect of such offences will be result– wise counter productive in the long run and against societal interest which needs to be cared for and strengthened by string of deterrence inbuilt in the sentencing system."

(૨૦૬) આરોપી સામે નોંધાયેલ હાલના ગુનામાં મૃત્યુદંડની જોગવાઈ હોઈ, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૪ ધ્યાને લેવી મહત્વની બને છે, જે નીચે મુજબ છેઃ–

**કલમ–૩૫૪ ફેંસલાની ભાષા અને વિગતોઃ**

(૧) આ સંહિતાથી અન્યથા સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી હોય તે સિવાય, કલમ–૩૫૩ માં ઉલ્લેખવામાં આવેલા પ્રત્યેક ચૂકાદા –

**ક. અદાલતની ભાષામાં લખવામાં આવશે;**

ખ. નિકાલ માટેનો મુદ્દો કે મુદ્દા, તેના પર નિર્ણય તથા નિર્ણય માટેના કારણો સહિત અપાશે;

ગ. ગુનો તથા ભારતીય દંડ સંહિતા (૧૮૬૦ નો ૪૫મો)' ની કલમ અથવા અન્ય કાનૂન હેઠળ કે જે માટે આરોપી દોષિત ઠર્યા હોય તથા જે સજા કરવામાં આવે તે દર્શાવશે;

ઘ. જો મુક્ત કરતો ચૂકાદો હોય તો જે ગુના માટે આરોપીને મુક્ત કરવામાં આવ્યા હોય તે દર્શાવશે તથા તેને મુક્ત કરવા નિર્દેશ આપશે.

(૨) જ્યારે ભારતીય દંડ સંહિતા (૧૮૬૦ નો ૪૫મો)' હેઠળ સજા કરવામાં આવી હોય અને એ શંકાસ્પદ હોય કે તે સંહિતાની બે પૈકીની કઈ કલમ અથવા એક જ કલમના

બે પૈકી ક્યા ભાગ હેઠળ ગુનો પડે છે, ત્યારે તે બાબત અદાલત સ્પષ્ટપણે વ્યક્ત કરશે તથા વિકલ્પે ચૂકાદો આપશે.

**(૩) જ્યારે દેહાંત દંડ અથવા વિકલ્પે આજીવન કેદ કે અમુક વર્ષની કેદની સજાને પાત્ર ગુનામાં સજા કરવામાં આવે ત્યારે સજા કરવા માટેના કારણો આપવા જોઈશે તથા દેહાંત દંડના કિસ્સામાં આવી સજા કરવા માટે ચૂકાદામાં વિશિષ્ટ કારણો આપવા જોઈશે.**

(૪) જ્યારે એક કે વધુ વર્ષની સજાને પાત્ર ગુનામાં દોષિત જણાય, પરંતુ અદાલત ત્રણ માસ કરતાં ઓછી મુદત માટે કેદની સજા કરે ત્યારે આવી સજા કરવા માટેના કારણો નોંધશે; સિવાય કે સજા અદાલત ઉઠતા સુધીની હોય કે આ સંહિતાની જોગવાઈઓ હેઠળ ગુનાની કાર્યવાહી સંક્ષિપ્ત રીતે ચલાવવામાં આવી હોય.

(૫) જ્યારે કોઈ વ્યક્તિને દેહાંત દંડની સજા કરવામાં આવે ત્યારે સજામાં નિર્દેશ આપવો જોઈશે કે, તેને ગળામાં ફાંસો નાંખી મૃત્યુ પામે ત્યાં સુધી લટકાવવો.

(૬) કલમ–૧૧૭ હેઠળ અથવા કલમ–૧૩૮ ની પેટાકલમ–(૨) હેઠળના પ્રત્યેક આદેશન તથા કલમ–૧૨૫, કલમ–૧૪૫ અથવા કલમ–૧૪૭ હેઠળના પ્રત્યેક આખરી આદેશમાં નિકાલનો મુદ્દો અથવા મુદ્દાઓ તથા તેના પરનો નિર્ણય અને નિર્ણયના કારણો આપવા જોઈશે.

ઉપરોક્ત જોગવાઈ જોતાં અદાલત માટે એ ફરજીયાત છે કે, મૃત્યુદંડ કે વિકલ્પે આજીવન કારાવાસ કે ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઈ હોય ત્યારે, આરોપીને કરવામાં આવનાર સજા અંગે ચૂકાદામાં કારણો આપવા જોઈએ અને મૃત્યુદંડની સજાના કિસ્સામાં અદાલતે તે માટેના ખાસ કારણો ચૂકાદામાં નોંધવા જોઈએ. આ સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટના **બચન સીંઘ વિ. પંજાબ રાજ્ય** અને **માછી સીંઘ અને બીજાઓ વિ. પંજાબ રાજ્ય** ના બે પ્રસિદ્ધ ચૂકાદાઓ ધ્યાને લેવા અત્યંત જરૂરી બને છે.

(૨૦૭) **બચન સીંઘ વિ. પંજાબ રાજ્ય – એ.આઈ.આર. ૧૯૮૦ એસ.સી. ૮૯૮** ના ચૂકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા મૃત્યુદંડની સજાની બંધારણીયતા ચકાસવામાં આવેલ. આ ચૂકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તમામ પાસાઓને ધ્યાને લીધા બાદ એવું ઠરાવવામાં આવેલ કેઃ–

> "In view of the aforesaid constitutional postulates, by no stretch of imagination can it be said that death penalty under Section 302, Penal Code, either per se or because of its execution by hanging, constitutes an unreasonable, cruel or unusual punishment. By reason of the same constitutional postulates, it cannot be said that the framers of the Constitution considered death sentence for murder or the prescribed traditional mode of its execution as a degrading punishment which

would defile 'the dignity of the individual' within the contemplation of the Preamble to the Constitution. On parity of reasoning, it cannot be said that death penalty for the offence of murder violates the basic structure of the Constitution."

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ત્યાર બાદ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ સંબંધે દોષિતોને સજા નક્કી કરવામાં માર્ગદર્શક બને તેવા હેતુથી, કેટલાક માપદંડોને ધ્યાને લઈ, આ ચૂકાદાના પેરેગ્રાફ–૧૯૫ થી ૧૯૭ માં નોંધેલ છે કેઃ–

"195. In Jagmohan, this Court had held that this sentencing discretion is to be exercised judicially on well–recognised principles, after balancing all the aggravating and mitigating circumstances of the crime. By "well–recognised principles" the Court obviously meant the principles crystallised by judicial decisions illustrating as to what were regarded as aggravating or mitigating circumstances in those cases. The legislative changes since Jagmohan – as we have discussed already – do not have the effect of abrogating or nullifying those principles. The only effect is that the application of those principles is now to be guided by the paramount beacons of legislative policy discernible from Sections

354(3) and 235(2), namely: (1) The extreme penalty can be inflicted only in gravest cases of extreme culpability: (2) In making choice of the sentence, in addition to the circumstances of the offence, due regard must be paid to the circumstances of the offender also.

196. We will first notice some of the aggravating circumstances which. In the absence of any mitigating circumstances, have been regarded as an indication for imposition of the extreme penalty.

197. Pre-planned, calculated, cold blooded murder has always been regarded as one of an aggravated kind. In Jagmohan, it was reiterated by this Court that if a murder is "diabolically conceived and cruelly executed", it would justify the imposition of the death penalty on the murderer. The same principle was substantially reiterated by V.R. Krishna Iyer, J., speaking for the Bench, in Ediga Anamma, in these terms:

The weapons used and the manner of their use, the horrendous features of the crime and hapless, helpless state of the victim, and the like, steel the heart of the law for a sterner sentence."

વધુમાં આ ચૂકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ગુના અંગેના aggravating circumstances એટલે કે ગુનાની ઉગ્રતા વધારતા સંજોગો અંગે નીચે મુજબ ઉલ્લેખ કરેલ છેઃ–

"Aggravating circumstances:

A Court may, however, in the following cases impose the penalty of death in its discretion:

(a) if the murder has been committed after previous planning and involves extreme brutality; or

(b) if the murder involves exceptional depravity; or

(c) if the murder is of a member of any of the armed forces of the Union or of a member of any police force or of any public servant and was committed –

(i) while such member or public servant was on duty; or

(ii) in consequence of anything done or attempted to be done by such member or public servant in the lawful discharge of his duty as such member or public servant whether at the time of murder he was such member or public servant, as the case may be, or had ceased to be such member or public servant; or

(d) if the murder is of a person who had acted in the lawful discharge of his duty under Section 43 of the CrPC, 1973, or who had rendered assistance to a Magistrate or a police officer demanding his aid or requiring his assistance under Section 37 and Section 129 of the said Code."

આ જ રીતે Mitigating circumstances એટલે કે ગુનાની ઉગ્રતા ઘટાડતા સંજોગો અંગે નીચે મુજબ નોંધ કરેલ છેઃ–

"Mitigating circumstances:

In the exercise of its discretion in the above cases, the Court shall take into account the following circumstances:

(1) That the offence was committed under the influence of extreme mental or emotional disturbance.

(2) The age of the accused. If the accused is young or old, he shall not be sentenced to death.

(3) The probability that the accused would not commit criminal acts of violence as would constitute a continuing threat to society.

(4) The probability that the accused can be reformed and rehabilitated. The State shall by evidence prove that the accused does not satisfy the conditions 3 and 4 above.

(5) That in the facts and circumstances of the case the accused believed that he was morally justified in committing the offence.

(6) That the accused acted under the duress or domination of another person.

(7) That the condition of the accused showed that he was mentally defective and that the said defect unpaired his capacity to appreciate the criminality of his conduct."

નામદાર સુપ્રિમ કોર્ટે આ ચૂકાદામાં 'અપવાદમાં પણ અપવાદરૂપ કેસ' એટલે કે 'rarest of the rare case' અંગે એવું ઠરાવેલ છે કે,

"207. ...... It is, therefore, imperative to voice the concern that courts, aided by the broad illustrative guidelines indicated by us, will discharge the onerous function with evermore scrupulous care and humane concern, directed along the highroad of legislative policy outlined in Section 354(3), viz., that for persons convicted of murder, life imprisonment is the

rule and death sentence an exception. A real and abiding concern for the dignity of human life postulates resistance to taking a life through law's instrumentality. That ought not to be done save in the rarest of rare cases when the alternative option is unquestionably foreclosed."

(૨૦૮) બચન સીંઘ વિ. પંજાબ રાજ્યના ઉપર ઉલ્લેખ કરેલ ચૂકાદાને નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા, **માછી સીંઘ અને બીજાઓ વિ. પંજાબ રાજ્ય (એ.આઈ.આર. ૧૯૮૩ એસ.સી. ૯૫૭)** ના ચૂકાદામાં ગણનામાં લઈ, મૃત્યુદંડ અંગે ચર્ચા કર્યા બાદ , અપવાદમાં પણ અપવાદરૂપ કેસની ઓળખ અંગે માર્ગદર્શન આપતા નીચે મુજબ ઠરાવેલ છે:–

"The reasons why the community as a whole does not endorse the humanistic approach reflected in 'death sentence–in–no–case' doctrine are not far to seek. In the first place, the very humanistic edifice is constructed on the foundation of 'reverence for life' principle. When a member of the community violates this very principle by killing another member, the society may not feel itself bound by the shackles of this doctrine. Secondly, it has to be realized that every member of the community is able to live with safety without his or her own life being endangered because of the protective

arm of the community and on account of the rule of law enforced by it. The very existence of the rule of law and the fear of being brought to book operates as a deterrent to those who have no scruples in killing others if it suits their ends. Every member of the community owes a debt to the community for this protection. When ingratitude is shown instead of gratitude by 'Killing' a member of the community which protects the murderer himself from being killed, or when the community feels that for the sake of self preservation the killer has to be killed, the community may well withdraw the protection by sanctioning the death penalty. But the community will not do so in every case. It may do so (in rarest of rare cases) when its collective conscience is so shocked that it will expect the holders of the judicial power centre to inflict death penalty irrespective of their personal opinion as regards desirability or otherwise of retaining death penalty. The community may entrain such a sentiment when the crime is viewed from the platform of the motive for, or the manner of commission of the crime, or the anti-social or abhorrent nature of the crime, such as for instance:

I. Manner of Commission of Murder:

When the murder is committed in an extremely brutal, grotesque, diabolical. revolting, or dastardly manner so as to arouse intense and extreme indignation of the community. For instance,

(i) When the house of the victim is set aflame with the end in view to roast him alive in the house.

(ii) When the victim is subjected to inhuman acts of torture or cruelty in order to bring about his or her death.

(iii) When the body of the victim is cut into pieces or his body is dismembered in a fiendish manner.

II. Motive for Commission of murder:

When the murder is committed for a motive which evince total depravity and meanness. For instance when (a) a hired assassin commits murder for the sake of money or reward (2) a cold blooded murder is committed with a deliberate design in order to inherit property or to gain control over property of a ward or a person under the control of the murderer or vis-a-vis whom the murderer is in

a dominating position or in a position of trust. (c) a murder is committed in the course for betrayal of the motherland.

III. Anti Social or Socially abhorrent nature of the crime:

(a) When murder of a Scheduled Caste or minority community etc., is committed not for personal reasons but in circumstances which arouse social wrath. For instance when such a crime is committed in order to terrorize such persons and frighten them into fleeing from a place or in order to deprive them of, or make them with a view to reverse past injustices and in order to restore the social balance.

(b) In cases of 'bride burning' and what are known as 'dowry deaths' or when murder is committed in order to remarry for the sake of extracting dowry once again or to marry another woman on account of infatuation.

IV. Magnitude of Crime:

When the crime is enormous in proportion. For instance when multiple murders say of all or almost all the members of a family

or a large number of persons of a particular caste, community, or locality, are committed.

V. Personality of Victim of murder:

When the victim of murder is (a) an innocent child who could not have or has not provided even an excuse, much less a provocation, for murder. (b) a helpless woman or a person rendered helpless by old age or infirmity (c) when the victim is a person vis-a vis whom the murderer is in a position of domination or trust (d) when the victim is a public figure generally loved and respected by the community for the services rendered by him and the murder is committed for political or similar reasons other than personal reasons."

બાદમાં બચન સીંઘના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા અપાયેલ માર્ગદર્શન આધારે નીચે મુજબ નિરીક્ષણ કરાયેલ છેઃ-

"In this background the guidelines indicated in Bachan Singh's case (supra) will have to be culled out and applied to the facts of each individual case where the question of imposing of death sentences arises. The following propositions emerge from Bachan Singh's case:

(I) the extreme penalty of death need not be

inflicted except in gravest cases of extreme culpability;

(ii) Before opting for the death penalty the circumstances of the 'offender' also require to be taken into consideration alongwith the circumstances of the 'crime'.

(iii) Life imprisonment is the rule and death sentence is an exception. In other words death sentence must be imposed only when life imprisonment appears to be an altogether inadequate punishment having regard to the relevant circumstances of the crime, and provided, and only provided the option to impose sentence of imprisonment for life cannot be conscientiously exercised having regard to the nature and circumstances of the crime and all the relevant circumstances.

(iv) A balance sheet of aggravating and mitigating circumstances has to be drawn up and in doing so the mitigating circumstances has to be accorded full weightage and a just balance has to be struck between the aggravating and the

mitigating circumstances before the option is exercised."

વધુમાં આ ગાઈડલાઈન્સ સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટે એવું પણ ઠરાવેલ છે કેઃ–

"In order to apply these guidelines inter–alia the following questions may be asked and answered:

(a) Is there something uncommon about the crime which renders sentence of imprisonment for life inadequate and calls for a death sentence?

(b) Are the circumstances of the crime such that there is no alternative but to impose death sentence even after according maximum weightage to the mitigating circumstances which speak in favour of the offender ?

If upon taking an overall global view of all the circumstances in the light of the aforesaid proposition and taking into account the answers to the questions posed here in above, the circumstances of the case are such that death sentence is warranted, the court would proceed to do so."

(૨૦૯) ઉપરોક્ત ગાઈડલાઈનને વધુ વિસ્તૃત કરતા નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **રામનરેશ અને બીજાઓ વિ. છત્તીસગઢ રાજ્ય (એ.આઈ.આર. ૨૦૧૨ એસ.સી. ૧૩૫૭)** ના ચૂકાદામાં ગુનાની ઉગ્રતા વધારતા અને ઉગ્રતા ઘટાડતા સંજોગો નીચે મુજબ દર્શાવેલ છેઃ–

"Aggravating Circumstances:

(1) The offences relating to the commission of heinous crimes like murder, rape, armed dacoity, kidnapping etc. by the accused with a prior record of conviction for capital felony or offences committed by the person having a substantial history of serious assaults and criminal convictions.

(2) The offence was committed while the offender was engaged in the commission of another serious offence.

(3) The offence was committed with the intention to create a fear psychosis in the public at large and was committed in a public place by a weapon or device which clearly could be hazardous to the life of more than one person.

(4) The offence of murder was committed for ransom or like offences to receive money or monetary benefits.

(5) Hired killings.

(6) The offence was committed outrageously for want only while involving inhumane treatment and torture to the victim.

(7) The offence was committed by a person while in lawful custody.

(8) The murder or the offence was committed to prevent a person lawfully carrying out his duty like arrest or custody in a place of lawful confinement of himself or another. For instance, murder is of a person who had acted in lawful discharge of his duty under Section 43 Cr.P.C.

(9) When the crime is enormous in proportion like making an attempt of murder of the entire family or members of a particular community.

(10) When the victim is innocent, helpless or a person relies upon the trust of relationship and social norms, like a child, helpless woman, a daughter or a niece staying with a father/uncle and is inflicted with the crime by such a trusted person.

(11) When murder is committed for a motive which evidences total depravity and meanness.

(12) When there is a cold blooded murder without provocation.

(13) The crime is committed so brutally that it pricks or shocks not only the judicial conscience but even the conscience of the society.

Mitigating Circumstances :

(1) The manner and circumstances in and under which the offence was committed, for example, extreme mental or emotional disturbance or extreme provocation in contradistinction to all these situations in normal course.

(2) The age of the accused is a relevant consideration but not a determinative factor by itself.

(3) The chances of the accused of not indulging in commission of the crime again and the probability of the accused being reformed and rehabilitated.

(4) The condition of the accused shows that he was mentally defective and the defect impaired his capacity to appreciate the circumstances of his criminal conduct.

(5) The circumstances which, in normal course of life, would render such a behavior possible and could have the effect of giving rise to mental imbalance in that given situation like persistent

harassment or, in fact, leading to such a peak of human behavior that, in the facts and circumstances of the case, the accused believed that he was morally justified in committing the offence.

(6) Where the Court upon proper appreciation of evidence is of the view that the crime was not committed in a pre-ordained manner and that the death resulted in the course of commission of another crime and that there was a possibility of it being construed as consequences to the commission of the primary crime.

(7) Where it is absolutely unsafe to rely upon the testimony of a sole eye-witness though prosecution has brought home the guilt of the accused."

(૨૧૦) અત્રે હું **'નિર્ભયા'** ખૂન કેસના **<u>મુકેશ અને બીજા વિ. સ્ટેટ ઓફ એન.સી.ટી. દિલ્હી (એ.આઈ.આર. ૨૦૧૭ એસ.સી. ૨૧૬૧)</u>** પર રીપોર્ટ થયેલ ચૂકાદાનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું. આ ચૂકાદાના પેરેગ્રાફ-૧૩૪ માં ઉલ્લેખ કરેલ છે કે,

"134. In a landmark judgment Shankar Kisanrao Khade v. State of Maharashtra (2013) 5 SCC 546, Justice Madan B. Lokur (Concurring) after analysing various cases of rape and murder,

wherein death sentence was confirmed by this Court, in para (122) briefly laid down the grounds which weighed with the Court in confirming the death penalty and the same read as under:-

122. The principal reasons for confirming the death penalty in the above cases include:

(1) the cruel, diabolic, brutal, depraved and gruesome nature of the crime (Jumman Khan v. State of U.P. (1991) 1 SCC 752, Dhananjoy Chatterjee v. State of W.B. (1994) 2 SCC 220, Laxman Naik v. State of Orissa (1994) 3 SCC 381, Kamta Tewari v. State of M.P. (1996) 6 SCC 250, Nirmal Singh v. State of Haryana (1999) 3 SCC 670, Jai Kumar v. State of M.P. (1999) 5 SCC 1, State of U.P. v. Satish (2005) 3 SCC 114, Bantu v. State of U.P. (2008) 11 SCC 113, Ankush Maruti Shinde v. State of Maharashtra (2009) 6 SCC 667, B.A. Umesh v. State of Karnataka (2011) 3 SCC 85, Mohd. Mannan v. State of Bihar (2011) 5 SCC 317 and Rajendra Pralhadrao Wasnik v. State of Maharashtra (2012) 4 SCC 37);

(2) the crime results in public abhorrence, shocks the judicial conscience or the conscience of society or the community (Dhananjoy Chatterjee (1994) 2 SCC 220, Jai Kumar (1999) 5 SCC 1, Ankush Maruti Shinde (2009) 6 SCC 667 and Mohd. Mannan (2011) 5 SCC 317);

(3) the reform or rehabilitation of the convict is not likely or that he would be a menace to society (Jai Kumar(1999) 5 SCC 1, B.A. Umesh (2011) 3 SCC 85 and Mohd. Mannan (2011) 5 SCC 317);

(4) the victims were defenceless (Dhananjoy Chatterjee (1994) 2 SCC 220, Laxman Naik (1994) 3 SCC 381, Kamta Tewari (1996) 6 SCC 250, Ankush Maruti Shinde (2009) 6 SCC 667, Mohd. Mannan (2011) 5 SCC 317 and Rajendra Pralhadrao Wasnik (2012) 4 SCC 37);

(5) the crime was either unprovoked or that it was premeditated (Dhananjoy Chatterjee (1994) 2 SCC 220, Laxman Naik (1994) 3 SCC 381, Kamta Tewari (1996) 6 SCC 250, Nirmal Singh (1999) 3 SCC 670, Jai Kumar (1999) 5 SCC 1, Ankush Maruti Shinde (2009) 6 SCC 667, B.A.

Umesh (2011) 3 SCC 85 and Mohd. Mannan (2011) 5 SCC 317) and in three cases the antecedents or the prior history of the convict was taken into consideration (Shivu v. High Court of Karnataka (2007) 4 SCC 713, B.A. Umesh (2011) 3 SCC 85 and Rajendra Pralhadrao Wasnik (2012) 4 SCC 37)."

આ પ્રત્યેક સંજોગો હાલના કેસમાં સ્પષ્ટપણે જણાઈ આવે છે, જેની વિગતવાર ચર્ચા હવે પછીના પેરેગ્રાફમાં કરેલ છે.

વધુમાં આચૂકાદાના પેરેગ્રાફ-૧૩૫ માં ઉલ્લેખ કરેલ છે કે,

"135. We also refer to para (106) of Shankar Kisanrao Khades case where Justice Madan B. Lokur (Concurring) has exhaustively analysed the case of rape and murder where death penalty was converted to that of imprisonment for life and some of the factors that weighed with the Court in such commutation. Para (106) reads as under:-

106. A study of the above cases suggests that there are several reasons, cumulatively taken, for converting the death penalty to that of imprisonment for life. However, some of the

factors that have had an influence in commutation include:

(1) the young age of the accused [Amit v. State of Maharashtra (2003) 8 SCC 93 aged 20 years, Rahul v. State of Maharashtra (2005) 10 SCC 322 aged 24 years, Santosh Kumar Singh v. State (2010) 9 SCC 747 aged 24 years, Rameshbhai Chandubhai Rathod (2) (2011) 2 SCC 764 aged 28 years and Amit v. State of U.P. (2012) 4 SCC 107 aged 28 years];

(2) the possibility of reforming and rehabilitating the accused (in Santosh Kumar Singh (2010) 9 SCC 747 and Amit v. State of U.P.(2012) 4 SCC 107 the accused, incidentally, were young when they committed the crime);

(3) the accused had no prior criminal record (Nirmal Singh (1999) 3 SCC 670, Raju (2001) 9 SCC 50, Bantu (2001) 9 SCC 615, Amit v. State of Maharashtra (2003) 8 SCC 93, Surendra Pal Shivbalakpal (2005) 3 SCC 127, Rahul (2005) 10 SCC 322 and Amit v. State of U.P (2012) 4 SCC 107);

(4) the accused was not likely to be a menace or threat or danger to society or the community (Nirmal Singh (1999) 3 SCC 670, Mohd. Chaman (2001) 2 SCC 28, Raju (2001) 9 SCC 50, Bantu (2001) 9 SCC 615, Surendra Pal Shivbalakpal (2005) 3 SCC 127, Rahul (2005) 10 SCC 322 and Amit v. State of U.P. (2012) 4 SCC 107).

(5) a few other reasons need to be mentioned such as the accused having been acquitted by one of the courts (State of T.N. v. Suresh (1998) 2 SCC 372, State of Maharashtra v. Suresh (2000) 1 SCC 471, State of Maharashtra v. Bharat Fakira Dhiwar (2002) 1 SCC 622, State of Maharashtra v. Mansingh (2005) 3 SCC 131 and Santosh Kumar Singh (2010) 9 SCC 747);

(6) the crime was not premeditated (Kumudi Lal v. State of U.P. (1999) 4 SCC 108, Akhtar v. State of U.P. (1999) 6 SCC 60, Raju v. State of Haryana (2001) 9 SCC 50 and Amrit Singh v. State of Punjab (2006) 12 SCC 79);

(7) the case was one of circumstantial evidence (Mansingh (2005) 3 SCC 131 and Bishnu Prasad Sinha (2007) 11 SCC 467).

(૨૧૧) ઉપરોક્ત સ્થાપિત કાનૂની સ્થિતિ ધ્યાને લેતાં, હાલના કેસમાં આરોપીએ કરેલ જઘન્ય ગુના સંબંધે ઉગ્રતા વધારતા સંજોગો તથા ઉગ્રતા ઘટાડતા સંજોગો અલગ તારવી, આ અદાલત દ્વારા તેના પર પુખ્ત વિચારણા કરવામાં આવેલ છે. રેકર્ડ પર આવેલ આ સંજોગો નીચે મુજબ દર્શાવી શકાય.

[A] **ઉગ્રતા વધારતા સંજોગો** (Aggravating Circumstances):

**(૧) <u>આરોપીની કઠોર, ક્રોધી તથા વિકૃત ગુનાહિત માનસિકતાઃ</u>–**

આ અંગે રેકર્ડ પર આવેલ સ્પષ્ટ પુરાવા મુજબ, આરોપીનું આખો દિવસ મોબાઈલમાં વ્યસ્ત રહેવું, હિંસક ગેમ્સ રમ્યા કરવી, હિંસક વેબસીરીઝો જોવી, માનેલી બહેન ક્રિષ્નાબેન સાથે ઈન્સ્ટાગ્રામ ચેટમાં અત્યંત ગંદી ગાળો ભરેલી ભાષાનો ઉપયોગ કરવો, આ ચેટમાં જ કોઈ વ્યક્તિને માર્યાનું, માથું ફોડી નાંખ્યાનું અને તે કારણે લોહીવાળા થયેલા એક જોડી કપડાં ઓછા થયાનું જણાવવું, કપલ બોક્સ ચલાવવા અને તે દરમ્યાન પોલીસ આવી જતાં શું પરિસ્થિતિ થયેલ તેનું વર્ણન કરવું, (ગ્રીષ્માને) હું જ મારીશ, બીજું નહીં, તેવું જણાવવું, કોઈ વચ્ચે આવશે તો તેને નુકસાન થશે તેવું કોઈ રબારી જ્ઞાતિની વ્યક્તિને અત્યંત ગંદી ગાળ દ્વારા જણાવવું, મરનાર ગ્રીષ્માબેનના મામા આરોપીને બીજી વાર સમજાવવા ગયા ત્યારે આરોપીએ "જોઈ લો, હવે હું શું કરું છું" તેમ કહી ધમકી આપવી, આરોપીના ઘરે સમજાવવા ગયેલ ગૌરાંગભાઈ બલરને લાફો મારી દેવો, પોતે ગ્રીષ્માને મારવાનો છે તેવી જાણ માનેલી બહેન ક્રિષ્નાબેનને કરવી, તે તમામ બાબતોનો ઉલ્લેખ કરી શકાય. આ તમામ

બાબતો આરોપીની કઠોર, ક્રોધી અને વિકૃત ગુનાહિત માનસિકતાનો પરીચય આપે છે.

**(૨) <u>હત્યાનું કારણઃ</u>–**

કોઈ પણ ભોગે મરનાર ગ્રીષ્માબેન સાથે સંબંધ બાંધવાના ઉદ્વેશમાં નિષ્ફળતા. આ સંદર્ભે નીચેના સંજોગો ઉગ્રતા વધારતા જણાય છે.

(i) આરોપી મરનાર ગ્રીષ્માબેનની અનિચ્છા છતાં, કોઈ પણ ભોગે તેની સાથે સંબંધ બાંધવા તેનો પીછો કરી, રસ્તો રોકી, તેની બેગ તેમજ તેનો હાથ પકડી લઈ, મોબાઈલ ફોન પર મેસેજ કરી તેને હેરાન કરતા હતા.

(ii) મરનાર ગ્રીષ્માબેનના પરીવારના સભ્યો આરોપીને સમજાવવા જતાં આરોપીએ તેઓને ધમકી આપવી, શાહેદ ગૌરાંગભાઈ બલરને લાફો મારવો તથા ત્યાર બાદ પણ મરનાર ગ્રીષ્માબેનનો પીછો ચાલું રાખવો.

**(૩) <u>હત્યાનો નિર્ણય, આયોજન અને પૂર્વતૈયારીઃ</u>–**

(i) રેકર્ડ પર આવેલ પુરાવા મુજબ, આરોપીએ જુલાઈ–૨૦૨૧ થી મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારની હત્યાનો નિર્ણય કરી, પ્લાનીંગ હાથ ધરેલ.

(ii) આરોપી દ્વારા આ પ્લાનીંગના ભાગ રૂપે જ આર્મી નાઈફ, સર્વાઈવલ નાઈફ, શેફ્સ કિચન નાઈફ, તલવાર, ગન, ૯ mm

પીસ્તોલ, દેશી તમંચો (કટ્ટા), ભારતમાં તથા પાકિસ્તાનમાં મળતા ગેરકાયદે હથિયારો તથા એરગન ઉપરાંત AK–47 રાઈફલ તથા તેની કિંમતો વગેરે અંગે ઓનલાઈન સર્ચ કરવું.

(iii) ઉપરોક્ત હથિયારો તથા ખાસ કરીને ફાયર આર્મ્સ કઈ રીતે લોડ થાય વગેરે અંગે યુટ્યુબ ચેનલ પર અભ્યાસ કરવો.

(iv) હથિયારોના વેપારી સાથે બીઝનેશ ચેટનો પ્રયત્ન.

(v) તારીખઃ ૨૪.૧૨.૨૦૨૧ ના રોજ એટલે કે બનાવના આશરે દોઢ મહિના પહેલાં ફ્લીપકાર્ટ એપ દ્વારા પ્રોફેશ્નલ સર્વાઈવલ નાઈફનો ઑર્ડર આપવો.

(vi) તારીખઃ ૦૫.૦૧.૨૦૨૨ ના રોજ ઉપરોક્ત પ્રોફેશ્નલ સર્વાઈવલ નાઈફનો ઑર્ડર કેન્સલ કરવો.

(vii) તેના બીજા જ દિવસે એટલે કે તારીખઃ ૦૬.૦૧.૨૦૨૨ ના રોજ, આરોપીએ તેના મિત્રને પોતાના ઈરાદાનો અણસાર ન આવે તે રીતે, તેને જુઠ્ઠું બોલીને સાથે લઈ જઈ, ડી–માર્ટ સ્ટોરમાંથી ૧૨ ઈંચ લાંબા સ્ટીલના ધારદાર પાનાવાળા ચપ્પુની ખરીદી કરવી.

(viii) ત્યાર બાદ તેના મિત્ર મીત કુંભાણીના મિત્ર ચિરાગ સોજીત્રા પાસેથી અત્યંત ધારદાર, ખાંચા ધરાવતું બીજું પ્રોફેશ્નલ ચપ્પુ ખરીદવું.

(ix) ઉપરોક્ત બંને ચપ્પુ પોતાની લેપટોપ બેગમાં મૂકી, તેમના મિત્ર મીત કુંભાણીના કાફે પર સંતાડી રાખવું.

(x) હત્યાના દિવસે કોઈ પણ સંજોગોમાં નિષ્ફળ ન જવાય તે હેતુથી ઉપરોક્ત બંને ચપ્પુઓ લઈને બનાવના સ્થળે જવું. આ તમામ સંજોગોનો ઉલ્લેખ કરી શકાય.

આ સંજોગો સ્પષ્ટપણે એવું દર્શાવે છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારને મારી નાંખવાનો નિર્ણય કર્યા બાદ તેને અંજામ આપવા માટે ફુલપ્રુફ પ્લાન બનાવી, તેના એક ભાગ રૂપે તિક્ષ્ણ હથિયારો એટલે કે બે ચપ્પુની ખરીદી કરેલ અને પોતાના ગુનાહિત ઈરાદાની જાણ પોતાના મિત્રો ન થાય તેની પૂરતી કાળજી લીધેલ.

(૪) **પૂર્વ નિર્ણય તથા પૂર્વ ઈરાદા આધારે, સંપૂર્ણ પૂર્વતૈયારી બાદ, બનાવના દિવસની આરોપીની ગણતરીપૂર્વકની વર્તણૂંક:-**

આ અંગે રેકર્ડ પર આવેલ પુરાવા મુજબ,

(i) બનાવના દિવસે એટલે કે તારીખઃ ૧૨.૦૨.૨૦૨૨ ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યાથી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી મિત્ર મીત કુંભાણીના કાફે પર મોબાઈલમાં ગેમ રમવી.

(ii) પોતે ઘણા સમય પહેલાં અભ્યાસ છોડી દીધેલ હોવા છતાં મિત્ર અભિષેક કુકડીયા સાથે મરનાર ગ્રીષ્માબેનનો પીછો કરવા તેની કોલેજે જવું.

(iii) મરનાર ગ્રીષ્માબેનની બહેનપણી ધૃતિબેન પર મરનાર ગ્રીષ્માબેનને મળાવવા દબાણ કરવું.

(iv) મરનાર ગ્રીષ્માબેનની બહેનપણી ધૃતિબેને, ગ્રીષ્માબેન ક્લાસમાં હોઈ, મળાવવા ઈન્કાર કરતા, ગ્રીષ્માબેનના ઘરે જઈ કંઈક મોટું કરશે, તેવી ધમકી આપવી અને ત્યાંથી નીકળી જવું.

(v) બાદમાં ગ્રીષ્માબેન ચેતી ન જાય તે હેતુથી, પરત આવી, તેઓ ગ્રીષ્માબેન સાથે માત્ર વાતચીત કરશે, તેના ઘરે નહીં જાય, તેવું શાહેદ ધૃતિબેનને જણાવવું.

ઉપરોક્ત તમામ બાબતો એ હકીકત સ્પષ્ટ કરે છે કે, ગ્રીષ્માબેનને મારતા અગાઉ આરોપીએ ગ્રીષ્માબેનની કોલેજે જઈ તેની રેકી કરેલ અને તેને મળવાનો પ્રયત્ન કરેલ. વધુમાં તેમના ગુનાહિત ઈરાદાની શાહેદ ધૃતિબેનને કે મરનાર ગ્રીષ્માબેનનેખબર ન પડી જાય તે માટે તકેદારી લીધાનું જણાય છે.

(૫) **<u>મરનાર ગ્રીષ્માબેનની ભયભીત અને નિઃસહાય સ્થિતિઃ</u>–**

રેકર્ડ પર આવેલ સ્પષ્ટ પુરાવા મુજબ,

(i) મરનાર ગ્રીષ્માબેન આરોપીથી અત્યંત ભયભીત હતા અને દબાણ અનુભવતી હતી.

(ii) બનાવના દિવસે શાહેદ ધૃતિબેન મારફતે આરોપી તેનો પીછો કરતા કોલેજ બહાર આવ્યાની જાણ થતાં, મરનાર ગ્રીષ્માબેન દ્વારા પોતાના મોબાઈલ ફોન પરથી તેના આન્ટી રેણુકાબેનને ફોન કરી, તેને હેરાન કરતો આરોપી કોલેજ બહાર ઉભો છે તેવી જાણ કરી, પોતાને કોલેજ પરથી લઈ જવા જણાવવું.

(iii) મરનાર ગ્રીષ્માબેનના આન્ટી રેણુકાબેન દ્વારા, તે ન આવે ત્યાં સુધી ગ્રીષ્માબેનને તેની બહેનપણીઓ સાથે જ રહેવા જણાવવું.

(iv) શાહેદ રેણુકાબેન મરનાર ગ્રીષ્માબેનને લેવા કોલેજ પહોંચ્યા અને મોબાઈલ ફોનથી પોતે આવી ગયાની જાણ કરતા છતાં મરનાર ગ્રીષ્માબેને બહાર આવવાના બદલે, આરોપી કોલેજની બહાર નથી ને? તેની ખરાઈ કરવા રેણુકાબેનને જણાવવું અને આરોપી ન હોવાની ખાતરી થયા પછી જ કોલેજના દરવાજા બહાર આવવું.

આ સંજોગો સ્પષ્ટપણે એ હકીકતનું નિરૂપણ કરે છે કે, મરનાર ગ્રીષ્માબેન આરોપી સાથે સંબંધ રાખવા અને મળવા માંગતી ન હતી, બલ્કે તેણી આરોપીથી અત્યંત ભયભીત હતી.

(૬) <u>ગ્રીષ્માબેનનો પીછો કર્યા બાદની આરોપીની વર્તણૂંકઃ</u>–

આ સંબંધે રેકર્ડ પર આવેલ પુરાવા મુજબ,

(i) બનાવના દિવસે ગ્રીષ્માબેનનો પીછો કરતા આરોપી તેમના મિત્ર સાથે ગ્રીષ્માબેનની કોલેજ પર જઈ, ગ્રીષ્માબેનને મળાવવા શાહેદ ધૃતિબેનને દબાણ કરે છે અને ગ્રીષ્માબેન ક્લાસમાં હોઈ, ધૃતિબેને મળાવવા ઈન્કાર કરતા ગ્રીષ્માબેનના ઘરે જઈ કંઈક મોટું કરશે, તેવી ધમકી આપી, આરોપી નીકળી ગયા બાદ મિત્ર અભિષેક કુકડીયા સાથે ગોલ્ડન સ્કવેર પર બેસવું.

(ii) આ દરમ્યાન માનેલી બહેન ક્રિષ્નાબેન ખૂંટ સાથે ઈન્સ્ટાગ્રામ પર ચેટ કરી, ઘણા સમયથી પોતે કાંઈ કરવા માંગે છે, પણ પોતાના

ઘરે કોઈને કોઈ પ્રસંગ આવી જતો હોવાની જાણ કરી, પોતે ગ્રીષ્માબેનનો પીછો કરતાં તેની કોલેજ ગયો, ગ્રીષ્માબેનને મળાવવા શાહેદ ધૃતિબેનને કહેલું અને ધૃતિબેને ઈન્કાર કર્યો વગેરે બાબતોની જાણ કરી.

(iii) આથી માનેલી બહેન ક્રિષ્નાબેને આરોપીને જણાવ્યું કે, તેણે ગ્રીષ્માની બહેનપણીને નહીં, પણ ગ્રીષ્માને પકડવાની હતી અને હવે ગ્રીષ્માને ખબર પડી જશે કે, ફેનિલ (આરોપી) તેની પાછળ પડ્યો છે.

(iv) આથી આરોપી દ્વારા તેની માનેલી બહેન ક્રિષ્નાબેનને બીજુ ચપ્પુ કાફે પર પડ્યું છે તેમ જણાવી, હમણાં જ ચપ્પુ લઈને જાઉં અને ગ્રીષ્માને ઉપાડી લઉં (મારી નાંખું) તેમ કહી, હવે મેસેજ ન કરતી, તેમ જણાવી, બધી જ ચેટ ડીલીટ કરી નાંખતા હોવાની જાણ કરે છે.

(v) આરોપીનું ત્યાર બાદ પોતાના ઈરાદામાં કોઈ પણ સંજોગોમાં નિષ્ફળ ન જવાય, તે હેતુથી મિત્રના કાફે પરથી બે ચપ્પુ લઈને પોતાની બાઈક પર મરનાર ગ્રીષ્માબેનના ઘર તરફ પહોંચવું.

ઉપરોક્ત બાબતો, આરોપીએ બનાવ અગાઉ તેમની માનેલી બહેન ક્રિષ્નાબેન સાથે ઈન્સ્ટાગ્રામ પર ચેટ કરીને તેમણે લીધેલ નિર્ણય તથા યોજના મુજબ કરેલ તૈયારી અને પોતે ગ્રીષ્માબેનને મારવા જતો હોવાની જાણ કર્યાનું દર્શાવે છે.

**(૭) <u>આરોપી દ્વારા મરનાર ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈ તથા નાના ભાઈ ધ્રુવ પર જીવલેણ હુમલોઃ</u>–**

રેકર્ડ પર આવેલ પુરાવા મુજબ,

(i) શાહેદ રેણુકાબેન સાથે કોલેજેથી સાંજે ૫ઃ૧૫ વાગ્યે ઘરે પહોંચેલ ગ્રીષ્માનું તેની માતા, નાના ભાઈ ધ્રુવ તથા આન્ટી રેણુકાબેન સાથે ઘરની બહાર ઓટલા પર બેસવું.

(ii) થોડી જ વારમાં, આરોપીને બાઈક પર પોતાની શેરીમાં જોતાં, ભયભીત ગ્રીષ્માબેન દ્વારા તેના માતા વિલાસબેન તથા આન્ટી રેણુકાબેનને જાણ કરવી.

(iii) ગ્રીષ્માબેનને ભયભીત જોઈને તેના નાના ભાઈ ધ્રુવનું, પાછળની શેરીમાં રહેતા મોટા પપ્પા સુભાષભાઈને બોલાવવા જવું.

(iv) ગ્રીષ્માબેનના નાના ભાઈ ધ્રુવ અને મોટા પપ્પા સુભાષભાઈનું આરોપીને પૂછવું કે, "ગ્રીષ્માને હેરાન કરે છે તે છોકરો તું છે?"

(v) કોઈ પણ પ્રકારની ઉશ્કેરણી ન થવા છતાં આરોપીનું કાંઈ જ બોલ્યા વિના મરનાર ગ્રીષ્માબેનના નિઃશસ્ત્ર અને નિઃસહાય મોટા પપ્પા સુભાષભાઈને પેટમાં અત્યંત ધારદાર ખાંચાવાળું પ્રોફેશ્નલ ચપ્પુ ઘુસાડી દેવું.

(vi) આ ખાંચાવાળું ચપ્પુ સુભાષભાઈના પેટમાં ઘુસાડી દઈ, ખેંચી લેવાથી સુભાષભાઈના પેટના અવયવો (આંતરડા) નું બહાર

આવવા લાગવું અને હોજરીની બંને બાજુ છીદ્ર પડી જઈ, ગંભીર જીવલેણ ઈજા થવી.

(vii) કોઈ પણ ઈશ્કેરણી વિના આરોપીનો નિઃશસ્ત્ર એવા ધ્રુવ પર તે જ ચપ્પુ વડે હુમલો કરવો, ધ્રુવને ચપ્પુથી માથામાં ઈજા કરવી તથા વધુ હુમલો કરતા, ધ્રુવ દ્વારા આરોપીના હાથમાંનું ચપ્પુ પકડી લેતાં જમણા હાથની હથેળીનો ભાગ કપાઈ જવો.

(viii) સુભાષભાઈ તથા ધ્રુવ ઈજાગ્રસ્ત અને લોહીલુહાણ હાલતમાં ઘર તરફ ભાગતા આરોપી દ્વારા ચપ્પુ લઈને તેઓની પાછળ દોડવું.

ઉપરોક્ત સંજોગો સ્પષ્ટપણે એ હકીકત દર્શાવે છે કે, આ સમયે પણ મરનાર ગ્રીષ્માબેન આરોપીથી ભયભીત હતા; ઈજા પામનાર સુભાષભાઈ કે ધ્રુવ દ્વારા આરોપીને કોઈ પણ ઉશ્કેરણી કરવામાં આવેલ ન હતી તેમજ આરોપીએ મરનાર ગ્રીષ્માબેન તથા તેના પરીવારની હત્યાના પ્લાનને અમલમાં મૂકવા સૌપ્રથમ ગ્રીષ્માબેનના મોટા પપ્પા સુભાષભાઈ અને નાના ભાઈ ધ્રુવ પર જીવલેણ હુમલો કરેલ.

**(૮) <u>આરોપી દ્વારા ગ્રીષ્માબેનની અત્યંત ઘાતકી અને હેવાનિયતભરી રીતે, નિર્દયતાથી, અનેક લોકોની હાજરીમાં, સરાજાહેર ગળું કાપી નાંખી કરાયેલ કરપીણ હત્યાઃ</u>–**

આ સંબંધે રેકર્ડ પર આવેલ પુરાવા મુજબ,

(i) મોટા પપ્પા સુભાષભાઈ તથા નાના ભાઈ ધ્રુવને લોહીલુહાણ તથા ઈજાગ્રસ્ત હાલતમાં ઘર તરફ આવતા જોઈ, મરનાર ગ્રીષ્માબેન,

તેના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેનનું દોડીને સામે જવું.

(ii) મરનાર ગ્રીષ્માબેનને સામેથી દોડીને આવતા જોતાં, ખાંચાવાળું ચપ્પુ કવર સાથે પોતાના પેન્ટના નેફામાં ખોસી, આરોપીએ સામેથી આવતા ગ્રીષ્માબેનને ગળેથી પકડી, પોતાની પાસેનું ડી–માર્ટ સ્ટોરમાંથી ખરીદલ ૧૨ ઈંચનું મોટું ધારદાર સ્ટીલનું ચપ્પુ ગ્રીષ્માબેનના ગળા પર મૂકી, તેને ખુલ્લા પ્લોટ તરફ ખેંચી લઈ જવું.

(iii) આ દરમ્યાન મરનાર ગ્રીષ્માબેન તરફથી કોઈ જ ગેરવર્તન કે ઉશ્કેરણી ન હોવી;

(iv) આરોપીએ એક હાથથી ગ્રીષ્માબેનનું ગળું દબાવી રાખેલ હોઈ અને પોતાના બીજા હાથમાંનું ચપ્પુ ગ્રીષ્માબેનના ગળા પર રાખેલ હોઈ, મરનાર ગ્રીષ્માબેન તદ્દન નિઃસહાય હાલતમાં હતી;

(v) મરનાર ગ્રીષ્માબેન તદ્દન નિઃશસ્ત્ર હતા;

(vi) આરોપીએ ૧૨ ઈંચનું ધારદાર સ્ટીલનું ચપ્પુ ગ્રીષ્માબેનના ગળા પર મૂકેલ હોઈ અને બીજા હાથે તેનું ગળું દબાવી રાખેલ હોઈ, તે સંપૂર્ણ આધિપત્ય ધરાવતી મજબૂત સ્થિતિમાં હતો;

(vii) ગ્રીષ્માબેનના લોહીલુહાણ નાના ભાઈ, ગ્રીષ્માબેનના માતા વિલાસબેન તથા શાહેદ રેણુકાબેનની બૂમાબૂમ સાંભળી સોસાયટીના રહીશોનું બનાવના સ્થળે આવી જવું;

(viii) આરોપીનું મરનાર ગ્રીષ્માબેનને એક હાથ નીચે ગળેથી દબાવી, બીજા હાથમાંનું મોટું ધારદાર ચપ્પુ ગ્રીષ્માબેનના ગળા પર મૂકી, ત્યાં આવી ગયેલ લોકોના માનસમાં મોટા પાયે, અત્યંત ભય અને ત્રાસ થાય તે રીતે ઉભા રહેવું અને ચપ્પુની અણીએ લોકોને દૂર રાખવા;

(ix) આરોપી દ્વારા પોતે મરનાર ગ્રીષ્માબેનને અને તેના ઘરના બધાને જ મારી નાંખશે તેવી ધમકી આપવી;

(x) ગ્રીષ્માબેનના લોહીલુહાણ અને ઈજાગ્રસ્ત નાના ભાઈ ધ્રુવ, માતા વિલાસબેન, શાહેદ રેણુકાબેન તથા સોસાયટીના રહીશો દ્વારા આરોપીને આજીજી તથા વિનંતી કરી, ગ્રીષ્માબેનને છોડી દેવા કરગરવું.

(xi) પોતાના હાથ નીચે દબાયેલ નિઃસહાય ગ્રીષ્માબેનનું રુદન, આરોપીને આજીજી કરતા અને વિલાપ કરતા ગ્રીષ્માબેનના માતા, ઈજાગ્રસ્ત નાનો ભાઈ ધ્રુવ તથા ભેગા થઈ ગયેલા લોકો પરત્વે આરોપીને એક ક્ષણ માટે પણ દયાની લાગણી ન થવી;

(xii) આરોપી દ્વારા તમામ વ્યક્તિઓને સ્વસ્થતાપૂર્વક દૂર રહેવાની સૂચના આપી, કોઈ નજીક આવવા પ્રયત્ન કરે તો ગ્રીષ્માબેનના ગળા પર ચપ્પુ દબાવી પીડા આપવી અને તેથી ગ્રીષ્માબેનના ગળા પરથી લોહી નીકળવા લાગવું;

(xiii) ગ્રીષ્માબેનના ઈજાગ્રસ્ત નાના ભાઈ ધ્રુવે એક પગલું આગળ

ભરતાં, આરોપી દ્વારા તેને પાછળ રહેવા સૂચના આપવી, આરોપી દ્વારા ગ્રીષ્માબેનના ગળા પર એક કાપો મૂકવો;

(xiv) ત્યાર બાદ આરોપીનું આગળ ઝૂકી, ગ્રીષ્માબેનના ગળાનું નિરીક્ષણ કરી, ગળા પર Adam's apple નીચે, ટ્રેકીયાના ભાગ પર આવે તે રીતે એકદમ ચોકસાઈથી ચપ્પુ ગોઠવી, અત્યંત સ્વસ્થતાથી અને ઠંડા કલેજે, ઘાતકી રીતે, પૂરી તાકાતથી, તમામ લોકોની હાજરીમાં, સરાજાહેર રીતે ગ્રીષ્માબેનના ગળા પર ઝટકા સાથે ચપ્પુ ઘસી નાખી, ગ્રીષ્માબેનનો ટ્રેકીયાનો ભાગ અલગ થઈ જાય તે રીતે તેનું ગળું કાપી નાંખવું;

(xv) આરોપીના આ કૃત્યથી બનાવના સ્થળે હાજર તમામ લોકોમાં અત્યંત ભય, ત્રાસ અને આઘાત વ્યાપી જવો, ગ્રીષ્માબેનના ભાઈનું સમતોલન ગૂમાવી વિલાપ સાથે નીચે બેસી જેવું, ગ્રીષ્માબેનના માતા તથા અન્ય લોકોમાં દહેશત તથા ભય વ્યાપવો;

(xvi) આરોપીના પગ પાસે નીચે બેભાન પડેલ ગ્રીષ્માબેનનો હાથ આરોપીના બુટ પાસે ઢળવો, તેની ગરદન નમી જવી તથા અંતિમ શ્વાસ દરમ્યાન ગળાના કપાયેલા ઘા માંથી ઉપરાઉપરી લોહીના ફુવારા થવા અને તે જોવા છતાં પણ, આરોપીને કોઈ જ દયા, અફસોસ, રંજ કે પસ્તાવાની લાગણી ન થવી;

(xvii) મરનાર ગ્રીષ્માબેન મૃત્યુ પામે તેની પૂરી ખાતરી ન થાય ત્યાં સુધી ચપ્પુની અણીએ આરોપીનું કોઈને નજીક ન આવવા દેવું.

(xviii) બાદમાં આરોપીએ એક હાથે ચપ્પુ પકડી, બીજા હાથે પોતાના પેન્ટના આગળના ખિસ્સામાંથી પ્લાસ્ટીકના કાગળમાંથી કાંઈક કાઢીને ખાવું અને કાગળ ગ્રીષ્માબેનના શરીર પાસે ફેંકવો અને પછી પોતાના હાથે ચપ્પુ ઘસી, ચપ્પુ ત્યાં જ ફેંકી દેવું;

(xix)બાદમાં જે ચપ્પુથી સુભાષભાઈ તથા ધ્રુવ પર જીવલેણ હુમલો કરેલ, તે ધારદાર ખાંચાવાળું પ્રોફેશ્નલ ચપ્પુ કે જે તેના પેન્ટના નેફામાં કવર સાથે ભરાવેલ, તે ચપ્પુ કાઢી આરોપીનું ગ્રીષ્માબેનના ઘર તરફ ધસી જવું;

(xx) ગ્રીષ્માબેનના ઘર પાસે પહોંચી, આરોપી દ્વારા પોતાના મોબાઈલ ફોન દ્વારા પોતાના માસીના દીકરા આકાશ વઘાસીયાને બે વાર ફોન કરી તથા તેમના પૂર્વ મકાન માલિક હરેશભાઈ વેકરીયાને ફોન કરી, પોતે ગ્રીષ્માબેનને મારી નાંખી છે તેવી જાણ કરવી.

(xxi)ગ્રીષ્માબેનના ઘર પાસે પહોંચી પોતાના હાથમાં રહેલ ખાંચાવાળા ચપ્પુ વડે લોકોને ડરાવવાની કોશિશ કરવી.

ઉપરોક્ત સંજોગો ધ્યાને લેતાં, એ હકીકત સ્પષ્ટપણે ફલિત થાય છે કે, આરોપીએ સુભાષભાઈ તથા ધ્રુવને જે ચપ્પુથી જીવલેણ ઈજા કરેલ, તે ખાંચાવાળા ચપ્પુથી મરનાર ગ્રીષ્માબેનને મારતા નથી અથવા તો તે ચપ્પુ જે તે સમયે અને જે તે સ્થળે ફેંકી પણ દેતા નથી; આરોપી તે ખાંચાવાળું ચપ્પુ અન્ય કોઈને મારી નાંખવા અથવા તો જીવલેણ ઈજા કરવાના ઉદ્દેશથી પોતાના પેન્ટના નેફામાં ખોસી દે છે અને ગ્રીષ્માબેનને

મારવા માટે પોતાની પાસેના બીજા ચપ્પુનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત એવું પણ ફલિત થાય છે કે, મરનાર ગ્રીષ્માબેન તથા બનાવના સ્થળે હાજર કોઈ પણ વ્યક્તિએ આરોપીને કોઈ પણ પ્રકારની ઉશ્કેરણી કરેલ નથી, બલ્કે, મરનાર ગ્રીષ્માબેન તથા સ્થળ પર હાજર અન્ય તમામ લોકોની વિનંતી તથા આજીજીને અવગણીને, આરોપી અત્યંત નિર્દયતાથી અને ઘાતકી રીતે મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી નાંખે છે. આરોપીએ ચપ્પુ માર્યા બાદ ગ્રીષ્માબેન નીચે પડી જાય છે અને તેના ગળામાંથી લોહીના ફુવારા ઉડે છે અને થોડી ક્ષણોમાં તે મૃત્યુ પામે છે; ત્યાં હાજર લોકો અત્યંત વિલાપ અને રુદન કરે છે, તેમ છતાં આરોપીને તેમના કૃત્ય બદલ સહેજ પણ દુઃખ, પીડા, અફસોસ, પસ્તાવો કે રંજ થતો નથી અને તેમણે આ કૃત્ય સ્વસ્થતાપૂર્વક, ગણતરીપૂર્વક અને ઈરાદાપૂર્વક કર્યું હોવાનું જણાય છે.

અત્રે એ નોંધવું જરૂરી માનું છું કે, આરોપી મરનાર ગ્રીષ્માબેનના ગળે ચપ્પુ મૂકીને ખુલ્લા પ્લોટ તરફ લઈ જાય છે ત્યારે જ નોકરીએથી ઘરે આવતા શાહેદ રાહુલ ઉકાણીએ હત્યાની આ સમગ્ર ઘટનાનું પોતાના મોબાઈલ ફોનમાં વિડીયો રેકોર્ડીંગ કરેલ, જે આ અદાલત સમક્ષ યોગ્ય રીતે પુરવાર થયેલ છે, જે ધ્યાનપૂર્વક જોતાં, ઉપરોક્ત તમામ સંજોગોનું સ્પષ્ટ નિરીક્ષણ તથા વિગતવાર નોંધ શક્ય બનેલ છે.

**(૯) <u>લોકો તથા સમાજ પર પડેલ અસરઃ</u>–**

રેકર્ડ પર સ્પષ્ટપણે પુરાવો આવેલ છે તે મુજબ,

(i) જેમની હાજરીમાં આ બનાવ બન્યો તે ગ્રીષ્માબેનના પરીવારના સભ્યો જ નહીં, સોસાયટીના તમામ રહીશોમાં અત્યંત ભય અને ત્રાસની લાગણી ઉભી થયેલ. બનાવ સમયે આવી જનાર શાહેદ રાહુલ ઉકાણીએ હત્યાની આ સમગ્ર ઘટનાનું તેમના મોબાઈલ ફોનમાં રહેલ કેમેરા વડે વિડીયો રેકોર્ડીંગ કરી લીધેલ, જે તેમણે એક–બે વ્યક્તિઓને ફોરવર્ડ કરતાં એકદમ વાઈરલ થઈ ગયેલ; લોકોએ કદાચ 'લાઈવ હત્યા' ના આટલા સ્પષ્ટ દ્દષ્યો પહેલી જ વાર જોયા હશે, જેથી જનસમુદાયમાં આરોપીના આ કૃત્ય પરત્વે ફીટકારની લાગણી ઉભી થઈ અને સમાજના પ્રત્યેક સભ્યને જાણે કે, પોતાની સાથે જ આ ગુનો બન્યો હોય તેવી લાગણી જન્મી, જેણે સમગ્ર સમાજને જાણે કે હચમચાવી દીધેલ;

(ii) ગ્રીષ્માબેનના પિતા આફ્રિકા મુકામે અર્થોપાર્જન માટે ગયેલા, જે બનાવના બે કે ત્રણ દિવસ બાદ સુરત પહોંચ્યા;

(iii) મરનાર ગ્રીષ્માબેનની સ્મશાન યાત્રામાં સ્વૈચ્છીક રીતે હજારો લોકો જોડાયા;

(iv) સમગ્ર સમાજ પર અત્યંત નકારાત્મક અસરો ઉભી થઈ.

**(૧૦) <u>ટ્રાયલ દરમ્યાન આરોપીની વર્તણૂંક</u>–**

(i) આ કામની ટ્રાયલની શરૂઆતમાં જ આરોપી અસ્થીર મગજના હોવાની અરજી કરવામાં આવતા, આ અદાલત દ્ધારા આરોપીને બંને પક્ષના લોકોની હાજરીમાં, કાળજીપૂર્વક અનેક પ્રશ્નો પૂછી

ખરાઈ કરતાં, આરોપીએ સ્વસ્થતાપૂર્વક તમામ પ્રશ્નોના સાચા ઉત્તરો આપેલ. અદાલત દ્વારા ખૂબ જ ધ્યાનથી તેમની body language નું પણ નિરીક્ષણ કરી, તેઓ સ્વસ્થ હોવાનું જણાતા બચાવ પક્ષની તે અરજી રદ કરેલ, જે હુકમ આરોપીએ પડકારેલ નથી;

(ii) ચાલુ ટ્રાયલ દરમ્યાન આરોપીને ચક્કર આવે છે તેવી રજૂઆત થતાં, આ અદાલત દ્વારા તેમને તત્કાલ હોસ્પિટલમાં મોકલી રીપોર્ટ મંગાવતા, તબીબ દ્વારા તેમને સારવાર આપી, તે શારીરિક અને માનસિક ફીટ હોવાનું જાહેર કરતું સર્ટિફિકેટ મોકલેલ; જેમાં એવી નોંધ કરેલ કે, દર્દી ભાનમાં છે અને ઈરાદાપૂર્વક આંખો બંધ રાખવા કોશિશ કરે છે;

(iii) આ અદાલત દ્વારા આ કેસની ગંભીરતા ધ્યાને લેતાં ઝડપી ટ્રાયલ હાથ ધરવામાં આવેલ, પરંતુ આ ટ્રાયલ hasty ન બને તેની પૂરતી કાળજી રાખી , આરોપીને તેના તમામ વૈધાનિક અધિકારીઓ પ્રાપ્ત થાય તેની કાળજી રાખી , તેનો યોગ્ય અને સંપૂર્ણ બચાવ કરી શકે તેવી તકો આપેલ છે;

(iv) રોજેરોજ ચાલતી આ ટ્રાયલ દરમ્યાન આ અદાલત દ્વારા આરોપીનું રોજ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવામાં આવેલ છે, પરંતુ આરોપીને તેના કૃત્યનો ક્યારેય કોઈ રંજ કે પસ્તાવો હોય, તેવું આ અદાલતને જણાયેલ નથી;

(v) આરોપી દ્વારા તેમના ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ ના વિશેષ

નિવેદનમાં તેની સામે મૂકવામાં આવેલ પ્રત્યેક સંજોગો બાબતે કોઈ યોગ્ય ખુલાસો કરવામાં આવેલ નથી;

(vi) મરનાર ગ્રીષ્માબેન આરોપી સાથે સંબંધ રાખવા અનિચ્છા ધરાવતી હતી તથા આરોપીની માનેલી બહેન ક્રિષ્નાબેનના કહેવા મુજબ, તે આરોપીને લાઈક કરતી ન હતી કે ભાવ આપતી ન હતી, છતાં આરોપી તેમનું અને ગ્રીષ્માબેનનું પ્રેમ પ્રકરણ હતું, તેવી જ રજૂઆત કરતા રહ્યા છે;

(vii) જેલમાંથી આરોપી, કેદીઓ માટેની, કુટુંબના સભ્યો સાથે વાત કરવાની સગવડનો દુરૂપયોગ કરી, માનેલી બહેન ક્રિષ્નાબેનને ફોન કરી, "આજે તારે બે વાગ્યે કોર્ટમાં આવવાનું છે અને હું કહું તેમ મારી તરફેણમાં જુબાની આપવાની છે" તેવું કહે છે. આથી ગભરાઈને શાહેદ ક્રિષ્નાબેન પોલીસને જાણ કરે છે, જેથી વિ.પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી દ્વારા આ અદાલતને જાણ કરવામાં આવે છે. આ હકીકત આરોપીની ગુનાહિત માનસિકતા, પસ્તાવાનો અભાવ અને તેને કાયદાનો ડર કે પરવા સુદ્ધા ન હોવાનું સૂચવે છે.

[B] **ઉગ્રતા ઘટાડતા સંજોગો** (Mitigating Circumstances):

**<u>આરોપીની ઉંમરઃ</u>–**

આરોપીની કોલેજના એડમીશનના રજૂ થયેલા આંક–૧૮૪ ના દસ્તાવેજો મુજબ , આરોપીની જન્મ તારીખઃ

૧૮.૧૧.૨૦૦૧ છે, જે જોતાં બનાવ સમયે તેમની ઉંમર ૨૦ વર્ષ ૩ માસની હતી અને હાલમાં ૨૦ વર્ષ ૭ માસની છે.

આ એકમાત્ર સંજોગ સિવાય, ગુનાની ઉગ્રતા ઘટાડતા અન્ય નોંધપાત્ર સંજોગો સામે આવેલ નથી. આરોપી તેમના માતા–પિતાનું એકમાત્ર સંતાન પણ નથી તેમજ તે કુટુંબની એકમાત્ર કમાનાર વ્યક્તિ હોવાનું રેકર્ડ પર નથી. આરોપી તરફે થયેલ રજૂઆત મુજબ, તેમનો કોઈ ગુનાહિત ભૂતકાળ નથી. આ સંદર્ભે રેકર્ડ જોતાં એવું જણાય છે કે, આરોપી સામે કતારગામ પોલીસ સ્ટેશનમાં ઈનોવા કારની ચોરી અંગે એક ગુનો નોંધાયેલ છે. જો કે, આરોપીની ગુનાહિત માનસિકતા અંગે મેં અગાઉ ચર્ચા કરેલ છે તે મુજબ, આરોપી અને શાહેદ ક્રિષ્નાબેન વચ્ચે થયેલ ઈન્સ્ટાગ્રામ ચેટમાં એવા કેટલાક બનાવો જણાઈ આવેલ છે કે જેની કોઈ ફરિયાદ થયાનું રેકર્ડ પર નથી.

(૨૧૨) આ અદાલત દ્વારા ગુનાની ઉગ્રતા વધારતા અને ઉગ્રતા ઘટાડતા ઉપરોક્ત સંજોગો અલગ તારવી, તે અંગે પુખ્ત વિચારણા કરતા તેમજ ઉપરોક્ત એકમાત્ર Mitigating Circumstance ને વધુ ભાર આપવા છતાં, આરોપી વિરુદ્ધના ઉગ્રતા વધારતા aggravating circumstances ની માત્રા સ્પષ્ટપણે વધી જાય છે. આરોપીની આશરે ૨૧ વર્ષની યુવાન વય સામે, તેઓ દ્વારા પૂર્વઆયોજીત અને પૂર્વતૈયારી સાથે, ગણતરીપૂર્વક, ઠંડા કલેજે, બે વ્યક્તિઓને મારી નાંખવાની કોશિશ અને નિઃશસ્ત્ર તથા નિઃસહાય યુવતીની અનેક લોકોની હાજરીમાં, નિર્દયતાથી, હેવાનિયતભરી રીતે, સરાજાહેર તથા કસાઈ

પશુનું જે રીતે કતલ કરે તે રીતે, લાંબા ધારદાર ચપ્પુથી, પીડા આપ્યા બાદ, ગળું કાપીને કરેલ હત્યાનો ગુનો ધ્યાને લેતાં, આ કેસ સ્પષ્ટપણે અપવાદમાં પણ અપવાદરૂપ એટલે કે 'rarest of the rare' ની કક્ષામાં આવતો હોવાનું જણાય છે. એ પણ નોંધપાત્ર છે કે, આરોપીનું ગ્રીષ્માબેન તથા તેના પરીવારની હત્યા માટે બે ધારદાર પ્રોફેશ્નલ ચપ્પુ સાથે જવું અને મૃત્યુના મુખમાંથી બચી ગયેલ બંને વ્યક્તિઓ તથા મરનાર યુવતી ગ્રીષ્માબેન તદ્દન નિઃશસ્ત્ર અને નિઃસહાય હોવા છતાં અને તેમણે આરોપીને કોઈ ઉશ્કેરણી કરેલ ન હોવા છતાં, તેની પર કરેલ જીવલેણ હુમલો અને મરનાર યુવતીની તથા સ્થળ પર હાજર અનેક લોકોની વિનંતી, આજીજી અને વિલાપને ઠોકરે મારી, તેના ગળાના ભાગનું નિરીક્ષણ કરી, Adam's apple નીચેનો ટ્રેકીયાનો ભાગ જ સીલેક્ટ કરી, ચોકસાઈપૂર્વક ચપ્પુ ગોઠવી, જાહેરમાં તેનું ગળું કાપીને કરેલ હત્યા આ ગુનાની ગંભીરતા અત્યંત વધારી દે છે. આ બાબત જ હત્યાના આ ગુનાને, અન્ય હત્યાના ગુનાઓ કરતા અલગ પાડે છે. આ હકીકત ધ્યાને લેતાં, **બચન સીંઘ વિ. પંજાબ રાજ્ય** ના ચૂકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ પણ આ કેસ 'rarest of the rare' નો હોઈ, કાનૂન દ્વારા નિયત થયેલ સખ્તાઈપૂર્વકની સજાને પાત્ર છે.

(૨૧૩) માત્ર ૨૦ વર્ષની ઉંમરે ગુના અંગે એક પ્રોફેશ્નલ ગુનેગારને છાજે તેવું ઝીણવટભર્યું પ્લાનીંગ કરવું, તેના ઈરાદાની માનેલી બહેન ક્રિષ્નાબેન સિવાય કોઈને પણ ગંધ સુદ્ધા ન આવે તેની કાળજી લેવી, આરોપીને આ અત્યંત ગંભીર અને કુર હત્યા બદલ કોઈ પણ પ્રકારના

પસ્તાવાનો અભાવ હોવો, માનેલી બહેન ક્રિષ્નાબેન સાથેની ઈન્સ્ટાગ્રામ પરની ચેટ દરમ્યાન જણાઈ આવેલ આરોપીની ગુનાહિત માનસિકતા તથા જેલમાંથી પણ ફરિયાદ પક્ષના સાક્ષી એવી માનેલી બહેન ક્રિષ્નાબેનને ફોન કરી, બે વાગ્યે કોર્ટમાં આવવા તથા પોતે કહે તેમ પોતાની તરફેણમાં જુબાની આપવા આપેલ સૂચના, તે તમામ બાબતો સમગ્રપણે વિચારણમાં લેતાં, આરોપીની માનસિકતા સ્પષ્ટપણે ગુનાહિત પુરવાર થતી હોઈ, તે ભવિષ્યમાં કોઈ ગંભીર ગુનો નહીં જ કરે, તેવી ખાતરી આ અદાલતને થતી નથી. આ સંજોગોને જ વિચારણમાં લેતાં તથા મેં ઉગ્રતા વધારતા જે સંજોગો વિગતવાર દર્શાવેલ છે, તેને ફરીથી વિચારણમાં લેતાં આરોપીની સુધરવાની તથા સજા બાદ જેલમુક્ત થયા પછી સમાજના પ્રવાહમાં સામાન્ય નાગરીકની જેમ ભળી જવાની શક્યતા અત્યંત ક્ષીણ જણાય છે. નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા મેં અગાઉ જેનો ઉલ્લેખ કરેલ છે તે **રામનરેશ અને બીજાઓ વિ. છત્તીસગઢ રાજ્ય** ના ચૂકાદામાં ઉગ્રતા ઘટાડતા સંજોગોમાં એવું દર્શાવેલ છે કે,

(2) The age of the accused is a relevant consideration but not a determinative factor by itself.

ઉપરોક્ત હકીકત જોતાં આરોપીની નાની ઉંમર તે ઉગ્રતા ઘટાડનાર સંજોગોમાં સમાવિષ્ટ ચોક્કસ થઈ શકે, પરંતુ તે આરોપીને ઓછી સજા કરવા માટેના અભિપ્રાય પર આવવા માટેનું એકમાત્ર કારણ બની શકે નહીં તેવું સ્પષ્ટ થાય છે. મેં આ કામે બનાવ સમયે આરોપીની વર્તણૂંક તથા ટ્રાયલ દરમ્યાનની પણ આરોપીની વર્તણૂંક સંબંધે એ

નોંધેલ છે કે, આરોપીએ મરનાર ગ્રીષ્માબેનની હત્યા કરતા સમયે કે તેના હાથ વડે ગળું દબાવેલ હાલતમાં ચપ્પુની અણીએ રાખેલ મરનાર યુવતીના રુદન કે વિલાપની આરોપી પર કોઈ જ અસર થયેલ નહીં તથા આરોપીને મરનારની માતા, મરનારના નાના ભાઈ તથા મરનારના આન્ટી સહિત સોસાયટીના રહીશોએ પણ આજીજી અને વિનંતી કરવા છતાં કોઈ પરત્વે સહેજ પણ દયા આવેલ નથી. આથી વિપરીત રીતે, આરોપીએ અત્યંત ક્રુરતાથી સામે ઉભેલ તમામ વ્યક્તિઓની વિનંતી, કાકલુદી તથા આજીજીને ઠોકર મારી, કસાઈ પશુનું ગળું કાપે તે રીતે મરનાર ગ્રીષ્માબેનનું ગળું કાપી તેની હત્યા કરેલ છે. આ સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા મોહમ્મદ અજમલ મોહમ્મદ અમીર કસાબ ઉર્ફે અબુ મુજાહિદ વિ. મહારાષ્ટ્ર રાજ્ય – એ.આઈ.આર. ૨૦૧૨ (સુપ્રિમ કોર્ટ) ૩૫૬૫ ના ચૂકાદાનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છે. સદર ચૂકાદાના પેરા–૫૮૨ માં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,

> "582. Against all this, the only mitigating factor is the appellant's young age, but that is completely offset by the absence of any remorse on his part, and the resultant finding that in this case there is no possibility of any reformation or rehabilitation."

નામદાર સુપ્રિમ કોર્ટનું ઉપરોક્ત તારણ, હાલના કેસ અંગે તથા આરોપીના અધમ કૃત્ય સંદર્ભે વિચારતા સંપૂર્ણપણે અનુરૂપ જણાય છે.

(૨૧૪) બચાવ પક્ષે આ કોર્ટ સમક્ષ **<u>મહંમદ ફીરોઝ વિ. મધ્ય પ્રદેશ રાજ્ય – ક્રિમિનલ અપીલ નં.૬૧૨/૨૦૧૯</u>** નો **<u>તારીખઃ ૧૯.૪.૨૦૨૨</u>**

ના રોજનો નામદાર સુપ્રિમ કોર્ટનો ચૂકાદો રજૂ કરી એવી રજૂઆત કરેલ છે કે, અદાલતે આરોપીનું ભવિષ્ય ધ્યાને લેવું જોઇએ. આ સંદર્ભે એ નોંધવું અસ્થાને નથી કે, મરનાર ગ્રીષ્માબેન કે જે પણ માત્ર ૨૦ વર્ષની હતી, કોલેજમાં અભ્યાસ કરતી હતી, તેનું પણ એક ભવિષ્ય હતું અને તેના પણ અનેક સપનાઓ હતા. આથી કોઈની પણ હત્યા કરી, તેનું અને પરીવારનું ભવિષ્ય રુંધીને કોઈ વ્યક્તિ કેવળ પોતાના જ ભવિષ્યની દરકાર કરે, તેને સ્વકેન્દ્રીપણું જ કહી શકાય, જે નિમ્ન સ્તરની સ્વાર્થી મનોવૃત્તિ સૂચવે છે.

આમ છતાં ઉપરોક્ત મહંમદ ફિરોઝના ચૂકાદા અંગે કાળજીપૂર્વક વિચારતા એવું જણાય છે કે, તે કેસ સાંયોગિક પુરાવા પર આધારીત હોઈ, તે કેસના વિશિષ્ટ સંજોગો ધ્યાને લઈ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આરોપીને મૃત્યુદંડની સજાના બદલે ૨૦ વર્ષની સજા ફરમાવેલ. જો કે, હાલનો કેસ સાંયોગિક પુરાવા પર આધારીત નથી, પરંતુ સ્પષ્ટપણે દાર્શનિક પુરાવા પર આધારીત છે. આરોપીએ બે વ્યક્તિઓ પર જીવલેણ હુમલો કરી, નિઃશસ્ત્ર અને નિઃસહાય યુવતી ગ્રીષ્માબેનનું કોઈ પણ ઉશ્કેરણી વિના, સ્વસ્થતાપૂર્વક, અનેક લોકોની હાજરીમાં, તમામ લોકોની આજીજી અને વિનંતીઓને અવગણીને, લાંબા ચપ્પુથી ગળું કાપી હત્યા કરેલ હોઈ, ઘટના સ્થળે હાજર તમામ લોકોના દાર્શનિક પુરાવા ઉપરાંત, બનાવના સ્થળે હાજર એક શાહેદે સમગ્ર ઘટનાનું તેના મોબાઈલ ફોનના કેમેરા વડે વિડીયો રેકોર્ડીંગ કરી લીધેલ હોઈ અને તે પણ યોગ્ય રીતે પુરવાર થયેલ હોઈ, બચાવ પક્ષે રજૂ કરેલ ઉપરોક્ત મહંમદ ફિરોઝના ચૂકાદાની હકીકતો કરતા હાલના કેસની

હકીકતો સ્પષ્ટપણે ભિન્ન હોઈ, મારા નમ્ર મતે તે આરોપીને મદદરૂપ બની શકે નહીં.

(૨૧૫) ઉપરોક્ત તમામ હકીકતો, સ્પષ્ટ પુરાવાથી પુરવાર થયેલ હોવા છતાં, એકમાત્ર બાબત કે આરોપીની ઉંમર નાની છે, તેને ધ્યાને લઈ આરોપીને આજીવન કારાવાસની સજા કરવામાં આવે તો, સરકાર દ્વારા નિયમાનુસાર અપાતા remittance નો સમય વિચારણામાં લેતાં આરોપી ૧૪ વર્ષ બાદ (એટલે કે આશરે ૩૫ વર્ષની ઉંમરે) જેલમુક્ત થઈ જાય, જે, આરોપીએ પ્રોફેશ્નલ ગુનેગારની માફક નિર્ણય, પ્લાનીંગ અને પૂર્વતૈયારી બાદ, બે ચપ્પુ સાથે ગુનાવાળી જગ્યાએ જઈ, બે વ્યક્તિઓ પર જીવલેણ હુમલો કરી, એક નિઃસહાય યુવતિનું અનેક લોકોની હાજરીમાં, કસાઈ પશુનું ગળું કાપે તે રીતે, બેરહેમી અને ક્રુરતાથી ગળું કાપી નાંખી કરેલ હત્યાના તથા સદ્ભાગ્યે બચી ગયેલ બે વ્યક્તિઓના જીવ લેવાના પ્રયત્નના ગંભીર ગુનાને ધ્યાને લેતાં, તે તદ્દન અપૂરતી સજા બની રહે તેવું આ અદાલતનું સ્પષ્ટપણે માનવું છે.

(૨૧૬) **<u>ગુરૂવૈલ સીંઘ ઉર્ફે ગાલા અને બીજા વિ. પંજાબ રાજ્ય – એ.આઈ.આર. ૨૦૧૩ એસ.સી. ૧૧૭૭</u>** ના ચૂકાદામાં પણ નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે,

> "It has been consistently held that, the courts have a duty towards society and that the punishment should be corresponding to the crime and should act as a soothing balm to the suffering of the victim and their family."

આ જ રીતે **<u>ધનંજય ચેટરજી ઉર્ફે ધના વિ. પશ્ચિમ બંગાળ રાજ્ય – ૧૯૯૫ એ.આઈ.આર. એસ.સી.ડબલ્યુ. ૫૧૦</u>** ના ચૂકાદાના પેરેગ્રાફ– ૧૫ માં નામદાર સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટપણે ઠરાવેલ છે કે,

> "15. In our opinion, the measure of punishment in a given case must depend upon the atrocity of the crime; the conduct of the criminal and the defenceless and unprotected state of the victim. Imposition of appropriate punishment is the manner in which the courts respond to the society's cry for justice against the criminals. Justice demands that courts should impose punishment fitting to the crime, so that the courts reflect public abhorrence of the crime. The courts must not only keep in view the rights of the criminal, but also the rights of the victim of crime and the society at large which considering imposition of appropriate punishment."

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **<u>પુરુષોત્તમ દશરથ બોરાટે અને બીજા વિ. મહારાષ્ટ્ર રાજ્ય – એ.આઈ.આર. ૨૦૧૫ (એસ.સી.) ૨૧૭૦</u>** ના ચૂકાદામાં ઠરાવવામાં આવેલ છે કે,

> "In our considered view, in the facts of the present case, age alone cannot be a paramount consideration as a mitigating

circumstance. Similarly, family background of the accused also could not be said to be a mitigating circumstance."

વધુમાં ઠરાવેલ છે કે,

"Lack of criminal antecedents also cannot be considered as mitigating circumstance, particularly taking into consideration, the nature of heinous offence and cold and calculated manner in which it was committed by the accused persons."

આ ઉપરાંત એવું પણ ઠરાવેલ છે કે,

"This Court is mindful of the settled principle that criminal law requires strict adherence to the rule of proportionality in awarding punishment, and the same must be in accordance with the culpability of the criminal act. Furthermore, this Court is also conscious to the effect, of not awarding just punishment, on the society."

(૨૧૭) અંતમાં હું પુનરાવર્તનનો દોષ વ્હોરીને પણ નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા **મધ્ય પ્રદેશ રાજ્ય વિ. મુન્ના ચૌબે અને બીજાઓ**ના ચૂકાદાનો ફરી ઉલ્લેખ કરીશ કે જેમાં નામદાર સુપ્રિમ કોર્ટે સ્પષ્ટપણે ઠરાવેલ છે કે,

"It will be a mockery of justice to permit the accused to escape the extreme penalty of law when faced with such evidence and such cruel acts. To give the lesser punishment for the accused would be to render the justicing system of the country suspect. The common man will lose faith in courts.

In such cases, he understands and appreciates the language of deterrence more than the reformative jargon.

Therefore, undue sympathy to impose inadequate sentence would do more harm to the justice system to undermine the public confidence in the efficacy of law and society could not long endure under such serious threats. It is, therefore, the duty of every court to award proper sentence having regard to the nature of the offence and the manner in which it was executed or committed etc. This position was illuminatingly stated by this Court in Sevaka Perumal etc. v. State of Tamil Naidu (AIR 1991 SC 1463)."

(૨૧૮) આ સંદર્ભે 'મનુસ્મૃતિ' નો એક શ્લોક અત્યંત પ્રસ્તુત જણાય છે:-

यत्र श्यामो लोहिताक्षो दण्डश्चरति पापहा ।
प्रजास्तत्र न मुह्यन्ति नेता चेत्साधु पश्यति ।

जहां श्याम वर्ण एवं लाल नेत्रों वाला और पापों का नाश करने वाला 'दण्ड' विचरण करता है, और जहां (न्याय के) शासन का निर्वाह करने वाला उचित – अनुचित का विचार कर दण्ड देता है, वहां प्रजा उद्विग्न या व्याकुल नहीं होती ।

(૨૧૯) ઉપરોક્ત તમામ બાબતો પર પુખ્ત વિચારણાના અંતે આ અદાલત સ્પષ્ટપણે ઠરાવે છે કે, આરોપીએ કરેલ ગુનો અધમ કક્ષાનો, હેવાનિયતભર્યો છે, જે ઉગ્રતા વધારતા અને ઉગ્રતા ઘટાડતા સંજોગો સંબંધે કરેલ કાળજીપૂર્વક વિચારણા છતાં અપવાદમાં પણ અપવાદ રૂપ એટલે કે 'rarest of the rare' ની કક્ષામાં પડે છે. આ અદાલત દ્વારા ઉપર દર્શાવેલા કારણો જોતાં આરોપીને આજીવન કારાવાસની સજા કરવી અપૂરતી જણાય છે. આથી આ અદાલત પાસે આરોપીને મૃત્યુદંડની સજા કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો નથી.

(૨૨૦.૧) આ ચૂકાદાના સમાપન પૂર્વે, પુરાવા દરમ્યાન રેકર્ડ પર આવેલ કેટલીક હકીકતો પરથી એ નોંધવું ઉચિત માનું છું કે, planning અને preparation સાથેની આ અત્યંત ઘાતકી અને નિર્દયતાપૂર્વક થયેલ હત્યાના ગુનાના આરોપીની ગુનાહિત માનસિકતામાં મોબાઈલ ફોનનો સતત ઉપયોગ, હિંસક વેબસીરીઝો તથા હિંસક ગેમ્સ રમ્યા કરવાની અયોગ્ય ટેવ મહદ્ અંશે જવાબદાર બની છે. નાની ઉંમરના યુવક/યુવતીઓ જો ઈન્ટરનેટના માધ્યમથી મોબાઈલ ફોન પર અશ્લીલ

ચિત્રો, અશ્લીલ વિડીયો/રીલ્સ, બિભત્સતા તથા હિંસાથી પ્રચુર વેબ સીરીઝો તથા હિંસક બનાવતી ગેમ્સ રમવાના આદતી બની જાય તો તેઓના સ્વભાવ તથા વ્યક્તિત્વમાં અનેક નકારાત્મકતા અને વિકૃતિઓ જન્મે છે, જેના પરીણામો આવા દુઃખદ હોય છે. એ નોંધપાત્ર છે કે, વેબ સીરીઝ તે ટી.વી. સીરીયલની માફક ચોક્કસ સમય-મર્યાદા ધરાવતી એકાદ એપીસોડની હોતી નથી કે તે ફિલ્મોની જેમ મહત્તમ ત્રણ કલાક માટેની પણ હોતી નથી, બલ્કે, તે જોનાર થાકીને બંધ ન કરે ત્યાં સુધી સતત ચાલતા એપીસોડ્સની હારમાળા હોય છે. આ સંજોગોમાં જે યુવક/યુવતી સતત આવી નકારાત્મક, હિંસક કે અશ્લીલ વેબ સીરીઝ જોયા કરે અથવા હિંસક બનાવતી ગેમ્સ રમ્યા કરે, તેના માનસ પર તેની ભયંકર અસરો પડતી હોય છે અને તેના માનસમાં અનેક કાયમી વિકૃતિઓ ઘર કરી જતી હોય છે. આમાં સુધારો થવો સાવ અસંભવિત નહીં તો પણ અત્યંત મુશ્કેલ બને છે, એટલું જ નહીં, જે સમયનો ઉપયોગ યુવાનો સર્જનાત્મક પ્રવૃત્તિમાં અથવા સ્વયંના, સમાજના કે રાષ્ટ્રના હિત કે વિકાસ માટે કરી શકે, તે અતિ મૂલ્યવાન કિંમતી સમય આવી નિરર્થક પ્રવૃત્તિઓમાં વેડફાઈ જાય છે.

(૨૨૦.૨) આ કામે આરોપીની આવા કારણોસર ઉદ્ભવેલ માનસિકતાના પરીણામ રૂપે, માત્ર ૨૦ થી ૨૧ વર્ષની ઉંમરની એક આશાસ્પદ યુવતીનું અત્યંત ઘાતકી અને નિર્દયતાથી ગળું કાપી નાંખી હત્યા થતાં તેનું મૃત્યુ થાય છે અને અધમ તથા હેવાનિયતભરી રીતે, જાહેરમાં, અનેક લોકોની હાજરીમાં આ યુવતીનું ગળું કાપી નાંખનાર યુવાન વયના આરોપીને મૃત્યુદંડની સજા થાય છે, જે બંને ચોક્કસપણે દુઃખદ છે.

(૨૨૦.૩) આ પરિસ્થિતિ માત્ર કાયદાથી , પોલીસ મશીનરીથી કે અદાલતથી જ બદલી શકાય નહીં. આ માટે દરેક યુવાનોએ સ્વયં શિસ્તમાં રહેતા શીખવું પડશે, સારા–નરસાનો વિવેક રાખવો જોઈશે અને સારા શિક્ષણના બદલે, વિકૃતી પેદા કરે તેવા અશ્લીલ તથા હિંસક તત્વો ધરાવતી, સતત ચાલ્યા કરતી અને અત્યંત મૂલ્યવાન સમય બરબાદ કરતી વેબ સીરીઝોને નિરંતર જોયા કરવાની અને હિંસક ગેમ્સ રમવાની લાલચને રોકવી જોઈશે. યુવાનો ઉપરાંત તેમના માતા–પિતાની તથા સમાજની પણ આ બાબતે જાગૃતિ, ચિંતા તથા કાળજી અનિવાર્ય છે. સમાજના આગેવાનો તથા સામાજીક સંસ્થાઓ પણ આ સંબંધે જાગૃતિ ફેલાવવા યોગ્ય ભૂમિકા ભજવી શકે.

(૨૨૧) આ કમનસીબ બનાવમાં શાહેદ સુભાષભાઈ પરબતભાઈ વેકરીયાને પેટમાં ચપ્પુનો ઘા વાગતા તેના આંતરડા બહાર આવી ગયેલ અને ફરિયાદી ધ્રુવ નંદલાલભાઈ વેકરીયાને માથામાં તથા હાથમાં ઈજા થયેલ છે. આ ઉપરાંત આ બનાવમાં ગ્રીષ્માબેન નંદલાલભાઈ વેકરીયાનું અકાળે દુઃખદ અવસાન થયેલ છે. આ સંજોગોમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭(એ) તથા ગુજરાત વિક્ટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ ની જોગવાઈ અનુસાર મરનાર ગ્રીષ્માબેનના માતા–પિતાને તથા ઉપરોક્ત બંને ઈજા પામનારાઓને સરકારશ્રીની યોજના અનુસાર વળતર આપવું જરૂરી જણાય છે. અત્રે એ હકીકત નોંધનીય છે કે, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરત દ્વારા ગુજરાત વિક્ટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ ની જોગવાઈ અનુસાર મરનાર ગ્રીષ્માબેનના માતા–પિતાને ત્રણ

લાખ તથા બંને ઈજા પામનારાઓને એક–એક લાખ મળી, કુલ ₹૫,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા) વચગાળાના વળતર પેટે ચૂકવવામાં આવેલ છે, જેથી ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ અનુસાર મરણ જનારના માતા–પિતા અને બંને ઈજા પામનારાઓને મળવાપાત્ર આખરી વળતરની રકમના નિર્ણય માટે અત્રેના જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને ભલામણ કરવી જરૂરી જણાય છે.

(૨૨૨) આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૩૦૭, ૩૫૪(ડી)(૧)(i), ૩૪૨, ૫૦૪, ૫૦૬(૨) મુજબના જે ગુના પુરવાર થયેલા છે, તે માટે સજા અને દંડ બંનેની જોગવાઈ કરવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ કલમોમાં દંડની સજાનું જે પ્રાવધાન છે તેમાં દંડની નિશ્ચિત મર્યાદા એટલે કે મહત્તમ કે ન્યૂનતમ રકમ નક્કી કરવામાં આવેલ નથી. આ સંબંધે ભારતીય દંડ સંહિતાની કલમ–૬૩ ની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો એવું જણાય છે કે, જ્યારે દંડની મહત્તમ રકમ નિર્દિષ્ટ કરવામાં આવી ન હોય ત્યારે અદાલત પોતાની મુનસફીથી યોગ્ય લાગે તે રકમનો દંડ કરી શકે, પરંતુ તે રકમ વધુ પડતી હોવી જોઈએ નહીં. આ દંડની રકમ વધુ પડતી ક્યારે કહેવાય તે પ્રત્યેક કેસના સંજોગો પર તથા આરોપીની આર્થિક શક્તિ પર આધારીત છે. એ પણ જરૂરી છે કે, ગુનાની ગંભીરતા, દંડની જોગવાઈ માટે વિધાનમંડળનો હેતુ, આરોપીની દંડ ભરવાની આર્થિક ક્ષમતા, ભોગ બનનારને થયેલ માઠી અસર, કરવામાં આવેલ કૃત્ય વગેરે તમામ પરિબળો નજર સમક્ષ રાખીને આરોપીને દંડ કરવો જોઈએ. સાથોસાથ આરોપીને ગંભીર ગુનામાં કેદની સજા કરવામાં આવી હોય અને કેદની સજાનો સમય લાંબો હોય

ત્યારે દંડની સજા હળવી હોય તો તે યોગ્ય ગણાય. ઉપરોક્ત કાયદાકીય જોગવાઈ તથા પ્રસ્થાપિત કાનૂની પરિસ્થિતિને અનુલક્ષીને હાલના કેસના સંજોગો ધ્યાને લેવામાં આવે તો, આ કામના આરોપી કોઈ નિશ્ચિત કે કાયમી કામધંધો કે નોકરી કરતા હોવાનું જણાઈ આવતું નથી, તે જોતાં તેમની પોતાની આવકનો કોઈ સ્ત્રોત હોવાનું જણાતું નથી; આરોપીના પિતા હીરા ઘસવાનું કામ કરે છે અને ભાડાના મકાનમાં રહે છે. આથી આરોપી અને તેના પરીવારની આર્થિક સ્થિતિ મધ્યમ હોવાનું જણાય છે. આમ, આરોપી તથા તેના પરીવારની આર્થિક સ્થિતિ, આરોપીને કરવામાં આવનાર કેદની સજાનો સમયગાળો, ગુનાની ગંભીરતા, દંડની જોગવાઈ માટે વિધાનમંડળનો હેતુ વગેરે બાબતો આરોપીને દંડ કરવા સમયે આ અદાલત દ્વારા ધ્યાને લેવામાં આવેલ છે.

વધુમાં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ, અદાલત દંડની પૂરેપૂરી રકમ કે તેનો કોઈ ભાગ, બનાવમાં ભોગ બનનારને વળતર પેટે આપી શકે છે. આ તબક્કે એ નોંધવું જરૂરી છે કે, આકસ્મિક બનતા બનાવોમાં ભોગ બનનારાઓને વળતર આપવા માટે સરકારશ્રી દ્વારા ગુજરાત વિકટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ અમલમાં મૂકવામાં આવેલ છે અને આ સ્કીમ હેઠળ સરકારશ્રી દ્વારા ભોગ બનનારને વળતર ચૂકવવા માટે અલગ ભંડોળ ઉભું કરવામાં આવેલ છે. જેથી આરોપીને કરવામાં આવનાર દંડની રકમ, ભોગ બનનારને વળતર ચૂકવવા માટેનો એકમાત્ર સ્ત્રોત નથી, જે બાબત પણ આ અદાલતે દંડની રકમ નક્કી કરતી વખતે ધ્યાને લીધેલ છે.

(૨૨૩) આ કામમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવા, ઉભય પક્ષકારોના વિ.વકીલશ્રીઓની લેખિત તથા મૌખિક રજૂઆત, કાયદાકીય પ્રસ્થાપિત સિદ્ધાંત અને ઉપરોક્ત સમગ્ર ચર્ચાને ધ્યાનમાં લેતાં, આ કેસના આખરી નિર્ણય માટે મુદ્દા નં.૮ લગત ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:–

**હુકમ**

૧. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૩૫(૨) અન્વયે **આરોપી ફેનિલ પંકજભાઈ ગોયાણી,** ઉં.૨૦ વર્ષ, ધંધોઃ મજૂરી, રહેવાસીઃ ઘર નં.૩૨, સાગર સોસાયટી, ગુજરાત શોપીંગની સામે, કાપોદ્રા, સુરત, મૂળ રહે.મોટીવાવડી ગામ, તા.ગારીયાધાર, જિ.ભાવનગરને;

[i] **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨** ના ગુના સબબ તકસીરવાર ઠરાવી, **મૃત્યુદંડની સજા** એટલે કે, આરોપીના ગળે ફાંસો નાંખી તે મૃત્યુ પામે ત્યાં સુધી લટકાવીને **ફાંસીની સજા** (be hanged by the neck till he is dead) ફરમાવવામાં આવે છે અને **₹૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ની રકમનો દંડ** ફરમાવવામાં આવે છે;

જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે;

[ii] **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૭** ના ગુના સબબ તકસીરવાર ઠરાવી, **૧૦ (દસ) વર્ષની સખ્ત કેદની સજા** અને **₹૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પૂરા) ની રકમનો દંડ** ફરમાવવામાં આવે છે;
જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે;

[iii] **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૫૪(ડી)(૧)(i)** ના ગુના સબબ તકસીરવાર ઠરાવી, **૧ (એક) વર્ષની સખ્ત કેદની સજા** અને **₹૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પૂરા) ની રકમનો દંડ** ફરમાવવામાં આવે છે;
જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે;

[iv] **ભારતીય દંડ સંહિતાની કલમ–૩૪૨** ના ગુના સબબ તકસીરવાર ઠરાવી, **૬ (છ) માસની સખ્ત કેદની સજા** અને **₹૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પૂરા) ની રકમનો દંડ** ફરમાવવામાં આવે છે;
જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે;

[v] **ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪** ના ગુના સબબ તકસીરવાર ઠરાવી, **૧ (એક) વર્ષની સખ્ત કેદની સજા** ફરમાવવામાં આવે છે;

[vi] **ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨)** ના ગુના સબબ તકસીરવાર ઠરાવી, **૧ (એક) વર્ષની સખ્ત કેદની સજા** અને **₹૧,૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પૂરા) ની રકમનો દંડ** ફરમાવવામાં આવે છે;

જો આરોપી દંડની રકમ ભરવામાં નિષ્ફળ જાય તો વધુ ૩ (ત્રણ) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

આમ આરોપીને કુલ **₹૧૨,૫૦૦/– (અંકે રૂપિયા બાર હજાર પાંચસો પૂરા)** નો દંડ ફરમાવવામાં આવે છે.

૨. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૨૮ ની જોગવાઈ મુજબ, આરોપી જેટલો સમય કાચા કામના કેદી તરીકે જેલમાં રહ્યા હોય, તેટલો સમય તેમને સજામાં મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૪૫૨ અન્વયે, અપીલ સમય પૂર્ણ થયા બાદ, આ ગુનાના કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ સંબંધે નીચે જણાવ્યા મુજબ કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છેઃ–

[i] નીચે જણાવેલ મુદ્દામાલ બિનકિંમતી હોઈ, અપીલ સમય પૂર્ણ થયા બાદ તેનો નિયમાનુસાર નાશ કરવોઃ–

| **અનુ. નં.** | **મુદ્દામાલ આર્ટિકલ નંબર** | **મુદ્દામાલની વિગત** |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧ (માર્ક–B1) | શાહેદ સુભાષભાઈનું પેન્ટ |
| ૨ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨ (માર્ક–B2) | શાહેદ સુભાષભાઈનું શર્ટ |
| ૩ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩ (માર્ક–B3) | શાહેદ સુભાષભાઈની નીકર |
| ૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૪ (માર્ક–B4) | શાહેદ સુભાષભાઈએ ઈજા વખતે બાંધેલ ઓઢણી |
| ૫ | મુદ્દામાલ આર્ટિકલ નં.૫ (માર્ક–C1) | મરણ જનાર ગ્રીષ્માબેનનું ટોપ |
| ૬ | મુદ્દામાલ આર્ટિકલ નં.૬ (માર્ક–C2) | મરણ જનાર ગ્રીષ્માબેનનું જીન્સ |
| ૭ | મુદ્દામાલ આર્ટિકલ નં.૭ (માર્ક–C3) | મરણ જનાર ગ્રીષ્માબેનની નીકર |
| ૮ | મુદ્દામાલ આર્ટિકલ નં.૮ (માર્ક–C4) | મરણ જનાર ગ્રીષ્માબેનની બ્રેસીયર |
| ૯ | મુદ્દામાલ આર્ટિકલ નં.૯ (માર્ક–D1) | આરોપીનું શર્ટ |
| ૧૦ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૦ (માર્ક–D2) | આરોપીનું પેન્ટ |

| | | |
|---|---|---|
| ૧૧ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૨ (માર્ક–D4) | આરોપીના બુટ |
| ૧૨ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૪ (માર્ક–A1) | ગુનાવાળી જગ્યાએથી લીધેલ લોહીવાળી માટી |
| ૧૩ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૫ (માર્ક–A2) | કન્ટ્રોલ માટી |
| ૧૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૬ (માર્ક–A3) | કાળા કલરના પ્લાસ્ટીકના હાથાવાળું સ્ટીલનું ચપ્પુ |
| ૧૫ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૭ (માર્ક–A4) | લોહીવાળા કોટન થ્રેડ |
| ૧૬ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૮ (માર્ક–A6) | લોહીવાળા કોટન થ્રેડ |
| ૧૭ | મુદ્દામાલ આર્ટિકલ નં.૧૯, નં.૧૯/૧ (માર્ક–A5, A7) | કન્ટ્રોલ કોટન થ્રેડ |
| ૧૮ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨૦ (માર્ક–A8) | કાળા કલરનું ખાંચાવાળું પ્લાસ્ટીકના હાથાવાળું ચપ્પુ |
| ૧૯ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨૧ (માર્ક–A9) | લોહીવાળી માટી |
| ૨૦ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨૨ (માર્ક–A10) | કન્ટ્રોલ માટી |

| | | |
|---|---|---|
| ૨૧ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨૩ (માર્ક–A11) | એક કાળા કલરની બેગ તથા કાળા કલરનું ચપ્પુનું કવર, એક પ્લાસ્ટીકના કાગળના પુઠ્ઠા સાથેનું ચપ્પુનું કવર, એસ.બી.આઈ. બેંકનું એ.ટી.એમ. કાર્ડ, ચાર્જર, ઈયર ફોન બ્લુટુથ તથા એક પ્લાસ્ટીકની ખાલી કલ્ચરલ ટ્યુબ |
| ૨૨ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨૪ (માર્ક–E1) | ફરિયાદી ધ્રુવનું પેન્ટ |
| ૨૩ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨૫ (માર્ક–E2) | ફરિયાદી ધ્રુવનું શર્ટ |
| ૨૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨૬/એ (માર્ક–F2) | મરણ જનાર ગ્રીષ્માબેનના મોબાઈલનું કવર |
| ૨૫ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩૭ | રીકન્સ્ટ્રકશન પંચનામા ની કાર્યવાહીનો વિડીયો ધરાવતું ૬૪ જી.બી. નું મેમરી કાર્ડ |
| ૨૬ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩૮ | મેમરી કાર્ડનું બીલ |
| ૨૭ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩૯ (માર્ક–R1, M1) | ડી–માર્ટના સીસીટીવી કુટેજની આંક–૬૨ ની પેન ડ્રાઈવમાંથી એફ.એસ.એલ. દ્વારા બનાવવામાં આવેલ બે સીલ્ડ અને બે અનસીલ્ડ ડીવીડી |

[ii] નીચે જણાવેલ બિનકિંમતી અને કિંમતી મુદ્દામાલને કેસની ન્યાયિક કાર્યવાહી દરમ્યાન આંક આપવામાં આવેલ હોઈ, આ મુદ્દામાલને અસલ રેકર્ડ સાથે યથાવત સ્થિતિમાં રાખવા હુકમ કરવામાં આવે છેઃ–

| **અનુ. નં.** | **મુદ્દામાલ આર્ટિકલ નંબર** | **મુદ્દામાલની વિગત અને આપવામાં આવેલ આંક** |
|---|---|---|
| ૧ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨૮ (માર્ક–L1) | શાહેદ રાહુલભાઈ મનજીભાઈ ઉકાણીનો Redmi કપંનીનો Note 9 Pro મોડલનો મોબાઈલ ફોન તથા તેમાંના બે સીમકાર્ડ **(આંક–૧૪૫)** |
| ૨ | મુદ્દામાલ આર્ટિકલ નં.૨૯ (માર્ક–M1) **કિંમતી મુદ્દામાલ** | ડી–માર્ટના સીસીટીવી ફુટેજ ધરાવતી સેનડીસ્ક કંપનીની પેનડ્રાઈવ **(આંક–૬૨)** |
| ૩ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩૦ **કિંમતી મુદ્દામાલ** | જે.ઝેડ.શાહ આર્ટસ અને એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજના સીસીટીવી ફુટેજ ધરાવતી સેનડીસ્ક કંપનીની પેનડ્રાઈવ **(આંક–૭૨)** |
| ૪ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩૧ (માર્ક–N1) **બિનકિંમતી મુદ્દામાલ** | આરોપીની પાસેદરા ખાતે હાજરી અંગેના સીસીટીવી ફુટેજની ડીવીડી **(આંક–૯૨)** |

| | | |
|---|---|---|
| ૫ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩૪ (માર્ક–K1, L1,U1, Q1) **બિનકિંમતી મુદ્દામાલ** | ચાર સીલ્ડ ડીવીડી અને ચાર અનસીલ્ડ ડીવીડી **(આંક–૯૯ થી ૧૦૬)**<br><br>આંક–૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૬ આરોપી અને શાહેદ આકાશ વઘાસીયા વચ્ચે બનાવ બાદ મોબાઈલ પર થયેલ વાતચીતના રેકોર્ડીંગની ડીવીડી<br><br>આંક–૧૦૧, ૧૦૨, ૧૦૪, ૧૦૫ – શાહેદ રાહુલ મનજીભાઈ ઉકાણીના મોબાઈલમાં રેકર્ડ થયેલ વિડીયો કલીપની એફ.એસ.એલ. માંથી પ્રાપ્ત થયેલ ડીવીડી |
| ૬ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩૫ (માર્ક–S1) **બિનકિંમતી મુદ્દામાલ** | આરોપીના પાંચ ફોટોગ્રાફ્સ **(આંક–૧૯૬ થી ૨૦૦)** |
| ૭ | મુદ્દામાલ આર્ટિકલ નં.૩૬ **બિનકિંમતી મુદ્દામાલ** | આરોપીના ફોટોગ્રાફસનું બીલ **(આંક–૧૯૫)** |
| ૮ | મુદ્દામાલ આર્ટિકલ નં.૪૦ (માર્ક–T1) **બિનકિંમતી મુદ્દામાલ** | આરોપી તથા શાહેદ આકાશ કે. વઘાસીયાના વોઈસ સેમ્પલ ધરાવતી સી.ડી. **(આંક–૨૮૯)** |

[iii] **મુદ્દામાલ આર્ટિકલ નં.૧૧** (માર્ક–D3) તરીકે કબજે લેવામાં આવેલ આરોપીનો સેમસંગ કંપનીનો ગેલેક્સી એ–૩૧ મોડલનો મોબાઈલ તથા તેમાંના બે સીમકાર્ડ, કે જેમાંના તમામ ડેટાની એફ.એસ.એલ. દ્વારા તૈયાર કરવામાં આવેલ પેનડ્રાઈવ આંક–૩૧૨ થી રેકર્ડ પર હોઈ, અપીલ સમય પૂર્ણ થયા બાદ, આરોપીના પિતા/કુદરતી વાલીને જરૂરી ખરાઈ કરી, નિયમાનુસાર પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

[iv] **મુદ્દામાલ આર્ટિકલ નં.૧૩** તરીકે કબજે લેવામાં આવેલ હોન્ડા કંપનીની શાઈન મોટર સાઈકલ નં.જીજે–૫–પીએન–૭૮૨૮, આરોપીના પિતાના નામે આર.ટી.ઓ. માં નોંધાયેલ હોઈ, અપીલ સમય પૂર્ણ થયા બાદ, આરોપીના પિતાને જરૂરી ખરાઈ કરી, નિયમાનુસાર પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

[v] **મુદ્દામાલ આર્ટિકલ નં.૨૬** (માર્ક–F1) તરીકે કબજે લેવામાં આવેલ મરણ જનાર ગ્રીષ્માબેનનો રેડમી નોટ જી પ્રો કંપનીનો મોબાઈલ, તેમાંના બે સીમકાર્ડ કે જેમાંના તમામ ડેટાની એફ.એસ.એલ. દ્વારા તૈયાર કરવામાં આવેલ પેનડ્રાઈવ આંક–૩૧૨ થી રેકર્ડ પર હોઈ, અપીલ સમય પૂર્ણ થયા બાદ, મરણ જનાર ગ્રીષ્માબેનના પિતા નંદલાલભાઈ વેકરીયાને જરૂરી ખરાઈ કરી, નિયમાનુસાર પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

[vi] **મુદ્દામાલ આર્ટિકલ નં.૨૭** (માર્ક–K1)તરીકે કબજે લેવામાં આવેલ શાહેદ આકાશભાઈ કનુભાઈ વઘાસીયાનો વીવો કંપનીનો વાય–૫૧ મોડલનો બે સીમકાર્ડ સાથેનો મોબાઈલ કે જેમાં બનાવ બાદ આરોપી સાથે થયેલ વાતચીત રેકર્ડ થયેલ છે, તેની એફ.એસ.એલ. દ્વારા તૈયાર કરવામાં આવેલ ડીવીડી આંક–૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૬ થી રેકર્ડ પર હોઈ, આ મોબાઈલ તેમાંના બે સીમકાર્ડ સાથે અપીલ સમય પૂર્ણ થયા બાદ, આકાશભાઈ કનુભાઈ વઘાસીયાને જરૂરી ખરાઈ કરી, નિયમાનુસાર પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

[vii] **મુદ્દામાલ આર્ટિકલ નં.૩૨** (માર્ક–O1) તરીકે કબજે લેવામાં આવેલ રાધે ટાઈમ્સના માલિક શાહેદ સાહિલભાઈ સેજાણીનો સેમસંગ કંપનીના એમ–૨૧ મોડેલનો મોબાઈલ ફોન કે જેમાં બનાવ અગાઉની આરોપીની મુવમેન્ટ સીસીટીવી કેમેરામાં રેકર્ડ થયેલ છે, (**આ મોબાઈલ તથા તેમાંના સીસીટીવી ફુટેજના રેકોર્ડીંગને આંક–૯૬ આપવામાં આવેલ છે**) તેની એફ.એસ.એલ. દ્વારા તૈયાર કરવામાં આવેલ ડીવીડી **આંક–૨૩૭ (એનેક્ષર–'ઓ')** થી રેકર્ડ પર હોઈ, આ મોબાઈલ અપીલ સમય પૂર્ણ થયા બાદ, શાહેદ સાહીલ રાજેશભાઈ સેજાણીને જરૂરી ખરાઈ કરી, નિયમાનુસાર પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

[viii]**મુદ્દામાલ આર્ટિકલ નં.૩૩** (માર્ક–P1) તરીકે કબજે લેવામાં આવેલ સહજાનંદ લાઈવ કેક શોપ એન્ડ બેકરીનું **ડીવીઆર** કે

જેમાં બનાવ અગાઉની આરોપીની મુવમેન્ટ સીસીટીવી કેમેરામાં રેકર્ડ થયેલ છે, તેની એફ.એસ.એલ. દ્વારા તૈયાર કરવામાં આવેલ ડીવીડી **આંક–૨૩૭ (એનેક્ષર–'પી')** થી રેકર્ડ પર હોઈ, આ ડીવીઆર અપીલ સમય પૂર્ણ થયા બાદ, સહજાનંદ લાઈવ કેક શોપ એન્ડ બેકરીના માલિક વિજયભાઈ રાણાભાઈ શિરોયાને જરૂરી ખરાઈ કરી, નિયમાનુસાર પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ ના ગુના બદલ કરવામાં આવેલ મૃત્યુદંડની સજા, ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૬ તથા કલમ–૩૬૮ મુજબ નામદાર હાઈકોર્ટની બહાલીને આધીન હોવાથી ક્રિમિનલ મેન્યુઅલના પેરા–૩૧૭ ની જોગવાઈ મુજબ, આ કામનું સમગ્ર અસલ રેકર્ડ નામદાર ગુજરાત હાઈકોર્ટને બહાલી આપવા મોકલવા હુકમ કરવામાં આવે છે.

૫. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૩૬૮ મુજબ નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી આરોપી વિરુદ્ધની મૃત્યુદંડની સજાની બહાલી આપવામાં ન આવે અગર યોગ્ય નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી આરોપીને મધ્યસ્થ જેલ, લાજપોર ખાતે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૬. આરોપીને ફરમાવવામાં આવેલ ઉપરોક્ત તમામ ગુનાઓની સજા એકસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૭. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૩(૧) ની જોગવાઈ મુજબ, આ ચૂકાદાની એક નકલ આરોપીને વિના મૂલ્યે સત્વરે પૂરી પાડવા હુકમ કરવામાં આવે છે.

૮. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૬૩(૪) ના પ્રાવધાનને અનુલક્ષીને, આ કામના આરોપીને ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨ ના ગુના બદલ મૃત્યુદંડની સજા ફરમાવવામાં આવેલ હોઈ, જો આરોપી સદર હુકમ વિરુદ્ધ અપીલ દાખલ કરવામાં માંગતા હોય તો તેઓ સમય–મર્યાદા અધિનિયમ, ૧૯૬૩ ના પરિશિષ્ટ–૨, અનુચ્છેદ ક્રમાંક–૧૧૫ માં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર આ હુકમની તારીખથી દિન–૩૦ (ત્રીસ) માં અપીલ કરી શકશે, તેવી જાણ કરવામાં આવે છે.

૯. આ કામે મરણ જનાર ગ્રીષ્માબેન નંદલાલભાઈ વેકરીયાના પરીવારના આશ્રિતોને તથા ઈજા પામનાર નં.૧ સુભાષભાઈ પરબતભાઈ વેકરીયા તથા નં.૨ ધ્રુવ નંદલાલભાઈ વેકરીયા નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૫૭(એ) તથા ગુજરાત વિક્ટીમ કોમ્પેન્સેશન સ્કીમ, ૨૦૧૯ ની જોગવાઈ અનુસાર મળવાપાત્ર આખરી વળતરની રકમ ચૂકવવા માટે જરૂરી કાર્યવાહી કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરતને ભલામણ કરવામાં આવે છે, જે માટે આ હુકમની એક નકલ, યાદી સાથે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરતને મોકલવી.

૧૦. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ –૩૬૫ અન્વયે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સુરત શહેરને આ હુકમની એક નકલ મોકલી આપવી.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૫**[મી] માહે **મે,** સને **૨૦૨૨** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સહી/–
**(વિમલ કનૈયાલાલ વ્યાસ)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૦૩૮૩]

DPP